## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| | | | **સંદેશ પ્રભુ વીરનો** | |
| ૧. | ૨૨ | ૨૨ | નયસારનો પહેલો ભવ | ૧ |
| ૨. | ૨૨ | ૨૩ | નયસારનો વિવેક | ૧૩ |
| ૩. | ૨૨ | ૨૩ | કંડુ રાજા | ૨૩ |
| ૪. | ૨૨ | ૨૪ | મરીચિનો વૈભવ કેવો ? | ૩૦ |
| ૫. | ૨૨ | ૨૫ | મરીચિ કેમ પડ્યા ? | ૩૮ |
| ૬. | ૨૨ | ૨૬ | યોગમાં પુરુષાર્થનું મહત્ત્વ | ૪૬ |
| ૭. | ૨૨ | ૨૬ | મરીચિ પડ્યા છતાં સાવધાન | ૫૦ |
| ૮. | ૨૨ | ૨૭ | પુણિયો કેમ ગરીબ થયો ? | ૫૯ |
| ૯. | ૨૨ | ૨૭ | ભદ્રદર્શિતા અને સુદર્શન | ૬૪ |
| ૧૦. | ૨૨ | ૨૭ | મેઘકુમારને ઉપદેશ | ૬૮ |
| ૧૧. | ૨૨ | ૨૮ | કલ્યાણદર્શિતા જડીબુટ્ટી છે | ૭૪ |
| ૧૨. | ૨૨ | ૨૯ | આત્માની ત્રણ અવસ્થા | ૮૫ |
| ૧૩. | ૨૨ | ૩૦ | મરીચિની ભદ્રક્તા | ૯૧ |
| ૧૪. | ૨૨ | ૩૦ | વિષયો કેમ ઝેર ? | ૧૦૦ |
| ૧૫. | ૨૨ | ૩૦ | વિશ્વભૂતિની વૈરાગ્ય વિચારણા | ૧૦૨ |
| ૧૬. | ૨૨ | ૩૧ | નોકર શેઠ બનેલાનું દૃષ્ટાંત | ૧૦૫ |
| ૧૭. | ૨૨ | ૩૨ | વાલિમુનિને તપથી આત્મશક્તિ | ૧૧૪ |
| ૧૮. | ૨૨ | ૩૨ | આ જીવનમાં શું કમાવા લાયક ? | ૧૧૮ |
| ૧૯. | ૨૨ | ૩૨ | **કામલતાની કરુણ કહાની** | ૧૨૨ |
| ૨૦. | ૨૨ | ૩૩ | કામલતાની ક્રૂર રમત | ૧૨૯ |
| ૨૧. | ૨૨ | ૩૩ | મસ્તકના મંદિરની કથા | ૧૩૭ |
| ૨૨. | ૨૨ | ૩૪ | સમ્રાટ કુમારપાળે ક્યાં ક્યાં લોભ દબાવ્યો ? | ૧૪૧ |
| ૨૩. | ૨૨ | ૩૪ | કામલતા વૈશ્યાને ત્યાં | ૧૪૬ |
| ૨૪. | ૨૨ | ૩૫ | મન ઘવાતાં સત્ત્વનાશ | ૧૫૦ |
| ૨૫. | ૨૨ | ૩૫ | મન ન ઘવાય એ માટેની ચાવી | ૧૫૨ |
| ૨૬. | ૨૨ | ૩૫ | સિંહ ગુફાવાસી મુનિના અરતિ પર કેટલાં દુષ્કૃત્ય ? | ૧૫૬ |
| ૨૭. | ૨૨ | ૩૫ | પુણ્ય પાપાનુબંધી એટલે ? | ૧૫૮ |
| ૨૮. | ૨૨ | ૩૬ | ભૂલા પડેલા મુનિનું દૃષ્ટાંત | ૧૬૩ |
| ૨૯. | ૨૨ | ૩૭ | કામલતા વધુ ભ્રષ્ટ | ૧૬૮ |
| ૩૦. | ૨૨ | ૩૭ | આત્મજ્ઞાન વિના દુઃખનો અંત નહિ | ૧૬૯ |
| ૩૧. | ૨૨ | ૩૮ | કામલતાનો પસ્તાવો | ૧૭૮ |
| ૩૨. | ૨૨ | ૩૮ | અસંમત નાસ્તિનો પલટો | ૧૭૮ |
| ૩૩. | ૨૨ | ૩૯ | કામલતા ચિતાની વચમાં | ૧૮૬ |
| ૩૪. | ૨૨ | ૪૦ | સાચો મૈત્રીભાવ કયો ? | ૧૯૬ |
| ૩૫. | ૨૨ | ૪૦ | પારાશર ઋષિનો પ્રસંગ | ૧૯૯ |
| ૩૬. | ૨૨ | ૪૦ | શસક-ભસકની બેન સાધ્વી | ૨૦૭ |
| ૩૭. | ૨૨ | ૪૦ | આંતર અશુદ્ધિઓ | ૨૦૮ |
| ૩૮. | ૨૨ | ૪૧ | જૈન-જૈનેતરના ધર્મના તફાવત | ૨૧૭ |
| ૩૯. | ૨૨ | ૪૨ | પાંચ કારણ કેવી કેવી રીતે કામ કરે છે ? | ૨૨૨ |
| ૪૦. | ૨૨ | ૪૨ | ગૌણ-મુખ્ય કારણો | ૨૨૮ |
| ૪૧. | ૨૨ | ૪૩ | મિથ્યાભાષણો અને એના રદિયા | ૨૩૪ |
| ૪૨. | ૨૨ | ૪૩ | કામલતા ભરવાડણ | ૨૩૯ |
| ૪૩. | ૨૨ | ૪૪ | ભરવાડણની કહાણીનો સાર | ૨૪૬ |
| ૪૪. | ૨૨ | ૪૪ | કામલતા આચાર્ય મહારાજ પાસે | ૨૪૭ |
| ૪૫. | ૨૨ | ૪૪ | કામલતાનો ઉદ્ધાર | ૨૪૮ |
| ૪૬. | ૨૨ | ૪૪ | મહાવીર પ્રભુનાં જીવપૃષ્ટ વાસુદેવનું પતન | ૨૪૯ |
| ૪૭. | ૨૨ | ૪૫ | મહાવીર ભગવાનનાં ભવોમાંથી શું લેવાનું ? | ૨૫૩ |
| ૪૮. | ૨૨ | ૪૫ | વૈદ્ય-વાનર | ૨૬૩ |
| ૪૯. | ૨૨ | ૪૬ | જંગલમાં મુનિને કાંટો | ૨૬૫ |
| ૫૦. | ૨૨ | ૪૭ | વાનર મુનિની દવા કરે છે | ૨૭૩ |
| ૫૧. | ૨૨ | ૪૭ | વાનરના જીવનમાંથી લેવાનો બોધ | ૨૮૧ |
| ૫૨. | ૨૨ | ૪૮ | મહાવીર પ્રભુ પૂર્વે પ્રિયમિત્ર ચક્રી | ૨૯૧ |
| ૫૩. | ૨૩ | ૨ | નિષ્ફળ વિચારમાં 'સાપ ખાય ને મુખડું થોથું.' | ૩૦૪ |
| ૫૪. | ૨૩ | ૩ | વિરોધ-અંટસ અબોલડામાં ખરાબીઓ | ૩૧૧ |
| ૫૫. | ૨૩ | ૫ | કૂથલીનાં બીજા નુકસાન | ૩૨૪ |
| ૫૬. | ૨૩ | ૬ | ચિલાતી પુત્ર કેવો નઠોર નિર્દય છતાં ઉદ્ધાર | ૩૩૧ |
| ૫૭. | ૨૩ | ૭ | હનુમાનજીની પૂર્વભવે ધર્મની શરૂઆત ? | ૩૩૭ |
| ૫૮. | ૨૩ | ૮ | નંદનરાજર્ષિએ માસખમણ કેમ કર્યાં ? | ૩૪૫ |
| ૫૯. | - | - | **જીવન વૈભવ** | ૩૪૬ |

# સંદેશો પ્રભુવીરનો
# મહાવીર ભગવાનના જીવનમાંથી શું લેશો ?

**નયસારનો પહેલો ભવ :-**

ભગવાન મહાવીરસ્વામીનો પહેલો નયસારનો ભવ જાણો છો ને ? ભગવાન બનવાનો પાયો ત્યાં નખાયો. શી રીતે ? રાગરોગને વધારનારા વિષયોમાંથી અતિથિ-સત્કારમાં દેવાની બુદ્ધિ અને પ્રવૃત્તિ પર પાયો નાખ્યો.

નયસાર જન્મે જૈન નહિ, જૈન મુનિઓના પરિચયમાં આવેલા નહિ, તો પણ એવા આર્યકુળમાં આવેલ કે જ્યાં ભોજન કરતાં અતિથિ યાદ આવતા, **'આર્ય' એટલે આત્માનું ભિન્ન ભિન્ન ભવોમાં ગમન માને તે.** એ માનનારો સહેજે સમજે છે કે ખાધું-પીધું-ભોગવ્યું એ કાંઈ આત્માના પરલોકને સારો બનાવનારાં સુકૃત નથી. સુકૃત તો દાનમાં દીધું એ, બીજાનું ભલું કર્યું એ. વેપાર, ધનસંગ્રહ અને દુનિયાદારી એ કાંઈ સુકૃત નહિ. સુકૃત તો પરમાત્મભક્તિ, સાધુસેવા, ધર્મશ્રવણ અને ધર્મસાધના. પેલું તો ઇન્દ્રિયોની ઉજાણી અને મનની મોજ. એ કાંઈ પરલોકમાં ઓથ આપે નહિ સુકૃતો જ ઓથ આપે; કેમકે સુકૃત એ આત્માની ઉજાણી છે, આત્મા માટે દિવાળી છે. પેલામાં તો પૂર્વ પુણ્યની હોળી થાય.

નયસાર ગામના મુખી છે. એમને ઉપરી રાજાનો આદેશ આવ્યો કે રથ વગેરે માટે ઈમારતી લાકડું જોઈએ. નયસાર માણસો અને સામગ્રી લઈને ઉપડ્યા જંગલમાં. માણસો પાસે સારા સૂકા કાષ્ઠ કપાવી રહ્યા છે. એમાં રસોઈયાએ ભોજન તૈયારી કરી મધ્યાહ્ન સમયે નયસારને વિનંતી કરી 'પધારો જમવા, ભોજન તૈયાર થઈ ગયું છે.'

અહીં નયસારને તરત વિચાર આવે છે કે 'કોઈ અતિથિ મળે તો એને જમાડીને જમું.' અતિથિ-સત્કારની બાધા નથી લીધી હોં, પરંતુ સમજે છે કે

**'જમવું એ સુકૃત નથી, જમાડવું એ સુકૃત છે.'**

**સ્વાર્થમાંથી જ કરાય તો રાગરોગ ઘટે :-**

પરસેવો પાડીને પોતાના કમાયેલામાંથી બીજાને મફતમાં દેવાનું શા માટે ? કહો, પોતે વિષયો ભોગવે એ રાગનો રોગ વધારનાર છે; જ્યારે, બીજાને એ દેતાં રાગરોગ ઘટે છે. વૈરાગ્ય વધે છે. વૈરાગ્ય વધારવા ઈચ્છો છો ? ખાલી ખાલી ભાવનાથી એ વધશે ? ના, સ્વાર્થમાંથી જતું કરો તો એ વધે. એકલા સ્વાર્થનું તો



જનાવરે ય કરે છે. માણસ તરીકે પણ એટલું જ કરીને બેસી રહેતાં માણસાઈ શી આવી ? રાગ ક્યાંથી મોળો પડે ? રાગરોગ શી રીતે ઘટે ?

**નયસારમાં સમકિતની ભૂમિકાની શી શી વિશેષતાઓ ?**

નયસાર અતિથિસત્કારની ભાવના ક્યાં કેવી જગાએ કરે છે ? ઘોર જંગલમાં ! કે જ્યાં એમને જંગલી પશુ વગેરેના ભયથી બચવા શસ્ત્ર પણ લઈ જવા પડ્યા છે. ત્યાં અતિથિ મળે ? પરંતુ નયસારની મૂળ ચોંટ અતિથિની ભક્તિ પર છે, તેથી સંભાવના કરે છે કે કદાચ કોઈ અતિથી મારી જેમ અહીં કામે આવ્યો હોય, યા ભૂલો પડ્યો હોય, તો મળી ય આવે. માટે લાવ તપાસ કરું.

**સમકિતની ભૂમિકામાં પરાર્થ પહેલો, સ્વાર્થ પછી :-**

સમ્યગ્દર્શન પામવાનો છે ને ? એની આ ભૂમિકા છે કે (૧) પરાર્થ-પરમાર્થનું કામ સ્વાર્થના કામની પહેલાં કરવાનું મન થાય, અને (૨) તે પણ ચોક્કસ પાયે કરવાનું મન રહે. માણસ પાસે અતિથિની તપાસ કરાવતાં તો કોને ખબર એ અડધું-પડધું જોયું ન જોયું કરીને પાછો આવે તો ? ખાવામાં બધું ચોક્કસ જોઈએ છે, તો પરમાર્થના કામમાં ચોક્કસ કેમ ન કરવું જોઈએ ? સમ્યગ્દર્શનમાં તત્ત્વની માન્યતામાં ચોક્કસ થવાનું છે.

તત્ત્વની માન્યતા એ પરમાર્થની વસ્તુ છે. એમાં કોઈ ખાનપાનના સ્વાર્થ નથી પૂરાતા. પરંતુ જીવને એમાં આત્મિક આનંદ ઊભો થાય છે, માટે એ પરમાર્થની વસ્તુ કહેવાય. ત્યારે જો અતિથિસત્કાર જેટલો પરમાર્થ ન ખપતો હોય તો તત્ત્વશ્રદ્ધા જેવો પરમાર્થ તો ખપે જ શાનો ? વળી જો અતિથિની તપાસ કરવી એટલામાં પણ ચોક્કસતા ન હોય તો તો જીવની ખાસિયત જ એવી રહી કે અચોક્કસ રહેવું. આમ હોય તો તત્ત્વની માન્યતામાં ય ચોક્કસપણું શી રીતે આવે ? માટે કહો, **આ પરાર્થવૃત્તિ અને ચોક્કસતા સમ્યગ્દર્શન તરફ લઈ જાય છે.**

**નયસારને સાધુયોગ :-**

નયસાર પોતે ઊઠ્યો, બહાર જઈ ચારે કોર નજર નાખે છે, 'કોઈ અતિથિ દેખાય ?' ભાગ્યશાળીને ભૂત રળે, એ ન્યાયે સાધુ જ ભૂલા પડેલા તે એની નજરે ચડી ગયા. એમની સામે જઈ નમ્રતાથી પૂછે છે, 'આપ અહીં ક્યાંથી ?'

સાધુ કહે 'અમે એક સાર્થની સાથે સાર્થપતિને પૂછીને આ અટવી પાર કરવા નીકળેલા, તે સાર્થનો નજીકના ગામ બહાર પડાવ જોઈ અમે ગામમાં ભિક્ષા અર્થે ગયા. ભિક્ષા તો મળી નહિ, પરંતુ પાછા ગામ બહાર આવતાં જોયું તો સાર્થ બીજે ગામ ઊપડી ગયેલો. તે પાછળ પગલે પગલે ચાલતાં સાર્થ તો મળ્યો નહિ, પણ અમે રસ્તો ભૂલ્યા તે અહીં આવી ચડ્યા છીએ.'

નયસાર આ સાંભળી ધૂંઆપૂંઆ થઈ ગયો; કહે છે 'હેં ? સાર્થે વિશ્વાસઘાત કર્યો ? વિશ્વાસમાં સાથે લીધેલાને આમ મૂકીને જવાય ?'

સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકા આ સમજવા જેવી છે. કોઈને વિશ્વાસ આપ્યા પછી એનો ભંગ ન કરાય એવું દૃઢ માનસિક વલણ જોઈએ. સમ્યગ્દર્શનમાં તત્ત્વ પર વિશ્વાસ મૂકવાનો છે. પણ કોઈની પ્રત્યે **વિશ્વાસભંગ કરતાં આંચકો ન લાગતો હોય, એ તત્ત્વ-વિશ્વાસ શો કેળવી શકે ? તત્ત્વવિશ્વાસ વિના સમકિત નહિ.** વિશ્વાસ એટલે વિશ્વાસ; પછી એ તોડાય જ નહિ. એક ઠેકાણે વિશ્વાસભંગ કરનારાનું દિલ જ એવું બની ગયું કે બીજે ઠેકાણે વિશ્વાસ ન જમાવી શકે.

દુકાનદારી કરો એમાં ઘરાકનો વિશ્વાસભંગ નથી કરતા ને ? વેપારી થઈને બીજા વેપારીનો કે દલાલ થઈને વેપારી યા ઘરાકનો, અથવા નોકરી સ્વીકારીને શેઠનો વિશ્વાસભંગ નથી કરતા ને ? નહિતર સમકિત મોંઘુ છે, છેટું છે હોં. ઉદયરત્ન મહારાજ કહે છે,

**'સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ,**
**રે પ્રાણી ! ધરીએ સમકિતરંગ.'**

માયા કરો વિશ્વાસભંગ કરો ત્યાં મિથ્યાત્વ આવે. માયામાં મિથ્યાત્વ કેમ ? કહો, માયા-વિશ્વાસઘાત રમવામાં પાપનો આંચકો નથી આવતો, ને **પાપનો આંચકો નહિ ત્યાં સમકિત નહિ.**

નયસારમાં આ સહજ લાયકી છે કે વિશ્વાસભંગની વાત એને અકારી લાગે છે. માટે જ મનમાં ધારી લે છે કે 'મારે આ વિશ્વાસભંગ પામેલા અને ભૂલા પડેલા અતિથિને માર્ગે ચડાવી દેવા જોઈએ. પણ પહેલાં એમને જમાડી દઉં.'

મુનિઓને કહે છે, 'પધારો, ભોજન તૈયાર છે, ભોજન કરી લો.' લઈ આવ્યો એમને ઉતારે, કહે છે 'બેસી જાઓ જમવા.' એને જૈન મુનિના આચાર વિચારની ખબર જ નથી, એટલે આમ જ કહે ને ?

**સાધુમાર્ગ :-**

પણ મુનિઓ પોતે પોતાનો ગોચરીનો આચાર બતાવે છે, એટલે નયસાર એમને એમના પાત્રમાં તૈયાર થયેલ ભોજનમાંથી ખૂબ ઉલ્લાસ પૂર્વક વહોરાવે છે, અને આહાર વાપરવા જુદી એકાંત જગા આપે છે. જૈન મુનિનો ગોચરીનો આચાર સાંભળી મુગ્ધ થઈ જાય છે. એને ન જોયેલું જોવા મળ્યું, ચકિત થઈ જાય છે. સાધુએ કહ્યું હશે ને કે 'અમારે તો અમારા માટે ન બનાવેલું નિર્દોષ ગણાય, તે ય જીવ વિનાનું પ્રાસુક જ ખપે. એટલે અમારે કાંઈ ચૂલો કરી પકાવવું પડે એવું ન ખપે. નિર્દોષ અને પ્રાસુક પણ દેનાર ભાવનાથી દે તે જ ચાલે; ને એ પણ એના કરેલામાંથી



થોડુંક જ લેવાય, જેથી એને ફરીથી બનાવવા ચૂલા વગેરેનો આરંભસમારંભ ન કરવો પડે...' આવું આવું સમજાવ્યું હશે ને ? નયસારે આ ક્યાં બીજા કોઈ સાધુમાં જોયું હોય ? પછી મુગ્ધ થઈ જાય એમાં નવાઈ શી કે 'અહો ! આ સાધુવ્રત ?'

**જૈનશાસનની બલિહારી છે.** એનો સાધુમાર્ગ સાધુનું તો કલ્યાણ કરે, પરંતુ બીજાનાં ય કલ્યાણને ઊભું કરે. ઇતર સાધુના સદાવ્રત જેવો પરોપકાર આમાં ન દેખાય; પરંતુ આમાં તત્ત્વદૃષ્ટિ ઊભી કરવાનો દીર્ઘગામી પરોપકાર છે. સદાવ્રતથી તો જમનારાને એટલું થાય કે 'વાહ ! આ સાધુ સારા, આપણું પેટ ઠાર્યું.' જ્યારે જૈન સાધુમાર્ગ જોવા-જાણવા મળતાં એમ થાય કે 'અહો ! આવો સૂક્ષ્મબુદ્ધિનો ને વિવેકવંતો સાધુમાર્ગ ? કોઈ જીવની હિંસામાં અનુમતિ પણ ન સેવાય ? પાપનો વિચાર આટલો ઝીણો કરવામાં આવે છે ? શું આ લોકોનું તત્ત્વ છે !!' આમ તત્ત્વ તરફ આકર્ષણ ઊભું થાય એમાં બોધિનું બીજ પડી જાય. એ ભવાંતરે એ જીવને ઊંચો લાવે. સાધુના સદાવ્રતનું ખાનારને તત્ત્વ-આકર્ષણ ક્યાંથી આવે ?

નયસાર સાધુ તરફ આકર્ષિત તો બન્યો છે, ને પોતે એમને માર્ગે ચડાવવાનું ધાર્યું પણ છે, તેથી ભોજન બાદ સાધુને કહે છે, 'પધારો માર્ગે ચડાવી આપું.' આ પણ લાયકી છે. ઊંચી ક્વોલિટીના અતિથિ મળ્યા પછી એમને માર્ગે ચડાવવાનું માણસને કેમ ભળાવાય કે 'અલ્યા ! જા આમને રસ્તે ચડાવી દે જે ?' જેવી વ્યક્તિ તેવો એની સાથે ગૌરવભર્યા વ્યવહાર જોઈએ.

**સમ્યગ્દર્શનમાં દેવ-ગુરુ પર અથાગ અનન્ય શ્રદ્ધા બહુમાન ઊભું કરવાનું છે. એની ભૂમિકામાં ગૌરવવંતની વ્યક્તિ પ્રત્યે ગૌરવવંતો વ્યવહાર જોઈએ.**

એ ન હોય એ કેમ ચાલે ? જો એ ન હોય તો પછી દેવાધિદેવ અને ત્યાગી સંયમી ગુરુ જેવી મહાન વ્યક્તિ પર એવી શ્રદ્ધા અને બહુમાન ક્યાંથી આવી શકવાના.

જીવન જીવતાં આ ધ્યાન રાખવા જેવી બાબત છે કે ગૌરવવાળાનું ગૌરવ કરીએ. માટે **'જયવીયરાય'** સૂત્રમાં રોજ માગીએ છીએ 'ગુરુજણપૂઆ' અર્થાત્ મને વડિલજનને પૂજવાનું મળો ! વડિલજન માતા-પિતાદિ અને વિદ્યાગુરુ એ ગૌરવવાળા કહેવાય. 'જયવીયરાય'માં એમની માત્ર ચાકરી નહિ. પણ પૂજા માગી. **'પૂજા' એટલે ભક્તિ-બહુમાન સાથેની સેવા.** એ ગૌરવભર્યો વ્યવહાર કહેવાય.

સમ્યગ્દર્શનમાં દેવ-ગુરુ પ્રત્યે અથાગ બહુમાન ઊભું કરવાનું છે, અને એ બહુમાનથી ભરેલી દેવ-દર્શનાદિ કરણી કરવાની છે. તો એના પાયામાં આ ગુરુજણ પૂજા આવશ્યક છે. નયસાર અતિથિમુનિઓ પ્રત્યે એ બહુમાન-ગૌરવનો ભાવ રાખી રહ્યો છે તેથી એમને રસ્તો બતાવવા જાતે જાય છે, પણ નોકરને ભળાવતો નથી કે 'જા, આમને રસ્તે ચડાવી આવ.'

ત્યારે આજના શેઠિયા વગેરેની પ્રવૃત્તિ વિચારો કે મહારાજ વહોરવા આવ્યા તો રસોઈયાને કહેશે 'મહારાજ ! મહારાજને વહોરાવી દેજો,' અથવા 'ઘરના માણસ વહોરાવી દેશે' એમ કરીને જાતે દુર્લક્ષ કરશે. આમાં મુનિ પ્રત્યે ગૌરવ શું દાખવ્યું ? હમણાં દુન્યવી કોઈ મોટા માણસને નોતર્યો હોય, યા સારા સંબંધ રાખવા લાયક વેપારી-દલાલ-આડતિયાની સરભરા કરવાનો અવસર આવ્યો હોય તો જાતે લાંબો પહોળો થશે. પણ રસોઈયા કે ઘરના માણસને ભળાવી દેવાનું નહિ કરે. આ પરથી ભેદ સમજાય એવો છે કે મહાન ત્યાગી મુનિમહારાજ માટે દિલમાં કેટલું બહુમાન છે, અને દુન્યવી મોટા માણસ કે વેપારી વગેરે માટે કેટલું ગૌરવ છે ?

બંગાળ-અજીમગંજમાં બાબુઓ આંગણે આવેલા સાધર્મિકોની જે ભક્તિ કરતા, એ જોવા જેવી. જાતે પીરસવાનું; એમાં શબ્દો પણ ઊંચા બહુમાન-ભક્તિભર્યા બોલવા જમવા બેસાડવામાં પણ ભારોભાર વિવેક અને બહુમાનભરી અનેરી પદ્ધતિ ! પોતાના દિલમાં ગૌરવ બેઠું હોય કે 'અહોભાગ્ય મારાં કે મારે આંગણે પૂજ્યસાધર્મિક પધાર્યા !' તો બાહ્ય ગૌરવભર્યો વ્યવહાર થાય.

ત્યારે, આ જૈન જીવનમાં આ જ કમાઈ જવાનું છે કે ધર્મ અને ધર્મના અંગો પ્રત્યે દિલમાં ભારે ગૌરવ બહુમાન કરી કરી દિલને એનાથી ભાવિત કરતા રહીએ. તો જ (૧) પરભવ માટે એના સુસંસ્કારોનો જથ્થો કમાઈ જવાનું થાય; અને (૨) અહીં પાપસ્થાનકો પૈસાટકા-વિષયો વગેરેનું મહત્ત્વ ઓછું લાગતું આવે.

**ધર્મની ઊંચી ગણતરી ઊંચું મૂલ્યાંકન અને પાપનું અવમૂલ્યન અહીં ભાવતાં ન આવડે તો જીવન નિષ્ફળ જાય.**

**'ધર્મ કેટલો કરો છો ?' એનાં મહત્ત્વ કરતાં 'ધર્મ-ધર્મઅંગો પ્રત્યે બહુમાન ગૌરવ કેટલું ધરો છો ?' એનું બહુ મહત્ત્વ છે.**

દુનિયામાં ય આ દેખાય છે કે નાતને ઊંચા કિંમતી પકવાન્નાદિનું જમણ આપો. પરંતુ જો એમાં પિરસનારા ઉદ્ધત અભિમાની અને તોછડા બોલવાળા રાખ્યા, તો જમનારને અપમાન લાગશે. સારું જમી જવા છતાં દિલમાં સારો ભાવ નહિ લઈ જાય, ને બહાર ઘસાતું બોલશે. એની સામે, ભલે સાદું ભોજન કરાવો, પરંતુ જો ખૂબ ભક્તિ-બહુમાન-ગૌરવ દેખાડીને, તો જમનારને સારો ભાવ ઊભો થશે. એટલે મહત્ત્વ શાનું આવ્યું ? માલનું નહિ, પણ માલ જમાડવાની પદ્ધતિનું.

ત્યારે ભારે મોહથી ઘેરાયેલા મગજવાળાને સારો માલ પીરસવો સસ્તો પડે છે, પરંતુ સારો ગૌરવ-બહુમાનનો ભાવ પીરસવો મોંઘો પડે છે. મોહની કેવી વિચિત્રતા ! જીવને ધર્મ કરવા દે, પરંતુ ધર્મ અને ધર્મના અંગો પ્રત્યે ઊંચું ગૌરવ-બહુમાન ન ધરવા દે ! આમાં અભિમાન વગેરે અંતરના કષાય નડતા હોય છે. 'મુનિ



ત્યાગી, માટે મોટા નહિ, પણ હું શ્રીમંત કે સારું ભણેલો, અથવા ધર્મખાતાનો વહીવટદાર, માટે મોટો.' આ મિથ્યા અભિમાન બેઠું હોય, એ મુનિ માટે હૈયામાં એવું ઊંચુ ગૌરવ-બહુમાન ક્યાંથી જાગવા દે ? બિચારો મરે ત્યાં સુધી આ મિથ્યા અભિમાન રાખ્યે જાય, પછી એ શું કમાઈ જાય ? જાત-અભિમાનના સંસ્કાર ? કે મુનિ-બહુમાનના સંસ્કાર ? ત્યારે વિચારો કે,

**પરભવ માટે જો ધર્મ અને ધર્મના અંગો પ્રત્યે બહુમાનના સંસ્કાર ન લઈ જવાય તો ત્યાં જીવન કેવાં મળે ? ધર્મી ? કે પાપી ?**

**'ધર્મી' એટલે જ ધર્મ પર બહુમાનવાળો.**

**'પાપી' એટલે પાપ ઉપર બહુમાનવાળો.**

ધર્મ કે પાપ કેટલું કરે છે એના કરતાં એના પર માન કેટલું ધરાવે છે, એ વિશેષ મહત્ત્વનું છે. ભરત ચક્રવર્તી પાસે પરિગ્રહ-પાપ મોટું અને આરંભસમારંભનું તથા વિષયોનું ય પાપ મોટું, પરંતુ એ પરિગ્રહ-આરંભ-વિષયોરૂપી પાપ પ્રત્યે એમના હૈયે એવું માન નહોતું જે ધર્મ પ્રત્યે હતું, તેથી એ પાપી નહોતા. ત્યારે, અભવ્યો જેવા જીવો ઊંચા ચારિત્રધર્મને પાળનારા, છતાં ધર્મી નહિ; કેમકે એમને દુન્યવી સુખો માટે, વિષયપાપો માટે જ માન, એ ધર્મ માટે નહિ. પૂછતા નહિ.

**પ્ર.**- તો પછી અભવી જેવા એવો ઊંચો ધર્મ કરે શું કરવા ?

ઉ.- કારણ છે, એનાથી દુન્યવી સુખો-માનસન્માન વગેરે મળે છે માટે કરે. એટલે ધર્મ કરે છે માટે ધર્મ ઉપર માન, એમ નહિ, કિન્તુ ધર્મથી વિષયસુખ મળે છે, માટે એ કરવાનો. આ ગણતરીમાં મન પર મહત્ત્વ વિષયસુખોનું હોય છે, પણ ધર્મનું નહિ.

**ધર્મ પર માન એ, કે દિલમાં આ બેઠું હોય કે 'અહો ! ધર્મ જ તારણહાર છે, ભવથી ઉગારનાર છે, ધર્મ જ પવિત્ર છે, પરિગ્રહ-વિષયો-આરંભસમારંભો પવિત્ર નહિ, તારણહાર નહિ; માટે એક ધર્મ જ કરવા યોગ્ય છે.'**

અભવી અને ભવાભિનંદી ભવી જીવોને દિલમાં આ માન્યતા નથી, તેથી એમને મન ધર્મ તરીકે ધર્મનું મહત્ત્વ નહિ, માન નહિ. એમને તો દુન્યવી પરિગ્રહ-વિષયો માનસન્માન વગેરે પર માન રહે છે, એ જ તારણહાર લાગે છે, એ જ કરવા-મેળવવા યોગ્ય લાગે છે. તેથી એમના ચારિત્રપાલનની ય કશી કિંમત નહિ. સારી મોટી ૧૦૦-૨૦૦ રૂપિયાની પહેરામણી મળે એ માટે અઠ્ઠાઈ આદિ તપ કરતો હોય, મોટી મોટી પ્રભાવનાઓ મેળવવાની લાલચથી ઉપધાન કરતો હોય, એની અઠ્ઠાઈ કે ઉપધાનની શી કિંમત ?

વાત આ છે કે ધર્મ પ્રત્યે અને ધર્મના અંગો સાધુ-સાધ્વી, સાધર્મિક, મંદિર,

ઉપાશ્રય, શાસ્ત્ર, ધર્મક્રિયાઓ આદિ પ્રત્યે માન કેટલું ધરાવો છો, મન પર એનું મહત્ત્વ કેટલું છે ? સંસાર, સંસારની વસ્તુઓનું એવું મહત્ત્વ સમજતા નથી ને ? આ જોવાનું છે. શ્રેણિક રાજા જૈન ધર્મ પામ્યા પછી એટલી ધર્મક્રિયાઓ કરી શકતા નહોતા, એવા વ્રતનિયમ એમને નહોતા, છતાં મન પર એનું મહત્ત્વ ઘણું, માન ભારે; એવું સંસાર, સંસારની વસ્તુ માટે નહિ; તેથી એ સાચા ધર્મી હતા. માત્ર નવકારનો ગણનારો પણ જૈન ધર્મી આટલા માટે કે એને ધર્મ અને ધર્મના અંગો માટે અત્યંત માન હોય. એ ન હોય, અને સંસાર સંસારની વસ્તુઓ માટે બહુમાન હોય, તો એ ધર્મી નહિ, અધર્મી; પછી ભલે એ ધર્મક્રિયા કરતો હોય. તપ કરતો હોય, મોકા પર ધર્મમાં પૈસા ય ખરચી નાખતો હોય, કે ધર્મસંસ્થાનો વહીવટદાર હોદ્દેદાર હોય. માટે,

**દિલમાં ધર્મ લાવવો છે ? પાપી મટી ધર્મી બનવું છે ?**

તો ધર્મ, ધર્મના અંગો પ્રત્યે ખૂબ માન-મહત્ત્વ ઊભું કરો, ને સંસાર, સંસારની વસ્તુને એની આગળ તુચ્છ લેખો.

નયસારને અતિથિસાધુ માટે માન ઊભું થયું છે, તો એનો પડઘો આ પાડે છે કે સાધુને રસ્તો બતાવવા જાતે જાય છે. ભોજન બાદ ‘પધારો, રસ્તો બતાવું.’ એમ કહીને સાધુને લઈ ચાલ્યો. જ્યાં ધોરી માર્ગનો ચીલો આવ્યો ત્યાં ઊભો રહી કહે છે, ‘બસ આપ આ માર્ગે ચાલ્યો જશો એટલે આપનું ઈષ્ટ ગામ આવી જશે. ત્યાં કદાચ સાર્થ પણ ભેગો થઈ જશે. પધારો, હવે હું રજા લઉં છું’

સમ્યગ્દર્શન પામવા પહેલાની ભૂમિકામાં નયસારનો કેવો વિવેક છે ! કેવા વિનય અને સહાનુભૂતિ ભર્યા શબ્દો છે ! સમ્યગ્દર્શનમાં ‘સર્વજ્ઞકથિત તત્ત્વ જ સાચાં, બાકી બધું અસાર, મિથ્યા. વીતરાગદેવ, નિર્ગ્રન્થ ગુરુ અને જિનોક્ત મોક્ષમાર્ગ જ માનવા લાયક, કુદેવ-કુગુરુ-મિથ્યામાર્ગ-સંસારમાર્ગ નહિ જ માનવા લાયક,’ આ મહાવિવેક ભર્યો હોય છે. તો પછી

**સમ્યગ્દર્શનના મહાવિવેકને લાવવા માટે ભૂમિકામાં સાદો વિવેક જોઈએ ને ?**
**ઉચ્ચ-ઉમદા-ઉદાર દિલ.**

નયસારના જીવનમાં આ વિવેક છે. એટલે એ અતિથિસાધુ મોટા પુરુષ કહેવાય એમને રસ્તો બતાવવા નોકરને ન ભળાવતાં પોતે જાતે જાય છે, ને ઠેઠ ધોરીમાર્ગ આવ્યો ત્યાંસુધી પહોંચાડે છે.

આવા વિવેકમાં જરાક ધક્કાનું જ મોત ને ? જીવનમાં સ્વાર્થ માટે ધક્કા ઓછા ખવાય છે ? અરે ! જેમાં ખાસ સ્વાર્થ કાંઈ ન સરતો હોય એવો દુનિયાનો વ્યવહાર સાચવવા પણ ધક્કા નથી ખવાતા ? છતાં એ જુઓ કે એ સ્વાર્થના અને



વ્યવહારની બળજબરીના ધક્કા ખાવામાં દિલ વિકસિત નથી થતું, સંકુચિત સાંકડું રહે છે. ત્યારે જો પરોપકારનો ધક્કો ખાઓ, ગૌરવવંતાનું ગૌરવ સાચવવા ધક્કો ખાઓ, ધર્મનો ધક્કો ખાઓ, તો દિલ વિકસ્વર બને છે, હૈયું ઉચ્ચ-ઉમદા-ઉદાર બને છે. ભૂલશો નહિ,

**આ ઉચ્ચ જીવનમાં હૈયાંને સારું ઉચ્ચ-ઉમદા-ઉદાર બનાવવાની ખાસ જરૂર છે. બીજું ખરાબ એ ભવ નહિ બગાડે; પણ હૈયું ખરાબ એ સુવર્ણભવની માટી કરશે.**

હૈયું કયું સારું ? ઉચ્ચ-ઉમદા-ઉદાર હૈયું સારું ? કે નીચ-ક્ષુદ્ર-સંકુચિત હૈયું સારું ? કયું સારું ? કોઈ નહિ કહે કે નીચ-અધમ હૈયું સારું. સારું તો ઉચ્ચ-ઉમદા-ઉદાર હૈયું જ. તો પછી હૈયું એવું સારું બનાવવાની ગરજ કેટલી છે એ તપાસો. ઉપરનું ચામડું સારું રાખવાની પડી છે, તો આપણે શું ચામડાના પૂજારી છીએ ? ચામડાના પ્રેમી છીએ ? ચામડાના પ્રેમી તો ચમાર હોય. રસ્તે જતાં મરેલું ઢોર દેખી એનું ચામડું જુએ કે ‘કેવું છે ? સારું લાગે છે; તો લાવ એને લઈ લેવાય તો લઈ જઈ મુલાયમ બનવું,’ એમ એને થાય. શરીર સારું રૂપાળું રાખવું છે; કપડાં સારાં, ઘર સારું, ફરનીચર સારું, ખાનપાન સારાં...બધું કેટલુંય સારું જોઈએ છે; સારું કરવું ને સારું રાખવું છે; માત્ર પોતાનું અતિ મહત્ત્વનું હૈયું જ સારું નથી ! સારું રાખવું નથી, રાખવાની પડી જ નથી !! કેટલી કંગાળ અને મૂઢ-પામર દશા !

માણસ અને જનાવરમાં શો ફરક ? જનાવરને પોતાના હૈયાની કિંમત નથી, હૈયું સારું કરવું નથી, સારું રાખવું નથી, તો શું મનુષ્ય જેવો મનુષ્ય પણ એટલી જ કક્ષાએ હોય ?

**માણસની માણસાઈ હૈયાના સારાપણાથી છે.**

બીજું સારું નહિ હોય એ એવું નુકસાન નહિ કરે, પણ હૈયું જો સારું નહિ હોય તો મહા નુકસાન કરશે. ઉચ્ચ-ઉમદા-ઉદાર હૈયા વિનાનો નીચા-ક્ષુદ્ર હૈયાવાળો માણસ અહીં પણ સુખશાંતિ અનુભવી શકતો નથી, નિર્મળ યશનો ભાગી બનતો નથી, જગતની હાર્દિક સહાનુભૂતિ એને મળતી નથી; અને એટલા બધા દુર્ધ્યાન-દુષ્કૃત્યો એ વાણી-વિચાર-વર્તાવથી કરે છે કે પરલોકમાં એના ભયંકર દુઃખોમાં રીબાવું પડે.

**દુઃખ-અશાંતિનું કારણ જ નીચ-ખરાબ ક્ષુદ્ર હૈયું છે.**

કોઈને ત્યાં લાડુ ખાવા મળ્યા, પણ જો હૈયું ક્ષુદ્રતાથી એમ વિચારશે કે ખવરાવ્યું ખવરાવ્યું ?’ ડાલડાના લાડુ ખવરાવ્યા, તો અશાંતિમાં પડશે. ત્યારે જો ઉમદા હૈયાથી એમ વિચારશે કે ‘આટલી બધી મોંઘવારીમાં પણ કેવી ઉદારતા કે લાડુ જમાડ્યા !’ તો મન સ્ફુર્તિમાં, શાંતિમાં રહેવાનું.

રામચંદ્રજી, નળરાજા હરિશ્ચંદ્ર, સીતાજી, ચંદનબાળા વગેરેને બાહ્ય દુઃખ આવ્યાં,

પરંતુ એમનું હૈયું ઉચ્ચ-ઉમદા હતું તો કશું દુઃખ ન લાગ્યું, શાન્તિ અનુભવી. કેમકે ઉચ્ચ અને ઉમદા દિલથી એ વિચાર્યું કે 'આ તો કર્મનો ખેલ છે.'

**કર્મના ખેલનો પ્લોટ આપણે જ ઊભો કરેલો છે, તેથી એ ભજવવો જ રહ્યો.**

આપણને ન્યાયનો માર્ગ પકડવા મળ્યો, એ આપણું અહોભાગ્ય છે, એ જ માનવભવનું કર્તવ્ય છે, જીવનનો લહાવો છે ! આમ વિચારવામાં ક્યાં અશાંતિ થાય ?

મહાત્માઓ પર મરણાંત ઉપસર્ગ આવ્યા, છતાં હૈયું ઉમદા હતું એટલે સામાનો દોષ ન જોતાં ઉપકાર જોયો કે આ ભાગ્યવાન મારાં દુશ્મનભૂત કર્મનો નિકાલ કરાવી રહ્યો છે, માટે મારો સહાયક મિત્ર છે, 'તો એ મહાત્માઓને જરાય અશાન્તિ ન થઈ, બલ્કે મન એવું પ્રસન્ન પ્રફુલ્લિત રહ્યું કે એવા મનમાં ઉચ્ચભાવના, ઉચ્ચ પરિણતિ, ઉચ્ચ ગુણસ્થાનકને જગા મળી. પ્રસન્ન પ્રશાંત-પ્રફુલ્લિત મનમાં જ સારી ભાવના વધી શકે, નિર્મળ પરિણતિ આવી શકે, ને ઉચ્ચ ઉચ્ચ ગુણસ્થાનક સ્પર્શી શકે. પરંતુ મન એવું ક્યારે બને ? હૈયું ઉચ્ચ-ઉમદા-ઉદાર રખાય તો મન એવું બને.

ઉમદા હૈયાવાળા બજારમાં કદાચ પૈસા ખોઈ નાખશે તો પણ હૈયું નહિ બાળે. આ ખોટમાં પણ હૈયું નહિ બાળે; ત્યારે તુચ્છ-ક્ષુદ્ર હૈયાવાળાને પૈસાની કમાઈમાં પણ બીજાનું સારું સહન નહિ થવાથી હૈયું બળતું રહેવાનું. **ઉમદાને ખોટમાં ય બળાપો નથી, ક્ષુદ્રને નફામાં ય બળતરા છે.** દિલ આપણું છે, એટલે એને અધમ-તુચ્છ બનાવી બળતરા ઊભી કરી, એ આપણે જ ઊભી કરી કહેવાય.

**બળતળા સંતાપ કોઈ ખોટ વગેરે નથી કરાવતા, આપણે જાતે જ દિલ ક્ષુદ્ર રાખી ઊભા કરીએ છીએ.**

**મદનરેખાનું પતિને વિવેકદાન :-**

મદનરેખા સતીના પતિ યુગબાહુના મોટાભાઈએ સતીને રાણી કરવા છળ કરીને ભાઈ પર તલવારનો જીવલેણ ઘા કર્યો. પહેલાં તો એ યુગબાહુનું દિલ ક્ષુદ્રતાથી ભારે સંતાપ અને ગુસ્સામાં પડ્યું, પરંતુ તરત જ પત્ની મદનરેખા મહાસતીએ વિવેક આપ્યો કે 'હવે જીવવાની એક ઘડી ય નથી, આ સંતાપ-ગુસ્સાથી દુર્ગતિએ ચડી જશો. સંતાપ અને ગુસ્સાથી મોત નહિ અટકે, ભાઈને કશું નહિ કરી શકાય, અને સદ્‌ગતિ અટકી જશે. શા સારું આવો મૂર્ખ ધંધો કરવો ?

સંતાપ મૂકી દો, સમતા-સમાધિ લાવો; ગુસ્સો રવાના કરો, ક્ષમા અને મૈત્રીભાવ લાવો; તો અહીં મરતાં ય શાંતિ અને પરભવે નિશ્ચિત સદ્‌ગતિ.

**(૧) વિવેક કરો કે શું સારભૂત ? શું વાજબી ? ગુસ્સો ? કે ક્ષમા-મૈત્રી ? કલ્યાણ શાથી ?**



"હૈયું ક્ષુદ્ર છે તેથી એ ભાઈનો દોષ જુએ છે, પણ પોતાના જ પૂર્વ કર્મનો દોષ જોતું નથી. રખડેલ છોકરો માસ્તરની સજા પર માસ્તર પ્રત્યે ગુસ્સો કરે છે, પરંતુ પોતે રખડ્યો, ને લેસન તૈયાર ન કર્યું, એથી સજા મળી એ નથી જોતો. સજા માસ્તર નહિ, પોતાની રખડપટ્ટી લાવે છે. એમ અહીં વિવેક કરો કે આ ઘાનું દુઃખ ભાઈએ નહિ, પણ પોતાનાં પૂર્વ કર્મે આપ્યું. ભાઈ તો બિચારો નકામો હથોડીની હાથો થયો. હથોડીઃ 'હથોડી આપણાં કર્મ;' એ આપણને ઠોકનારા-કૂટનાર છે, માત્ર ભાઈ પાસે કરાવ્યા એટલું જ."

**(૨) વિવેક કરો કે કોના પર ગુસ્સો કરવો ? આપણાં કર્મ પર ? કે આ હાથારૂપ ભાઈ પર ?**

(૩) ભાઈએ તો બિચારે હાથો થઈ ઘોર પાપ ઊભા કર્યાં તેથી હવે કર્મ એ બિચારાને જાલિમ કૂટશે, માટે આ વિવેક કરો કે એ દ્વેષપાત્ર નહિ, દયાપાત્ર છે. એની તો દયા જ ખાઓ, એનું ભલું ઇચ્છો કે એની ભાવના સુધરીને એનાં પાપકર્મ રદ થાય; તો આગળ એને બિચારાને કૂટાવું ન પડે. મૈત્રી-કરુણાથી એને નવરાવી નાખો, એને ક્ષમા આપો, અને એના પર ગુસ્સો કર્યો એની ક્ષમા માગો.

(૪) "બાકી હવે આ વિવેક કરો કે તમારા ઉમદા દિલમાં શરીર ને એની વેદના તથા ગુસ્સા વગેરેની લપ ન કરતાં પાપ વોસરાવી પંચ પરમેષ્ઠીને વસાવો, ચાર મંગળ વસાવો, ચતુઃશરણ સ્વીકારો, જેથી હૈયું અત્યંત નિર્મળ થાય. **નિર્મળ ઉમદા હૈયાથી ઊંચે જવાય; મલિન નીચ હૈયાથી નીચે દુર્ગતિમાં જવું પડે."**

**મદનરેખાએ મરતા પતિને કેવા કેવા વિવેકનું દાન કર્યું ?**

(૧) વ્યાકુળતાને બદલે સમતા-સમાધિ જ સારભૂત છે.

(૨) ગુસ્સાને બદલે ક્ષમા અને મૈત્રી જ કલ્યાણકર છે.

(૩) મારનાર ભાઈ નહિ પણ આપણાં કર્મ છે.

(૪) પાપી ભાઈ દ્વેષપાત્ર નહિ પણ દયાપાત્ર છે.

(૫) બીજી આળપંપાળને બદલે પાપત્યાગ અને પરમેષ્ઠીમંત્ર સ્મરણ તથા ચાર શરણ જ હૈયું નિર્મળ કરી શકે.

આ વિવેક મળ્યો, પતિનું દિલ ઉમદા થઈ ગયું, તો સંતાપ ચાલ્યો ગયો. ભાઈને ક્ષમા આપી અને એની ક્ષમા માગી. નવકારમંત્રના ધ્યાનમાં ચડી પાંચમાં દેવલોકે પહોંચી ગયો.

મદનરેખા આવા વિવેક ક્યારે કેવા સંયોગમાં આપે છે ? પોતાના નિર્દોષ પતિને જેઠે જીવતો માર્યો છે, અને હવે પોતાને નિરાધાર બનવાનો અવસર આવ્યો છે, તેમજ પોતાના શીલ પર જેઠ તરફથી મોટો ભય છે. આ સંયોગમાં એવા વિવેક

આવવા સહેલા છે ? પરંતુ કહો,

**ઉચ્ચ-ઉમદા દિલને સારું બધું સહેલું; નીચ ક્ષુદ્ર દિલને સારું બધું અઘરું.**

એનું દિલ ઉમદા હતું તેથી પહેલો વિવેક તો એ કર્યો કે ગમે તે બન્યું પણ મારું જીવન હજી ઊભું છે, ત્યારે આ પતિ અત્યારે મરવાની સ્થિતિમાં છે, તો મારો વિચાર પછી, એનો વિચાર પહેલો. એના માટે શું વાજબી છે ? શું સારભૂત છે ? ઉકળાટ અને ગુસ્સો ? કે સમતા અને ક્ષમા ? અને સદ્ગતિ કોણ પમાડે ? માત્ર મરતી વખતે ય સમતા આવી જાય તો બેડો પાર ! અને જીવનભરનો સમતાધારી ધર્મી, પણ જો મરતાં મમતા-અસમાધિમાં પડે તો એકવાર તો નીચે દુર્ગતિમાં ઊતરી જાય. પાર્શ્વનાથ પ્રભુનો જીવ પહેલા ભવમાં મરુભૂતિ સારો સમતાધારી ધર્મી શ્રાવક પણ મરતાં પીડાની વ્યાકુલતામાં પડ્યો તો ઊતરી ગયો ને હાથીના અવતારમાં ? માટે સમતા જ સારભૂત છે.

મદનરેખાનું ઉમદા હૈયું એ પણ જુએ છે કે "મારું ધર્મપત્નીપણું શામાં ? અત્યારે આ જીવને એના ગુસ્સા અને વ્યાકુલતાની આગમાં 'હા; ભાઈ તમારો હરામખોર, લુચ્ચાએ કેવી ક્રૂરતા કરી ?...' વગેરે વેણના બળતણ હોમવામાં ? કે એનો ગુસ્સાને સમતાના વચનામૃતથી ઠારવામાં ? મારો સ્વાર્થ જોવામાં ધર્મ-પત્નીપણું, ધર્મિપણું ? કે આ મરતા જીવનો સ્વાર્થ આત્મહિત જોવામાં ધર્મપત્નીપણું, ધર્મિપણું ?"

**હૈયું ઉમદા હોય તો જ પોતાનો સ્વાર્થ ભૂલી સામાના મહાન દુઃખ તરફ દૃષ્ટિ જાય; તેમજ સામાને કષાયની આગથી બચાવી લેવાની બુદ્ધિ થાય.**

સ્વાર્થ મહત્ત્વનો નહિ, પરદુઃખ-નિવારણ મહત્ત્વનું; આ વિવેક છે. એથી ઊલટું, એ અવિવેક છે. એમ સામાનો કષાય પોષવો નહિ, પણ શાંત કરવો એ વિવેક છે. એથી ઊલટું, એ અવિવેક કહેવાય. મદનરેખાનો વિવેક એના ઉમદા દિલને આભારી છે. એણે કેવું ચમત્કારિક કામ કર્યું ? પતિને બાહ્ય ઘાથી સંતાપ હતો, પણ મહાસતીએ એના દિલને ઉમદા બનાવી દીધું તેથી સંતાપ મટી ગયો.

**તો બોલો, સંતાપ કોનાથી ? જીવલેણ ઘાથી કે ક્ષુદ્ર હૈયાથી ?**

આ મહાસતીનો પ્રસંગ બરાબર ધ્યાન પર લેશો તો દેખાશે કે સંતાપ કોણ કરાવે છે ? બહારના સંયોગ નથી કરાવતાં, પણ આપણું ક્ષુદ્ર અધમ હૈયું જ કરાવે છે. હૈયાને ઉમદા-ઉચ્ચ-ઉદાર બનાવી દઈએ તો ભયંકર દુઃખમાં ય કોઈ સંતાપ નહિ રહે. સતીનો પતિ પાંચમા દેવલોકે પહોંચ્યો. પાંચમા દેવલોકે સંતાપથી જવાય ? કે સંતાપ મિટાવી સમતા-સમાધિ લાવવાથી જવાય ? સંતાપ કેમ મિટ્યો ? ઘા મટી ગયાથી ? મોત અટકાવાથી ? કે હૈયું બદલવાથી ?



શા સારું આજના વિષય કાળમાં સંતાપથી સળગી રહ્યા છો ? શું જાલિમ મોંઘવારી સંતાપ કરાવે છે ? કે ભોગની લાલસાભર્યું ક્ષુદ્ર હૈયું સંતાપ કરાવે છે ? હૈયું બદલો તો સંતાપ નહિ રહે. કદાચ પૂછશો,

**પ્ર.-** પણ જીવનનો નિર્વાહ તો થવો જોઈએ ને ?

ઉ.- આજના તમારા ખરચા માત્ર જીવનનિર્વાહ પૂરતા જ છે ? બાર મહિને સવાસો રૂપિયાનું માથે ભૂસવાનું સુગંધિદાર તેલ એ જીવનનિર્વાહમાં ગણાય ? ૨-૩ ફર્લાંગ પગે ચાલી કઢાય એના બદલે બસમાં જ જવાનો ખર્ચ એ જીવનિર્વાહમાં ? મોંઘાદાટ પણ શાક વિના ન જ ચાલે, ચા-દૂધ જોઈએ જ, અવસરે સિનેમા, હોટલ, મિજબાની...આ બધું જીવનિર્વાહમાં ગણાય ? જીવનનિર્વાહમાં તો સાદાં બે ચાર વસ્ત્ર અને દાળ રોટી એ કહેવાય. પરંતુ ભોગલાલસા ભૂંડી છે કે એ કેટલાય ફાલતું ખરચા કરાવે છે. પછી ખરચમાં નથી પહોંચાતું એટલે મોંઘવારીથી સંતાપ થાય છે. ખરી રીતે સંતાપ તો ભોગલાલસાને લીધે છે. એવી ભોગલાલસાનું હૈયું એ ક્ષુદ્ર હૈયું છે, ઉમદા હૈયું નહિ.

**ઉમદા હૈયું તો તે કે જેમાં એવી ભોગ-લાલસા ન બેઠી હોય; ને બેઠી હોય તો ય ખ્યાલ હોય કે આ ભોગ-લાલસા જ દુઃખ-સંતાપનું કારણ છે.**

**અજિતસેનની ઉચ્ચ ભાવના :-**

મોટા રાજા-મહારાજાઓને પણ જો આ ખ્યાલ હતો, ને આ ખ્યાલવાળું ઉમદા હૃદય હતું, તો મોકો મળતાં સકલ દુઃખ-સંતાપની કારણભૂત ભોગલાલસાને ફગાવી સંસારમાંથી ઊભા થઈ ગયા ! જુઓ,

શ્રીપાલથી કાકા અજિતસેન રાજા હાર્યા પણ કાકાના મનમાં આ આવ્યું કે 'હારનું દુઃખ શ્રીપાલના લીધે નહિ, લડાઈની કમ સામગ્રીના લીધે નહિ, કિન્તુ મારી ભોગલાલસાને લીધે આવ્યું. જો એ લાલસાથી રાજ્ય બથાવી ન પડ્યો હોત તો શ્રીપાલ મોટો થઈ રાજા થતાં મને વડિલ તરીકે સન્માનીને રાખત. માટે ભોગલાલસા જ ભૂંડી. એ જ સકલ દુઃખોનું મૂળ કારણ છે. દુઃખનાં બીજાં કારણ તો મૂળમાં આ ભોગ-લાલસા પડી હોય તેથી ઊભા થાય છે. માટે હવે તો આ ભોગલાલસા જ છોડવા દે. એમ કરી મનથી સંસારવાસ ત્યજી ત્યાં જ અણગાર-સાધુ બની ઊભા રહી ગયા. હૈયું ઉમદા બને તો જ આ વિવેક આવે. નહિતર ક્ષુદ્ર હૈયામાં તો કંઈ કંઈ જાતના સંક્લેશ ઊભા થાય.'

**નયસારનો વિવેક :-**

નયસારમાં ઉમદા દિલને લીધે વિવેક હતો, તે જાતે જઈને મુનિઓને ધોરીમાર્ગ સુધી પહોંચાડે છે. ત્યાં હવે એ જ્યાં જવા માગે છે ત્યાં મુનિ પ્રેમથી કહે છે 'જરા ઊભા રહો, અમારે તમને કાંઈક કહેવું છે.' કેમ ? એને એમ ને એમ નથી જવા દેવો.

'લ્યો મૂકવા આવ્યા ત્યાં કેડો પકડવો છે. ના, નયસારના ઉમદા દિલને આવું લાગતું નથી કે 'આટઆટલો ટાઈમ તો તમારી પાછળ કાઢ્યો, હવે મારે પણ કામ હોય કે નહિ ?'

**ઉમદા દિલમાં મોટાના બોલ પર અવગણના ન ઊઠે, માન થાય.**

સ્વાર્થની વિશેષ મમતા જ હૈયું અધમ રાખે છે, ને મોટાના બોલ પર અવગણના કરાવે છે. નયસારના ઉમદા દિલમાં એવી સ્વાર્થ-મમતા નથી, તેથી મુનિના વાત્સલ્યભર્યા બોલ માટે માન ઊભું થાય છે, તે એ વધાવી લઈને જાતની લઘુતા બતાવતો કહે છે,

'મારા જેવા નરાધમને આપ કાંઈક કહેવા ઈચ્છો છો ? જરૂર આપના એક નાનામાં નાના શિષ્ય જેવો ગણી મને ખુશીથી કહો.'

શાસ્ત્ર જે નયસારને ઉત્તમ આત્મા તરીકે ઓળખાવે છે, એ પોતે પોતાને નરાધમ લેખે છે !

**ઉમદા દિલની આ બલિહારી છે કે પોતાની લઘુતા જુએ, લઘુતા ગાય, પણ મોટાઈ નહિ.**

**'હીરો મુખસે ના કહે, ઈતના હમારા મોલ.'**

હીરો પોતાની વડાઈ ન ગાય કે મારી આટલી ઊંચી કિંમત છે. નયસાર પોતાને નરાધમ તરીકે ઓળખાવે છે એ એમ સમજીને કે 'ક્યાં આ મોટા પુરુષ, ને ક્યાં હું માયાજાળમાં લપેટાયેલો એક મરગલો ? કહેશે તો શું કહેશે ? કાંઈક મારા હિતનું જ કહેશે. લાવ સાંભળવા દે.' ઊભો રહીને કહે છે 'ફરમાવો મને.'

નયસાર ડિગ્રીધર નહિ, આજના ડિગ્રીધરમાં આ વિવેક હોય ? દિલમાં આ લઘુતા અને હિતની જિજ્ઞાસા હોય ? ના, કેમકે આજની વિદ્યાઓ બધું ભણાવતી હશે, પણ આત્માની ઉત્તમતાનું, ઉમદા હૃદયનું નથી ભણાવતી. કેવી કેવી રીતે હૈયું ઉમદા રખાય, રાખવું જોઈએ, એ આજની કેળવણીનો વિષય નથી. આત્માની વિદ્યા જ નહિ ને ? માત્ર જડની જ વિદ્યા. એમાં આત્માના દિલ અંગે વિચાર જ શાનો હોય ? ત્યારે દિલ ઉમદા બન્યા વિના તો આ વિવેક અને હિતની જિજ્ઞાસા ક્યાંથી



આવે ? વગર ભણેલો નયસાર ઉમદા દિલને લીધે વિવેક અને જિજ્ઞાસાથી કહે છે, 'આપના એક નાનામાં નાના શિષ્યને જેમ કહો, તેમ મને ફરમાવો.'

ત્યાર રસ્તે ચડાવતાં મુનિઓને એણે કહ્યું છે ને કે 'આ આપનો મુખ્ય માર્ગ આ માર્ગે ભૂલા નહિ પડો, સીધું ગામ આવીને ઊભું રહેશે.' એના પર મુનિ કહે છે,

**દ્રવ્યમાર્ગ-ભાવમાર્ગ :-**

'આ તમે અમારે જવાના ગામનો માર્ગ બતાવ્યો એ તો દ્રવ્યમાર્ગ; પણ આપણે **ભાવમાર્ગથી દૂર રહી સંસારમાં ભૂલા પડેલા છીએ.'**

ત્યારે નયસારને બિચારાને એ ક્યાં ગમ હતી કે દ્રવ્યમાર્ગ એટલે શું અને ભાવમાર્ગ એટલે શું ? પરંતુ મુનિ એની અજ્ઞદશા સમજે છે એટલે ખુલાસો કરતાં કહે છે કે,

**મુનિની નયસારને હિતવાણી :-**

''જુઓ, આ માર્ગે ચાલીએ એટલે અમુક ગામ આવે, પરંતુ પછી કાંઈ ચાલવાનું પૂરું ન થાય પાછું વળી આગળ ગામ જવા માટે ચાલવાનું ઊભું જ રહે. સંસારમાં એવું કોઈ છેલ્લું મથક નથી કે ત્યાં પહોંચ્યા પછી સદાને માટે સ્થિરતા થાય; ને ચાલવાનું હંમેશ માટે બંધ થાય. જનમ જનમથી ચાલ ચાલ કરીએ છીએ નવી નવી ગતિઓમાં ભટકીએ છીએ, ક્યાંય કાયમી બેસવાનું મળતું નથી. તેથી એમાં ચાલ-ચાલ જ કરવાનું જે થાય છે એ બધો દ્રવ્યમાર્ગ કહેવાય.''

ત્યારે **ભાવમાર્ગ એનું નામ** કે જે માર્ગે ચાલીએ ને મથક આવે ત્યાં કાયમી સ્થિરતા મળે. પછી ચાલવાનું હંમેશ માટે બંધ થઈ જાય, સંસારમાં આવું કોઈ કાયમી મથક નથી; કેમકે જ્યાં જનમ્યા ત્યાં અંતે મૃત્યુ આવે જ છે, ને મૃત્યુ પછી પાછો નવી ગતિમાં જનમ લેવો પડે છે. ત્યાં વળી અંતે મરણ, ને પાછો નવી ગતિમાં જનમ,...એમ અનંતાનંત કાળથી આપણે જનમ-મરણ જનમ-મરણ કરતા જ રહીએ છીએ.''

''જુઓ ભાગ્યવાન ! એમ સમજતાં નહિ કે 'અહીં મૃત્યુ આવ્યું એટલે ખા ગયા, હવે આગળ કશું રહેતું નથી.' મૃત્યુ તો આપણા આત્માનો આ શરીર સાથેનો સંબંધ પૂરો કરાવે છે એટલું જ, પણ આત્મા તો ઊભો જ રહે છે, તે એને પાછું બીજી ગતિમાં જવું પડે છે. ને ત્યાં એને આહાર લઈ નવા શરીરની રચના થાય એમાં પૂરાવું પડે છે. માણસ મરે ત્યારે લોકો ય કહે છે ને કે 'જીવ ગયો. હવે આ શરીરમાં કાંઈ નથી.' જીવ ક્યાં ગયો ? પરલોકમાં શું લઈને ગયો ? કુટુંબ-પરિવાર-પૈસાટકા-ખાનપાન જે એણે બહુ વહાલા કરેલા, શું તે લઈને ગયો ? ના, એ તો બધું અહીંજ ઊભું રહી ગયું;''

**જીવનની સમાપ્તિએ જીવને એ બધાના સંબંધની સમાપ્તિ થઈ ગઈ, અંત આવી ગયો** હવે તો જીવ પોતાના શુભાશુભ કર્મના બંડલ લઈને પરલોક ઊપડી ગયો. એ કર્મ અનુસાર એને નવી ગતિમાં જન્મ, અને ત્યાં શરીર-ઇંદ્રિયો-ખાનપાન કે દરિદ્રતા-પરાધીનતા વગેરે સુખ-દુઃખની સામગ્રી મળવાની.

''જીવ આ નવો જનમ પામે ત્યાં પણ એ જે સામગ્રી અને સુખદુઃખ પામે છે એમાં પૂર્વનાં શુભાશુભ કર્મ ભોગવે છે એટલું જ કરીને બેસી નથી રહેતો, પરંતુ નવા શુભાશુભ કર્મ ઊભાં કરે છે, એટલે મૃત્યુ બાદ પાછાં એ કર્મોનાં બંડલ લઈને આગળ એ ભોગવવા માટે નવા જનમની કેદમાં પૂરાવું પડે છે. એમાં ય કર્મ ભોગવવાં ને કર્મ ઊભા કરવા, એ ધંધો ચાલુ; એટલે જીવને બિચારાને આ સંસારમાં જનમ-જનમ ભટકવાનો અંત જ આવતો નથી; ક્યાં ય ઠરીને બેસવાનું મળતું જ નથી.''

**''સંસારમાં કાયમી ઠરીને બેસવા મળે એવું સ્થાન જ નથી.** એ સ્થાન તો મોક્ષ છે. સંસારના બધા ય જનમ જીવની અંતે હકાલપટ્ટી કરનાર; 'જા નીકળ અહીંથી.' ત્યારે મોક્ષ એ જીવની એક એવી અવસ્થા છે કે એમાં જીવના સમસ્ત કર્મોનો અંત આવી જવાથી કાયમ માટે જીવને કર્મથી છૂટકારો મળી ગયો, કાયમ માટે મુક્તિ મળી ગઈ પછી કર્મ જ નહિ, તો આગળ જનમ લેવાની વાતે ય શી ? પછી તો જીવ આ વિશ્વના ઠેઠ ઊંચા સ્થાને સિદ્ધશિલા પર જઈને સ્થિર બેસી ગયો. હવે એની પાસે કર્મ જ નથી તેમ નવાં કર્મ ઊભા થવાનાં કોઈ કારણ જ નથી, તેથી ભવિષ્યમાં ક્યારે ય સંસારમાં જનમ પામવાનો અવસર જ નહિ આપવાનો. તેથી મોક્ષમાં કાયમ માટે સ્થિરતા.''

''બસ, આવો મોક્ષ પમાડનાર માર્ગ એ **ભાવમાર્ગ** કહેવાય. એ હાથમાં ન આવે ત્યાં સુધી ગમે તેટલા માર્ગે ચાલો પણ પાછું ચાલવાનું ઊભું જ રહે; ક્યાંય સ્થિરવાસ જ ન મળે. માટે સંસારના આવા બધા માર્ગ એ **દ્રવ્યમાર્ગ** ગણાય.''

''માટે હે મહાનુભાવ ! વારંવાર આવા માર્ગે ચાલ્યા કરવાથી શું ? ચાલવું તો ભાવમાર્ગે; જેથી અંતે ભ્રમણ જ બંધ થઈ મોક્ષમા સદાનો સ્થિરવાસ થાય.''

નયસારને આ સાંભળતાં મનમાં ઉથલપાથલ થવા લાગી. એને લાગ્યું કે 'અહો ! ત્યારે ભાનભૂલેલો હું ક્યાં ક્યાં ભટકી મર્યો !' એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. હૃદય એનું કેટલું સરળ અને સ્વચ્છ કે ત્યાગી-નિસ્પૃહી મુનિની વાણી એમાં સોંસરી ઊતરી ગઈ, અને હૃદયને અસર કરી ગઈ ! પિગળાવી નાખ્યું હૃદયને, ને આંખે પાણી આવી ગયાં ! આપણાં હૃદયની સ્થિતિ વિચારજો. ત્યાં નયસાર આતુરતાથી હાથ જોડી પૂછે છે,

**'પ્રભુ ! એ ભાવમાર્ગ કયો ?'**



મુનિ કહે છે કે 'ભાવમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે. એની આરાધના કરીએ એ ભાવમાર્ગે ચાલ્યા કહેવાય. એમાં સમ્યગ્દર્શન એટલે 'વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન એ દેવાધિદેવ, એમના ઉપર તથા નિર્ગ્રન્થ સાધુગુરુ ઉપર, તેમજ સર્વજ્ઞ તીર્થંકર કથિત ધર્મ ઉપર શ્રદ્ધા-પ્રીતિ બહુમાન.' એમ કહીને મુનિએ સુદેવ-સુગુરુ-સુધર્મની ઓળખ કરાવી. સુગુરુની ઓળખ કરાવતાં સમ્યક્ચારિત્ર શું એ સમજાવ્યું અને મનુષ્ય-જીવનનો સાર ચારિત્રપાલન છે એ બતાવ્યું.''

આ બધી સમજુતી મળ્યાથી તો નયસાર પાણી પાણી થઈ ગયો. એને પારાવાર આનંદ થયો. એને એમ લાગ્યું કે 'અહો ! સગા બાપે કે કોઈ વિદ્યાગુરુએ આજસુધીમાં આ ન સમજાવ્યું. તેથી હાય ! ખરેખર આજસુધીનું જીવન અંધકારમય બેકાર ગયું. કેવું સુંદર આ ભાવમાર્ગનું સ્વરૂપ ! કેવું સુંદર સુદેવ-સુગુર-સુદ્ધર્મનું સ્વરૂપ ! મારાં અહોભાગ્ય કે આ ઉપકારી ગુરુ મળ્યા, અને સુદેવ-ગુરુ-ધર્મની પિછાણ મળી !' નયસારને સુદેવ-ગુરુ-ધર્મ ઉપર અત્યંત બહુમાન જાગ્યું, શ્રદ્ધા અને પ્રીતિ ઉત્પન્ન થઈ અને મુનિની આગળ પોતાની આ શ્રદ્ધાને જાહેર કરતાં કહ્યું 'પ્રભુ ! આજથી મારે આ જ સુદેવ-ગુરુ-ધર્મ માન્ય હો. તો હવે મારે એની રૂએ શું શું કરવાનું ? ચારિત્ર તો હાલ મારાથી બને એમ નથી.'

મુનિએ ત્યાં આ શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનની દેવદર્શનાદિ કરણી સમજાવી અને નવકારમંત્ર આપ્યો. નયસાર આમ સંસારમાં પહેલપહેલી વાર સમ્યગ્દર્શન સમ્યક્ત્વ પામ્યો, અને એ એણે પણ જીવ્યો ત્યાં સુધી પાળ્યું. એમાં એણે પહેલા દેવલોકનું આયુષ્ય બાંધ્યું.

**સમ્યક્ત્વ શી રીતે પમાય ?**

(૧) નયસારને જંગલમાં ભોજન કરતાં પહેલાં અતિથિસત્કાર યાદ આવ્યો ત્યારથી માંડીને ઠેઠ અહીં મુનિની વાણી આતુરતાથી દિલમાં ઝીલી, વાણીની અસર ઝીલી ત્યાંસુધીમાં આપણે વિચારી એ નયસારની ભિન્ન ભિન્ન લાયકી વિચારો તો સમજાય કે સમ્યક્ત્વ શી રીતે પમાય ? જો આવી લાયકીઓ કેળવવી નથી, બલ્કે એનાથી વિપરીત ગેરલાયકીઓ અજમાવવી છે, તો સમ્યક્ત્વ આવે ?

(૨) ભોજનના સમયે માત્ર પોતાનું અને કુટુંબનું જ ભોજન યાદ આવે છે, અતિથિ, દીન કે સાધુ યા સાધર્મિક કોઈ યાદ આવતું નથી, ઉપરથી એમ થાય છે કે આપણે રળ્યા છીએ તે શું બીજા માટે ?' આવાને સમકિત આવે ?

(૩) એમ, અતિથિ માટે નજર પણ નાખવાની ફુરસદ નથી અને ઉપરથી એમ થાય છે કે 'આ કામ મારું છે ? તો પછી મારે ધંધો ક્યારે સંભાળવો ?' આને સમકિત મળે ?

(૪) નયસારને, જંગલમાં મુનિ કેમ ભૂલા પડ્યા એ સાંભળી, સાર્થે કરેલા વિશ્વાસભંગ બદલ દુઃખ થયું, ઉકળાટ થયો, ત્યારે પોતાના જીવનમાં વિશ્વાસભંગ કદી ન કરવાની અને વિશ્વાસપાલન સાચવવાની કેટલી બધી ચીવટ હશે ? ત્યારે જેને જીવનમાં બીજાને આપેલ વિશ્વાસનું પાલન કરવાની પડી નથી, એનો કશો ભારબોજ નથી, ઉપરથી વિશ્વાસભંગ કરવો એ જેને રમતવાત છે, એવાને સમકિત મળે ?

(૫) નયસાર મુનિઓની જે ઊલટથી સરભરા કરે છે, અને આવા ગૌરવવંતા અતિથિનું હૈયે ગૌરવ ધરી એ ગૌરવની રૂએ જાતે માર્ગ બતાવવા જાય છે, એવી જો મુનિની સરભરા કરવી નથી સરભરા માત્ર પોતાના અને કુટુંબના દેહ-ખોખાની કરવી છે, ઉપરથી સરભરાને બદલે મોકો આવ્યે મુનિની જડતી લેવી છે, મુનિની નિંદા કરવી છે, એવાને સમકિત આવે ? એમ મુનિનું ગૌરવ હૈયે ધરવું નથી, ઉપરથી ગૌરવને બદલે હીણપત કરવી છે, દા.ત. 'મહારાજ ! મહારાજને વહોરાવજો' એમ સાધુ મહારાજને રસોઈયા મહારાજની હરોળમાં મૂકાય છે,...એવાને સમકિત આવે ?

(૬) નયસારે પોતાને મુનિ કંઈક કહેવા માગે છે એના પર અહોભાગ્ય માન્યું. લાયકી કેવી ? મુનિ કહે 'અમારે તમને કાંઈક કહેવું છે, સાંભળશો ? ત્યારે એ કહે, 'બાપજી ! એ શું બોલ્યા સાંભળશો ? આપના નાનામાં નાના શિષ્યની જેમ જરૂર મને કહો.' હવે જો આ લાયકી ધરવી નથી, ઉપરથી મહારાજને બીજું કામ શું ? અમારે કેટલાં કામ હોય ? મહારાજને એની શી ખબર ? આ સાંભળવા સમય જ ક્યાં છે મારી પાસે ?' આવા ને આવા ઉઠાવા ધરનારને સમકિત થાય ?

નયસારને મુનિએ જે સમજાવ્યું, એ તમને સાંભળવા સમજવા મળ્યું ને ? નયસાર તો સાંભળતાં પાણી પાણી થઈ ગયો કે 'અહો ! ભાનભૂલેલો હું ક્યાં ભટકી મર્યો ?' એમ ખેદ થઈ એની આંખે તો ઝળઝળિયાં આવી ગયાં, ત્યારે તમને આ સાંભળતાં શું શું થયું ?

**સમકિત ક્યારે ન આવે ? :-**

**(૭) ગુરુમુખે કહેવાતી વીતરાગની વાણી સાંભળવાની જેને ફુરસદે ય નથી અને તમન્ના ય નથી એને સમકિત મળે ?**

**(૮) વાણી સાંભળતાં આદર આતુરતા નથી, ભારે રસ નથી આવતો, એને સમકિત સગું થાય ?**

(૯) સાંભળીને જાતમાં ઉતારવું નથી, ઉપરથી 'આ તો ફલાણા માટે કહ્યું, આ પેલા માટે, ને આ ઓલ્યા માટે બોલ્યા,' એમ સાંભળેલાની બીજાના માથે જ પાઘડી પહેરાવવી છે, એને સમ્યક્ત્વ સગું થાય ?



અથવા સાંભળવું એટલું જ કામ, બાકી સાંભળીને કાન તળે કાઢી નાખવું, કશી અસર લેવી નહિ ! ઉપરથી કોઈ નાનડિયો અસર લેતો હોય તો એને ભોળિયો કાચા કાનનો લેખવો, અણસમજુ માનવો, એવાની પાસે સમકિત આવે ?

મહાવીર ભગવાનના આ તો હજી પહેલા ભવની જ વાતો છે. જનમનો જૈન નહિ, એવા નયસારની આ વિવિધ લાયકીની વાતો છે. એની સાથે જાતને તોળી જુઓ. તમે તો જનમના જૈન ને ? શ્રાવિકા માતાની કુક્ષિનું રતન ને ? તો તમારામાં આ જ શું, આનાથી પણ મોટી લાયકીઓ હોય ને ? ન હોય તો લાવવાનો પ્રયત્ન પણ છે ખરો ? કે એથી ઊલટું એક યા બીજા પ્રસંગમાં નાલાયકી જ અજમાવાય છે ?

**આવા ઊંચા ભવમાં આવ્યા અને ઉચ્ચ જૈનશાસન પામ્યા, છતાં અહીં આત્માનો ઉદ્ધાર નથી કરવો તો ક્યાં કરશો ?**

ભૂલશો નહિ જે પૈસાટકા-પરિવાર-માનમર્તબો અને ખાનપાનાદિ વિષયોને જ દિન-રાત એક નજરે જોયા કરો છો, એ બધા તો તમારું પુણ્ય ખાઈ જનારા છે. અને તમને પાપકર્મોના થોક તથા રાગ-દ્વેષાદિ રોગોથી ભરનારા છે. પાછા અંતે તો એ પૈસાટકા આદિ તમારાથી છૂટા જ પડી જનારા ! આવાની પૂંઠે લાગી દિનરાત એના જ પર દૃષ્ટિ રાખવાની ? પોતાના આત્મા પર દૃષ્ટિ જ નહિ ?

**આત્માનો ખ્યાલ, પ્રેમ અને પક્ષપાત :-**

**તમારે કાયાથી જુદો તમારો આત્મા છે એટલો ય ખ્યાલ રહે છે ?**

જો એ ખ્યાલ રહેતો હોય, તો આત્માનો અહીં ઉદ્ધાર કરવાની લગની ન રહે ? ઉદ્ધાર માટે જરૂરી લાયકીઓ કેળવવાની ચીવટ ન રહે ? ક્યાં છે એ લગની ? એ ચીવટ ? તો પછી આત્માનો ખ્યાલ ક્યાં રહ્યો ? તમે કહેવાના

પ્ર.- તો શું આત્માના ખ્યાલ વિના આ સાંભળવા આવીએ છીએ ?

ઉ.- પણ હું શું કામ એમ કહું ? પરંતુ એ કહો કે જે આત્માના ખ્યાલથી સાંભળવા આવતા હોય એ સાંભળેલામાંથી આત્માના ઉદ્ધારનું લીધા વિના રહે ? જે વર્ષોનાં શ્રવણમાંથી રોજ ને રોજ આત્માના ઉદ્ધારનું કાંઈ ને કાંઈ લેતો જ રહેતો હોય એના દેદાર આજે પણ વર્ષો જુના જેવા જ હોય ? કે દેદાર ફરી ગયા હોય ? ઘરબારીને બદલે સાધુનો દેદાર આવ્યો ન હોય ?

તમે જિનવાણીનું અહીં શ્રવણ કરવાનો ધર્મ આત્માના ખ્યાલથી કરો છો એવું હોય તો જિનવાણી સાંભળતાં સાંભળતાં, **આત્માનો પ્રેમ અને આત્માનો પક્ષપાત કેટલો બધો જામી પડ્યો હોય ?** આત્માનો પ્રેમ જામ્યા પછી શું એ વિચાર જ ન આવે કે 'મારી નજરમાં આત્મા ક્યાં દેખાય છે ? દેખાતો હોય તો આ દશા હોય ?' ને દેખાતો છતાં નજર સામે દેખાતા શરીર કરતાં નજર સામે આત્મા વધારે તરવરતો હોય.

**આત્માનો ખ્યાલ આત્માને હૂબહૂ જેવો દેખાડે છે.**

તમારી અંદરની હોશિયારી તમને કે બીજાને નજરે દેખાય છે ? ના, હોશિયારી-નાં કાર્ય દેખાય છે, હોશિયારી નહિ. છતાં તમને એ કેવી જાણે નજર સામે તરવરે છે ? બસ, એમ આત્મા નજર સામે તરવરે, જો આત્મા પર પાકી શ્રદ્ધા અને એનો ખ્યાલ હોય.

**તમને અંતરમાં 'હું' વરતાય છે ને ? એ જ આત્મા છે.**

**'હું' કોને કહો છો ? શરીરને ? ના, 'હું' એટલે શરીર નહિ.**

શરીર તો બિચારું જડ છે, એનામાં 'હું' એવો ભાવ કરવાની તાકાત જ નહિ, યોગ્યતા જ નહિ. નહિતર મડદું ય 'હું' કરવા લાગે. એમ જુઓ કે જમવા બેઠા હો, પેટ ભરાઈ ગયું હોય છતાં સામેથી એક વધુ લાડવો આગ્રહથી પીરસવા આવે તો શું કહો ? 'ના, હવે જરાય નહિ, હવે વધુ ખાઉં તો મારું શરીર બગડે.' એ જ કહો ને ? કે 'ના, હવે વધુ ખાઉં તો હું બગડું' એમ કહો ? કેમ વારું ? 'હું' એટલે જો શરીર જ હોય, તો તો એ જ બોલનારું, એ જ ખાનારું, ને એ જ બગાડનારું; માટે એ બોલે કે 'હું વધું ખાઉં તો બગડું;' પણ એવું શાનું બોલે કે 'મારું શરીર બગડે ?' પરંતુ કહો, બોલનારો ય આત્મા છે, ને ખાનારો ય એ છે, શરીર તો એની માલિકીની એક વસ્તુ છે. તેથી એ પોતાના શરીર માટે બોલે છે કે 'વધુ ખાઉં તો મારું શરીર બગડે.'

**નોકરની જેમ શરીર :-**

નોકર એ શેઠની માલિકીની એક વસ્તુ છે, તેથી નોકરને જો કોઈ લાંચ આપવા માગતું હોય ને શેઠને ખબર પડે, તો શેઠ પેલા લાંચ આપનારને કહે છે, 'એમ ન કરો, લાંચથી મારો નોકર બગડે.' જો નોકર પોતે જ હોત તો એમ કહેત કે 'લાંચથી હું બગડું.' તો જેમ શેઠને 'નોકર પોતે નથી' એવો સ્પષ્ટ ખ્યાલ છે માટે કહે છે કે 'નોકર બગડે,' એમ અહીં આપણે 'મારું શરીર બગડે' એમ કહીએ તે સ્પષ્ટ ખ્યાલ ઉપર કે 'હું શરીર નહિ જેમ નોકર મારો એમ શરીર મારું ખરું, પણ હું પોતે શરીર નહિ.'

આ 'હું' નો વિવેક, એ આત્માની મહાન સાબિતી છે. એટલે જે 'હું' એવું અંદરમાં વરતાય છે, એ 'હું' કોણ ? શરીર નહિ, આત્મા.

આત્મ નિરીક્ષણ કરનારને અનુભવ છે કે સંસારની જળોજથ્થામાં એને એમ થયા કરે છે કે 'અરે ! હું કેવો લોભી ? કેવો વિષયાંધ ? કેવો ક્રોધી ?' તો લોભી-વિષયલંપટ-ક્રોધી કોણ છે ? શરીર ? ના, શરીરમાં જકડાયેલ આત્મા. એ પોતાના માટે આ લોભી વગેરે હોવાનો બળાપો કરે છે શરીર તો બિચારું જડભરત. એને બેસાડો ત્યાં બેઠું રહે, ને ઉઠાડો તો ઊઠે. જડ એ લોભે ય શું કરી શકે ? ને બળાપો



ય શું કરી શકે ? ક્રોધ-લોભ-લંપટતા ને બળતરા કરનારો આત્મા છે. માટે જ શરીર એનું એ ઊભું છતાં, જો ગુરુવાણીથી મન પીગળે છે. તો, પોતાના ક્રોધાદિ માટે પહેલાં નહિ એવી બળતરા હવે ઊભી થાય છે. એ સૂચવે છે કે શરીર તો એનું એ રૂપાળુ તગડું ઊભું છતાં પોતાના ક્રોધાદિ માટે આ બળતરા કરનાર આત્મા છે.

આમ 'હું' ના વિવેકથી અને 'ક્રોધ-લોભ-લંપટતાદિ કોના ગુણ' એના વિવેકથી 'આત્મા શરીરથી તદ્દન જુદી એક સ્વતંત્ર વસ્તુ છે,' એવો ખ્યાલ આવે છે.

હવે જો આ પોતાના આત્માનો ખ્યાલ હોય, તો એના પર પ્રેમ અને એનો પક્ષપાત કેવો રહે ? પ્રેમ એવો કે ખાતાં-પીતાં, બેસતાં-ઊઠતાં, ને કોઈપણ કામ કરતાં કે નવરા પડ્યા ત્યાં આત્મા જાણે હૂબહૂ નજર સામે તરવરે ! એવું શરીર નહિ આ નિયમ છે,

**જેના પર વધારે પ્રેમ, એ વધારે નજર સામે તરવરે છે.**

શરીર કરતાં આત્મા પર વધુ પ્રેમ હોય તો શરીર કરતાં એ વધુ નજર સામે આવ્યા કરે. રખડેલ અને ઉદ્ધત છોકરા કરતાં કામગરા ઉદ્યમી અને વિનયી છોકરા પર માબાપને વધુ પ્રેમ હોય છે. તો એ વિનયવંતો નજર સામે વધારે તરવરે છે. રખડેલને ખવરાવતાં ય માતાને ઉદ્યમી વિનયીની યાદ આવે છે, 'એ મારો કેવો ડાહ્યો છોકરો કે સારું કમાઈ લાવે છે ! આ અડિયલ કમાવવાનું તો દૂર, પણ પેલાની કમાઈ ખાઈ જાય છે.'

તમને શરીરની સંભાળ-સરભરા-સન્માન કરતાં આત્મા કેટલો યાદ ? શરીરને પકવાન ખવરાવતાં યાદ આવે ખરું કે **'આ અડિયલ શરીર મારા આત્માનું કમાયેલું પુણ્ય ખાઈ જાય છે, ને પુણ્ય કમાવી આપવામાં અખાડા કરે છે ?'** ત્યાગ-તપ-દેવગુરુભક્તિ-પરોપકાર વગેરે સુકૃત કરવામાં શરીર જલ્દી તૈયાર નહિ, એ પુણ્યકમાઈમાં અખાડા જ કર્યા કહેવાય ને ? શરીરને રુડું આપતી વખતે આત્માનું આટલું યાદે ય આવે ? કે આત્માના સંબંધી સંઘ-સાધુ-સાધર્મિક યાદે આવે ખરા કે 'એમની ભક્તિ વિના એકલા શરીરને ખવરાવવામાં તો રાક્ષસી ભોજન કહેવાય ?' એમ બીજે પણ શરીરને સંભાળતાં, સુવરાવતાં અમનચમન કરાવતાં આત્મા યાદ આવે ? કેવો ને કેટલો યાદ આવે ? સુવા જતાં એમ થાય ખરું કે 'શરીર તો આરામ કરશે પણ મારો આત્મા ચેતનાહીન બનશે માટે પહેલાં એનામાં પરમેષ્ઠિજાપ-શુભભાવના વગેરેનું અનેરું ચૈતન્ય ભરી દઉં. શરીર તો સારું સારું દેખી-સાંભળી-સ્પર્શી અમનચમન કરશે પરંતુ મારા આત્માને જ્ઞાનીઓનાં વચનામૃત, ઉપશમની ભાવનાઓ, સામાયિકના પુનરાવર્તન,...વગેરેથી મસ્ત તરબોળ બનાવું ?' શરીરની સેવા કરતી વખતે આમ આત્મા ક્યાં પાદ આવે છે ?

એમ કુટુંબની મોહભરી માવજત કરતી વેળા આત્મા ક્યાં યાદ આવે છે ? ક્યાં એવું થાય છે કે **'હું આ કોને ભૂલી કોને લઈ બેઠો છું ?** માત્ર આ જીવન પૂરતા જ સગામાં ઓતપ્રોતતા ? અને જનમ જનમ ચાલનારા મારા આત્માને ને આત્માના કુટુંબીને સાવ ભૂલી જવાનું ? કુટંબને સોનાના દાગીના, ને આત્માના સગા પરમાત્માને એક તોલાની ય સેર નહિ ? કુટુંબને ઘીકેળાં, ને મારા આત્માને જિનભક્તિ-તપ જપ-ક્ષમા-નિર્લોભતાના કશા પકવાન્ન નહિ ?'

આમ આત્મા યાદ આવ્યા કરે ? જો ના, તો આત્મા પર પ્રેમ કેટલો ? આત્મા નજર સામે તરવરતો નથી એ આ પ્રેમ ન હોવાની પંચાતી છે. માત્ર બોલવાનું રાખ્યું છે કે 'અમે આસ્તિક છીએ, આત્માને માનનારા છીએ, અમને પણ અમારા આત્મા પર પ્રેમ છે.' પ્રેમ હોય તો એ નજર સામે વારંવાર તરવર્યા વિના ન રહે. નવી પરણેલીને ધણી પર પ્રેમ ધીકતો છે, તો ઘરનાં બધાં કામ કરતાં પણ એને પતિ નજર સામે તરવરે છે. તો આત્માનો ધીકતો પ્રેમ હોય તો સંસારનાં બધાં કામ કરતાં એ નજર સામે ન તરવરે ?

બોલો, તમે એમ જ કહો છો ને કે 'એમ અહીં આવીએ છીએ, સાંભળીએ છીએ, એ શું આત્માના ખ્યાલ વિના ?' તો તમને આત્માનો આવો ખ્યાલ તો જાગતો જ છે ને ? તો કહ્યું એમ નવ પરણેતરને ધણીની જેમ તમને તમારો આત્મા સંસારનાં બધાં કામ કરતાં નજર સામે તરવરે છે ને ? નહિ તરવરે, જ્યાંસુધી તમને આત્મા પર એવો પ્રેમ નહિ થાય.

**આત્મા પર પ્રેમ અને પક્ષપાત હોય તો આત્માનો ખ્યાલ જાગતો ને ધીકતો રહે; આત્મા નજર સામે તરવર્યા જ કરે.**

આત્મા પર પ્રેમ એટલે આત્માનું ભલું બહુ યાદ આવે. આત્મા પર પક્ષપાત એટલે શરીર પર એવો પક્ષપાત નહિ, કંચન-કામિની પર એવો પક્ષપાત નહિ; તેથી એકનું ભલું ને બીજાનું ખરાબ થતું હોય, ત્યાં આત્માનું ખરાબ કરી શરીરાદિનું ભલું કરવા ન જવાય; શરીરાદિનું ખરાબ થવા દઈને પણ આત્માનું ભલું કરવાનું કરાય. ચૌદશની મોટી તિથિ છે, ઉપવાસ કરો તો શરીરનું આટલું ખરાબ થાય છે કે શરીર જરા દૂબળું અશક્ત બને છે, પણ આત્માને પાપક્ષય અને પુણ્યોપાર્જનરૂપી ભલું થાય છે. એથી ઊલટું ચૌદશે છૂટે મોંઢે ખાવાનું રાખો તો શરીરને ઘીકેળાંથી એનું ભલું થાય, પણ મહાન તિથિની વિરાધના થવાથી આત્માનું ખરાબ થાય છે. તો શું પસંદ ? આત્માનો પક્ષેપાત હોય તો શરીરનું ભલું જતું કરી આત્માનું ભલું કરાય, આત્માનું ખરાબ ન થવા દેવાય. એમ સગાનો રાજીપો જતો કરી આત્માનું ભલું કરાય, ખરાબ ન થવા દેવાય.



**સૂર્યયશાની ધર્મ-મક્કમતા**

ભરતચક્રીના પુત્ર સૂર્યયશા રાજાને આઠમ તિથિ આવી. એની પરીક્ષા કરવા સ્વર્ગની રંભા-ઉર્વશી રૂપાળી વિદ્યાધર-કુમારીનું રૂપ લઈ સૂર્યયશાને જે પરણી બેઠેલી, પણ એક શરતે કે ક્યારેક અમે કાંઈક કહીએ તો તમારે કરવું પડશે,' તે હવે પતિને કહે છે, 'આપણે કઈ આઠમે તપ-જપ કરવાના નહિ.'

સૂર્યયશા કહે, 'જૂઓ, આ તો પાપમાં વહી જતી જિંદગીને થોડી આ પર્વતિથિની આરાધનામાં લેખે લગાડવાની મહાન તક છે.'

પેલીઓ કહે, 'બધું ખરું, પણ હમણાં કાંઈ સુખ છોડાય નહિ. હમણાં તો આનંદ-મંગળ કરવાનાં.'

સૂર્યયશા કહે. 'પણ એમાં આત્માનું સરાસર વેતરાઈ જાય એનું કેમ ? ચાલુ દિવસોમાં તો કદાચ ભૂલીએ, **પણ પર્વતિથિ જેવા દિવસે ય આત્મહિત ભૂલીએ, તો તો આપણા આત્માનું તો સરાસર વેતરાઈ જ ગયું ને ?**

**શું આત્માના સમસ્ત હિતના ભોગે કાયા અને ઈન્દ્રિયોનાં આનંદમંગલ કરવાનાં ?**

સૂર્યયશા રાજાના દિલમાં આત્માનો પક્ષપાત બેઠો છે. એટલે એનું હિત સર્વથા ભૂલાય એનું દિલમાં દુઃખ છે. એ આ બોલાવી રહ્યું છે કે, 'આમ રોજ તો આત્મહિતકર ત્યાગ-તપ વિસારી, કાયાનાં સુખમાં મહાલતા હોઈએ, પણ શું પર્વતિથિએ પણ એ આત્મહિત વિસારી દેવાના ?' આત્માનો પક્ષપાત આ અસહ્ય લગાડે છે.

પરંતુ પેલી રંભા-ઉર્વશી તો કહે છે, 'હજી તો ખીલતી યુવાની છે એટલે એમાં તો વિષયોનાં સુખમાં ન્યૂનતા જરાય નહિ આવવા દેવાની. યુવાની વીત્યા પછી બધું ય આત્મહિત કરાશે.'

સૂર્યયશાએ જોયું કે આ કાંઈ માને એમ નથી, તેથી એ કહે છે, 'તો ભલે તમને ઠીક પડે એમ કરો. પણ મારે તો પર્વતિથિએ આરાધના નહિ ચૂકાય.'

રંભા-ઉર્વશી કહે, તો તો પછી તમારા વિના અમારે એકલાને વિષયરંગમાં ક્યાં મહાલવાનું રહે ? માટે તમારે પણ હમણાં કશા જ ત્યાગ-તપ-જપ વગેરેની વાત નહિ કરવાની, અને પરણતાં અમને વિશ્વાસ આપ્યો છે, વચન આપેલું છે કે અવસરે અમારું વચન તમારાથી ઠેલાશે નહિ. એટલે અમારું આ કહેવાનું તમારે માનવું જ પડશે. તમારાથી આઠમે કશા ત્યાગ-તપ-જપ વગેરે નહિ કરાય.'

સૂર્યયશાને સમસ્યા થઈ. લગન વખતે આપેલા વચનનો ભંગ કરવો ? કે આઠમે આરાધનાનો ભંગ કરવો ? શું જતું કરવું ? આરાધના કે વચન ? પણ આત્માનો પક્ષપાત છે એટલે તિથિએ આરાધનાને છોડવાનો મોખ નથી તેથી સ્ત્રીઓને

'ભલે ત્યારે એમ' એવું કહેવું નથી. શું કરે ?

આજે તમારે તો તિથિ-બિથિ કાંઈ નહિ ને ? છતાં તમે આત્માના પક્ષપાતી છો ? **તિથિએ પણ રંગ-રાગમાં મહાલી આત્માની ખરાબી ખપે ? છતાં આત્માના ખ્યાલ ને આત્માના પક્ષપાતવાળા ?**

**વિષયોના રંગરાગમાં આત્માની ખરાબી છે એવું મનને લાગે છે ખરું ?**

એવું લાગતું હોય અને ભારે મંદવાડવશ તિથિએ ત્યાગ-તપ ન થઈ શકતા હોય તો ય દિલ કેટલું બધું દુભાય ? ત્યારે મંદવાડ વિના પણ ત્યાગ તપ નથી કરવા, અને દિલની દુભામણ નથી, ને તિથિએ ચાલુ દિવસની જેમ ખાનપાન વગેરે ખુલ્લા રાખવા છે, તો આત્માનો ખ્યાલે ય ક્યાં ? ને આત્માનો પક્ષપાતે ય ક્યાં રહ્યો ?

સૂર્યયશા રાજાને આત્મા પર પ્રેમ છે, પક્ષપાત છે, તેથી જો કે ભરતચક્રીના વારસદાર તરીકે મોટા રાજ્યવૈભવોનો માલિક છે, છતાં અષ્ટમી તિથિ આરાધવા અને એ માટે વિષયસુખોનો ત્યાગ કરવાના નિર્ધારવાળો છે. સમજે છે કે

**પુણ્યથી મળ્યું છે એ ધર્મથી મળ્યું છે. ધર્મથી મળેલું એ ધર્મને ખોવરાવનારું કેમ બનાવી દેવાય ?**

**એમાં ધર્મનો દ્રોહ છે.**

બોલો, રસદાર ખાનપાનાદિના લોભમાં ત્યાગ-તપસ્યા જતી કરો ત્યારે આ યાદ આવે છે ખરું કે 'આ ધર્મથી મળેલું હવે ધર્મનું જ ખૂન કરી રહ્યું છે ? તિથિ જેવાએ પણ કોઈ ત્યાગ નહિ ? કોઈ તપ નહિ ? શક્તિ નથી ? અશક્તિ છે ? કે આસક્તિ છે ? છતી શક્તિએ પર્વતિથિ વિરાધવા જેટલી મોટી આસક્તિ ? તો ધર્મની પરવા ક્યાં ? ધર્મની ગરજ ક્યાં રહી ? ધર્મનો માથે ભાર ક્યાં રહ્યો ? ધર્મથી મળેલા માલ પર ધર્મને જાકારો એ ધર્મનો દ્રોહ છે.

**કંડુ રાજા :-**

શત્રુંજય તીર્થાધિરાજથી તરનાર કંડુ રાજા પહેલાં તો ભારે પાપી હતો. રાજ્યસત્તાના જોરે ફાવે તેની સ્ત્રી કે કન્યા ઉપાડે ને ફાવે તેનું ધન લૂંટે. એમાં એક વાર રાજ્યસભામાં બેઠેલો ત્યાં આકાશમાંથી એની આગળ એક ચિઠ્ઠી પડી. એમાં લખ્યું હતું કે

**જે માણસો ધર્મથી મળેલા માલ પર અધર્મ કરે છે એ નરાધમો ધર્મના વિશ્વાસઘાતક છે, ધર્મના દ્રોહી છે.**

એક કૂતરું પણ જેનું ખાય, એનો વિશ્વાસઘાત નથી કરતું; નિમકહરામ ન થતાં નિમકહલાલી બજાવે છે ! તો માણસ એક કૂતરાથી ગયો ?





કંડુ રાજાને ચિઠ્ઠી વાંચી ધ્રાસકો પડ્યો. પાપી મોટો હતો છતાં ધર્મના વિશ્વાસઘાતનું વાંચતાં એ ચોંકી ઊઠ્યો કે 'હાય ! ત્યારે આ હું શું કરી રહ્યો છું ? ધર્મનો દ્રોહ ? ધર્મે મને મોટી રાજ્યસત્તા આપી એના જ બળ ઉપર ચોરી-છિનારીના મહા અધર્મ સેવી ધર્મનું ખૂન કરી રહ્યો છું ? મારા જેવા ધર્મદ્રોહીનું શું થશે ?

મુંઝાશો નહિ, તમે એવો મોટો અધર્મ નથી કરતા એટલે એવા વિશ્વાસઘાતક નહિ. પરંતુ છતી શક્તિએ તિથિની યાદગીરી અને બહુમાનરૂપે થોડો પણ શક્ય ત્યાગ નહિ, તપ નહિ, રોજ જિનેશ્વર ભગવાનની પૂજામાં બે પૈસાનો પણ ખર્ચ નહિ, સગા ભાઈ સાથે ય દુશ્મનાવટ, સાવ નજીવી બાબતમાં પણ રોષનો ધમધમાટ, વાતવાતમાં અભિમાનનો ઉન્માદ,...વગેરે વગેરે બધું અધર્મ તો છે જ. ભલે કંડુ રાજા જેવો નહિ તો ય નાનો ય ધર્મનો વિશ્વાસઘાત છે. એમાં તમને ચોંકામણ થાય છે ? કંડુ રાજા ચિઠ્ઠી વાંચી ચોંક્યો ! **મોટો પાપી ચોંકી ઊઠે; અને નાનો પાપી ન ચોંકે ?**

**ધર્મદ્રોહના માઠાં ફળ :-**

દુનિયાના માણસનો ય જો વિશ્વાસઘાત કરો, તો ફરી એ તમારા સામું ય ન જુએ; તો પછી ધર્મના વિશ્વાસઘાતથી ધર્મ ફરીથી આવતા ભવોમાં તમારા સામું જોવા નહિ આવે ને નહિ આવે તો ચાલશે ને ? ધર્મ સામું ન જુએ એટલે શું એ સમજો છો ? એટલે એ જ, કે જીવન પાપ પાપ અને પાપથી ભરેલું. ત્યાં દિલને એનો ડંખ પણ નહિ, લેશમાત્ર અરેકારો નહિ. પાપ લહેજતથી અને હોશિયારી માનીને કરાય એવી પાપિષ્ઠતા એ ધર્મહીન ભવમાં મળવાની.

પાપમાં ડંખ-અરેકારો અફસોસી કરાવનાર પણ ધર્મ છે. પણ ધર્મ આપણી સામે ય જોવાનો ન હોય, એટલે પાપમાં એટલો ખેદ પણ ન થાય. એનો અર્થ એ, કે પાપો રાચીમાચીને થવાના. વાઘ વરુ જીવતા હરણિયા જામફળની જેમ બટકી બટકીને ખાય એમાં એવી જ પાપિષ્ઠતા. તો વિચારો આગળના જન્મોમાં એકલી એવી પાપિષ્ઠતા આવે તો વાંધો નહિ ને ? જો વાંધો હોય તો એને ઘસડી લાવનારો અહીંનો ધર્મદ્રોહ ચલાવી લેવાય ? ધર્મના જ મળેલા માલ પર અધર્મ થાય ? એ થવા પર ચોંકામણ પણ નથી ? આંખ મીંચીને અધર્મ સેવવો છે ? આંખ મીંચીને પાપ આચરવા છે ?

આજે આંખ મીંચીને રાત્રિભોજન થાય છે ! બટાકા વગેરે અભક્ષ્ય અનંતકાય ખવાય છે ! સિનેમામાં પેટ ભરીને આંખના અને મનના દુરાચાર સેવાય છે ! સુખીની-ગુણીની ઈર્ષ્યા કરાય છે ! કુટુંબી સાથે વૈર-વિરોધ કરાય છે ! અભિમાનનો

પાર નથી રખાતો ! સાધુની નિંદા તો સહેજ વાત ! જૂઠ હાલતાં ને ચાલતાં !...આ બધું તો આંખ મીંચીને કરાય છે. એ ધર્મનો વિશ્વાસઘાત છે ને ? એની ચોંકામણ નથી થતી ? પણ આંખ મીંચી દીધી છે એટલે ચોંકામણ શાની થાય ?

કંડુ રાજા ચિઠ્ઠી વાંચી ચોંકી ઊઠ્યો કે 'હાય ! ત્યારે મેં જિંદગી ધર્મદ્રોહમાં ગાળી, પાર વિનાના પાપો કર્યાં, ધર્મદ્રોહી મારું શું થશે ?' સભા બંધ કરી ચાલ્યો ગયો મહેલમાં, અને અનહદ ચિંતા-સંતાપમાં પડી ગયો. તે હવે જીવન પર કંટાળી ગયો. મનને એમ થયું કે 'હવે જીવીને શું કરવું છે ? મારા જેવા પાપીથી પૃથ્વી ભારે થઈ રહી છે.' રાતના મહેલમાંથી ગૂપચૂપ ચાલી નીકળ્યો. સાથે તલવાર લીધી છે, કદાચ જંગલમાં બીજી રીતે મોત ન કરાય તો આ તલવારથી પોતાનું ગળું કાપી નખાય એટલા માટે.

અલબત મહાપાપો પછી પણ આપઘાત સારો નથી; કેમકે

**આપઘાતથી આ જીવનનો અંત થાય, પણ અહીં અને પૂર્વનાં પાપોનો અંત નહિ,**

કિન્તુ અહીં રાજાનો પાપ-સંતાપ જોવા જેવો છે કે કેટલો બધો છે ! તમે મોત ઈચ્છતા નહિ, પણ જિંદગીમાં દુરાચાર સેવ્યાં, યા સ્વસ્ત્રીમાં વિષયલંપટ બન્યા રહ્યા, કે પારાવાર જૂઠ બોલ્યા, યા નાના મોટા વિશ્વાસઘાત કર્યા, યા અભક્ષ્ય ખાધાં, રાત્રિભોજન કર્યે ગયા, કે પર્વતિથિની પરવા ન રાખી,... આના કોઈ તીવ્ર સંતાપ થાય ?

**પાપના સાચા સંતાપમાં મરવાનો વિચાર નહિ, પણ જીવન પલટવાનો અને પાપ બંધ કરી ધર્મ સેવી પૂર્વ પાપ નષ્ઠ કરવાનો ઊછરંગ આવે.**

સૂર્યયશા રાજાને પેલી રંભા-ઉર્વશી આઠમ તિથિની આરાધના મૂકી વિષયરંગમાં મહાલવાનું માગે છે, એ સૂર્યયશાને મન તદ્દન અનિષ્ટ છે. 'શું પાપમાં વહી જતા અને બરબાદ થતા જીવનમાં આટલો ય ધર્મ નહિ કરવો ?' ત્યારે બીજી બાજુ સૂર્યયશાને વચનભંગ થાય એની મુંઝવણ છે.

એ સ્ત્રીઓને કહે છે 'તમો એમ કરો, મારી આઠમની વાત મૂકી બીજું કાંઈ માગો.'

ત્યારે દેવીઓ કહે, 'તો એમ સહી, તમે પેલું ઋષભદેવનું મંદિર તોડાવી નાખો.'

રાજા આ સાંભળવાનું પણ સહન કરી શકે ? એ ઊકળી ઊઠીને કહે 'અરે ! તમે તે કોઈ ઉત્તમ વિદ્યાધર કુળની છો ? કે ચંડાળ કુળની ? આવું તારણહાર મહાપવિત્ર તીર્થસમું જિનમંદિર તોડાવી નાખવાની વાત કરો છો ? એવું ધર્મધ્વંસનું



નહિ, બીજું કાંઈ માગો. જોઈએ તો આ મોટું રાજ્ય માગી લો, પણ મારી આઠમ મૂકાવવાનું ન માગશો.'

સૂર્યયશાને રાજ્યસમૃદ્ધિનો પક્ષપાત નથી એવો આત્માનો અને આત્મહિતકર અષ્ટમી-આરાધના જેવો ધર્મનો પક્ષપાત છે. તમને ય તમારા આત્માનો પક્ષપાત છે ? કે કાયા અને એના વિષયસુખોનો પક્ષપાત છે ?

**આત્માનો સાચો ખ્યાલ હોય તો શું આત્માનો પક્ષપાત ન હોય ? પક્ષપાત હોય તો રોજ નહિ તો તિથિએ પણ ધર્મ ભૂલાય ?**

સૂર્યયશા રાજા આઠમ મૂકવા તૈયાર નથી, રંભા-ઉર્વશી કહે છે 'તમારે ધર્મધ્વંસ વિનાનું જોઈએ છે, તો એમ કરો તમારા છોકરાનું માથું કાપી આપો.'

રાજા કહે 'અહો ! તો તો જુઓ ને છોકરા કરતાં આ મારું માથું વધારે કિંમતી ખરું ને ? તો એ જ કાપી આપું તો ચાલે ને ?'

રંભા-ઉર્વશી હા ભણે છે. બસ, એટલે તો ઊઠ્યો રાજા, તલવાર લઈ આવ્યો અને પોતાનું ગળું છેદી આપવા તૈયાર થઈ ગયો.

**આઠમ વહાલી છે એટલું માથું નહિ !**

સમજાય છે એનો આઠમ પર્વતિથિનો પ્રેમ ? એ આઠમ જાળવવા-પાળવા જીવનનો ભોગ આપી દેવો પડે છે તો ફિકર નથી. તમારે આઠમ પાળવી હોય તો કેટલો ભોગ આપવો પડે ? એક એકાસણું કરો, જિનભક્તિ કરો, પ્રતિક્રમણ કરો, બ્રહ્મચર્ય પાળો, એમાં કેટલું વેઠવાનું ? મરી જવાય ? માંદા પડી જવાય ? પણ મૂળમાં કાયાનો નહિ એવો આત્માનો પ્રેમ અને પક્ષપાત જોઈએ ને ? એ નહિ એટલે પર્વતિથિએ ધર્મ ખાતર ઠીકરા જેવા મામૂલી સુખનો ભોગ ક્યાંથી અપાય ? સુખ શે જતું કરાય ?

પેલી રંભા-ઉર્વશી જુએ છે કે હજીસુધી તો ઈન્દ્રે વખાણ્યું તેવું જ આ રાજાનું ધર્મસત્ત્વ દેખાય છે, છતાં જોઈએ એ કેટલું ટકે છે ? 'અલી ! પણ હવે તો રાજા ગળું કાપી આપવા તૈયાર થયો છે, પણ એને આઠમ મૂકવી નથી, તો હવે તું શું કરીશ ?' પણ આ તો દેવીઓ છે ને ? હજી રાજાને તાવવો છે. ગળું કપાઈ જવા દેવું નથી, ને રાજાને રિબાવવો છે. જોવું છે એમે ય આઠમ મૂકે છે ? એટલે જ્યાં રાજાએ ગળા પર તિક્ષ્ણ તલવાર ચલાવી ત્યાં ગળું અડધું કપાતાં. દેવીએ અદશ્યપણે હાથ અને તલવાર થંભાવી રાખ્યા; આગળ વધી જ શકતા નથી, ગળું પૂરું શે કપાય ?

રાજાને મૂંઝવણ થઈ કે 'ગળું પૂરું કપાઈ પત્નીને પોતાનું માથું ન આપી શકે તો શરત પૂરી ન થાય, તો પછી આઠમ કેમ સાચવી શકશે ?'

પત્ની દેવીઓ જુએ છે કે 'હજી રાજાના અંતરમાં આટલી ભયંકર વેદના ભોગવતા પણ એમ નથી થતું કે આનાં કરતાં લાવ આઠમ મૂકી દઉં. મનને નિર્ધાર છે કે ગમે તેમ થાય આઠમ તો પાળવી જ છે. ત્યારે જોઈએ રાજા હવે શું કરે છે.'

રાજાએ તો તલવાર કાઢી લઈ ગળા પર ફરીથી ઝટકો લગાવ્યો. પણ કેમે ય કરી ગળું પૂરું કપાતું નથી. તેથી વળી ત્રીજો ઝટકો,...ચોથો ઝટકો,... એમ નવ ઝટકા માર્યા. પરંતુ દેવીઓની અદૃશ્ય અટકાયત હોય ત્યાં માનવનું બળ કેટલું કામ કરે ? અહીં રાજાની અષ્ટમીતિથિ આરાધવાની તમન્ના જોજો, ને એ જોઈ વિચારજો કે આપણને કેવા પૂર્વજ મળ્યા છે ? એ સાધુ નથી તેમ મામૂલી માણસ નથી; મહારાજ્યનો માલિક રાજા છે. એને તિથિ ખપે ધર્મ ખપે, ને આપણને નહિ ?

નવ નવ ઘા કરવા છતાં રાજા પોતાનું ગળું પૂરું કાપી શકતો નથી, ત્યારે વેદના કેટલી ભયંકર હશે ? અને એ વેદના કેટલો સમય ચાલી હશે ? એ વિચારો. આમાં ક્યાંય આઠમ પર કંટાળો છે ખરો કે 'હાય ! ક્યાં આઠમનું વ્રત લીધું ? ને ક્યાં આ મેં આઠમ ગમે તે ભોગે પાળવાનો પત્નીઓ આગળ નિર્ધાર બતાવ્યો ?' ના, તમને જરાક તાવ આવે કે માથું દુખતું હોય તો આઠમે આંબેલ કરવાની બાધા હોય તો બાધા પર શું થાય ? ધન્ય ભાગ્ય માનો ખરા કે 'હાશ ! આ બાધા તો મારે આઠમ પળાશે. નહિતર મારો સત્ત્વહીન જીવ બિમારીમાં બધા વિના કાંઈ આઠમ સાચવે એવો નહિ. ભલું થજો ગુરુમહારાજનું કે બાધા કરાવી ! ભલું થજો બાધાનું કે આઠમ સચવાશે !' આવાં અહોભાગ્ય માનો ખરા ? કે મનને ખેદ થાય કે 'હાય ! મેં બાધા ક્યાં કરી ? કરી તો સાજે-માંદે છૂટ કેમ ન રાખી ?'

કહોને કે "બાધા લઈએ જ નહિ, અથવા લઈએ તો એમાં અમે 'સાજે માંદે ગામ-પરગામ અને ગમે તે કારણ પડ્યે છૂટ' એવું રાખી જ લઈએ. પછી સહવાનું આવે જ નહિ, કે બાધા પર કંટાળો ન થાય." પરંતુ આમાં ધર્મ માટે કષ્ટ વેઠવાની વાત જ ક્યાં રહી ?

**કેટલાંય કષ્ટ વેઠીને સંસાર કરાય; પણ કષ્ટ વેઠીને ધર્મ કરાય ?**

ધર્મ તો બિલકુલ કષ્ટ વિનાનો અને આરામથી થાય એવો જ જોઈએ, આ જ તમારી માન્યતા ને ? પછી ધર્મ કયો થવાનો ? કેટલો થવાનો ? ને કેવો થવાનો ?

ધર્મની તેવી શ્રદ્ધા-ગરજ-ધગશ વિનાના માણસની આ દુર્દશા છે. એ જીવનમાં સંસારનાં પરાક્રમો કરશે, પણ ધર્મનાં સુકૃત-પરાક્રમો શા કરી શકે ?

સૂર્યયશા રાજા પોતાના ગળા ઉપરના ૯-૯ ઘાની ભયંકર વેદનાનાં કષ્ટમાં પણ અષ્ટમીતિથિની ધર્મ-આરાધના મૂકી દેવા તૈયાર નથી. તેમ એના પર એને કંટાળો પણ નથી. એને માત્ર એકજ ચિંતા છે કે પોતાનો ધર્મ ટક્યો રહે અને માથું



કાપી આપી પોતાનું વચન અખંડ પળાય.

**દેવીઓનાં અભિનંદન અને ક્ષમાયાચના :-**

રંભા અને ઉર્વશી હવે તંગ આવી ગઈ. જોયું કે હજી પણ પોતાની અષ્ટમી આરાધવાની વાતમાં મક્કમ છે, એટલે એ હવે પરીક્ષા કરવાની બાજી સંકેલી લે છે. રાજાને સ્વસ્થ કરી દે છે, અને પોતે દેવીરૂપે પ્રગટ થઈ કહે છે કે 'ભારે ધન્યવાદ છે તમને કે તમે ઈન્દ્રે વખાણ્યા તેવા તમારી ધર્મ-આરાધનામાં અખૂટ-અતૂટ સત્ત્વ ધરાવો છો ! અમે રંભા-ઉર્વશી તમારી સત્ત્વ-પરીક્ષા કરવા આવેલા. તે તમને ક્યાંય મહાત કરી શક્યા નથી. તમને ને તમારા ધર્મસત્ત્વને લાખ લાખ અભિનંદન ! તમને કષ્ટ આપ્યું તેની અમે ક્ષમા માગીએ છીએ.'

દેવીઓ આ કહી રહી છે એટલામાં સૌધર્મેન્દ્ર ત્યાં આવે છે, દેવીઓ સામે જોઈ હાસ્ય કરતાં કહે છે 'કેમ ? પરીક્ષા કરી લીધી ? મહારાજા સૂર્યયશાને હરાવી દીધા ? ખબર ન રહી તમને કે આ કોનું સંતાન ? કોનું ખાનદાન ? દાદા શ્રીઋષભદેવ ભગવાનના આ પૌત્ર, અને અરીસાભવનમાં કેવળજ્ઞાન લેનારા ષટ્ખંડસમૃદ્ધિમાં ય વિરાગી ભરત મહારાજાના આ વારસદાર. આમના તે સત્ત્વનાં પારખાં કરવાનાં હોય ? કે એમના ગુણવૈભવની અનુમોદના કરવાની હોય ?' દેવીઓ શરમથી મોં નીચું ઘાલી ઊભી રહી.

વાત આ હતી કે ભગવાન શ્રી મહાવીર પ્રભુના ઉત્તમ જીવ નયસારે મુનિઓ આગળ ઠેઠ રાજમાર્ગે ચડાવવા સુધીની સેવા બજાવ્યા બાદ પણ મુનિઓ પોતાને કાંઈક કહેવા માગે છે એ સાંભળવાનો કંટાળો ન બતાવ્યો, બલ્કે સાંભળવાની ઊલટ બતાવી. ત્યારે પાયાના ગુણ, **'વિવેક'** અને **'ગુણવંતના ગૌરવ'** કેવા જાગતા બની ગયા હશે ! એનો એ પ્રભાવ કે શ્રવણ કર્યું અને સમ્યગ્દર્શન પામ્યા.

નયસારે જે ઊલટથી-ઉછરંગથી સમ્યગ્દર્શન વધાવ્યું, એને પાછું જીવનના છેડા સુધી પાળ્યું પણ એવા જ ઉછરંગથી. વિચારો કે એ કેવુંક પાળ્યું હશે કે પછીના ત્રીજા મરીચિ-અવતારે પ્રભુનાં સમવસરણની માત્ર શોભા જોઈને એ વૈરાગી બની ચક્રવર્તીનાં ઘરના ભોગ-વૈભવને લાત મારે છે !

નયસાર જન્મે જૈન નહોતા, પણ એક જ વાર મુનિ મહાત્માના સંપર્કમાં આવ્યા, ધર્મના બે બોલ સાંભળ્યા અને સમ્યગ્દર્શન પામી ગયો, દૃષ્ટિ બદલાઈ ગઈ; એવી બદલાઈ ગઈ કે એને લાગ્યું કે હું આજ સુધી અંધારામાં કૂટાયો. આ દેવ-ગુરુ-ધર્મ અને મોક્ષમાર્ગના ઉત્તમ તત્ત્વને આજસુધી મેં જાણ્યું જ નહિ ? જીવન પશુ જેવું ગાળ્યું ? નાશવંત ધન-માલ-પરિવારને જીવનનાં સર્વસ્વ માન્યાં ?...' એનું હૃદય ગદ્ગદ થઈ ગયું. દેવ-ગુરુ-ધર્મ અને મોક્ષમાર્ગ એ જ જીવનનો સાર; એ મળ્યા એટલે

મહાનિધાન મળ્યાં ! એમ એને લાગી ગયું. તે ય જિંદગીના છેડા સુધી એની સુવાસ રહી. કેટલો બધો ઉત્તમ અને ભાવુક જીવ ! કે માત્ર રસ્તા ઉપર મુનિએ સમજ આપી તે એણે આવી રીતે સચોટ ઝીલી !

તમને તો વ્યવસ્થિત ધર્મસ્થાન ઉપાશ્રયમાં મુનિઓના માંડણી માંડીને ઉપદેશ દિવસોના દિવસો, મહિના અને વરસોના વરસ મળ્યા દિલ આ સમ્યગ્દર્શન પામી ગયું ? આ ગદ્‌ગદતા આવી ? દેવ-ગુરુ-ધર્મ મહાનિધાન જેવા મળ્યાનું લાગ્યું ? નયસાર સાથે જાતને સરખાવી જુઓ. એ મળ્યાનું ન લાગ્યું હોય તો હવે લગાડો. શ્રીમહાવીરસ્વામી ભગવાન શી રીતે બન્યા ? પાયો અહીં નયસારના ભવમાં પડ્યો. ભવની ગણતરી અહીંથી શરૂ થઈ. ચિંતા આ કરો, કે

**પ્રભુને એ ગ્રામીણ નયસારના ભવમાં આ હૃદયપરિવર્તન ખપ્યું, તો શું મને આ કેળવાયેલા શહેરી જીવનમાં આ ન ખપે ?**

સાર શું અસાર શું, એની સમજ ન આવે ? વિવેક ન આવે ?

સાર પર દિલ ઓવારી ન જાય ? અસાર ઉપરથી દિલ ઊભગી ન જાય ?

શું મનને એવું ન લાગે કે આ ક્યાં આવી ફસાણો કે નાશવંત અસાર ધન-માલ-પરિવારને મહત્ત્વનાં માનવા લાગ્યો !

શું ધન-માલ-પરિવાર અસાર ? હા,

**જે દેવ-ગુરુ-ધર્મને ભૂલાવે, એમને એવા મહત્ત્વના ના માનવા દે, અને લખલૂટ રાગ-દ્વેષ-મોહ-મદ-મત્સર અને હિંસાદિ પાપો કરાવે, એ અસાર નહિ, તો શું સારભૂત ?**

**જે આત્માનું ભાન ભૂલાવે, ને કેવળ દેહ-દૃષ્ટિ જ રખાવી નાસ્તિક જેવો બનાવે એ શું સારભૂત ?**

આત્માની ચિંતા જ ન કરવા દે અને બધા હિસાબ કાયાના ધોરણે જ મંડાવે એવા ધન-માલ-પરિવાર-પ્રતિષ્ઠા એ સારભૂત ? ક્યાં વ્યામોહમાં પડ્યો ? ભ્રમણામાં કૂટાયો ?

આવું મનને લગાડી દો, મનને આઘાત લાગવા દો, જાત પર ફિટકાર વરસાવો, ભ્રમણા પડતી મૂકી દેવ-ગુરુ-ધર્મ અને મોક્ષમાર્ગને જ સારભૂત અને મહત્ત્વનાં માનો, જીવનમાં એ જ સેવવા યોગ્ય માનો. વારંવાર આ યાદ કરી દિલ ગદ્‌ગદ બનાવો કે 'અહો ! પાપભરેલી પૃથ્વી ઉપર કરોડો માનવોને નહિ, ને મને આ મળ્યું ? પ્રભુ ! તારો અપરંપાર ઉપકાર કે તારણહાર અને મારણહારનો આ પ્રકાશ આપ્યો ! ગુરુ તમારા લાખ લાખ ઉપકાર કે આ પ્રભુની વાણી સમજાવી ! ધર્મ તારો નિસ્સીમ અનંત ઉપકાર કે આ તત્ત્વ સમજાવ્યું !...' આમ વારે વારે મનમાં લાવી દિલને ગદ્‌ગદ બનાવો. દેવ-ગુરુ-ધર્મની સામે ક્રોડો રૂપિયા પણ કૂછ નહિ, પ્રેમાળ પરિવાર



પણ કૂછ નહિ, યશ કીર્તિના કોટડાં ય કૂછ નહિ.

**જીવનભર પાપનાં પોટલાં બંધાવનાર અને જીવનના અંતે જીવને અનાથ નિરાધાર અને એકલો અટુલો છોડી દેનારા એ પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા શાનાં કિંમતી ? શા સારભૂત ?**

**મરીચિનો વૈભવ કેવો ? :-**

નયસારે પછી તો સમ્યગ્દર્શન એવું જાગતું રાખ્યું કે આયુષ્ય પૂરું કરી એ પહેલા વૈમાનિક દેવલોકમાં ગયો, અને ત્યાંથી આયુષ્ય પૂરું કરી અહીં ભરત ચક્રવર્તીના ઘરે અવતર્યા. જનમતાં જ પૂર્વની સાધનાના પુણ્યનો પ્રભાવ કે એના શરીરમાંથી પ્રકાશનાં કિરણો એટલે કે મરીચિ ઝળકવા લાગ્યા, તેથી એનું નામ 'મરીચિ' રાખવામાં આવ્યું. ચક્રવર્તીના દીકરા તરીકે જનમ એટલે વૈભવી ઊછેરનું પૂછવું જ શું ? કપડાં ઉનાળાના મુલાયમ ઝીણાં અને શિયાળાના ગરમ ખાસા; હીરા-માણેકના દાગીનાનો હિસાબ નહિ; સોનાના ચમચે દૂધ પીવાનું, ને રતનનાં રમકડે રમવાનું; રતન જડ્યાં પારણે અને ગુલાબની પાંખડી જેવી સુકોમળ શય્યામાં સુવાનું; સારસંભાળ કરનાર દાસ-દાસીઓ સારી કેળવાયેલી અને નીતરતા પ્રેમથી ભારે જતન કરનારી ! પછી મોટા થયે આનંદમંગળ માટે વૈભવી સરંજામ કેવો ? જે મન હોય તે હાથી-ઘોડા-રથ-મ્યાના વગેરેની સવારી; બંગલાના વસવાટ; 'કુમાર સાહેબ ! કુમાર સાહેબ !' કરતા નોકર-ચાકરો, શી વાત જાણે દેવના અવતાર અહીં ઊતર્યા ! ખાનપાન-વસાણાં અને સ્નાન શય્યા આરામી-આનંદનાં સાધનોનું ચક્રવર્તીના ઘરે પૂછવાનું જ શું ?

**કેવો વૈભવી કેવા નિમિત્ત પર વૈરાગી ? :-**

આ બધું એટલા માટે વિચારાય છે કે તમને ખ્યાલ આવે કે જનમથી કેવા વૈભવ-વિલાસમાં ઊછેરનારો મહાલનારો મરીચિ, હજી પ્રભુનો ઉપદેશ નથી સાંભળ્યો, ને માત્ર સમવસરણ જોઈને કેવો વૈરાગ્ય-વાસિત બની જાય છે ? અને એ બધી વૈભવલીલા પર એને શે અભાવ થઈ જાય છે ? જાતને તોલો કે એની અપેક્ષાએ ઠીકરા જેવું મળેલા પર પણ, ને જિનવાણી અનેકવાર સાંભળવા મળી તો પણ, કેમ હું વૈરાગ્યવાસિત નથી બનતો ? કેમ પાપભર્યા સંસારથી નીકળી જવાનું મને મન નથી થતું ?'

કહેશો કે, 'પૂર્વ જનમમાં એમણે સમ્યગ્દર્શન આરાધેલું તેથી એમને આ ભાવ થાય જ ને ? અમારે એવી પૂર્વની આરાધના ન હોય તેથી ક્યાંથી એવા ભાવ જાગે ?'

પરંતુ તો પછી અહીં સમ્યગ્દર્શનની આરાધના કરવાનું મન છે ? ભૂલશો નહિ, આમાં ય વૈરાગ્ય તો આવવાનો. કેમકે સમ્યગ્દર્શનનાં પાંચ લક્ષણમાં એક 'નિર્વેદ' લક્ષણ છે, એ નિર્વેદ અર્થાત્ ભવ-વૈરાગ્ય લાવવો જ પડે. કેવો એ ?

**'નારક ચારક સમ ભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ.**

ચાહે નીકળવું નિર્વેદ તે...'

**વૈરાગ્ય વિના સમકિત નહિ :-**

અર્થાત્ સંસાર-ઘરવાસને નરકાગાર અને કારાગાર જેવો માની એનાથી ઊભગી ગયો હોય, ઊભગીને પણ જવું ક્યાં ? તો કે ધર્મ માર્ગે, ચારિત્રધર્મમાં પેસવું, કારણ કે ચારિત્રધર્મ તારણહાર છે. માટે એ હંમેશા ઝંખે કે ક્યારે આ ઘરવાસ છોડી દઈ ચારિત્રમાર્ગે નીકળી જાઉં !' આનું નામ નિર્વેદ યાને વૈરાગ્ય.

બોલો, સમ્યગ્દર્શનની આરાધનામાં પણ આવા વૈરાગ્યથી વાસિત બન્યા વિના ચાલશે ? તમારે આ વૈરાગ્ય છે ને ? તમે સંસારથી નીકળી જવાનું રોજ ઝંખો છો ને ? કે એ ઝંખો છો કે, 'હજી હું રૂપિયા વધારે ભેગા કરું...છોકરા મારી સેવા કરે...છોકરાને ઘરે છોકરા થાય...બહોળા કુટુંબનો માલિક થાઉં... દુનિયામાં મારી નામના વધે...' આવું આવું ઝંખો છો ? કે કારમા ઘરવાસથી નીકળી જવાનું ઝંખો છો ?

આ વૈરાગ્ય અને સમ્યગ્દર્શનની આરાધના અહીં પણ નહિ કરો તો આવતા ભવે ધર્મ પામવાનું રહેશે ? શાસ્ત્ર કહે છે,

**'इयाणिं बोहिं अकुणंतो, कयरेण मोल्लेण मग्गिहिसि ?'**

અર્થાત્ આ જનમમાં 'બોધિ' એટલે જૈનધર્મની પ્રાપ્તિ જે થઈ છે, એને નહિ આરાધતો તું કયા મૂલ્ય ઉપર પરભવે બોધિ યાને જૈનધર્મની પ્રાપ્તિ જોવા પામશે ? કયા મૂલ્ય ઉપર ભવાંતર માટે બોધિ માગી રહ્યો છે ? શું કહ્યું ?

**અહીં મળેલા જૈનધર્મની આરાધના નથી કરવી એ પરભવ માટે જૈનધર્મ માગવાનો હકદાર નથી; પરભવે જૈનધર્મ મળવાની આશા રાખે એ ખોટી છે.**

અહીં મળેલો 'જૈનધર્મ આરાધવો' એટલે પાયાના વૈરાગ્યભાવ-મૈત્રીભાવ-કરુણાભાવ-પ્રમોદભાવ કેળવવા, જિનભક્તિ-સાધુસેવા કરતા રહેવું, શક્ય ત્યાગ-વ્રત-નિયમો લેવા, જીવદયા પાળવી, જિનવાણી રોજ સાંભળતા રહેવું, પરમાર્થ-પરોપકારમાં શક્ય દાન કરતા રહેવું... વગેરે વગેરે એ ધર્મને આરાધવાનું ગણાય. અહીં એમાંનું કશું નથી કરવું, તો એ તો મૂડી છે, એના પર ભવાંતરે જૈનધર્મનો માલ મળે છે, તો પરભવે મૂડી વિના માલ શી રીતે મળવાનો ? એમ કહેવાનો શાસ્ત્રકારનો આશય છે.

બોલો, પૂર્વ ભવે તો માનો કે નયસારની જેમ સમ્યગ્દર્શન ન આરાધ્યું, પરંતુ અહીં પણ આરાધવું છે ? કે એના બદલે મહાપુરુષની આરાધના આલંબનરૂપે સામે આવે ત્યાં 'અમે પૂર્વે નથી આરાધ્યું તેથી અહીં શે એવા ધર્મપરાક્રમ થાય ? એમ કહી છૂટી પડવાનો જ ધંધો રાખ્યો છે ? મળેલા ધર્મને નથી આવકારવો અને સંસારને ઠંડે કલેજે આવકારવો છે, તો



**એ સંસાર-આવકારના સંસ્કાર ભવાંતરે ક્યાંથી ધર્મ સૂઝવા જ દેશે ?**

ત્યાં તો માત્ર સંસાર જ સૂઝવાનો. માટે ચેતો, જાગો, ઊઠો, મળેલા જૈન ધર્મની આરાધના કરી લેવા કામે લાગી જાઓ.

મરીચિને પૂર્વ ભવે જૈનધર્મ મળ્યા પછી એ આરાધવા કામે લાગી ગયો હતો, તેથી આ ભવમાં ચક્રવર્તીના પુત્ર તરીકે વૈભવી અવતાર મળ્યો છતાં એનું દિલ પર એવું દબાણ ન રહ્યું કે નિમિત્ત મળતાં વૈરાગ્ય ન પામે. નિમિત્ત કેવું સામાન્ય ? દાદા શ્રીઋષભદેવ પ્રભુનું સમવસરણ જોવા મળ્યું એટલું જ નિમિત્ત ! ભરત મહારાજાના દીકરા મોટા ઋષભસેન પુંડરીક વગેરેને તો પ્રભુની સંવેગ-વૈરાગ્ય ઝરતી દેશના સાંભળવાનું નિમિત્ત મળેલું, એના પર એ વૈરાગ્યવાસિત બનેલા. મરીચિને દેશનાના શ્રવણ પહેલાં માત્ર સમવસરણની શોભા જોવા મળી એટલા નિમિત્ત પર વૈરાગ્ય ઝળહળી ઊઠ્યો, ને તરત ચારિત્ર લેવા નિર્ધાર કરે છે. ત્યારે હળુકર્મિતા કેવી ? આ એક વાર પ્રભુ પધાર્યા છે, ને પ્રભુને વંદન કરવા પોતે પિતા ભરત મહારાજા સાથે જાય છે, ત્યાં બને છે. સમવસરણ જોઈને એ ચમકે છે.

**સમવસરણ જોવા પર મરીચિએ શું વિચાર્યું ?**

આ જ, કે 'અહો ! આવું જોજનની ભૂમિ ઢાંકે એટલા મોટા ચાંદીના કિલ્લાનું સમવસરણ ? એના પર વળી સોનાનો કિલ્લો ! એના પર રત્નનો કિલ્લો ! દરેક કિલ્લાને રત્નના કાંગરા ? મારા પિતા મોટા છ ખંડના સમ્રાટ ચક્રવર્તી, છતાં એમની પાસેના નવ નિધાનમાં આ રત્નોનો જોટો ન મળે. આખા જોજનના સમવસરણને ઢાંકે એટલું મોટું માથે કેવુંક અશોકવૃક્ષ ! કેવીક આકાશમાં દેવદુંદુભિ બજે છે ! કેવી પુષ્પવૃષ્ટિ ઝરમર ઝરમર વરસી રહી છે ? પ્રભુને બેસવાનું રત્ન-સિંહાસન કેવું અનુપમ અસાધારણ ? પ્રભુના મસ્તક પાછળ કેવું ઝાકઝમાળ ભામંડલ ? કેવા કોઈએ વગર પકડ્યા ચામર પ્રભુને વિંજાયા જ કરે છે ! અહો ! આવો અનુપમ ઠાઠ ક્યાં જોવા મળે ? પરંતુ આ બધો શેનો પ્રતાપ છે ? દાદા શ્રીઋષભદેવના ધર્મનો. આ બતાવે છે કે

**જગતના વૈભવોના મૂળમાં ધર્મ છે. તો શાને વળગવું ઉચિત છે ? મૂળભૂત ધર્મને ? કે ડાળપાંખળારૂપ વૈભવને ?**

મારા દાદાએ મૂળભૂત ધર્મ પકડ્યો. ત્યારે હું શાને વળગી બેઠો છું ? શાશ્વતા ધર્મને છોડી નાશવંતા વૈભવને; આ મારી કેવી ગમારિતા છે ? આ ઉત્તમ જીવનમાં મૂળને પડતું મૂકી ડાળ-પાંખળાને વળગી રહ્યામાં અંતે એ નાશવંત ડાળપાંખળા વિખરાઈ જવાના; અને મૂળને પકડતા નથી એટલે જીવન પૂરું થઈ જતાં મૂળભૂત ધર્મ વિના જીવની દશા શી ? માટે મારે તો દાદા શ્રીઆદીશ્વર ભગવાનની જેમ

મૂળભૂત ધર્મનું જ શરણ હો આલંબન હો; મૂળ સલામત તો સબ સલામત.

મરીચિ આ ઉત્તમ ભાવનામાં સંસાર ત્યાગ કરી ચારિત્ર ધર્મ લેવાના નિર્ધારવાળા બની ગયા. પૂર્વના નયસારના ભવે વિવેકના સંસ્કાર નાખીને આવેલા છે. 'સુદેવ-સુગુરુ-સધર્મ એ જ સારભૂત, બાકી દુનિયાની આળપંપાળ અસાર.' એ વિવેકને ત્યાં જીવનના અંતસુધી સાચવેલો. મનમાં નિશ્ચિત બેસાડેલું કે 'દુન્યવી-વૈભવ-પરિવાર એ અસાર; સારભૂત તો દેવ-ગુરુ-ધર્મ.' મનમાં બેસાડ્યા છતાં કાયાથી આ વિવેક અમલી નહોતો બનતો ને કાયાથી સારભૂતની સેવા છોડી અસારની પલોજણ કરવી પડતી એનું ત્યાં હૈયે દુઃખ હતું, તે હવે મરીચિના ભવમાં એ વિવેક કાયાથી પણ અમલી બનાવવાનો અહીં નિર્ધાર થઈ ગયો. **કાયાથી વિવેક ભૂલવાના પેલા તીવ્ર દુઃખે અહીં મોટી વૈભવી સ્થિતિમાં પણ કાયાથી વિવેક કરવાનું સુલભ બનાવી દીધું.**

**કારણ ? કાયાથી વિવેક અમલી ન થઈ શકવાના એ તીવ્ર દુઃખે માનસિક વિવેકના સંસ્કાર ગાઢ બનાવી દીધેલા, તે ગાઢ સંસ્કાર અહીં મોકો મળતાં જાગતાં થઈ જાય.**

જે ગુણ કે ધર્મ યા દોષત્યાગ ન આદરી શકો એનું તીવ્ર દુઃખ રાખો, તો એના શુભ સંસ્કાર જામે કે જે ભવાંતરે એ ગુણ-ધર્મ-દોષત્યાગ સુલભ કરી આપે.

**ઓછા વૈભવમાં નહિ, ને મહાવૈભવમાં ત્યાગ કેમ ? :-**

ખૂબી કેવી, કે નયસારના ભવે બહુ સામાન્ય વૈભવ મળેલ હશે, છતાં કાયાથી એના ત્યાગની હિંમત નહિ; ને અહીં ચક્રવર્તીના ઘરના અસાધારણ વૈભવ મળેલા છતાં એના ત્યાગની હિંમત સહેજમાં આવી ગઈ !! શું કારણ ? કહો,

(૧) નયસારના ભવે એનાથી પૂર્વ જીવનના વિવેકના સંસ્કારોનું બળ મળ્યું નહોતું; ત્યારે અહીં મરીચિના ભવે પૂર્વના નયસારના ભવના વિવેક-સંસ્કારનું બળ મળ્યું.

(૨) ખૂબીનું બીજું કારણ એ કહી શકાય કે અહીં તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુનું આલંબન મળ્યું, પરમત્યાગી ભગવાન જ ખુદ નજરોનજર જોવા મળ્યા.

(૩) ત્રીજું કારણ એ પણ કહી શકાય કે પૂર્વની જ્વલંત સમ્યગ્દર્શનની સાધનાએ ચારિત્રમોહનીય કર્મને ઢીલુંઢચ બનાવી દીધું તે અહીં હવે એ મોહ દબાઈ જતાં શી વાર લાગે ? ભલે ને મહાવૈભવ મળ્યા હોય; સમ્યક્ત્વની તાકાત છે કે ચારિત્રમોહને દૂબળો પાડે. **'તાણી આણે રે સમકિત વિરતિને, એહી જ પ્રવચનમર્મ.'**

માત્ર સમવસરણની શોભા જોવા પર મહાવૈરાગ્ય થવાની પાછળના આ કારણો પર ખૂબ વિચાર કરવા જેવો છે, જેથી આ જીવનમાં કર્તવ્ય સૂઝે. કર્તવ્ય આ,

(૧) સમ્યગ્દર્શનની અને તે માટે સાર-અસારના વિવેકની જ્વલંત સાધના



કરો, જેથી એના ગાઢ સંસ્કાર ઊભા થઈ જાય, ને ભવાંતરે જે સંસ્કારોનું અથાગ બળ વૈભવી સ્થિતિમાં પણ ત્યાગને બહુ સરળ અને સુલભ બનાવે.

(૨) ખુદ વિચરતા ભગવાન અહીં ન મળ્યા તો નહિ સહી, છતાં પણ પડતા કાળની અપેક્ષાએ જે સર્વોત્તમ આલંબન મળ્યા છે, દા.ત. શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ, અતિભવ્ય જિનાગમો અને જૈનશાસ્ત્રો, શ્રી સંઘમાં ધૂમધામ ચાલી રહેલ પર્યુષણામાં મહાન તપસ્યાઓ, મોટી મોટી ધર્મ ઊપજો, ઉપધાન-ઊજમણાં, નવપદ-વર્ધમાન આંબેલતપ-ઓળીઓ, દીક્ષાઓ, વિદ્વાન મુનિવરો, પ્રતિષ્ઠાઓ-ઉત્સવો-યાત્રાસંઘો, બ્રહ્મચર્યાદિવ્રતો... વગેરે વગેરે આ કાળે જ અદ્ભુત આલંબનો મળેલા છે. એની સામે જોઈ આપણે પણ દાન-શીલ-તપ-જિનભક્તિ-સાધુસેવા-શુભ ભાવનાઓ...યાવત્ ત્યાગ-મહાત્યાગના પુરુષાર્થ ફોરવો. છતે આલંબને જો આ નહિ થાય, તો પછી વિના આલંબને ઉચ્ચ આરાધના કરવાનું જીવનું શું ગજું ?

**કયા આલંબન લેવાય છે ? :-**

જીવની આ મૂઢ પામર અને કંગાળ દશા છે કે અર્થ-કામમાં ડૂબેલી દુનિયાનું આલંબન લઈ, એવી દુનિયા સામે જોઈ દેખાદેખી ધંધા-વેપાર-વટ, ખાન-પાન-રંગરાગ-ફોગટિયા વ્યવહાર વગેરે કરે છે, પણ ધર્મના આલંબનો સામે જોઈને ધર્મ વિકસાવવાનું નથી કરતો ! ખાવા હિંગોડા મળતા હશે છતાં દેખાદેખી કપડા પર ઈસ્ત્રી કરાવવા જોઈએ છે, હોટેલ-સિનેમા જોઈએ છે...એવું તો કેટલુંય. પરંતુ ઉત્તમ ધર્મનાં આલંબનો સામે જોઈ એક પોતાના અગરબત્તીના ટૂકડાથી પ્રભુભક્તિ નથી પાલવતી ! બાર મહિને એક વાર પણ પાઠશાળાના વિદ્યાર્થીઓને જમણ કે પ્રભાવના આપવાનું નથી સૂઝતું ! છાપાં વાંચવા, મિત્રોને મળવા, વગેરેમાં કલાક કાઢી નાખશે, પણ ૦ા કલાકની જિનપૂજા નથી ખપતી ! અસદ્ આલંબનો પકડી દેખાદેખી પાપપ્રવૃત્તિઓમાં મુશ્કેલ રહેવું છે, ને ઉત્તમ સદ્આલંબનો પકડવા નથી, પકડીને શુભ પ્રવૃત્તિઓ કરવી નથી. આવા કંગાળોનો પરભવે કોઈ આરો ? અહીં પણ સમાધિમૃત્યુ મળે ?

(૩) મરીચિના વૈરાગ્ય પરથી ત્રીજું કર્તવ્ય આ, કે અહીં સમ્યગ્દર્શનની એવી જ્વલંત આરાધના કરો કે એનાથી ચારિત્રમોહનીય કર્મ જર્જરિત થતું આવે; તો ભવાંતરે ચારિત્ર સુલભ થાય. આપણે મોક્ષના અભિલાષી હોઈએ, જનમ-મરણની જંજાળથી છૂટી મોક્ષ વહેલી તકે પામવાની આપણને ઉતાવળ હોય, તો એ ચારિત્ર વિના તો મળે એમ જ નથી. તેથી ચારિત્ર પામવાની ખૂબ તાલાવેલી જોઈએ. સમજી રાખજો,

**ચારિત્ર લેવાની તીવ્ર તાલાવેલી હોવા પર જ સમ્યગ્દર્શન જ્વલંત બનવાનું છે.**

માટે જ ચારિત્રની તીવ્રકામના સાથે સમ્યગ્દર્શનની જ્વલંત સાધના એ કર્તવ્ય બની રહે છે.

નયસારના ભવની સામાન્ય આર્થિક સ્થિતિમાં મહાવૈરાગ્ય અને ચારિત્ર નહિ, ને અહીં મરીચિના ભવે ચક્રવર્તીના ઘરના મહાવૈભવની વિશિષ્ટ માતબર સ્થિતિમાં માત્ર સમવસરણ જોઈને મહાવૈરાગ્ય અને ચારિત્ર પ્રાપ્ત થાય છે, એની પાછળના આ ત્રણ કારણ ખૂબ ધ્યાનમાં લેવા લાયક છે. ત્યાં પહેલપહેલું સમ્યગ્દર્શન પામ્યો હતો, અને શાસ્ત્ર કહે છે કે જીવને જ્યારે પહેલપહેલું સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારે પૂર્વના આખા સંસારકાળમાં મોટા દેવતાઈ ઠાઠ મળ્યા છતાં જે આનંદ ન થયો હોય એવો અપૂર્વ આનંદ તે વખતે થાય છે. તો એવા અપૂર્વ આનંદ ચારિત્ર પામતાં શી વાર? ત્યારે આને તો મરીચિના ભવે ચારિત્ર મળે છે એની પાછળના ત્રણ કારણ વિચાર્યા, એ બરાબર મગજ પર લો તો કર્તવ્યની દિશા સૂઝે. મનને એમ થાય કે,

(૧) હું અહીં સમ્યગ્દર્શનનું બળ અને એમાં જરૂરી વૈરાગ્યનું બળ ઊભું કરું; જેથી એના સંસ્કાર આગળ પર મને ઉચ્ચ માર્ગ તરફ સહેજમાં પ્રેરે.

(૨) અહીં મળેલ શાસન-તીર્થ-શાસ્ત્ર-મુનિઓ-પૂર્વપુરુષો વગેરેનું જોરદાર આલંબન રાખું. એ આલંબન પ્રાપ્તિને સાધના કરવા દ્વારા સફળ કરું.

(૩) મોક્ષ-પામવાની માત્ર ઈચ્છા જ નહિ, પરંતુ ઉતાવળ રાખુ, અને એથી જ ગમે તેવા ચાલુ પ્રસંગને પણ વૈરાગ્યના રંગમાં ઉતારું. જેમ મરીચિએ સમવસરણ દેખાતાં વિચાર્યું કે 'આ ઠાઠનું મૂળ ધર્મ છે, ઠાઠ એ ડાળપાંખળાં છે. માટે ડાળપાંખળાને વળગવાને બદલે મૂળને વળગવું શું ખોટું ?' અથવા જેમ ભરત ચક્રવર્તી ૧૪ રતન ૯ નિધાનનો જંગી વૈભવ નજરે જોતાં એમ વિચારતા કે 'હું દુનિયાના બીજા માણસ કરતાં વિશેષ હારેલો છું કેમકે મારા માથે આ ભારે સરંજામ ચડી બેઠો છે, અને એક ગુલામની જેમ મારે એની આર્તધ્યાનની સંભાળ દેખરેખ કરવી પડે છે; અથવા શત્રુ જેમ હારેલાને લોખંડી કેદમાં પૂરે છે, એમ આ મહા સરંજામ મને જાલિમ રાગની લોખંડી કેદમાં પૂરે છે. **ઓછા વૈભવવાળાને ઓછા આર્તધ્યાનની ગુલામી, ઓછા રાગની કેદ; મારે ભરચકવાળાને ભારે આર્તધ્યાનની ગુલામી, ભારે રાગની કેદ.'**

**'ફરર ફુ' એ વૈરાગ્યરંગ :-**

શું આ ? મહાવૈભવને વૈરાગ્યના રંગથી રંગ્યો, વૈરાગ્યભાવનામાં ઉતાર્યો. કુમારપાળ મહારાજા ક્રોડોપતિ કૂબેર શેઠના આવાસે ગયા ત્યારે દૂરથી હવેલીઓ



દેખતાં, હજુરિયા કહે 'મહારાજા ! આ જુઓ આકાશમાં પેલી ધજાઓ ફરકતી દેખાય છે એ કૂબેરશેઠની હવેલીઓ પરની ધજાઓ છે.

૧૮ દેશનો સમ્રાટ રાજા કુમારપાળ એ પ્રસંગને વૈરાગ્યરંગે રંગી તરત કહે છે, ''ત્યારે તો આ ધજાઓ ફરર ફરર થઈને કહી રહી છે કે 'ધ્યાન રાખજો, આ નીચેની હવેલીઓ એક દિવસ ફરર ફૂ થઈ જવાની છે એ અમે દિન-રાત ફરર ફરર થઈને સૂચવી રહી છીએ.'' મોટો વૈભવ પણ આમ વૈરાગ્ય-રંગે રંગાય

કુમારપાળની કેટલી ઊંચી દિવ્ય દૃષ્ટિ ! ત્યારે ધર્મ પામ્યા પછી જીવનભર અહર્નિશ એમનું બધું વૈરાગ્યરંગે રંગવાનું કામ એ ત્યાંથી આગળના કેવું ક ફળ આપવાનું છે જાણો છો ? આવતી ચોવીસીના પહેલા તીર્થંકર ભગવાનના ગણધર યાને મુખ્ય શિષ્ય બનાવશે, જે દીક્ષા લઈને ત્યાં જ ઊભા ઊભા દ્વાદશાંગી ચૌદ પૂર્વની રચના કરશે ! કેટલું ઊંચુ ફળ ? તો શું અહીં પ્રસંગ-પ્રસંગ અને વસ્તુ-વસ્તુને વૈરાગ્ય રંગમાં ઉતારતાં એ દુઃખી થઈ ગયા ? અને તમે ટેસબંધ ખાનપાન-ભોગવિલાસ ભરપૂર રાગથી કરો એટલે સુખી છો ? ના, **વૈરાગ્ય વિના તો રાગમૂઢતાથી મન ગરીબડું નિઃસત્ત્વ અને વ્યાકુળ રહે છે. એમાં સુખ શું ?**

સુખ તો વૈરાગીને. વૈરાગ્યમાં મન બાદશાહી-સાત્ત્વિક અને સ્વસ્થ રહે છે.

મરીચિએ સમવસરણ જોતાં વૈરાગ્ય વધારી દીધો, અને ભગવાન શ્રી ઋષભદેવ પ્રભુ પાસે પહોંચી સંસારત્યાગ કરી ચારિત્રજીવન અંગીકાર કરી લીધું. આપણા તારક શ્રી મહાવીર ભગવાનનો આ જીવ આપણને શું શીખવી જાય છે ?

**આજે ભોગ-સાધનોનો રાફડો ફાંટ્યો છે. એને ભોગદૃષ્ટિથી, રાગદૃષ્ટિથી, જોવાના ? કે વૈરાગ્ય દૃષ્ટિથી ?**

'વાહ ! આ બહુ સરસ ! બહુ સુખકારી !' એમ પાગલ થવાનું ? કે 'અરે ! આ કેવો ગોઝારો કાળ કે મારે આ ભરચક ભોગસાધનો જ નજર સામે આવે છે ! કેટકેટલા રાગમાં મારે મરવાનું ? ચીજે ચીજે રાગ, એટલે ભોગસાધનોના રાફડામાં મારે કેટલા બધા રાગનાં ઝેર પીવાનાં ? ક્યાં બચવાનો આરો ? પૂર્વ કાળે સાધનો ઓછા હતા, તેથી રાગના વિષય ઓછા, એટલે રાગઝેર ઓછા પીવા પડતા. આજે તો ભોગસાધનોનો પાર નથી રહ્યો, ત્યાં મન પર રાગનો કેટલો મારો ? એ ઝેરોના વરસાદથી મૂર્છિત બનેલું મન પછી પરમાત્મામાં અને આત્મહિતના માર્ગમાં ક્યાંથી લયલીન થાય ?'

આ બધી વિચારણા વૈરાગ્ય-દૃષ્ટિથી થઈ ગણાય. એ ડહાપણભરી પવિત્ર વિચારણા છે; ત્યારે જો ભોગ-દૃષ્ટિથી જોવાનું હોય તો એમાં તો આવા જ વિચારો આવે કે 'વાહ કેટલી સરસ ચીજ ! કેવું મજેનું સાધન ! આ બહુ હાઈક્લાસ

હાથમાં આવી ગયું ! ફ્લેટ સરસ ! ફરનીચર સરસ ! રેડિયો સરસ ! ફોન સરસ !...' આવું બધું સરસ સરસ એમ લાગ્યા કરતું હોય એ શું ડહાપણભરી વિચારણા છે ? પવિત્ર વિચારણા છે ?

**ભોગદષ્ટિની વિચારણામાં વિવેક ડહાપણ અને પવિત્રતા ઊભા રહી શકે નહિ; કેમકે ત્યાં નરદમ રાગનાં ઝેર પીવાતાં હોય છે.**

માણસમાં વિવેક હોય, ડહાપણ હોય, સાવધાની હોય, તો ભોગસાધનોની જરૂરિયાત જ ઓછી કરી નાખે; ને ભોગસાધનોનો જ્યાં જરૂરી ઉપયોગ કરાતો હોય ત્યાં પણ દૃષ્ટિ ભોગવી નહિ, પણ વૈરાગ્યની રાખે.

એ કેવી રીતે ? આ રીતે, દા.ત. ખાવામાં આજના મીઠાઈ-ફરસાણનો ઉપયોગ જ ઓછો રાખે; ત્યાગ રાખે. આ ત્યાગ સમજીને જ કરે છે તેથી એના પર એવી ગ્લાનિ હોય કે એ નથી વાપરવા ને નજર સામે આવે છે, તો ત્યાં દૃષ્ટિ વૈરાગ્યની રહેવાની. હવે માનો કે ક્યાંક દાક્ષિણ્યથી યા પોતાના મનથી મીઠાઈ કે ફરસાણ લેવાનો પ્રસંગ આવ્યો, તો ત્યાં પણ મનમાં થતું હોય કે 'આ હું કોને માથે બેસાડી રહ્યો છું ? ભારે રાગનાં ઝેર પાનાર પદાર્થને મારાં મનને પોતાના ગુલતાન કરી મુડદાલ નિઃસત્ત્વ અને જડનું રસિયું બનાવનારને હું માથે ચડાવી રહ્યો છું. માટે જીવ સાવધાન રહેજે.' આવી ગડમથલ મનમાં ચાલતી હોય એ વૈરાગ્યદૃષ્ટિ રાખી કહેવાય. એ વૈરાગ્યદૃષ્ટિ હોય ત્યાં ત્યાગના તપના પ્રેમ ઊભા રહે. એના વિચાર આવે.

માત્ર ભોગદૃષ્ટિ જ રાખી હોય એને તો એમ જ લાગ્યા કરે કે 'ગળ્યું એટલું ગળ્યું, બાકી બધું ભળ્યું.' 'ખાધે પીધે સુખી રહો' પછી આમાં જે મઝા આવે એ આંબેલમાં ક્યાંથી આવે ? આમાં ક્યાં ત્યાગના પ્રેમ-પક્ષપાત-ઉમળકા ઊભા જ રહી શકે ?

**ત્યાગ-તપના પ્રેમ નહિ એટલે માત્ર ભોગ દૃષ્ટિવાળુ જીવન અનાર્ય મ્લેચ્છ માણસ જેવું માત્ર ભોગરસિક જ હોય.**

**શું ઈચ્છો છો ? આર્યજીવન કે અનાર્યજીવન !**

**ભોગસાધનોને વૈરાગ્ય દૃષ્ટિથી જુઓ તો આર્યજીવન મળે !**

માત્ર ભોગદૃષ્ટિથી જુઓ અનાર્યજીવન આવે. ડહાપણનું વિવેકનું જીવન આ વૈરાગ્ય દૃષ્ટિવાળું આર્યજીવન છે.

**મરીચિની તરત દીક્ષામાં ભરતને કેમ વાંધો નહિ ? :-**

મરીચિ પૂર્વના નયસારના ભવમાં સુંદર સમ્યગ્દર્શનની સાધના સાથે વૈરાગ્યદૃષ્ટિ સાધીને આવેલ છે, એટલે અહીં સમવસરણની ઝાકઝમાળ શોભા જોવા પર વૈરાગ્યદૃષ્ટિમાં ચડી જાય છે. વૈરાગ્ય ને પાકો વૈરાગ્ય હોં; એટલે ત્યાં જ પ્રભુ પાસે પહોંચી ચારિત્ર લઈ લે છે. શું પિતા ભરત મહારાજા વચમાં આડા નહિ આવ્યા હોય



કે આ તું ઉતાવળ ન કર ? ના, ચારિત્ર આપનાર સમજદાર શ્રીઋષભદેવ ભગવાન છે. પછી એ જે કરે એમાં આડી જીભ શી ઘાલવાની ? વળી ચક્રવર્તીના ઘરના વૈભવ મૂકી દઈને ચારિત્ર લે છે તે કાંઈ ઓછી સમજથી નહિ. નહિતર ઓછી સમજમાં એવાં ગળચટાં સુખ છોડવાનું મન જ શાનું થાય ? સમજપૂર્વક જ અને ઊંડા વિચારપૂર્વક જ એવો મહાત્યાગ થાય. ત્યાં એ વૈભવના કીચડમાં ગળા સુધી ખૂંપેલા આપણે વળી શું ડહાપણ કરવાનું હોય ? ભરત મહારાજા આવા વિવેકવંતા હતા એટલે મરીચિની દીક્ષા ત્યાં જ હોંશથી કરાવી.

**મરીચિ કેમ પડ્યા ?**

અહીં એમ પૂછતા નહિ,

પ્ર.- મરીચિએ આમ દીક્ષાની ઉતાવળ કરી, તો પાછળથી પતન થયું ને ? માટે એ ઉતાવળ વાજબી શાની ?

ઉ.- આવો પ્રશ્ન ઊઠાવતાં એ જોવું ભૂલ્યા કે આમાં તો પછી જેમ મરીચિએ દીક્ષા લેવાની ઉતાવળ કરી એમ ભગવાને પણ દીક્ષા આપવાની ઉતાવળ કરી ! એટલે શું ભગવાને ય ગેરવાજબી કર્યું ? ભગવાનની ઉપર એવો આક્ષેપ લઈ જશો ? લઈ જવાય નહિ. ભગવાન વીતરાગ છે, એમને ઉતાવળથી ગેરવાજબી રીતે દીક્ષા આપી દેવાનો રાગ હોય નહિ. તેમજ એ ત્રિલોકનાથ પ્રભુ અનંતજ્ઞાની છે. એમને યોગ્યાયોગ્યતાનું જે ભાન હોય એ આપણને ક્યાંથી હોય, તે આપણે એમના કૃત્યમાં ગેરવાજબીપણાની શંકા પણ કરી શકીએ ? ત્યારે જો ભગવાને મરીચિને તરત દીક્ષા આપી દેવાનું યોગ્ય જ કર્યું માનશો તો તો મરીચિએ પણ એ દીક્ષા લઈ લેવાનું યોગ્ય જ કર્યું માનવું પડશે. પૂછો,

પ્ર.- તો પછી મરીચિ કેમ પડ્યા ?

ઉ.- અહીં સમજવા જેવું છે કે એ પડ્યા એ ઉતાવળથી દીક્ષા લેવાના કારણે નહિ. એમ તો બહુ વિચાર કરીને અને વર્ષો સુધી ભાવના ભાવીને પછી દીક્ષા લીધી હોય, તો શું એ પડે જ નહિ એવો નિયમ બંધાય ? ના, કર્મની પરિણતિ વિચિત્ર છે. એવા પણ કોઈકને જો તીવ્ર મોહનો ઉદય થાય, તો એ પણ પડે. મોટા આષાઢાભૂતિ આચાર્ય અને સારા આષાઢાભૂતિ મુનિ પડ્યા હતા એ જાણો છો ને ?

**અનુચિત સર્ટિફિકેટમાં કેટલાં પાપ ? :-**

આચાર્યને કેટલો બધો સંયમનો અભ્યાસ ! ગચ્છને કેવું સુંદર સંયમ પળાવતા હતા ! એમને સંયમનો કંટાળો નહોતો, વાસના-વિકારો નડ્યા કરતા નહોતા. પરંતુ જુઓ મોહ કેવો ચૂપકીથી ઊભો થાય છે ? માટે પડેલાઓ માટે સીધું સર્ટીફિકેટ ફાડતા નહિ કે 'એ બિચારા ઉતાવળથી દીક્ષા લઈને પછી સીદાતા હતા તે પડ્યા.'

એમાં અસત્ય વિચાર, અસત્ય ભાષણ, અને મહાન આત્માની આશાતના થશે, તથા એમની દીક્ષાની અનુમોદનાને બદલે એના તરફ ઘૃણાનું પાપ થશે કેટલાં પાપ ?

**શા સારું સુકૃતોનુમોદનનાં પાન ચાવવા મળે ત્યાં સુકૃતઘૃણાના કોલસા ચાવવા ?**

**અભાગિયાને સુકૃત કરણ નહિ, ને સુકૃતાનુમોદનેય નહિ :-**

'અયોગ્ય દીક્ષા અયોગ્ય દીક્ષા' કરનારાઓ આ કોલસા ચાવવાનું કામ કરી રહ્યા છે. કોઈએ યાત્રા સંઘ કાઢ્યો ને પછીથી વેપારમાં પૈસા ખોયા ત્યાં કહેવું કે 'સંઘ કાઢવામાં દેવાળું નીકળે,' એ યાત્રાસંઘનાં મહાન સુકૃતની ઘૃણા-નિંદા છે. અભાગિયાના નસીબમાં જાતે એ સુકૃત કરવાનું તો હોય નહિ, પણ કોઈના એ સુકૃતની અનુમોદના કરવાનું ય હોય નહિ. કારણ કે 'દેવાળું નીકળવવામાં પૂર્વનાં અશુભ કર્મનો ઉદય કામ કરે છે, પણ અહીંનું સુકૃત નહિ;' એ સમજવા જોગું એની પાસે ભાગ્ય નથી એમ અહીં 'મોટા આષાઢાભૂતિ આચાર્ય જેવા પડ્યા એ ઉતાવળથી દીક્ષા લીધેલી માટે નહિ, કિન્તુ અનુચિત અભખરો રાખી એનો અખતરો કરવા ગયા એમાં મોહનો ઉદય થઈ ગયો તેથી પડ્યા,' એ સમજવા જોગું ભાગ્ય ન હોય એટલે જ્યાં ને ત્યાં આ સિક્કો ઠોકે રાખે કે 'અયોગ્ય દીક્ષા હતી માટે પડ્યા.'

**આષાઢાભૂતિનો ખોટો અભખરો-અખતરો**

જુઓ આષાઢાભૂતિ આચાર્યે કેવો ખોટો અભખરો રાખી ખોટો અખતરા કર્યો. એ એકવાર એમના એક શિષ્ય મરવા પડ્યા ત્યારે એને કહે છે,

'ભાઈ ! તેં ચારિત્ર સારું પાળ્યું છે તેથી દેવલોકમાં જવાનો. તો ત્યાં જાય ત્યારે દેવપણે અહીં આવી મને એકવાર દર્શન દઈ જજે ! શું કર્યું ? દેવનાં દર્શનનો ખોટો અભખરો જાગ્યો ને અખતરો કર્યો.

પેલા બિચારા મુનિ આખરી સ્થિતિમાં છે, અને ગુરુ પ્રત્યે બહુ ભાવવાળા છે તેથી કબૂલ કરી લે છે, 'ભલે ગુરુજી !'

પછી એ કાળ કરી ગયા, પરંતુ પછીથી કાંઈ ગુરુ દેવપણે આવ્યા નહિ. આચાર્યને લાગ્યું કે 'કેમ નહિ આવ્યા ? સંભવ છે સ્વર્ગના લચબચતા રંગવિલાસમાં પડી ગયા હશે. ખેર !' પછી વળી જ્યારે બીજા મુનિ મરવા પડ્યા ત્યારે એમને પણ એ જ કહેતાં કહ્યું 'જો પેલા તો દેવલોકના રંગરાગમાં પડી ગયા હશે એટલે અહીંથી કબૂલ કરીને ગયા છતાં અહીં પાછા દર્શન દેવા આવ્યા નહિ. પણ તું એમ ન ભૂલતો.' એ શિષ્યે પણ કબૂલ કરી લીધું કે 'હું ચોક્કસ આપને મળી જઈશ.' થયું એ પણ મર્યા છતાં મળવા આવ્યા નહિ. આચાર્ય રાહ જોતા જ બેસી રહ્યા.

ત્યારે જ્યાં કોઈ ત્રીજો શિષ્ય મરવા પડ્યો ત્યારે એની પાસે ય આવું વચન લેતાં કહે છે 'જોજે પેલા બે તો ગયા તે ગયા જ ગયા, પાછા એકવાર પણ આવ્યા



નહિ,' તું એવું કરતો નહિ ! આ કહે, 'સાહેબ ! ન ભૂલું. આપ સરખા મહાન ઉપકારીનાં એકવાર દર્શન કરવા પણ શું ન આવું ? આપ બેફિકર રહેજો, હું ચોક્કસ આવવાનો.' પરંતુ મર્યા પછી એ પણ ન આવ્યા.

**ખોટા અભખરા-અખતરામાં શાસ્ત્રશ્રદ્ધા ગુમાવાય :-**

હવે આચાર્યના મનને વસવસો થાય છે કે શું ત્યારે શાસ્ત્રે કહેલો દેવલોક ખરેખર સાચો છે ? જગત પર હશે દેવલોક ? શંકા પડી ગઈ. શાનું પરિણામ ? સાધુ દેવ થઈને મને મળવા આવે એવો ખોટો અભખરો જાગ્યો ને અખતરો કરવા ગયા એનું આ પરિણામ કે દેવલોક પર અને શાસ્ત્ર વચન પર શંકા પડી ગઈ, મનને વસવસો ઊભો થઈ ગયો. ત્યારે આચાર્ય શંકા અને વસવસામાં છે ત્યાં એક બાળ મુનિ મરવા પડ્યા ત્યારે એને કહે છે, 'જો ભાઈ ! તેં ચારિત્ર સારું પાળ્યું છે એટલે તું દેવલોકમાં જવાનો. તો દેવતા થયા પછી મને એક વાર મળવા આવી જજે હોં.'

બાળ મુનિ કહે, 'હા ગુરુજી ! જરૂર આપનાં દર્શને આવીશ.'

આચાર્ય મહારાજ કહે, 'પણ જોજે હોં, પહેલાં ત્રણ મુનિઓ કાળ કરીને ગયા તે ગયા એવું ન કરતો. પેલા તો મોટી ઉંમરના એટલે એમને મારા પર એટલો પ્રેમ ક્યાંથી હોય કે દેવલોકના ઠાઠ મૂકીને મને મળવા-સરખા ય આવે ?'

જુઓ, આચાર્ય મહારાજ જેવાને આ ખોટો અભખરો ને અખતરો કેવી દીનતા કરાવી રહી છે ! અરે સાહેબ ! તમને મળવા ન આવ્યા એમાં તમારે શી ખોટ પડી ગઈ ? તમારી પાસે નિર્મળ સંયમ છે, પવિત્ર જ્ઞાનધ્યાન છે, ગચ્છને આરાધના કરાવવાનું જબરદસ્ત પરમાર્થી કર્તવ્ય તમે બજાવી રહ્યા છો...એ બધી મહાન મૂડી ભેગી થઈ રહ્યા પર તમારે ક્યાં કશી ખોટ છે ? આનું જ હૈયે જ્વલંત આશ્વાસન રાખો કે, 'મારે તો મહાન સંયમનિધાન છે, પછી 'પેલા મળવા ન આવ્યા. દૈવી સહાય ન દઈ ગયા...' વગેરે મુફલીસ બાબત પર ધ્યાન જ લઈ જવાનું શું કામ ? એ બાબત ન બનવા પર તમારે શી ખોટ ?

**પરંતુ માણસ જ્યારે કોઈ એવી મુફલીસ બાબતના ખોટા અભખરા ને અખતરામાં ચડે છે ત્યારે પોતાની પાસેની આ સંયમ-જ્ઞાન-ધ્યાન, કે દાન-શીલ-તપ પરોપકારી જેવી મહાન મૂડીનું ઊંચું મહત્ત્વ જ ભૂલી જાય છે ? દેવાધિદેવ અને ઉચ્ચ જિનશાસન મળ્યાનું જે અતિ ઊંચું મૂલ્ય છે એને વિસારી દે છે !**

દા.ત. માનો કે કોઈને બૈરી માંદી હોય, ને એને એમ થાય કે, 'હું એને ગમે તે ભોગે સાજી કરી દઈશ,' તો એ ખોટો અભખરો છે. કેમકે સ્ત્રીનું સાજી થવાનું એના અને પતિના કર્મસંયોગ પર આધારિત છે. જો એ કર્મસંયોગ અનુકૂળ ન હોય, તો એને સાજી કરવાના પતિના લાખ પ્રયત્ન નકામા જાય. પછી અભખરો ક્યાં

ફળ્યો ? અલબત અને હજી એટલું થાય તો બરાબર છે કે 'આને સાજી કરવા માટે મારે ગમે તેટલો ખર્ચ કરવાનો, દિનરાત સેવા આપવાની. બાકી સાજી થવાનું તો ભાગ્યાધીન છે.' જો મનને આવું થાય તો એ ખોટો અભખરો નહિ. બાકી ખોટો અભખરો કરનારને તો જો એ સાજી થઈ જ ગઈ તો એના પર વહાલ વધી જશે, ને જો એ મરી ગઈ તો કલ્પાંતનો પાર નહિ રહે. બંને સ્થિતિમાં પરમાત્મા યાદ નહિ આવે. કલ્પાંતમાં પછી એને એમ જ થશે 'હાય ! મારી આધારભૂત વહાલી પત્ની મરી ગઈ ! હું નિરાધાર થઈ ગયો.' પણ એમ નહિ થાય કે 'મારે તો મોટો આધાર પરમાત્માનો છે. એ મને મળી ગયા છે. એમના જેવા જગતમાં કોઈ સ્નેહી નથી. આવા સ્નેહી મળ્યા પછી મારે ખોટ શી છે ? પત્ની ગઈ એથી મારો આત્મા બહુ લૂંટાઈ ગયો નથી, મારો પરલોક બગડી જવાનો નથી.' આમ કેમ નથી થતું ? જીવ ખોટા અભખરામાં ચડ્યો એટલે મન પર મહત્ત્વ એ અભખરાના વિષયનું થયું, પણ પરમાત્માનું નહિ. પછી પરમાત્મા આમ શી રીતે મન પર આવે ?

**પરમાત્માને મનમાં વસાવી રાખવા હોય તો દુન્યવી અભખરા નક્કી નહિ કરી રાખવા.**

**આચાર્યનું પતન :-**

આષાઢાભૂતિ આચાર્ય મહારાજને દેવતાનાં દર્શનના અભખરામાં દર્શન ન થતાં મનને વસવસો તો ઊભો થયેલો જ હતો, એમાં બાળમુનિ પણ કાળ કરી ગયા પછી એણે ય દેવરૂપે દર્શન ન દીધા; એટલે આચાર્ય મહારાજાના મનને નિર્ણય થઈ ગયો કે 'શાસ્ત્રમાં કહે છે તમે દેવલોક જેવી વસ્તુ જ નથી. હોય તો આ ૩-૪ મુનિઓ કબૂલ કરી ગયા છતાં એમાંથી કોઈ એક પણ કેમ અહીં દેવરૂપે આવે નહિ ? બહુ પ્રેમી બાળમુનિ પણ દેવ થઈને આવે નહિ ? માટે દેવ ગતિ જેવું કાંઈ છે જ નહિ.' એમને સ્વર્ગ પરથી શ્રદ્ધા જ ઊઠી ગઈ જુઓ ખોટા અભખરામાં કેટલું ભૂલ્યા ? અનંતજ્ઞાની ભગવાનનાં વચનને અસત્ય માનવા પર ચડી ગયા ! સમકિત ગયું. હવે દેખો એ ચારિત્ર પણ કેવુંક ભૂલે છે !

સ્વર્ગની શ્રદ્ધા ઊઠ્યા પછી તો એ વિચારે છે કે 'તો પછી જો આ કઠોર ચારિત્ર પાળીને ય એવી કાંઈ દેવગતિ જેવું મળવાનું ન હોય, તો ચારિત્રના કષ્ટમાં કૂચે મરવાની શી જરૂર છે ? ભવિષ્યમાં કાંઈ સારું છે નહિ, ને અહીંનું સારું ય ગુમાવવું ? ચાલ જીવ ચાલ સંસારમાં, જે કાંઈ સારા વિષયસુખો મળે તે ભોગવી લેવા દે.'

બસ, આચાર્ય ઊઠ્યા, ચાલ્યા એકલા જંગલ બાજુ સાધુવેશમાં જ ચાલી નીકળ્યા, એ હેતુથી કે આ વેશમાં જો કોઈ સુખનાં સાધન મળી જાય તો નિરાંત.



પછી વેશ મૂકી દઈ સંસારસુખની મોજ કરાય.'

**ખોટો અભખરો ઝેર : શ્રદ્ધા-ચારિત્ર ભ્રષ્ટ કરે :-**

રહ્યું કાંઈ ? શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન ગયું, અને મનથી ચારિત્ર પણ ગયું. શાથી ? ખોટો અભખરો ઊભો કર્યો કે મારા મુનિ દેવતા થઈ દર્શન આપે તો કેવું સારું !' એનો પાછો અખતરો કરવા ગયા. અભખરો અને અખતરો બંને ઝેરી. ઝેર એવું ચડ્યું કે શ્રદ્ધા અને ચારિત્રનું ચૈતન્ય ગુમાવ્યું મોટા આચાર્ય જેવા પણ નિશ્ચેતન થઈ ગયા.

તમને કાંઈ આવા અભખરા નથી થતા ને ? કેટલાકને એમ થાય છે કે લાવ આટલા નવકારનો જાપ કરું ને સારા પૈસા મળે, વેપાર જામે, મનવાંછિત સિદ્ધ થાય.' સારો છે આ અભખરો ? ના હોં, એમાં જો પુણ્યનો ઉદય ન હોય અને ધાર્યું ન થયું, તો પછી નમસ્કાર મહામંત્ર ઉપરથી શ્રદ્ધા ઊઠી જવાની. વિના ધારણાએ પહેલાં જે નવકાર પર શ્રદ્ધા હતી એ ય નહિ રહે.

**નવકાર પર ખોટા અભખરાનો દાખલો :-**

વર્ષો પહેલાં મુંબઈમાં અમને એક ભાઈ મળેલ. બીજાએ એમની ઓળખાણ આપતાં કહ્યું કે 'આ ભાઈને....મહારાજ પર અને મહારાજના કહેવાથી નવકાર પર બહુ શ્રદ્ધા, એમના કહેવાથી આ ભાઈ ખૂબ નવકાર ગણે છે. રોજની ૧૫-૨૦-૨૫ બાંધી નવકારવાળી ગણતા હશે.' અમારે આ સાંભળી શું કહેવાનું હોય ? આવું જ કાંઈક, 'ભાઈ પુણ્યશાળી છે કે આ સંસારની પાપપલોજણમાંથી એ આટલા બધા પવિત્ર નવકાર-સ્મરણ કરવાનું કરે છે ! એથી જીવન ધન્ય કરી રહ્યા છે.'

પરંતુ અહીં તો ખોટો અભખરો હતો, તે નવકાર જપવાનું લાંબુ શે ચાલે ? અમુક સમય પછી અમે ફરીથી મુંબઈ ગયા, ત્યાં પેલા ભાઈનાં દર્શન જ નહિ પૂછ્યું બીજાને, તો એ કહે છે કે 'સાહેબ ! જવા દો એ ભાઈની વાત. હવે તો નવકારે ય શાનો, ને સાધુસમાગમ પણ શાનો ?' શું થયું આ ? ધારેલી ધારણા સફળ ન થઈ એટલે નવકાર પરથી શ્રદ્ધા ઊઠી ગઈ. એમાં વળી પેલા મહારાજે કાંક ભાવતાલ આપ્યા હશે, તે એમ વેપાર કરવા જતાં પૈસા ખોયા, એટલે પતી ગયું. સાધુ પરથી પણ શ્રદ્ધા ઊઠી ગઈ.

ત્યાગી સાધુ ભાવતાલ-આંકડા-જ્યોતિષ-દોરાધાગા વગેરે સાંસારિક ખેલમાં જો પડે, તો શું પરિણામ આવે પોતાનું ચારિત્ર નષ્ટ, અને સામાને પુણ્યે જો ધાર્યું બની ગયું તો આરંભસમારંભ અને વિષય-વિલાસમાં કૂદાકૂદ ને જો અવળું પડ્યું, તો સાધુ અને ધર્મ ઉપરથી શ્રદ્ધા જ ડૂલ ! એવી ડૂલ કે પછી બીજા સારા ત્યાગી સાધુ પાસે જવાની ય વાત નહિ !

વિચારો, પેલા ખૂબ નવકાર ગણનારની કેવી દુર્દશા ! અભખરો રાખ્યો કે, 'આ ગણું ને ધાર્યું કામ થાય,' અને એનો અખતરો કરવા ગયા, તો સરવાળે નવકાર ગુમાવ્યો સાધુ સમાગમ ખોટો, શ્રદ્ધા ખોઈ ! આવું ખોટા અભખરાથી શ્રીશંખેશ્વર પાર્શ્વનાથને માનનાર-ભજનારની સ્થિતિ થાય છે. એમ બીજા મંત્રજાપ કરનારને બને છે. પછી ભલે કદાચ ધાર્યું ન થયું છતાં શ્રીશંખેશ્વર પ્રભુને ભજવાનું ચાલુ ય હોય, કિન્તુ એમાં એવી શ્રદ્ધા નહિ, પ્રારંભ-પ્રારંભે જે શ્રદ્ધાનો રંગ હતો, એ હવે નહિ; કેમકે અભખરા મુજબ કોઈ વિશિષ્ટ મબલખ લાભ થયો નહિ. ત્યારે હવે એ જિંદગીમાં ઊંચો આવે ?

ખરી રીતે જો એવો કોઈ અભખરો રાખ્યા વિના નમસ્કાર મહામંત્ર આરાધ્યો હોત, એક જ વિચારથી કે,

**નવકારની કેવી શ્રદ્ધા સારી ? :-**

'અહો ! આ જગતમાં પાંચ પરમેષ્ઠી અને એમને નમસ્કાર એ જ સારભૂત છે, એ જ પવિત્ર છે, એ જ તારણહાર છે, બાકી દુન્યવી માયા-વેપારધંધા, પૈસા-ટકા-પરિવાર-રંગરાગ વગેરે બધું અસાર છે, આત્માને અશુભ કર્મ બંધાવનારા માટે અપવિત્ર છે, ભવના ફેરા વધારનારા છે. માટે લાવ વિવેક વાપરી સારભૂત પરમેષ્ઠિ-નમસ્કાર ખૂબ જપું. એથી મન પવિત્ર થાય, ધન વિષયોરૂપી માયાની મોહિની ઓછી થાય; અને જીવનમાંથી કષાયો-રાગદ્વેષનાં ઝેર ઓછા થાય...'

આમ કરીને નવકાર આરાધ્યો હોય તો પાછળથી શ્રદ્ધા ગુમાવવાનું ન બને; બલ્કે સાચા દિલે આ જે ઉદ્દેશથી નવકાર આરાધવાનું કર્યું, એ અંશે અંશે સફળ થતી આવતી દેખાય તેથી શ્રદ્ધા વધતી જાય.

**શ્રીશંખેશ્વરપ્રભુ પર કઈ ભાવના ? :-**

એવું શ્રીશંખેશ્વર પાર્શ્વનાથને ભજતાં પણ એ જ ભાવના કે, 'આમ તો માનવ જીવનનો મોંઘેરો સમય પાપજંજાળમાં વેડફાઈ રહ્યો છે. એના કરતાં એમાંથી સમય કાઢી તારણતારણ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનને પૂજા-ભજું, એમનો જાપ કરું, તો કિંમતી માનવ-સમય લેખે લાગે. શ્રીપાર્શ્વનાથ ભગવાને પોતાના ભવોનો ભવો ભયંકર ઉપસર્ગમાં પણ સુંદર સમાધિ જાળવી છે, તો એમને ભજવાથી મને પણ સુંદર સમાધિ મળે. આજની દુનિયાના વિષમ વાયરામાં સમાધિની બહુ જરૂર છે. ખાવાનું કે મળવા મૂકવાનું તો ભાગ્યાનુસાર જ બનવાનું છે; પરંતુ આજની આંધીમાં ચિત્તને સંક્લેશનો પાર નહિ. તેથી જો સમાધિ રહે તો સંક્લેશ મટે. શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ સમાધિદાતા છે, માટે એમની ખૂબ ભક્તિ કરું' આમ જો ખોટા અભખરા ન સેવતાં, પવિત્ર મનથી અને નિરાશંસ ભાવે પ્રભુને ભજે તો શ્રદ્ધા



ગુમાવવાનો પ્રસંગ ન આવે. બલ્કે શ્રદ્ધા વધે, સમાધિ પ્રાપ્ત થાય.

માત્ર ધર્મની બાબતમાં જ શું, દુન્યવી બાબતમાં ય ખોટા અભખરા ને અખતરા ખતરનાક નીવડે છે. માણસ પોતાનું પુણ્ય ન માપે, પોતાનું સ્થાન-સ્થિતિ ન જુએ, ને અભખરો રાખવા જાય કે, 'આટલો વેપાર ખેડું ને લખપતિ થઈ જાઉં ને પછી એમ પગલું માંડે અખતરો કરે, ત્યાં ખુવાર થવાનો પ્રસંગ આવે. કેઈ સટોરિયા ને વેપારી એમ તારાજ થઈ ગયા.

એમ એવો અભખરો રાખે કે, 'ઘરવાળીને આવા આવા દાગીના ને કપડાં કરાવી દઉં એટલે એ મને જિંદગી સુધી દેવની જેમ મને પૂજે,' એને એમ કરવા જતાં પછી એમ દેખવા મળે કે ઘરવાળીનો રોફ વધી ગયો છે, યા એ તો એના કડક સ્વભાવને છોડતી નથી, અવસરે ટોણો ય મારી દે છે, ત્યાં પછી ભાઈની શી સ્થિતિ ? પસ્તાવો જ કે બીજું કાંઈ ? કહો,

**ખોટા અભખરામાં સરવાળે પસ્તાવાનું.**

જીવને કહો, મૂરખ જીવ ! દુન્યવી જે સુખ-સગવડ માનસન્માન-પ્રતિષ્ઠા બધું જ લલાટના અનુસારે જ મળવાનું એના માટે ખોટા અભખરા શા કરે ? ખોટા અભખરાથી મહેનત કરીને લહાવા લઈ લેવાની ભ્રમણામાં કાં પડે ? રહેવા દે અભખરા, ને અખતરા શ્રદ્ધાળુ શ્રાવક તો બજારમાં જાય તે ભાગ્ય સાથે લઈને જાય, અભખરા નહિ; ઘર ચલાવે કુટુંબ નભાવે, તે પણ ભાગ્ય સાથે રાખીને, કિન્તુ ખોટા અભખરા નહિ. એટલે ભાગ્યના વિશ્વાસે બજારમાં એવા લોભ-અન્યાય-અસત્યમાં ન પડે; ઘરે તુંડ મિજાજ કે દીનતા ચાપલુસીપણું ન રાખે. એ તો યોગ્ય ગુણસંપન્ન જીવન જીવે. શ્રદ્ધા છે કે મળવા કરવાનું ભાગ્યાનુસાર બનવાનું છે, પછી ખોટા અભખરા, લોભ-મિજાજ-દીનતા-પ્રપંચ વગેરે પાપો કરવાની જરૂર જ શી ?'

અષાઢાભૂતિ આચાર્ય વર્ષોના ચારિત્ર પછી ખોટા અભખરામાં પડ્યા, તો શ્રદ્ધા અને ચારિત્ર બંને ગુમાવ્યા, ને પડ્યા, તો કહો, શું એમણે દીક્ષા ઉતાવળ કરીને લીધેલી માટે પડ્યા ? આપણી વાત આ ચાલતી હતી કે મરીચિ આગળ જઈને જે ચારિત્રથી પડે છે તે શું એમણે દીક્ષા ઉતાવળ કરીને ખોટી રીતે લીધી માટે ? ના, એવું કહેવાય નહિ. નહિતર તો પછી એ દીક્ષા આપનાર શ્રીઋષભદેવ ભગવાનને પણ ભૂલ કરનારા કહેવા પડે ! અનંતજ્ઞાની ભગવાન ભૂલે ? અજુગતું કરે ? ના, તો સવાલ થાય,

**મરીચિમુનિ કેમ પડ્યા ?**

મરીચિમુનિ આમ તો પ્રભુની સાથે પ્રભુના સાધુ સમુદાયમાં રહી જ્ઞાનધ્યાન અને સંયમસાધના કરતા હતા. પરંતુ કાળાંતરે એમને ચારિત્ર-જીવનના પરિસહો

સહવામાં કંટાળો આવ્યો. એ કાળના આયુષ્ય મોટા પૂર્વની સંખ્યાથી ગણાય. એક 'પૂર્વ-વર્ષ' એટલે ૭૦,૫૬૦ અબજ વર્ષ. એવા વળી લાખો પૂર્વોનું આયુષ્ય. તેથી મરીચિના મનને થયું કે આવા અતિ દીર્ઘકાળ સુધી પરિસહો મારાથી શે સહન થશે ? બસ, મન ઢીલું પડ્યું એટલે મોહનીયકર્મ માથે ચડી બેઠું. ત્યારે પ્રશ્ન થાય.

**પ્ર.**- તો અત્યારસુધી મોહનીયકર્મ ક્યાં સૂતું હતું ? હવે કેમ ટપકી પડ્યું ?

**ઉ.**- કહો, કર્મ તો પહેલા પણ હતું, કિન્તુ એની સામે મનોબળ દૃઢ વૈરાગ્યભાવના વગેરેનું જોર હતું તેથી. તેથી મોહનીયકર્મનો વિપાક-ઉદય સ્થગિત થઈ માત્ર પ્રદેશોદય ચાલતો હતો. આમ વિપાક-ઉદય અટકવાથી એના રસનો અનુભવ નહિ. તેથી ચારિત્રગુણનો ઘાત નહિ. પરંતુ હવે મન શિથિલ કર્યું, વૈરાગ્યભાવના મોળી પડી. એટલે મોહનીય કર્મનો વિપાકોદય ખુલ્લો થઈ ગયો; અને મુનિ ચારિત્રમાંથી પડ્યા.

આમાં જોવાનું આ છે કે દેખીતી રીતે મોહના ઉદયથી એ પડ્યા, પરંતુ એમાં ય કારણભૂત મનની ઢિલાશ યાને પુરુષાર્થની મંદતા છે. આ સમજવાનું એટલા માટે છે કે મનને એમ ન થાય કે 'કોઈ પણ ધર્મસાધનામાંથી પડવાનું કર્મના ઉદયને લીધે થાય તેથી એવા કર્મના ઉદય સામે આપણું કાંઈ ચાલે નહિ.' આ વિચાર ખોટો છે, કેમકે ધર્મ-આરાધના ને ગુણ-સાધના કાંઈ કર્મની દયા પર નથી ચાલતી કે ધર્મ રહેમ નજરથી દબાઈને ચાલે એટલે એ સાધના-આરાધના પગભર રહે, ને કર્મ બળવાન થઈ ચડી બેસે એટલે સાધનાને ઠેકાણે થવું પડે.' આ સમજ ખોટી છે. કારણ કે આમાં કર્મ પર જ આધાર રહ્યો પણ પુરુષાર્થને કશું મહત્ત્વ અપાયું નહિ.

**ખરેખર તો ગુણની સાધના અને ધર્મની આરાધના પુરુષાર્થ ઉપર આધારિત છે.** એટલે જો પુરુષાર્થ અજમાવો, તો કર્મને દબાઈ જવું પડે, પુરુષાર્થ મંદ કરો તો કર્મના ઉદય પગભર થઈ જાય, દા.ત. દાન દેવાનો કાંઈક અવસર આવી લાગ્યો છે, ત્યાં પુરુષાર્થ પર મુસ્તાક રહી એ અજમાવો તો દાનાંતરાય કર્મને દબાઈ જવું પડે, ને દાનધર્મની આરાધના થાય, દાન દેવાય. એના બદલે જો કર્મ સામે જોતા બેસી રહો કે મારે અંતરાય કર્મ ઉદય છે ? કે કર્મ દબાયેલ છે ? જો ઉદય હશે તો દાન નહિ દઈ શકાય.' આમ જોતાં બેસી રહેવામાં પુરુષાર્થ કશો વિકસાવવાનું નહિ થાય.

દુનિયાદારીમાં જુઓ, પૈસા પુરુષાર્થથી મળે, એમ માની રાખ્યું છે તો વેપાર-ધંધાના પુરુષાર્થમાં કેવા લાગી જવાય છે ? ત્યારે ધર્મની વાતમાં કેમ ગળિયાપણું ? એમ કેમ નથી મનાતું કે ધર્મનો પુરુષાર્થ આદરૂ તો ધર્મની કમાઈ થાય. પુરુષાર્થ નહિ હોય તો તો કર્મના ઉદય ચડી બેઠેલા જ છે, એ ક્યારે ય ધર્મ શાનો થવા દે ?





**યોગમાં પુરુષાર્થનું મહત્ત્વ :-**

પુરુષાર્થ એટલે મન-વચન કાયાના યોગ; અને આ યોગ એ આત્માની વિશેષતા છે. યોગ-ઉપયોગ-લેશ્યા-કષાય વગેરે એ આત્માની જ વિશેષતા છે, જડની નહિ. જડના ધર્મ તો રૂપ-રસ-ગંધ વગેરે, તેમજ પરપ્રેરિત ક્રિયા. પરંતુ એને પ્રેરનાર કોણ ? કહો આત્માનો યોગ યાને પુરુષાર્થ એ અજમાવો એ પ્રમાણમાં જડ શરીરાદિ ક્રિયા થાય.

દા.ત. આત્મા બોલવાનું ધારે અને વચનયોગ ફોરવે તો જ જીભ બોલી શકે. પણ એણે જો મૌન જ ધાર્યું હોય અને એથી વચનયોગ-પુરુષાર્થ ન ફોરવે, તો આપમેળે જીભ બોલવાનું ન કરી શકે. એમ અમુક વિચારવાનું પણ આત્મા ધારે અને મનોયોગ-પુરુષાર્થ ફોરવે તો જ મનની વિચારવાની ક્રિયા થાય; ન ધારે તો મનની વિચારક્રિયા નહિ. માટે તો પહેલાં કંઈક મન ખોટું વિચારવા માંડ્યું, પરંતુ આત્મા જો તરત સાવધાન થઈ જાય છે, અને એ પુરુષાર્થ અટકાવે છે, ને મનને બીજા વિચારમાં જોડી દે છે, તો પેલો ખોટો વિચાર આગળ નથી ચાલી શકતો.

**અસદ્ ભાષણ વિચાર કેમ અટકે ? :-**

જેમ ભાષણ એ જીભની ક્રિયા. એમ વિચારણા એ મનની ક્રિયા છે. બંને આત્માના યોગ-પુરુષાર્થ પર ચાલી શકે. માટે તો શરીરમાંથી આત્મા નીકળી ગયા પછી શરીરથી કશું ભાષણ ય નહિ, ને વિચારણા પણ નહિ. એનો પુરુષાર્થ કરનારો તો આત્મા હતો; આત્મા ગયો એટલે એ બંધ. તેથી ભાષણ-વિચારણામાં આત્મા સ્વતંત્ર છે.

આ હકીકત જો બરાબર ધ્યાનમાં લેવાય તો જીવને પોતાના પુરુષાર્થનું મહત્ત્વ સમજાય. એને એમ થાય કે 'હું વચનયોગ-મનયોગ સ્ફુરાવું તો જ ભાષણ-વિચારણા થાય. માટે અયોગ્ય ભાષણ કે અયોગ્ય વિચારણાનો હું પુરુષાર્થ જ શું કામ કરું કે જેથી એ ચોટ્ટાઓ ઊભા થાય ? એના બદલે જીભને મૌન પકડાવું અને મનને સારા વિચારમાં ચડાવી દઉં, એટલે અયોગ્ય ભાષણ-વિચારણા બંધ થઈ જાય' આમ પુરુષાર્થમાં આત્માનું સ્વાતંત્ર્ય છે એ પુરુષાર્થ એટલે કે મનોયોગ, વચનયોગ અને કાયયોગ કેવા રાખવા એ આત્માની મુન્સફી ઉપર છે.

ત્યારે, જ્યાં આત્મા પોતે જ બગડે છે, ત્યાં એનામાં અસત્ પુરુષાર્થ ઊભા થાય છે. એ પોતે જ અસત્ પુરુષાર્થ કરે છે; અસત્ મનોયોગ, અસત્ વચનયોગ, અસત્ કાયયોગ સ્ફુરાવે છે. પોતે સારો રહે તો એવા અયોગ્ય પુરુષાર્થ ન થાય.

**પ્ર.**- આ મનોયોગ વગેરેમાં કર્મ કારણ નહિ ?

ઉ.- કારણ ખરાં, પરંતુ એટલા પૂરતા કે એ કર્મ મન-વચન-કાયારૂપી સાધનની સગવડ કરી દે. પરંતુ પછીથી એના પર યોગ કેવો વિકસાવવો એ આત્માનાં પુરુષાર્થની વસ્તુ છે. દા.ત. કર્મે મનશક્તિ આપી; હવે એ મનશક્તિને સારા વિચાર પર લઈ જવી કે નરસા વિચાર ઉપર, એ આત્માને આધીન, આત્માના પુરુષાર્થને આધીન છે.

**પ્ર.**- 'સારાં કર્મ હોય તો સારા વિચાર આવે, ને નરસાં કર્મ હોય તો નરસાં વિચાર આવે' એવું નહિ ?

ઉ.- ના, સારા વિચાર માટે કોઈ સારાં કર્મ છે જ નહિ. જુઓ કર્મ જ્ઞાનાવરણીય દર્શનાવરણીય આદિ આઠ છે, ને એના ઉત્તર ભેદ ૧૨૦-૧૨૨-૧૫૮ છે, એમાંથી બતાવો કયાં કર્મ સારા વિચાર કરાવનારાં છે ? કયાં કર્મનું ફળ સારો વિચાર છે ? હા, સારી શાતા, સારી ગતિ, સારું શરીર, સારો યશ, સારું ગૌત્ર વગેરે આપનારાં કર્મ છે, પણ સારો વિચાર કરાવનારું કયું કર્મ છે ? કદાચ કહો,

**પ્ર.**- સમકિત મોહનીય કર્મ સારો વિચાર આપે ને ?

ઉ.- એ પણ કર્મ સ્વતંત્ર બંધાયેલું નથી હોતું. સ્વતંત્ર તો મિથ્યાત્વ મોહનીય કર્મ જ બંધાય. પછી આત્મા સારો પુરુષાર્થ કરે એટલે એ કર્મનાં દળિયા શુદ્ધ થાય; ત્યારે એને સમકિત મોહનીય કર્મ કહેવાય, ને એના ઉદયમાં સમકિતગુણ આવે, દેવ-ગુરુ-ધર્મ-તત્ત્વની શ્રદ્ધા ઊભી થાય. એટલે આમાં પણ પુરુષાર્થની મહત્તા થઈ. વળી એ શ્રદ્ધા પર સારા સારા વિચાર કરવા માટે તો પુરુષાર્થને જ આગળ આવવું પડે. સમકિત-મોહનીય કર્મે તો માત્ર શ્રદ્ધાનો પરિણામ આપ્યો એટલું જ; એના પર હવે સારી વિચારણા કરાવનાર કોઈ કર્મ નહિ, પણ મનોયોગ યાને આત્મા-પુરુષાર્થથી જ થતી મનની પ્રવૃત્તિ છે.

**આપણા પુરુષાર્થનું આ મહત્ત્વ અને સ્વતંત્રા આપણે સમજતા નથી, ને નહિ સમજવાને લીધે આપણે કર્મના મારે મરી રહ્યા છીએ.**

કર્મ રાગ-દ્વેષ વગેરે દોષો જગાવે છે, ને એ રાગાદિના પનારે પડી આપણે જાતે જ ખોટા વિચારનો પુરુષાર્થ આદરીએ છીએ. આત્માએ આમ પોતાનું સ્વાતંત્ર્ય અને સત્ત્વ હણી નાખવાની કેવી મૂર્ખાઈ ? દેવ-ગુરુ-ધર્મ અને શાસ્ત્ર-તીર્થ વગેરે આપણને સારા વિચારોનો પુરુષાર્થ અજમાવવામાં જબરદસ્ત સહારો આપે છે. એવો સહારો મળ્યા પછી પણ સારા વિચારનું સ્વાતંત્ર્ય આપણે નથી વાપરવું, અને સત્ત્વ ગુમાવી રાગ-દ્વેષ-મોહ-મદ-મત્સર કામ-ક્રોધ-લોભ વગેરે આપણને નચાવે એમ નાચવું છે, નરસા વિચાર પૂરજોશથી કર્યે જવા છે, તો આપણને ઉગારનાર કોણ ? આપણો ઉદ્ધાર કયા કયા ભવમાં ? વાત આ છે



**નરસા વિચાર પર મોહનો ઉદય જાગે છે, ને સારા વિચાર પર ચાલતો મોહનો ક્ષયોપશમ અટકી જાય છે.**

મરીચિમુનિ સારી વિચારધારામાં હતા ત્યાંસુધી ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ ચાલતો હતો. પરંતુ જ્યાં શરીરની સુખાકારિતા જોવા બેઠા, એટલે કે આ શરીરશાતાનો આ પાપવિચાર મગજમાં ઘાલ્યો, એટલે મનને થયું કે આ પરિસહ લાંબા કાળ સુધી વેઠવા કઠિન છે. આમ મન ઢીલું પડ્યું એટલે ચારિત્ર મૂકી દેવાનો વિચાર આવ્યો. ભૂલશો નહિ,

**શરીરની સુખાકારિતા-સુખશીલતાનો વિચાર એ પાપવિચાર છે.**

**પાપવિચારના પુરુષાર્થ પર મરીચિ પડ્યા.**

'મારું શરીર સુકોમળ, એ ધર્મનાં કષ્ટ કેમ સહી શકે ? એથી એને સુખશાતા ક્યાંથી રહે ?' આ શરીર-સુખાકારિતાનો વિચાર કાયરતાના ઘરનો છે. આત્માને મૂકી જડ શરીરની મહત્તા માનવાના ઘરનો વિચાર છે. મૂરખ જીવને આ વિચાર નથી કે,

**શરીરની સુખશીલતાના વિચાર તો અનંતાભવ કર્યા, પણ અહીં ય જો એ કરીશ, તો આત્માને સુખાકારિતાનો વિચાર ક્યારે કરીશ ?**

જીવન તપાસો, એકેક દિવસમાં શરીરને સુખાકારિતાના વિચાર કેટલા અને કેટલીવાર ? કેટલો સમય ? જોજો ત્યાં આત્માને સુખાકારિતાના વિચારનું લગભગ દેવાળું જ દેખાશે. શરમજનક નથી ? રુડો માનવ અવતાર પામ્યા, જૈનધર્મ મળ્યો, માથે વીતરાગ અરિહંત ભગવાન અને ત્યાગી ગુરુ ધર્યા, ને શું આત્માને સુખકારીના વિચારનું દેવાળું ? એ દેવાળું કઢાવનાર શરીર-સુખાકારિતાના વિચાર એ કેવા પાપી ? ભૂલશો નહિ,

**કોરા શરીર સુખાકારિતાના વિચાર ઠેઠ સાતમી નરક સુધીના ય ઘોર અશાતા વેદનીય કર્મ બંધાવે છે.**

ત્રિપૃષ્ઠ વાસુદેવ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી કેમ સાતમી નરકે ગયા ? ને કેમ ત્યાંથી સીતમ અશાતા વેઠવી પડી ? કહો, અહીં શરીર-સુખાકારી મનગમતા ખાનપાન અને વિષયોના રંગરાગના જ વિચારોમાં મહાલ્યા તેથી એવી ઘોરાતિઘોર અશાતાનાં કર્મ બાંધ્યા. મમ્મણ શેઠે રત્નનો બળદિયો ઊભો કર્યો, એટલા માટે કે 'મને (શરીરને) આ મારા તરીકે તો જોવા મળે એથી ખૂબ આનંદ રહે,' એવા વિચારમાં એ રમતો, આમાં ય આંખને એટલે કે શરીરને સુખચેન લગાડવાનો જ વિચાર હતો. તો એથી એણે પણ સાતમી નરકની ઘોર વેદનાની અશાતા બાંધી.

ત્યારે શરીર સુખાકારિતાનો વિચાર કેવો ક ભયંકર છે ! તીવ્ર અશાતા ભોગવવી પડે એવાં કર્મ બંધાવે એવો ભયંકર કુદરતનો હિસાબ કેવો ? કેમ જાણે એ

કહે છે, 'જીવ ! તું કાયા ઇન્દ્રિયોને બહુ મહલાવે છે, એને સુખાકારી-સુખાકારી જ જોયા કરે છે, તો લે લેતો જા આ ઘોર અશાતા વેદનીય કર્મ, જે તારા શરીરને ઘોર ત્રાસ આપે, ઘોર દુઃખાકારિતા વેઠવી પડે એવું જ કરાવે. એવાં દારુણ કર્મ લેતો જા.

કર્મનો આ ઈન્સાફ જો નજર સામે રહે તો એકલાં કાયાનાં હિત જોવાનું અને આત્માનાં હિત વિસરવાનું ગાંડપણ કેટલું ચલાવાય ? મનને આઘાત લાગે કે,

'અરે ! કાયાદિ સગવડ મળી એ છે તો કર્મનો માલ; પણ એ સગવડમાં કાયાને મહલાવવી એ કર્મસત્તાનો ગુનો છે. તો હું શા સારું કર્મના માલ પર કર્મના ગુનેગાર થવાનું કરી રહ્યો છું ? શાસ્ત્ર કહે છે,

**રૂપ બળ-વિદ્યા-સંપત્તિ સત્તા વગેરે જેનું ગૌરવ થાય જેનો મદ અને આસક્તિ થાય, એ પછીના ભવે અત્યંત હીન મળે છે.**

એટલે મનને થાય કે 'ત્યારે, જીવ મારો મને મળેલી કઈ કઈ ચીજમાં આસક્ત નથી થતો ? સુખશીલિયો નથી બનતો ? એનું પરિણામ કેવું ? કેટલું દુઃખદ ? સારું સારું ખાધું-પીધું, ગદેલામાં લાંબી લાંબી આરામીઓ કરી, સારા સારા વિષયોના ભોગવટામાં રાચ્યા-માચ્યા, બધેજ સુખશીલિયા બન્યા, એ કર્મના ગુના થયા, હવે એની સજામાં એ બધું ઝુંટવાઈ જવાનું; અને સુખચેનના બદલે મહાભૂખમરો, મહાન વેદનાઓ ત્રાસ અને વિટંબણાઓ વરસવાથી તો હાય ! હું આ સર્જન ઊભું કરી રહ્યો છું ?'

આમ આઘાત લાગે તો કાયાની સુખશીલતા પર કાપ મૂકાય, અને આત્માનાં હિત માટે વિચાર આવે. મોટા તીર્થંકર ભગવાન શ્રીમહાવીર સ્વામી અને એમના ભક્ત શાલિભદ્ર-ધન્નો વગેરે મહામુનિઓ તથા આનંદ-કામદેવાદિ મહાન શ્રાવકો અક્કલ વિનાના નહોતા કે કાયાની સુખશીલતા છોડી આત્મહિતાર્થે એમણે કાયાને તપમાં તપાવ્યે રાખી, ધર્મસાધનામાં ગદર્યે રાખી. આ કાંઈ બુદ્ધિના અભાવે નહોતું કર્યું, પરંતુ જોરદાર ઊંચી પવિત્ર અક્કલ-બુદ્ધિના હિસાબે જ કર્યું હતું.

**કાયાના હિત-સુખશીલતા વિસારી આત્માનાં હિત જોવા એમાં બુદ્ધિમત્તા છે; એથી ઊલટું આત્માના હિત વિસારી કાયાનાં જ હિત જોવાં, એમાં નિર્બુદ્ધિપણું છે.**

દુનિયા આવા નિર્બુદ્ધિપણાના ખેલમાં ડૂબી રહી છે, તેથી જ એ સંસારમાં ભટકી રહી છે, ને અપરંપાર દુઃખોની ભોગ બની રહી છે.

મરીચિને ચારિત્રનાં કષ્ટ ભારે પડ્યાં, કેમકે એમણે કાયાનાં હિતની દૃષ્ટિએ જ જોયું કે આમાં તો ઉઘાડા પગે ચાલવામાં કાંટા-કાંકરા વાગે, ઉઘાડે માથે ફરવામાં ગ્રીષ્મના ભારે તાપ માથું તપાવી નાખે, સ્નાન નહિ કરવામાં કાયા મેલીઘેલી બરછટ બને, ટૂંકા જીર્ણશીર્ણ વસ્ત્રમાં ઠંડી સહવી પડે...બધું કાયાના જ હિસાબે



જોયું વિચાર્યું અને સાધુવેશ મૂકી પગે પાવડી, માથે છત્ર, સ્નાન હજામત, લાંબા ભગવા વસ્ત્ર, અનુકૂળ ભોજન વગેરે ત્રિદંડિક સંન્યાસીનો વેશ ધારણ કર્યો.

**ચારિત્રકષ્ટના ૫ લાભ :-**

મરીચિએ જો આત્માના હિતની દૃષ્ટિએ જોયું હોત તો દેખાત કે ચારિત્રનાં એવાં એવાં કષ્ટ વેઠવામાં તો (૧) જીવને જ્ઞાન દૃષ્ટિ ઊભી રહે છે, (૨) રાગ દશા સારી દબાય છે, (૩) મનનું સત્ત્વ વધે છે, (૪) પરલોક દૃષ્ટિ જાગતી રહે છે, અને (૫) અનેક પ્રકારે વિષયોની ગુલામીના ભોગ નથી બનવું પડતું. તો આ છોડીને મોહદૃષ્ટિ, રાગમૂઢતા, સત્ત્વહીન, અને વિષયોની ગુલામી શા સારું નભાવવી ? કષ્ટમય પણ ધર્મજીવન જીવવામાં ગુણવૈભવ મળે છે, મહાન તપસમૃદ્ધિ વધે છે, સંયમને બાદશાહી મળે છે, તો શા સારું એ ગુમાવવું ?'

**મરીચિ પડ્યા છતાં સાવધાન :-**

મરીચિને આ વિચાર રહ્યો નહિ, ને મુનિપણામાંથી પડી પરિવ્રાજક સંન્યાસી થયા. પરંતુ એમાં સ્થૂલથી વ્રતો પાળવાનું રાખ્યું, અને હૈયે સાચો માર્ગ કયો એનો ખ્યાલ ઊભો રાખ્યો, એટલે એમના વિચિત્ર ત્રિદંડિક વેશને જોઈ જે જે પૂછવા આવ્યા કે 'આ શું ? આમાં ધર્મ છે ?' ત્યારે ત્યારે મરીચિએ પોતાની શિથિલતા-કાયરતા વર્ણવી સાચા માર્ગ તરીકે ચારિત્રનાં ગુણગાન ગાયાં.

મરીચિ ચારિત્રથી કંટાળી ઘરે નથી ગયા, પ્રભુની સાથે જ વિચરતા. એટલે ઘર જેવી સુખસગવડમાં મહાલવાનું નથી કર્યું, પગે ચાલવાનું રાખ્યું છે; વહાન નહિ, બ્રહ્મચર્ય રાખ્યું છે, સ્ત્રીસંગ્રહ નહિ. ચક્રવર્તીના ઘરનાં માલમેવા વાપરવાનું નહિ, ગામેગામ જે કાંઈ ચાલુ ભોજન મળે એ વાપરવાનું રાખ્યું છે... આમ છતાં આ કષ્ટને ધર્મરૂપ લેખાવતા નથી. લોકોને તો કહે છે 'આ મારી પતિત દશા છે, પણ તમે ભૂલા પડતા નહિ, આ સુખભર્યો દેખાતા સંસાર ગોઝારો છે, જીવને થોડો સમય સુખ દેખાડી અસંખ્યકાળ નરક-તિર્યંચ ગતિમાં રૂલાવનારો છે,... એમ સંસારનું એવું દુઃખમય સ્વરૂપ બતાવતા કે એ સાંભળી સામાને વૈરાગ્ય થઈ જતો.

પડ્યા પડ્યા પણ મરીચિ કેટલા બધા સાવધાન છે ! બુદ્ધિ કેટલી નિર્મળ રાખી છે !

માટે તો જો સામો પૂછે કે 'તો પછી આવા દુઃખદ સંસારમાં ફસેલા મારે શું કરવું ? શી રીતે બચાય ?'

ત્યારે મરીચિ એક જ વાત કરતા કે 'જાઓ પ્રભુ પાસે સંયમ સાધુ ધર્મની દીક્ષા લો. સંયમથી જ ઉદ્ધાર છે. માનવજીવનનો સાર સંયમ છે. મનુષ્ય ભવ સંયમ માટે જ છે.'

પેલો કદાચ પૂછે, 'પણ તમારી પાસે ધર્મ નહિ ?' તો એ નિઃસંકોચ સાફ કહેતા કે 'હું તો પતિત થયેલો છું. મારી પાસે ધર્મ શો ?'

મરીચિની કેટલી જાગૃતિ ! કેટલી નિર્લોભતા ! કેવી નિખાલસતા ! આ પ્રતાપ પૂર્વની સમ્યગ્દર્શનની નિર્મળ આરાધનાનો છે. આપણે મરીચિ પડ્યા એટલું યાદ રાખીએ પણ એમના આત્માની આ સમ્યગ્દર્શન પકડી રાખવાની બીજી બીજી લાયકાત ન જોઈએ, તો ઢિલાશમાં પણ જાગૃતિ-નિર્લોભતા-નિખાલસતા ક્યાંથી રહે ? બીજી બાજુ જોવા જેવી છે કે એક વખતના મોટા ચક્રવર્તીના દીકરા શારીરિક ઢિલાશથી પડ્યા છતાં પોતાનો કોઈ બચાવ ધરવાનું મન નથી થતું, અને પોતાને ભ્રષ્ટ પતિત ધર્મહીન મનાવે છે એ દિલમાં પાપનો કેટલો ભય ! પતનની કેટલી ઘૃણા ! અને ગમે તેવા માણસ આગળ કેટલો લઘુભાવ ! ત્યારે એ પણ સમજી રાખો કે દિલની નિખાલસતા અને દોષનો બચાવ-ઢાંકપિછોડો નહિ કરતાં સ્પષ્ટ કબૂલાત કરવાની લઘુતા,...વગેરે ગુણો એવા છે કે જે આત્માને ઊંચે વધવાની સરળતા-સુલભતા કરી આપે છે. માયાના વળવાળા જીવને કે અભિમાનના પૂતળાને એ સુલભતા નહિ.

**૧૧ બ્રાહ્મણોની નિખાલસતા :-**

જુઓ, ઇંદ્રભૂતિ ગૌતમ વગેરે વિદ્વાન ૧૧ બ્રાહ્મણો સહેજ વાતમાં શી રીતે શ્રીમહાવીર પ્રભુનાં ચરણે બેસી ગયા હશે ? કહો, દિલ નિખાલસ; દિલ અહંત્વની ગાંઠવાળા નહિ કે 'હું માનું તે જ સાચું, મને લાગે તે જ સાચું;' તેથી અલબત એમને પોતાની વિદ્વત્તાનું અભિમાન હતું, પણ તે એવું કે 'અમારી પાસે અગાધ જ્ઞાન છે. એને કોઈ ખોટું ઠરાવી શકે નહિ,' અર્થાત્ કોઈ ખોટું ઠરાવે તો એ પડતું મૂકી સાચું પકડી લેવાની તૈયારી. જો આ તૈયારી ન હોત અને એમને અનંતજ્ઞાની શ્રીમહાવીર પરમાત્મા દલીલપૂર્વક ગમે તેટલું સાચું સમજાવત, તો એ કાંઈ સ્વીકારત નહિ. એ તો કહી દેત કે 'જગતમાં કુતર્ક બહુ ચાલે છે. એવા કુર્તકથી શું અમારું માનેલું ખોટું ઠરે ? શું વેદશાસ્ત્રે કહેલું ખોટું ઠરે ?' ઇંદ્રભૂતિ વગેરેએ શું આવું કહી દીધું ? ના,

ઇંદ્રભૂતિ-અગ્નિભૂતિના ભદ્રક દિલને, પ્રભુએ પહેલાં તો જે એમનો સંશય પ્રગટ કર્યો, એથી જ અસર થઈ ગઈ કે 'સર્વજ્ઞ વિના આપણા દિલની અંદર રહેલો સંશય કોણ જાણી શકે ? ને કોણ કહી બતાવે ? અહો ! ત્યારે આપણને આ સર્વજ્ઞ ભગવાનનો કેવોક યોગ થઈ ગયો ? શું આપણે આમની સામે વાદ કરવા આવ્યા હતા ? ધિક્કાર છે આપણને ! આમની સામે વાદ માંડી આમને હરાવવાની બાલિશ ચેષ્ટા કરવાની ન હોય.'

**ઇંદ્રભૂતિ બ્રાહ્મણ કેવા માનવંતા ? :-**

શું કર્યું આ ? વિદ્વતા અગાધ હતી, લોકમાં નામના પણ સારી હતી, એકેકની



પાસે ૫૦૦-૫૦૦ વિદ્યાર્થી બ્રાહ્મણો સાથે રહેતા. ધનાઢ્યોના યજ્ઞગુરુ બની મોટા આડંબરવાળી યજ્ઞક્રિયા કરાવી આપતા. લોકમાં આટલી ઊંચી પાયરી ભોગવનારા છતાં દિલના ભદ્રક નિખાલસ અને વસ્તુતત્ત્વની કદર કરનારા હતા તેથી એક બાજુ પ્રભુએ એમને વેદશાસ્ત્રની બે સામસામી પંક્તિઓ પર વર્ષોથી એમને મુંઝવતા સંશયને બહાર પ્રગટ કરી દેખાડ્યો એ મળ્યું; અને બીજી બાજુ પ્રભુને અલૌકિક શોભા ભર્યા ઝાકઝમાળ સમવસરણ પર સુરાસુરેન્દ્રોથી પૂજાતા જોયા. એ પરથી એમનું અભિમાન ઓસરી ગયું, એમણે જાતે જ અભિમાન ફગાવી દીધું અને પ્રભુના ચરણે જિજ્ઞાસુભાવે નમ્ર પણે સંશયનું સમાધાન મેળવવા ઊભા રહી ગયા.

આગળ પણ જુઓ કે એમની નિખાલસતા ભદ્રકતા અને તત્ત્વની ભૂખ કેટલું મહાન કામ કરે છે ! સંશયના સમાધાન પછી ઘરે નથી ગયા, પ્રભુચરણે બેસી ગયા ! કેવી ભદ્રકતા ! કેવી તત્ત્વ ભૂખ ! તમને એ હોય તો આટઆટલું સાંભળ્યા પછી થોડાય વ્રતમાં ના આવો ? પ્રભુનાં ચરણ પકડવા હોય, તો વ્રત-નિયમોમાં આવવું જોઈએ. દિલ ભદ્રક ને તત્ત્વનું ખપી હોય તો આ સહેજે લેવાય.

**આત્માનો સંશય :-**

ઇંદ્રભૂતિ અગ્નિભૂતિ બંનેમાંથી એકને સંશય આત્માનો હતો, બીજાને કર્મનો. ઇંદ્રભૂતિને આત્માના સંશયનું સમાધાન આપતાં શ્રી મહાવીર પ્રભુએ આત્મા એક સ્વતંત્ર નક્કર વસ્તુ છે એની ઢગલો દલીલો આપી. સંયમમાં બે કોટિ હોય, દા.ત. 'આત્મા છે,' 'આત્મા નથી.' એમાં જે દલીલોથી 'આત્મા નથી' એમ ભાસતું, એ દલીલો કેવી પોકળ અને કુતર્ક છે એ પણ પ્રભુએ સામી દલીલોથી સચોટ સમજાવ્યું. ત્યારે સવાલ રહ્યો કે

પ્ર.- તો પછી વેદશાસ્ત્રે **'વિજ્ઞાનઘન એવૈતેભ્યો ભૂતેભ્યઃ સમુત્થાય તાન્યેવાનુવિનશ્યતિ, ન પ્રેત્યસંજ્ઞા-સ્તીતિ'** એમ કહી 'પાંચ ભૂતમાંથી જ ચેતના ઊઠી એની પાછળ નષ્ટ થઈ જાય છે. પણ પરલોક જનારી ચેતના નથી' અર્થાત્ ત્રિકાળ-સ્થાયી અને જન્મોજન્મમાં ભટકનારી આત્મા જેવી વસ્તુ નથી એમ કેમ સ્થાપ્યું ?

ઉ.- પ્રભુએ આનું સુંદર સમાધાન આપતાં કહ્યું કે, 'હે ઇન્દ્રભૂતિ ગૌતમ ! પહેલું તો તમે આ પંક્તિનો અર્થ કરતાં 'વિજ્ઞાનઘન' પદની સાથે રહેલ 'એવ' પદને ઉથલાવી નાખ્યું અને 'ભૂતેભ્યઃ' પદની સાથે લગાડ્યું એ ભૂલ કરી. 'એવ' એટલે 'જ'. વેદના અક્ષરો મુજબ તો 'પાંચ ભૂતમાંથી વિજ્ઞાનઘન યાને ચેતના પંચભૂતમાંથી જ વિજ્ઞાનઘન.' આમ જકારને ઉથલાવવાથી એવો ભ્રમ ઊભો થયો કે, 'વિજ્ઞાનઘન યાને ચેતના પંચભૂતમાંથી જ ઊઠે છે.' ખરી રીતે વેદના અક્ષરોનું કહેવું એ છે કે

'પંચભૂતમાંથી વિજ્ઞાનઘન જ ઊઠે છે, ઉત્પન્ન થાય છે,' અર્થાત્ કર્મ-સુખ-દુઃખ વગેરે એમાંથી ઊઠનારા નહિ એ તો જીવના પોતાના રાગ-દ્વેષમાંથી ઊઠે છે. પંચભૂતથી તો માત્ર વિજ્ઞાનઘન જ ઉત્પન્ન થાય. શું ? ભાઈ એનો એ જ. પણ પહેલાં નાની દુકાનમાં સહાયક હતો તેથી રાગથી સુખરૂપ લાગતો પરંતુ હવે વેપાર વધી ગયો એટલે મોટો અડધો નફો લઈ જશે એ વિચાર પર એના પર દ્વેષ થઈ એ જ દુઃખરૂપ લાગે છે.

**સુખ-દુઃખ શેમાંથી ? વસ્તુમાંથી નહિ, પણ આપણા જ રાગદ્વેષમાંથી. વસ્તુ પર તો માત્ર જ્ઞાન થાય; સુખ-દુઃખ નહિ.**

ઈન્દ્રભૂતિજીને પ્રભુ સમજાવે છે,

અહીં વેદ પંક્તિમાં 'વિજ્ઞાનઘન' પદ પડ્યું છે એનો અર્થ ન આવડ્યો એટલે 'ચેતના' અર્થ કર્યો, પણ તે ખોટો...ચેતના એટલે ચૈતન્ય, એ તો આત્મામાં સહજ-સ્વરૂપ એકસરખું ચાલી આવે છે. એમાં કાંઈ નવનવા પંચભૂત-પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-આકાશથી ફેરફાર નથી થતો કે એમ કહી શકાય કે આ ભૂતમાંથી એક ચેતના ઊઠી, ને નાશ પામી ફરી બીજા ભૂતમાંથી નવી તરેહની ચેતના ઊઠી ને નાશ પામી, ત્રીજા ભૂતમાંથી ત્રીજા તરેહની ઊઠીને નાશ પામી. ના, આત્મા એટલે જ ચેતન, એનું સ્વરૂપ ચૈતન્ય, ચેતના એ ત્રિકાળ-સ્થાયી દ્રવ્યસ્વભાવ છે. એ નષ્ટ ન થાય, દ્રવ્યનો મૂળ-સ્વભાવ નષ્ટ થવાથી તો દ્રવ્યવસ્તુ જ ઊડી જાય.

**ગુણ દ્રવ્યથી ભિન્નાભિન્ન કેમ ? :-**

પરંતુ 'વિજ્ઞાનઘન' શબ્દનો અર્થ બરાબર ન આવડ્યો એટલે ચેતના અર્થ કર્યો. ખરો અર્થ એ છે કે 'વિજ્ઞાન' અર્થાત્ વિશિષ્ટ જ્ઞાન; નિર્ણયાત્મક જ્ઞાન. એનો 'ઘન' એટલે કે વિજ્ઞાનની સાથે એકમેક થનારી વસ્તુ આત્મા. આત્મામાં જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યાં જૈનદર્શન કહે છે કે એ આત્માનો ગુણ હોઈ આત્માથી તદ્દન યાને એકાન્તે ભિન્ન નહિ, તેમ એકાંતે અભિન્ન પણ નહિ; કિન્તુ એનાથી ભિન્નાભિન્નપણે જ્ઞાન ઉત્પન્ન થાય છે. પ્રશ્ન થશે,

**પ્ર.-** ભિન્ન અને અભિન્ન બંને પણ કેમ ?

**ઉ.-** એટલા માટે કે જ્ઞાન ભિન્નપણે ઉત્પન્ન થતું હોવાથી જ્ઞાન નષ્ટ થતાં આત્માને ય નષ્ટ થવાનો પ્રસંગ ન આવે; નહિતર જો ગુણ-દ્રવ્ય એકાંતે અભિન્ન એકરૂપ હોય તો ગુણ જતાં દ્રવ્ય જ ઊડી જાય ! દ્રવ્ય તો ગુણનો આધાર એટલું જ; જેમ સમુદ્ર તરંગોનો આધાર, તે તરંગો આવે ને જાય, પણ તરંગ જતાં કાંઈ સમુદ્ર ઊડી ન જાય. એમ દ્રવ્યમાં ગુણો પ્રગટે, અને નષ્ટ થાય, પરંતુ ગુણ જતાં કાંઈ ઊડી ન જાય. દ્રવ્ય એમ જ ઊભું હોય અને એમાં ગુણો આવે ને જાય. આ તો જ બને કે જો ગુણો એમાં ભિન્નપણે ઉત્પન્ન થતા હોય ત્યારે પૂછો,



**પ્ર.-** તો પછી ગુણને અભિન્નપણે પણ ઉત્પન્ન થવાનું શું કામ કહો છો ?

**ઉ.-** એનું કારણ છે કે જો એ એકાંતે ભિન્નપણે ઉત્પન્ન થતા હોય તો તો એ દ્રવ્યની સાથે જે એકાકાર ભાસે છે તે ન ભાસે. સાકરમાં મીઠાશનો મધુરરસનો ગુણ છે એ મીઠાશ-મધુરતા સાકરની સાથે એકમેક છે ને ? દૂધમાં સાકર ભેળવી, દૂધ મીઠું થયું, એમાં પણ મીઠાશ ? દૂધની સાથે એકમેક. દૂધનું ટીપેટીપું તન્મય, મીઠું જ મીઠું. 'ટીપું મોળું, ને અંદરની મીઠાશ મીઠી,' એવું નથી. ટીપું જ મીઠું લાગે છે. એ બતાવે છે કે ટીપા સાથે મીઠાશ એકાકાર થઈ ગઈ છે. કહો, ટીપું મીઠાશનો ઘન બની ગયું. આ તો જ બને કે મીઠાશ એમાં અભિન્નપણે રહી માનીએ. તદ્દન ભિન્ન માનીએ તો મીઠાશ જુદી, પછી સાકર કેવી ? સાકરનો સ્વભાવ કેવો ? મીઠો નહિ રહે. દ્રવ્યથી ગુણ તદ્દન જુદો, એટલે દ્રવ્ય સ્વભાવ વિનાનું બની જાય ! સાકર મીઠા સ્વભાવની છે, એ સૂચવે છે કે મીઠાશ ગુણ સાકરથી અભિન્નપણે છે.

**વેદનો સાચો અર્થ : વિજ્ઞાનઘન એટલે ? :-**

બસ, એ જ રીતે આત્મામાં વિજ્ઞાનગુણ ઉત્પન્ન થાય તે અભિન્નપણે ય ઉત્પન્ન માનવો જ પડે. વિજ્ઞાન આત્માની સાથે એકાકાર થઈને રહે એટલે કે જેમ સાકર કે દૂધ એ મીઠાશનો ઘન, એમ આત્મા એ વિજ્ઞાનનો ઘન. સમુદ્રમાં શું છે ? સમુદ્ર એ તરંગનો ઘન. તરંગ એ સમુદ્રના પાણીથી આ દૃષ્ટિએ કાંઈ ભિન્ન વસ્તુ નહિ; કેમકે પાણી જ તરંગરૂપ દેખાય છે; તેથી એ તરંગનો ઘન કહેવાય.

હવે જુઓ કે આ હિસાબે એક તરંગ નષ્ટ થયો ત્યારે એ તરંગઘન પાણી ઊભું રહ્યું ? ના. પૂછાય કે હવે પાણી એ તરંગના આકારવાળું પાણી છે ? તો ના જ કહેવી પડે. વાંકી આંગળીને સીધી કર્યા પછી પૂછે કે વાંકી આંગળી છે ? ના જ કહેવાય છે. આમાં શાનો નિષેધ કર્યો ? એકલી વાંકાશનો ? ના, વાંકી આંગળીનો. એ બતાવે છે કે આંગળી પૂર્વે વાંકાશ ગુણ સાથે એકાકાર હતી, તે વાંકાશ જતાં વાંકાશ સાથે એકાકાર આંગળી પણ ગઈ માટે જ કહેવાય છે કે 'વાંકાશે ય નથી, ને વાંકી આગળી ય હવે નથી. હવે તો સીધી આંગળી આવી છે.'

એમ, એક પૃથ્વી વગેરે કોઈ ભૂત નજર સામે આવ્યું, ને એનું જ્ઞાન ઉત્પન્ન થયું, એટલે એ જ્ઞાન-વિજ્ઞાન સાથે આત્મા એકાકાર બન્યો, આત્મા વિજ્ઞાનઘન બન્યો. પણ પછી એ ભૂત નજર સામેથી ખસી જતાં બીજું ભૂત આવ્યું, બીજી વસ્તુ આવી તો ત્યાં આનું જ્ઞાન થતાં પેલું જ્ઞાન-વિજ્ઞાન નષ્ટ થાય છે. એ વિજ્ઞાન નષ્ટ થવાના હિસાબે એ વિજ્ઞાનઘન આત્મા પણ ન રહ્યો. તરંગ બદલાતાં પૂર્વતરંગમય પાણી નહિ; વાંકાશ જતાં વાંકી આંગળી નહિ; એમ પૂર્વવિજ્ઞાન નષ્ટ થવાં પૂર્વવિજ્ઞાનઘન પૂર્વવિજ્ઞાનમય આત્મા નહિ. છતાં જેમ પેલામાં પાણી ઊભું, આંગળી

ઊભી, એમ આત્મા તરીકે કાયમ.

ભગવાને ઇંદ્રભૂતિ ગૌતમને આ રીતે સમજાવ્યું કે વેદશાસ્ત્રની પંકિત આ કહી રહી છે કે પંચભૂતથી વિજ્ઞાનઘન જ ઉત્પન્ન થાય; ને તે તે ભૂત ખસી જતાં તે તે વિજ્ઞાનઘન નષ્ટ થાય; માટે એની 'પ્રેત્યસંજ્ઞા' નહિ, અર્થાત્ 'એ પછી ઊભો' એમ ન કહેવાય. આમાં વેદશાસ્ત્રે તે તે વિજ્ઞાનઘન આત્માનું પછી નામ નહિ, પછી કાયમતા નહિ, એમ કહ્યું પરંતુ આત્મા તરીકે આત્મા જ કાયમનો નહિ, પરલોકગામી નહિ, એમ નથી કહ્યું. વેદપંક્તિએ આત્માનો નિષેધ નથી કર્યો. પછી આત્માનો સંશય કરવાનું શું કામ ?

**સંશય જતાં ઇંદ્રભૂતિએ શું કર્યું ? :-**

પ્રભુએ આ સમજાવવામાં જ્ઞાનાદિ ગુણો દ્રવ્યમાં ભિન્નાભિન્નપણે અર્થાત્ ભેદાભેદ સંબંધથી રહેનારા સમજાવ્યા, અને દ્રવ્ય પણ એ હિસાબે નષ્ટ-અનષ્ટ સમજાવ્યું, એમાં જૈનદર્શનનો અનન્ય સિદ્ધાન્ત સ્યાદ્વાદ-અનેકાન્તવાદ સમજાવી દીધો. બ્રાહ્મણ પંડિત ઇંદ્રભૂતિ ગૌતમ ઘણા ય વિદ્વાન છતાં જૈનદર્શન વિના આની ગંધ પણ ક્યાંથી પામ્યા હોય ? અને અહીં એમણે એનો મહાપ્રકાશ મેળવ્યો. તો હવે એ શું કરે ? જો દિલની એવી સરળતા ન હોય, તો અલબત આમાં કાંઈ બીજી દલીલ તો થઈ શકે નહિ, એટલે એમજ કહે ને કે 'આપનો આભાર માનું છું કે આપે મારો સંશય ફેડ્યો. લ્યો ત્યારે હવે હું રજા લઉં છું.' આમ જ કહીને ચાલતી પકડે ને ? પરંતુ શું ત્યાં મિથ્યાત્વ ઓકી નાખે ? ત્યાં ને ત્યાં જ સંસાર ત્યાગ કરે ? સરળ ન હોય તો ન કરે.

**ઇંદ્રભૂતિએ શું વિચાર્યું ? :-**

કિન્તુ ઇંદ્રભૂતિ બ્રાહ્મણ સરળ નિખાલસ દિલના હતા, તે એમણે જોયું કે 'પ્રભુએ ભલે વેદપંક્તિનું સમાધાન કરી બતાવ્યું, ને પંકિત સાચી ઠરાવી, કિન્તુ એ તો સ્યાદ્વાદ શૈલીથી. પરંતુ વેદ શાસ્ત્રમાં આ સ્યાદ્વાદ-અનેકાન્તવાદ સર્વવ્યાપી મહાસિદ્ધાન્તની ચર્ચા જ ક્યાં છે ? કે અનેકાન્તવાદને અનુસરતી તત્ત્વપ્રરૂપણા ય ક્યાં છે ? તો પછી એવા વેદશાસ્ત્રને અને એના મતને પકડીને બેસી રહેવાની શી જરૂર છે ? એમાં તત્ત્વ જ ક્યાંથી મળવાનું ? તત્ત્વ જોઈએ તો આ પ્રભુનાં ચરણ પકડો. તત્ત્વ મળશે તો આ સાચા સર્વજ્ઞ શ્રીમહાવીર ભગવાન પાસેથી મળશે.'

શું કર્યું આ ? મિથ્યાત્વ ઓકવા માંડ્યું. ગુમાન કેટલું બધું ઉતારી નાખ્યું ! નમ્રભાવ કેટલો બધો ઊભો કર્યો ! વર્ષોના પોતે ગુરુ તરીકે ફરેલા આ અગાધ વિદ્વાન બ્રાહ્મણ ઇંદ્રભૂતિ ગૌતમ હવે પ્રભુનાં ચરણ પકડી શિષ્ય તરીકે બનવા માગે છે ! ઉંમર ય નાની નથી, પચાસ વર્ષની ઉંમર છે. પ્રભુ ૪૨-૪૩ વર્ષની ઉંમરના; આ



એમના કરતાં ઉંમરે મોટા. છતાં એકાએક પોતાનું વર્ષોનું ગુરુપણું ભૂલી શિષ્યપણું લેવા ચાહે છે. ત્યારે સરળતા, ભદ્રકતા, નમ્રતા અને તત્ત્વની ભૂખ કેવી ?

વિદ્વાન બ્રાહ્મણ તથા યજ્ઞગુરુ અને છાત્રગુરુ તરીકે ફરતા હતા ત્યાં લોકો તરફથી માન-સન્માન કેટલા બધા મળતા હશે ! એ ય હવે મૂકવા માગે છે. કેમ વારું ? તત્ત્વની ભૂખ છે, અને તત્ત્વના મહાસાગરસમા સર્વજ્ઞ પરમાત્મા મળ્યા છે. પછી પેલી સત્કાર-સન્માન-માનપાનની તુચ્છ ભૂખ ઊભી રખાય ? આવા પરમાત્મા ક્યાં મળવાના હતાં ?

બોલો, તમને ય પૈસાની ભૂખ કરતાં તત્ત્વની ભૂખ મોટી ને ? તત્ત્વના ખજાનારૂપ સર્વજ્ઞ શ્રી મહાવીર પરમાત્મા મળ્યાની કદર મોટી ને ?

**પ્ર.-** એ હોય તો તો બધા ગૌતમસ્વામી જ થઈ જાય ને ?

**ઉ.-** તો એનો અર્થ તો ત્યારે એવો જ થયો ને કે જે ગૌતમસ્વામી ન થઈ શકતા હોય એમનામાં પૈસાની જ ભૂખ મોટી હોય ? ને એમને પરમાત્મા મળ્યાની કદર જ ન હોય ? કઈ અક્કલ પર આ સવાલ થાય છે ? શું આનંદ-કામદેવ-પુણિયો, સુદર્શન-સાગરચન્દ્ર, રાજા ચન્દ્રાવતંસક રાજા કુમારપાળ...વગેરે શ્રાવકો ગૌતમસ્વામી ન બની શક્યા માટે પૈસાની જ ભૂખવાળા હતા ? તીર્થંકર પરમાત્મા મળ્યાની કદર  વિનાના હતા ? તત્ત્વની ભૂખ વિનાના હતા ? મહાન આત્માઓની આશાતના કરશો નહિ એમના જીવનમાંથી સુકૃતાનુમોદન અને સુકૃત પ્રેરણા લેજો. આ ઉત્તમ પૂર્વજોનાં સુંદર આલંબન મળ્યા લેખે લાગશે, નહિતર ઉત્તમપ્રાપ્તિ છતાં ભૂખડી બારસ રહેવાનું થશે.

**ઉત્તમ પૂર્વજો મળ્યાનું કેવું અહોભાગ્ય ? :-**

શું મનને એમ ન થાય કે, 'અહો ! મારો કેટલો બધો ભાગ્યોદય કે અહીં જૈન કુળમાં જન્મી ગયાથી મને આ કેવા કેવા મહાન પૂર્વજોનો વારસો મળ્યો છે ! બીજે જન્મી પડ્યો હોત તો 'આવા આવા ઉચ્ચ કોટિના મારા પૂર્વજો છે,' એ સાંભળવા પણ ક્યાં મળત ? ઇતર કુળમાં જનમ્યા પછી કદાચ આ મહાન આત્માઓનો ઇતિહાસ લખાયેલો વાંચવા-ભણવા મળ્યો હોત તો ય એના પર મમત્વ કે શ્રદ્ધા જ ક્યાં થવાની હતી ?

આજના કળિયુગના વાયરા નીચે જૈન કુળમાં જન્મેલા પણ એવા અભાગિયા છે કે આ મહાન પૂર્વજોનો ઇતિહાસ મળવા છતાં કહે છે કે, 'જૈનધર્મે નિવૃત્તિધર્મ મુખ્ય રાખી ઘણું ગુમાવ્યું ને બૌદ્ધધર્મે પ્રવૃત્તિધર્મ રાખ્યો તો એનો ભારે પ્રચાર થયો.' બોલો, આવું માનનાર-બોલનારને ઉત્તમ પૂર્વજોમાંથી સારું કશું લેવાનું છે ? ભાગ્ય જોઈએ ને સારું લેવા માટે ?

**સાચો પ્રવૃત્તિધર્મ કયો ? :-**

એ બિચારા અજ્ઞાન મૂઢ જીવોને ખબર નથી કે ધર્મ શું ? સાચો પ્રવૃત્તિ ધર્મ કયો ? બૌદ્ધ ધર્મનો શો વિકાસ થયો ? દુર્ગતિમાં પડતાને ધારી રાખે તે ધર્મ; દુર્ગતિથી બચાવે તે ધર્મ. દુર્ગતિમાં પાડનાર છે જીવહિંસા, મહાપરિગ્રહ ને વિષયવિલાસ. બૌદ્ધધર્મમાં જુઓ કે આના પર કાપ કેટલો છે ? જીવદયા, ત્યાગ-તપ, વગેરે કેટલું છે ? ચોમેર જોશો તો દેખાશે કે એમનામાં ધૂમ માંસાહાર ચાલી રહ્યો છે.

**પ્ર.**- તો શું પૂર્વે જાદવો વગેરેમાં માંસાહાર નહોતો ?

**ઉ.**- કેટલાકમાં હશે, પણ એ માથું ફોડતા હતા કે ‘અરે ! કેવી અમારી ગોઝારી લાલસા કે આ પંચેન્દ્રિય જીવોના કચ્ચરઘાણ પર પ્રાપ્ત માંસાહાર અમને ગમે છે ! આમ પશ્ચાત્તાપ હતા. એટલે તો જોમ વિકસ્યે એ માત્ર માંસાહારનું પાપ શું, પણ સમસ્ત પાપ વોસરાવી ચારિત્રપંથે ચડી ગયા, યા શક્ય પાપો છોડી મહાન શ્રાવક-જીવન જીવતા થઈ ગયા.

**ત્યારે આ બૌદ્ધોની દશા જુઓ.**

માંસાહાર પર ક્યાં માથું ફોડે છે કે ‘અરે ! આ કેવી અમારી ગોઝારી લાલસા ?’ જાઓ જાપાન વગેરેમાં જઈ જુઓ તો દેખવા મળે કે ત્યાં કેવા નાની નાની જીવતી મચ્છીનાં તાજાં ભજિયાં, અને જીવતા અખંડ ઉંદરનાં બનાવેલા અથાણાં ખાવાં જોઈએ છે ?

આજના મૂઢ સાક્ષરો આને બૌદ્ધધર્મનો પ્રચાર કહે છે ! શું આ ધર્મનો પ્રચાર કે અધર્મનો ? કહે છે ‘બૌદ્ધધર્મ પ્રવૃત્તિધર્મ રાખ્યો તેથી એ દેશપાર વિકસ્યો;’ એમાં પ્રવૃત્તિધર્મ મૈત્રીભાવના અને જન-કલ્યાણનો કહે છે. શું જીવતા કે મારેલા પંચેન્દ્રિય જીવોને ખાઈ જવા એમાં એ જીવો પ્રત્યે મૈત્રીભાવ છે ? કે ઘોર ઘાતકી ભાવ ? જનસમાજને આ ઘોર જીવહિંસા અને માંસાહાર કરતા રહેવા દેવા અને એના પર સૂગ પણ ન કરાવવી, એ જનકલ્યાણ છે ? કે ધર્મના નામે કચ્ચરઘાણ છે ? ઊલટું એમ કહેવું કે ‘ત્યાગ-તપ વગેરે કાંઈ ધર્મ નથી; ધર્મ તો મૈત્રીભાવ અને ધ્યાન છે, ને એમ કહીને જનસમાજને રંગરાગ-વિષયવિલાસ મહાહિંસા-પરિગ્રહ વગેરેમાં યથેચ્છ પ્રવર્તવા દેવા એ પ્રવૃત્તિધર્મ છે ?

આ પાપો નિર્ભિકપણે ચાલતા હોય ત્યાં મૈત્રીભાવ આવે ? શુભ ધ્યાન આવે ?



આવા પ્રવૃત્તિ-ધર્મની વાતો કરનારા એ ઢોંગી ધૂતારા છે, સરખેસરખા જમાનાવાદીઓમાં સસ્તી કીર્તિ ખાટવાના એ ભૂખારવા છે. એટલે ધર્મના નામ હેઠળ ધર્મનું ખૂન કરી રહ્યા છે.

ધર્મ તો તે જ કે જે દુર્ગતિથી પડતા ધારી રાખે. દુર્ગતિથી ધારે બચાવે કોણ ? જીવહિંસા નહિ. પણ જીવદયા; માંસાહાર નહિ પણ રસરહિત અન્નાહાર, અને એના ઉપર કાપ; વિષયવિલાસ નહિ પણ શીલ-વ્રત-આચાર, મૈત્રીભાવના અને ધ્યાનનો ઢોંગધુતારો નહિ, પણ સક્રિય ત્યાગ-તપ-દાન-પરોપકાર વગેરે દ્વારા કરાતો સક્રિય મૈત્રીભાવ; અને પરમાત્મભક્તિ સાધુસમાગમ દ્વારા કરાતું સક્રિય શુભ ધ્યાન.

ખેર, આજના જમાનાવાદીઓના ઢોંગી ધર્મવાદના રવાડે ચડશો નહિ. વાત આ હતી કે જૈન આ ભાવના કરે કે મારાં કેવા અહોભાગ્ય કે મને મહાત્યાગી શાલિભદ્ર-ધન્નો-જંબૂકુમાર મહાનમુનિરત્નો ઉપરાંત આવા આનંદ-કામદેવ-પુણિયો શ્રાવક, સુદર્શન-સાગરચંદ્ર, રાજા ચંદ્રાવતંસક, રાજા કુમારપાળ જેવા મહાન શ્રાવક પૂર્વજો મળ્યા છે ! એમને તત્ત્વની ભૂખ અને તીર્થંકર પરમાત્મા મળ્યાની કદર કેવી કે આ નાશવંત જીવનમાંથી તીર્થંકર પરમાત્માની અને એમના આજ્ઞાતત્ત્વની આરાધનાનો સાર ગ્રહણ કરી લેવાની ભારે તમન્ના ચીવટ અને પુરુષાર્થ આદર્યા.

**કામદેવ શ્રાવકની સાધના પ્રભુએ પ્રશંસી :-**

આનંદ ને કામદેવ એ શ્રી મહાવીરપ્રભુના મહાન ધનાઢ્ય શ્રાવકો. ક્રોડોની સંપત્તિવાળા છતાં એમણે જીવનમાં કઠોર ૧૧ શ્રાવકપડિમાં વહન કરી. એમાં પોસહપડિમામાં દેવતાઈ પરીક્ષાનો ઉપદ્રવ આવ્યો, છતાં જરાય ન ડગ્યા. શાસ્ત્ર બતાવે છે કે કામદેવ શ્રાવક રાતના એ ઘોર ઉપદ્રવ સહન કરી સવારે પ્રભુને વંદન કરવા આવે ત્યારે પ્રભુએ એમની પ્રશંસા કરતા કહ્યું,-

‘હે કામદેવ ! તમે આજ રાત્રિના દેવતાએ કરેલ ભયંકર હાથી અજગર અને પિશાચના ઉપસર્ગ સમ્યગ્ રીતે સહન કર્યા ?’

કામદેવ લજ્જાથી મુખ નીચું ઢાળી દઈ કહે છે, ‘પ્રભુ ! આપની કૃપા.’

ભગવાન ત્યાં પોતાના મુનિઓ અને સાધ્વીઓને બોલાવી કહે છે, ‘હે શ્રમણ-શ્રમણીઓ ! આ જુઓ કે ગઈ રાતે આ કામદેવ શ્રાવકે પોસહપડિમામાં દેવતાઈ ભયંકર હાથી અજગર અને પિશાચના ઉપસર્ગ સમ્યગ્ રીતે સહન કર્યા, અને પોતાના ધ્યાન પ્રતિજ્ઞા ને સમતાભાવમાંથી જરાય ચલિત ન થયા. એક શ્રાવક જેવો આ સહન કરે તો ચારિત્રધારીએ કેવું સહન કરવું જોઈએ ?’

**ભગવાન મળ્યાની કદર :-**

કરોડો રૂપિયાની સંપત્તિવાળા કામદેવ શ્રાવકને ભગવાન જિનેશ્વરદેવ મળ્યાની

કદર કેવી કે મારા પ્રભુ અનંતબળી અને ઈન્દ્રોના પૂજ્ય છતાં ગમાર દૂબળા માણસોનું ય કેવું સહન કર્યું ! કેટલી ઊંચી સમતા અને સામા પ્રત્યેની કરુણા દૃષ્ટિ રાખી ! કેવા ઘોર તપ અને એકાગ્ર ધ્યાન કર્યા ! ભયંકર ઉપસર્ગ-પરિસ કેવા સહન કર્યે જ ગયા ! આવું મારા પ્રભુએ આરાધ્યું તો એમને પામીને હું થોડું ય ન આરાધું ! તો મેં પ્રભુને પામ્યાની કદર શી કરી ? અહોભાગ્ય છે મારાં કે આવા ભગવાન મને આલંબન માટે મળ્યા છે !

**તત્ત્વની કદર કેવી ? :-**

એમ આનંદ-કામદેવ વગેરે શ્રાવકોએ તત્ત્વરુચિ કેવી રાખી કે જિનોક્ત તત્ત્વ મળ્યા પર પ્રભુની પહેલી મુલાકાતે જ સમ્યક્ત્વ સહિત શ્રાવકના બાર વ્રતની જીવનભરની પ્રતિજ્ઞા ગ્રહણ કરી લીધી ! અને પછી તો જીવનમાં ધન એ ધન નહિ, પણ ધર્મ એ ધન બની ગયું. ધન એ તો ધોળી પીળી માટી; તો ય નાશવંત અને રાગનાં ઝેર પાનારી ! અને જીવોના આરંભ-સમારંભમય હિંસાને કરાવનારી. માટે એમાં હોંશ ન રાખતાં ધનસ્વરૂપ ધર્મમાં જ હોંશ રાખવાની. સાચા

**વિચારજો જીવનમાં ધર્મની ઊજમાળતા લાવવી હોય તો એ માટે આલંબનરૂપે આપણને કેવા પૂર્વજો મળ્યા છે ! ને એ આપણું કેટલું પ્રબળ અહોભાગ્ય છે !**

# પુણિયો કેમ ગરીબ થયો ?

પુણિયા શ્રાવકને વળી તત્ત્વની ભૂખને શુદ્ધ ધર્મની ભૂખ કેવી કે કહે છે કે પૂર્વે એ શ્રીમંત પૂરણચંદ શેઠ, પણ જાતે શ્રીમંતાઈ ફગાવી દઈ ગરીબી અપનાવેલી ! કેમ વારું ? આટલા માટે કે શ્રીમંતાઈમાં એ ધર્મસાધના તો કરતા, પણ એક દિવસ ગુરુમુખે ધર્મસ્થિરતાથી કર્યાના મહા ઊંચા લાભ સાંભળી ગુરુને પૂછે છે,

'ભગવન ! તો પછી મારે તો દેવદર્શન-પૂજા, સામાયિક-પ્રતિક્રમણ, શાસ્ત્ર-સ્વાધ્યાય-જાપ વગેરેમાં ચિત્ત સ્થિર રહેતું નથી, આડા અવળા કેટલાય વિચાર આવી સાધનાને ડહોળી નાખે છે, તો પ્રભુ ! મારે શું કરવું ? શી રીતે સ્થિરતા લાવવી ?'

ગુરુ કહે'- 'જુઓ એ વિચારો શાથી આવે છે ? બહારનો પથારો મોટો, એથી મન એની સાથે બંધાયેલું એના વિચારો કરે જ.'

**શું ? પથારો જેટલો, એટલું મન એને બંધાયેલું, એના વિચારથી ન બચે;**

**સંયમ કેમ મુખ્ય ધર્મ ? : ધર્મની ૪ કક્ષા :-**

તો તો પ્રભુ ! એનો અર્થ તો એ જ કે આ પથારો ઉપાડી નાખ્યા વિના આ વિચાર-ચોટ્ટાઓથી બચી શકાય નહિ.'

ગુરુ કહે છે, 'એમ જ છે. માટે તો પ્રભુએ (૧) શુદ્ધધર્મની આરાધના માટે મુખ્ય



માર્ગ સમસ્ત સંસારનો ત્યાગ કરી સંયમ પાળવામાં બતાવ્યો છે. (૨) પછી એ ન બને તો એના ઉદ્દેશથી જીવનમાં અતિ અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ રાખી ઉચ્ચ શ્રાવક ધર્મ પાળવાનો કહ્યો છે. (૩) એ ય ન બને તો પછી યથાશક્તિ ત્યાગ સાથે...યાવત્ (૪) ત્યાગના પ્રબળ રાગ સાથે શક્ય ધર્મસાધના કરવાનું ફરમાવ્યું છે. પરંતુ એમાં જેટલી ઉપાધિ-સંપેતરા ઊભા રાખ્યા એટલા એ મનને સતાવ્યા તો કરવાના.'

'બસ બસ પ્રભુ ! મને માર્ગ મળી ગયો. રોગનું નિદાન સમજાઈ ગયું.'

**શું જોઈએ ? અર્થસંપત્તિ કે ધર્મસંપત્તિ ? :- શ્રાવિકાના ઉમદા બોલ :-**

પૂરણચંદ શેઠે ઘેર જઈ શ્રાવિકાને આ બધી વાત કરી પૂછ્યું, 'બોલો તમારે તારણહાર મહાન ધર્મસંપત્તિ જોઈએ છે ? કે ભવમાં ભમાવનારી અર્થસંપત્તિ ?'

શ્રાવિકા શ્રાવકથી ઊતરે એવી નહોતી. એ કહે, 'એમાં પૂછવાનું શું ? આવા અનંત ઉપકારી દેવ-ગુરુ મળ્યા પછી આપણે ભવોભવની ઘાણીમાં પીલાઈએ ? જહન્નમમાં જાઓ એ અર્થસંપત્તિ ! જીવન તો જોત-જોતામાં પૂરું થઈ જશે, અર્થસંપત્તિના ઢગલા અહીં જીવોના સંહાર કરતા પડ્યા રહેશે, ને આપણે ખાલી હાથે ક્યાંય ફેંકાઈ જશું. માટે આપણે તો સાચી ધર્મસંપત્તિ જ જોઈએ.' ધર્મસંપત્તિની કેવીક લગન ?

શ્રાવિકાના આ બોલ પર પ્રસન્ન થઈ પૂરણચંદ શેઠે જાતે પોતાની બધી સંપત્તિ દાનમાં ઉડાવી દીધી. વાડી-ગાડી-બંગલો-દુકાન બધું કાઢી નાખ્યું, ને ભાડુતી મામૂલી ઘરમાં માત્ર સાડા બાર દોકડાની અર્થાત્ બે આનાની મૂડી રાખીને રહ્યા. રોટલો ખાવા એ બે આનાનું રૂ લાવી એની પૂણીઓ વણી લઈ વેપારીને આપીને ચાર આના લેવાના. એ બે આનાના નફા પર ભોજન-વસ્ત્ર-ભાડું વગેરે નભાવવાનું. આમ એ પૂરણચંદ મટી પૂણી વણી જીવન નભાવનાર 'પુણિયા' શ્રાવક તરીકે પ્રસિદ્ધ પામ્યા. કેવો ધર્મરંગ ? કેવો ત્યાગ ? આને નજર સામે રાખી તમે ય અંશે અંશે તો ત્યાગ કરી શકો ને ? પુણિયાને એમાં ય સાધર્મિક ભક્તિ રોજ કરવી છે, શી રીતે થાય ? માત્ર હુંતો-હુંતી બેનું જ પૂરું થાય એટલું જ કમાવવું છે, ધર્મ કરવા માટે વધારે પાપ કરવાનો પથારો વધારવાનો મોખ નથી, તો ત્રીજાને ભોજનમાં શી રીતે ઘાલવો ? એટલે રસ્તો કાઢ્યો કે શ્રાવક-શ્રાવિકા બંનેએ વારાફરથી એકાંતરે ઉપવાસ કરવો; અને એમાં એકનું ભોજન બચે એનાથી સાધર્મિક ભક્તિ કરવી.'

જુઓ આમાં એ પણ જોવાનું છે કે આંતરે ઉપવાસનું પારણું આવે એ પારણું કેવું ? ચાલું ભોજન કરતાં વિશેષ ? દૂધ-રાબડી-સૂંઠ-શીરો વગેરેનું ? ના, એવો ખર્ચ કરે ક્યાંથી ? કમાવાની શું શક્તિ નથી ? છે, પણ ઉપાધિ વધારવી નથી. એ તો ચાલુ સાદા ભોજનથી જ પારણું. તમે વર્ષીતપ કર્યો છે ? ક્યારેક ઉપવાસ આંબેલ

કરો છો ? એનું પારણું કેવું ? પુણિયો શ્રાવક-શ્રાવિકાને નજર સામે રાખવા જેવા છે. બાદશાહી પારણા વિના એકાંતર ઉપવાસથી એ કાંઈ વહેલા મરી નથી ગયા કે દૂબળા અશક્ત રોગી નથી થઈ ગયા. જમાનાનાં ઝેરથી બચવા જેવું છે.

**પુણિયો જિનભક્તિ કેમ બજાવે ? :-**

પુણિયો શ્રાવકે સાધર્મિક-ભક્તિનો તો રસ્તો કાઢ્યો પરંતુ જિનભક્તિનો ખર્ચ કેવી રીતે કાઢવો ? જિનભક્તિ તો કરવી જ છે, તો એના માટે ધંધો વધારી પૈસા કમાવવા ?

શ્રાદ્ધ વિધિ શાસ્ત્ર કહે છે કે નિર્ધન શ્રાવક સામાયિક લઈ મંદિરે જાય, ને ત્યાં જો દેખે કે કોઈ સ્થિતિ સંપન્ન શ્રાવક પૂજાની ભરચક સામગ્રી લઈને આવેલ છે, દા.ત. ભરપૂર ફૂલ, વરખ-બાદલું વગેરે; અને એનાથી પ્રભુને વિશિષ્ટ અંગરચના-આંગી કરવી છે, તો પેલો નિર્ધન શ્રાવક સામાયિક પારીને આંગી-અંગરચનાના કાર્યમાં મદદગાર થાય. એ રીતે જિનભક્તિ કરે. પુણિયા શ્રાવક માટે આવે છે ને કે **'જિમ પુણિયો શ્રાવક રે, ફૂલ પગર ભરે.'** પ્રભુની આગળ ફૂલવાડી રચવી હોય તો એમાં ડિઝાઈન પ્રમાણે ફૂલ ગોઠવવા પડે. એમ પ્રભુની પાછળ ફૂલની પિછવાઈ રચવી હોય તો એમાં ફૂલો ભાત પ્રમાણે ભરવા પડે. પુણિયો શ્રાવક આ કરતો, ને એ રીતે જિનભક્તિનું ભવ્ય કર્તવ્ય બજાવતો.

**બે ઘડી વિનાનું સામાયિક :-**

અહીં એક વાત સામાયિકની આવી એમાં મુંઝવણ કરવા જેવી નથી કે ' સામાયિક કેટલા ટાઈમનું ? ને ગમે તે અચોક્કસ ટાઈમે શી રીતે પાળી શકે ?' અહીં સમજવાનું છે કે આ સામાયિક બે ઘડીનું 'જાવ નિયમં પજ્જુવાસામિ' વાળું નહિ, કિન્તુ 'જાવ જિણંભાવેણ (ભાવત્થવેણં) પજ્જુવાસામિ'વાળું, કે એવું કાંઈક. એનો અર્થ એ કે 'જ્યાંસુધી હું જિનના ભાવસ્તવ યાને સ્તુતિ-ગુણગાનમાં રહું ત્યાંસુધી મારે સાવદ્ય યોગનો ત્યાગ.' 'અવદ્ય' એટલે હિંસાદિ પાપ. 'સાવદ્ય' એટલે હિંસાદિ-વાળાં યોગ યાને પ્રવૃત્તિ એનાં પચ્ચકખાણ, એનો ત્યાગ. જ્યારે પ્રભુનાં ગુણગાન માટે જ મંદિરે જવા ઘરેથી નીકળે છે, તો પછી રસ્તે જતાં કે મંદિરમાં રહ્યે હિંસાદિનું કાર્ય તો કરવું નથી, પછી એનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કેમ નહિ રાખવો ? એટલો સમય વિરતિનો લાભ ક્યાંથી ?

**સાધુ-ઉપાસના સુધી સામાયિક :-**

પંચાશક શાસ્ત્રની ટીકામાં આવે છે કે શ્રાવક સાધુ પાસે જાય ત્યારે સાધુના મુકામમાં પેસતાં આ પચ્ચકખાણ કરે 'કરેમિ ભંતે ! સામાઇયં; સાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવ સાહું પજ્જુવાસામિ...' અર્થાત્ 'હે ભગવંત ! હું સામાયિક કરું



છું. જ્યાંસુધી સાધુની ઉપાસનામાં છું ત્યાંસુધી મારે સાવદ્યયોગનું પચ્ચકખાણ અર્થાત્ પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ છે...' જુઓ, આમાં પણ એવું જ છે કે સાધુના સત્સંગમાં રહેવું છે એટલો કાળ વિરતિમાં શા માટે ન રહેવું ? ત્યાં કોઈ હિંસાદિ પાપ તો કરવા નથી. પછી શા માટે એની અવિરતિના પાપમાં જકડાયા રહેવું ? એના કામચલાઉ ત્યાગની પ્રતિજ્ઞા કરી લઈ અવિરતિમાંથી બહાર જ નીકળી જવું.

જોજો, પાપ આચરતા ન હો, પણ 'આચરવાનો ત્યાગ' એમ નિયમ નથી કર્યો તો મનમાં પાપ કરવાની છૂટ રહી. જો છૂટ ન રાખવી હોય તો બધા જ લઈ લે ને ? નિયમ પ્રતિજ્ઞા જ કરી લે ને ? પણ મનમાં ઊંડે ઊંડે ક્યાંક બેઠું હોય કે, 'આમ તો પાપ નહિ કરું; પણ નથી ને ક્યારેક પાપ કદાચ કરવું પડે તો એ બાધા હોય તો મુશ્કેલી પડે, માટે બાધા નહિ;' આમ મનમાં પાપ પ્રત્યે અપેક્ષાભાવ રહ્યો, કોઈક વાર માટે પણ પાપની છૂટ રાખી. જૈન શાસન આને પણ પાપ કહે છે, અવિરતિનું પાપ

**પાપ ૪ પ્રકારે,** મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ. પાપ સેવાય એ **આચરણનું પાપ, યોગનું પાપ.** પાપની છૂટ હોવી એ **અવિરતિનું પાપ.** પાપમાં વાંધો ન લાગે, પાપ ખોટું ન લાગે, એ મિથ્યાત્વ પાપ. પાપ અંગે રાગ-મદ-માયા વગેરે થાય એ કષાયપાપ.

જીવનમાં પાપને ઓળખતા રહેવાની જરૂર છે કે એમાં મિથ્યાત્વ છે ? અવિરતિ છે ? કેટલી છે ? કષાય છે ? કેટકેટલા છે ? વાણી-વિચાર-વર્તાવના યોગરૂપ-પ્રવૃત્તિ કેટલી ?

**અવિરતિના ધરખમ પાપપ્રવાહથી બચો :-**

અહીં અવિરતિની વાત છે. સાધુના સમાગમમાં સેવા-ઉપાસનામાં, એમની વાણી સાંભળવા બેસવું છે, તો પછી એટલો સમય ભલે કામચલાઉ પણ પાપ-ત્યાગની પ્રતિતા અર્થાત્ વિરતિ કાં ન કરી લેવી ? અવિરતિના ધરખમ પાપપ્રવાહથી કાં ન બચવું ? ધંધો-વેપાર-દુનિયાદારી, ચૂલો હોલો-પૈસા ટકા બધું જ પાપ છે. સાધુ પાસે બેઠો ત્યાંસુધી એનો કામચલાઉ ત્યાગ કર્યો એ અવિરતિમાંથી છૂટ્યા, વિરતિમાં આવ્યા. આનો એ પણ લાભ છે કે મન પર આ ભાવ આવે કે 'આ બધાં પાપ છે, એ ત્યાજ્ય છે.' આમ આત્મામાં વારંવાર આ સંસ્કાર પડ્યા કરે કે 'આ પાપ છે, ને એનાથી છૂટવા જેવું છે.' એવા એકત્રિત કરેલા સંસ્કાર એક દિવસે વીર્યોલ્લાસ પ્રગટાવી દે, તો જીવનભર માટે પાપનો ત્યાગ થઈ જાય.

જ્યાંસુધી સાધુના મુકામમાં સાધુ મહારાજની ઉપાસનામાં છું, જ્યાંસુધી મંદિરમાં જિનગુણગાન કરું છું, ત્યાંસુધી પાપવ્યાપારના ત્યાગનાં પચ્ચક્ખાણ, એ

શું સૂચવે છે ? આ જ, કે જીવે બને ત્યાં ત્યાં બને એટલું વિરતિમાં રહેવું.

**ભાવ-આરોગ્યની જરૂર :-**

સાધુસમાગમમાં કે જિનગુણગાનમાં રહ્યો એ શુભ યોગ છે, શુભ પ્રવૃત્તિ છે, પરંતુ એટલેથી બસ નથી. સાથે પાપથી નિવૃત્તિની જરૂર છે, અર્થાત્ અવિરતિ પાપના ત્યાગની પણ જરૂર છે. રોગમાં દવા-અનુપાનની જરૂર છે. એમ કુપથ્યત્યાગની પણ જરૂર રહે છે. આત્માનો મહારોગ-કર્મરોગ કાઢવા અને પાપનિવૃત્તિરૂપ ભાવ-આરોગ્ય લાવવા માટે જેમ શુભ પ્રવૃત્તિની આવશ્યક્તા છે, એમ અશુભના ત્યાગની પણ એટલી જ આવશ્યક્તા છે. એ કામ વિરતિથી થાય. સામાયિકથી થાય.

પુણિયો શ્રાવક આ વિરતિ અને સામાયિક-સમભાવનું ઊંચુ મહત્ત્વ સમજે છે, તેથી પ્રભુભક્તિના ખર્ચ માટે વધારે ધંધાનું પાપ કરવાનો મોખ નથી. પ્રભુભક્તિ તો બીજા સાધન-સંપન્ન માણસ સામગ્રી લઈને આવ્યા હોય એમને પ્રભુની અંગરચના કરવામાં સહાયક બનીને કરે છે, ફૂલના પગર ભરે છે; ને ધંધાનો સમય બચ્યો એમાં સામાયિક કરે છે. આવા મોટી ઉપાધિના ત્યાગ સાથે, સહેજ પણ પાપ-ધંધાની વૃદ્ધિના ભય સાથે, તથા દુન્યવી જંજાળના કે આડાઅવળા વિકલ્પ વિના જે સામાયિક કરાય એ કેટલું ઊંચુ સામાયિક ? ભગવાને પુણિયાના સામાયિકના ગુણ ગાયા, એના એકેક સામાયિકના ફળને અમૂલ્ય અગણ્ય કહ્યું.

રાજા શ્રેણિકે પૂછ્યું ને ? 'પ્રભુ ! મારી નરક કેમ મીટે ?'

પ્રભુ કહે, 'તું પુણિયાના એક સામાયિકનું ફળ મેળવે તો તારી નરક મીટે ?'

રાજા ઊપડ્યો પુણિયા પાસે. જઈને એના એક સામાયિકનું ફળ માગે છે, ત્યારે પુણિયો શ્રાવક કહે, 'મારે તો ઘણાં સામાયિકનાં ફળનો ભંડાર ભરેલો છે. એમાંથી એક સામાયિકનું કેટલું ફળ કાઢી આપવું,

પ્રભુને જરા પૂછી લાવો.'

શ્રેણિક જાય છે, જગદ્‌ગુરુ શ્રીમહાવીર પરમાત્માને જઈને પૂછે છે, 'ભગવન્ ! પુણિયાના એક સામાયિકનું ફળ કેટલું ?'

**સામાયિકનું મોટું ફળ ચિત્તવિશુદ્ધિ :-**

પ્રભુ શું કહે ? આટલા પલ્યોપમનું સ્વર્ગનું પુણ્ય ? ના, માત્ર એટલું ફળ નથી ને ? મોટું ફળ તો આત્માની જે વિશુદ્ધિ થઈ, અધ્યવસાયની-પરિણતિની વિશુદ્ધિ થઈ એ છે. એ શી રીતે આંકડામાં મૂકાય ? ને શી રીતે એને શ્રેણિક પોતાના આત્મામાં ઉતારી શકે ?

ત્યારે વિચારો આવા પુણિયા શ્રાવક જેવા કેવા મહાન પૂર્વજ તમને મળ્યા છે ? એમનું આલંબન લેવું છે ? આલંબન લઈ કાંઈ નક્કર આત્મહિત કરવું છે ?



બ્રાહ્મણ ઈન્દ્રભૂતિ ગૌતમની તત્ત્વભૂખ, તીર્થંકર પરમાત્મા મળ્યાની કદર, ભદ્રકતા અને ભદ્રદર્શિતાની વાત આવી કે એમની કેવી ઉત્તમતા કે ઝટ ત્યાં ને ત્યાં જ સંસાર ત્યજી પ્રભુનાં ચરણે શિષ્ય બની બેસે છે, ત્યારે તમારે ઈસ્યુ બચાવ ધરવો છે કે 'બધા ગૌતમ થોડા જ હોય ?' પરંતુ ચાલો એ નહિ સહી, પણ આવા પુણિયા શ્રાવક જેવાનું ય આલંબન મળે છે ને ? લ્યો એમાં સંસાર છોડવાની વાત તો નથી ને ? એમનું આલંબન લેવું છે ? એ સાધુ નથી થયા છતાં પૈસાની ભૂખને બદલે એમને તત્ત્વની-ધર્મની ભૂખ કેવી ? રંગરાગને બદલે પરમાત્માની કદર કેવી ? દુન્યવી સુખદર્શિતાને સ્થાને ભદ્રદર્શિતા-કલ્યાણદર્શિતા કેવી ?

**ભદ્રદર્શિતા અને સુદર્શન**

ભદ્રદર્શિતા સમજો છો ? ભદ્ર એટલે કલ્યાણ **'ભદ્રદર્શિતા' એટલે કલ્યાણદર્શિતા; અર્થાત્ દરેક વાતમાં કલ્યાણ તરફ દૃષ્ટિ હોય એ ભદ્રદર્શિતા.** આ એક મહાનગુણ છે. એથી માણસને ગમે તેવા દુઃખદ પ્રસંગમાં ય દુઃખ માનવાનું રહેતું નથી, આર્તધ્યાન કરવાનું રહેતું નથી. વસ્તુને પ્રસંગને કલ્યાણ દૃષ્ટિથી જોતાં આવડવું જોઈએ. સુખના પ્રસંગમાં પણ એ મન નહિ બગાડે, પાપવિચાર નહિ કરે, છકી જઈ અભિમાનમાં નહિ ચડે,

માનો કે પ્રારબ્ધ ખૂલી ગયું ને સારા પૈસા મળી ગયા, તો ભદ્રદર્શી એ જોશે કે 'આ મારી વડાઈ નથી, પૂર્વ ભવે પરમાત્માભક્તિ કરી હશે એની વડાઈ છે. માટે **પ્રભુભક્તિના આ માલમાં પ્રભુભક્તિની ખૂબ અનુકૂળતાઓ જોઉં; આ માલથી વિવિધ પ્રભુભક્તિ કરું.'**

વળી ભદ્રદર્શી આત્મા એ જુએ કે 'પૈસા મળ્યામાં મારી મારા આત્માની કોઈ વડાઈ નથી. લોક ભલે વડાઈ માને; કેમકે લોક માત્ર બહારને જુએ છે. અંદરના આત્માને નહિ; એટલે એ બહારનું સારું જોઈ વડાઈ માને, પણ એવા લોકના જોવા પર મારા આત્માનું કશું ભલું થાય નહિ. એટલે

**પૈસામાં મારા આત્માની વડાઈ નહિ, પણ આત્માને નિર્મળ અધ્યવસાયમાં રાખું એમાં વડાઈ.**

એ માટે પરમાર્થ-પરોપકાર, સારા આચાર, અનુષ્ઠાન, અને વ્રત-નિયમમાં રાખું, એમાં મારા આત્માની વડાઈ. તેથી પૈસા આવવા પર પણ મારે તો આ જ સાચવવાનું.

પૂર્વના દાખલા જુઓ, રાજા કુમારપાળ, મંત્રી વસ્તુપાળ-વિમળશા, પેથડશા, ધરણશા, જગડુશા, વગેરે પાસે ધન આવ્યું તો એના પર એ કેવા ભદ્રદર્શી-કલ્યાણદર્શી બન્યા, ને એમણે કેવા ભગીરથ સુકૃત કર્યા.

**રાજા કુમારપાળની ભદ્રદર્શિતા :-**

રાજા કુમારપાળ અઢાર દેશના સમ્રાટ બન્યા પછી એ સંપત્તિ પર કેવા ભદ્રદર્શી બન્યા ? પહેલું તો જોરદાર સમ્યગ્દર્શન સહિત શ્રાવકના કડક બાર વ્રત લેનારા બન્યા. પછી અદ્‌ભુત જીવદયા પ્રતિપાલક અને પરનારીસહોદર થયા. પ્રજાના આત્મહિત-ચિંતક બની પોતાના અઢાર દેશમાંથી જુગાર-શિકાર-માંસાહાર-મદિરા-ચોરી અને પરસ્ત્રી-વેશ્યા એ સાત વ્યસનને દેશવટો દેવરાવ્યો. અઢાર દેશના મોટા સામ્રાજ્યમાં કાયમી અમારિપ્રવર્તન કરાવ્યું.

એ કેવા ભદ્રદર્શી ! સિદ્ધગિરિનો એવો મહાન સંઘ કાઢ્યો કે જેમાં ૧૮૦૦ તો જિનમંદિરો રાખવા પડેલા. ત્યારે એમાં યાત્રિકો કેટલા ? અને બીજી સગવડો કેટલી બધી ? કલ્યાણદર્શિતા વિના આ બને, કુમારપાળ રાજાએ કેટલાય તો જિનમંદિરો બંધાવ્યા, જ્ઞાનભંડારો ઊભા કર્યા. દર વર્ષે એ એક ક્રોડ રૂપિયા સાધર્મિક ઉદ્ધારમાં ખરચતા ! ક્રોડો રૂપિયાની અ-પુત્રિયા મરનારની સંપત્તિ જતી કરી !

કેવી ભદ્રદર્શિતા ! અઢળક વૈભવ અને વિલાસસાધનો છતાં એમાં ભોગદૃષ્ટિ ન રાખતાં વૈરાગ્યદૃષ્ટિની કલ્યાણદર્શિતા રાખી દર ચોમાસા આખામાં હંમેશા એકાશન, તેમાં ય પાંચ વિગઈઓનો ત્યાગ, ઉપરાંત રોજ લીલોતરીનો સર્વથા ત્યાગ, ચારે માસ બ્રહ્મચર્ય, ત્રિકાળ જિનભક્તિ, વગેરે મોક્ષમાર્ગની શુદ્ધ આરાધના કરતા.

**ભદ્રદર્શિતાને બદલે ભોગદર્શિતા હોય તો ચોમાસાની આ આરાધના ક્યાંથી બને ?**

૧૮ દેશની ઠકુરાઈમાં આ બધું બનવું સહેલું છે.

બોલો ને તમને એની અપેક્ષાએ કેટલું અને કેવું મળ્યું છે ? ઠીકરા જેવું ને ? છતાં જીવ એ ઠીકરા ચાટવામાંથી ઊંચો નથી આવતો !

બોલો, ચોમાસાના ચારે મહિના એકાસણાં ખરાં ? અરે બેસણાં ? અરે ! ચોમાસાના ૪ મહિના નવકારશી બંધ ને રોજ છૂટી પોરિસી પણ ખરી ? લીલોતરી ચારે માસ બંધ ? પાંચ નહિ તો ચાર, ચાર નહિ તો ત્રણ વિગઈઓ પણ બંધ ખરી ? ચારે મહિના બ્રહ્મચર્ય ખરું ?

કેમ આવી કોઈ નક્કર સાધના નહિ ? ઠીકરાં ચાટવાનાં રહી જાય ને ? આમાં મળેલી સામગ્રી પર ભદ્રદર્શિતા-કલ્યાણદર્શિતા ક્યાં રહી ? ત્યારે કુમારપાળની માફક અનેક પ્રકારના પરમાર્થ-સુકૃતો કરવાની વાત આવે ત્યાં તો એમજ લાગે ને કે અમારી પાસે એવું ધન જ ક્યાં છે ?

અરે ! કુમારપાળે સત્તા ધન અને સમજુતીના જોરે આખા સામ્રાજ્યમાંથી સાતેય વ્યસનોને રવાના કરાવ્યા, તો તમે માત્ર તમારા છોકરાને ય સાતેમાંથી એક



પણ વ્યસન ન સ્પર્શે એવું કર્યું છે ? ના, કેટલાય બાપ એવા છે કે એના દીકરા ભલે ને જુગારી હોય, યા પરસ્ત્રીગામી બન્યા હોય, કે અનીતિ ખોર, યા અભક્ષ્ય-ખાઉ કે ધર્મહીન હોય, તો ય એમણે એને મોટી મૂડી આપવાનું નક્કી રાખ્યું છે ! આ ભદ્રદર્શિતા ? કે અભદ્રદર્શિતા ? મનને શું એમ થતું નથી કે 'અરે ! પાપ કરી કરીને તો મેં પૈસા ભેગા કર્યા, તે હવે પાપી છોકરાના હાથમાં બધા જ મૂકી એ પૈસા એકલા પાપમાં કામે લાગતા જાય એ રીતે એને છોડી જાઉં ? આમાં મેં મારું ય કલ્યાણ શું જોયું ? ને દીકરાનું ય કલ્યાણ શું જોયું ? એના કરતાં, લાવ, પૈસાને શાસનની સેવામાં, ધર્મક્ષેત્રોનાં પોષણમાં અને મારા આત્મહિતની પ્રવૃત્તિમાં કાં ન લગાડતો રહું ?'

ભદ્રદર્શિતા-કલ્યાણદર્શિતા એટલે કે કલ્યાણ તરફ જ દૃષ્ટિ. એ જીવનમાં મોટો દીવો છે. એ હોય એટલે ઠામઠામ એ પ્રકાશ આપ્યા કરે, ઠેકાણે ઠેકાણે કલ્યાણ તરફ વાણી-વિચાર-વર્તાવનો ઝુકાવ રખાયા કરે. પાડોશી વાંકો છે, ખોટી કનડગત કરે છે, ત્યાં કલ્યાણદર્શિતા એના પ્રત્યે દિલમાં દયા લાવે કે 'બિચારો દુષ્ટ કર્મોથી પીડાઈ રહ્યો છે, દયાપાત્ર છે !' કલ્યાણદર્શિતા ન હોય તો એના પ્રત્યે દિલમાં દ્વેષ જ દ્વેષ, અને મોંઢે નિંદા જ નિંદા લાવ્યા કરે. વિચારજો તમને આવા કોઈ વાંકા માણસ જોવા મળ્યા હોય, અરે તમારે એવા સાથે કશો સંબંધ પણ ન હોય, છતાં એના પ્રત્યે દિલમાં દ્વેષ આવ્યા કરે છે ? એની નિંદા જ નિંદા કર્યા કરાય છે ? તો નીતરતી દયાના જ વિચાર અને ઉદ્‌ગાર નીકળે ? આપણામાં ભદ્રદર્શિતા-કલ્યાણદર્શિતા કેવી છે એનું આવા આવા પ્રસંગમાંથી માપ કાઢી શકીએ છીએ,

**ભદ્રદર્શિતા આત્માના લાભનું જ જોવરાવે.**

**જુઓ રાજા દર્શાણભદ્ર** પોતાના મનથી કોઈએ ન સજર્યો હોય એવો ઠાઠ માનીને શ્રીમહાવીરપ્રભુને વંદન કરવા નીકળ્યો છે. પાંચસો હાથીઓ એ પ્રમાણમાં ઘોડાઓ, રથ, લહાવ-લશ્કર, બેંડ વાજિંત્રો, આખા નગર અને રસ્તાના શણગાર, વગેરે અવ્વલ કોટિની સજાવટ સાથે નીકળ્યો છે. પણ નગરની બહાર આવતાં જ્યાં ઊંચે આકાશમાં જુએ છે તો ઇંદ્ર કોઈ ઓર જ ભપકો કરીને નીચે પ્રભુનાં સમવસરણ તરફ ઊતરી રહ્યો છે !

**ઈંદ્રના ૬૪૦૦૦ હાથીનો ઠાઠ :-**

કેમ એમ ? ઈંદ્રને લાગ્યું કે "આ દશાર્ણભદ્ર રાજા 'કોઈએ ન કર્યો હોય એવો ભક્તિ-ઠાઠ કરીને પ્રભુને વંદન કરવા જાઉં એવું ખોટું અભિમાન કરી પ્રભુની આશાતના કરી રહ્યો છે, પ્રભુનું ગૌરવ હણી રહ્યો છે. કેમ જાણે પોતાનાથી વધુ સારી ભક્તિ કરનારા ભક્ત પ્રભુને મળ્યા જ નથી કે મળતા જ નથી ! માટે લાવ એને જરા દેખાડું કે આ તો એ ત્રિભુવનગુરુ છે કે જેમને ભલભલાને મહાત કરે એવા ભક્તો મળ્યા

છે.'' આમ ઈન્દ્રે વિચારી દશાર્ણભદ્રનું અભિમાન ઉતારવા ઠાઠ કર્યો.

**ઈન્દ્રનો ઠાઠ :-**

મોટા ૬૪૦૦૦ હાથી વિકુર્વ્યા. હાથી ય કેવા ? કાળા બુધા જેવા નહિ, સફેદ રૂના ગાભલા જેવા. પાછા એકેક હાથીને ૮-૮ મોં, ૮-૮ સૂંઢ ! એ એકેકી સૂંઢને ૮-૮ મોટા સીધા દંતુશળ ! એ એકેકા દંતુશળ પર ૮-૮ મોટી વાવડીઓ ! એમાંની ૧-૧ વાવડીમાં ૮-૮ કમળ. એ કમળ પણ નાનાસૂનાં નહિ; એકેકા કમળને લાખ લાખ પાંખડી ! તોય એવી મોટી કે એકેકી પાંખડી પર દેવદેવી નૃત્ય કરે છે ! લાખ પાંખડી ઉપર લાખ દેવદેવીનાં નાચ ! આવું આઠે કમળે. એવું આઠેય વાવડીમાં એવી વાવડીઓ ૧-૧ દંતુશળ પર આઠ-આઠ ! એવા ૮-૮ દંતુશળ એકેક હાથીને ! ત્યારે હાથી એટલા મોટા કે જેના દંતુશળો પર આ ઠાઠ ? એવા મોટા દંતુશળના પ્રમાણમાં સૂંઢ અને એના પ્રમાણમાં હાથી ય જંગી મોટા હોય ને ? દરેક હાથીની દરેક વાવડીના દરેક દરેક કમળની મધ્ય કર્ણિકામાં ઈન્દ્રે પોતાનું રૂપ ગોઠવ્યું છે. ત્યારે એકેક હાથી પર ઈન્દ્ર કેટલા ? ઈન્દ્રના રૂપો કેટલાં ? કહો ૮X૮X૮=૫૧૨ એ દરેક ઈન્દ્રની ચારેબાજુ લાખ પાંખડી પર દેવ-દેવી નૃત્ય કરી રહેલા. એટલે એકેકા હાથી ઉપર ૫ ક્રોડ ૧૨ લાખ દેવતા અને દેવી નૃત્ય કરતા ગોઠવાયેલા ! આ હિસાબે ૧-૧ હાથી કેટલો મોટો ? એવા ૬૪૦૦૦ હાથી ! એના એકેક પર ૫૧૨ ઈન્દ્ર; તો કુલ ઈન્દ્ર કેટલા ? ૩,૨૭,૬૮૦૦ ત્રણ ક્રોડ સત્તાવીસ લાખ અડસઠહજાર ઈન્દ્ર. એ દરેકને નાચતા લાખ દેવ-દેવીનો પરિવાર ! એટલે કુલ દેવદેવી ૩૨૭૬ અબજ ૮૦ ક્રોડ !

હવે કહો, આ સરંજામ આકાશમાંથી નીચે ઊતરતો દેખાય, ત્યાં દશાણભદ્ર રાજાને શું લાગે ? જો એ ભદ્રદર્શીને બદલે અભદ્રદર્શી હોત, તો એને અપમાન લાગત, 'અરે ! ઈન્દ્રે પૂર્વે કોઈવાર આવી રીતે વંદન કરવા આવ્યાનું સાંભળ્યું નથી. તો આજે આ આમ આવી રહ્યો છે એ ચોક્કસ મારું અપમાન કરવા જ. શું એની પાસે દેવતાઈ શક્તિ છે એટલે એ એવી શક્તિ વિનાના અમારું અપમાન કરવાનું ? ભલે કરે, પણ મનુષ્યોના પંક્તિમાં તો હું જ શ્રેષ્ઠ છું કોઈ મનુષ્યે મારા જેવા ઠાઠથી પ્રભુને વંદન કરવા આવ્યાનું નહિ કર્યું હોય.' આમ એકબાજુ અપમાનની લાગણી ને બીજી બાજુ અભિમાન ઊભું રાખ્યું હોત. અથવા માત્ર દીનતા ધરી હોય કે 'ભાઈ ! ઈન્દ્ર આગળ આપણે શું કરી શકીએ ?'

પરંતુ દશાણભદ્ર રાજા અભદ્રદર્શી-અકલ્યાણદર્શી નથી, તે આમાંનું કશું કરતા નથી અપમાન લાગવું, છતાં અભિમાન ઊભું રહેવું યા દીનતા આવી જવી, એ બધા અભદ્રદર્શિતા-અકલ્યાણ દૃષ્ટિનાં લક્ષણ છે.

**પ્ર.- દીનતામાં અભદ્રદર્શિતા ? અકલ્યાણ દૃષ્ટિ ?**



ઉ.- હા, દીનતા એ ભવાભિનંદી જીવનો દુર્ગુણ કહ્યો છે મનને ઓછું આવે, નિરાશા-હતાશા થાય, એ કાંઈ આત્માની ઉજ્જવળતા-ઉજમાળતા નથી, પણ કાળાશ છે, મલિનતા છે. બાહ્ય પદાર્થ અંગે દીનતા શી કરવી ? બીજાના કરતાં આપણી પાસે ધન-માલ-સન્માન ઓછા મળ્યા હોય ત્યાં તો મનને થવું જોઈએ કે; ભલે આ ન્યૂનતા હોય; એમાં કાંઈ આત્માની નાલેશી નથી. એ તો પુણ્ય-પાપના ખેલ છે. મારી પાસે જે શાસન છે, ધર્મ છે, પરમાત્મા મળ્યા છે એ મારે મોટો અને સદ્ધર વૈભવ છે. એથી હું સાચો મહાશ્રીમંત છું. તો શા સારુ બહારના તકલેદી-મુફલીસ પદાર્થ પર ન્યૂનતાનો હિસાબ માંડી દીન થાઉં ? દુઃખી થાઉં ?' ભદ્રદર્શિતા-ગુણ હોય તો આ ઊજળો ભાવ રહે.

દશાર્ણભદ્ર ભદ્રદર્શી હતા. તેથી એમણે તરત વિચાર્યું કે 'અહો ! મેં ખોટું અભિમાન કર્યું પ્રભુને શું ઊંચો શ્રેષ્ઠ ભક્ત હું એક જ મળ્યો હતો ? આવા ઈન્દ્ર જેવા તો કેઈ ઊંચા ભક્તો પ્રભુને છે. પ્રભુનું ગૌરવ હેઠું ઉતારવાનો મેં બાલિશ વિચાર કર્યો. એમાં પ્રભુનું મેં અપમાન કર્યું. મારે (૧) એક તો એનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. વળી (૨) બીજું એ, કે મેં જે સંકલ્પ કરેલો કે પ્રભુને કોઈએ જે ભક્તિથી વંદન ન કર્યું હોય એવી ભક્તિથી હું વંદન કરું એ સંકલ્પ પણ કેવી રીતે પાર પાડવો એ પણ પ્રશ્ન છે; પાર તો પાડવો જ જોઈએ.'

**બસ, ભદ્રદર્શિતા (૧) પાપનાં પશ્ચાત્તાપ તથા પ્રાયશ્ચિત્તનો વિચાર અને (૨) શુભ સંકલ્પ-પ્રતિજ્ઞાનાં પાલનનો નિર્ધાર લાવે છે.**

અભદ્રદર્શિને પાપની કશી અફસોસી ય નહિ, ને કદાચ અફસોસી થઈ તો ય સ્વાભિમાન આદિ કારણે ગુરુને જઈને એ પાપ યશાસ્થિત કહેવાની તેમજ પ્રાયશ્ચિત્ત લેવા-કરવાની કોઈ વાતે ય નહિ. જીવન કેવું જીવાઈ રહ્યું છે, કલ્યાણદર્શી-ભદ્રદર્શી ? કે અભદ્રદર્શી ? એ વિચારજો અભદ્રદર્શી જીવન પોતાને જ ભારે પડવાનું છે, તેમજ એમાં સુધારો કોઈ બીજો આવીને નહિ કરી શકે. જ્યાં પોતાને ભદ્રદર્શી થવું જ નથી, પછી મોટા તીર્થંકર ભગવાને ય એને શું સુધારી શકે ?

જમાલિ ખુદ મહાવીર ભગવાનનો શિષ્ય, વળી પૂર્વનો એ પ્રભુનો ભાણેજ અને જમાઈ. છતાં જો એ પાછળથી અભદ્રદર્શી બન્યો, તો ખુદ મહાવીર પ્રભુ એને સુધારી શક્યા નહિ; સુધરવાને યોગ્ય જ ન દેખ્યો...

**મેઘકુમાર અભદ્રદર્શી બનેલા :-**

ત્યારે, મેઘકુમાર મુનિ અભદ્રદર્શી બનેલા ખરા, કેમકે રાતના એમના છેલ્લા સંથારામાં જતા આવતા મુનિઓના પગની રજ ખરતી ખરતી સંથારામાં ધૂળ ભરાઈ ગયેલી, તે એના પર મેઘકુમાર મુનિને વિચાર આવેલો કે 'હાય ! આ કેમ સહન

થાય ? દીક્ષા પહેલાં મને આ મુનિઓ સારી રીતે બોલાવતા, પણ દીક્ષા લીધા પછી મને સારો બોલાવવાનું તો ઘેર ગયું, પરંતુ સંથારો ય ચોક્ખો નથી રહેવા દેતા ? ક્યાં ગઈ રાત સુધી મારું ફૂલની શય્યામાં સૂવાનું ? ને ક્યાં આ ધૂલીલૂઠન મારાથી આ કાંઈ જિંદગીભર પળે નહિ. હું તો સવારે પ્રભુને કહીને ઘેર જઈશ.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''** **વર્ષ-૨૨,અંક-૨૮,તા.૬-૪-૧૯૭૪**

મેઘકુમાર મુનિનો આ વિચાર અભદ્રદર્શિતાના ઘરનો હતો, કેમકે એમાં માત્ર શરીરની અનુકૂળતાના ઘરનો જ વિચાર આવ્યો; આત્માને શું અનુકૂળ શું હિતકર. એ દૃષ્ટિ જ ન રહી. નહિતર તો એ જોવત કે 'અહો ! સંયમી બ્રહ્મચારી મહાત્માઓના પવિત્ર ચરણે સ્પર્શેલી માટે પાવન થઈ પાવન કરનારી રજનો મને સંપર્ક મળ્યો એ મારું અહોભાગ્ય ! એથી મારી મોહરજ-અસંયમરજ અને કર્મરજ દૂર થઈ થશે ?'

ધૂળ આપણા શરીરને ખૂંચે એ આપણે જોઈએ છીએ પણ એની ગ્લાનિ આત્માને ખૂંચે એ જોતા નથી. ધૂળ હોય એથી આત્માને ખેદ થાય, દુર્ધ્યાન થાય, એ આત્મા માટે બંધસ્થાન થયું. એ આત્માને ખૂંચે, ધૂળ ન હોય ને મુલાયમતા હોય એ રાગ કરાવી ને આત્માને પાપબંધ દ્વારા ખૂંચે, એ નથી જોવું.

**શરીરને જ 'ફાવે ન ફાવે' જોવાનું ને આત્માનું ભલું બૂરું નહિ જોવાનું ! તે આપણે આસ્તિક છીએ ? કે નાસ્તિક ?**

**પ્ર.**- આપણે તો આત્માને માનીએ છીએ એટલે નાસ્તિક શાના ?

ઉ.- એ માનવાનો કોઈ ભારબોજ માથે ખરો ? ઉલ્લંઠ છોકરો ય કહે છે, 'મારા બાપને બાપ માનું છું;' પણ બાપનું એ કશું માન નથી જાળવતો, અપમાન કરે છે, બાપની આજ્ઞા નથી પાળતો, સેવા-ભક્તિ નથી કરતો; તો એણે બાપને માન્યા કહેવાય ? બાપને બાપ માનવાનો કોઈ ભારબોજ હોય કે નહિ ? એવી રીતે પોતાની જાતને શરીર નહિ પણ આત્મા તરીકે માનવાનો કોઈ ભારબોજ માથે હોય કે નહિ ? હોય તો એકલું શરીરનું જ ફાવતું-ન-ફાવતું જોવાનું હોય ? કે આત્માનું ભલું-બૂરું જોવાપણું રહે ?

કોઈએ જરાક ભારે બોલ કહ્યો એટલે ચડભડ્યા. કેમ ? કાનને શરીરને કર્કશ લાગ્યું માટે. અલ્યા ! પણ આ ચડભડીને આત્મામાં ગુસ્સો-અભિમાન ઊભા કર્યા એ આત્માને કર્કશ ક્યારે લગાડીશ ? એના કુસંસ્કાર અને પાપકર્મના બંધ વધશે એ તને ભવિષ્યમાં પજવશે માટે ભારે કર્કશ એ કેમ નથી જોતો ? મીઠો સત્કાર-સન્માનનો શબ્દ કાનને મુલાયમ લાગે છે, પણ 'કડવા ભારે શબ્દમાં આત્મા



ક્ષમા-સમતા-આનંદ રાખે એ આત્માને ભારે મુલાયમ છે,' એ આસ્તિક નહિ જુએ, તો કોણ નાસ્તિક જોવાનો છે ?

જાતનું એટલે કે શરીરનું ઊંચું રાખવા જેની તેની સાથે ચડભડે છે, જેને ને તેને દબાવે છે, પણ એમાં આત્માનું કેટલું વટાઈ રહ્યું છે ? કેવો એ અભિમાનના ગર્તામાં પડે છે. ભવાંતરને એ ભારે કરી રહ્યો છે, આત્માને તામસભાવમાં ઘસડી કેવો અધમ બનાવી રહ્યો છે, એ ક્યાં જોવાનું ?

**શું પુણ્યાઈ મળેલીનો આ જ ઉપયોગ કે શરીરનું ઊંચું ને સારું સારું રાખવાનું ને આત્માનું વાટી નાખવાનું ?**

સમાજમાં જુઓ કે આજે કેટલી હોંશાતોંશી ને કેટલી જોહુકમી ચાલી રહી છે ? ભાઈ-ભાઈ લડે છે. ઘરનો વડેરો નાનડિયા પર, ને વેપારી નોકર પર, તેમજ મંદિર-ઉપાશ્રય કે સંઘના ટ્રસ્ટી-કારભારી યા સરકારી અમલદાર જનતા પર કેટલો રોફ બજાવી રહ્યા છે ? શું આ બધા ભદ્રદર્શી છે ? આસ્તિક છે ? જીવન અને સ્થાન કેટલું સરસ મળ્યું છે, કે ભદ્રદર્શી બન્યા રહીને એમાંથી લખલૂટ આત્મલાભ ઉઠાવી શકે ! પરનું ભલું અને પોતાનું ભલું કરી શકે ! નમ્રતા-સહાનુભૂતિ-ભક્તિભાવ વગેરે કેટલાય ઉત્તમ ગુણ કેળવી શકે ! પણ દૃષ્ટિ જ શરીરને મળતા માનપાન ઉપર; એટલે કે અભદ્રની દૃષ્ટિ, એ આ ક્યાંથી પામે ?

મેઘકુમાર મુનિ ભદ્રદર્શી બનીને રાજાશાહી સુખોમાં આત્માનું કલ્યાણ ન જોતાં ચારિત્રમાર્ગે ચડેલા. પણ પહેલી જ રાતે સંથારો મુનિઓના પગની રજની ધૂળભર્યો થવાથી એમાં અભદ્રદર્શી બન્યા, પ્રભુને કહી ઘરે પાછા જવાનો વિચાર કર્યો, અને સવારે પ્રભુ પાસે કહેવા માટે આવ્યા. અહીં જોજો પોતાને અભદ્રદર્શી જ બન્યા રહેવાનો નિર્ધાર નહોતો, તેથી પ્રભુએ એમની લાયકાત જોઈ સમજાવ્યા, તો પાછા ભદ્રદર્શી બન્યા, ને ચારિત્રમાં સ્થિર થઈ ગયા. જાતે ભદ્રદર્શી બનવું જ ન હોય, ભદ્રદર્શી ન જ બનવાનો નિર્ધાર હોય તો કોઈ ભદ્રદર્શી બનાવી શકે નહિ.

**મેઘકુમાર મુનિને પ્રભુએ શું સમજાવ્યું ? :-**

ત્રિભુવનદયાળુ શ્રીમહાવીર પ્રભુએ એમને શું સમજાવી ભદ્રદર્શી બનાવ્યા ? આ, કે ''હે મહાનુભાવ ! તેં રાતના દુર્ધ્યાન કર્યું, ખોટું ચિંતવ્યું. તે માત્ર શરીરની સુખાકારિતા જોઈ, પરંતુ આત્માની સુખાકારિતા ન જોઈ'' એ જોઈ હોત તો તને લાગત કે 'અહો ! મુનિઓની ચરણરજની મારો આત્મા પવિત્ર થઈ જશે, મારી કર્મરજ-મોહરજ ઊખડી જશે. વળી શરીર પાસે પરિસહ સહન કરાવવાથી આત્માને સંવરધર્મનો લાભ થશે.'

''હે ભાગ્યવાન ! તને કદાચ લાગશે કે 'આવાં કષ્ટ વેઠીને લાભ થાય ?

પરંતુ તું એ જો, કે પૂર્વભવમાં તું હાથી હતો અને તેં દાવાનળથી બચવા માટે પૂર્વે ઘાસ-અંકુર-વનસ્પતિ વિનાનું જમીનનું મોટું માંડલું તૈયાર કરેલું, તેથી દાવાનળ એમાં આવી શકે નહિ, ને તું એટલી જગામાં સુખેથી હરીફરી શકે. પરંતુ દાવાનળ લાગતાં તો તારી સાથે જંગલમાં બીજા પ્રાણીઓ પણ એટલા બધા આવી ભરાયા કે માંડલું ચિક્કાર ભરાઈ ગયું. તે તારા શરીરની નીચે પણ નાના પશુઓ અને પગની ચારે બાજુ ય નાના પ્રાણીઓ ભીડાભીડ ગોઠવાઈ ગયા. તારે હરવા ફરવાનું તો શું, પણ પગને થોડા આઘાપાછા કરવાની ય જગા ન રહી. તારે એમજ કાઉસ્સગ્ગ ધ્યાનની જેમ સ્થિર પગે ભૂખ્યા ને તરસ્યા અક્કડ ઊભા રહેવું પડ્યું. આટલું કષ્ટ છતાં અને તું મોટી જંગી કાયાનું પ્રાણી છતાં તેં કોઈ નાના સસલા જેવા પ્રાણીને પણ ત્યાંથી હાંકી કાઢ્યા નહિ. કારણ ? એ જીવો પ્રત્યે તારા આત્મામાં દયાભાવ રહેલો. અજ્ઞાન તિર્યંચના ભવે તને પ્રાણીઓ પ્રત્યે એ દયા ! ને આ સજ્ઞાન મનુષ્યભવે તને મુનિઓ પ્રત્યે ભક્તિભાવ નહિ ?

આ કષ્ટ તો શું છે ? હજી આગળ જો. એ હાથીના અવતારે ત્યાં દાવાનળ વખતે તને શરીરે ખણજ આવતાં એક પગ ઉપાડી તું ખણવા ગયો, એમાં એક ભિચડાઈ ગયેલો સસલો તારા ઉપાડેલા પગની ખાલી જગામાં ગોઠવાઈ ગયો. તું જેવો પગ મૂકવા નીચે જુએ છે તો ત્યાં સસલો ગોઠવાઈ ગયેલો જોઈ તને એની દયા આવી ગઈ, ને એ કચરાઈ ન જાય એ માટે તેં તારા પગ એમજ અદ્ધર રાખ્યો, પણ જમીન પર ન મૂક્યો. આ કેવી સુંદર તારી જીવ પર દયાની લાગણી ! તેં કષ્ટ એટલું બધું સહ્યું ? દયા ખાતર તેં તારો પગ એમજ અદ્ધર રાખ્યો, પણ જમીન પર ન મૂક્યો. આ કેવી સુંદર તારી જીવ પર દયાની લાગણી ! તેં કષ્ટ એટલું બધું સહ્યું ? દયા ખાતર તેં તારો એક પગ કલાકોના કલાકો ઊંચો રાખ્યો એમાં તારો પગ એમજ જકડાઈ ગયો, અક્કડ થઈ ગયો; તે દાવાનળ શાંત થતાં પશુઓ ત્યાંથી વિખરાઈ ગયા. ને તું એ પગ નીચે મૂકવા જતાં આખો ને આખો જમીન પર ગબડી પડ્યો.

આમાં ભૂખે-તરસે અને ત્રણ પગે ઊભા ને ઊભા રહેલા તને અત્યંત અશક્તિના લીધે અને જકડાઈ ગયેલા પગની તકલીફના કારણે ત્યાંથી ઊઠવાની હામ રહી નહિ, તે એમ જ કષ્ટ ભોગવતાં તને મૃત્યુ સામે આવ્યું.

''હે નરવીર ! એ એક જનાવરના ભવે તેં જીવની દયા ખાતર અઢી દિવસ ભૂખ-તરસ-વેદનામાં મહાકષ્ટ ભોગવ્યાં ! ને મરણાંત પીડા તેં સહન કરી. આનું મહાન ફળ તું જાણે છે ?''

૧૧ અંગ-આગમ પૈકી છઠ્ઠા 'જ્ઞાતાધ્યયન' અંગેના મેઘકુમાર મુનિને ઉદ્દેશીને પ્રભુના આ શબ્દો છે,



**''ताए पाणाणुकंपाए परित्तीकओ ते संसारो ।''**

અર્થાત્ ''મેઘકુમાર ! તે જીવદયાથી તેં તારો સંસાર મર્યાદિત કરી દીધો.'' પ્રભુએ શું કહ્યું ?

**'સંસાર મર્યાદિત કર્યો' એટલે શું ? :-**

જીવદયા કરવા પહેલાં હાથીનો ભાવી સંસાર મર્યાદિત નહોતો કે હવે આટલો જ સંસારકાળ બાકી. કેમકે કર્મોના અનુબંધ એવા પડેલા હતા કે જે નવાં નવાં કર્મની પરંપરા અને ભવની પરંપરા ચલાવે. ત્યાં મર્યાદા-લિમિટ શી રીતે બાધી શકાય ? પરંતુ હાથીએ જે જીવદયાનો ભાવ રાખ્યો એ શુભ ભાવે અપરિમિત સંસાર ચલાવે એવા કર્મ-અનુબંધ તોડી નાખ્યા. તેથી હવે સંસાર અપરિમિત નહિ પણ પરિમિત-મર્યાદિત થઈ ગયો. એટલે જો કોઈ પ્રશ્ન કરે,

**પ્ર.-** સર્વજ્ઞ પ્રભુએ જ્ઞાનદૃષ્ટિમાં તો હાથીએ દયા કરવા પૂર્વે એના જેટલા ભવને જેટલો સંસારકાળ જોયેલો, એટલા જ ભવ ને એટલો જ સંસારકાળ દયા પછી જોયેલાં તો પછી દયા બાદ સંસાર મર્યાદિત અર્થાત્ ટૂંકો થવાનું નિશ્ચિત મર્યાદાવાળો થવાનું, ક્યાં રહ્યું ?

ઉ.- આનું સમાધાન પૂર્વે કહ્યું તેમ આથી આ સમજવાનું છે કે

**દયાની પૂર્વે કર્મોના એવા અનુબંધ ઊભેલા કે એમાં ભવો કેટલાય ચાલે, ચોક્કસ નહિ : જ્યારે દયાની પછી એવા અનુબંધો તોડી નાખેલા કે જે આ ચોક્કસપણે ભવોને ચલાવે,**

એવા અનુબંધો તૂટી જવાથી હવે ચોક્કસતા થઈ કે આટલા જ ભવ ચાલી શકે. બંને સ્થિતિમાં જ્ઞાનીની દૃષ્ટિ અ-જ્ઞાતા નથી. જેવું છે તેવું જુએ જ છે. અલબત પહેલાં એટલું જુએ કે કર્મોના અનુબંધથી અમર્યાદિતતા છે, અચોક્કસતા છે, પરંતુ આગળ જઈને દયાના શુભ ભાવથી અનુબંધ તૂટી જઈ સંસાર મર્યાદિત થવાનો છે. પરંતુ એ મર્યાદિત કરનાર કોણ ? જીવનો વિવેક અને પુરુષાર્થ.

એટલે પ્રભુનો કહેવાનો ભાવ આ છે કે,

''હે મેઘકુમાર ! તેં પૂર્વે પશુહાથીના અવતારે આ વિવેક કર્યો કે 'મને પગ ઊંચો રાખતાં કષ્ટ થાય છે, તો આ જીવ મારા પગ નીચે છુંદાઈ જતાં તો એને કષ્ટ કેટલું બધું થાય ?' આ વિવેક કરીને તેં દયાનો પુરુષાર્થ કર્યો, **'પરદુઃખવિનાશિની તથા કરુણા.'** એ જીવનાં દુઃખને અટકાવવાનો જે પ્રયત્ન તે દયા. એવો દયાનો પ્રયત્ન-પુરુષાર્થ કરતાં તેં સંસારને મર્યાદિત કરી દીધો.''

''હે સુબુદ્ધ નર ! એટલું જ નહિ, પણ તું મનુષ્યભવનું પુણ્ય ઉપાર્જી અહીં સારાં રાજકુળમાં જન્મ પામી ગયો. વળી એ પુણ્ય પુણ્યાનુબંધી, એટલે તને જીવનભર

પુણ્યફળ વૈભવ-વિષયોમાં ગાઢ આસક્ત-રાગમૂઢ કરાવનારું ન બન્યું, તને જ્વલંત વૈરાગ્ય પ્રગટ્યો, સંસારત્યાગ કરી ચારિત્ર લેવાની સદ્બુદ્ધિ જાગી, ને તું આટલે સુધી ચડી ગયો.

"હે મહાનુભાવ ! હવે તું વિચાર કર કે જો એક જીવદયા ખાતર પણ તેં શારીરિક કષ્ટ ઊપાડ્યું તો સંસાર મર્યાદિત કરી આટલે ઊંચે ચડવાના મહાલાભ પામ્યો, તો મુનિઓની ભક્તિ ખાતર શારીરિક કષ્ટ વધાવી લે તો વળી કેવા ય મહાન લાભને પામે ? ને તને એક અજ્ઞાન પશુના અવતારે તુચ્છ જીવની દયાનો વિવેક આવડ્યો, તો અહીં ઊંચો માનવ અવતારે, ને તે પણ ચારિત્રજીવનમાં તને મહાન સંયમી પવિત્ર મુનિઓ પ્રત્યે ભક્તિનો વિવેક ન આવડે ?"

આ સંસારમાં કષ્ટની તો શી નવાઈ છે ? ઘોર નરકનાં જાલિમ કષ્ટ પણ અનંતીવાર ભોગવ્યાં છે. પણ એમાં કલ્યાણદર્શી બનતાં ન આવડ્યું તેથી એ કષ્ટસહન પણ એળે ગયા., નિષ્ફળ ગયાં ! એથી ભવના ફેરા ન મટ્યા, ન ઘટ્યા. ત્યારે હાથીના અવતારે કષ્ટ સહવામાં કલ્યાણદર્શિતા આવી કે 'આ કષ્ટમાં સારું છે એક બિચારો જીવ બચે છે !' **દયાની આ કલ્યાણદર્શિતાએ હાથીમાંથી માનવનો ભવ ! અને સંસાર મર્યાદિત !"**

મેઘકુમાર પહેલાં સંથારાની ધૂળથી શરીરને પડેલા કષ્ટમાં અભદ્રદર્શી-અકલ્યાણદર્શી બન્યા હતા, માત્ર શરીરની સુખાકારિતા જોવા બેઠા હતા,

**આત્માને ભૂલી માત્ર શરીરની સુખાકારિતા જોવામાં અકલ્યાણદર્શિતા છે.**

પરંતુ હવે પ્રભુની વાણી સાંભળી એમને જાતિ-સ્મરણ જ્ઞાન થયું, અને પોતાનો પૂર્વભવ હૂબહૂ યાદ આવ્યો. સાથે પ્રભુએ આપેલી સમજ વિવેક સામે છે; એટલે હવે ભદ્રદર્શી-કલ્યાણદર્શી બની ગયા. તરત પ્રભુને ચરણે પડી હાથ જોડી આંખમાં આંસુ સાથે કહે છે, 'ભગવંત ! ક્ષમા માગું છું. મેં ભયંકર ભૂલ કરી. મને પ્રાયશ્ચિત્ત આપો. આપે અનંત ઉપકાર કર્યો, અંધ બનેલા મને દેખતો કર્યો. આવા મહાન સંયમી મુનિઓનો યોગ મળે ક્યાંથી ! સસલાની દયાએ સહન કરેલાએ મને આટલો ઊંચો ચડાવ્યો, તો મહાન મુનિઓની ભક્તિમાં સહન કરવાનું તો મને કેવો ય ન્યાલ કરી નાખે ? પ્રભુ ! આજથી મારે પ્રતિજ્ઞા છે કે મારી આંખ સિવાય મારા શરીરને ક્યાંય મુનિઓ તરફથી તકલીફ આવ્યે મારે બચાવ કરવો નહિ.'

આ શું થયું ? મેઘકુમાર મુનિને જે રીતે શરીર પર રાગ થઈને ખોટું ચિંતન થયું, હવે એનો એવો પશ્ચાત્તાપ છે અને એનું હવે એવું વળતર વાળવું છે કે જેથી એ મૂળ ચોર શરીરનો જે રાગ, એને નામ શેષ કરી શકાય.

**શરીરનો રાગ એ મોટું પાપ છે ને એ પાપની ઓળખ, પાપનો પશ્ચાત્તાપ,**



**તથા પાપને નામશેષ કરવાનો પ્રયત્ન, એ બધું ભદ્રદર્શીતા છે, કલ્યાણદર્શીતા છે.**

પ્રભુની કરુણાભરી વાણીથી મેઘકુમાર મુનિ હવે ભદ્રદર્શી બની ગયા છે. શરીરને મહત્ત્વ આપવાને બદલે આત્માને મહત્ત્વ આપનારા થઈ ગયા છે.

**આત્માને બદલે શરીરને મહત્ત્વ આપો. તો એમાં અકલ્યાણદર્શિતા આવે; એથી ઊલટું આત્માને મહત્ત્વ આપો તો કલ્યાણદર્શી બનાય.**

જીવનો ઉદય થવાનો હોય, ઉન્નતિ થવાની હોય, એટલે એને ભદ્રદર્શી બની શરીરને બદલે આત્માને મહત્ત્વ આપવાનું સૂઝે છે. માટે તો એ પોતાની સુખ-શાતાનો બહુ વિચાર ન કરતાં જીવોની સુખશાતાનો અર્થાત્ જીવોની દયાનો વિચાર કરે છે. દા.ત. અભક્ષ્ય કાંદા-બટાટાદિ અનંતકાય કેમ નહિ ખાવા ? તો કે, 'એમાં અનંત જીવોને અશાતા પહોંચે છે એ મરે છે. માટે મને એથી થોડા સ્વાદની સુખશાતા મળતી હોય તો ઘેર ગઈ એ શાતા; મારે એ નથી જોઈતી. હું અનંતાને અભયદાનની શાતા આપું;' આમ જીવ દયાનો વિચાર આવ્યો. એમાં શરીરને બદલે પોતાના આત્માને મહત્ત્વ આપ્યું, શરીરને અભક્ષ્યતાથી મળતી શાતા જતી કરી, અને આત્માને જીવદયાથી મળતી શાંતિને આગળ કરી.

જીવોની દયા જાળવવામાં આત્મા શાંત-શીતલ-આનંદિત અને નિરાંતવાળો બને છે. જીવો પ્રત્યે બેદરકારી-ઉપેક્ષા દાખવવામાં, 'એ મરે તો ભલે મરે, મારે તો ટેસ્ટ સ્વાદ કરવાનો,' એમ જીવોની અવગણના કરવામાં આત્મા કઠોર ઉન્માદી અશાંત-ઉગ્ર બને છે. આ અકલ્યાણદર્શિતા છે. જીવોની દયામાં કલ્યાણદર્શિતા છે.

જો આ કલ્યાણદર્શિતા-અકલ્યાણદર્શિતાનો વિચાર રાખવામાં આવે, તો મનને એમ થાય કે

**'અરે ! હું આવા પશુઓ-કીડા-મંકોડા કરતાં અતિ ઊંચા માનવ અવતારે અને તે પણ શ્રાવિકાની કુક્ષીએ આવ્યો, હવે શું હું અકલ્યાણદર્શી બનું ? ના, કલ્યાણદર્શી જ બનું ? મારા આત્માનાં કલ્યાણને જ જોનારો બનું;'**

જો આ ભાવ જાગતો રહે તો તો જીવનમાંથી ઘણી બદીઓ, ઘણી શિથિલતાઓ, ઘણી વિષયલંપટતાઓ, અને ઘણા માનસિક રોગો રવાના થઈ જાય.

**કલ્યાણદર્શિતા જડીબુટ્ટી છે, અનેક ખરાબીઓ કાઢે.**

શ્રાવકના પવિત્ર આચાર પાળવામાં પવિત્ર અનુષ્ઠાન આચરવામાં કેમ અખાડા કરાય છે ? કેમ બેપરવાઈ રહે છે ? કલ્યાણદર્શિતા નથી આવી માટે. નહિતર દા.ત. શ્રાવકનો એક આચાર રાત્રિભોજન ત્યાગ, એ પાળવામાં શી કઠિનતા હતી ? નોકરી-ધંધો નડે છે ? ઘરેથી ડબામાં ટીફીન લઈ જાઓ, સૂર્યાસ્ત પહેલાં કેબીનમાં બેસી વાપરી લો, શું નડતર છે ? મનને એમ થાય કે 'ભગવાને રાત્રિભોજનને

મોટું પાપ કહ્યું છે. તુચ્છ શરીરની સુખાકારિતા જોવામાં એવું મહાપાપ હું સેવું ? કલ્યાણદર્શી બનવામાં એકમાત્ર આ ઊંચા ભવમાં અકલ્યાણદર્શી બનું ? આમાં જીવોની દયાનો ય વિચાર ક્યાં રહ્યો ? અને જિનાજ્ઞાપાલનની ય ગરજ ક્યાં ?

**જીવદયા અને જિનાજ્ઞાપાલન તરફ આંખ-મિંચામણા એ અકલ્યાણદર્શિપણું છે.**

'અકલ્યાણદર્શી બન્યા રહી રાત્રિભોજન કરીને નોકરી સાચવી, શરીર મહલાવ્યું, પણ બધા મને સરવાળે શું બહુ પરખાવવાના હતા ? ત્યારે જીવદયા અને જિનાજ્ઞાપાલન તો મારો મહાન ઉદ્ધાર કરે; પશુમાંથી સાચો મનુષ્ય બનાવે, અહીં અંતકાળે હૃદયને શાંતિ આપે, અને ભવાંતર માટે સારા સંસ્કારની મૂડી આપે. આમાંનો કયો લાભ, રાત્રે થોડું ખાઈ લીધું, અભક્ષ્ય ખાઈ લીધા, પર્વતિથિએ છૂટા મોંઢે ફાવે એટલી વાર ખાધું-પીધું, એનાથી થવાનો હતો ? કે એમાંનો કયો લાભ જૂઠ-અનીતિ-વિશ્વાસભંગ સેવી લીધું કે કોઈની સાથે ઝગડી લીધું એનાથી થવાનો હતો ? આવાં ખોટા કૃત્યો અને તામસી અકલ્યાણદર્શી સ્વભાવથી કાંઈ અંતકાળે શાંતિ ન મળે, પરભવ શાંતિનો ન મળે. તેમ અહીં નિર્મળ જશ પણ ન મળે.

કલ્યાણદર્શિતા અદ્ભુત ગુણ છે. ખાધા પિધા ને રોફ માર્યાની વડાઈ નથી. વડાઈ કલ્યાણદર્શી બન્યાની છે. ખાનપાન-રોફ પર કોઈ નિયંત્રણ જ નહિ, એ તો પશુના ખેલ છે, અકલ્યાણદર્શીનો ઉન્માદ છે. અનંત કલ્યાણને સાધી આપે એવું મંગળમય જિનશાસન મળ્યા પછી તો એની હૂંફ પર ખુમારી રહે કે, 'હું અકલ્યાણદર્શી ન બનું. ખોટા ઉકળાટ-ઉન્માદ-ઉચ્છ્રંખલતાઓ અને લંપટતાઓને હું ન ઊભા રાખું.'

**કલ્યાણદર્શિતા સૌમ્ય શીતલ શાંત રહેવામાં :-**

કલ્યાણદર્શી બનવું છે ? તો પહેલું આ કરો કે દિલમાંથી ઉકળાટ ઉન્માદ ઉગ્રતા-ગરમી વગેરેને વોસિરાવી દો, અને સૌમ્ય-શીતલ-શાંત બની જાઓ. દા.ત. કોઈને શિખામણ આપવી છે, ઠપકો દેવો છે, તો એ દેતા પહેલાં જરા પોતાનું દિલ તપાસી લો કે એમાં ઉગ્રતા-ગરમી તો નથી આવી ગઈ ને ?

**પ્ર.-** સામાએ ખોટું કરી નાખ્યું હોય તો એના પર ઉગ્રતા આવી જ જાય ને ?

**ઉ.-** ના, એના પર કરુણા લાવવાની કે, 'આ બિચારો જીવ કર્મને પરવશ છે, તેથી આ ભૂલ કરી નાખે છે. એ ધરાર જાણીને કરતો હોય તો ય એ મિથ્યાત્વ યા માનકષાયના કર્મથી પીડાય છે, એ કર્મને એ પરવશ બન્યો છે, માટે એમ કરે છે.' આવી એની કર્મથી કચરામણ ઉપર તો દયા કરાય, દ્વેષ નહિ; સૌમ્યતા રખાય, ઉગ્રતા નહિ. તો જ આપણે કર્મનું સાયન્સ સમજ્યા કહેવાઈએ.

**ખોટું કરવામાં, બીજો કર્મપરવશ છે, પણ આપણે અસત્પુરુષાર્થી છીએ.**

જાતમાં સુધારો કેમ થાય ? :-



જોજો, આપણે ખોટું કરીએ, અનુચિત બોલીએ-ચાલીએ એમાં કર્મની પરવશતા નહિ વિચારવાની, પણ આપણી સત્ત્વહીનતા, અવિવેક, ઘમંડ અને ક્ષુદ્રતાનો અસત્ પુરુષાર્થ છે, આપણી અવળચંડાઈ છે, એમ વિચારવાનું. તો જ આપણને 'એ સુધારવાનું આપણા હાથમાં છે' એ ખ્યાલમાં આવે. કર્મવશતા વિચારવામાં તો મનને એમ થવાનું કે આપણું શું ચાલે ? આપણે કર્મને પરાધીન છીએ, તે કર્મ આપણને ખોટું બોલાવે-ચલાવે એમાં આપણે શું કરીએ ? જૂઠ બોલ્યા, અનીતિ કરી, ગમે તે ગમે ત્યારે ખાધાં. એમાં આપણાં કર્મ એવાં તે એવું કરવું પડે છે.' આમ જો વિચારાય તો એમાં કે દિ' ઊંચા આવવાનું થાય ? ક્યારે ભૂલ સુધારવાનું થાય ?

એ તો જાત માટે કર્મવશતા નહિ, પણ પોતાની અવળચંડાઈ, અવિવેક, સત્ત્વહીનતા અને અસત્પુરુષાર્થને જ જવાબદાર લેખવામાં આવે તો જ **'એમાં સુધારો પણ જાતને આધીન છે'** એમ માનવાનું મન થાય, ને સત્ત્વ ફોરવી સત્પુરુષાર્થ કરવાને અવકાશ મળે. મન કહે 'ખોટું કરનાર હું છું, એમ સારું કરનાર પણ હું જ છું. ખોટા હિસાબ માંડી મને ખોટું કરતાં આવડે છે, એમ સાચા હિસાબ માંડી મને સારું કરતાં પણ આવડે છે.' આમ કર્મને નહિ પણ પોતાના પુરુષાર્થને મહત્ત્વ આપવાનું કરાય, તો પછી સત્પુરુષાર્થ વિકસાવી જાતમાં સુધારો કરવાનું કરાય.

**ખરાબ માતાની જેમ કર્મ ગુનેગાર :-**

પોતાના માટે આમ પુરુષાર્થનો હિસાબ, પણ બીજાના માટે આપણે કર્મનો હિસાબ માંડવાનો કે 'એ બિચારો કર્મપરવશ છે તેથી ખોટું કરે છે.' અણસમજુ બાળક માતાને પરવશ પડ્યું માતા શીખવે એમ ચોરીઓ કરે એમાં બચ્ચા પર શો દ્વેષ કરવો ? બચ્ચાનો શો વાંક ગણાય ? વાંક માતાનો; 'બિચારું બાળક માતાને પરવશ પડી ચોરી કરે છે, એમાં માતા ગુનેગાર છે; બચ્ચું બિચારું દયાપાત્ર છે.' એમ મનને લાગે. બસ, એ રીતે સામો જીવ કર્મને પરવશ છે તે કર્મે કરાવ્યાં ખોટાં કામ કરે છે; કર્મ ગુનેગાર, જીવ બિચારો દયાપાત્ર છે.' આમ બીજાનાં ખોટાં પર દયા જ વિચારવાની; પણ ઉગ્ર ગરમાગરમ થઈ દ્વેષ નહિ લાવવાનો. પહેલી દયા લાવી સૌમ્ય-શીતલ બની, પછી એને શિખામણ દેવા જવાનું, કે ઠપકો આપવાનો. તમને એમ થશે,

**પ્ર.-** આપણાં ખોટાં કામ માટે પુરુષાર્થ જવાબદાર, અને બીજાનાં ખોટા બોલ-આચરણ માટે કર્મ જવાબદાર આવો ભેદ કેમ ?

**ઉ.-** આ જે કાંઈ વિચારવાનું છે એ આપણા દિલમાં વિચારવાનું છે.

**તો વિચારવું એવું જોઈએ કે જે આપણા ભાવ ચોકખા રાખે, આપણા ચિત્ત અધ્યવસાય નિર્મળ રાખે, આપણા આત્મ-પરિણામ નિર્મળ વિશુદ્ધ રાખે.**

**આ જીવનસૂત્ર પર સ્વ-પર અંગે ભેદ છે.**

આ સૂત્ર પકડીને જીવન જીવવાનું છે. તેથી સમજાશે કે જો આપણી જાત માટે પુરુષાર્થને જ જવાબદાર માનીએ તો ખોટાં કામ માટે સાચો પ્રસ્તાવો થાય, સાચો પસ્તાવો એ સારો ભાવ છે. જાત પર ઘૃણા થાય કે 'હું આવો નાલાયક કે આવાં ખોટાં કામ કરું છું ? અનુચિત બોલ બોલું છું ?' આમ પશ્ચાત્તાપ અને આત્મનિંદા-ઘૃણા કરવામાં ચિત્તના અધ્યવસાય શુદ્ધ નિર્મળ બને છે. 'ના, એ તો કર્મે કરાવ્યું માટે કર્મદોષિત; હું તો નિર્દોષ છું' એમ વિચારવામાં અહંત્વ અને દુષ્કૃત્યનો બચાવ પોષાય છે, દુષ્કૃત્યમાં સંતાપ નહિ, નિરાંત-નિશ્ચિન્તિતા અનુભવાય છે, ને એમાં અધ્યવસાય માનકષાયના તથા પાપનિર્ભયતાના રહે એ મલિન અધ્યવસાય છે. આ જાત માટે.

હવે બીજાના માટે જુઓ. બીજાની ભૂલ બીજાનાં ખોટા બોલચાલ અંગે જો એમ વિચાર્યું કે 'આ માણસ જ ખરાબ તે આવાં કામ કરે છે,' તો ત્યાં એના પર આપણા દિલમાં દ્વેષ આવવાનો, ને એથી ચિત્તના ભાવ અધ્યવસાય મલિન રહેવાના. પરંતુ જો એમ વિચારીએ કે 'આ બિચારાનો શો વાંક ? એ કર્મપરવશ છે, કર્મ એની પાસે ખોટાં કામ કરાવે છે. કર્મ ગુનેગાર છે, એ બિચારો તો આવાં કર્મની ગુલામી ભોગવતો હોઈ દયાપાત્ર છે,' જો આમ વિચારીએ તો આપણા દિલમાં દયાનો ભાવ રહેવાનો, ને એથી ચિત્તના ભાવ-અધ્યવસાય નિર્મળ રહેવાના.

સારાંશ આપણા ચિત્તના અધ્યવસાય નિર્મળ રહે એવું કરવાનું છે. એ કહ્યું એમ સ્વ અને પર માટે ભિન્ન ભિન્ન રીતે વિચારે, તો જ બને.

**બસ, જીવનમાં કલ્યાણદર્શિતા આ, કે જાતનાં ખોટાં માટે જાતની અવળચંડાઈ લેખી પસ્તાવો થાય અને સુધારાનું સત્ત્વ વિકસાવાય, ત્યારે પરનાં ખોટાં માટે કર્મની અવળચંડાઈ લેખી પર પ્રત્યે દયાનો ભાવ રહે,**

**કલ્યાણદર્શિતા આ, કે પોતાના ચિત્ત-અધ્યવસાય મલિન ન બનવા દેતાં નિર્મળ વિશુદ્ધ રખાય, રાખવા સજાગ રહેવાય.**

**કલ્યાણદર્શિતા કેવી કેવી ખરાબીઓ મિટાવે ? :-**

આ માટે જ જીવદયા અને જિનાજ્ઞાપાલનને જીવનસૂત્ર બનાવાય. મનને થાય કે, 'મારે હાલતાં ને ચાલતાં આ સાચવવાનાં, આને જરાય નહિ વિસરવાના. જીવનની વડાઈ જીવદયા-જિનાજ્ઞાપાલન સાચવ્યામાં છે. ખાધા-પીધા કે રોફ માર્યામાં યા તકલેદી સત્કાર-સન્માન પાછળ મર્યામાં નથી.' આ જો હૈયે જડબેસલાક બેસી ગયું હોય તો જીવનમાંથી અભક્ષ્યભક્ષણ, માલ-મેવા-મિજબાની, અસત્ય-અનીતિ-દંભ, ઈર્ષ્યા-હોંશાતોંશી-રગડાઝગડા, ચાડી-ચૂગલી-આક્ષેપ, શ્રાવકાચારમાં પ્રમાદ,



ધર્મક્રિયાની બિનગરજ, જિનભક્તિમાં કૃપણતા, સાધુસમાગમનું દેવાળું, પર્વતિથિની વિરાધના, વગેરે વગેરે કેટલીય ખરાબીઓને રવાના કરાય.

મેઘકુમારમુનિ કલ્યાણદર્શી બન્યા છે માટે પોતાના રાત્રિના ખોટા ચિંતનનો પારાવાર પસ્તાવો કરે છે, અને એના વળતર માટે ભગીરથ સાધનામાં લાગી જાય છે, તે બાર વરસ કઠોર તપસ્યા અને દેહદમનથી શરીરને સુક્કુ-ભુક્ખુ-લુક્ખું બનાવી દીધું.

રાજા દશાર્ણભદ્ર પણ હવે કલ્યાણદર્શી બની અભિમાન પડતું મૂકી દે છે. કલ્યાણદર્શી બન્યા, તે કરેલા અભિમાન માટે ભારે પસ્તાવો કરે છે, ને પાપને હટાવવા તથા સંકલ્પને યાને પ્રતિજ્ઞાને પાળવા માર્ગ શોધે છે. બસ, પ્રભુનાં સમવસરણે જતાં વિચાર કરી લીધો કે, "મૂળ પાપ આ રાજ્યસમૃદ્ધિ છે. એના પર જ અભિમાન આવ્યું કે, 'આના બળ ઉપર પ્રભુને કોઈએ ન વાંદ્યા હોય એવા ઠાઠથી વંદન કરવા જાઉં;" ને એમાં

(૧) ત્રણ લોકના નાથની આશાતના કરી સમૃદ્ધિના પાપ પર જ એમનું ગૌરવ હણ્યું, માટે પહેલું તો આ સમૃદ્ધિનું પાપ કાઢું. વળી

(૨) પ્રભુને ઊંચામાં ઊંચી ભક્તિથી વંદન કરવાનો મારે સંકલ્પ છે, તો જિનની ઊંચામાં ઊંચી ભક્તિ સર્વેસર્વે જિનાજ્ઞાનું પાલન છે, સંસારત્યાગ કરી સર્વવિરતિ ચારિત્રના સ્વીકાર અને પાલનમાં ઉચ્ચ ભક્તિ છે. માટે એ જ કરું, સંસાર ત્યજી અણગાર-મુનિ બનીને પ્રભુને વંદન કરું. તો એ ઊંચામાં ઊંચી ભક્તિથી વંદન કર્યું કહેવાય; એથી મારી પ્રતિજ્ઞા પળાઈ જાય.'

આ વિચારમાં ક્યાંય પહેલાં રાજ્યની વ્યવસ્થા કરી આવું, કે રાણીઓને પૂછી લઉં,...એવા વિચારને સ્થાન નથી. એકમાત્ર કલ્યાણદર્શી છે.

**આ નાશવંત અને અવિશ્વસનીય જીવનમાં ગમે ત્યારે પરમાત્મભક્તિ ઝડપી લેવાની દૃષ્ટિ જિનાજ્ઞાપાલન ઉઠાવી લેવાની દૃષ્ટિ, પાપનું પ્રાયશ્ચિત કરી લેવાની દૃષ્ટિ, અને ઉત્તમ પ્રતિજ્ઞા પાળી લેવાની દૃષ્ટિ એ કલ્યાણદૃષ્ટિ છે, કલ્યાણદર્શિતા છે.**

એથી ઊલટું, અવિશ્વસનીય જીવનના ભરોસે રહી રંગરાગમાં મહાલી લેવાની દૃષ્ટિ, કુટુંબ કબીલાને હુલરાવી લેવાની દૃષ્ટિ, મોહની લાગણીઓમાં નિર્ભીક રહેવાની દૃષ્ટિ, પૈસાને સર્વસ્વ માનવાની દૃષ્ટિ, અને જીવનમાં કશા વ્રત-નિયમ-સંયમમાં નહિ બાંધવાની દૃષ્ટિ, એ અકલ્યાણ દૃષ્ટિ છે, અકલ્યાણદર્શિતા છે.

દશાર્ણભદ્ર કલ્યાણદૃષ્ટિનો માત્ર વિચાર જ કરીને થોભ્યા નહિ, સીધા શ્રીમહાવીર ભગવાન પાસે પહોંચી, પહેલાં વેશ બદલી સાધુવેશ પહેરી લઈને મનથી સર્વવિરતિ સાધુપણાની પ્રતિજ્ઞા કરી લીધી; ને પછી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કર્યું; પ્રભુ પાસે દીક્ષા લીધી.

હવે ઈન્દ્ર શું કરે ? ઈન્દ્રના મનને કદાચ હશે કે 'સમવસરણે પહોંચ્યા પછી દશાર્ણભદ્ર રાજા ઝંખવાણો પડશે, માફી માગશે...' પણ અહીં તો સ્થિતિ જ જુદી બની ગઈ. ઈન્દ્રને ચમકારો લાગ્યો, મનુષ્યનું મહાન સામર્થ્ય, મહાન પરાક્રમ કરવાની અલૌકિક શક્તિ દેખાઈ, એવી કે જે મોટા દેવ શું, ઈન્દ્રમાં નહિ ! ઈન્દ્ર પણ કલ્યાણદર્શી છે, શરમાળતા બાજુએ મૂકી પોતાની ભૂલની નિખાલસ ભાવે ક્ષમા માગવાની દૃષ્ટિવાળો છે, એટલે મહામુનિ બનેલા દશાર્ણભદ્રના ચરણમાં પડી તરત જ ક્ષમા માગે છે કે, 'ક્ષમા કરજો, તમે જીત્યા ને હું હાર્યો;' ને એ પછી કેટલી બધી એમના પરાક્રમની પ્રશંસા કરે છે.

**પોતાની ભૂલનો એકરાર અને ક્ષમાયાચના તથા ગુણવાનની પ્રશંસાનુમોદના કલ્યાણદર્શિતાને આભારી છે. ત્યારે અકલ્યાણદર્શીને પોતાના દોષનો બચાવ-ઢાંકપિછોડો, 'મિંયાં પડતા તો ય ટાંગ ઊંચી' નું અભિમાન અને બીજાનાં દોષ-દર્શન સૂઝે છે.**

આપણે ક્યાં ઊભા છીએ એ વિચારવા જેવું છે કલ્યાણદર્શી છીએ ? કે અકલ્યાણદર્શી ? બ્રાહ્મણ ઈન્દ્રભૂતિ ગૌતમને મનનો એક સંશય ફિટવામાં ત્યાં ને ત્યાં પ્રભુનાં ચરણે ચારિત્ર લેવાની ભદ્રકતા-નમ્રતા-કલ્યાણદર્શિતા થઈ એવી વાત આવી, એના પર તમને પૂછાય કે તમે આવા કલ્યાણદર્શી છો ? ત્યાં પ્રશ્ન ઉઠાવાય છે કે 'બધા ગૌતમ થોડા જ હોય ?' પરંતુ મોટા ગૌતમ નહિ એવા પણ કેટલાય શ્રાવક રાજાઓ શેઠ શાહુકારો અને સામાન્ય પણ માણસોએ ભદ્રકતા અને ભદ્રદર્શિતા રાખી મહાન આત્મપરાક્રમ કર્યા છે એ યાદ રાખવું છે ? એમનું ય આલંબન લઈ જીવનમાં નક્કર કાંઈ સારું કરવું છે ?

શય્યંભવ તો શ્રાવક પણ નહિ, બ્રાહ્મણ હતા છતાં ભદ્રકતા અને ભદ્રદર્શિતા કેવી ? "ભલે સાધુ સ્નાન ન કરે તેથી એમને અપવિત્ર માની યજ્ઞવાડામાં ન પેસવા દઈએ, પરંતુ એ જૂઠું ન બોલે, માટે એ જે બોલીને ગયા કે 'ખેદની વાત છે કે અહીં પરમતત્ત્વની જ ગમ નથી,' એ હિસાબે જરૂર આ યજ્ઞ-સમારંભની પાછળ કોઈ શ્રેષ્ઠતત્ત્વ ઢંકાઈ ગયેલું છે. માટે એની તપાસ કરું." કેવી લગન ? કામ શું લઈને બેઠા છે, ને લગન કઈ ઊભી કરે છે ?

**તત્ત્વ પામવાની લગન કલ્યાણદર્શિને ઊઠે.**

અકલ્યાણદર્શીને પૈસાટકા-ખાનપાન-મોજમજાહ-માન-પ્રતિષ્ઠા-પરિવાર વગેરેની જ એક લગન હોય. આનું પરિણામ શું ! એવી કોઈ એક લગન જો મોટા ચૌદપૂર્વી મહર્ષિને ય લાગી, તો એ પણ ચૌદ પૂર્વ ભૂલ્યા, સંયમથી ભ્રષ્ટ થયા, સમકિતે ય ગુમાવ્યું, અને મરીને નિગોદ-અનંતકાય એકેન્દ્રિય વનસ્પતિકાયમાં પૂરાઈ ગયા. આજે



નિગોદમાં એવા પડેલા કેટલા છે ? અનંતા ! ત્યારે બીજાના શા ભાર ? પૃથ્વીકાયાદિ અસંખ્ય જીવો અને અસંખ્ય કીડા-કીડી-માકણ-મચ્છર-કંથવા વગેરે તથા અસંખ્ય પશુ-પક્ષીઓ જાણે મનુષ્યોને કહી રહ્યા છે કે 'જરા અમારા સામે જુએ. અમેય એકવાર તમારા જેવા પુણ્યવાન, બુદ્ધિમાન અને શક્તિમાન મનુષ્ય હતા, પરંતુ પુણ્યાઈ બુદ્ધિ અને શક્તિ એકમાત્ર પૈસાટકા-ખાનપાન-પરિવાર-પ્રતિષ્ઠાની લગન પાછળ ખરચી, કેવળ અકલ્યાણદર્શી બન્યા રહ્યા, તેથી અહીં પટકાઈ ગયા છીએ. હવે અમારો શો ઉદ્ધાર ? તમે ય તમારું આ પરિણામ ઈચ્છો છો ?' આ વિચારવું છે ?

**લગન રાખવા જેવી શું આ જ ચીજો છે ? તત્ત્વ નહિ ? પરમાત્મા નહિ ? પ્રભુભક્તિ નહિ ? ત્યાગ-તપ-સંયમ નહિ ?**

શું આ કશાની લગન રાખવા જેવી નથી ? ત્યારે જો આની લગન નહિ અને દુન્યવી વસ્તુની જ લગન છે, તો અનાર્ય કરતાં આર્યજીવનમાં વિશેષતા રહી ? તો શું પૂર્વ પુરુષો પરમાત્મા, પરમાત્મભક્તિ, ત્યાગ-શીલ-વ્રતનિયમ, દયા-દાન-પરોપકાર વગેરેની લગન રાખતાં હતા એટલે રોતડ-જીવન દુખિત-જીવન જીવતા હતા ? અને જે એ લગની ન રાખતાં પૈસાટકા વગેરેની જ લગનનું જીવન જીવે છે એ આનંદિત સુખી જીવન જીવે છે ? શ્રીમંતોમાં સોજાની લાલી જેવી બહારની દેખાતી ખુશમિશાલતા ઉપર ખોટા મોહી પડતા નહિ. એમ તો દારૂડિયો ય દારૂ ઢીંચીને મસ્ત દેખાય છે, તો શું એ ખરો આનંદ છે ? સાચા સુખનો અનુભવ છે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૨૯,તા.૧૩-૪-૧૯૭૪**

**પૈસા આદિ પર દેખાતી ખુશમિશાલતા સોજાની લાલી અને મદિરાપાનની મસ્તતા જેવી છે.**

**સુખ તો તે કે જે મનની સ્વસ્થતા-પ્રશાંતતામાંથી ઊભું થયું હોય.**

માટે ત્યાગી નિસ્પૃહી અને નિત્યતૃપ્ત જેવા બની ગયેલા સાધુ સમાન કોઈ સુખી નથી. એમને કશી ચિંતા-સંતાપ-હાયવોય નહિ, ઘડીમાં ઉન્માદને ઘડીમાં ગરીબડાપણું એમને નહિ. મોટા શ્રીમંત શું કે રાજા-મહારાજા શું, એમને ય એ કોટે વળગેલું હોય. કારણ ? એમનું મન સ્વસ્થ નથી, લગન-રાગ-તૃષ્ણા આસક્તિથી વ્યાકુળ છે. જેને લગન-રાગ-તૃષ્ણા-આસક્તિ હોય એની પાછળ ચિંતા-સંતાપ વગેરેની ફોજ લાગેલી હોય. એ મનને અસ્વસ્થ જ રાખે, અશાંત જ રાખે ત્યાં સુખ શું ? સુખનો આભાસ માત્ર. બાકી નરી દુઃખરૂપતા.

શય્યંભવ બ્રાહ્મણને તત્ત્વની લગન, તે સાધુનાં વચન પર અંતર ધુંધવાવા

માંડ્યું 'હેં ત્યારે આટલા બધા પૈસા ખરચીને માંડેલો આ યજ્ઞ સમારંભ તત્ત્વ શૂન્ય ? પૈસા ફોક ? લાવ જરા મુખ્ય યજ્ઞગુરુને પકડવા દે; તત્ત્વ મળે તો સારું.' જઈને પૂછે છે 'તત્ત્વ શું ?' એ વળી એમ શાનો બતાવે ? 'અરે ! આ વેદમંત્રો એ જ મહાતત્ત્વ છે,' એમ કહે છે. પરંતુ અહીં તો શય્યંભવ જુએ છે કે વેદમંત્ર તો ઊઘાડા ત્યારે મુનિઓ કોઈ છૂપું તત્ત્વ સૂચવી ગયા છે. એ છૂપું તત્ત્વ જાણવાની એને આતશ જાગી હતી તે એમ શે સંતોષ પામે ?

**તલવાર દેખાડી તત્ત્વ માગણી :-**

શય્યંભવ તરત તલવાર લઈ આવી યજ્ઞગુરુના ગળા પર ઉગામીને કહે છે 'તત્ત્વ કહો છો કે નહિ ? નહિતર આ તલવારના ઝટકે ગળું ઊડ્યું સમજો !

બ્રાહ્મણભાઈ ગભરાઈ ગયા, કહે છે, 'ઊભા રહો મારા ગુરુજી કહી ગયા છે કે 'મરણાંત કષ્ટ આવે તો બીજાને આ તત્ત્વ કહેજે.' તત્ત્વ આ છે કે 'આ યજ્ઞના મુખ્ય સ્તંભની નીચે જૈનોના તીર્થંકર વીતરાગ શ્રીશાંતિનાથ ભગવાનની પ્રતિમા છે, એના પ્રભાવ પર યજ્ઞ મહિમાવંતો અને યશસ્વી બને છે.'

**મૂર્તિ પૂજા અંગે મહાન દલીલ :-**

મૂર્તિનો કેવો મહિમા ? 'મૂર્તિ તો જડ પાષાણ છે એ શો લાભ કરે ? એને પૂજવાથી શું મળે ?...' વગેરે ઊઠાવા ઊભા કરનારને આ મૂર્તિનો મહિમા જોવો છે ? શય્યંભવસૂરિનું 'દશવૈકાલિક' સૂત્ર માનવું છે, પણ શય્યંભવ ચુસ્ત વેદપૂજક બ્રાહ્મણમાંથી જૈન મુનિ કેમ બન્યા ? એ નથી જોવું. સેંકડો વરસો પૂર્વે ભવભીરું આચાર્યોએ એમની ઐતિહાસિક સત્ય હકીકત લખી તે નથી માનવી, અને કલ્પિત વિગત ઊભી કરવી છે ! એ કેટલું ન્યાયયુક્ત ?

**પ્રભુ ચારે નિક્ષેપે કલ્યાણકારી છે. પ્રભુનું નામ તારે, ને મૂર્તિ ન તારે ? :-**

**મૂર્તિ તો ત્રિકાલ સત્ય છે.**

**મૂર્તિપૂજાની દલીલો :-**

ભગવાનની સ્તુતિ આ રીતે થાય છે કે 'પ્રભુ ! તું નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ ચારે નિક્ષેપે જગતનું કલ્યાણ કરે છે.'

(૧) પ્રભુનું નામ તારે, ને પ્રભુની મૂર્તિ ન તારે ? નામ પૂજ્ય, ને મૂર્તિ પૂજ્ય નહિ ?

(૨) સમવસરણમાં પ્રભુ તો અશોકવૃક્ષ નીચે એક જ દિશામાં બેસે છે, પરંતુ બાકીની ત્રણ દિશામાં દેવતા પ્રભુના જેવા જ દેખાય એવો બિંબ જ સ્થાપિત કરે છે; અને દેવો તે તે દિશામાંથી આવતા એ બિંબને જ પ્રભુવત્ માની નમસ્કાર-સ્તુતિ-વંદના કરે છે, અને જાણે પ્રભુની સામે બેઠા એમ એનો વિનય સાચવીને સામે બેસે છે.



(૩) આજે ય હજારો વર્ષ જૂના જિન બિંબ મળે છે, એ મૂર્તિપૂજાની સત્યતા અને પ્રાચીનતા સાબિત કરે છે.

(૪) સમ્મેતશિખરજી, સિદ્ધાચલજી વગેરે મહાન તીર્થો શું અજ્ઞાન દશામાં ઊભા કરેલા ?

(૫) આજે પણ એ મહાતીર્થ ઉપર યાત્રિકોના દિલ જિનભક્તિરસથી દ્રવિત થઈ જાય છે, અને અંતરના કષાયો શાંત પડી ઉપશમરસનો અનુભવ કરે છે, એ હકીકત છે. તો શું આ અદ્‌ભુત શુભ દુર્લભ ભાવો એ મૂર્તિના આલંબને પ્રાપ્ત થાય એ મહાન લાભ નથી ?

(૬) અરે ! જો સ્ત્રી વગેરેનાં ચિત્રપટો મલિનભાવ પેદા કરી જાય, તો શું વીતરાગની શાંતરસ ઝરતી મૂર્તિ પ્રશસ્ત પવિત્ર ભાવ ઉત્પન્ન ન કરે ? ચિત્ર ભાવ પેદા ન કરતું હોત તો મુનિને દશવૈકાલિક સૂત્રમાં **'ચિત્તભિત્તિં ન નિજ્ઝાએ'** એમ કહી સ્ત્રી વગેરેનાં ચિત્રવાળી ભીંત સામે જોવાનો નિષેધ શું કામ કરત ? કહે છે,

**પ્ર.-** મૂર્તિ ભાવ તો પેદા કરે, પરંતુ એને પૂજવાનું શું કામ ?

**ઉ.-** આ પૂછનારને એ ખબર નથી કે પ્રભુની મૂર્તિને પૂજવામાં ખરેખર તો પ્રભુને પૂજવાનો ભાવ છે. પતિનો વિરહમાં ક્ષત્રિયાણી પતિની મોજડીને પૂજતી, તે શું ખાસડાની પૂજા કરતી હતી ? ના, મોજડી તો પતિનું પ્રતીક; એટલે મનથી પૂજા પતિની જ કરતી હતી. તે નકામી નહોતી, એ મોજડીની પૂજામાંથી જ પતિનાં મીઠાં સંસ્મરણ કરી પ્રેરણા મેળવતી, મનથી પતિના ગુણગાન કરતી. મોજડી પૂજવામાં એ ખરેખર જાણે પતિનાં જ ચરણ પૂજતી, અને પોતાનો એ ચરણે સમર્પિત ભાવ પ્રદર્શિત કરતી. એ પૂજા ન હોય તો એવો ભાવ શી રીતે લાવે ?

(૭) મૂર્તિપૂજાનો મહિમા આજે પણ શંખેશ્વરજી, અંતરિક્ષજી, કેસરિયાજી વગેરેની આરાધના કરનારા પ્રત્યક્ષ અનુભવે છે. મૂર્તિમાં માલ ન હોત મૂર્તિ ખાલી પાષાણ હોત, તો એ શાનું બને ? સારા મુહૂર્તે અને શુદ્ધ વિધિથી મૂર્તિની પ્રતિષ્ઠા કરતાં આજે પણ ગભારાની દિવાલોમાંથી ઢગલો અમી ઝરે છે ! એ મૂર્તિનો પ્રભાવ સાક્ષાત્ જોવા મળે છે.

**ભાઈ ભાઈને પિતાનું નામ લેવા દે, પણ પિતાનો ફોટો ન રાખવા-માનવા દે તો ? :-**

આવા નક્કર લાભને કરાવનાર મૂર્તિ અને મૂર્તિપૂજાનો અપલાપ કરવો, નિષેધ કરવો, એ કેટલું મોટું પાતિક છે ? બાપનો એક દીકરો બીજા દીકરાને કહે, 'જો બાપાજીનું નામ લેજે, પણ ખબરદાર ! બાપાજીનો ફોટો રાખ્યો છે તો ? કે ખબરદાર ! એ ફોટાને ફૂલહાર પહેરાવ્યો છે તો ?' એ કેટલું બેહૂદું ?

**પંજાબમાં મૂર્તિ વિરોધીનો રકાસ :-**

પંજાબના એક ગામમાં આર્યસમાજ ધર્મનો એક પ્રચારક જઈ ભાષણમાં મૂર્તિપૂજાનું જોરશોરથી ખંડન કરવા લાગ્યો, 'પત્થરમાં પરમાત્મા ? કેટલું અજ્ઞાન ?...' વગેરે વગેરે ચલાવ્યું. ત્યાં સભામાંથી એક જણ ઊઠ્યો, કહે છે, 'જુઓ ભાઈઓ ! કેટલો સરસ આ ઉપદેશ ! આ મૂળ ઉપદેશ, કરનાર કોણ ? મહાન ઉપકારી ગુરુ શ્રી દયાનંદ સરસ્વતી મહારાજ. એ કયા ? જુઓ આ.' એમ કહીને દયાનંદનો મોટો ફોટો ઢાંકીને લઈ આવેલ, તે સભાને ચારે બાજુ ફેરવીને બતાવ્યો. પછી 'પણ હરામખોર ! આ ધતિંગ ચલાવ્યું ?' એમ કહીને ફોટાને જમીન પર પટકી એના પર થૂંકતો જાય ને લાતો લગાવતો જાય ત્યાં ભાષણ કરનારે ઊકળી જઈ પોકાર ઉઠાવ્યો કે 'અરે ! ગુરુને લાતો ? ગુરુ પર થૂંકવાનું ?' ત્યારે આ કહે છે, 'આ ફોટાના કાગળિયામાં ગુરુ આવી ગયા ? પત્થરની મૂર્તિમાં ભગવાન નહિ, ને કાગળના ફોટામાં ગુરુ ? ફોટાની આશાતનામાં જો દિલ દાઝે છે, તો પરમાત્માની મૂર્તિની આશાતનામાં કેમ દિલ દાઝતું નથી ? શાનું ધતિંગ લઈને નીકળ્યા છો કે મૂર્તિ ખોટી ?' ભાષણ કરનારો શું બોલે ? પેલા લોકોને કહે છે, 'અલ્યા મૂઢ માણસો ! શું જોઈને ગાડરના ટોળાની જેમ નીચી મૂડીએ આ ભગવાનની અવગણના સાંભળી રહ્યા છો ? શરમ નથી આવતી ?' ભાષણ કરનારો તો રફુચક થઈ ગયો.

**મૂર્તિ વિનાની દુર્દશા :-**

(૮-૯) પવિત્ર તારણહાર મૂર્તિનો અને મૂર્તિપૂજાનો પ્રભાવ છે કે એના આલંબને એટલો ટાઈમ માણસ વિષયવિલાસો અને દુન્યવી આરંભ-સમારંભોથી બચે છે, તેમજ પોતાના પૈસાને પરમાત્મભક્તિમાં લેખે લગાડે છે. તીર્થ-યાત્રાસંઘ, જિનેન્દ્ર-ભક્તિ-મહોત્સવો શાંતિસ્નાત્રાદિ, યાત્રાઓ, પૂજાઓ ભાવનાઓ વગેરે મૂર્તિ-મૂર્તિપૂજાને આભારી છે. આ જેને માન્ય નથી એના અનુયાયીઓની દુર્દશા જુઓ કે બહોળી જનતામાં ધર્મસાધના શું છે ?

સારાંશ, મહા પ્રભાવવંતી અને પરમ કલ્યાણકારી જિનમૂર્તિ અને એની પૂજાનો અપલાપ કરવો યા ઉપેક્ષા કરવી એ મહાપાપ છે; ભવોના ભવો સુધી જીવને દુર્લભબોધિ બનાવે ! જૈનધર્મનું મોં ન જોવા દે ! કેમકે મૂર્તિ પર અભાવ, દ્વેષ એટલે ધર્મ પર અભાવ થયો, દ્વેષ થયો. પછી ધર્મ કેમ સગો થાય ?

એટલું તો જુઓ કે જો સતીને પતિ ઉપર ખૂબ માન છે, સદ્ભાવ છે, તો પતિની કોઈ પણ વસ્તુ ઉપર અભાવ થાય છે ? પતિના કપડાં પતિનું આસન, પતિની થાળી, પતિનો ગ્લાસ, પતિની કલમ, પતિનો ફોટો,...કશા ઉપર અભાવ



થાય ? કે ઊલટું, પતિની દરેક દરેક વસ્તુ પર માન થાય છે ? તો પછી જો ભગવાન ઉપર માન છે, તો ભગવાનની મૂર્તિ ઉપર અભાવ કેમ થઈ શકે ? દ્વેષ કેમ રખાય ? માન જ થવું જોઈએ ને ?

**પતિના ફોટા પર, માન રાખનારી સતી શું મૂઢ છે ? કે ઊલટું દ્વેષ કરનારી જ મૂઢ ગણાય ? એમ દેવાધિદેવની મૂર્તિ પર માન રાખનારા મૂઢ ? કે દ્વેષ કરનારા મૂઢ ?**

**શય્યંભવ મૂર્તિ કાઢી તત્ત્વની ખોજમાં :-**

શય્યંભવ તીર્થંકર ભગવાનની પ્રતિમાનો પ્રભાવ સાંભળી ઝાલ્યાં રહે ? તરત જઈને યજ્ઞસ્તંભ ઊખેડી નાખ્યો, અને નીચેથી શ્રીશાંતિનાથ પ્રભુની પ્રતિમા બહાર લીધી. શાંતરસ ઝરતી વીતરાગની મૂર્તિ જોઈ આકર્ષાઈ ગયા. મનને લાગ્યું કે 'અહો ! જે પરમાત્માની પ્રતિમા આટલી પ્રભાવશાલી, ત્યારે એ પરમાત્મા કેવા હશે...' વિશેષ તત્ત્વની લગન લાગી, તે બધું ઊભું મૂકી શોધતા શોધતા પહોંચ્યા મુનિઓના ગુરુ શ્રી પ્રભવસ્વામી પાસે. કેવી કલ્યાણદર્શિતા ! કેવી કલ્યાણદૃષ્ટિ !

શય્યંભવ જનમના જૈન નહિ, ચુસ્ત વેદાન્તી વેદાન્ત ધર્મવાળા. એટલે એમને આટલું એક સાધુના બોલ અને જિનપ્રતિમાનું નિમિત્ત મળતાં ચમક્યા કે 'અરે ! તત્ત્વને મૂકી હું ક્યાં ભ્રમણમાં અટવાઈ પડ્યો છું ?' તેથી તરત દોડ્યા જૈન સાધુ પાસે તત્ત્વની ખોજ મેળવવા ! તમે તો જનમના જૈન એટલે તમને આવો ચમકારો શાનો થાય ? શાના દોડો સાધુ પાસે તત્ત્વ ખોજવા ?

**શય્યંભવની જેમ તમે ચમકો ખરા ? :-**

સાધુ તમને કહે, 'અરે ! ખેદની વાત છે કે આ સંસારની આટલી પલોજણ કરાય છે પણ એમાં ક્યાંક આત્માનું હિત નથી,' તો એ સાંભળી શું તમે શય્યંભવની જેમ ચમકો ખરા કે 'સાધુ ખોટું બોલે નહિ, તો શું ત્યારે આ હું સંસારની મફતની વેઠ કરી રહ્યો છું ?

પછી શય્યંભવની માફક લાવ ત્યારે મારા આત્માનું હિત ખોજવા દે' એમ તાલાવેલી જાગે ખરી ?

એ ખોજવા માટે તરત સાધુની પૂંઠે પડી જાઓ ખરા ?

'એમ જિનપ્રતિમાનાં દર્શને શું દિલ ઊછળે કે 'અહો ! કેવી અદ્ભુત આ પ્રશમરસ ઝરતી મુદ્રા ? આ ભગવાનનું કેવું ઉત્તમોત્તમ જીવન ! હેં મને આવા લોકોત્તમ પરમાત્મા મળ્યા ? લાવ, એમનું વિશેષ તત્ત્વ સમજવા સાધુ પાસે જાઉં.'

તમે જનમના જૈન એટલે જ તમને આવા કશા ચમકારા ને કશા ઉછાળા આવે નહિ ને ! કશી તત્ત્વ-તાલાવેલી ન જાગે ને ? ધન્ય જૈન અવતાર ! આટલુંય નહિ, તો આગળની તો વાતે ય શી ? જુઓ શય્યંભવ હજી આગળ શું કરે છે.

શય્યંભવ વડેરા પ્રભવસ્વામી પાસે જઈ નક્કી કરી લે છે, 'પ્રભુ ! આપના જ સાધુ મારા યજ્ઞના વાડે ભિક્ષા માટે આવેલા ?'

પ્રભવસ્વામી કહે 'હા.'

શય્યંભવ કહે, તો 'પ્રભુ ! એ કહી ગયા કે અમારે ત્યાં તત્ત્વની ગમ નથી તેથી મેં તપાસ કરતાં તીર્થંકરની મૂર્તિ તત્ત્વ તરીકે મળી આવી તો મારી વિનંતિ છે કે જેમની મૂર્તિ આટલી પ્રભાવક છે એ પરમાત્માનું તત્ત્વ મને સમજાવો.'

પ્રભવસ્વામીજી કહે, 'જુઓ મહાનુભાવ ! કોઈ પરમાત્મા અનાદિસિદ્ધ નથી હોતા. એ હોવામાં કોઈ પ્રમાણ નથી. એ હોય તો નિરંજન-નિરાકાર; એથી જગતને કશો સર્જન કે ઉપદેશનો ઉપકાર ન કરી શકે. જગતને ઉપકાર કરવા માટે એમને દેહ જોઈએ, પરંતુ નિરંજન-નિરાકારને દેહ ધરવા માટે કશી કારણ-સામગ્રી હોતી નથી, તો કારણ વિના દેહધારણનું કાર્ય કેમ બની શકે ? માટે પરમાત્મા તો આત્મામાંથી જ બનેલા હોય છે.

**આત્માની ત્રણ અવસ્થા - બહિરાત્મદશા, અંતરાત્મદશા અને પરમાત્મદશા.**

(૧) **બહિરાત્મદશાવાળો** તો પોતાના આત્માને ભૂલી બાહ્ય શરીરને જ પોતાની જાત સમજે છે, ને તેથી શરીરનાં જ સુખ માટે રાત દિ' મચ્યો રહે છે. બાહ્ય શરીરના સંબંધી પૈસાટકા-ખાનપાન-પ્રતિષ્ઠા-પરિવાર વગેરેને પોતાની વસ્તુ અને સુખકર વસ્તુ માને છે. પામર આત્માને એ ભાન નથી રહેતું કે, 'આ બધું એક દિ' ઊડી જવાનું છે, ને એની પાછળ પાપ કરનારી કાયા ય ચેહમાં સળગી જવાની છે પછી એ બધું તારું શાનું ? ઊલટું પાપનો જંગી બોજ તારા આત્મા પર લદાયેલો રહેશે ! અને એ લઈને તારે પરલોક ચાલવું પડશે ! ત્યાં, અહીં જ પરિવાર આદિ ખાતર પાપો કરેલાં, એ કોઈ તને બચાવવા કે સહાયમાં ઊભા રહેવા નહિ આવે, તારે એકલે પંડે એ પાપોનાં દુઃખદ ફળ ભોગવવાં પડશે'...બહિરાત્માને આ કશો ખ્યાલ જ નહિ, આનો કશો જ વિચાર નહિ પછી આત્મા પરમાત્મા પરમાત્માનો માર્ગ સરાસર ભૂલી પાપો કરવામાં બાકી શું કામ રાખે ? વિષય-ગર્દભ (ગધેડો) બનવામાં શા સારું લજવાય ? કષાય-વૈશ્વાનર સળગતો રાખવામાં શું કામ સંકોચ રાખે ? શું કામ પાછું વળીને જુએ જ ?

**અંતરાત્માની ઉત્તમ ભાવના :-**

(૨) **એ તો અંતરાત્મા** બન્યો હોય એ આ બધો વિચાર કરે, અને પાપોથી ગભરાય, વિષયોનો વિરાગી બને, કષાયની આગમાં મુંઝાય; કેમકે અંતરાત્મા બનેલો દેહને બદલે દેહમાં કેદ પૂરાયેલા આત્માને પોતાની જાત સમજે છે. બહિરાત્મા 'હું' એટલે કાયા સમજે છે, ત્યારે અંતરાત્મા 'હું' એટલે આત્મા એમ સમજે છે.



આત્માને પોતાની જાત સમજ્યા પછી એને વિચાર આવે છે કે 'હું આત્મા શાશ્વત ત્રિકાળસ્થાયી, પરંતુ કર્મથી બંધાયેલો નવ નવા દેહમાં ભટકી રહ્યો છું. કર્મ પણ એમજ નથી વળગી ગયાં, કિન્તુ આ દેહ-ઇન્દ્રિયો અને મનના ક્ષણિક સુખોની લાલસામાં મિથ્યાત્વ અને હિંસાદિ તથા કામ-ક્રોધાદિ પાપો હું જ સેવીને હું જ ઉપાર્જનારો છું. તો એથી હું શું પામું છું ? શું ખાટું છું ? મૃત્યુએ સુખસરંજામ બધા ડૂલ ! અને જાતે નરકાદિ ગતિઓમાં જન્મ પામી એ મારા જ ઉપાર્જેલા કર્મના વિપાકરૂપે ભયંકર દુઃખ-ત્રાસ-રિબામણ પામવાના ! અહો ! ધિક્કાર છે મારી આ વિષયસુખોની લાલસાને ! ધિક્કાર છે એ લાલસા કરાવનારા દેહ-ઇન્દ્રિય-મનને ! અને ધિક્કાર છે એ મિથ્યાત્વાદિ પાપોને ને પાપો કરનારા મને ! ક્યારે એવી ધન્ય ઘડી આવે કે વિષયસુખોની લાલસા અને મિથ્યાત્વાદિ પાપો છોડી મોક્ષમાર્ગની આરાધનામાં જોડાઈ જઉં, અને અંતે સકલ કર્મનો નાશ કરી પરમાત્મા બની મોક્ષમાં સ્થિર થઈ જાઉં !'

**અંતરાત્માના કર્તવ્ય :-**

અંતરાત્મદશા પામ્યો હોય એને (૧) આ ખ્યાલ આવે છે. વિચાર આવે છે, ને એ પછી (૨) વિષયોથી વિરક્ત બને છે. (૩) વિરક્ત બનેલો શક્ય એટલી વિષયસુખોની લાલસા પર કાપ મૂકે છે. (૪) કાપ મૂકીને શક્ય એટલા પાપોનો ત્યાગ કરતો ચાલે છે. (૫) એ પણ એ જ ભાવનાથી કે 'ક્યારે વીર્યોલ્લાસ વધે ને સમસ્ત પાપોનો ત્યાગ કરી દુઃખ અને પાપોના ધામભૂત ઘરવાસ છોડી શુદ્ધ ચારિત્રમાર્ગે ચડી જાઉં. **'નારક-ચારકસમ ભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ, ચાહે નીકળવું નિર્વેદ તે,'** આવો સંસાર પ્રત્યે નિર્વેદભાવ ધરી નરકાગાર અને કારાગારસમા સંસારથી ઊભગેલો એ સંસારમાંથી નીકળી જવા ચાહતો હોય. પછી તો કેમ ? તો કે (૬) અવસર આવ્યે સંસાર-ત્યાગ કરી અહિંસા-સંયમ અને તપના માર્ગે ચડી જાય અને જ્ઞાન-ધ્યાનાદિમાં જ ઓતપ્રોત રહી જનમ-જનમનાં એકત્રિત કર્મનાં બંધનો તોડતો જાય. અંતે એ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બને.

(૩) **પરમાત્મદશા આ છે,** કે એમાં આત્મા રાગ-દ્વેષ-મોહથી સર્વથા મુક્ત વીતરાગ હોય, અને કેવળજ્ઞાન કેવળદર્શનરૂપી લોકાલોકના ત્રણે કાળવર્તી સમસ્ત પદાર્થો અને એના ભાવોના અનંત જ્ઞાન-દર્શનને ધરનારો સર્વજ્ઞ હોય.

આપણે આવા પરમાત્મા બની શકીએ. એમ તીર્થંકર પરમાત્મા ય આ રીતે અનાદિ અનંતકાળથી બહિરાત્મ ભાવને લીધે સંસારમાં રખડતા પોતાના આત્માને અંતરાત્મદશા પમાડી મોક્ષમાર્ગની સાધના કરતાં કરતાં પરમાત્મદશાને વરેલા હોય છે; પરંતુ વિશેષમાં જગતના સમસ્ત જીવોની કર્મપીડિત દુઃખદ અવસ્થા જોઈ

દ્રવિત થઈ, 'ક્યારે હું એ જીવોને મોક્ષમાર્ગના મુસાફર બનાવું !' એવી કરુણાભાવના કરે, સાથે અરિહંત-સિદ્ધ પ્રવચન આદિની જોરદાર ઉપાસના કરીને તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જીને આવેલા હોય એટલે અહીં પરમાત્મદશા પ્રગટ થતાં જ સુરાસુરેન્દ્રો આવીને એમના માટે ઉપરાઉપર રજત-કનક-રત્નમય ત્રણ ગઢનું સમવસરણ બનાવરાવી એમને એના ઉપરના રત્નમય સિંહાસન ઉપર બિરાજી ધર્મતીર્થ સ્થાપવાની વિનંતિ કરે છે.

**તીર્થંકરનો ઉપદેશ :-**

તીર્થંકર પરમાત્મા ત્યાં બિરાજમાન થઈ ધર્મદેશના આપે છે, એમાં પામર જગતને જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા-મોક્ષ એ નવ તત્ત્વ સમજાવી, બહિરાત્મભાવની જાલિમ દુર્દશા અને અંતરાત્મભાવનાં સુખદ પરિણામ બતાવે છે, તથા શુદ્ધ મોક્ષમાર્ગનો ઉપદેશ કરે છે. ત્યારે એ સાંભળી કેટલાક સંસારત્યાગ કરી સાધુ-સાધ્વી બને છે, તો બીજા વળી એ ભાવનાથી સમ્યગ્દર્શન સહિત અહિંસાદિના અણુવ્રત સ્વીકારી શ્રાવક-શ્રાવિકા બને છે. આમ પ્રભુ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે એમાં મુખ્ય ગણધર થવા યોગ્ય શિષ્યોને તત્ત્વની ત્રિપદી આવી એમની પાસે દ્વાદશાંગી આગમ શાસ્ત્રની રચના કરાવે છે. એ ગણધર બને છે. એ રીતે પ્રભુ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**તીર્થંકર દેવની ઋદ્ધિ :-**

આમ કહીને જીવ-અજીવ આદિ નવ તત્ત્વનું સ્વરૂપ સમજાવ્યું. પછી કહે 'હે મહાનુભાવ ! એ તીર્થંકર ભગવાનને જનમથી અતિશય સુંદર જીવનસિદ્ધ નીરોગી શરીર વગેરે ૪ અતિશય, પછી પરમાત્મા બન્યે ૧૧ અતિશય, અને દેવકૃત ૧૯ અતિશય, એમ કુલ ૩૪ અતિશયો હોય છે. એમને રત્નમય સિંહાસન, સદા વીંજાતા ચામર, માથે છત્ર, વગેરે અષ્ટ પ્રાતિહાર્યની શોભા હોય છે. જઘન્યથી એક ક્રોડ દેવતા એમની નિરંતર સેવામાં રહે છે ! છતાં પોતે વીતરાગ યથાખ્યાત ચારિત્રવાળા એટલે એમને દેવોની કાંઈ સેવા લેવાની હોતી નથી. અલબત દેવોએ રચેલા સમવસરણ પર બેસી દેશના આપે, પરંતુ દેવોની પાલખીમાં બેસી વિહાર-પ્રવાસની વાત નહિ. એ તો પગે ચાલીને જ. છતાં પ્રભુ ચાલે ત્યારે પ્રભુનાં ચરણ મલિન જમીન પર ન પડે એ રીતે ચરણની નીચે માખણના પિંડા જેવા સુકોમળ સુવર્ણ-કમળની રચના થઈ ગોઠવાઈ જાય છે ! પંખેરા આકાશમાં પ્રભુને પ્રદક્ષિણા દે છે ! ને માર્ગના ઝાડ પ્રભુ તરફ નમન કરે છે !

"હે ભાગ્યવાન ! તીર્થંકર ભગવાન પોતાના શેષ આયુષ્યકાળ સુધી આ રીતે જગત પર વિચરી જગતના જીવોને શુદ્ધ ધર્મનો ઉપદેશ કરી એમને મોહના



અંધકારમાંથી બહાર કાઢીને તત્ત્વના પ્રકાશમાં લાવે છે, અંતે સર્વ ભવોપગ્રાહી કર્મનો ક્ષય થઈ જતાં એ મોક્ષ પામે છે."

**ઈન્દ્રભૂતિ વગેરેનું સ્મરણ :-**

"હે સુજ્ઞ ભૂદેવ ! આ યુગમાં સો વરસ પૂર્વે આ યુગના ૨૪ પૈકી છેલ્લા ૨૪ મા ત્રિલોકનાથ તીર્થંકર શ્રી મહાવીરપ્રભુ થઈ ગયા. એમના પ્રમુખ શિષ્યો ૧૧ ગણધર મૂળ ઈન્દ્રભૂતિગૌતમ વગેરે બ્રાહ્મણ હતા. વેદ-વાક્યોના પરસ્પર વિરોધા-ભાસથી એ બધા આત્મા, કર્મ પરલોક વગેરે બાબત અંગે ગુપ્ત શંકાવાળા હતા. છતાં મહાન વિદ્વાન હોવાથી પોતાને સર્વજ્ઞ તરીકે માનતા હતા. તે પહેલા બે ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ યજ્ઞસમારંભ મૂકી પ્રભુને વાદમાં હરાવી દેવા માટે ગયેલા. પણ વાસ્તવિક સર્વજ્ઞ જગતદયાળુ શ્રી મહાવીર પરમાત્માએ એમના દિલમાંનો સંશય પ્રગટ કરી વેદપંક્તિના સાચા અર્થ બતાવીને એમના સંશયોનું નિરાકરણ કરી આપ્યું; સાથે આત્માની બહિરાત્માદશા વગેરે ઓળખાવી પરમાત્મદશા પામવાનો શુદ્ધ માર્ગ બતાવ્યો; એટલે તે અગીયારે બ્રાહ્મણો ત્યાં જ સંસારત્યાગ કરી પ્રભુના શિષ્ય સાધુ બની ગયા ! અને પ્રભુ પાસેથી તત્ત્વ ત્રિપદી પામી સ્વયં દ્વાદશાંગી આગમના રચયિતા ગણધર બન્યા. તત્ત્વ સમજાયા પછી એને આ કિંમતી જનમમાં સફળ બનાવવાનું કોણ ચૂકે ? તમને જે પ્રતિમા મળી તે આ યુગની ચોવીસીના ૧૬મા તીર્થંકર ભગવાન શ્રીશાંતિનાથ પરમાત્માની પ્રતિમા છે."

**શય્યંભવની વૈરાગ્ય વિચારણા :-**

શય્યંભવ બ્રાહ્મણ કલ્યાણદર્શી બનેલા હતા, એટલે તો તત્ત્વ સમજવા આવેલા હતા. એમાં પ્રભવસ્વામીજીએ એમને બહિરાત્મદશા વગેરેથી માંડી પરમાત્મદશા સુધીનાં તત્ત્વની ઓળખ આપી. એ સાંભળતાં શય્યંભવ પાણી પાણી થઈ ગયા. પોતાની અનંત અનંત કાળથી બહિરાત્મદશાના યોગે થયેલી દુર્દશા પર તિરસ્કાર છૂટ્યો. મનને સચોટ લાગી ગયું કે, 'અહીં પણ જો મોહમાયામાં ફસ્યા રહી એ પાપિષ્ઠ બહિરાત્મદશા જ ઊભી રાખી, તો આ જીવન તો ચાર દિનકી ચાંદનીના ચળકાટ જેવું છે પણ, પછી ઘોર અંધેરી રાત, તે ભૂતકાળ જેવી અપરિમિત કાળ દુર્દશા જ સરજાવાની. ફરી મનુષ્ય ભવ ક્યારે મળે. ને મળે તો ય અહીંના આવા જ સંસ્કારે પાછી બહિરાત્મદશામાં જીવન વેડફી નાખવાનું ? જ્યારે ને ત્યારે અંતરાત્મદશા પ્રગટાવી સંસારત્યાગ કરી સાધુધર્મ લઈને પાળ્યા વિના ભવભ્રમણ ને જનમ-મરણની જંજાળ મટે એમ નથી.

ત્યારે યજ્ઞસમારંભ ઊભો છે, ઘરે પત્ની ગર્ભિણી છે, એનું કેમ ? પરંતુ ગૌતમ ઈન્દ્રભૂતિ વગેરે બ્રાહ્મણો ય પ્રભુ પાસેથી તત્ત્વ સમજ્યા પછી ક્યાં ઘર-

કુટુંબ-યજ્ઞસમારંભ સંભાળવા પાછા ગયા હતા ? ગયા હોત તો ક્યાંથી આત્મકલ્યાણ સાધત ? જીવનનો ભરોસો નથી કે કેટલું ટકે ? ને સાધવાનું રહી જાય. માણસને એકાએક મોત આવે તો બધું ઊભું પડતું મૂકીને જાય છે ને ? પણ તે તો સાધ્યા વિના. તો પછી એના કરતાં જીવતાં જ ઊભું મૂકી સાધના કાં ન કરી લેવી ? અહો કેવા હિતૈષી ગુરુ મળ્યા ! કેવો તત્ત્વ પ્રકાશ !...' વિચારતાં વિચારતાં દિલ દ્રવી ગયું. આંખે ઝળઝળિયાં આવી ગયા.

**શય્યંભવની ચારિત્રમાગણી :-**

બસ, શય્યંભવ કલ્યાણદર્શી બની ગુરુવાણી દિલમાં ઉતારી મનોમંથન કરી લીધું, અને ગુરુને આંખમાં આંસુ સાથે કહે છે, 'પ્રભુ ! આપે મહાન તત્ત્વ પ્રકાશ આપ્યો. મારા અંતરના ચક્ષુ ખોલી નાખ્યા. ક્યાં હું મિથ્યાત્વની ઘોર અંધારી ગુફામાં ભટકતો હતો, ને આપે ક્યાં મને તત્ત્વના જ્વલંત અજવાળામાં લાવી મૂક્યો ! અહાહાહા પ્રભુ ! આપનો કેવો અનંત ઉપકાર ! બસ, હવે તો ભગવન્ ! આપ મને શરણ આપો, હું યોગ્ય લાગતો હોઉં તો આપ મને આ સંસાર-કારાગારમાંથી છોડાવી આપનાં ચરણે બેસાડી દો.'

શ્રુતકેવળી ભગવાન પ્રભવસ્વામીજી એમને યોગ્ય જોઈ એમના માટે જ તો અહીં પધાર્યા હતા. હવે સામેથી એ જ માગણી કરે છે, એટલે વિલંબ શો ? એમને સ્વીકારી લીધા, અને ત્યાં જ સંસારત્યાગ કરાવી સાધુધર્મની ચારિત્રદીક્ષા આપી. એટલું જ નહિ, પણ આઠ વરસની અંદરઅંદર એમને ૧૪ પૂર્વ સહિત સમગ્ર દ્વાદશાંગી ભણાવી દીધી, અને પોતાની પાટ પર સકલ સાધુસમુદાયના વડેરા આચાર્ય તરીકે સ્થાપ્યા. એ શય્યંભવસૂરિ આચાર્ય ભગવાને પોતાના સાંસારિક પુત્ર મનકમુનિના ૬ માસના શેષ આયુષ્યકાળમાં કલ્યાણ માટે શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી.

**કલ્યાણદર્શી ન હોય એના ચાળા :-**

કલ્યાણદર્શિતાનો કેટલો જબરદસ્ત પ્રભાવ ! જો શય્યંભવ બ્રાહ્મણ કલ્યાણદર્શી ન હોત તો (૧) પહેલાં મુનિઓ જે કહી ગયા કે 'તત્ત્વની ગમ નથી,' એની અવગણના કરત કે 'ભલે સાધુ બોલી ગયા, પણ એ જૈન સાધુ ને ? એટલે અમારી વિરુદ્ધ જ બોલે.' બસ ત્યાં જ અટકી પડત, અને તત્ત્વની ખોજ કરતે નહિ.

(૨) આગળ પણ યજ્ઞસ્તંભની નીચેથી જિનપ્રતિમા મળ્યા પછી ય જો કલ્યાણદર્શી ન બન્યા હોત, તો માંડવાળ કરત કે 'હોય ભાઈ ! કોઈ કોઈ પ્રતિમાનો પ્રભાવ દેખાય છે. એમ આ પ્રતિમા ય પ્રભાવવંતી હોઈ શકે છે. ચાલો, ફરીથી આ પ્રતિમાને નીચે સ્થાપી એના પ્રભાવે આપણું કામ ચાલું રાખો.' એમ માંડવાળ



કરીને પ્રતિમાનું તત્ત્વ સમજવા પ્રભવસ્વામીજી પાસે જાત જ નહિ

(૩) એથી આગળ પણ કલ્યાણદર્શી ન બન્યા રહ્યા હોત, તો પ્રભવસ્વામીની પાસેથી તત્ત્વ સમજ્યા પછી 'આપનો ખૂબ આભાર માનું છું કે તત્ત્વ સમજાવ્યું. લ્યો ત્યારે હવે રજા લઉં છું,' એમ કરીને પાછા પાપના કથલામાં જઈ પડત

પણ ના, આ તો ઠેઠ શય્યંભવ મિથ્યાદૃષ્ટિ બ્રાહ્મણપણામાંથી તરત જ સમ્યગ્દૃષ્ટિ સર્વવિરતિ ચારિત્રધર શય્યંભવ મુનિ બની જવા સુધી પહોંચી ગયા. બધું જ કલ્યાણ-દર્શિતાને આભારી; કલ્યાણદૃષ્ટિને આભારી. તમે પણ કલ્યાણદર્શી છો ને ? પ્રભવ-સ્વામીજીએ શય્યંભવને આપેલ તત્ત્વ પ્રકાશ તમે પણ સાંભળ્યો ને ? તમને ય મળ્યો ને ? તો હવે જેમ એમણે બધું ઊભું મૂકી ચારિત્ર લીધું, એમ તમારે કરવું છે ? ના, તો ક્યાં અટકે છે ? પણ કહો, હજી એવી કલ્યાણદર્શિતા જ આવી નથી ને ? ઠીક ત્યારે શ્રાવકના બાર વ્રતમાં આવી થોડો ત્યાગ કરવો છે ? કઠિન છે.

આવા મહાન આલંબનનો આધાર નહિ લેવાય, તો આલંબન મળ્યાં શા કામના ? એટલું તો વિચારો કે શય્યંભવ જનમના બ્રાહ્મણ, બ્રાહ્મણ-ધર્મના યજ્ઞકાંડમાં મશગુલ, એમને વળી જિનપ્રતિમાનાં દર્શન પર તત્ત્વની લગન એવી લાગે કે તત્ત્વની ખોજમાં બધું એમજ ઊભું મૂકીને દોડે ! તો એ લગન કેવી ? શું એમને પૈસાટકા-બૈરી-ધંધો કશું નહોતું મળ્યું તે જિનમૂર્તિ પર આવા આકર્ષાઈ જાય ને તત્ત્વ માટે દોડે ?

**તત્ત્વની લગન નહિ, પૈસાટકા વગેરેની જ લગન, એ અકલ્યાણદર્શિતા છે :-**

મૂળ વાત આ છે કે અજ્ઞાન મૂઢદશા એવી છે કે લગન પૈસાટકા, મીઠાં, ખાનપાન, કુટુંબકબીલા, કીર્તિકામિની વગેરેની એવી લાગેલી છે કે તત્ત્વની લગનને જગા જ નથી મળતી. પછી પ્રતિમા શું, કે મહાન સિદ્ધાચળજી તીર્થાધિરાજ શું, એ પામવા છતાં જીવને કશી અસર જ નહિ, તે પાછો એ પૈસાટકા-ખાનપાન-કુટુંબકબીલા વગેરેનો એટલો જ રસિયો બન્યો રહે છે. એની એટલી જ લગન ચાલુ રહે છે. એમ ગુરુના ઉપદેશ પણ અનેકવાર સાંભળ્યા છતાં એ રસિકતા, એ લગન, એવી ને એવી જ ઊભી ! એ કેવી અકલ્યાણદર્શિતા ?

**આત્માના પરિણામ નિષ્ઠુર કેમ બને છે ? :-**

ભૂલશો નહિ, આટલા જિનમૂર્તિ-મહાતીર્થ-જિન-વાણી-પૂર્વપુરુષો વગેરેનાં ઉત્તમોત્તમ આલંબન મળ્યા છતાં સાંસારિક પદાર્થોની લગન એવી ને એવી ઊભી જ રાખવી છે, તત્ત્વ લગન, આત્મહિતની લગની, ને મળેલા પ્રતિમાદિ આલંબનોને સાર્થક કરી લેવાની લગની નથી ઊભી કરવી, તો આત્માનાં પરિણામ નિષ્ઠુર થઈ

જશે; જે ભવાંતરે જીવને ધર્મનું નામ સાંભળવાને પણ નાલાયક બનાવી દેશે ! અહીંજ જુઓ છો ને કે એવા ભદ્રક જીવ પ્રભુનાં દર્શન-ગુણગાનમાં ગદ્ગદ થઈ જાય છે, એમને હૈયું દ્રવિત બને છે, આંખમાં આંસુ આવી જાય છે, તમને કેમ નહિ ? કહો, પેલાના પરિણામ કોમળ છે, નિષ્ઠુર ધિઠ્ઠા નથી. તમારે પ્રતિમા દર્શન, સ્તવન યાવત્ વૈરાગ્યરસ ભરપૂર જિનવાણી...બધું કોઠે પડી ગયું. કોઠે પડી ગયેલી દવા અસર નથી કરતી. તો અહીં આ જનમમાં જ જો આ દિલની નિષ્ઠુરતાનો અનુભવ, તો પરભવે કેવી ભારે નિષ્ઠુરતા ઊતરી પડશે ? એનો વિચાર આવે છે ?

વાત એ હતી કે જીવનમાં ભદ્રક્તા-નિખાલસતા-સરળતા અને ભદ્રદર્શિતા-કલ્યાણદર્શિતા-કલ્યાણદૃષ્ટિ રાખો, ને એ માટે મોટા ગૌતમસ્વામી ગણધર જેવાનાં કે છોટા આનંદ-કામદેવાદિ શ્રાવક જેવાનાં દૃષ્ટાંત આલંબનરૂપે મળ્યાં છે, તો એમનું આલંબન પકડી દિલમાં ઉત્સાહ જગાડો કે 'હું પણ ભદ્રક્તા-ભદ્રદર્શિતા રાખું,' ગરજ ઊભી કરો કે 'મારે એના વિના ચાલે જ નહિ.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૨,અંક-૩૦,તા.૨૦-૪-૧૯૭૪**

બ્રાહ્મણ ઈન્દ્રભૂતિ ગૌતમ મહા વિદ્વાન પંડિત અને યજ્ઞગુરુ તથા ૫૦૦ વિદ્યાર્થીઓના નેતા ગુરુ છતાં કેટલા બધા ભદ્રક અને કલ્યાણદર્શી કે તત્ત્વની લગન પર, અને શ્રીમહાવીર ભગવાનની ઓળખ થતાં એમની કદર કરવા પર ત્યાં ને ત્યાં જ સંસાર ત્યજી ચારિત્ર લઈને પ્રભુના શિષ્ય બનવા માટે પ્રભુને વિનંતિ કરે છે. હવે નથી ભાઈને કહેવા જવું, નથી યજ્ઞ કરાવનારને કહેવા જવું કે નથી યજ્ઞ વગેરેનું કશું બાકી કામ પૂરું કરવા જવું. કેવા ભદ્રક !

**ભદ્રક તે કે સારું સામે આવ્યા પછી એનાથી ખસવા ખોટાં બહાનાં-બચાવ આગળ ન લાવે.**

**માયામાં મિથ્યાત્વ આવે : મરીચિની ભદ્રક્તા :-**

એવાં બહાનાં-બચાવ આગળ ધરવા એ દિલની વક્રતા છે, ભદ્રક્તા નિખાલસતા નહિ.

મરીચિ ભદ્રક છે, તે ચારિત્રથી પતિત છતાં લોકોને શુદ્ધ ચારિત્ર-ધર્મનો ઉપદેશ આપે છે, ને પોતાની જાતને કાયર પામર પતિત તરીકે ઓળખાવે છે. એ નિખાલસતા-નિષ્કપટતામાં સમ્યક્ત્વ ટકે. માયામાં સમકિત જાય, મિથ્યાત્વ આવે. મરીચિ પતિત છતાં સમકિત છે. એકવાર એવું બને છે કે એ બિમાર પડતાં સાધુ



એની સેવા નથી કરતા, તેથી મરીચિના મનને સહેજ લાગી આવ્યું કે આમની સાથે ને સાથે ફરું છું છતાં આમને આટલું ય દાક્ષિણ્ય નહિ ? પરંતુ પાછા નિખાલસ-સરળ-ભદ્રક છે ને ? તે મનને આ ચિંતવ્યાનો પસ્તાવો થયો કે 'અરે ! પતિત એવા મેં આ પવિત્ર મુનિઓ માટે આ શું વિચાર્યું ? જે મુનિઓ શુદ્ધ સંયમ પાળવા માટે પોતાના શરીરનો ય મોહ નથી રાખતા, એ મારા જેવા પતિતની સંભાળ શાની કરે ? સંયમની પ્રતિજ્ઞા લઈને મેં તોડી, ને ભ્રષ્ટ થયો. હવે એવી અપેક્ષા મારે શા સારું રાખવી કે સંયમી મુનિઓ મારી સેવા કરે ? મારો હક નથી.'

ભદ્રક મરીચિ કેવી સીધી લાઈનની વિચારણા કરે છે ! આ પણ આપણને શિક્ષણ આપે છે કે 'તમારું સ્થાન મોભો-દરજ્જો જોઈ એની અંદર રહીને વિચારજો. હક બહારની અપેક્ષા રાખશો નહિ. કેટલીક વાર છોકરાને એમ થાય છે કે 'મારા માબાપે આટલું મારું કેમ ન સાચવ્યું ? કેમ ન બજાવ્યું ?' પરંતુ ખરેખર તો પોતાની જ ભૂલ હોય છે. દા.ત. બહાર મિત્રોમાં ફરતો રહી ઘરે જમવા મોડો આવે ને પછી મનને લાવે કે 'કેમ બાએ રસોઈ ગરમાગરમ ન રાખી ?' ખરેખર તો એ વિચાર રહેવો જોઈએ કે 'બા બુઢ્ઢા છે, ધર્મિષ્ઠ છે, મારે એમનો સમય સાચવી લેવો જોઈએ. એમને અનુકૂળતા રહે, એમને શાતા ઊપજે એમ વર્તી લેવું જોઈએ.' દિલની ભદ્રકતા નથી વક્રતા છે એટલે આ સીધી લાઈનની વિચારણા નથી આવડતી ને વાંકું વિચારાય છે.

**'પોતાના મોભા પ્રમાણે અધિકાર-હક રાખું,' આ સુયોગ્ય ને ભદ્રક જીવનનું મહાન સૂત્ર છે.**

**અધિકાર બહારની પ્રવૃત્તિથી કેવાં નુકસાન !**

યાદ રાખજો, જીવન સુયોગ્ય ન જીવ્યા, તો બીજા કદાચ તમારું પુણ્ય તપતું હશે તો તમને મોંઢે નહિ કહે, પણ એમના અંતરમાંથી તમારું સ્થાન ઊતરી જવાનું. તમારી હામાં હા ભરશે, પણ તમારી કિંમત કરશે કે 'આમને કેટલું અભિમાન છે ! કેટલી બધી માનાકાંક્ષા છે ! કેવી જાત પ્રશંસા આવડે છે ! બીજા તો જાણે હિસાબમાં જ નહિ, કિંમત માત્ર એમની પોતાની.' આમ જીવન અયોગ્ય રીતે જીવવામાં કિંમત વિનાનો થાય. અધિકાર બહારનું બોલવા કે વર્તવામાં અપજશ મળે છે. ત્યારે પરલોકની દૃષ્ટિએ તો કશું સારું ન પામે. સ્વોત્કર્ષ-સ્વાભિમાનથી નીચગોત્ર વગેરે' કર્મ ઉપાર્જે છે. બીજા પાસેથી હોશિયારી લેવાની તે ક્ષણિક, કોઈ દુન્યવી લાભ ખાટવાનો તે તુચ્છ અને અલ્પકાળનો, પણ નુકસાન નોંતરવાનો મોટો અને દીર્ઘકાળના.

બળવાન વાલિરાજા સામે રાવણ અધિકાર બહાર લડવા ગયો, તો પછાડ ખાધી. રાજા આઠમા એડવર્ડે પોતાના સ્થાનને અયોગ્ય એવી સ્ત્રીમાં મોહિત થઈ એને પકડી રાખી, તો બ્રિટિશ સલ્તનતની ગાદી પરથી ઊઠી જવું પડ્યું. પાર્લામેન્ટે

એને ઉઠાડી મૂક્યો.

**પુણ્યના અધિકાર વિના વાંકાશ કરવા જાઓ તો થપ્પડ ખાવી પડે.**

**પ્ર.**- તો પુણ્યનો અધિકાર પહોંચે તો તો વાંકાશમાં ધાર્યું થાય ને ?

ઉ.- થાય તો ખરું, પણ સમજી રાખો કે પુણ્ય ધીમે ધીમે ખૂટવાનું છે, પણ વાંકાશના અભ્યાસથી એના સંસ્કાર ઊભા રહેશે. એ પુણ્ય ખૂટી ગયા પછી પણ વાંકાશની કુટેવ ચાલુ રખાવશે, ને એમાં માર ખાવા સિવાય બીજું કાંઈ નહિ મળે.

**પ્ર.**- તો વાંકાશ ન રાખતાં ભલે નિખાલસ સીધો સરળ વર્તાવ રાખે, પણ પુણ્ય ન હોય તો સફળતા તો ન મળે ને ?

ઉ.- અરે ! બાહ્ય સફળતા ન મળી, પરંતુ આભ્યન્તર દિલ તો બગડે નહિ ને ? દિલ વાંકુ કરી બગડીને ભવિષ્યના ભવોના ભવો દુઃખદ દુર્દશા ઊભી થાય, એથી તો બચી જવાય ને ? જીવનમાં આત્માના ઉત્થાનનો પાયો તો નખાઈ જાય.

**નિખાલસતા-ભદ્રકતા-સરળતા એ ઉદયનો આત્મોત્થાનનો પાયો છે.**

મોટો ઘાતકી પણ અર્જુનમાળી નિખાલસ બન્યો તો શ્રીમહાવીર પ્રભુ પાસે મહાત્મા બની ગયો ! ત્યારે મહાત્મા કુળવાળક વાંકો બન્યો તો અધમાત્મા બન્યો.

**પ્ર.**- સંસાર-વ્યવહારમાં સરળ બન્યે ચાલતું નથી ને ?

ઉ.- એવું કોણે કહ્યું ? શું દુનિયા રસાતળ ગઈ છે ? કોઈ જ સરળ જીવન જીવનારા નથી ? બહુરત્ના વસુંધરા, પૃથ્વી ઘણાં રત્નોને ધરનારી છે. શું એવા સરળ રહેનારને વ્યવહાર અટકી પડે છે ? સુખે જીવી શકતા નથી ? આ ભ્રમણા છે કે 'સરળ-ભદ્રક રહીએ તો ખત્તા જ ખાવા પડે.' ભોળાના ભગવાન કહેવાય છે. સરળ જીવોને કુદરત સહાય કરે છે.

**વાંકા ધવળે ઘણાય ધમ પછાડા કર્યા, પરંતુ સરળ શ્રીપાળનું કશું બગાડી શક્યો નહિ.**

ઊલટું ધવળની વાંકાશમાં શ્રીપાળને અધિકાધિક લાભ થતો ગયો ! કહો, પેલાની વાંકાશે આ સરળ ભદ્રક જીવને નવનવા લાભના દરવાજા ખોલી આપ્યા. ધીરજ અને શ્રદ્ધા રાખીને સરળતા-ભદ્રક્તાનો અભ્યાસ કેળવવા જેવો છે. (૧) ગુણસ્થાનકની પાયરીએ સરળ ભદ્રક આત્માઓ જ ચડી શકે છે. (૨) દેવ અને ગુરુની કૃપા એવાને જ મળે છે (૩) કર્મની સામે જંગ પણ એ જ માંડી શકે છે. (૪) માનવજીવનનો સાર સરળ-ભદ્રક આત્માઓ જ પામી શકે છે. સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજી, શ્રુતકેવળીને યાદ કરાવે એવા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી વગેરે ભદ્રકપણામાંથી એટલે ઊંચે ચડેલા.



**ભવાંતરના સર્વતોમુખી ઉદયને લાવનારી સાધનાઓના મૂળમાં ભદ્રકતા અને ભદ્રદર્શિતા છે, કિન્તુ વક્રતા-મદ-અકલ્યાણદર્શિતા નહિ.**

આવા ઉચ્ચ લાભોને જોઈ આપણે સરળ ભદ્રક અને કલ્યાણદર્શી બનવામાં બાકી રાખીએ ?

મરીચિ પડ્યા છતાં સરળ ભદ્રક હતા એટલે જ પોતાની પતિતતા દેખાડીને જોરદાર ધર્મદેશના દ્વારા કેઈ આત્માઓને ચારિત્રમાર્ગે ચડાવી દેતા હતા. પૂછો

**પ્ર.**- એમ તો અભવી પણ ભદ્રક નહિ છતાં આચાર્ય થઈને કેઈને તારે છે ને ?

ઉ.- તારે છે પણ પોતાને દેવાળું; પોતે મહા-મિથ્યાત્વમાં સબડતા રહે છે. ત્યારે, આ મરીચિ પતિત છતાં હજી સમ્યક્ત્વ રત્ન ગુમાવ્યું નહોતું. કારણ ? ભદ્રકતા, સરળતા.

**શ્રીમહાવીર ભગવાનના જીવનોમાંથી આ ભદ્રકતા, સરળતા શીખવા જેવી છે.**

અલબત જ્યાં એમણે એ ગુમાવી, ત્યાં ભારે પતન થયું. એ પતનોમાંથી પણ આપણને આ બોધપાઠ મળે છે કે 'મોટા તીર્થંકરના જીવ છતાં અને સાધનામાં ચડેલા છતાં જો ભદ્રક્તા ગુમાવી, તો ભારે પતન પામ્યા, તો પછી આપણે ભદ્રક્તાને બદલે વક્રતા ને આપમતિ રાખીએ તો આપણી કેવી વલે ?

જુઓ અહીં મરીચિના અવતારે ભદ્રકતા ગુમાવી કેવા પડ્યા ! પહેલાં તો ભદ્રક હતા તેથી એ માંદા પડતાં એ વિચારે છે કે પવિત્ર સંયમધારી મુનિઓ મારા જેવા પતિતની સેવા શાની કરે ? મેં એમની સેવાનો ખોટો વિચાર કર્યો. પણ હવે કોઈક મારા જેવો કમભાગી મળતાં એને મારો શિષ્ય કરીશ.' અત્યાર સુધી પતિત મરીચિએ પોતાનો એક પણ શિષ્ય નથી કર્યો. જે બૂઝ્યા એને એ ભગવાન પાસે દીક્ષા લેવા મોકલતા. ત્યારે પૂછો,

**પ્ર.- પોતાનો શિષ્ય ન કરતાં પ્રભુનો શિષ્ય કરાવે એમાં ભદ્રકતા શી રીતે ?**

ઉ.- ભદ્રકતા આ રીતે કે પોતાની દેશનાથી સામો જીવ વૈરાગ્ય પામ્યો, ને હવે પૂછે છે, 'જો સંસાર ઝેરરૂપે છે તો મારે શું કરવું ?' ત્યારે એને પોતે જાણેલો સાચો હિતમાર્ગ બતાવવો એનાં દિલની સરળતા-ભદ્રકતા ગણાય; પણ એના બદલે પોતાનો સ્વાર્થ સાધવા અહિતમાર્ગ બતાવાય તો એ માયા-દંભ કહેવાય. મરીચિ ભલે પતિત, પણ સમજે તો છે જ કે હિતનો માર્ગ સંયમ-સાધુપણું છે. પોતાનો શિષ્ય કરવાનો સ્વાર્થ બાજુએ મૂકી એ સાચો સાધુમાર્ગ બતાવવો સાધુ બનવા કહેવું એમાં દિલની સરળતા કહેવાય. એના બદલે 'હાં, તો તારે સંસારથી બચવું છે ને ? આ મારા જેવો થઈ જા, એટલે તું સંસારથી બચી તારું કલ્યાણ થશે' એમ ભરમાવી પોતાનો શિષ્ય કરવો એમાં માયા-દંભ થયો ગણાય. મરીચિ આવા

માયાવી નથી, સરળ છે, ભદ્રક છે, તેથી પોતાને શિષ્ય બનાવવાની ભાવના છતાં અને સામાને પોતે જ વૈરાગ્ય જગાડી પ્રતિબોધ પમાડ્યો છે. છતાં પોતાનો એક પણ શિષ્ય નથી કરતા, પરંતુ જે બૂઝ્યા એને એ ભગવાન પાસે દીક્ષા લેવા મોકલતા. ભદ્રકતા તે કેવી કે શિષ્ય કરવાની ભાવના થયા પછી પણ પોતાનાથી જે બૂઝે એને પોતાનો શિષ્ય ન બનાવતાં પ્રભુના સાધુ પાસે જ દીક્ષા લેવા મોકલતા ! આપણી દૃષ્ટિ મરીચિની પતિતતા ઉપર જાય છે, પણ એમની આ ભદ્રકતા પર નથી જતી ! શું પામવાના આપણે ?

એક વાર કપિલ રાજકુમાર એમની દેશનાથી વૈરાગ્ય પામ્યો. એને પણ જ્યારે મરીચિ કહે છે 'જા, પ્રભુના સાધુઓ પાસે દીક્ષા લે' ત્યારે પેલો વાંકો છે તે કહે છે, 'ત્યાં શું કામ જાઉં ? હું તો તમારાથી બોધ પામ્યો છું, માટે તમારી પાસે ધર્મ હોય તો તમારી પાસે જ દીક્ષા લઉં, તમારો જ શિષ્ય થાઉં. બોલો, તમારી પાસે ધર્મ નથી ?'

બસ, અહીં મરીચિ હવે ભદ્રક ન રહેતાં માયા કરે છે. જુઓ શી રીતે ? મરીચિએ જોયું કે "આ ખોટી હઠે ચડ્યો છે આમે ય મારે એક શિષ્ય તો જોઈએ જ છે. તો આ ઠીક મળ્યો છે. પવિત્ર સંયમી મુનિઓને છોડી મારા જેવા પતિતને ઈચ્છે છે, એટલે મારા જેવો જ હીનભાગી છે.

**'મુજ યોગ્ય મળ્યો એ ચેલો જેમ કડવે કડવો વેલો.'**

માટે હવે આને શિષ્ય કરું."

આમ વિચારી 'બોલો, તમારી પાસે ધર્મ નથી ?' એવા પેલાના સવાલનો જવાબ કરતાં કહે છે, 'કપિલ ! ધર્મ તો ત્યાં પણ છે ને અહીં પણ છે.' આ શું કર્યું ? ઉત્સૂત્ર ભાષણ. ભલે એમની પાસે અણુવ્રત ધર્મ હતો, પરંતુ અહીં એમણે પરિવ્રાજકપણા ઉપર સર્વવિરતિ ચારિત્ર ધર્મનો સિક્કો માર્યો. મુનિઓ પાસે એ જ ધર્મ છે. એ ધર્મ અહીં સંન્યાસીપણામાં પણ હોવાનું કહ્યું. સૂત્ર આની ના પાડે છે; એટલે સૂત્રવિરુદ્ધ બોલ્યા એ ઉત્સૂત્રભાષણ કહેવાય.

**સૂત્રવિરુદ્ધ બોલવામાં ભદ્રકતા નષ્ટ : એથી ભવો માટે ધર્મ ન મળે. કેમ ? :-**

મરીચિએ ભદ્રક્તા ગુમાવી, વક્રતા આવી ત્યારે પ્રભુનાં વચનથી વિરુદ્ધ બોલવાનું કર્યું. ભદ્રક રહ્યા હોત તો તો કહી દેત કે 'જો ભાઈ ! તારે મારી પાસે દીક્ષા લેવી હોય તો મારી પાસે લે, પણ સમજીને લે કે 'હું ધર્મભ્રષ્ટ છું. ચારિત્રધર્મ તો ત્યાં જ છે, મારી પાસે નહિ. પણ ભદ્રકતા ગુમાવી, તો કેટલું પડ્યા ? શાસ્ત્ર કહે છે, મોક્ષની નિકટ આવેલા એમણે કોડાકોડિ સાગરોપમ વર્ષ-પ્રમાણ સંસાર વધાર્યો ! લાંબો કર્યો ! ને મુક્તિને આઘે ઠેલી !

મરીચિએ ભદ્રકતા ગુમાવતાં કેવું પરિણામ ? હવે અહીં પ્રભુના ધર્મની સામે



ભ્રષ્ટતારૂપ પરિવ્રાજકપણાને ય ધર્મ મનાવ્યો ને ? એ જૈનધર્મની સામે બળવો કર્યો ગણાય. તેથી એમને જન્મોના જન્મો સુધી જૈનધર્મનું મોં જોવા ન મળે બિનલાયકાત ઊભી કરી દીધી. જૈનધર્મ વિના અસંખ્ય કાળ ભટક્યા ! અસંખ્ય ભવો કર્યા ! ભદ્રકતા ગુમાવી આપમતિનું ઉત્સૂત્રભાષણ કરતાં કેવી કરુણ દશા ! કેવું દારુણ પરિણામ ! **જૈનધર્મ-જૈનશાસ્ત્રથી વિરુદ્ધ બોલવું એ જૈનધર્મની સામે બળવો કહેવાય. આવો બળવો કરનારને જૈનધર્મ ભવો સુધી સગો ન થાય, એ સહજ છે.**

આજના યુગમાં સાવધાન રહેવા જેવું છે. આજે વિજ્ઞાનની શોધોનો મોટો વાવંટોળ છે. રોકેટ ચંદ્રમા પર જઈ આવ્યું કહે છે. પૂર્વનો પછાત યુગ, અને આજનો વિકાસ યુગ ઓળખાવે છે. સ્ત્રીસ્વાતંત્ર્ય, દલિતોદ્ધાર, મહાવીર ભગવાનની અહિંસા-અપરિગ્રહ વગેરેના બણગા ફૂંકાય છે...આ બધામાં તણાયે શાસ્ત્રવિરુદ્ધ ભાષણ ઉત્સૂત્રભાષણ સુલભ બની ગયું છે. એમાં વળી શ્રીમહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણવર્ષની રાષ્ટ્રીય સ્તરે ઉજવણીનું તૂત નીકળ્યું છે. એના બહાર પડેલા કાર્યક્રમોમાં કેટકેટલું ય જૈનધર્મથી વિરુદ્ધ છે, છતાં 'એમાં શું ખોટું છે ? આવી ઉજવણીનો વિરોધ શા માટે ? આ ઉજવણીમાં તો જૈન ધર્મની મોટી સેવા છે...' વગેરે વગેરે બોલવા-માનવાનું ચાલ્યું છે. એ શું છે ? સૂત્રાનુસારી ભાષણ ? કે ઉત્સૂત્રભાષણ ? ઉજવણીથી ઉન્માર્ગનું પોષણ થશે ? કે માર્ગનું પોષણ ?

**રાષ્ટ્રિય સમિતિના ઉજવણી-કાર્યક્રમમાં જૈનધર્મની સેવા છે ? :-**

(૧) પાંચ વોલ્યુમ આધુનિક વિચારના લેખકોના હાથે લખાઈ રહ્યા છે, એમાં ઉત્સૂત્ર લેખન કેટલું ? એ જૈનધર્મ ?

(૨) વનસ્થલીની યોજનામાં વનસ્પતિકાય વગેરે જીવોની ઘોર હિંસા ચાલવાની એ અને એમાં ફરવા મોજ કરવાનો બગીચો બનવાનો, એ જૈનધર્મ ?

(૩) પુસ્તકાલયોમાં વિલાસી અને યથેચ્છ લખાણના આધુનિક પુસ્તકો સંઘરવાના, એ જૈનધર્મ ?

(૪) રાષ્ટ્રિય કાઉન્સીલ 'મહાવીરે પણ માંસાહાર કર્યો હતો...' વગેરે સંશોધનના નામે ફતવા ચલાવશે એ જૈનધર્મ ?

(૫) મહાવીર એ બુદ્ધ-ગાંધી-નહેરું જેવા એક મહાન માનવ હતા, એમ લોકોત્તર પુરુષ ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ મહાવીર પરમાત્માને ગાંધી વગેરેની હરોળમાં બેસાડવા એ જૈનધર્મ ?

(૬) આજના ભ્રષ્ટ નટ-નટીઓ મહાવીરપ્રભુ વગેરેના પાત્ર ભજવી ફિલ્મ ઉતારશે એ જૈનધર્મ ?

(૭) મહાવીર બાલ કેન્દ્રોમાં બાળકોને કોઈ ધાર્મિક અનુષ્ઠાન નહિ, કિન્તુ

મોજમજાહ-રમતગમત, એ જૈનધર્મ ?

આવું આવું તો કેટલું ય છે. આને ભગવાનના નિર્માણની ઉજવણી કહેવી, જૈનધર્મનો પ્રચાર કહેવો એ કેટલું મોટું ઉત્સૂત્ર છે ?

મરીચિને તો પરિવ્રાજકપણામાં ઘરબારનો ત્યાગ તો હતો, સ્થૂલથી અણુવ્રત હતા, વૈરાગ્યનો સંસારની અસારતાનો ઉપદેશ હતો, છતાં પરિવ્રાજકપણામાં ય ધર્મ હોવાનું કહ્યું એને ય શાસ્ત્રે ઉત્સૂત્રભાષણ કહ્યું; ત્યારે આજે સ્ત્રીસ્વાતંત્ર્યના નામે સ્ત્રીઓની શીલ-મર્યાદાઓના છડે ચોક ભંગને ધર્મ કહેવાય છે, લાંચ-રૂશ્વત-ભ્રષ્ટાચાર અને ચૂંટણીના નામે લાખો-ક્રોડો રૂપિયાની હડપ કરનારાનું કાંઈ નહિ, પણ ઉદાર દાન-વીર બની સુકૃતો કરનારને પરિગ્રહધારી તરીકે નિંદાય છે, ઘોર કત્લખાનાં, મત્સ્ય ઊદ્યોગ, મરઘા-ઉછેર, વગેરેમાં ચાલી પડેલી રાક્ષસી હિંસા અને ઈંડા વગેરે માંસાહાર તથા આવા વનસ્થલી જેવા ઘોર વનસ્પતિ-હિંસા સામે કશો વાંધો ન ઉઠાવતાં મહાવીરની અહિંસાના બ્યુગલ ફુંકાય છે ! સિનેમા, સંતતિ-નિરોધ, સહશિક્ષણ નરી ભૌતિક્તાની કેળવણી, વગેરે સીતમ પાપોને યુગનો માનવપ્રજાનો વિકાસ મનાવાય છે !...આવું કેટલું આજે ચાલી પડ્યું છે ? આ બધું જૈનધર્મની સેવા છે ?

જો જોરદાર સાવધાન ન રહ્યા તો ભયંકર ઉત્સૂત્ર-ભાષણ અને ઉન્માર્ગ પોષણમાં સહેલાઈથી તણાઈ જવાનું થશે. બહુ વાંચવાનો, બહુ સાંભળવાનો, બહુ બોલવા ચર્ચા-વિચારણા કરવાનો, ને બહુ વિકથાનો આજનો જમાનો છે. એટલે જ લપસણાં ઘણાં. કલેજું ઠેકાણે નહિ રખાય તો લપસીને ઉત્સૂત્રભાષણ, ઉન્માર્ગભાષણ ને ઉન્માર્ગ પોષણના દરિયામાં ડૂબ્યા જ સમજો.

**મરીચિ ગબડીને ક્યારે ઊંચે આવ્યા ? :-**

ત્રીજે ભવે મરીચિ મિથ્યા પરિવ્રાજકપણા પર ઉત્સૂત્રભાષણ કરીને ધર્મનો સિક્કો મારી ગબડ્યા, તે પછી ૫ મે ભવે, છઠ્ઠે ભવે, ૮ મે ભવે, ૧૦ મે ભવે, ૧૨ મે ભવે, ને ૧૪ મે ભવે ત્રિદંડિક પરિવ્રાજકપણું પામતા ગયા. ત્યારે એ કર્મ મોળું પડ્યું એટલે ૧૬ મા ભવે વિશ્વભૂતિ રાજકુમારના અવતાર જૈન મુનિપણું પામી ઊંચે આવ્યા. ત્યાં, વળી ભદ્રકતા એવી વિકસી કે પોતાની પ્રત્યે કાકા રાજાનું કપટ જોઈ એમના સરળ દિલને એમ થયું કે, 'અરે ! હું રાજાનો મોટા બાપા તરીકે પ્રેમથી અને નિખાલસભાવે વિનય સાચવું છું ત્યારે એ મારી સામે પ્રપંચ રમે છે ? ખરેખર ! આ સંસાર જ ગોઝારો છે કે જે જીવોને આવાં પાપ કરાવે છે ! માટે સંસારવાસ જ ખોટો.' દિલમાં જો વક્રતા હોત તો તો ગાંઠ વાળત કે 'ઠીક છે આજે મોટા બાપુજીએ મારી સામે પેંતરો રચ્યો છે, તો હું પણ અવસરે બતાવીશ; અથવા મારે હવે સાવધાન રહેવાનું, બહુ ભોળા અને બહુ વિનયી નહિ થવાનું.'

**આપણું મન કેવુંક નાજુક અને વિચિત્ર છે !** સહેજ જ અમુક વળાંક લેતા રાગની, અભિમાનની, સ્વાર્થની, ઈર્ષ્યાની,...એવી એવી વિચારણામાં ઊતરી પડે છે; ને બીજી રીતનો વળાંક લેતાં વૈરાગ્યની, નમ્રતા-લઘુતાની, પરાર્થ-પરોપકારની, ગુણાનુરાગની...એવી એવી વિચારસરણીમાં લાગી જાય છે. વિશ્વભૂતિએ મનનો સહેજ એવો વળાંક લીધો હોત તો સ્વાર્થની, ભાવી માયાની, કે વિનય-ભદ્રક્તાને દાબવાની વિચારણા શરૂ કરી દીધી હોત. પરંતુ મનનો વળાંક સહેજમાં સંસારનો સ્વભાવ જોવા તરફ લીધો, તો વૈરાગ્ય ને ક્ષમાની વિચારણા લગાડી દીધી.

આ પરથી આપણા મનની નાજુકતા અને વિચિત્રતા પરખી આપણે હોશિયાર કિમિયાગર કે નિપુણ ઝવેરી બની જવા જેવું છે. વળાંકનો જ સવાલ છે, અને સારો વળાંક સહેજમાં લઈ શકીએ છીએ. કેમ લેવાય એ ?

**જિનાજ્ઞાનુસારે જ મનનો વળાંક**

**આપણે આપણાં જીવનને જિનાજ્ઞાને બંધાયેલું નક્કી કરી રાખ્યું હોય તો સહેજે મનનો વળાંક એ જિનાજ્ઞાને અનુસરતો સારો જ લેવાય.**

ગમે તે પ્રસંગ બનતાં કે કશું યાદ આવતાં યા જોતાં સાંભળતાં જ જિનાજ્ઞાબદ્ધ મન સહેજે વળાંક પ્રભુનાં વચનના અનુસારે જિનોક્ત તત્ત્વના અનુસારે લે, અને તે પ્રમાણે વિચારણામાં ચડવાનું થાય. દા.ત. ભાઈ કે પુત્ર વાંકો ચાલે છે એ જોયું, તો આ સંબંધમાં જિનવચન આ બતાવે છે કે, 'જીવની કર્મપરિણતિ વિચિત્ર હોય છે તેથી સારા ઊંચા ભવમાં પણ એ હલકા ભાવ કરાવે.' એટલે મનનો વળાંક આ કર્મ-પરિણતિ-તત્ત્વના અનુસારે એવો લે કે એના આધારે એ ભાઈ કે પુત્ર પર દયા આવે કે 'બિચારો ! આ ઊંચા ભવમાં નીચા ભાવ રાખી જાતનું બગાડી રહ્યો છે ! અહો, વિચિત્ર કર્મ પરિણતિ ! જીવ વિવેકથી ધારે તો એ કર્મના ઉદય પર અંકુશ મૂકી શકે. પરંતુ એ વિવેક આ મોહક સંસારમાં કેટલો બધો દુર્લભ છે !

**સંસારના પદાર્થો જ એવા મોહક છે કે જીવને એ આકર્ષી લઈ એને પોતાનો આત્મા જ ભુલાવી દે છે.**

પછી એમાં આકર્ષાયો ફાવે એટલા પ્રપંચ અને અભિમાનના ઉધમાત કરતાં એને આંચકો નથી, વિચાર નથી, પછી ભલે ને બધું મરતાં મૂકવાનું જ હોય, ને પરલોકમાં મદ-માયાના દારુણ ફળ ભોગવવા પડે. બિચારો ભાઈ બિચારો પુત્ર કેવા મોહપિડિત !

આમ મનનો વળાંક જિનવચનના અનુસારે લીધો એટલે વિચાર-સરણી ઉમદા દયા વૈરાગ્ય-તત્ત્વભરી ચાલે. પરંતુ જો વળાંક દુનિયા તરફ ઝૂકતો હોય તો વિચારણા

અધમ તામસી ચાલવાની.

આપણે સંસારથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા છીએ કે આપણો મનનો વળાંક સંસારની તણખલા જેવી ચીજને પણ સારભૂત લેખવા તરફ રહે છે. દા.ત. ખોતરવાની તણખલાની સળી પણ જરાક ઠીક મળી ગઈ, એમાં ય દિલ પ્રસન્નતા અનુભવે છે, 'સળી આવી માલવાળી જ જોઈએ. બાકી પોચલી સળીથી શું વળે ?' એમ મનને લાગે છે એ મનને ભાગ્યે જ એવું લાગતું હશે કે 'દેવદર્શન આવા તન્મય થઈને થવા જોઈએ. નવકાર મંત્ર આવો ગદ્ગદ દિલથી યાદ કરવો જોઈએ. પરોપકાર આવો અવસર પર થવો જ જોઈએ.' ના, આવું કાંઈ લાગતું નથી. કેમકે

આત્માનું હિત કરનારી ક્રિયા કે વસ્તુને માલવાળી સારભૂત જોવા તરફ મનનો વળાંક નહિ. દાંતખોતરણી સારી જ જોઈએ, ગમે તેવી ઢંગધડા વિનાની ન ચાલે. અને ધર્મ જાણે પતાવવાની વસ્તુ, તે ગમે તેવો ઢંગધડા વિનાનો અને અવિધિ ભર્યો કરીએ તો ચાલે ! 'દર્શન પતાવો, પૂજા પતાવો, માળા પતાવો.' પતાવીને છૂટકારાનો દમ ખેંચાય છે કે 'હાશ ! પતી ગયું.' પછી ભલે વેઠ ઊતારી હોય.

**ધર્મમાં વેઠ કેમ ? મનનો વળાંક દુન્યવી બાબતને સારભૂત મહત્ત્વની લેખવા તરફ છે, અને ધર્મની વસ્તુને તેવી મહત્ત્વની લેખવા તરફ નથી.** ભાઈ-ભોજાઈ છોકરો મૂકી મરી ગયા હોય અને એને સાચવી લેવો પડે એમ હોય તો એના પ્રત્યે અને પોતાના છોકરા પ્રત્યે મનનો વળાંક જુદી જુદી જાતનો આજે જોવા મળે છે ને ? આજે કોઈક ધર્મી ગણાતાને ત્યાં ય આ વૈરો-આંતરો જોવા મળે ત્યારે એમ થાય કે આના દિલમાં ધર્મ ક્યાં વસ્યો હશે ?

સંસારનો પ્રભાવ જ એવો છે કે મન એનાથી જ્યાં સુધી પ્રભાવિત હોય ત્યાં સુધી મનનો વળાંક સ્વાર્થ-માયા, વિષયો કષાયો, ધનમાલ, માનસન્માન, વગેરે તરફ ઝુકેલો હોય છે. પછી એ સ્વાર્થાંધતા-વિષયલંપટતા-કષાયમગ્નતા ધન-માન લાલસા રાખે એમાં નવાઈ નહિ. એ બદીઓ છે, એ બદીઓને જો કાઢવી હોય તો મનનો વળાંક ફેરવવાની જરૂરી છે, મન પરથી સંસારનો પ્રભાવ ઊઠાવી લેવો જરૂરી છે, અને પ્રભાવ જિનવચનનો સ્થાપિત કરી મનનો વળાંક જિનવચનાનુસારી કરવો જોઈએ.

**મન જિનાજ્ઞાથી પ્રભાવિત કરવું જોઈએ તો મનનો વળાંક એ બાજુ થઈ વિષયલંપટતાદિ બદીઓ ટળે.**

**જગત કેવું ? :-**

મનને એમ થાય કે જિનાજ્ઞા એટલે શી વાત ! આ જગતમાં સારભૂત હોય તો જિનાજ્ઞા છે, જિનવચન છે. એણે ચિંધ્યો માર્ગ, એણે ચિધ્યું જીવન, એણે ચિંધેલાં, તત્ત્વ, એ જ સારભૂત છે. જિનવચન જગતના પદાર્થો માટે આ ઓળખ કરાવે છે,



**सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।**
**कामे य पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥**

અર્થાત્ આપણી ઇન્દ્રિયોને અને મનને આનંદ આપનારા મીઠા શબ્દ-રૂપ-રસ વગેરે જગતના પદાર્થો શલ્યરૂપ છે. હળાહળ ઝેર સ્વરૂપ છે, દાઢમાં ઉગ્ર વિષભર્યા ફણીધર નાગ જેવા છે. એની અભિલાષા કરનારા કામના રાખનારા ન ઇચ્છે તો પણ દુર્ગતિમાં જઈ પડે છે.

જગતના મોહક મનગમતા પદાર્થોની કેવી ઓળખ કરાવી ? એને ઝેર જેવા અને ઝેરી સાપ જેવા ઓળખાવ્યા.

**વિષયો કેમ ઝેર ?**

**(૧) આત્માની શુદ્ધ ચેતના, શુદ્ધબુદ્ધ અને ભાવપ્રાણનો નાશ કરે છે માટે.**

**પૈસા ટકા માલ-મેવા, લાડી-વાડી-ગાડી, વગેરેની પૂંઠે પડેલો નિશ્ચેતન જેવો પાપ-દુષ્કૃત્ય-દુર્ધ્યાન વગેરે કશું જોતો નથી.**

આંખ મીંચીને રાજીખુશીથી પાપો સેવે છે, ખરાબ વાણી-વિચાર-વર્તાવ કરે છે. મનથી કેટલાં ય અશુભ ધ્યાન કરે છે પછી પરલોકમાં શું થશે ? એનો કોઈ વિચાર જ નહિ, કોઈ ભય નહિ, કોઈ જ ચિંતા નહિ. 'બસ, આ ભવ મીઠો કરી લો. એ માટે ફાવે તે જૂઠ અનીતિ રોફ-રોષ-લાલસા અને મહા આરંભ-સમારંભ કરી લો,' આ એકજ ધૂન. આ કરાવનાર જગતના પદાર્થો છે. એ જગતના પદાર્થ ઝેર નહિ, ઝેરથી ભૂંડા છે. ઝેર તો એકવાર મારે. એ કાંઈ પરલોકમાં વારંવાર મારવા ન આવે ત્યારે જગતના પદાર્થો ભારે રાગ-તૃષ્ણા-મમતા ને પાપો કરાવી અનેક દુઃખદ દુર્ગતિનાં જનમ-મરણ પમાડે છે.

**'વિષયો ઝેર' નું બીજું કારણ :-**

(૨) વળી જગતના પદાર્થો માણસને પોતાના આ ઊંચા મનુષ્યભવનું ઉચ્ચ કર્તવ્ય ભૂલાવે છે, અને વધારામાં અધમ કાર્ય કરાવે છે, અરે ! અધમ બનાવે છે, માટે ઝેરરૂપ છે. માણસને સાપ કરડ્યો હોય તો એ બેહોશ થઈ જીવનકાર્યો ભૂલે એટલું જ, પરંતુ ઊંધાં વેતરણ ન કરે. ત્યારે અહીં તો કર્તવ્યો ભૂલવા ઉપરાંત પોતાના આત્માને નુકશાનકારી વાણી વિચાર-વર્તાવ ચલાવવા છે. જે જગતના પદાર્થોનાં કારણે આ, એ પદાર્થો નાગ કરતાં ય ચડી જાય એવા કે નહિ ?

**પ્ર.-** જગતના પદાર્થો સાપ જેવા ભયંકર છે એ ગળે કેમ ઊતરતું નથી ?

**ઉ.-** કારણ છે, અનંત અનંત કાળના જૂઠા સંસ્કાર છે, કે 'આ મીઠા' વળી મહામોહની ઘેરી અસર છે. છતાં એની સામે ઉપાય છે. વિચાર એ કરો કે,

મોટા તીર્થંકર ભગવાન જેવાએ જગતના વૈભવ-વિષયો અને ખૂબ વહાલા

કુટુંબ-પરિવારને કેમ છોડ્યા ? એ રાખીને ધર્મ કેમ ન કર્યો ?

**ધર્મ માટે સર્વત્યાગની શી જરૂર ? કહો,**

**ધર્મ સાથે વિષય-વૈભવ-કુટુંબ રાખવામાં ધર્મમાં તન્મયતા લાગે નહિ, ને દિલના રાગાદિ રોગ હટે નહિ.**

**એ જ બતાવે છે કે એ વૈભવ એ વિષયો ભયંકર છે એનો ત્યાગ જ કરવો જોઈએ એ કરાય તો જ રાગાદિ રોગો હટે, ને ધર્મમાં તન્મય મન લાગે. ધર્મમાં જ તન્મય થવાય તો જ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય.**

ભગવાનનું મનોબળ કેવું ? કમળ જેમ પાણીથી નિર્લેપ, એમ ભગવાનનું મન જગતના વૈભવ આદિથી ભારે નિર્લેપ; છતાં ભગવાને ચાળો ન કર્યો કે એ વૈભવાદિ રાખીને હું વીતરાગભાવ રાખીશ.' એ તો એ જોયું કે, 'આનો ત્યાગ કરું તો જ વીતરાગ થવાય' માટે એ છોડ્યું.

**પ્ર.**- કહે છે ને મરુદેવા માતાએ વગર છોડ્યે કેવળજ્ઞાન ને મોક્ષ લીધાને !

ઉ.- મરુદેવા માતાનો દાખલો લેનારા એ જોવું ભૂલી જાય છે કે, 'તો પછી શ્રીઋષભદેવ ભગવાન કેમ બધું છોડીને નીકળી ગયેલા ? કેમ એમણે મરુદેવા માતાની જેમ બધો પથારો ઊભો રાખી હૈયામાં માત્ર અનાસક્ત ભાવ રાખીને ન ચલાવ્યું ? એમ ન ચલાવ્યું અને બધું છોડ્યું તેમ જગતને ય એ છોડવાનું શીખવ્યું, એ જ બતાવે છે કે એ ઝેરરૂપ માન્યું, 'એનો સંપર્ક રાખીને કદી વીતરાગભાવની ચેતના નહિ જાગે,' એ જોયું; તેમજ 'વિષયસંપર્કમાં આત્મહિત કર્તવ્ય પૂરા પૂરા નહિ સધાય' એ જોયું.

**'વિષયો ઝેર'નું ત્રીજું કારણ :-**

(૩) જગતના પદાર્થોને ઝેરરૂપ લગાડવા, બીજું આ વિચારો કે, 'સાધુઓ જગતમાં જે પૂજાય છે એવા ઘરબારી ગૃહસ્થો કેમ નથી પૂજાતા ? સાધુઓએ સર્વત્યાગ કર્યો છે માટે જ ને ? એમાં જો સાધુ ભૂલો પડે ને પૈસા ભેગા કરવાનું કરે, બંગલો બંધાવે, સ્ત્રીઓ સાથે સંબંધ રાખે, તો જગતમાં પૂજાય ? ના, લોક કહે કે 'અમારા કરતા આ શા સારા છે ? અમારે તો થોડી રકમમાં સંતોષ, ને આમને ગામ ગામ અને જણ જણ પાસેથી પૈસા ભેગા કરવા છે ! અમારે એક સ્ત્રી સાથે વાતોચીતો વગેરેનો સંબંધ, ત્યારે આમને જેટલી ભોળી મળે એની સાથે સંબંધ ! વિચારો લોકમાનસ પણ 'સાધુ અને પૈસાનો સંબંધ ? સાધુ અને બેનો સાથે સંબંધ ?' એ ભૂંડું દેખે છે. એ જ બતાવે છે કે પૈસા-સ્ત્રી વગેરે જગતના પદાર્થો ઝેર જેવા છે. એનો સર્વત્યાગ કરે એ વિવેકી છે, પૂજ્ય છે.'

**'વિષયો ઝેર'નું ચોથું કારણ :-**



(૪) જગતના પદાર્થો ઝેરરૂપ લગાડવા આ પણ એક વિચારણા છે, દુનિયામાં રગડા-ઝગડા અને બદમાશી શાના કારણે થાય છે ? જગતના પદાર્થના રાગનાં કારણે ? કે ત્યાગના કારણે ? ડાક્ટરના દવાખાને માંદાઓ આવે એ તપસ્વીઓ ? કે મોટાભાગે ખાનારાઓ ? માંદા આવે એ રસદાર ખાનપાનના ત્યાગી ? કે ભોગી ? દુનિયામાં ઠગાઈ કરનારા ત્યાગી ? કે રાગી ? કહેવું જ પડે ને કે રગડા ઝગડા, રોગો ઠગાઈ બદમાશી, વગેરે ચાલે છે. તે ત્યાગના કારણે નહિ. પણ જગતના પદાર્થોની ભોગલાલસાના કારણે જ ચાલે છે. તો આ રગડા-ઝગડા વગેરે ઊભું કરનારા એ જગતના પદાર્થ ઝેર જેવા નહિ; તો શું અમૃત જેવા ?

વાત આ છે કે 'અનંતા તીર્થંકર ભગવંતોએ એને ઝેરરૂપ હોઈને જ છોડ્યા છે, ને જગતને પણ એની એવી જ ઓળખ કરાવી છે. તો પછી મારે પણ ઝેરરૂપ જ લેખવા જોઈએ,' આવો મનનો વળાંક લેવાય, તો પછી વૈરાગ્ય-ક્ષમા-ઉદારતા વગેરે સુલભ બને.

શ્રીમહાવીર ભગવાનના જીવે સોળમા ભવે વિશ્વભૂતિ રાજકુમાર અવસ્થામાં કાકાનો પ્રપંચ દેખી એના પર દ્વેષ ન કર્યો, એની સામે ગાંઠ ન વાળી. પણ એ વૈરાગ્યભાવની વિચારણામાં ચડી ગયા; કેમકે મનનો વળાંક જ જ્ઞાનીઓએ કરાવેલી સંસારની ઓળખ તરફ લીધો એટલે એવી જ વિચારણા કરી. શું વિચાર્યું હશે એમણે ? આવું જ કાંઈક,

**વિશ્વભૂતિની વૈરાગ્ય-વિચારણા :-**

'હેં ? જે મોટા બાપુજીનો હું વિનય-બહુમાન અને નિખાલસભાવે આજ્ઞાંકિતતા સાચવું છું, એમણે ય મારી સામે પ્રપંચ કર્યો ? પણ આમ હું કાકાના પ્રપંચને શું રોઉં છું ? જગતના જડ ચેતન પદાર્થ માત્ર આ જાતના છે. એના પર ગમે તેટલા ઓવારી જવાય, ગમે તેટલો પ્રેમ રખાય, એનું ગમે તેટલું સચવાય, પણ એક દિ' એ કેવા ? જીવે એના પર મૂકેલા વિશ્વાસનો ઘાત કરનારાસ્તો.

**તો પછી એક પ્રપંચીની સોડ મૂકી બીજા પ્રપંચીની સોડમાં શું ભરાવું ?**

જગતના પદાર્થોની સાસરવાસર કરવી જ ખોટી. એના પર ઓવારી જવું, એના પર રાગ ને પ્રેમ કરવો, એને મેળવવા-સાચવવા બહુ મથવું, એ બધું ખોટું. ભલું થજો કાકાનું કે સહેજ પ્રપંચ કરીને મારી આંખ ખોલી નાખી કે 'બચ્ચા ! જેમ મારા પર એમ સંસારના કોઈ પદાર્થ પર ઓવારી જઈશ ના...આ મારા પર ઓવારી ગયો હતો છતાં મારે તારા પ્રત્યે આ પ્રપંચ કરવો પડ્યો. એમ **સંસારના પદાર્થ માત્ર માટે આ સમજી રાખ કે એના પર ગમે તેટલો ઓવારી જઈશ તોય એ અવસરે તારી પ્રત્યે વાંકા થવાના, તારા બધા રાગ-પ્રેમ-સાસરવાસરનો એ ભૂલી**

**તને રખડતો મૂકવાનાં.'**

'વાહ ! આ સૂઝાડી દેવાનો કાકાનો કેવો સરસ ઉપકાર ! તો હવે મારે સંસારવાસથી સર્યું. સંસારમાં રહું તો બધાની પલોજણ કરવી પડે ને ? ને પછી એ બધું જાણે રદબાતલ, તે એમ એ બધાથી વિશ્વાસભંગ પામી અનાથ નિરાધાર બનવું ? એના કરતાં બહેતર છે કે મારે સંસારત્યાગ કરી, જે ધર્મ કદી વિશ્વાસઘાત ન કરે, એવાં ધર્મનું શરણું લેવું, અને મારા આત્માનું કલ્યાણ સાધવું. ધર્મથી જ સનાથ-સાધાર બનાય.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''        વર્ષ-૨૨,અંક-૩૧,તા.૨૭-૪-૧૯૭૪**

**વિશ્વભૂતિમુનિની સાધના :-**

બસ, વિશ્વભૂતિએ નિર્ણય કરી લીધો, એવો જ અમલ કર્યો. સંસારત્યાગ કરી સાધુપણું લઈ લીધું. 'ધર્મથી સનાથતા છે' એ દિલમાં બરાબર ધરી ધર્મની પાકી સેવા-આરાધના કરવામાં લીન બની ગયા; એમાં ય વિશેષ તો એ સમજી રાખ્યું છે કે 'આ કાયા અને ઇન્દ્રિયો પણ વિશ્વાસભંગ કરનારા છે જ્યારે તપ અને ત્યાગ સનાથ બનાવનારા છે. તેથી કાયાને તપથી અને ઇન્દ્રિયોને ત્યાગથી સફળ કરી લે છે. ઠેઠ માસખમણ સુધીના કઠોર તપ કરે છે, પારણે રસના ત્યાગ કરે છે. એમાં શરીર સુકાઈને હાડપિંજર-શું બનીને ઊભું; તો ય ઘોર તપ ચાલુ છે.

**નાથ કોણ ? શરીર નહિ, ત્યાગ-તપ :-**

કારણ ? સમજે છે કે કાયાથી જીવને રક્ષણ નથી, સનાથતા નથી. કાયા જીવનો નાશ-આધાર-બેલી નથી. ત્યાગ-તપ નાથ છે, આધાર છે, બેલી છે. તપથી સનાથતા છે. કાયાની બહુ માવજત-હુલણફૂલણ કરાય અને એમાં રોગ આવે અકસ્માત્ થાય, આપત્તિ આવે, ત્યારે આત્માને રોવા બેસવું પડે, કાયા કશો દિલાસો ન આપે. જ્યારે, ત્યાગ-તપની બહુ સંભાળ કરાય, ને એમાં કદાચ રોગાદિ આપત્તિ આવે તો આત્માને રોવા ન બેસવું પડે, ત્યાગ-તપ-સંયમ અથાગ હિંમત આપે. માટે ત્યાગ-તપ-સંયમ એ નાથ છે, રક્ષક છે.

**રોગાદિમાં ૩ આશ્વાસન :-**

ત્યાગ-તપ સેવતા જીવને એમ થાય કે '(૧) આમે ય ત્યાગ અને તપસ્યા દ્વારા સહન કરીને કર્મક્ષય કરવા તો નીકળ્યો જ છું, એમાં આ રોગાદિથી સહવાનું આવ્યું તો 'લાલા ! લાખ ? તો સવા લાખ,' જેવું થયું. (૨) વળી અધિક કર્મક્ષયનો લાભ મળ્યો. ઘાણ ભેગો ઘસરકો; અતુલ કર્મક્ષયકારી ત્યાગ-તપસ્યાના ઘાણ ભેગો



કર્મક્ષયકારી રોગાદિની પીડાનો ઘસરકો સહી લેવાનો. અથવા (૩) ત્યાગ-તપથી આત્મસુવર્ણની શુદ્ધિ કરવી છે, તો રોગાદિથી પણ આત્માની શુદ્ધિ થાય છે. એ કાં ન વધાવી લેવા ?' આમ રોગાદિમાં પોક નહિ, પણ ત્યાગ-તપ દ્વારા દિલાસો હિંમત-સ્ફુર્તિ મળે છે. આ તો ત્યાગ-તપની બહુ સેવા સંભાળ આરાધના કરવામાં મળતી હિંમતની વાત થઈ. એથી ઊલટું કાયા-ઇન્દ્રિયો-વિષયોની બહુ સેવા-સંભાળ-લાલનપાલન કરવામાં રોગાદિ આપત્તિ આવ્યે કશી હિંમત ન મળે.

**વિષયોની સેવામાં સુંવાળું બની ગયેલું મન રોગાદિને બરદાસ્ત જ ન કરી શકે; હાય ને વોય જ કરે એ તો ત્યાગ અને તપથી જ ખડતલ બને.**

**જીવનનાં દૃષ્ટિ બિંદુ :-**

આમ સમજનારા વિશ્વભૂતિ મુનિ સુકાયેલી પણ કાયાની માવજત-લાલનપાલનમાં શું કામ પડે ? 'કાયા અંતે વિશ્વાસઘાતી છે, માટે એનાં સત્કાર શા ? ત્યાગ-તપસ્યા ખરી હિંમત આપનારા છે, માટે એની સેવા છેલ્લા પ્રાણ સુધી પણ શા માટે ન કરવી ?' જીવનનું દૃષ્ટિબિન્દુ જ ઉચ્ચ બની ગયું છે.

જીવનનાં દૃષ્ટિબિંદુ જોવા જેવા છે. ખાનપાનના રસિયા, માનસન્માન તથા વિષયોના લાલચું, અને પૈસાના પૂજારી માણસો જીવન તો ઊંચું મનુષ્યનું જીવે છે, પણ દૃષ્ટિબિન્દુ જ અધમ, તુચ્છ, મોહમૂઢતાભર્યું, એટલે વિશ્વભૂતિ મુનિની વિચાર-સરણીનું સ્વપ્નું ય ક્યાંથી જુએ ?

જીવ જ્યારે કલ્યાણદર્શી બને છે, દુન્યવી સુખ અને માનપાન પર દૃષ્ટિ રાખવાને બદલે કલ્યાણ પર  દૃષ્ટિ રાખનારો થાય છે, ત્યારે એની જીવન પદ્ધતિ અને વિચારસરણી બદલાઈ જાય છે. જૈનશાસન આવી કલ્યાણદર્શિતા માટે ખૂબ ઉપયોગી બને છે. વિશ્વભૂતિએ એના જ સહારે કાકાના પ્રપંચ પર કલ્યાણદર્શી બની વૈરાગ્યની વિચારસરણી પકડી, અને ચારિત્ર લીધા બાધ જૈનશાસનના સિદ્ધાન્તને સહારે કલ્યાણદર્શી બન્યા રહી ઘોર તપસ્યાઓ કરી.

**ત્યારે આ કલ્યાણદર્શિતા એવી નાજુક છે કે જો જરાક સાવધાની ન રહી, કશાકથી મન ઘવાયું, તો એને નંદાતા વાર નહિ.**

એવું આ મહાતપસ્વી વિશ્વભૂતિમનિને બને છે. આમ તો ઠેઠ સુધી એવા કલ્યાણદર્શી બન્યા રહ્યા છે કે શરીર તપથી ખખડી ગયું હોય છતાં હજી પણ તપસ્યા ઝુકાવ્યે રાખે છે. તે એક વાર એવી દુર્બળ કાયા પરનાં માસખમણનાં તપનાં પારણે મથુરામાં ગોચરીએ નીકળ્યા છે. એમાં સહેજ ગાયની હડફેટ લાગી, તેથી અતિ દુર્બળતાએ એ જમીન પર પડી ગયા. અહીં આવેલો પિતરાઈ ભાઈ આ જોઈ મુનિની મશ્કરી કરે છે કે 'ક્યાં ગયું પેલું કોઠાની જેમ અમારા માથાં

તોડવાનું બળ ?' બસ, આ મશ્કરીનાં વચન પર મુનિ જરાક બિનસાવધાન બન્યા, મન ઘવાયું, તે કલ્યાણદર્શિતા નંદાઈ ગઈ, અને મનને અભિમાન આવ્યું.

મુનિ જો કલ્યાણદર્શી બન્યા રહ્યા હોત તો પિતરાઈ ભાઈ પર દ્વેષ કે પોતે અભિમાન ન કરતાં એના પર દયા આવત કે 'બિચારો કર્મપીડિત છે તે આવું બોલે છે ! કર્મના માર ખાતાની ઉપર મારે ગુસ્સો શો કરવો ? એની દયા જ રાખવી રહી.' મુનિ જો સાવધાન રહી કલ્યાણદર્શી બન્યા રહ્યા હોત તો વળી એમ વિચારત કે 'આ કહે છે એમ મારે કાયાના બળને મહત્ત્વનું શું લેખાવું ? એ

**શરીર બળને અત્યારસુધી મહત્ત્વનું નહોતું લેખ્યું તેથી તો કાયાનું બળ જવા દઈને પણ હું મહાન તપસમૃદ્ધિ કમાયો.**

એટલે ભલે આ મશ્કરી કરે, પણ મારે મેં નિરર્થક ગણેલા કાયાના બળને ગુમાવ્યા પર મનને ઓછું લાવવાની જરૂર નથી. કાયબળ કરતાં અનંતગણું ઊંચું તપોબળ મેં મેળવ્યું છે, એ પર હું મસ્ત છું.'

**નોકર શેઠ બનેલાનું દૃષ્ટાંત :-**

દુકાનના ગુમાસ્તાને નોકરી સિવાયના સમયમાં આરામી મળતી હોય, ને એ કોઈને કહે 'આપણે તો આરામથી જીવન જીવીએ છીએ,' પછી એ ભાગ્યોદય થતાં નોકરમાંથી મોટો શ્રીમંત વેપારી થાય, અને એને ધમધોકાર ચાલતા વેપાર સિવાયના સમયમાં પણ ભાંજઘડ રહેવાથી એવી આરામી ન મળતી હોય, ત્યાં જો પેલો મશ્કરી કરે કે 'કેમ ? કહેતા હતા ને કે આપણે તો આરામથી જીવન જીવીએ તો ક્યાં ગઈ એ આરામી ?' તો શું એ સાંભળીને આ, શ્રીમંત શેઠ બનેલો મશ્કરી માને ? મનને ઓછું લાવે ? સામા પર દ્વેષ કરે ? કે એમજ વિચારે કે 'ભલે ને એ બોલતો. મારે તો એ આરામીવાળી નોકરી કરતાં કંઈગુણી કિંમતી શેઠાઈ-શ્રીમંતાઈ મળી છે...આ શ્રીમંતાઈ વિનાની પેલી આરામી તો ગુલામીભરી અને કિંમત વિનાની છે. એ જવાથી મારું કશું બગડ્યું નથી. હું જે સમૃદ્ધિ કમાયો છું, ને ગુલામી વિનાની સ્વતંત્ર શેઠાઈ કમાયો છું, એમાં તો પેલી આરામી કરતાં ભારે મસ્ત છું.'

જેમ નોકરમાંથી શેઠ બનેલાને આમ લાગવાથી સામાના 'ક્યાં ગઈ આરામી ?' એવા મશ્કરીના બોલ પર અપમાન ન લાગે, એમ તપસમૃદ્ધિ કમાયેલા તારે પિતરાઈયાનાં મશ્કરીયુક્ત વચન પર અપમાન લગાડવાની જરાય જરૂર નથી. પૂર્વે માનવકાયાનું બળ સાચવી રાખીને પણ તપ-સંયમ રૂપી ધન વિના હું નિર્ધન દરિદ્ર હતો. તો એવા બળની શી કિંમત ? આજે હું તપ-સંયમની સમૃદ્ધિથી ધનવાન બન્યો છું. એ બનવામાં કાયબળરૂપી માલ ખરચાઈ ગયો, વેચાઈ ગયો, એથી શી ખોટ થઈ ? તે માલ વેચાઈ જવા પર આ પિતરાઈયો મશ્કરી કરે એનું અપમાન લગાડું ?



કયો વેપારી માલના ૧૦-૨૦ ગુણા દામ મળી જઈ મોટો તાલેવંત બનવા પર એ માલે વેચાઈ ગયાની અફસોસી કરે છે ? કોઈ મશ્કરી કરે 'કેમ ? ક્યાં ગયો માલ ?' તો વેપારી ક્યાં અપમાન માને છે ? તો મારે પણ કશું અપમાન માનવાની જરૂર નથી !

**કલ્યાણદૃષ્ટિ ચૂકતાં મુનિ ગાયને ઉછાળે છે :-**

વિશ્વભૂતિ મુનિ જરાક સાવધાન રહી કલ્યાણદર્શી બન્યા રહ્યા હોત, તો આવી કોઈ વિચારસરણી રાખત પરંતુ કહે છે ને ભાવી ભૂલાવે છે ? મુનિ બિનસાવધાન બન્યા, ત્યાં તરત જ કલ્યાણદૃષ્ટિ નંદાઈ ગઈ; ને માન-દૃષ્ટિમાં પડ્યા; સાથે ભૂલવા લાયક ભૂતકાળને યાદ કર્યો; 'હેં ?' આને મેં પૂર્વે તડકાવેલો, એ શું આજે મારી મશ્કરી કરે છે ? એને હું બતાવું મારું બળ !' એમ વિચારી અભિમાનના માર્યા તપથી ઊભી થયેલી લબ્ધિના બળ પર મુનિએ બે હાથે ગાયને શિંગડાથી પકડી ઊંચકી, અને આકાશમાં ગોળ ચક્કર ફેરવી ઊંચે ઊછાળી !

મુનિએ જ્યારે ગાયને ઉપાડી ગોળચક્કર ફેરવી હશે ત્યારે પેલો પિતરાઈઓ એ જોવા ઊભો રહ્યો હશે ? શાનો ઊભો રહે ? ગભરાઈ ગયો હોય કે 'મારા બાપ ! આ હવે એ...મારા ઉપર જ કાંક ગાયને ફેંકે તો ? મરી ગયા આપણે !' એમ ગભરાઈને ભલે ને એ ભાગી ક્યાંક ઓથે ભરાઈ ગયો હોય, પણ અહીં તો મુનિ આવેશમાં અંધ બનેલા હતા, એટલે આ ક્યાં જોવું હતું ? તે ગોળચક્કર ફેરવી તો ફેરવી, પણ પછી એને નીચે ન મૂકતાં ઊંચે આકાશમાં ઉછાળી છતાં ગાય પર રોષ નથી, દયા છે, એટલે ગાયને પાછી નીચે આવતાં એને હાથ પર ઝીલી લીધી, ને સાચવીને નીચે મૂકી.

અહીં આ વિચારવા જેવું છે કે 'મુનિમાં આટલું બધું બળ ક્યાંથી આવ્યું ?' કાયાનું બળ નથી આ. આત્માનું બળ છે; આત્મામાં તપથી ઉત્પન્ન થયેલી લબ્ધિનું બળ છે. ત્યારે કેટલો એ ઘોર તપ અને કેવા નિરાશંસ ભાવે એ કર્યો હશે ?

આપણને પહેલી તો તપ પર એવી શ્રદ્ધા નથી કે 'તપથી મહાન આત્મશક્તિઓ ઉત્પન્ન થાય છે,' એટલે એવો તપ કરતા નથી; અને જે રડ્યોખડ્યો તપ કરીએ એનાથી આત્મશક્તિ ઉત્પન્ન થવા દેવાને બદલે માનપાન ખાટી લેવાની તમન્ના-તત્પરતા હોય છે. પછી ક્યાં ઠેકાણું પડે ? તપ કરીને પણ માનપાનાદિ આ લોકનાં સુખ કે સ્વર્ગાદિ પરલોકનાં સુખ ઈચ્છવા એ અકલ્યાણદર્શીપણું છે.

કેવી દયાપાત્ર સ્થિતિ ! તપને બદલે ખાનપાનાદિ કરતાં તો કલ્યાણદૃષ્ટિ નથી આવતી; પણ તપમાં જ્યાં કલ્યાણદૃષ્ટિ સુલભ છે ત્યાં પણ એ નથી ! તો પછી કલ્યાણદર્શી કયા ભવમાં બનવાનું રહ્યું ?

**તપમાંય માનપાનાદિ ઈચ્છવું એ અકલ્યાણદૃષ્ટિ છે.**

**તપમાં કલ્યાણદષ્ટિ કેવી રખાય ?**

આવી, કે 'અહોભાગ્ય મારાં કે મને ભગવાન જિનેશ્વરદેવે ફરમાવેલો તપધર્મ મળ્યો ! એમાં જિનાજ્ઞાપાલનનો પણ મહાધર્મ સાધવા મળ્યો ! ભગવાને આ લોક કે પરલોકના કોઈ પણ જાતના પૌદ્ગલિક સુખની આશંસા-કામના વિનાના નિરાશંસ તપને જ ભાવતપ કહ્યો છે, એ જ આરાધવા યોગ્ય કહ્યા છે, તો હું આવો જ નિરાશંસભાવવાળો તપ કરું. જીવન ખાનપાનથી સફળ નહિ, નિષ્ફળ જાય છે. તપથી જીવ્યું સફળ થાય; કેમકે ભવમાં ભટકાવનારી આહારસંજ્ઞા તપથી મોળી પડતી આવે.' આવી કલ્યાણદષ્ટિ રાખવી જોઈએ. એમ તપ કરતાં કરતાં આહારસંજ્ઞા નબળી પડે.

**આહારસંજ્ઞા કેમ મોળી પડે ? :-**

**પ્ર.**- તો પૂર્વે અનંતીવાર ચારિત્ર પાળ્યાં, સાથે તપ પણ અનંતીવાર કરેલો, તો કેમ હજીસુધી આહારસંજ્ઞા નબળી ન પડી ?

ઉ.- તપ કર્યો પણ આહારસંજ્ઞાને તોડવા માટે નહોતો કર્યો. પછી ક્યાંથી એ સંજ્ઞા મોળી પડે ? એ તો 'લાવ, તપ કરું જેથી ખાવાની લપ ઓછી કરવી પડે,' એ ભાવનાથી તપ કરાય, ને તપમાં આનંદ મનાય કે 'હાશ ! આજે ખાવાની બલા ટળી,' એમ તપ પછી ખાવાના અવસરે ખેદ રહે કે 'ક્યાં આ પાછી ખાવાની લપ કરવી પડે છે ? ક્યારે એવું બળ આવે કે મોટા મોટા માસખમણ જેવા તપની સાધના થાય ને ખાવાની લપ નહિવત્ થઈ જાય ! યાવત્ ક્યારે જીવનભરનું અનશન આવે ને સદંતર ખાવાની લપ છૂટી જાય !' આવી આહારસંજ્ઞાની ઘૃણા સાથે તપ થતો જાય, તો એથી એ સંજ્ઞા મોળી પડતી આવે.

બાકી તો આમે ય આહાર અને વિષયોની પાપસંજ્ઞા મોળી પાડવા જેવી છે, નહિતર એનાં પરિણામ પરલોકે મહા ભૂંડાં !

**આહાર-વિષય-પરિગ્રહની લગનથી એના ઘેરા સંસ્કાર પરલોકમાં એની જ લગન રખાવશે.**

તે પણ લગન મામૂલી નહિ, જોરદાર ! જુઓ છો ને પતંગિયા દીવા પાછળ કેવા ઘૂમે છે ! કીડાકીડી ખાવાની ચીજ પાછળ કેવી આંધળી દોડાદોડ કરે છે ! કૂતરા કૂતરી પાછળ અને ગધેડા ગધેડી પાછળ કેવા પાગલ ! જેના જીવનમાં આ હિસાબ છે કે 'મળે એટલી વાર ખાઉં-પીઉં, ને મળે એટલા વિષયો ભોગવું; રૂપ મળ્યું ? જોઉં; રસ મળ્યો ? ચાખું; સુગંધ મળી ? સુંઘું; સુંવાળો સ્પર્શ મળ્યો ? અડી લઉં; સન્માન કે સંગીતનો શબ્દ મળ્યો ? સાંભળી લઉં;' બસ, આવી નિરંકુશ છૂટ છે, લગામ રહિત આહારસંજ્ઞા ને વિષયસંજ્ઞા છે, એના પર કોઈ કાપ, કોઈ ત્યાગની ગરજ પરવા જ નથી, એ પરભવે શું દેખવા પામે ? જેવા ભાવ તેવો



ભવ, એ ન્યાયે કેવા દુર્ગતિના અવતાર ! અને ત્યાં કેવી દુર્દશા !

અહીં થોડો થોડો ત્યાગ કરતા રહો ત્યાગના નિયમ કરો, તો શું બહુ ગુમાવવાનું થાય ? કે કયા દૂબળા પડી જવાય ? આમે ય રૂપ રસ આદિ વિષયો અને વિષયોનો આનંદ ક્યાં લાંબા ટકે છે ? ક્ષણભર જેવા ટકનારા તો,

**ક્ષણના એ વિષય અને આનંદ જતા કર્યા એમાં શું બહુ ગુમાવ્યું ?**

એક દેવતાઈ નાટક વર્ષોના વર્ષો ચાલે, એ છોડી દેવાના હોય તો તો હજી વિચાર પડે. પરંતુ અહીંના સિનેમા ? માત્ર બે કલાક ચાલનારા. એ જોવા જતા કરવા હોય તો શો વિચાર પડે ? રસ્તે જતી પરસ્ત્રી જોવાનો આનંદ કેટલો ટકે ? ક્ષણભર તો તે રૂપ જોવાનું જતું કરવામાં શી બહુ ખોટ ? મનને એમ થાય કે 'આવા તુચ્છમાં મન ઘાલતાં શું મળવાનું હતું ? ક્ષણિક આનંદ માટે શા સારુ મારું કિંમતી મન બગાડું ? બીજું સારું કરવાનું, શા સારુ ગુમાવું ? લાવ, રૂપમાં મન ઘાલવાને બદલે ૫-૧૫ નવકારમાં મન ઘાલું.'

**વિષયોના ત્યાગની આ ચાવી, કે 'મન મોટા રાજાની જેમ કહે કે હું તુચ્છમાં ક્ષણિકમાં મોઢું શું ઘાલું ?'**

**મન ઘેરાયેલું બનાવી દેવું એ કલ્યાણદર્શિતા.**

**આહાર-વિષયો અને પરિગ્રહ અંગે ધરપત જ નહિ એ અકલ્યાણદર્શિતા છે.**

જનાવર કીડા-મંકોડાની એ સ્થિતિ હોય છે. જેટલી વાર મોંમાં નાખવા મળે એટલી વાર મોંમાં નાખવાની છૂટ, એ તો જનાવરને હોય ? કે માણસને ? દહાડે છૂટ, રાત્રે છૂટ, એ કીડા મંકોડાને કે મનુષ્યને ? બોલો-તમારે એવો કોઈ નિયમ છે ખરો કે મારે રોજ પાણી સિવાયના ખાનપાનના આટલા જ ટંક, એથી વધારે નહિ ? જીવને કેટલા ટંક મળે તો ધરપત ? ૪,૫,૭...કેટલા ટંક ? એક બેઠક ખાધું-પીધું એ એક ટંક; પછી ઊઠીને ક્યાંક સહેજ ચાહ પીધી એ ટંક; વળી પછી મોંમાં સોપારી નાખી એ ટંક. એવા કેટલા ટંકથી ધરપત ?

**ધરપત જ નહિ એ અકલ્યાણદર્શીપણું છે.**

**અકલ્યાણદર્શીને કશો ત્યાગ, કશી તપસ્યા, હૈયું હરખથી વધાવતું નથી.**

અકલ્યાણદર્શીને કાયા અને ઇંદ્રિયોનાં તર્પણની જ વાત, આત્માની કોઈ ત્યાગ-સંયમની શક્તિ ખીલવવાની વાત જ નહિ !

ઊંચા મનુષ્યભવમાં આત્માની શક્તિ ખીલવવાનો વિચાર નહિ કરાય તો ક્યાં કરાશે ? આહારાદિની સંજ્ઞાઓ પર અંશે પણ નિયંત્રણ નહિ મૂકાય, અરે ! નિયંત્રણનો વિચાર જ નહિ રખાય તો આત્મશક્તિ કશી નહિ પ્રગટે.

વિશ્વભૂતિ મુનિએ સંયમ સાથે તપ એવો આરાધેલો કે એમના આત્મામાં

લબ્ધિ ઊભી થઈ ગયેલી. અલબત એનો ઉપયોગ ખોટો ન કરાય. મુનિ અહીં ભૂલ્યા છે એટલે એવી આત્મશક્તિથી અતિ દૂબળા શરીરે પણ ગાયને ઊંચકીને ગગનમાં ઉછાળે છે. આ ઉપયોગ ખોટો, પણ આત્મશક્તિ કેટલી મહાન એ જોવાનું છે. કસરત કરીને ઘી-મલાઈ ખાઈ કાયા ગમે તેટલી પહેલવાન બનાવી હોય એ આ કરી શકે ? શ્રીમહાવીર ભગવાન હજી હમણાં જનમ્યા છે ને મેરુ-શિખર પર ઇંદ્રના ખોળામાં બેઠે મેરુને જરાક પગનો અંગૂઠો અડાડ્યો કે મેરુ કંપી ઊઠ્યો ! એકલી કાયાની શક્તિથી આ બની શકે ? ના, એ તો આત્મશક્તિનો પ્રભાવ.

**નંદીષેણની લબ્ધિ :-**

નંદીષેણ મુનિ વેશ્યાને ત્યાં અજાણમાં ચડી ગયા, અને સાધુના ધર્મ મુજબ ધર્મલાભ કહે છે. પેલી કહે,

'મહારાજ ! અમે તો વેશ્યા-અમારે અર્થલાભનો ખપ, ધર્મલાભનો નહિ.'

એકલા અર્થલાભ-ધનલાભનો જ ખપ કોને ? વેશ્યાને ? કે સારા માણસને પણ ? ઢેડ-ભંગી-અનાર્યને કે આર્યને પણ એકલો અર્થલાભનો જ ખપ ? ધર્મ-લાભનો નહિ ? જીવન કેવું જીવી રહ્યા છો ? સારા માણસનું ? કે ઢેડ-ભંગીનું અનાર્ય ?

વેશ્યાના બોલ પર નંદીષેણ મુનિ કહે છે, "શું સાધુ અર્થલાભ નથી કરાવી શકતા. માટે ધર્મલાભ ધર્મલાભ બોલે છે ? ના, અર્થલાભ પણ કરાવી તો શકે, પણ જગતના જીવો અર્થલાભમાં સળગી તો રહ્યા જ છે. એમાં અર્થલાભના આશીર્વાદ આપી આગમાં તેલ કા હોમવું ? બિચારા વધુ સળગે. એની આગ ઓલવાય તો તે ધર્મલાભથી. માટે મુનિ ધર્મલાભ કહે છે. બાકી અર્થલાભ એ કરાવી શકે એવી તાકાત બીજા કોની છે ? લે જો જોવું હોય તો." એમ કહીને નંદીષેણ મુનિએ જમીન પરથી તણખલું લઈ એને આંખનો સહેજ મેલ-પિયો લગાડી જેવું ત્યાં ચોકમાં ઉછાળ્યું કે ત્યાં સાડા બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઈ.

**ગૌતમસ્વામીની લબ્ધિ :-**

આ ઉપયોગ ખોટો હોં, એમાં મુનિનું પતન થાય છે. પણ સવાલ આ છે કે આની પાછળ શક્તિ કોની ? જોજો કાયાની કે હાથની નહિ. કોઈ મંત્ર નથી ભણ્યા; એટલે મંત્રશક્તિની આ વાત નથી. શક્તિ આત્માની કે શરીરના સહેજ મેલ પર ક્રોડો સોનૈયા વરસાવી શકે. ગૌતમસ્વામીએ એવી આત્મશાંતિથી એક પાત્રની ખીરમાં અંગૂઠો બોળી રાખી પંદરસો તાપસમુનિઓને એમનાં પાત્ર ખીરથી ભરી આપ્યાં. એ આત્મશક્તિનું નામ અક્ષીણમહાનસલબ્ધિ.

**સનત્કુમાર મુનિની લબ્ધિ :-**

સનત્કુમાર મુનિએ ૭૦૦ વરસ રોગ સહન કર્યા, પણ સાથે જબરદસ્ત



ત્યાગ અને તપસ્યા સાથે. એમાં દેવતા એમના રોગ મટાડવા આવ્યા, કહે છે 'પ્રભુ ! આપ તો નિસ્પૃહ મહાત્મા છો, તેથી રોગ સહી લો છો. પણ અમને લાભ આપો, અમે સ્વર્ગના ધન્વંતરી વૈદ છીએ, અમે આપના રોગ મટાડી દઈએ !

ત્યારે મુનિ કહે, 'આ તમે ઠીક કરવા આવ્યા ! મારા મિત્રોને કાઢવા આવ્યા છો ? રોગો તો મારા મિત્રો છે, એ મને કર્મશત્રુને હટાવવામાં મને સહાય કરે છે. એ કર્મ એવા છે કે રોગ આવ્યા વિના જાય નહિ.

**રોગ જેમ જેમ સહાતા જાય તેમ તેમ કર્મનો નિકાલ થતો આવે.**

એટલે કર્મક્ષય કરવામાં રોગો તો સહાયક મિત્ર જેવા છે, એમનો તમારે વિયોગ કરાવવો છે ? એમ તો રોગ હું પણ હટાવી શકું એમ છું પરંતુ મારે હટાવવા નથી. બાકી રોગ કેવા હટી શકે એ જોવું હોય તો લો જુઓ.'

એમ કહી સનત્કુમાર મુનિએ પોતાની કોઢભરી એક આંગળી પર સહેજ થૂંક લગાડ્યું ત્યાં કોઢ સાફ ! અને આંગળી સુંદર ગોરી ગુલાબી થઈ ગઈ ! દેવતા ચકિત થઈ જઈ માફી માગે છે.

આંગળીનો કોઢ જઈ સુંદરતા આવી એ કોની શક્તિથી ? થૂંકની ? તો તો આપણે ય આપણું થૂંક આપણા કે બીજાના રોગ પર લગાડી એને મટાડી જ દઈએ ને ! શક્તિ થૂંકની નહિ, પણ આત્માની હતી, તેથી એના સંયોગે, શરીરની ફેંકી દેવા જેવી ચીજ થૂંકે પણ ઓષધનું કામ કર્યું. એ આત્મશક્તિ તપથી પ્રગટ થયેલી. શું ?

**ખા-ખાથી આત્મશક્તિ આવરાય, તપસ્યાથી આત્મશક્તિ ખુલ્લી થાય.**

**તપ કરવાના ૪ હેતુ :-**

એક ધ્યાન રાખવાનું, આ તપસ્યા નિરીહભાવે નિરાશંસભાવે થવી જોઈએ; દુનિયાના કોઈ પદાર્થની કામના વિના થવી જોઈએ. તપ કરીને પૈસાટકા, દીકરો, દીકરાને વહુ, અપમાન, પ્રશંસા વગેરે કે દેવતાઈ સુખ-સમૃદ્ધિ-સત્તા વગેરે કશું મેળવવાની કામના નહિ.

'તપ કેમ કરો છો ?' એમ કોઈ પૂછે, તો કહીએ કે,

(૧) 'આત્માના કર્મરોગ, રાગાદિવિકારો, અને આહારાદિસંજ્ઞાઓ મરે એ માટે તપ કરું છું.' અથવા

(૨) 'ભગવાન, જેવાએ પણ તપને વધાવેલો, ખા-ખાના ધંધાને નહિ, માટે તપ કરું છું.' અથવા

(૩) 'જિનની આજ્ઞા તપની છે, અને જિનાજ્ઞા-પાલનમાં જ કલ્યાણ છે, માટે તપ કરું છું.' અથવા

(૪) 'આત્માનો શુદ્ધ સ્વભાવ અનાહારિપણાનો છે; એ સ્વભાવે પહોંચવા

માટે તપ કરું છું.'

**રાગાદિના-કર્મક્ષયાદિની સ્પૃહા એ નિસ્પૃહતાની સ્પૃહા હોઈ દોષરૂપ નહિ :-**

**પ્ર.**- આવી બધી ઇચ્છાઓ સ્પૃહાઓ રાખીએ એમાં શું આશંસાભાવ ન કહેવાય? આમાં નિસ્પૃહતા ક્યાં રહી ?

ઉ.- અહીં સમજવાનું છે કે આ સ્પૃહા એ ચાલુ સ્પૃહા નથી પરંતુ સ્પૃહામાત્રનો ઉચ્છેદ કરવાની સ્પૃહા છે, નિસ્પૃહતાની સ્પૃહા છે. આ કર્મરોગ-નાશ રાગાદિ વિકાર-નાશ વગેરે સિદ્ધ થાય પછી સંસાર જ નહિ, એટલે શરીર નહિ, મન નહિ, કોઈ ઇચ્છા જ નહિ. અરે ! અહીં સંસારમાં પણ રાગાદિ વિકારો નાશ પામતાં એવો અનાસક્ત ભાવ સિદ્ધ થાય કે ત્યાં પછી **'સુખે દુઃખે ભવે મોક્ષે સર્વત્ર નિસ્પૃહ'** મોક્ષની પણ સ્પૃહા નહિ. એના પર વીતરાગભાવ આવે. પરંતુ આ સ્થિતિ ઊભી કરવા માટે સંસારના પદાર્થોની ઇચ્છા કાઢવી પડે. એ તો જ ટળે કે જો એ પદાર્થો પરનો રાગ ટળે. જ્યાંસુધી પૈસાટકા-પરિવાર વગેરે સારા લાગે, એના પર મમત્વ આકર્ષણ રહે, ત્યાં સુધી એ રાગ છે; ને જેના પર રાગ હોય ત્યાં એની ઇચ્છા શે મરે ? માટે રાગને મારવો જોઈએ, રાગનો નાશ કરવો જોઈએ. એ કરવો હોય એટલે એની ઇચ્છા રહે એ સ્વાભાવિક છે.

કોઈ એમ કહે 'ના, મારે રાગનો નાશ કરવાની ય ઇચ્છા નથી,' એ રાગને શું મારવાનો ? રાગ મારવો નથી એ રાગને શું મારે ? 'રાગને મારવો છે,' તો એ રાગનાશની ઇચ્છા જ છે. આવી ઇચ્છા-સ્પૃહા રાખ્યા વિના રાગ મારવાની ધગશ નહિ, જોમ નહિ; પછી સંસારના પદાર્થ પર રાગ ઊભો રહ્યે એની તૃષ્ણા ય ઊભી રહેવાની. પરિણામ ?

**'રાગનાશની ય સ્પૃહા ન કરાય' એમ માનવા જતાં બધી જ સ્પૃહા-તૃષ્ણા-ઇચ્છાઓ અકબંધ ઊભી રહેવાની.**

ત્યારે, રાગનાશની સ્પૃહા સતેજ ઉત્કટ રાખી તપ કરતાં કરતાં એવી ધન્ય ઘડી આવીને ઊભી રહે કે નષ્ટ થતાં રાગના ઉપર જનમનારી બધી સ્પૃહાઓનો અંત આવી અનાસક્ત ભાવ આવે, વીતરાગ દશા આવે.

આમ સ્પૃહાઓ-તૃષ્ણાઓનો અંત લાવનારી રાગાદિ વિકારોના નાશની ઇચ્છા તો ગુણરૂપ છે, દોષરૂપ નહિ. નિરાશંસભાવમાં દોષરૂપ ઇચ્છાઓનો અભળખો આવે; એવી ઇચ્છાઓ ન રખાય' એ સમજવાનું છે. એટલે આવી ગુણરૂપ રાગાદિ રોગ-નાશ, કર્મરોગ-નાશ, જિનાજ્ઞાપાલન,...વગેરેની ઇચ્છા તો રખાય, રાખવી જ જોઈએ. એનાં શુદ્ધ નિરાશંસભાવ જ કહેવાય.

જાણો છો એક જિનાજ્ઞાપાલનની જ સતેજ કામના કેટલી બધી કલ્યાણકર



છે? આત્માને સાધના-આરાધનાનો કેટલો બધો પાવર આપે છે ? પ્રેરણા ઉત્સાહ આપે છે ? મનને એમ થાય કે,

**જિનના ભક્તની ભાવના :- જિનાજ્ઞાપાલનની જ કામનામાં કલ્યાણ :-**

અહો ! અનંત કાળે પણ દુર્લભ એવા જિનેન્દ્રદેવ અને જિનશાસન મને મળી ગયા એ મારું કેવું પરમ સૌભાગ્ય ! આ મળી જવા પર હવે હું ગફલતમાં રહું ? બસ, હવે તો હું ઇચ્છું છું કે કેમ મારાથી વધારેમાં વધારે જિનાજ્ઞાપાલન થાય. મારાં અહોભાગ્ય ક્યાંથી કે ભગવાન જિનેશ્વરદેવની જે આજ્ઞા મોટા ઇન્દ્રભૂતિ ગૌતમ ગણધર, અને શાલિભદ્ર-ધન્નામુનિ જેવાએ સર્વસ્વ ત્યજીને પાળી અનંત કલ્યાણ સાધ્યાં, એ કલ્યાણ જિનાજ્ઞા ખૂબ પાળું ! જેમ જેમ મને જિનાજ્ઞા પાળવાનું બને તેમ તેમ મારું જીવન ધન્ય બને, જીવનની એટલી સફળતા થાય. જીવનની સફળતા જિનાજ્ઞાપાલનથી વધીને શેમાં છે ? દુનિયાની બીજી ત્રીજી હોશિયારી પાણીમાં જવાની છે, અરે ! આત્માને ભારે પડવાની છે, ત્યારે જિનાજ્ઞાનું પાલન સંપૂર્ણ ઊગી નીકળવાનું છે. એક નાનામાં નાની જિનાજ્ઞા તોય એકવાર પણ પાળેલી લાભ જ કરે છે. તો અનેક જિનાજ્ઞાઓનું અનેક વાર પાલન કરેલું તો કેટલાય ઉચ્ચલાભને કરનારું થાય ? અનંત અનંત કાળથી કર્મે કચરાયેલા મારા આત્માનો કેટલો બધો ઉદય કરનારું થાય ? માટે હવે તો મારે ડગલે ને પગલે આ જ ધ્યાન રાખવાનું કે જિનાજ્ઞા ક્યાં કેમ પાળવા મળે ? અને એ પરખી પરખીને પાળતો રહું.'

**જિનાજ્ઞાપાલનની આ ધગશભરી કામના જીવના દેદાર ફેરવી નાખે.**

આમાં બેવડો લાભ છે. જિનાજ્ઞાએ ફરમાવેલા વિધિ-નિષેધનું પાલન કરીએ એના તો મહાન લાભ છે જ, ઉપરાંત એ પાળતાં મનમાં આ ભાવ રાખીએ કે 'આવા પરમ કલ્યાણરૂપ સુયોગ્ય વિધિ-નિષેધ ફરમાવનારી જિનાજ્ઞા જગતમાં કેવી સુંદર અને અનન્ય કોટિની ! એ મને મળી ? ચાલો, આ વિધિ-નિષેધનાં આચરણ સાથે જિનની આજ્ઞા પાળવાનો પણ મને ભવ્ય લાભ મળી રહ્યો છે !' આ ભાવના કરતાં 'આજ્ઞાવિચય' નામના ધર્મધ્યાનનો અને જિનાજ્ઞાપાલનનો ભારે લાભ પણ મળે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૩૨,તા.૪-૫-૧૯૭૪**

'વિધિ-નિષેધ' માં 'વિધિ' એટલે 'દયા, દાન, શીલ-વ્રત-નિયમ, તપ-સ્વાધ્યાય-ધ્યાન, પરમાત્મભક્તિ વગેરે કરવા જોઈએ' એવી જિનાજ્ઞા. એણે ફરમાવેલા એ સત્કૃત્યોનું આચરણ એ વિધિપાલન. ત્યારે 'નિષેધ' એટલે 'હિંસા-જૂઠ-અનીતિ-

વિષયસંગ-પરિગ્રહ, ને ક્રોધાદિ કષાયો નહિ કરવા જોઈએ' એવી જિનાજ્ઞા એણે ફરમાવેલા એ હિંસાદિ પાપોનો ત્યાગ, દુષ્કૃત્યોનો ત્યાગ એ નિષેધપાલન ! આ સત્કૃત્યોનો ત્યાગ કરતાં આ લક્ષ રહે કે હું આ એટલા માટે આચરું છું યા છોડું છું કે એ માટે પરમ તરણતારણ જિનાજ્ઞા છે, એ જિનાજ્ઞા પાળવાનું મને સૌભાગ્ય મળે છે. મારા નાથની આજ્ઞા પાળવાની મળે તો ધન્ય મારું જીવન !' આમ આમાં જિનાજ્ઞા પર બહુમાન કરતાં જિનેશ્વરદેવ ઉપર સાચું બહુમાન થાય છે; અને વીતરાગનાં બહુમાનથી વીતરાગતા નજીક થાય, ભગવાનનાં બહુમાનથી ભગવાન થવાય.

જુઓ 'ષોડશક' શાસ્ત્ર આ કહે છે,

**'अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।'**

હૃદયમાં આ અર્થાત્ જિનવચન-જિનાજ્ઞા હોયે છતે તત્ત્વથી-પરમાર્થથી-વસ્તુસ્થિતિએ જિનેશ્વર ભગવાન હૃદયસ્થ છે.

દિલમાં જિનાજ્ઞા ન હોય, જિનાજ્ઞા પર બહુમાન જ ન હોય, પછી જિનેન્દ્રદેવની ગમે તેટલી પૂજા ભક્તિ કરે કે જાપ કરે એથી કાંઈ ભગવાન હૃદયમાં વસે નહિ. બાપની આજ્ઞા પર બહુમાન રાખનાર દીકરાના જ દિલમાં બાપ વસ્યા ગણાય છે. આજ્ઞાની પરવા ન હોય એના દિલમાં બાપ નહિ, પણ આપમતિ-ઘમંડ-સ્વાર્થાંધતાદિ સાપ વસેલ હોય છે. બાપની આજ્ઞાની કિંમત નથી, પછી બાપની પગચંપી કરે કે બીજી સેવા કરે એની શી કિંમત ? એમ જિનની આજ્ઞા પર મદાર ન હોય, જિનાજ્ઞાનો કશો ભાર માથે ન હોય એ જિનની સેવા કરે એનું શું મૂલ્ય ? કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે કહ્યું,

**'वीतराग ! सपर्यातस्तवाज्ञापालनं परम् ।'**

**હે વીતરાગ ભગવાન ! તમારી સેવા-પૂજાભક્તિ કરતાં તમારી આજ્ઞાનાં પાલન એ વિશેષ મહત્ત્વનું છે.**

વિશેષ મહત્ત્વ આ, કે જિનાજ્ઞાનાં પાલન અર્થાત્ જિનાજ્ઞાના સ્વીકારથી જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે અને ટકે છે. ત્યારે, સમ્યગ્દર્શન તો મોક્ષનો પાયો છે. એના વિના દાનાદિ ક્રિયાઓ મોક્ષફળ આપી શકે નહિ.

**'દાનાદિક કિરિયા નવિ દીએ, સમકિત વિણ શિવશર્મ;'**

અને અહીં કહ્યું તેમ જિનાજ્ઞાના બહુમાન વિના સમકિત-સમ્યગ્દર્શન આવે નહિ. હવે કહો, દાન, શીલવ્રત, જિનભક્તિ વગેરે ઘણું કરતો હોય, અરે ! ચારિત્ર પણ પાળતો હોય, કિન્તુ હૈયે જિનાજ્ઞા પર બહુમાન ન હોય, જિનાજ્ઞાનો સર્વેસર્વા સ્વીકાર ન હોય, તો સમ્યગ્દર્શનના જ વાંધા; પછી આગળના ગુણસ્થાનકે ચડવાનું શાનું ? ને એ વિના મોક્ષે ય શાનો ?



**માટે મૂળ પાયો જિનાજ્ઞાનો સ્વીકાર છે, જિનાજ્ઞાનું બહુમાન છે.**

એ બહુમાન એટલું બધું કે વાતવાતમાં જિનાજ્ઞા યાદ આવે. સારુ કરતાં ય યાદ આવે, ને નરસું કરતાં ય યાદ આવે, સારુ કરતાં એમ થાય કે 'આ મારું અહોભાગ્ય છે કે ભગવાન જિનેશ્વરદેવની આજ્ઞા પાળવાની મળે છે' નરસું કરતાં એમ થાય કે 'મારી કમનસીબી છે કે ભગવાનની આજ્ઞાથી આડે જઈ રહ્યો છું. ક્યારે એવું બળ આવે કે જિનાજ્ઞાને પૂરેપૂરો વળગીને જ ચાલુ !'

તપની સાધના કરાય ત્યાં જો માનપાનાદિ કશાની ઈચ્છા ન રાખતાં 'જિનાજ્ઞા-પાલન થાય છે' એનો જ આનંદ રખાય તો એ નિરાશંસભાવની તપસાધના કહેવાય. આ અથવા પહેલાં કહ્યું તેમ શુદ્ધ કર્મક્ષય યા રાગાદિક્ષય કે અનાહારી સ્વભાવની નિકટ થવાના હેતુએ કરાતી સાધના પણ નિરાશંસભાવની સાધના કહેવાય.

**એવી નિરાશંસભાવની તપસાધનાનો લાભ અનુપમ ! એનાથી અચિંત્ય આત્મશક્તિઓ પ્રગટ થાય છે.**

**વાલિમુનિને તપથી આત્મશક્તિ :-**

જુઓ વાલિમુનિને કેટલી જબરદસ્ત આત્મશક્તિ એવી તપસાધનાથી પ્રગટ થયેલી છે ! રાવણ જ્યાં અષ્ટાપદ પર્વત પર ધ્યાનમાં ઊભેલા એમને આખા પર્વત સહિત ઊપાડીને સમુદ્રમાં ફેંકી દેવા તૈયાર થયો, ને એ માટે પર્વતની નીચે પેસી ૧૦૦૦ વિદ્યાઓનું સ્મરણ કરીને એ વિદ્યાઓના બળે પોતાના મસ્તક ઉપર પર્વતને ઉપાડવા જાય છે, ત્યાં મોટો પર્વત કંપવા માંડ્યો ! ઉપર ધ્યાનમાં રહેલા વાલિમુનિએ 'આ શું થયું ?' એમ ચમકી અવધિજ્ઞાનથી પર્વતની નીચે રહેલ રાવણને પર્વત ઉપાડતો જોયો, રાવણના દિલનો ભાવ જોયો, ત્યારે મુનિને વિચાર આવ્યો કે

'અહો ! રાવણની આ કેવી બાલિશતા ! મારા ઉપરના વૈરથી કદાચ મને જ ઊંચકીને સમુદ્રમાં ફેંકી દીધો હોત તો શરીર પર નિસ્પૃહ એવા મને કશો વાંધો નહોતો, પરંતુ આ અજ્ઞાન માણસ પર્વતને સમુદ્રમાં જે ફેંકવા તૈયાર થયો છે, એમાં તો આ ગિરિ પર રહેલા મહાન તીર્થનો નાશ અને અનેકાનેક નાના-મોટા જીવોનો નાશ થાય છે. છતી શક્તિએ મારાથી તીર્થનાશની ઉપેક્ષા ન કરાય. માટે હું એને જરાક દંડ આપું, જેથી આવા ભયંકર પાપકૃત્યથી બચે, ને તીર્થનો નાશ અને જીવોનો સંહાર અટકે.'

આમ વિચાર કરી વાલિમુનિએ ધ્યાનમાં ઊભા ઊભા જ પગનો અંગૂઠો સહેજ જમીન પર દબાવ્યો. બસ એટલી જ વાર, પર્વત જે રાવણે મસ્તક ઉપર સહેજ ઊંચકેલો, તેનો ભાર વધી ગયો, એ રાવણને માટે ઊંચકવો કઠિન થઈ પડ્યો, તે હવે પોતે જ પર્વતની નીચે દબાયો; દબાયો તે એવો દબાયો કે મોમાંથી

લોહીની ઊલટી થઈ ગઈ અને રાવ-ચીસ પાડીને રોયો, માટે એનું નામ આમ તો દશમુખ પરંતુ આ રાવ પરથી, પછી નામ રાવણ થયું.

આવો હજાર વિદ્યાઓનો સ્વામી માંધાતા રાવણ એક બાળકની જેમ ચીસ પાડીને રુએ ? હા, હજાર વિદ્યાઓ નાકામિયાબ થઈ ગઈ, અને પોતાને પર્વત નીચે છૂંદાઈ રોટલો થઈ જવા જેવું લાગ્યું, એટલો બધો ભાર માત્ર વાલિમુનિના અંગૂઠાથી દબાયેલ પર્વતનો વધી ગયો. એમાં સહેજ કચરાવાની ય પીડા-વેદના પણ એટલી બધી ઊઠી કે સહેજે ચીસ પડી ગઈ રોવું આવી જાય.

**વાલિની દયા અને રાવણનો પસ્તાવો :-**

અલબત વાલિમુનિના મનમાં એને કચરી પીસી રોટલો કરી નાખવાનું હતું જ નહિ; એમને તો એને પસ્તાવો કરાવી અકાર્યથી હટાવવો હતો, અને તે પસ્તાવો થતો જોયો. રાવણને દબાતાં થયું કે 'હાય ! ક્યાં મેં આ ઘોર કૃત્ય કર્યું ? જરૂર એ મહાત્મા વાલિ અખૂટબળી એ પહેલાં પણ મેં જોયેલું, એમણે જ મને આ દુષ્કૃત્યની સજા કરી લાગે છે. ધિક્કાર હો મને કે આવું પાપસાહસ મેં કર્યું !' આમ જ્યાં રાવણનો પસ્તાવો જોયો કે તરત અંગૂઠાનું દબાણ ઉઠાવી લીધું, રાવણના માથે ભાર ઓછો થયો એટલે 'હાશ !' કરતોક છૂટકારાનો દમ ખેંચી પર્વત નીચેથી બહાર નીકળ્યો; અને ઉપર આવી મહાત્મા વાલિમુનિના પગમાં પડી માફી માગે છે. કેમ વારું ?

જુએ છે કે 'આ મહાત્માએ મારા જેવા નાલાયક પર દયા કરી તો જ બચ્યો, નહિતર મારી નાલાયકી પર મને પૂરો જ દબાઈ દીધો હોત તો 'હું જીવતો જ ક્યાં રહેવાનો હતો ? વાહ ! મહાત્માની કેવી મહાન દયા ! 'ધન્ય એમના મહા ઉદાર આત્માને !'

**રાવણ ક્ષમા માગે છે :-**

રાવણ વાલિમુનિના પગમાં પડી ક્ષમા માગતા કહે છે, 'ભગવંત ! હું ક્ષમા માગું છું. કેવી મારી નાલાયકી ! પૂર્વે પણ આપનું અગાધ બળ તો મેં અનુભવેલું, છતાં એ વિસરીને આપને આ પર્વત સાથે ઊંચકીને સમુદ્રમાં ફેંકવાનું મૂર્ખતાભર્યું દુઃસાહસ મેં કર્યું ! આજે આપના એ અખૂટ બળનો ફરીથી અનુભવ થયો, ત્યારે મને લાગે છે કે ક્યાં મોટો મેરુ સમાન આપ ? અને ક્યાં એક તણખલા જેવો હું ? પૂર્વે પણ અગાધ બળવાળા આપે મારા પર દયા કરેલી તો જ હું જીવતદાન અને રાજ્ય પામેલો, છતાં એ આપના મહાન ઉપકારને ભૂલી મેં ઘોર કૃતઘ્નતા કરી, ક્યાં આપનું મોટા માનસરોવર જેવું વિશાલ પવિત્ર દિલાવર દિલ ? ક્યાં નગરની ખાળ જેવું મારું છીછરું અને ગંદુ દિલ ? અહીં પણ આપે આ રાંકને બચાવ્યો તો બચ્યો. પ્રભુ ! મારા



ઘોર અપરાધની ક્ષમા માગું છું. ધન્ય આપનું જીવન ! ધન્ય આત્મા !'

વિચારવા જેવું છે, રાવણની હજાર વિદ્યાઓ સામે વાલિમુનિની આત્મશક્તિનું બળ કેટલું અગાધ ! પેલાને વિદ્યાઓનાં સ્મરણ સાથે ભારે જોર કરી અષ્ટાપદ ઉપાડવો પડે; ને આમને માત્ર અંગૂઠો સહેજ દબાવવાની જરૂર, અને ઊંચકાતો અષ્ટાપદ નીચે બેસવા માંડે ! આ આત્મશક્તિ શી રીતે પ્રગટ થઈ ? ખા-પી કરીને નહિ, જોરદાર તપસ્યા કરીને. 'એકલા સંયમ અને જ્ઞાન-ધ્યાનથી શક્તિ પ્રગટ થઈ' એમ કહેતા નહિ.

એમ તો વિના તપે વાલિમુનિને જ્ઞાનધ્યાન કરતા આવડતું હતું, તો કેમ એમણે ખાઈ-પીને એમ ન કર્યું ? શા માટે કઠોર તપસ્યાઓ કરી ? કહો, એ સમજતા હતા કે

**'ખાધે-પીધે સુખી રહીને એવું ધ્યાન જામે જ નહિ.**

**એ તો 'ખાધા-પીધામાં સુખ શાંતિ'ની કલ્પના કાઢી નખાય, તો જ તત્ત્વ ચિંતનમાં સુખશાંતિ લાગે.''**

આ સમજ હોય પછી ધ્યાન મજેથી ખાતા-પીતા રહીને શાનું કરે ?

જૈનશાસનનો આ મર્મ ભૂલી સંસારના વિષયોના રવાડે ચડશો નહિ, કે નવા ફતવા કાઢનારા લેભાગુઓના રવાડે ચડશો નહિ. મોટા શ્રીમહાવીરસ્વામી ભગવાન જેવાને ઘોર તપસ્યાઓ કરવાની જરૂર લાગી, મહાવૈભવ છોડી શાલિભદ્ર-ધનાજી-ધન્નો-મેઘકુમાર જેવાને ઘોર તપસ્યાઓ કરવાની જરૂર લાગી, ત્યારે આપણને જ એની જરૂર નથી ? જરૂર છે તો એવી પોચલી રડીખડી તપસ્યાની, કે એથી કશી આત્મશક્તિ પ્રગટ ન થાય.

**તપની જરૂર નહિ લાગે તો સમકિત નહિ આવે.**

**એમ સમકિત નહિ જો તપથી આત્મશક્તિ પ્રગટ થવાનું નહિ મનાય.**

તપમાં તો કેવળ દૂબળા પડવાનું અને ખાનપાન ગુમાવવાનું થાય એવું મનાય, તો પણ સમ્યક્ત્વના ફાંફા. સમકિત એટલે તીર્થંકર ભગવાનના માર્ગ પર શ્રદ્ધા. પ્રભુનો માર્ગ આ કે 'મોક્ષ કર્મક્ષયથી થાય, ને કર્મક્ષય માટે તપની જરૂરી; તેમ એ તપથી આત્મશક્તિઓ પ્રગટ થાય.' આના પર શ્રદ્ધા હોય એટલે હૈયે તપની સચોટ જરૂરિયાત લાગે, ને તપથી જ આત્મશક્તિ ખીલવાનું દેખાય; ખા-ખાથી નહિ. બસ, શાસન પામ્યા છો, તો આ તપનો લહાવો લઈ લો. 'એટલી ખાવાની મોજ જાય, શરીર દૂબળું પડે.'...વગેરે કલ્પના મનમાં લાવો જ નહિ. મોટી આત્મશક્તિ પ્રગટ થશે એ અવ્વલ લાભ છે.

વિશ્વભૂતિમુનિએ રાજાશાહી સુખ છોડી ચારિત્ર લઈ એવી તપસ્યાઓ કરી

છે કે એના પર પ્રગટેલી આત્મશક્તિ અદ્‌ભુત હતી. એ તો ભૂલ્યા, જરા અભિમાનમાં ચડ્યા એટલે એ તો ઊંધો ઉપયોગ કરે છે; પણ શક્તિ એટલી અથાગ કે આખી ગાયને શિંગડે ઝાલી અદ્ધર આકાશમાં ઊંચકી ઘૂમાવીને ઊંચે ઉછાળે છે ! ને પાછી પડતી હાથમાં ઝીલી લે છે, ને સાચવીને એને નીચે મૂકી દે છે ! આ કાંઈ કાયાનું બળ નથી હોં. આત્મામાં તપથી લબ્ધિ-શક્તિ ઊભી થઈ છે એનું બળ કે, એનું આ કાર્ય છે.

**આત્મશક્તિનાં કેવાં કેવાં અચિંત્ય અદ્‌ભુત ફળ આવે છે, એ જાણો છો ?** બોલો, શરીરના મેલના કણમાંથી ક્રોડો સોનૈયા બને ? પણ નંદીષેણ મુનિએ આંખનો પિયો ફેંકતા સોનૈયા વરસ્યા ને ? ત્યારે કહો, વેશ્યાગામી માણસ વેશ્યાને ત્યાં બેસી બીજાઓને સાધુ બનાવી શકે ? તોય રોજના દસ ! પણ જુઓ એ જ નંદીષેણ મુનિ વેશ્યામાં પતિત થઈ એને ત્યાં રંગરાગમાં મહાલતા બેઠા છે, છતાં રોજ દસ માણસને ધર્મદેશનાથી પ્રતિબોધ કરી વૈરાગી બનાવીને સાધુ થવા મોકલે છે ! ત્યારે આ દેશનાની પાછળ કામ કરતી આત્મશક્તિ કેવી ?

સંયમી ત્યાગી સાધુને ઉપાશ્રયે ધર્મ સાંભળવા આવેલામાંથી એકને પણ બૂઝવી વૈરાગી બનાવીને સાધુ બનાવવાનું મુશ્કેલ છે, ત્યારે આ નંદીષેણ ભ્રષ્ટ થઈ વેશ્યાભોગી બનેલા, તે ઉપાશ્રયે નહિ, પણ વેશ્યાને ત્યાં બેઠા રોજ ત્યાં મળતાને બૂઝવે છે ! તે એકને નહિ, પણ દસને સંસારમાંથી ઊભા કરી દે છે ! કેવીક દેશના હશે એ ?

**નંદીષેણ શો ઉપદેશ દેતા હશે ?**

આવો જ કાંક ને કે ‘સંસાર ઝેર, વિષયો ઝેર, લક્ષ્મી ઝેર, સ્ત્રીઓ ઝેર, જગતના ઝેર એક મરણ આપે, આ ઝેર અનંતા જનમ-મરણ આપ્યાં ! હજી પણ તું કાં એમાં મરી રહ્યો છે ? ઝેર કાઢવાના આ ભવમાં અમૂલ્ય આર્ય ખોળિયે ફરીથી અનંતા જનમ-મરણ લાવે એવા આ ઝેર ખાવાનો ધંધો ?...’ આવું જ બધું કહેવાનું ને ? એ તો અમે ય તમને કહીએ છીએ, કેમ તમારા હૃદયને ઉછાળતું નથી ? કેમ ઊભા થઈ જતા નથી ? અમારી દેશનાથી તમે ઊભા ન થાઓ; તો કેમ નંદીષેણની દેશનાથી વેશ્યાગામી માણસો ઊભા થઈ જાય છે ?

કહો, એમની દેશના પાછળ આત્માની લબ્ધિ કાર્યકર હતી, આત્મશક્તિ કામ કરી રહી હતી એ આત્મશક્તિ તપથી ઊભી થયેલી હતી, તપ કર્યો ત્યારે આંખો મીંચીને તપ ઝુકાવ્યે રાખ્યો હતો. તે પણ આવી કોઈ લબ્ધિ વગેરે મેળવવાની લેશમાત્ર આશાથી નહિ; કિન્તુ શુદ્ધ નિરાશંસભાવે. માટે એથી આંખના પિયા પર આંખના મેલ પર સારા બાર ક્રોડ સોનૈયા વરસાવાની અને વેશ્યાને ત્યાં બેઠા દસને



ઊભા કરી સાધુ બનાવે એવી દેશના દેવાની લબ્ધિ ઊભી થઈ ગઈ હતી.

**તપની શી તાકાત સમજો છો ?** આ તો વળી બાહ્ય ફળ; પણ અભ્યન્તર ફળ તો કેટલું ય અજબ ગજબનું છે. આ જનમનાં ભયંકર પણ પાપકર્મ તોડી નાખે. દૃઢપ્રહારી અર્જુનમાળી, ચંડકોશિયો સાપ, વગેરેનાં આ જનમનાં પાપકર્મ કેવાં કેટલા જાલિમ ભયંકર ? છતાં એ કર્મ તપથી તૂટ્યાં ! તપથી આ જનમનાં પાપકર્મ તૂટે છે એટલું જ નહિ, પણ અસંખ્ય જનમનાં ય પાપકર્મ તોડનાર તપ છે, તો જ જીવ તપથી ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી જાય છે. કેવળજ્ઞાન પૂર્વે આત્મા પર કાંઈ માત્ર એ જ જનમનાં કર્મ નથી હોતાં, અસંખ્ય જન્મોનાં કર્મો પણ હોય છે, તપથી એ સાફ થાય તો જ કેવળજ્ઞાન મળે છે. શ્રીમહાવીર ભગવાને એમજ સાડા બાર વરસમાં સાડા અગિયાર વરસ જેટલા ઉપવાસ કરી અસંખ્ય જન્મોનાં કર્મ તોડીને સાડા બાર વરસના અંતે કેવળજ્ઞાન લીધું.

**તપથી શરીર કસવા પર જ પરીસહ સહી શકાય.**

**પ્ર.-** પ્રભુએ એકલા તપથી થોડું જ કેવળજ્ઞાન લીધેલું ? સાથે ઉપસર્ગ-પરીસહ સમતાથી સહેલા, અને ધ્યાન ખૂબ ધરેલું, એથી જ કેવળજ્ઞાન પામ્યા ને ?

ઉ.- અહીં એટલું સમજી રાખો કે તપ ચાલતો હતો માટે શરીરની મૂર્ચ્છા અને ઇન્દ્રિયોની સુખશીલતા કચરાયેલી હતી; એટલે જ પરિસહ-ઉપસર્ગ સમ્યગ્ રીતે સમતાથી સહન થઈ શકતા હતા. પ્રભુ સમજતા હતા કે જો ખાધે પીધે દિવાળી રાખું તો તો શરીરની મૂર્ચ્છા વધી જાય, જીવ ઇન્દ્રિયોમાં સુખશીલ બની જાય, પછી ભલે એક રસના ઇન્દ્રિય અંગે સુખશીલ, પરંતુ જો એક પણ ઇન્દ્રિયની દૃષ્ટિએ હું સુખશીલ-સુંવાળો બન્યો તો એ સુખશીલતાની નબળાઈ બીજે પણ નડવાની. સ્પર્શનેન્દ્રિયને કશુ કષ્ટવાળું સહવાનું આવ્યું એ નહિ ગમે. એ ટાળવાનું મન થશે. પૂછો,

**પ્ર.-** એક ઇન્દ્રિયના વિષયમાં સુખશીલ બન્યા એથી બીજી ઇન્દ્રિયને શું ?

ઉ.- ઇન્દ્રિયો જુદી જુદી છે, પણ મન તો એક જ છે ને ? એ એક પણ ઇન્દ્રિયના વિષયને લઈને સુંવાળું તો બન્યું જ. એ જ સુંવાળું મન પછી બીજી ઇન્દ્રિયના વિષયમાં કેમ નહિ લપસે ? સુંવાળું બનેલું છે. એટલે સત્ત્વ ગુમાવ્યું છે. સત્ત્વહીન બનેલા મનને બીજે તણાતાં વાર શી ? આ સમજી રાખો,

**એક પણ ઇન્દ્રિયના વિષયમાં તણાતાં, મનનું સત્ત્વ ખંડિત થાય છે. એથી ઊલટું, વિષયમાં ન આકર્ષાતા, મનનું સત્ત્વ વધે છે.**

**આ જીવનમાં શું કમાવા લાયક ? વિષયનો સંગ ? કે સત્ત્વની વૃદ્ધિ ?**

ભૂલશો નહિ, વિષયનો સંગ તો પાછો છૂટી જવાનો છે, ને સંગથી ઊભો

થયેલો આનંદ પણ ક્ષણજીવી છે. ત્યારે વિષયમાં ન તણાવાનું સત્ત્વ કેળવ્યું તો એ સત્ત્વ પોષેલું અક્ષય બનનારું છે. તેમજ સત્ત્વ ટકાવ્યાનો આનંદ પણ અદ્ભુત અને દીર્ઘ જીવી છે.

સ્થૂલભદ્રજી બાર વરસથી કોશા વેશ્યાના પરમ પ્રેમી તરીકે એને ત્યાં જ રહેતા હતા. એમાં નંદરાજાએ બોલાવી એમને મંત્રી-મુદ્રિકા આપવા માંડી. ત્યાં સ્થૂલભદ્રજીએ વિચાર્યું કે, 'જો હું આ મંત્રીપણાની ખટપટમાં પડું તો કોશાના સંગમાં આજ સુધી રહ્યો એટલું ન રહેવાય. માટે મંત્રી નથી બનવું. પણ હું આટલું જ કેમ વિચારું છું ? જેમ મંત્રીપણાના સંગમાં કોશાનો સંગ ગુમાવાય, એમ કોશાના સંગની ખટપટમાં પરમાત્માનો સંગ ગુમાવી રહ્યો છું.

**પરમાત્મા સાથેનો પૂરો પૂરો સંગ આ માનવજીવનમાં જ શક્ય છે, અને એથી જ અનંત દુ:ખમય, નાલેશીમય, અને ગુલામીમય જનમ-મરણની જંજાળનો અંત આવે છે.**

માટે હવે મારે કોશાનો સંગ પણ ન ખપે; સંયમ લઈ પરમાત્માનો જ સંગ કરીશ'

કેટલી બધી ઉદાત્ત-ઉમદા-વિચારણા ! વાત સાચી છે, વિષયોનો સંગ વહાલો કરાય, તો વીતરાગ પરમાત્માનો સંગ વહાલો નહિ કરી શકાય. શું સમજ્યા ? પરમાત્માની ભક્તિ કરવાનો અવસર આવે ત્યારે છતે પૈસા ભક્તિમાં ખરચવા ચિંગુસપણું કરાય છે ને ? કેમ વારું ? પૈસા વધુ વહાલા છે. 'એને મફતિયા વેરી નખાય ?' એમ લાગે છે. પછી આમાં પૈસા કરતાં વીતરાગ વધારે વહાલા ક્યાંથી થાય ?

પર્વતિથિએ પણ તપના વાંધા કેમ ? વીતરાગ કરતાં શરીર અને જીભડી વધારે વહાલા છે. તપ કરો તો વીતરાગની નજીક અવાય; પ્રભુનો સંગ મળે. પણ પેલા શરીર-ખાનપાનનું વહાલ આ સંગ પામવા ન દે. છતાં તમારો નિર્ધાર છે કે પરમાત્માનો સંગ ન મળે તો કાંઈ નહિ, પર્વતિથિએ પણ અમારું છૂટા મોંઢે ખાવાનું અકબંધ રહેશે.' ખાનપાન કેવા વહાલા ? આમાં પરમાત્મા વહાલા ક્યાંથી કરાય ?

**શરીર-ઈન્દ્રિયનાં સુખ વહાલાં ન કરતાં દાન-તપસ્યા-સંયમ આચરાય તો પરમાત્માનો સંગ કર્યો ગણાય. કેમકે એ પરમાત્માએ ચિંધ્યા છે.**

અથવા તમે મનને માન્યું હશે કે, 'અમે ખાઈ-પીને પરમાત્માનો સંગ કરીશું.' પરંતુ શું આમ સંગ થાય ? જે હૈયામાં પર્વતિથિએ પણ છૂટથી ખાનપાન અને શરીરના અમનચમન વહાલા કર્યા, એ હૈયામાં ભગવાન એવા વહાલા થવાના છે ?

ભગવાન વહાલા કરવા છે ? તો કરો, આ નિયમ કરો કે, 'મારે પાંચતિથિ ઉપવાસ, આંબેલ યા એકાસણું કરવું, લીલોતરી બંધ, અને બ્રહ્મચર્ય પાળવું.

સ્થૂલભદ્રજીએ આ હિસાબ તારવ્યો કે 'કોશાના સંગમાં રહું તો પરમાત્માનો



સંગ ગુમાવાય. માટે હવે માત્ર મંત્રિપદ શું. માત્ર કોશાનો સંગ શું, સંસાર આખાનો જ સંગ ન જોઈએ. ચારિત્ર લઈ અહિંસા-સંયમ-તપથી પરમાત્માનો સંગ સાધુ.' બસ, ત્યાં જ મુનિવેશ લઈ નીકળી પડ્યા. વચમાં કોશાનો મહેલ આવ્યો પણ ગંધાઈ ઊઠેલા મડદાવાળા ઉકરડા તરફ નજર ન જાય એમ એના તરફ નજર પણ ન નાખતાં આગળ ગુરુ પાસે ચાલી ગયા.

સ્થૂલભદ્રજીએ આ શું કર્યું ? સત્ત્વ વિકસાવ્યું, કોશા તરફ સુંવાળું બની આકર્ષાતા મનને તત્ત્વની સમજથી દબાવ્યું. તમે કહેશો,

**પ્ર.-** તત્ત્વની સમજ તો અમારી પાસે પણ છે. છતાં મન કેમ દબાતું નથી ?

ઉ.- કોરી સમજને શું કરે ? સમજ સાથે તત્ત્વ વાપરવું જોઈએ. તો મન દબાય. સત્ત્વ નથી વિકસાવતા માટે મન દબાતું નથી. ઊલટું મનને વિષયોમાં આકર્ષાતું રાખવામાં સત્ત્વ હણાય છે, એ ભાન નથી; યા ભાન છે તો સત્ત્વને હણવાના ભયંકર પરિણામનો ભય નથી.

**એકેક વિષયમાં મનને જવા દો એટલું સત્ત્વ હણાય, ને મન જતું રોકો એટલું સત્ત્વ વિકસે.**

આ ધ્યાનમાં રાખો તો આજની દુનિયામાં રહેતાં ડગલે ને પગલે સત્ત્વને વિકસાવવાની તક દેખાશે. આજે હીન સત્ત્વવાળા સ્નેહી-સગાં ને બીજા ત્રીજા એવા મળ્યા છે કે એ તમને વિષયોની વાતોમાં તાણે. ત્યાં ન તણાવાની તક છે. સત્ત્વ વિકસાવવાની તક છે. એમ જે મળ્યા એની સાથે ખટરાગ થવાના પ્રસંગ વારે વારે; ત્યાં સત્ત્વ વિકાસની તક છે. જો સત્ત્વ વિકસાવો તો જ બચો. નહિતર તો ખટરાગ, વૈર-વિરોધ, મન ઊંચું, અભાવ, દ્વેષ, વગેરે સહેજે ઊઠે છે ને એમાં કિંમતી સત્ત્વ હણાય છે એના બદલે મૈત્રીભાવ, ભાવકરુણા, જડ ચીજવસ્તુ-માનપાન વગેરે પ્રત્યે ઉદાસીનભાવ, જિનાજ્ઞાનું સ્મરણ, દેવ-ગુરુ-ધર્મનું ઊંચું મૂલ્યાંકન...વગેરે રખાય તો સત્ત્વ વિકસે. આમ સત્ત્વ વિકસાવવાના ડગલે ને પગલે પ્રસંગ છે.

સ્થૂલભદ્રજીએ સત્ત્વ વિકસાવ્યું. એનું રુડું ફળ આ આવ્યું કે એજ કોશાને ત્યાં ચોમાસુ રહી એના ભારે હાવભાવ-મનામણાં અને રુદનની સામે નિર્વિકાર રહ્યા એટલું બધું સત્ત્વ વધ્યું. જુઓ, કોશાના સંગમાંજ રહ્યા હોત તો એ સંગ તો છેવટે મૃત્યુ વખતે તો છૂટી જ જવાનો હતો; જ્યારે, જો એ છોડવાનું સત્ત્વ વિકસાવ્યું, તો સત્ત્વ વૃદ્ધિ પામતું ગયું, તે મૃત્યુને ય આંબી ગયું, આત્માની સાથે લાગી ગયું.

ત્યારે કોશાનો સંગ છોડવાના સત્ત્વ વિકાસનો આનંદ કેટલો બધો ? જે આનંદ કોશાના સંગમાં નહિ એ એ સંગનો ત્યાગ કરવાના સત્ત્વ વિકાસમાં; એના

ત્યાગ પૂર્વકના ચારિત્રમાર્ગમાં ગજબનો આનંદ ! એ પણ ચિરસ્થાયી આનંદ.

**વિષયના સંગનો આનંદ એ સંગ હોય ત્યાંસુધી જ; પણ ત્યાગનું સત્ત્વ વિકસાવ્યાનો આનંદ અમર.**

તમે પર્યુષણામાં ઘણાને એવું બોલતા સાંભળ્યા હશે 'મેં જરા મન મક્કમ કરી છઠ્ઠ કર્યો તો થઈ ગયો; અઠ્ઠમ કર્યો, અઠ્ઠાઈ નો તપ કર્યો, તો તપ બહુ સારો થયો.' આવું જ શ્રીશંખેશ્વર ભગવાનના કે બીજા અઠ્ઠમ કરનારાને પણ કહેતા સાંભળ્યા હશે. એમ ઉપધાન કરનારને પણ 'આંખ મીંચીને ઉપધાનમાં બેઠો, તો ઉપધાન સરસ થઈ ગયા' આવું કહેતા સાંભળવા મળે છે. આ બધાને આનો આનંદ વારંવાર યાદ કરીને થઈ આવે છે. એ સૂચવે છે કે તપ-આરાધના માટે સત્ત્વ ફોરવ્યું એનો આનંદ ચિરસ્થાયી બને છે. આ જરૂરી પણ છે. સુકૃતનો વારંવાર આનંદ માણ્યા કરો તો એની સામેના દુષ્કૃત્યનો આનંદ મોળો પડી જાય. મૂળ વસ્તુ આ છે કે સુકૃત કરવા સત્ત્વ ફોરવવું જોઈએ.

જીવનો અનાદિનો અભ્યાસ ખા-ખાનો, રંગરાગનો, હરામહાડકાનો, પ્રમાદનો સ્વાર્થરસિક્તાનો, તેમજ ક્રોધાદિ કષાયોનો છે, એટલે એનો સામનો કરવાનું જરા કઠિન તો લાગે; પરંતુ અંતરનું સત્ત્વ પ્રગટાવી મન જરા કાઠું મક્કમ કરી લેવાય, તો પછી ગાડી ચાલી સમજો. એકવાર એક પ્રસંગે સત્ત્વ ફોરવ્યું, એટલે હવે બીજે પણ એમ કરવાનું મન થશે, હિંમત રહેશે.

**મનની સ્થિતિ એવી છે કે જો એને વિષયમાં લલચાઈ જવાની સ્થિતિમાં મૂક્યું તો આગળ લલચાતું ચાલવાનું, ને એકવાર એને લલચાતું અટકાવો, તો આગળ પણ એમ એને અટકાવી શકાય.**

**વિષયમાં લલચાતું મન એમાં દોડવા દીધું તો સત્ત્વ ખંડિત થાય.**

રસ્તે જતી પરસ્ત્રી જોઈ લેવા જો મન લલચાયું, મન આતુર થયું, અને જો આંખ-મન એના પર લઈ ગયા, તો સત્ત્વ ગુમાવ્યું સમજો. પછી એનો ચેપ ચાલવાનો.

મનમાં સહેજ ખણજ ઊઠી કે 'સામાને ગુસ્સો દેખાડી દઉં, જરાક ધમધમતું સંભળાવી દઉં,' ને પછી એમ સંભળાવી દીધું, તો એમાં સત્ત્વ ગુમાવ્યું. પછી એનો ચેપ લાગે છે.

અથવા જો અભિમાન કે માનાકાંક્ષાથી સામાને પોતાની હોશિયારી સંભળાવવાનું મન થયું, ને એ સંભળાવી તો સત્ત્વહીન બન્યા. પછી બીજે, ત્રીજે એ આત્મશ્લાઘાનો ચેપ ચાલવાનો, ને સત્ત્વ વધારે ને વધારે ખત્મ થતું જવાનું, એકવાર પણ મનની લલચામણ પોષવી એ ભયંકર છે.



## કામલતાની કરુણ કહાણી

કામલતા બ્રાહ્મણી ગામ બહાર કૂવે પાણી ભરવા ગયેલી, ત્યાં અચાનક ચડી આવેલ સૈન્ય સાથે દુશ્મન રાજાના સિપાઈઓ એને દેવાંગના જેવા રૂપવાળી દેખી પકડીને પોતાના રાજા પાસે લઈ ગયા. રાજા એવી બહુ રૂપાળી સ્ત્રી મળ્યાને જ મોટી જીત માની એને ઉપાડીને સૈન્ય સાથે પાછો ચાલતો થઈ ગયો...પોતાના મહેલમાં પહોંચી રાજાએ એને મુખ્ય રાણી બનાવી ભ્રષ્ટ થવા લલચાવી, 'હવે તું અહીંથી જઈ તો શકવાની નથી, તો શા સારું દુઃખી થાય ? આવ મોજ કરીએ. તું મારી સ્વામિની, હું તારો દાસ' ગરીબના ઘરમાં શું પામતી હતી ? ત્યાં તો 'નબળો માટી બૈયર પર શૂરો,' એમ દરિદ્ર ધણી તારા પર રોફ બજાવતો હશે, ને સાધન નહિ તેથી રંગરાગમાં હિંગોડા. તારી કિંમતી જુવાની ખલાસ. અહીં તો પૂરાં સાધન, ઉપરાંત હું તારો સેવક જેવો. માટે હવે બીજો-ત્રીજો વિચાર ન કર યુવાની સફળ કર.'

**કામલતા લપટાય છે :-**

કામલતાને મન સામે લાલચ આવી, તે લલચાણી, રાણી બની બેઠી, સત્ત્વ ગુમાવ્યું. પછી તો કેમ ? તો કે એક વાર લપસી, એટલે 'વટલેલી બ્રાહ્મણી તરકડીથી ભૂંડી' એ ન્યાયે આગળ આગળ લપસતી ચાલી, તે ઠેઠ વેશ્યા બનવા સુધી અને પોતાના પુત્ર સાથે ય કુકર્મ કરવા સુધી પહોંચી ગઈ. એની કરુણ કહાણી મોટી છે. પરંતુ એનો સાર આ છે કે લપસણું ભૂંડું; એકવાર પણ લપસવું ભૂંડું.

જો કામલતાને ન લપસવાનો નિર્ધાર હોત અને સત્ત્વ ન હણવું હોત, સત્ત્વ ટકાવી રાખવું હોત, તો તો રાજા ગમે તેવું લલચાવે, પણ એ વિચારી શકત કે

**લાલચ સામેની વિચારણા :-**

"આ રાજા શી બાલિશ વાત કરે છે ? એ સમજે છે કે 'મનુષ્યદેહ ગમે તેવા અધમ ઉપાયે પણ રંગ-રાગ અને ભોગ માટે મળ્યો છે.' પણ આ એની મૂઢતા છે.

**રંગરાગ-ભોગમાં મજા નહિ પરંતુ દેહની ને જીવની વિટંબણા છે.**

(૧) દેહની વિટંબણા એ કે પછી એને વારેવારે ખણજ-તૃષ્ણા-ઝંખના અને વારેવારે એને તપી તપી ખરજવાની ચળની જેમ ચળવાની વેઠ કર્યા કરવાની. ઘડપણે શક્તિ ન રહેતાં કે જુવાનીમાં સાધન જતાં ઝુરવાનું. આ વિટંબણા નહિ તો બીજું શું છે ?

(૨) જીવની વિટંબણા એ, કે એ તો બિચારો એ, કે એ તો બિચારો મજૂર, તે કાયા અને ઇન્દ્રિય-ભામટીઓને એ માગે ત્યાં ઉપાડીને લઈ જવા દાસ તરીકે એને ઊભા જ રહેવું પડે. પછી એમાં ગમે તેટલા વહાલા પરમેસર કે ગુરુની કશી

સેવા થાય નહિ.

**(૧) વિટંબણા અકાર્યમાં ઘસડાવાની :-**

પહેલાં કદાચ મનથી સમજતો હોય કે વિષયવિલાસ ખોટું કામ છે, છતાં જો એકવાર રંગરાગ-ભોગમાં-લલચાયો, તો પછી સત્ત્વ હણાયું હોવાથી અકાર્યમાં ઘસડાયે જવાનો. ખોટું સમજવા છતાં ખોટું કરવા ઘસડાવું આ તે મજા છે કે વિટંબણા ?

**(૨) વળી બીજી વિટંબણા સારું ગુમાવવાની :-**

ત્યારે એમાં સારું ઘણું ગુમાવવું પડે એ પણ વિટંબણા નહિ તો બીજું શું ?

**(૩) વિટંબણા સર્વનાશની :-**

પાછું જીવનના અંતે તો બધું લુપ્ત છે તો એ પૂર્વેના ચાળા એ વિટંબણા નહિ ?

**(૪) વિટંબણા કાયા-ઈન્દ્રિયની નિત્ય મજુરીની :-**

જ્યાં કાયા-ઈન્દ્રિયોને ધરપત જ નહિ, ગમે તેટલા રંગરાગ આપ્યા છતાં રોજ ભૂખારવી, ને ભૂખારવી એવી એની નિત્ય-સળગતી ભૂખ જીવ પોષ્યા કરે અને સરવાળે સળગતી જ રાખ્યા કરે એ જીવની વિટંબણા જ ને ?

કામલતા પડતા પહેલાં આમ વિચારી શકત કે, ''રાજા તો કામાંધ છે, ગધેડા જેવો બન્યો છે, તે એકલા ચામડાના જ ખેલ જુએ છે અને પવિત્ર માનવ-કાયાના નિર્મળ સદાચારો જોવા તરફ આંધળો બન્યો છે. પણ મારે શા માટે આંધળી થવું ? શા માટે ઉત્તમ કાયા પાસે અધમ કાર્ય કરાવવું ? કાયા અને ઈન્દ્રિયો તો વાઘણ છે વાઘણને લોહી ચટાડ્યા પછી તો એ વિફરે.

**માણસ જેવા માણસે કાયા અને ઈન્દ્રિયોની વિકરાળ ભૂખમાં જો આમ વિડંબાવાનું હોય તો તો ગધેડા-ગધેડી, ભૂંડ-ભૂંડણ વગેરેના અવતાર શા ખોટા હતા તે એ એ મૂકીને અહીં આવ્યો ?**

''ભલે રાજા ગમે તેમ લલચાવે, પણ મારું પવિત્ર શીલ અખંડ રહેશે. મારે એવી વિષયોની ગુલામડી થવું નથી; વિષયોમાં વિડંબાવું નથી. જો ધૈર્ય-સત્ત્વ જાળવી રાખી ખણજને ઊઠવા જ ન દઉં, તો મને કશું દુઃખ નથી; ઊલટું એમાં મહાસતીઓની જેમ જે અનહદ આનંદ રહેશે, એનો દસમા ભાગનો ય આનંદ આ વિષય-વિટંબણામાં નહિ.''

**''જીવને વિષયોની ખણજ એ જ મોટું દુઃખ છે.** પછી એમાં માઝા-મર્યાદા-માપ નહિ, યોગ્યાયોગ્ય જોવાનું રહે નહિ; રાતદિવસ એની જ એક લગન. એની પાછળ પાછળ મનની પાર વિનાની ગુલામડી દશા. સુકૃત-સદ્‌ગુણો બધું જ ગુમાવવાનું થાય. માટે વિષયોની ખણજ એ જ મોટું દુઃખ, એ મોટું દુષ્કૃત્ય, મોટી વિટંબણા.



મારે એ જોઈએ નહિ.

''યોગ્યાયોગ્ય જોવા મળેલી આંતરચક્ષુવાળા આ ઉચ્ચભવમાં શું એ આંખ મીંચી આંધળી થાઉં ? એ જોવા અંધાપાવાળા જનાવરના અવતારે તો આંધળી બની જ રહી, હવે અહીં છતી આંખ કાં ફોડી નાખી અયોગ્ય વિષયના કૂવામાં જઈ પડું ?'

**આ ભવે યોગ્યાયોગ્ય જોવા માંડ મળેલી આંતરચક્ષુને મીંચી દઈ અંધાપાને મારે પાછો નોંતરવો નથી.**

**વિષયસુખોમાં આનંદ મધુબિંદુ જેટલો, અને એની ખણજ સમુદ્ર જેટલી ! શા માટે બિંદુના લોભમાં ખણજ-દુઃખનો સમુદ્ર ઊભો કરવો ?**

કામલતાએ સત્ત્વ જાળવ્યું હોત તો આ વિવેક કરી શકત, અને રાજાની પાગલ માગણી સામે અણનમ રહી શકત ! પરંતુ સત્ત્વ ગુમાવ્યું, ભ્રષ્ટ થઈ, તે વરસો એમ ચલાવ્યું. એમાં વળી કેટલાક વરસ જતાં પ્રેમાળ ધણી અને ધાવણો મૂકેલો બાળક યાદ આવ્યો, દિલને પસ્તાવો થયો કે 'આ કેવી મારી નીચતા ? પેલા બિચારા દુઃખે દહાડા કાઢતા હશે ત્યારે હું અહીં મોજ કરું છું ? લાવ લાવ અહીં ભાગી એમને ભેગી થઈ જવાનું કરું.'

કામલતાથી પહેરા નીચે આમ તો ભગાય એમ છે નહિ, એટલે એક ભયાનક પેંતરો રચે છે, જેમાં રાજાને સહેલાઈથી મારી નાખી પોતે ભાગી શકે. એણે રાજાને સમજાવ્યું કે જુઓને આ મારી કેવી પતિત સ્થિતિ ! તો હવે હું કાંઈક ધર્મ કરું. દુખિયોને દાન દઉં ! ગુલામ રાજાને બિચારાને એના પેટના પાપની શી ખબર ? એણે કહ્યું 'ખુશીથી તારી ઈચ્છામાં આવે એટલું દે. આ ખજાના તારા જ છે.'

શું રાજાને ધર્મની ભાવના થઈ ? ના, વિષયની ગુલામી છે. 'આને એને ગમતા દાનની હા પાડવાથી આ મારા પર વધારે પ્રસન્ન રહી વધુ પ્રેમ દેશે. ને મને વધુ સુખ આપશે' આવું વિષયઘેલું માનસ તે એ ઘેલછાની તૃપ્તિ માટે ખજાનો ખુલ્લો મૂકે છે...!

**વિષયસુખની ઝંખનાનો નશો જીવની કત્લેઆમ કરે છે.**

**મરીચિ કેમ ભવે ભવે વિષયાસક્ત ? :-**

એ ઝંખતા ધર્મના નામ હેઠળ પૈસા ખરચી ખરચાવીને પણ વિષયસુખની ઝંખનાના નશાને જ મજબૂત કરે છે; ને વિષયતૃષ્ણાનો નશો ભવોભવ દુર્ગતિઓમાં મારનારો બને છે. મારે જ ને ? અહીં પણ ધર્મના કાર્યમાંથી ય ધર્મ નથી લેવો, ને વિષય-તૃષ્ણા જ પોષવી છે, તો પછી ભવાંતરે પણ એ કેમ ન ફાલેફૂલે ? મરીચિએ કપિલ રાજપુત્રને સંસાર છોડાવ્યો, એટલો જ ધર્મ. પરંતુ એમાં લાલસા

સેવા કરનારો શિષ્ય બનાવવાની રાખી એ વિષયલાલસા છે. એને પોષવા માટે જરૂરી લાગી તો ઉત્સૂત્રભાષણ કર્યું. આમ આ પોષેલી લાલસાએ પરભવે શું દેખાડ્યું ? ભવે ભવે વિષયની લાલસા અને ત્રિદંડિકપણું. કહ્યું ને, **'પાંચમે ભવ કોલ્લાક સંનિવેશ, વિષયાસક્ત બ્રાહ્મણ વેશ'**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''    વર્ષ-૨૨,અંક-૩૩,તા.૧૧-૫-૧૯૭૪**

કામલતાને રાજાએ છૂટ આપી, એટલે એણે દાનનો સમારંભ માંડ્યો. એ સાંભળી દેશદેશાવરથી યાચકો દાન લેવા આવે છે. એમાં એનો ધણી બ્રાહ્મણ પણ આવ્યો એને ઓળખી લઈ ખાનગીમાં બધી વાત કહી ધન અને ઝવેરાતનો ડબો આપી કહે છે, 'લઈ જાઓ આ, અને કાળી ચઉદશે આ નગર બહારના વનમાં દેવીના મંદિરે રાતના ચઉદશે આ નગર બહારના વનમાં દેવીના મંદિરે રાતના આવજો. હું પણ ત્યાં રાજા સાથે આવીશ અને રાજાનું કાટલું કાઢી તમારી સાથે ચાલી નીકળીશ.'

બ્રાહ્મણ સાંભળીને ચોંકી ઊઠ્યો, પણ હવે આટલું બધું ધન-ઝવેરાત તથા સ્ત્રી પાછી મળી છે ને ? એના લોભમાં મન વાળ્યું કે 'સ્ત્રીજાત બિચારી પરાધીન, તે શું કરે ? મોટા રાજાથી પકડાઈ ગયેલી ક્યાં ભાગે ? ને રાજાના સકંજામાં પરવશ પડેલી શીલ શી રીતે સાચવી શકે ? પણ એને પસ્તાવો છે એ એની લાયકાત છે. તો ભલે પાપી રાજા મરે, મારી સ્ત્રી પાછી ઘેર આવે છે ને ? એને મારે આશરો આપવો.'

**અંતરની વિષયલાલસા અને ધનલાલસા માણસને હેવાન બનાવે છે.**

શીલભ્રષ્ટને આશરો આપવાનું તો નામમાત્ર પણ ખરેખર તો પોતાની વિષય-વૈભવની લાલસા જ પોષવાની વાત હોય છે. પછી એમાં કોઈનો ભયંકર વિશ્વાસઘાત થાય, વિશ્વાસે પ્રાણનાશ થાય, તો ય એની અફસોસી જરાય નહિ. બ્રાહ્મણને પોતાની સ્ત્રી પ્રપંચથી રાજાને ગરદનને મારે એની કશી અફસોસી નથી.

સત્ત્વહીન બનેલા માણસો કેટલાં અકાર્ય સુધી પહોંચી જાય એનું કોઈ પાપ નહિ. માટે,

**અકાર્યથી બચવું હોય તો સત્ત્વને હણી નાખશો નહિ.**

**આજે કેવાં કેવાં અકાર્યની લલચામણ ? :-**

આજની દુનિયામાં અકાર્યમાં પડવાના સંયોગ-સાધન ઘણાં ઊભા થઈ ગયાં છે. સત્ત્વ નહિ જાળવો તો અનેક ભાતના અકાર્ય કરવા મન લલચાશે. આજનું



ટેક્ષેશન કેટલી ચોરીઓ કરવા લલચાવે ? પરસ્ત્રીઓનાં રૂપ ધરાઈ ધરાઈને જોવા આજના સિનેમા કેવા લલચાવે ? આજની સ્ત્રીઓનાં ઉદ્ભટ વેશથી રૂપપ્રદર્શન આંખના કેવા મચકા મારી લેવા લલચાવે ? આજની હોટેલો કેવાં કેવાં અભક્ષ્ય-અનુચિત ખાવાં ખેંચે ? આજે નવું નવું જોવા-કરવા કેટલું મફતનું ભટકાવે ? આજનાં છાપાં દુનિયાભરની લોથો મગજમાં ઘાલવા કેવાં લલચાવે ? કેટલી વિકથાઓ-પાપકથાઓથી મગજને આર્તધ્યાન અને અસદ્વિકલ્પોનાં કચરાથી ડહોળે ? આજના માણસો આવી જ કચરાની અને નિંદાના કચરાની કેટલી ભરચક વાતોમાં ખેંચે ? ઈર્ષ્યા-દ્વેષ-ટીકાટિપ્પણ-ક્ષુદ્રતા વગેરેનું આજનું વાતાવરણ શું કરવા લલચાવે ?

**આજે મનને મિથ્યાભાવમાં તાણનારાં તત્ત્વ :-**

તોબાહ છે આજના કાળથી સત્ત્વહીન બનતાં એમાં તણાઈ જતાં વાર નથી લાગતી. માત્ર ઈન્દ્રિયોનાં આકર્ષણ વધી ગયા, આકર્ષણ ચીજો વધી ગઈ એટલું જ નથી, પરંતુ મન પણ મિથ્યાભાવમાં ચડી જાય (૧) એવાં છાપાં આદિ સાહિત્ય, (૨) એવાં લખાણો અને (૩) એવાં ભાષણો-વક્તવ્યો, તથા (૪) એવી વાતોચીતો પણ વધી ગઈ છે; જ્યારે, સર્વજ્ઞ-વચન પર શ્રદ્ધાભાવ ઝળહળતો રહે એવા જીવન સંસ્કાર, એવું વાતાવરણ, અને એવી આચાર પ્રણાલિકા મોળી પડી ગઈ. આમાં શે સમ્યગ્દર્શન ટકે ? ને શેં ઈન્દ્રિય-નિગ્રહ ટકે ? ભારે સત્ત્વ દાખવાય તો જ ટકાય ને બચાય એવું છે.

આજે તમે જૈનધર્મની ગમે તટેલી સુંદર વાતો સાંભળી બહાર નીકળો, પણ ચંદ્રલોકમાં પહોંચ્યાની વાતો તેમજ 'પૃથ્વી દડા જેવી છે અને સૂર્યની આસપાસ ફરે છે' ઈત્યાદિનાં લખાણો એટલાં ચાલે છે કે એ મગજને ભ્રમિત કરી દે ! મનને એમ શંકા થાય કે શું ત્યારે શાસ્ત્રમાં તો ચંદ્રને તથા સૂર્યને જ્યોતિષી દેવતાનાં વિમાન બતાવે છે એ સાચું હશે ? શાસ્ત્ર પૃથ્વીને સપાટ જમીનરૂપે અને સૂર્યને સૂર્યવિમાનને એ પૃથ્વી વચ્ચે ઊભેલા મોટા મેરુ પર્વતની આસપાસ ઘૂમતું કહે છે, તો શું સાચું ? શાસ્ત્ર કહે એ સાચું ? જીવમાં સત્ત્વ નહિ, એટલે શ્રદ્ધા-સમ્યગ્દર્શન ટકરાવે એવી શાસ્ત્ર પર સર્વજ્ઞ વચન પર શંકા કરતાં વાર નથી લાગતી; ને મન મિથ્યાભાવ-મિથ્યાત્વમાં તણાઈ જાય છે. એવો આજનો કાળ છે, આજના કાળથી તોબાહ છે. જન્મીને નિશાળે જતો શરૂ થયો ત્યારથી આજનું ઊંધું જ ભણવા મળે. તે વર્ષો ભણે એટલે આજની વાતો મગજમાં બરાબર તણાઈ ગઈ હોય. પછી શાસ્ત્રની વાત પર શ્રદ્ધા ક્યાંથી થાય ? ક્યાં બચવાનું ?

**આજની વિજ્ઞાનની વાતો પર શ્રદ્ધા કેમ ન રખાય ? :-**

સત્ત્વ હોય તો શ્રદ્ધામાં મન મક્કમ રાખી, મનમાં સર્વજ્ઞવચન પરની શ્રદ્ધા

પકડી રાખી એમ વિચારે કે આજની વાતોમાં શું મોહી પડવા જેવું છે જ ? કેમ કે,

(૧) આજની શોધોમાં નવાં નવાં સંશોધનો એ સિદ્ધાંતો અને માન્યતાઓ ફરતી રહે છે. એટલે અંતિમ સત્ય જેવું છે જ ક્યાં ?

(૨) પ્રોફેસર આઈનસ્ટીને નવું અણુ-ગણિત આપ્યું, અને સાપેક્ષવાદનો સિદ્ધાંત આપ્યો, એના પર ગુરુત્વાકર્ષણનો નિયમ વગેરે પૂર્વના કેટલાય સિદ્ધાંતો અને માન્યતાઓને ધક્કો પહોંચી ગયો છે.

(૩) આજે પણ અમેરિકામાં ચિંતકોએ દાખલા-દલીલ સાથે બહાર પાડ્યું છે કે પૃથ્વી ગોળ દડા જેવી નથી, ને ફરતી ય નથી; પણ સૂર્ય ફરે છે.

(૪) આજનું વિજ્ઞાન પોતે જ જે ચંદ્રને પોતાના પ્રકાશ વિનાના કહે છે, અને સૂર્યના પ્રકાશને ઝીલી પ્રતિપ્રકાશ ફેંકનારો માને છે, આ હિસાબે તો એમજ ઠરે ને કે ચંદ્ર કોઈ તેજસ્વી દર્પણ-કાચ-રત્ન જેવો પદાર્થ હોવો જોઈએ તો જ એના પર સૂર્યકિરણ પડીને પ્રતિપ્રકાશ ફેંકાય, કોઈ અ-તેજસ્વી Non-shining માટી-પત્થરની જમીન જેવો હોય તો એના પર પ્રકાશ પડીને પ્રતિપ્રકાશનાં કિરણ બહાર ન નીકળે; ઘરનાં આંગણાંની જમીન પર ગમે તેટલો પ્રખર વૈશાખ જેઠનો ધૂમ તડકો પડતો હોય છતાં કાંઈ એમાંથી પ્રતિપ્રકાશનાં કિરણો ઊઠીને ઘરમાં નથી આવતા. હા, પ્રકાશની આભા પડે. પણ પ્રકાશરૂપ કિરણ નહિ. એમ ચંદ્ર-તળ પણ જો તેજસ્વી દર્પણરત્ન જેવા પદાર્થરૂપ નહિ, પણ માટીનું બનેલું હોય તો એમાંથી પ્રતિપ્રકાશ ઊઠે નહિ, અને પૃથ્વી પર એનાં પ્રકાશમય કિરણ ફેંકાય નહિ. ત્યારે આજ ચંદ્રલોક પર જઈ આવી ત્યાંથી ચટ્ટાન અર્થાત્ માટી લઈ આવ્યા એમ કહે છે. એનો અર્થ જ એ કે ચંદ્રલોક પર ગયા જ નથી; અથવા જે ચંદ્ર આપણને નરદમ ઝમગમ પ્રકાશરૂપ દેખાય છે, જે ચંદ્રમાંથી આપણને નર્યા પ્રકાશ-પ્રકાશનાં કિરણ મળે છે, એ ચંદ્ર જુદો અને આજનો શોધાયેલો કહેવાતો ચંદ્રલોક જુદો.

(૫) 'ચંદ્ર સ્વયં પ્રકાશવાળો નહિ, પણ સૂર્યના પ્રકાશથી પ્રકાશવાળો' એ વાત પણ એટલા માટે ખોટી ઠરે છે કે સુદ ચોથ-પાંચમના ચંદ્રનો પ્રકાશ અને પૂનમનો ચંદ્રપ્રકાશ પૃથ્વીના સમાન ક્ષેત્રફળ પર પડે છે. સ્વયં પ્રકાશ વિના એ ન બની શકે. ઉછીનો પ્રકાશ હોય તો નિયમ એવો દેખાય છે કે ઓછા ક્ષેત્ર પર પડતા પ્રકાશનો પ્રતિપ્રકાશ ઓછા ક્ષેત્ર પર પડે, અને વધુનો વધુ ક્ષેત્ર પર પડે. દા.ત. ઊંચે વિજળી-દીવાને આખો ઢાંકી માત્ર નીચે થોડો ખુલ્લો રાખ્યો હોય તો ય એનો પ્રકાશ આખા હોલમાં પથરાય છે. પરંતુ જો એના બદલે કોઈ દર્પણ હોય, અને એને આખું ઢાંકી માત્ર થોડો જ ભાગ ખુલ્લો રાખી એના પર બાજુમાંથી બેટરીનો પ્રકાશ ફેંક્યો હોય તો એ પ્રકાશિત દર્પણના ભાગમાંથી જે પ્રતિપ્રકાશ



યાને પ્રકાશકિરણો નીકળવાના, તે ઓછી જમીન પર પડવાના. ત્યારે, આખા ખુલ્લા દર્પણ પરથી પ્રતિપ્રકાશનાં કિરણ વધારે જમીન પર પડવાનાં. જ્યારે, અહીં તો ચંદ્ર ચોથ-પાંચમનો અલ્પાંશ હોય કે પૂનમનો પૂર્ણ ચંદ્ર હોય ત્યાં ઝગારામાં ફરક, પણ બંનેનો પ્રકાશ સમાન પૃથ્વીક્ષેત્ર પર પડે છે; એ સૂચવે છે કે એ પ્રકાશ ચંદ્રનો ખુદનો પ્રકાશ છે, પણ પ્રતિપ્રકાશ નહિ.

(૬) મોટી વાત તો એ છે કે આજના ફતવાઓમાં તણાઈ જવાને બદલે એ જોવા જેવું છે કે શાસ્ત્રે અર્થાત્-સર્વજ્ઞવચને કલ્યાણમાર્ગ કેવા ભવ્ય સૂચવ્યા છે ! હેય અને ઉપાદેયનો ત્યાજ્ય અને આદરણીયનો કેવો અદ્ભુત વિવેક બતાવ્યો છે ! જીવવિજ્ઞાન કેવું સૂક્ષ્મ સુંદર તથા વ્યવસ્થિત એકેન્દ્રિય-બેઈન્દ્રિય વગેરેનું, અને જ્ઞાનાવરણીયાદિ કર્મવિજ્ઞાન પણ કેવું વ્યવસ્થિત તેમજ કેવું સૂક્ષ્મ બતાવ્યું છે ! પ્રો. આઈનસ્ટીને તો આજે સાપેક્ષવાદ (Theory of Relativity) શોધ્યો, પરંતુ સર્વજ્ઞવચને તો કેવો ક્યારનો ય સ્યાદ્વાદ-અનેકાન્તવાદ-સાપેક્ષવાદ બતાવ્યો છે ! આમ સચોટ તથા અકાટ્ય અને ભવ્ય કલ્યાણ મોક્ષમાર્ગ, તત્ત્વ અને સિદ્ધાન્ત વગેરે બતાવનાર સર્વજ્ઞ શું પૃથ્વી-સૂર્ય-ચંદ્ર વગેરેનું સ્વરૂપ જૂઠું બતાવે ?

તીર્થંકર ભગવાનની સર્વજ્ઞતા એવી છે કે જે વિના અરૂપી આત્મા અને સૂક્ષ્મ કર્માણુપ્રક્રિયા નજરે ન દેખાય. નજરે જોયા વિના યથાર્થ સૂક્ષ્માતિસૂક્ષ્મ કર્મથિયરી-કર્મવિજ્ઞાન ન બતાવી શકાય. નજરે દેખતા હોય તો જ એ કર્મના વિવિધ બંધ-ઉદય-સંક્રમણ-ઉદ્વર્તના-અપવર્તના વગેરે યથાસ્થિત અને ઝીણવટથી તથા વિસ્તારથી બતાવી શકે આવું નજરે જોનાર ને બતાવનાર ભગવાન વીતરાગ સર્વજ્ઞ હોઈ એમને જૂઠ બોલાવનારા રાગ-દ્વેષ-અજ્ઞાન છે જ નહિ, તો જૂઠ શાના બોલે ? એવા પ્રભુએ સૂર્ય-ચંદ્ર-પૃથ્વીને જે સ્થિતિ કહી એમાં અસત્યતાની લેશ પણ શંકા કરવાને કારણ નથી. આજની પ્રત્યક્ષ કહેવાતી વસ્તુમાં તો દૃષ્ટિભ્રમ-ગણતરીભ્રમ, દૂરત્વ વગેરે ઘણા વાંધા હોય છે. એને એમજ સત્ય કેમ માની લેવાય ?

આવી આજની જડ વિજ્ઞાનની વાતો સામે શાસ્ત્ર-શ્રદ્ધા તીર્થંકર-વચનશ્રદ્ધા જાળવી રાખવાનું સત્ત્વ હોય તો જ શ્રદ્ધામાં ટકાય. એમ આજના ઊભરાતા ભોગ-સાધનો, રાગસાધનો અને વિષયવિલાસો સામે રાગ આકર્ષણ-આસક્તિ ન થવા દેવા અને ઇન્દ્રિયોને કબજામાં રાખવાનું સત્ત્વ હોય, તો જ સંયમમાં ટકી શકાય.

એટલે બે રીતે સત્ત્વ કેળવવાનું છે, (૧) જૈન-ધર્મના સિદ્ધાંતો અને તત્ત્વો ઉપર આપણી શ્રદ્ધા ન ડગમગે, એ માટે આજની વૈજ્ઞાનિક વાતોમાં તથા કહેવાતા ધ્યાન-યોગના સાહિત્યમાં તણાતા અટકવાનું સત્ત્વ, એની અસર નીચે ન આવવાનું સત્ત્વ; અને (૨) આજના ભોગ-વિલાસનાં સાધનો સગવડોના આંધળા રાગમાં

અને અસંયમમાં તણાતા અટકવાનું સત્ત્વ.

પેલી કામલતા બ્રાહ્મણી રાણી બની બેઠેલી, એણે શીલ પાળવાનું સત્ત્વ ગુમાવેલું, રાજાશાહી ભોગ વિલાસમાં તણાઈ ગયેલી, તે હવે **'એકદા ભ્રષ્ટસ્ય શતશો વિનિપાતઃ'** 'એક વાર ભ્રષ્ટ થયેલાનું સો વાર પતન' એ ન્યાયે હવે ધણી સાથે સંકેત કરે છે કે તમે કાળી ચૌદશની રાત્રે જંગલમાં દેવીમંદિર આવજો, હું ત્યાં આવીશ અને વિશ્વાસમાં લઈ રાજાને મારી નાખીશ આપણે પલાયન થઈ જઈશું ?

એકવાર સત્ત્વ ગુમાવી શીલ ભાંગીને ક્યાં પહોંચી ? રાજાને મારી નાખવા સુધીના વિચારે ! ત્યારે એનો પતિ સારો વેદપાઠી બ્રાહ્મણ એ પણ સ્ત્રીના લોભમાં આમાં મંજૂર થયો. કુશીલમાંથી નહિ છોડાવવી ? છોડાવવી; પણ આ રીતે વિશ્વાસમાં લઈ મારી નાખીને નહિ.

**કામલતાની ક્રૂર રમત :-**

કામલતા હવે અંધારી ચૌદશ આવતાં રાજાને કહે છે કે 'તે દિવસે તમને તાવ આવી તમારું માથું સજ્જડ દુઃખતું હતું ત્યારે મેં કાળી દેવીની બાધા રાખેલી કે મારા પતિનું માથું મટી જશે ને તાવ ઊતરી જશે તો કાળી ચૌદશે તારી પૂજા કરવા આવીશ. એ બાધાના પ્રતાપે તમને સારું થઈ ગયેલું. તો હવે આજે રાતના આપણે બંનેએ નગરની બહાર કાળી દેવીની પૂજા કરવા જવાનું છે.'

રાજા એની પાછળ કામઘેલો છે, તે કહે છે 'ઓહો ! આ તારી કેટલી બધી લાગણી ? ભલે, આપણે જરૂર પૂજા કરવા જઈશું.' ત્યારે બ્રાહ્મણી વળી કહે 'કોઈ ત્રીજાને સાથે નથી લઈ જવાનો,' તો ય તે રાજા મંજૂર કરે છે ! વિચાર જ નથી કરતાં કે 'એમ કેમ ? સિપાઈઓ ભલે ને મંદિરની બહાર ઊભા રહે તો શો વાંધો છે ?' ના, આવો કોઈ વિચાર જ નહિ, તો પ્રશ્ને ય નહિ; ને શંકા ય નહિ કે 'આ પૂજા કરવા જવું એમાં વળી ત્રીજાની ના કેમ પાડતી હશે ?'

**કામનો અંધાપો ભૂંડો, રાગનું ઘેન ભૂંડું, અનર્થની શંકા ય ન પડવા દે.**

કાળી ચૌદશે રાતે બંને ઊપડ્યા, પહોંચ્યા દેવી મંદિરે, અને રાણીએ બધો પૂજાનો ડોળ કરી, દેવીને વારંવાર નમી દેવીનો ઉપકાર માને છે કે 'મા ! તારા પ્રભાવે મારા વહાલાનો રોગ મટી ગયો. કેટલી બધી તારી મહેરબાની !' પછી રાજાને કહે 'તમે ય દેવીને પગે પડી ઉપકાર માનો ! કામાંધ રાજાને રાણીના પેંતરાની ક્યાં ખબર હતી ? તે એ તો આ મારી દિલની સગી છે એવા વિશ્વાસમાં રહીને એના કહ્યા પ્રમાણે નીચો પડી દેવીનાં ચરણે માથું ઢાળી ઉપકાર માને છે. એટલામાં જ કામલતાએ રાજાએ બાજુએ મૂકેલી તલવાર ઉપાડી નીચે પડેલા રાજાની ગરદન પર તલવારનો કચકચતો ઘા ઝીકી દીધો. તિક્ષ્ણ તલવાર, ને જોરદાર ઘા,



પછી ગળું કપાઈ જતાં કેટલી વાર ? માથું એક બાજુ ધડ બીજી બાજુ કેવી ક્રૂર પ્રપંચી રમત ! કેટલું અધમાધમ કૃત્ય !'

**શીલરક્ષાર્થે**

**પ્ર.-** શીલ બચાવવાની દૃષ્ટિએ વાજબી નહિ ?

ઉ.- શીલ તો એણે ભાંગી જ નાખ્યું હતું, છતાં હવે છૂટવું હતું, પણ તે રાજાને મારી નાખવા આવો વિશ્વાસઘાત કરવો ઉચિત નહિ. સીતાને છોડાવવા ખાતર રામ-લક્ષ્મણે રાવણને લડાઈ આપેલી, ને એમાં રાવણ મરાયેલો, પણ તે તો પહેલેથી ચેતવણી આપેલી કે 'સીતાને સોંપી દે, નહિતર ખત્મ થઈ જઈશ.' ઠેઠ છેલ્લે છેલ્લે રાવણે પોતાનું છેલ્લું શસ્ત્ર સુદર્શન ચક્ર લક્ષ્મણ પર મૂક્યું, પણ તે તો લક્ષ્મણનું ગળું કાપવાને બદલે લક્ષ્મણની સેવામાં જઈ ઊભું, ત્યારે પણ લક્ષ્મણ ચેતવણી આપે છે,

'જો રાવણ ! આ તારું જ ચક્ર હવે મારા હાથમાં છે. એ પરથી સમજી જા કે આ તારા જ ચક્રથી તારું માથું ઊડ્યું. છતાં હજી પણ અમે કહીએ છીએ કે સીતાજીને સોંપી દે અને તું સુખેથી જીવતો રહી તારું રાજ્યસુખ ભોગવ, તારો ભયંકર અપરાધ પણ અમે માફ કરીએ છીએ.'

લક્ષ્મણના આ બોલમાં ક્યાંય વિશ્વાસઘાતથી મારી નાંખવાનું છે ? ઊલટું, રાવણનો ભયંકર અપરાધ માફ કરવાની કેટલી બધી ઉદારતા છે ! એ તો રાવણે આ પણ ના માન્યું, ત્યારે લક્ષ્મણને એના બોલ પર કે 'જાઓ જાઓ વનમાં રખડતાઓ ! સીતા એમ નહિ મળે, તમારાથી થાય તે કરી લો,' એવા બોલ ઉપર એની સામે ચક્ર છોડવું પડ્યું; ને રાવણ કપાઈ મર્યો.

ત્યારે અહીં તો કામલતાએ રાજાને પ્રેમના વિશ્વાસમાં રાખી એનું ચૂપકીથી ગળું કાપી નાખ્યું. આ વિશ્વાસઘાત ભયંકર ! મહાસતીઓએ શીલની રક્ષા અર્થે માયા કરી છે, પણ આવો વિશ્વાસઘાત નહિ. સુરસુંદરી મહાસતી અમરકુમાર પતિથી નિર્જન વનમાં તરછોડાયેલી તે ક્રમશઃ આગળ વધતાં એક રાજાના સકંજામાં ફસાઈ. પણ એણે ચાર દિવસની મહેતલ માગી રાણીઓને સાધી, એને ત્રીજે દિવસે રાણીઓએ ચિંધેલા ગુપ્ત માર્ગે જંગલ તરફ ભાગી રાજાને ચાર દિનનો વિશ્વાસ આપી છેતર્યો ખરો, પણ એમાં રાજાને કશું એવું પ્રાણનાશનું નુકશાન કરવાનો વિશ્વાસઘાત નહિ.

**સતી નર્મદાસુંદરી** પણ એમ તરછોડાયેલી, તે ક્રમશઃ ગણિકાના હાથમાં ફસાઈ. ગણિકા હવે એને રાજાની આગળ નાચવા મોકલવાનું કરે છે. નર્મદાસુંદરી રસ્તે જતાં માયા કરીને કિંમતી રેશમી વસ્ત્રે એક ખાળના કીચડમાં પડી ગાંડાવેડા

કરે છે. ગાંડી ચેષ્ટા કરતી લવારો કરે છે, 'જા જા રાજા છે તો મારે શું ? જા જા રાજા છે તો મારે શું ?...' રાજાના સિપાઈઓ લેવા આવેલા આને ગાંડી દેખી પડતી મૂકીને જતા રહ્યા. ગણિકાના માણસો એને ઘેર લઈ આવ્યા, પણ ત્યાંય આનો ગાંડો લવારો ચાલુ એટલે ગણિકાએ રખે ને આ ગાંડી કંઈક બાળી કરી નાખે તો ? એમ ગભરાઈને આને કાઢી મૂકી. આમ માયા કરીને નર્મદા-સુંદરી છૂટી. પરંતુ એમાં ગણિકાને વિશ્વાસમાં રાખી એને ગરદન મારવાનું કરીને નહિ.

**રતિસુંદરી**-બુદ્ધિસુંદરી-ઋષિસુંદરી-ગુણસુંદરી વગેરે સતીઓએ શીલ સાચવવા માટે માયા રમ્યાની વાત આવે છે, પણ તે પોતાના ઉપર આપત્તિ વહોરીને, કિન્તુ સામાને વિશ્વાસમાં ગરદને મારીને નહિ. ત્યારે આ કામલતા પહેલી તો લાલચ-દાક્ષિણ્યમાં ભ્રષ્ટ થઈ, હવે રાજાને વિશ્વાસમાં રાખી ગરદને મારે છે, એ ભયંકર છે.

લક્ષ્મણે રાવણ પર ચક્ર ચલાવી એનું ગળું છેદી નાખ્યું એમાં લક્ષ્મણના પરિણામ કઠોર ખરા, પરંતુ જો એણે રાવણને વિશ્વાસમાં લઈ એને ભેટવાનું કરી એમાં એની ગળચી દાબી દીધી હોત તો એમાં જેવા ભયંકર ક્રૂર પરિણામ થાત એવા પેલામાં નહિ. મારી નાખવાના કે ભયંકર નુકસાન કરવાના પ્રયત્નમાં વિશ્વાસઘાત ભળે છે ત્યારે ક્રૂરતા કેંઈક ગણી વધી જાય છે.

**વિશ્વાસઘાત એ ભયંકર ક્રૂરતા છે.**

**કામલતાના પતિનું મૃત્યુ :-**

કામલતાએ રાજાને વિશ્વાસઘાતથી માર્યો, પછી શું પામી ? જુઓ, હવે એ મંદિરમાં તપાસ કરવા નીકળી કે પતિ ક્યાં છે. દીવો લઈને જોતાં જોતાં એક ખૂણામાં પતિ સૂતેલા જેવો દેખાયો. ઊંઘી ગયા હશે માનીને ઢંઢોળે છે, પરંતુ જીવતો હોય તો જાગે ને ? એ આવેલો વહેલો અને ખૂણે છૂપાઈને બેઠેલો, ત્યાં એને ખબર નહિ કે મોટો ભોરિંગ હશે, તે ભોરિંગ એને ડસી ખાધેલો. બિચારાના ત્યાં જ રામ રમી ગયેલા. કુદરત જાણે કહે છે 'આવ, વાવે તેવું લણ, કરે તેવું પામ !'

**સ્વાર્થલાલસા અને ખોટા મોહ-દાક્ષિણ્ય ભૂંડા :-**

બ્રાહ્મણ પોતાની પત્નીના ભયંકર કૃત્યમાં સંમત થયેલો 'ભલે રાજાને આ રીતે મારે.' કેમ વારું ? સ્વાર્થ હતો કે પત્ની ઘરે આવે. અને પત્નીએ ઢગલો ધન તો આપેલું જ, તેમજ એ બહુ રૂપાળી હતી. તેથી એનાં મોહ અને દાક્ષિણ્યમાં તણાયેલો સ્વાર્થમાયા અને ખોટું દાક્ષિણ્ય બે ય ભૂંડા. માણસની પાસે ગોઝારાં કૃત્ય પણ કરાવે અથવા ગોઝારાં કૃત્યમાં ટાપસી પૂરાવે.

માણસને બહુ વાતોચીતોનો રસ હોય છે તો આવું બને છે. સામો માણસ વાત કરતો હોય કે 'ફલાણો માણસ આવો અભિમાની હતો બહુ રોફ મારતો હતો



તે એને અમુક માણસ માથાનો મળ્યો, એવા પ્રપંચમાં એને ફસાવ્યો કે એને ખબર પાડી દીધી. બહુ રોફ મારવા નીકળ્યો હતો તે બરાબરનો માર ખાધો' વાતોના રસવાળો આ સાંભળીને શું કહેશે ? આવું જ કાંઈક, 'એમ ? ખરેખર થયું.' શું કર્યું આ ? પેલાની વાતમાં ટાપસી પૂરાવી; પેલાને વિશ્વાસઘાત થયો અને માર પડ્યો એમાં રાજીપો દેખાડ્યો. કોણ કરાવે છે આ ? દાક્ષિણ્ય.

**વાતોનો રસ કેટલો ભયંકર કે પછી ગમે તેવી પાપી વાત પીરસનારના દાક્ષિણ્યમાં તણાવાનું થાય છે.**

પછી એની ભયંકર કૃત્યની ટાપસી પૂરી, એ ભયંકર કૃત્યમાં રાજીપો દેખાડાય છે. ત્યાં હિંમત રહેતી નથી, એટલે શી રીતે હિંમતથી કહે કે 'અરરર ! આવું ભયંકર કૃત્ય કર્યું ? બહુ ખરાબ.' સામો કહે 'મારા શેઠ હરામી; તે મજૂરી બહુ કરાવે, ને પૈસા ચિંગૂસની જેમ આપે. તે એને ય પાઠ ભણાવનાર મળી ગયો. સીસામાં ઉતારી રૂપિયા પચીસ હજાર ધાબડી ગયો ! આ સાંભળીને વાતડાહ્યો કહેશે 'વાહ !' શું વાહ ? ધાબડનારો મળી ગયો એમાં આશ્ચર્ય સાથે આનંદ કે ઠીક મળી ગયો, ને પેલો શેઠ ઠીક ઠગાયો !

કોઈ પ્રપંચનો ભોગ બને, દુઃખી થાય, એમાં આનંદ મનાય ? પણ દાક્ષિણ્યનું પાપ આ કરાવે છે. ત્યારે વિચારવા જેવું છે કે આજના જગતમાં વાતો કરવા-સાંભળવાનો રસ રાખવામાં આવા પાપી દુષ્કૃત્યોમાં સંમતિ આપવાનું ને હા ભણવાનું કેટલી વાર બનતું હશે ? આજના જીવનમાં એની ગણતરી નહિ ને ? વિચારો, આમાં લેવા-મૂકવાનું કેટલું ? કશું જ નહિ. ખાલી વાતો. પણ વાતના વતેસર થાય છે. ખોટા દાક્ષિણ્યમાં તણાઈ પાપમાં ટાપસી પૂરવાનું થાય છે, સામાના કે બીજાના ભયંકર કૃત્યમાં આનંદ દેખાડવાનું બની આવે છે. આ શું કર્મસત્તા માફ કરે ? શું એના પર કર્મબંધ ન થાય ? જાલિમ કર્મબંધ થાય; અને ભયંકર દુષ્કૃત્યનો રસ પોષાય એ જુદું. એથી ભવિષ્યમાં દુષ્કૃત્યની બુદ્ધિ સુલભ.

ધવળ શેઠ શ્રીપાળને દરિયામાં ફેંકી દેવાનો ઘાટ ઘડતો હતો એમાં ચારમાંથી ત્રણ મિત્રોએ ટાપસી પૂરી તો પછીથી ચક્રેશ્વરી દેવીએ એમની ખબર લઈ નાખી.

અંજના સુંદરીએ પૂર્વના એક ભવમાં રાણી તરીકે શોક્ય રાણી પરની ઈર્ષ્યાથી એના ગૃહમંદિરમાંથી જિનપ્રતિમા ચોરીને ઉકરડે નાખવાનું કરેલું. એમાં એની સહિયરે સાથ પૂરેલો, તે એણે ય એવાં કર્મ બાંધ્યા કે આ ભવમાં એને ય એની સખી વસંતતિલકા થઈને અંજનાસુંદરી સાથે જંગલમાં ભટકતી થવું પડેલું.

**પાપી કૃત્યો તો હૃદયને કાળું કરે જ છે, કિન્તુ પાપી સાથેની વાતોથી પણ પાપમાં ટેકો-સંમતિ-ખુશી દેખાડતાં એ ય હૃદયને કાળું કરે છે, ને ભયંકર પાપકર્મ**

બંધાવે છે.

માટે આજના કાળે વાતોનો રસ રાખવા જેવો નથી. માણસનાં મનને એમ થાય છે કે, 'જરા વાતોચીતો સાંભળીએ તો એમાંથી જાણવાનું મળે.' પરંતુ ખબર નથી લાગતી કે નહિ જાણવાથી જે નુકશાન નથી એવાં ભયંકર નુકસાન પાપની અને કષાયની વાતોમાં ટાપસી પૂર્યાથી છે. માટે વાતોથી આઘા રહેવું જ સારું.

**પ્ર.-** પણ વાતોડિયા ઘરે જ આવીને બેસે ત્યાં શું કરવું ?

ઉ.- ત્યાં આપણે જ ધર્મની વાત માંડવી. કોઈના સુકૃત સદ્ગુણની વાત માંડવી. પેલો એમાંથી આડો ફાટી કોઈને નિંદા પર જાય, પાપની ખુશીની વાત પર જાય, ત્યાં કહેવાય. 'ભાઈ જુઓને જીવો બિચારા કર્મવશ છે...પાપનાં કામ મીઠાં લાગે છે, એમાં હોશિયારી મળતી ય દેખાય પરંતુ એનાં પરિણામ ભયંકર છે. આપણે સારું જુઓ. હલકું તો દુનિયામાં ઘણું ચાલે છે. આપણે એ કેટલું જોવા જઈશું ?' એમ કહી પેલાની વાત પર પડદો પાડી દેવાય. 'આ જુઓને અમુક ભાઈની સજ્જનતા કેવી...' એમ કરીને કોઈના ગુણાનુવાદ પર વાત લઈ જવાય. સામો નિંદાની જ વાતો કરે તો હિંમતથી કહી દેવાય કે 'માફ કરો, મને આવી વાતોમાં રસ નથી.'

**સત્ત્વ જોઈએ. સત્ત્વ વિના આ સંસારમાં સજ્જનનું જીવન જીવાય એમ નથી.**

એવું સત્ત્વ ન હોય, મોંઢે સ્પષ્ટ કહેવાની હિંમત ન હોય, તો વાતમાં રસ રાખ્યા વિના છેવટે મનમાં નવકારમંત્ર ગણતરીબદ્ધ ગણતાં બેસાય. એમાંય એટલું સત્ત્વ જોઈશે. તો જ મીઠી મીઠી લાગતી ખરાબ વાતનો રસ પડતો મૂકાશે. સત્ત્વ વિના સારું નહિ કરી શકાય.

પેલી કામલતાના ધણીએ સત્ત્વ ગુમાવ્યું તો બાયડીના અતિ નીચ કર્મમાં સંમત થયો, પણ કુદરતે એને લઈ પાડ્યો. સર્પદંશથી મરણને શરણ થયો બિચારો અભાગી, ખોટામાં સાથ પૂરવા ગયો તો મર્યો.

**ખોટા સાહસમાં કેટલીક વાર સારું ઘણું કરી શકાય એવું આ કિંમતી માનવ-જીવન જ ખોઈ નાખવાનું થાય છે.**

શું ? આ પળે પળે યાદ રાખો કે આપણી પાસે આ મનુષ્ય જિંદગી છે, એ મોટી મૂડી છે. એ મૂડી પર ઘણાં બધાં સુકૃતોની કમાઈ કરી શકીએ છીએ. માટે એને વેડફી નહિ નાખવી. માનવ-આયુષ્યની મૂડીથી જે સારું થઈ શકશે એવું બીજી ગતિના આયુષ્યમાં નહીં થાય. તેથી કદી આત્મહત્યાનો ય વિચાર નહિ કરવો, કે ભયંકર દુઃખમાં ય 'મરી જાઉં તો સારું' એવી ય ભાવના રાખવાની નહિ. કેમકે ગમે તેવાં દુઃખમાં ય હજી (૧) નવકારસ્મરણ, (૨) અરિહંતનું ધ્યાન, (૩) પાપોથી



વિરતિ, (૪) જીવો પ્રત્યે દયાભાવ, (૫) મૈત્રીભાવના, (૬) જિનશાસનની અને મહાન પુરુષોનાં સુકૃતોની અનુમોદના, (૭) પોતાના પાપોની નિંદા-પશ્ચાત્તાપ વગેરે વગેરે જે સારું થઈ શકે છે એ જીવતાં થાય, મરી ગયા પછી નહિ. પૂછો,

**પ્ર.-** દુઃખના કંટાળાથી તો નહિ, પણ પાપના ઉદ્વેગથી તો મરવાની ઈચ્છા થાય ને ?

ઉ.- અરે ! મહાપાપ થઈ ગયાં હોય તો ય મોત નહિ ઈચ્છવું; કેમકે એમાં ય જીવતા છીએ તો ગુરુ પાસે એ પાપના ઈકરાર અને પ્રાયશ્ચિત્ત-ગ્રહણ, તથા ત્યાગ-તપ-જિનભક્તિ વગેરે જે થઈ શકશે, એ મરી ગયા પછી નહિ થાય એમજ મરી ગયા પછી તો ગુરુ પાસે ઈકરાર-આલોચના નહિ કરેલાં પાપોના શલ્ય સાથે ચાલવાનાં, જેના પર દુર્ગતિના પાપ અને દુઃખભર્યા જન્મો ચાલવાનાં.

માટે, વાત આ છે કે માનવ આયુષ્યને બહુ ઊંચી મૂડી સમજી એ ખોઈ નાખવાનો વિચાર પણ નહિ કરવો; ઉપરાંત એ મૂડીથી જેટલું સારું સધાય મનથી સારા વિચારો, સારી ભાવના અને વૈરાગ્ય-ક્ષમાદિ સારા ભાવો ખૂબ કરવા; વાણીથી પ્રભુસ્તોત્રો સ્તવનો, બીજાના ગુણાનુવાદ, શાસ્ત્રરટણ, હિતોપદેશ વગેરે સારું સારું જ બોલવું; તેમ કાયાથી દયા-દાન-શીલ-ત્યાગ-તપસ્યા-સંયમ વગેરે સારું કરતા જ રહેવું કરતા જ રહેવું. આ ધ્યાન રહ્યા કરે કે,

**માનવ-આયુષ્ય એ મોટી મૂડી છે. હજી જીવતો છું તે સુકૃતો વધારવા અને પાપ ઓછા કરવા.**

પેલો બ્રાહ્મણ સાપ ડસ્યાથી મરેલો. કામલતા જુએ છે કે આ ઊંઘતા નથી, પણ ખલાસ થઈ ગયા છે. તો હવે હું તો ઉભયભ્રષ્ટ થઈ. ન રાજા રહ્યો કે ન પતિ. પણ હવે મારાથી અહીં ઊભા રહેવાય નહિ. નહિતર રાજાના માણસો તપાસ કરવા આવતાં હું પકડાઉં ને મારું મોત થાય. માટે હાલ તો અહીંથી ભાગું.'

ક્યાં જવું ? ધોરી માર્ગે જાય તો પકડાઈ જવાની બીક છે, એટલે જંગલના માર્ગે રાજાના ઘોડા પર બેસીને ભાગી. બહુ પંથ કાપી નાખ્યો, સવાર પડતાં તો એક શહેરની ભાગોળે આવીને ઊભી. ત્યાં એક વેશ્યાએ એને જોઈ પૂછે છે,

'કોણ છો બેન ? એકલા ક્યાંથી આવો છો ?'

આણે ગમે તે ગપ્પું હાંક્યું, 'પતિની સાથે નીકળેલી, રસ્તો ભૂલ્યા, જંગલમાં ચડી ગયા, શિકારી પશુએ પતિને ઝડપી ખત્મ કર્યા. ભાગ્ય ફૂટી ગયું મારું.' એમ કરીને રોઈ બતાવે છે.

વેશ્યા આશ્વાસન આપે છે, 'રડો છો શું કામ બેન ? વિધાતાના લેખ કોણ મિથ્યા કરી શકે ? ગભરાશો નહિ, હમણાં તો આપણાં ઘેર જેટલું રહેવું હોય

એટલું મારી સગી બેન તરીકે રહેજો. ચાલો,'

વેશ્યાને લાલચ લાગી. આ બાઈ બહુ રૂપાળી છે, કહે છે ધણી મરી ગયો; તેથી હવે જો આ મારે ત્યાં ઠરી જાય તો દેવાંગના જેવી આ વેશ્યા બનવા પર મારે મોટા રાજા-રાજકુમાર શેઠ-શાહુકારો ઘરાક થઈ અને રૂપિયાના ઢગલા થવા માંડે.'

વેશ્યા દુનિયાની નબળી કડી જાણે છે કે મોટા રાજા-રાજકુમારો શું, કે મોટા શેઠિયા શું, લગભગ બધા રૂપ અને સ્પર્શના ગુલામ છે. આવી ગોરી ગુલાબી સ્ત્રીમાં લપટાતા શી વાર ?

**આજે વૈરાગ્ય કેમ મોંઘો ? :-**

રૂપના ગુલામ જરાક સારું રૂપ જોવા મળ્યું કે આંખને ત્યાં દોડાવે છે. એ રૂપકુશીલ માણસ કહેવાય. એમ સ્પર્શના ગુલામ માણસો જરાક સુંવાળો સ્પર્શ જણાયો કે એને સ્પર્શવા દોડે છે, ઝંખે છે, મગજમાં એ વિષય ઘાલી એનાજ વિચારમાં રમે છે. આવા માણસો સ્પર્શકુશીલ કહેવાય. રૂપકુશીલ અને સ્પર્શ-કુશીલ જેવા રસકુશીલ પણ હોય છે, કિન્તુ એ પેલા બે કરતાં સારા કે પેટ ભરાઈ ગયું હોય પછી જપે. અર્થાત્ પછી થોડો વખત એ મેવા-મીઠાઈ-ફરસાણ વગેરેની ઝંખના નહિ કરે. ત્યારે રૂપ-સ્પર્શના કુશીલને તો થોડી ય ધરપત ન મળે. આવા કુશીલો રૂપાળી સ્ત્રીમાં કેમ ન આકર્ષાય ? જીવો આમ જ મરી રહ્યા છે. એને સંસારનાં ફાંસલામાંથી છૂટવાની વાત તો શું, પરંતુ સંસારને ફાંસલો માનવાનું ને ઝેરરૂપ માનવાનું મોંઘું પડે છે. જ્યાં માનવાનું જ મોંઘું એટલે કે વૈરાગ્ય જ મોંઘો, ત્યાં પછી એનો ત્યાગ તો અશક્ય જેવો જ ને ?

**આજે સાધુ એટલા કેમ નથી વધતા ? :-**

આજે ક્ષેત્રોમાં સાધુની બહુ જરૂર છે, પણ સાધુ એટલા વધતા નથી; કેમ વારુ ? કહો, આજે આ રૂપકુશીલતા અને સ્પર્શકુશીલતા વધી ગઈ. આજના છાપાં, સિનેમા, ચિત્રો, ઉદ્‌ભટ વેશ, રિવાજમાં વિશેષ છૂટછાટ વગેરેએ રૂપકુશીલતા અને સ્પર્શકુશીલતા વધારી દીધી છે. એમાં પછી રેડિયા-રેકોર્ડ બોલતી ફિલ્મથી શબ્દકુશીલતા પણ ભારે વધી ગઈ.

આ કુશીલતાઓ ભયંકર છે, કેમકે કુશીલનાં કામો કરાવે, ઉપરાંત એ કામો ન હોય ત્યારે પણ મન એના જ વિચારોમાં રમતું રહે છે. પછી આત્મા-પરમાત્માનો વિચાર દુર્લભ જ બની જાય એમાં નવાઈ નથી.

**આત્માનો અને પરમાત્માનો વિચાર માનવ-જીવનમાં દુર્લભ બને એ કેટલી મોટી ખોટ ?**

**ઈન્દ્રિયકુશીલને આત્મચિંતા મોંઘી :-**



જુઓ, ઈન્દ્રિયોની કુશીલતા સેવવાના અવતાર કીડા-કીડી અને જનાવરના તો શું, પણ અનાર્ય મ્લેચ્છ મનુષ્યોના પણ છે. કિન્તુ એક આર્ય માનવ-અવતાર એવો છે કે એમાં આત્માનો અને પરમાત્માનો વિચાર એની ચિંતા મગજમાં પકડાયેલી રાખી શકાય પરંતુ એ બને ક્યારે ? આત્મા રૂપકુશીલ સ્પર્શકુશીલ શબ્દ-કુશીલ મટે ત્યારે. એ ન મટવું હોય એવા માણસનો ભરોસો પણ નહિ, કે કુશીલતામાં ક્યાં પહોંચી જશે ! સસરો પુત્રવધુમાં ઘેલો બને, કે ભાભી દિયર-જેઠમાં ઘેલી બને એમાં નવાઈ માનવાની નહિ. સ્પર્શકુશીલતા જ એવી ભયાનક છે કે એમાં મર્યાદા-ભંગ સહેજે થાય; એ નવાઈ નહિ. પણ ન થાય એ નવાઈ.

**કુશીલતા માટે તો જિનવાણી પર હૈયું ભીંજે :-**

આજ પવિત્ર ભારતીય પ્રજાનું નૈતિક આધ્યાત્મિક જીવન કથળી ગયું છે તે આ કુશીલતાઓના પાપે. પછી શાસ્ત્રોનાં વચન યાને મોટા તીર્થંકર ભગવાનની વાણી પણ બહેરા કાન પર અથડાય એમાં નવાઈ નથી. કુશીલતા ભરચક ભરી છે ત્યાં વીતરાગની વાણી હૈયાને શી રીતે હચમચાવી શકે ?

માટે આમાંથી સાર આ લેવાનો છે કે જો પ્રભુને પ્યારા કરવા હોય, પ્રભુની વાણી પર હૈયું ભીંજવવું હોય, જિનશાસનની આરાધના કરી જવી હોય, તો જીવનમાંથી આ રૂપકુશીલતા-સ્પર્શકુશીલતા અને શબ્દ કુશીલતાને હટાવો, એના પર ભારેમાં ભારે ચેક-કાપ મૂકી દો. હાલતાં ને ચાલતાં આ ખ્યાલ કે 'મારી આંખ કોઈ પણ અયોગ્ય ચીજ જોવામાં અગર યોગ્ય પણ બિનજરૂરી ચીજ જોવામાં ન તણાઈ જાય. મફતિયા ડાફોળિયાં તો બંધ થઈ જાય. પરસ્ત્રીના એક અંગ પર દૃષ્ટિ જાય નહિ. કોઈના મોટા વૈભવ પર પણ નજર ન જાય; નહિતર એ ય પછી મગજ બગાડે છે.

**બીજાના વૈભવ કેમ ન જોવાય ? :-**

કોઈની મોટર જુઓ, બંગલો જુઓ એટલે શો વિચાર આવે ? કાં તો ઈર્ષ્યા ઊઠે, નહિતર ગિલગિલિયાં થાય. મનને દીનતા થાય કે, 'આપણા ભાગ્યમાં નહિ. આ કેવોક ભાગ્યશાળી !' તાત્પર્ય, બંગલો અને મોટર મહાન લાગવાના, મહાસુખરૂપ દેખાવાના. મનને એમ નહિ થાય કે, 'અરરર ! આત્મભાવ કચડી નાખનારું કેવું આ મોહક સાધન ! અભિમાન-આસક્તિ વગેરે આત્માના ભયંકર રોગને પોષનારાં કેવાં આ કુપથ્ય ! આવું કેટલાને થાય ? સો જોનારામાં પાંચને નહિ.

**લગભગ આખી દુનિયા દુન્યવી વિષયોમાં ડૂબે છે.**

કુમારપાળ સિદ્ધરાજના ભયથી પહેલાં ભટકતા ફરતા હતા. એક ઠેકાણે એક વિચિત્રતા જોઈ. એક સરોવરના કાંઠે નાના દેવળમાં મૂર્તિ તરીકે માત્ર એકલું

મસ્તક હતું, ધડ નહિ, અર્થાત્ આખું શરીર નહિ. તેથી કોઈકને પૂછ્યું, 'આ મસ્તકનું મંદિર કેમ ? એણે ખુલાસામાં ત્યાં પૂર્વે બનેલ પ્રસંગ કહ્યો. પ્રસંગ આ હતો,

**મસ્તકના મંદિરની કથા**

એકવાર આ સરોવરમાં ત્રણ દિવસ સુધી અંદરમાંથી એક ડોકું પાણી ઉપર આવી 'બૂડે છે બૂડે છે' એમ બોલતું. પાછું ડોકું પાણીમાં અદશ્ય થઈ જતું. પછી ત્યાં લોક તપાસ કરે તો પાણીમાં કશું જડે નહિ; કોઈ માણસ નહિ, કોઈ ડોકું નહિ. નજીકના શહેરના રાજાને આ વાતની ખબર પડી એટલે પોતાની સભાના પંડિતોને હુકમ કર્યો કે આનો બરાબર અર્થ શોધી કાઢો કે 'બૂડે છે' કહીને શું કહેવું છે ? શું નગર ડૂબી જવાનું છે ? શું ધર્મ ડૂબી જશે ? શો અર્થ છે તે નક્કી કરો. મહિનાની મહેતલ આપું છું. પ્રમાણસિદ્ધ અર્થ જોઈએ. શું વર્ષાસન મફતનાં ખાઓ છો ? એક મહિનામાં જો ચોક્કસ અર્થ નહિ મળે તો ફાંસી દેવામાં આવશે.

પંડિતો ગભરાયા, બેઠા વિચાર કરવા. પણ રહસ્ય એવું સચોટ જડતું નથી. બિચારા જીવ બચાવવા માટે ઊપડ્યા મારવાડ તરફ. ભાગી જવા નહિ હોં; કેમકે કદાચ પોતે ભાગી જાય, પણ કુટુંબ અને માલમિલકતને ક્યાં મૂકી આવે ? રાજા પાછી એના પર આપત્તિ લાવે તો ? એટલે ભાગી જવા માટે નહિ, પરંતુ કોઈ બુદ્ધિમાન પાસેથી આનો તાગ મેળવવા માટે પંડિતો પરદેશ ઊપડ્યા.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૨,અંક-૩૪,તા.૧૮-૫-૧૯૭૪**

ગામગામ કોઈ વિદ્વાન, કોઈ બુઝર્ગ, કોઈ બુદ્ધિમાનને પૂછતાં સંતોષકારક ખુલાસો નથી મળતો તેથી આગળ ધપ્યે જાય છે, એમાં મારવાડના એક ગામમાં એક વૃદ્ધ માણસ મળી આવ્યો. એણે પંડિતોના સવાલ ઉપર જોયું કે આ પરદેશથી આવ્યા લાગે છે; એટલે પહેલાં એ આવકાર કરે છે. અતિથિસત્કાર પહેલો.

**માણસાઈ શાને કહેવાય ? પૂજ્યની પૂજા અને અતિથિના સત્કારને.**

વ્યાખ્યાન સાંભળવા આવો છો, પણ પહેલાં વંદના કરીને બેસો છો ? જરાક મોડા પડ્યા, તો ઊભા થઈ થઈ ગુરુવંદન ન કરાય કેમકે વ્યાખ્યન ડહોળાય; પરંતુ બેસતાં પહેલાં એક ખમાસમણું દઈને બેસો ખરા ? કે એમ જ ધબ બેસી જાઓ ? આમે ય સાધુ એ પૂજ્ય પુરુષ છે, એટલે એ એમ ને એમ મળે ત્યારે પણ વંદના કરવાની હોય; ત્યારે અહીં તો માલ લેવો છે, સાધુ પાસેથી કિંમત હિતોપદેશ લેવો છે, તો ય તે વંદન કર્યા વિના જ લેવાનો ? આમાં માણસાઈ રહી ? માણસાઈ એટલે માર્ગાનુસારીના માર્ગાનુસારી ગુણ.



**અતિથિ-સાધુ-દીનની ઉચિત પ્રતિપત્તિ એ માર્ગાનુસારી ગુણ છે.**

એમાં 'અતિથી' એટલે જેને ધર્મ કરવા માટે કોઈ ખાસ અમુક જ તિથિ નથી, પરંતુ સર્વ દિવસ સર્વકાળ ધર્મ છે એવા ત્યાગી મુનિ. એ પૂજ્ય છે. એમની ઉચિત પ્રતિપત્તિમાં પહેલો નમસ્કાર વંદના, પછી સુખશાતાની પૃચ્છા, અને પછી ભોજન-મુકામ વસ્ત્રાદિનો લાભ આપવા વિનંતિ, અને શક્ય લાભ ઉઠાવવો તે. આ બધું પૂજ્યની પૂજા છે. એ સચવાય એ માણસાઈ.

'સાધુ' એટલે સજ્જન ગૃહસ્થ પરોણા. એ મળ્યા એટલે પહેલું તો આવકાર, 'પધારો. ક્યાંથી પધારવું થયું ? લ્યો જળપાન. અમારા લાયક કોઈ સેવા ?' એમ કહીને એમને જળપાનાદિ કરાવાય. એ 'સાધુ-પ્રતિપત્તિ.' **સાધર્મિકભક્તિ આ બીજા પ્રકારમાં આવે.**

**સાધર્મિકભક્તિમાં લાભ કેટલા ? :-**

એને માટે ઊલટ કેટલી ? જોજો આ મારવાડનો વૃદ્ધ પુરુષ પેલા આવેલા પરદેશી પંડિતોની ઊલટભેર ભક્તિ કરવાનો છે. શું સમજીને પોતાની કમાઈના રોટલા પરાયાને મફતમાં ખવરાવી દેતો હશે ? આ સમજીને કે

(૧) આ ભવાટવીની મુસાફરીમાં જાતે ખાધું અને કુટુંબને ખવરાવ્યું એ તો પશુભોજન. ત્યારે, અતિથિને સાધર્મિકને ખવરાવીએ એ માનવભોજન.

(૨) પોતાનું પેટ સંભાળવામાં દિલ સાંકડું રહે છે. ક્ષુદ્ર છીછરું રહે છે, ત્યારે અતિથિ-સાધુ-સાધર્મિકનું સંભાળવામાં દિલ વિશાળ ઉમદા ઉદાર બને છે. જીવનમાંથી કમાઈ જવાનું શું ? વિશાળ-ઉમદા-ઉદાર દિલ. એ કમાણી સાથે આવે, અતિથિ વગેરેને ન સંભાળતાં બચાવેલા ધન-ધાન્ય પરલોક સાથે ન આવે. પરલોકમાં તો દિલ સાથે આવે. પરલોકે ઉમદાને બદલે ક્ષુદ્ર દિલ લઈ ગયે એના પર કેવી દુર્દશા !

(૩) કુદરત દીધેલાનો જવાબ આપે છે, પોતે ખાધેલાનો નહિ.

(૪) આવી આવી સમજ હતી માટે વૃદ્ધને પરદેશી બ્રાહ્મણોની સરભરા કરવાની હોંશ જાગે છે. તમારે તો સાધર્મિકભક્તિ કરવામાં એથી ય વિશેષ લાભ જોવા મળે છે; જેમકે સાધર્મિક એ ધર્મદ્વારા સંબંધિત છે, કેમકે તમે જે ધર્મ માનો છો એ જ ધર્મ એ માને છે. તેથી જો ધર્મ પર પ્રેમ-બહુમાન વધારવા હોય તો સાધર્મિક પર પ્રેમ-બહુમાન રાખવા જ જોઈએ, એના ગૌરવ-સેવા સરભરા કરવી જોઈએ. તો એ દ્વારા જ પ્રેમ-બહુમાન વાસ્તવિક બને.

(૫) એટલું જ નહિ, પણ સાધર્મિકની ભક્તિથી અરિહંત પરમાત્મા પર વાસ્તવિક પ્રેમ-બહુમાન થાય છે, ને સાધર્મિકની ઉપેક્ષાથી પ્રભુની ઉપેક્ષા-અવગણના થાય છે કેમકે જ્યારે પ્રભુએ જ સમ્યગ્દર્શનના એક આચાર તરીકે સાધર્મિક-

વાત્સલ્ય કરવાનું કહ્યું, ત્યારે જો એ આચારની ઉપેક્ષા કરીએ તો એમાં પ્રભુના વચનની અવગણના થઈ; ને જિનવચનની અવગણવામાં જિનેશ્વરદેવ ઉપર પ્રેમ-બહુમાન ક્યાં રહ્યાં ?

માટે આ બધું ખૂબ ધ્યાન પર લઈ સાધર્મિક સત્કાર ખાસ કરો. એમાં કાંઈ ખીચડા ખૂટી નથી જવાના. ઊલટું, એ ન કરવામાં દિલ સાંકડું-ક્ષુદ્ર-છીછરું અધમ બને છે. માર્ગાનુસારી યાને માનવતાનો આ ગુણ છે; 'અતિથિ-સાધુ-દીનની પ્રતિપત્તિ કરવી.' એ ચૂકાય તો માનવતા ય ક્યાં રહે ?

'દીન' એટલે દીન-દુખિયા, ભિખારી, અપંગ વગેરે; એ આપણી પાસે અન્નપાણી વસ્ત્રાદિ માગી રહ્યા છે એને એ આપણી શક્તિ પહોંચે તે પ્રમાણે દયાભાવથી આપવું એ **'દિનની ઉચિત પ્રતિપત્તિ.'**

આ 'અતિથિ-સાધુ-દીનપ્રતિપત્તિ' એ માર્ગાનુસારી ગુણ છે, માનવતાનો ગુણ છે, માનવતા છે, માણસાઈ છે. ભાગ્યશાળી હોય એને આ સૂઝે. ભાગ્ય ફૂટેલા હોય એને આ સૂઝવાનું તો દૂર, પણ કદાચ ઉપરથી એવું લાગે કે 'આ મફતિયા નમસ્કાર શા ? ને મફતિયા પૈસા શા ખરચી નાખવા ?' બિચારા રુડા આર્ય અવતારે આવ્યા છતાં ભાગ્યશાળી ન બનવું હોય, ભાગ્યફૂટા જ બન્યા રહેવું હોય, તો કોણ બચાવનાર છે ? આર્યદેશ આર્યકુળ, આર્યસંસ્કૃતિ, દેવ-ગુરુ-ધર્મ, એ બધા બચાવનારાં તત્ત્વ છે, પણ ભાગ્યશાળી બનવું હોય એને. ધરાર એવા ભાગ્યવાન બનવું જ ન હોય એને એ ન બચાવી શકે.

પેલો વૃદ્ધ-પુરુષ પરદેશી પંડિતોનો આવકાર કરે છે, કહે છે;

'પહેલાં પધારો ઘરે. પછી બધી વાત કરશું.'

એમ કહીને એમને લઈ ગયો પોતાના ઘરે. 'ક્યાંથી પધારવું થયું ? કેમ પધાર્યા ?...' વગેરે પૂછી હકીકત જાણી લીધી. પછી કહે 'ભલે, ખુલાસો તો સરળ છે. હું આપી દઈશ. પહેલાં અહીં નદી પાસે છે, સ્નાનાદિ કરી લો, જમી લો, પછી તરત 'બૂડે છે, બૂડે છે, ખુલાસો આપું છું; એવો કે રાજા ખુશ થઈ જાય...ચિંતા કરશો નહિ.'

પંડિતો થાકેલા તો હતા જ, એમાં અહીં બધી સરભરા મળે છે; ઉપરાંત ખુલાસો મળવાથી ફાંસીની ચિંતા ટળે છે, એટલે બહુ નિશ્ચિન્ત થયા. નાહ્યા-ધોયા-લાપસી જમ્યા; હવે 'બૂડે છે, બૂડે છે' એનો ખુલાસો માગે છે ત્યારે પેલો વૃદ્ધ કહે, 'ખુલાસો તો એકજ શબ્દથી મળે એવો છે. એ તો હું તમને કહી દઉં છું, પરંતુ તમે આટલી બધી મજલ કાપતા અહીં આવ્યા, તે ફેરો તમારો નકામો જાય ? જુઓ, અહીં અમારા ગામમાં કૂતરાના ભોટિલા સારા દેખાવડા છે. એ તમે એકેક



લેતા જાઓ, તમારે રમાડવા કામ લાગશે, અથવા તમારે ત્યાં વેચશો તો પૈસા ઊપજશે. અહીં તો મફત મળે છે, કોઈ પૈસા માગવાનું નથી.'

પરદેશી બ્રાહ્મણોને થયું કે 'આ ભાવમાં ખોટું નથી. મફતમાં મળે છે. ચાલો લેતા જઈએ' એમ વિચારી ગયા બહાર શેરીમાં, ને ભોટિલાને પ્રેમથી બોલાવી એકેક જણ એકેક ઊપાડી લાવ્યા. એ લઈ આવ્યા જોતાં જ પેલો વૃદ્ધ પુરુષ એકાએક હવે આશ્ચર્ય સાથે ખેદ દેખાડતાં કહે છે, 'અધધધ ! આ તમે શું કરી આવ્યા ? શું લઈ આવ્યા ?'

પેલા પંડિતો જરા છોભિલા બની ગયા, કહે છે 'કેમ ભાઈ સાહેબ ! તમે જ લઈ આવવાનું કહ્યું હતું ને ?'

આ કહે, 'અરે ! પણ તમે શાસ્ત્રો ભણેલા પંડિત, મારા જેવો અણપઢ માણસ તો ગમે તે કહે, તમારે વિચાર કરવો જોઈએ ને ? આ તમે નાહી ધોઈ પવિત્ર થયેલા, તે આ અશુચિ કૂતરાને ઊંચકી લાવી અભડાયા ? હવે અભડાયેલા તમે ભગવાનનું નામ શી રીતે જપી શકવાના ? શુદ્ધ હોઈએ તો 'ૐ નમઃ શિવાય'ના પવિત્ર અક્ષર તો હોઠ પર ચાલ્યા કરે. એક કૂતરાના લોભમાં હવે ઠેઠ ફરીથી સ્નાન નહિ કરો ત્યાંસુધી ભગવાનના નામ વિના ચાલવું પડશે.

પંડિતો કાનની બૂટ પકડી કહે છે, 'ખરું કહ્યું. તેમ, લ્યો ત્યારે હવે અમે નદીએ સ્નાન કરીને જઈશું. કૂતરાંની જરૂર નથી. અમને પેલો ખુલાસો કહી દો.'

**'બૂડે છે'નો ખુલાસો :-**

વૃદ્ધ કહે, 'અરે ! હવે ખુલાસો ક્યાં બાકી રહ્યો ? ખુલાસો તો આવી જ ગયો. આ તમે સહેજ ભોટિલાના લોભમાં બૂડ્યા, એમાં પવિત્ર શૌચધર્મ ગુમાવ્યો, ભગવાનનો નામજાપ ગુમાવ્યો. બસ, આખું ય જગત લોભમાં બૂડે છે. ડૂબી રહ્યું છે, એ પેલા સરોવરમાં પ્રગટેલા ડોકાને કહેવું હતું, 'લ્યો ત્યારે આવજો ફરીથી પધારજો.'

કુમારપાળને પેલો માણસ-ડોકા-મંદિરનું રહસ્ય બતાવતાં કહે છે, ''પંડિતોએ વિદાય લીધી. વતને પહોંચી રાજાને સભામાં બનેલી આ હકીકત સાથે ખુલાસો કહ્યો, એ બધાના મનમાં બરાબર બેસી ગયો; ને લોકોને હંમેશા ધ્યાનમાં રહે કે

**પાપથી બચવું હોય, ધર્મ ન ગુમાવવો હોય, તો લોભમાં ડૂબવું નહિ, લોભ પર કાપ મૂકી દેવો,'**

એ માટે અહીં મંદિર બનાવી એમાં એ ડોકાની મૂર્તિ પધરાવી છે.'' કુમારપાળ આ હકીકત સાંભળી દિઙ્ થઈ ગયો. એના મનને થયું કે 'વાહ ! કેવું સુંદર રહસ્ય ! જગત આખું લોભમાં ડૂબે છે, લોભવશ ન કરવાનાં કામ કરે છે. એક લોભ કેટલો બધો ખતરનાક ! લોભના એક પાપ ઉપર કેવાં કેવાં ય દુષ્કૃત્યો પેસે ? માટે મારે

જીવનમાં આ ખાસ બોધ-પાઠ લેવાનો, ને એવા ખતરનાક લોભથી બચવાનું.'

કુમારપાળે એ બોધપાઠ જીવનમાં ઉતાર્યો હતો, એ આપણને એ મોટા સમ્રાટ રાજા બન્યા પછીના એમનાં જીવન પ્રસંગો પરથી જોવા મળે છે.

**સમ્રાટ કુમારપાળે ક્યાં ક્યાં લોભ દબાવ્યો ? :-**

જુઓ, એમને જ્યારે કુબેર શેઠ અપુત્રિયો મરી ગયાના સમાચાર પર મહાજન કહે છે 'મહારાજા ! રાજધોરણ મુજબ આપ કુબેરશેઠની ક્રોડોની સંપત્તિ કબજે કરાવો, પછી અમે એનું મૃતકાર્ય કરીએ. પહેલાં કરવા જઈએ તો ગુનામાં આવીએ.'

કુમારપાળ રાજાને આ સાંભળી શું થયું ? ગિલ-ગિલિયાં નહિ કરોડો રૂપિયાની સંપત્તિ મફતમાં મળે છે, પણ લોભ ન ઊછળ્યો. આ લોભમાં ખતરનાક દુષ્કૃત્ય દેખ્યાં. એમણે જોયું કે 'આટલું બધું ધન લઈ લઉં, પછી (૧) એ કૂબેરશેઠની મા-પત્ની વગેરે સગાઓનાં હૈયાં કેવાં કકળી ઊઠે ? (૨) જીવનભર કેટલાં આક્રંદ, કષાય અને દુર્ધ્યાન કરી કેટલાં કાળાં પાપ બાંધે ? (૩) એમ મારે કેટલા બાપ કરવાનું થાય ? કેમકે કહેવત છે કે 'દીકરા થઈને ખવાય, બાપ થઈને નહિ.' તો જેટલા અપુત્રિયાનાં ધન લઉં, એટલાના દીકરા થવાનું થાય. (૪) વળી હક વિના એવાં ધન લઉં, લઈ પાડવામાં, મરનારના મરણમાં સંમતિ-અનુમતિ થાય. મન સહેજે માને કે 'ચાલો, એ મર્યો તો ધન સારું હાથમાં આવ્યું.' એમાં પેલાનાં મોત પર ખુશી આવે.

કુમારપાળે આ બધા અનર્થ જોઈ અપુત્રિયાનાં ધનનો મોહ છોડી દીધો. સંકલ્પ કર્યો કે મારે કદી આવું ધન લેવું નહિ. કરોડોની સંપત્તિ વગર-મહેનતે રાજધોરણ મુજબ એકીકલમે આવતીનો લોભ છોડી દીધો.

વિચારી જુઓ તમારાથી આમાનું શું બની શકે ? કુમારપાળને એના પ્રમાણમાં ધન મળતું હતું, તમને એટલું તો ન મળે પણ તમારા પ્રમાણમાં આવું કાંઈક મફતમાં અથવા દ્રોહ-વિશ્વાસઘાતથી કે વિશેષ પ્રકારના જૂઠ કે અન્યાયથી અથવા ધર્મબાધક ધંધાથી ધન મળતું હોય, તો એનો લોભ જતો કરવાની તૈયારી છે ?

(૨) કુમારપાળનો લોભ-નિગ્રહનો બીજો દાખલો જુઓ. એ બહુ મોટી ઉંમરે રાજ્ય પર વ્યવસ્થિત થયા. પંચાવન વરસની ઉંમરે રાજ્યગાદી પામ્યા, ને સિદ્ધરાજના સીધા વારસદાર નહિ, એટલે કેઈ પેટા રાજાઓ બળવાખોર થઈ ગયા છે. એમને કાબૂમાં લેતાં પંદર વરસ વીત્યાં. ત્યારે ૭૦ વરસની ઉંમરે ૧૮ દેશમાં રાજ્ય પર વ્યવસ્થિત થયા. પછી એમની એકની એક રાણીનું મૃત્યુ થયું. મંત્રીઓ કહે 'મહારાજા એક રાણી પરલી લો. એવાં એવાં કાર્ય-પ્રસંગે સજોડે જ મંગળક્રિયા થાય; માટે રાણી જોઈએ.'



કુમારપાળે શું કર્યું, જાણો છો ? એ લોભ જતો કર્યો. મોટી ઉંમરે ઠરીઠામ બેસી રાજ્યસુખ ભોગવવાનો અવસર આવ્યો છે, છતાં બીજું લગ્ન ન કર્યું. મંત્રીઓને કહી દીધું 'એવા વિધિવિધાન વખતે મારી જોડે સદ્‌ગત રાણીનું સોનાનું પૂતળું બેસાડજો. એ જ સજોડે !

વિચારજો, સંસારસુખ એમને ક્યારે મળ્યાં ? ને કેટલામાં પૂર્ણ બ્રહ્મચર્ય ? તમે કેટલા વરસ સંસારસુખ જોયાં, હવે પૂર્ણ બ્રહ્મચર્ય ખરું ?

(૩) આટલું જ નથી, પણ રાણી જીવંત હતી ત્યારે પણ કુમારપાળને શ્રાવકધર્મ પામ્યા પછી દર ચોમાસે ચારે મહિના સંપૂર્ણ બ્રહ્મચર્યનો નિયમ ! તે એવો કે મનથી એનો ભંગ થાય તો ઉપવાસ કરવાનો. વિષયસુખનો કેટલો લોભ દબાવ્યો ? મોટા અઢાર દેશના સમ્રાટને આની જરૂર, તમારે નહિ ? 'સુખસાધન મળ્યાં છે માટે અમનચમન જ ઉડાવી લો, ત્યાગ સંયમની વાત નહિ !' કોઈ પૂછનાર છે ? જીવ ધરાવાનો છે ? ભૂતકાળમાં સુખ જોયું નથી ? સુખનો કેટલો હડકવા ? વિષયોની કેટલી લંપટતા ? ભગવાન જિનેશ્વરદેવ અને એમનું શાસન મળ્યા પછી આ ? મનને શું એમ ન થાય કે 'શું મારો આત્મા ઇન્દ્રિયો અને રૂપ-રસાદિ વિષયોનો આટલો બધો ગુલામ ?

**મારા આત્માનું એટલે કે મારું કશું વર્ચસ્વ નહિ ? વર્ચસ્વ નફટ ઇન્દ્રિયોનું ? ને તુચ્છ વિષયોનું ?'**

(૪) મહારાજા કુમારપાળે વિષયસુખોનો લોભ કેટલો બધો દબાવેલો ? ચોમાસાના ચારે મહિના રોજ એકાસણું ! રોજ ૫ વિગઈઓનો ત્યાગ ! રોજ લીલોતરી બંધ !...કેમ આટલો બધો ત્યાગ ? કહો, લોભમાં ભારે પાપ અને અનર્થ જોયા હતા. જીવનમાં આમનો ધડો લેવો છે ! આ ચોથા આરાના પુરુષની વાત નથી, પાંચમા આરાના પુરુષની વાત છે. જીવનમાં ધર્મ ઝગમગતો કરવા માટે અદ્‌ભુત દાખલો છે, અદ્‌ભુત આલંબન છે.

**કુમારપાળની બેનનો ધર્મપ્રેમ :-**

(૫) કુમારપાળનો એક લોભ-નિગ્રહ એ જુઓ કે એમનો બનેવી રાજા અર્ણોરાજ પોતાની રાણી એટલે કે કુમારપાળની બેન સાથે ચોપાટ ખેલતાં સોગઠાને બદલે કહે

'માર માર મુંડિયાને માર.'

રાણી કહે 'એવું ન બોલો એમાં 'મુંડિયા' શબ્દથી સાધુની મશ્કરી થાય છે. વળી સાધુ તો મારા ભાઈના ગુરુ છે, એ જાણશે તો તમને ભારે પડી જશે.'

રાજા રોફમાં ચડ્યો, કહે છે, 'તું તારે માર માર મુંડિયાને માર. તારો ભાઈ

શું કરી નાખવાનો હતો ? ગાદીએ તો એને મેં બેસાડ્યો હતો.'

રાણી કહે 'જોવું છે ? લ્યો ત્યારે જોઈ લેજો. !

રાજા કહે 'જોઈ મૂક્યા છે. લે હું તો મુંડિયાંને માર જ કહેવાનો.'

રાણીથી સાધુની મશ્કરી સહન થઈ નહિ. એ ઊપડી ભાઈ પાસે, ને જઈને વાત કરી. કુમારપાળે લડાઈ લડાઈની તૈયારી કરી બેનને ભય નથી કે 'લડાઈમાં પતિ જો નથી ને મરાયો તો પોતાને વિધવા થવું પડશે તો ?'

**ધર્મના સાચા પ્રેમની વાત ન્યારી છે.**

ધર્મનું અપમાન થતું દેખાય, ધર્મ પર જોખમ દેખાય, ત્યારે ધર્મના સાચા પ્રેમીનું ખમીર ઊછળી ઊઠે છે, ને એ ધર્મની રક્ષા અને ધર્મનાં સન્માન ખાતર ભારે ભોગ દેવા તૈયાર થઈ જાય છે. 'હું વિધવા ભલે બનું, ધર્મનું અપમાન ન સાંખી લઉં, એવી અહીં ધર્મધગશ છે. તમારા છોકરા ધર્મથી આડી લઈને જતા હોય છતાં ચલાવી લો છો ને ? કે એની સામે ભારે ભોગ આપો ખરા ?

જ્યાં રાણી કુમારપાળ પાસે ગઈ, ત્યાંજ અર્ણોરાજે સમજી લીધું કે ધાડ આવશે. એટલે એણે અંદરખાને કુમારપાળના મોટા મોટા સેનાપતિ વગેરે અમલદારોને ફોડી નાખ્યા. કુમારપાળ લશ્કર લઈને આવ્યો તો ખરો, પરંતુ પ્રભાત થતાં જ્યાં લશ્કરને આદેશ આપે છે કે 'લગાવો હલ્લો;' ત્યાં એમ જ ઊભું રહે છે.

કુમારપાળ હાથી પર છે, માવતને પૂછે છે 'કેમ આમ ?'

માવત કહે છે, 'મહારાજ ! લશ્કર ફૂટેલું લાગે છે.'

'ત્યારે આપણું કોણ ?'

'હું અને હાથી. હાલ તો બે જ આપણા છે.'

કુમારપાળ પરિસ્થિતિ સમજી ગયા. પણ બાહોશ છે, તે જરાય ગભરાયા નહિ. કેમકે જુએ છે કે, 'અત્યારે રોદણું રોતા બેસવાથી કાંઈ વળવાનું તો છે જ નહિ પછી રુદન શાને ? અત્યારે તો હિંમતથી શક્ય પુરુષાર્થ કરી લેવો.'

**સારાની આશા હજી ય પુરુષાર્થથી છે રોદણાંથી નહિ.**

**કુમારપાળનું સમયસરનું સાહસ :-**

કુમારપાળ સેનાપતિ કે કોઈને મનાવવા ય જતા નથી. કેમકે જુએ છે કે એ જો ફૂટેલો હશે તો ઊલટો મને જ કદાચ દુશ્મનને સોંપી દે. એમ દુશ્મનને સોંપાયામાં જિંદગીભરની અપમાનિત દશા અને કાળી કેદ ! એના કરતાં તો અહીં જ જીવન-સટોસટનો ખેલ ખેલી લેવા દે.'

બસ, તરત માવતને કહે છે, 'ચિંતા નહિ. ગભરા ના, ઉઠાવ હાથીને સીધો અર્ણોરાજના હાથી પર તરાપ લગાવ.'



માવતે હાથીને એ પ્રમાણે મારી મૂક્યો. પણ અર્ણોરાજે ચેતી જઈને સિંહનાદ કરાવ્યો, એટલે કુમારપાળનો હાથી પાછો પડે છે. કુશાગ્ર બુદ્ધિવાળા કુમારપાળે તરત જ માવતને કહ્યું, 'લે આ પછેડી, હાથીના બે કાનમાં ખોસી દે.' માવતે એ ખોસીને જ્યાં હાથીને કૂદાવ્યો, ત્યાં હવે હાથીને સિંહનાદનો અવાજ સંભળાતો બંધ છે, એટલે એ રાજહસ્તી છે ને ? મદોન્મત્ત બની પૂરપાટ વેગે અર્ણોરાજના હાથીની નજીક જઈ ઊભો કે તરત કુમારપાળે આ હાથી પરથી ફલાંગ મારી અર્ણોરાજના હાથીની અંબાડીમાં ઝુકાવ્યું.

અર્ણોરાજની આ કલ્પના નહોતી, ને કુમારપાળ અણધાર્યો જ પોતાના ઉપર ફલાંગ મારીને પોતાની અંબાડીમાં આવી ઊભો; આ જોત જોતામાં બની ગયું, તેથી એ જરા ક્ષોભ પામી ગયો. ત્યાં કુમારપાળે એક ક્ષણના વિલંબ વિના એની છાતી પર ચડી બેસી તલવાર ઉગાવી કહે છે,

**'હરામખોર ! મુંડિયા કહેનારો તું ? બોલ શું કહેવા માગે છે ? હમણાં ધડથી ડોકું જુદું કરી નાખું'**

**અર્ણોરાજે જોયું કે 'હાય ! આ હમણાં મર્યો !'** તરત માફી માગતાં કહે છે, 'ભૂલ થઈ મારી, હું તમારી ગાય છું. અભયદાન માગું છું.

આ બધું એટલું બધું કલ્પના બહારની ઝડપથી બની ગયું કે અર્ણોરાજના લશ્કરને અર્ણોરાજની રક્ષા કરવાનો સમય જ રહ્યો નહિ, ને કુમારપાળ સમ્રાટની હિંમત અને શૂરવીરતા જોઈ હેબતાઈ જ ગયું. ત્યારે હવે શું રક્ષા કરવા આવે ? આવે તો તો કુમારપાળ પહેલો તો અર્ણોરાજને જ ખત્મ કરી નાખે એમાં પછી અર્ણોરાજની રક્ષા ક્યાં રહી ? લશ્કરને કુમારપાળનો વિજયનાદ પોકારવો પડ્યો. જેથી અર્ણોરાજને અભયદાન મળે. આ વિજયનાદ ગગનમાં ગાજ્યો એટલે કુમારપાળનું લશ્કર પણ હવે આવી સેવામાં ઊભું.

અહીં હવે કુમારપાળનો, જુઓ, કેવો લોભનિગ્રહ કામ કરે છે ! અર્ણોરાજનું એક તો સાધુનું અપમાન, અને બીજું કુમારપાળના લશ્કરને ફોડવાનું આ બે ગુના એવા મોટા છે કે કુમારપાળ ભલે એને મારી નાખે નહિ, પણ જિંદગીભર કેદમાં રાખી શકતે, અને એનું રાજ્ય પડાવી લેત. પરંતુ એવો લોભ એમણે કર્યો નહિ; એને માફી આપી રાજ્ય સોંપી દીધું. પૂછો

**પ્ર.**- બેનની લાગણીથી એમ કર્યું હશે ને ?

**ઉ.**- ના, બેનની લાગણીથી તો પોતાની પાસે મોટા મહેલમાં એને રાખી શકત, બધી સગવડ પણ આપી શકત, પણ નજરકેદી તરીકે. એમાં બેનના સુખને વાંધો ન આવત. એટલે બેનની લાગણીથી નહિ, પણ લોભના નિગ્રહથી રાજ્ય જતું કર્યું.

લોભ કરવામાં આત્મિક નુકસાન તો છે જ, પરંતુ એ પણ કદાચ જોયું હશે કે લોભથી એનું રાજ્ય લઈ લેવામાં એ મનમાં આંટી મારે, ને એથી કેદમાં બેઠો પણ સંભવ છે કાંઈક કાવાદાવા ખેલે, તો પાછી વળી આપત્તિ ઊભી થાય. એના કરતાં ઉદારતા કરવામાં એ જીવનભર અહેસાન નીચે રહેશે. તો લોભ કરી અનર્થને શા માટે અવકાશ જ આપવો ?

**લોભ છોડવામાં લૌકિક લાભ :-**

આ લૌકિક કૂનેહ સમજવા જેવી છે. માણસ લોભનો માર્યો એવું ઝડપે છે કે એથી દેખાવમાં કમાઈ પડ્યો દેખાય, પરંતુ સામે દુશ્મન ઊભા કરે છે. ત્યારે લોભ ન કરતાં ઉદારતા કરે તો સામો જીવનભરના અહેસાનમાં આવે, વૈરી મિત્ર થાય; શત્રુ સેવક જેવો થાય. સવાલ લોભ નિગ્રહ-ઉદારતાની સાથે ખામોશનો છે.

મોટો સમ્રાટ રાજા કુમારપાળે ખામોશ કેટલી બધી ખાધી ! પોતાના આખા લશ્કરને ફોડી નાખનાર અર્ણોરાજ એના પર પણ દયા કરી, એને ક્ષમા, જીવતદાન અને રાજ્ય પાછું આપ્યું. અરે ! પછીથી પોતાના અધિકારીઓને પણ કશી સજા ન કરી કે ટોણા-ઠપકા ન કહ્યા.

**એક હિસાબ,** 'કામથી કામ...કામ પતી ગયું, પછી વૈર-વિરોધ-અરુચિ કરવાનું શું કામ ? પતી ગયેલા સામાના દોષની ગાંઠ શી વાળી રાખવી ?' ખામોશની આ ચાવી છે.

**ગાંઠ ન રાખવામાં દિલ પ્રસન્ન રહે છે, સ્વચ્છ રહે છે. ગાંઠ વાળી રાખવામાં અશાંતિ-અપ્રસન્નતા-માયામલિનતા પોષાય છે.**

હિસાબ આ જોઈએ, 'કામથી કામ. કામ પતી ગયું, ગાંઠ વાળી રાખવાનું શું કામ ? નકામું દિલ બાળ્યા કરવું ?'

કુમારપાળની આ ખામોશ નજર સામે રાખ્યા કરીએ તો નાની નાની બાબતોમાં તો સહેજે ખામોશ રાખવાનું મન થાય. એવો સત્તાધીશ ભારે ગુનો કરનારને પણ ક્ષમા આપી શકે, તો જેનામાં કેટલીય વાર શેક્યો પાપડ પણ ભાંગવાની હામ નથી એવા આપણે મામૂલી મામૂલી ગુનો કરનાર કે ભૂલ કરનારને ક્ષમા ન આપી શકીએ ?

વાત આ હતી કે કુમારપાળ કેટલીય મોટી પ્રલોભક બાબતોમાં પણ લોભનો નિગ્રહ કરતા, લોભને દબાવતા. કેમ વારું ? પૂર્વે પેલા ડોકાનું વચન એને એનું રહસ્ય જાણ્યું છે કે 'જગત લોભમાં ડૂબે છે.' પછી ન કરવાનાં કામ કરે એમાં નવાઈ નથી. માટે ડાહ્યા માણસ તરીકે મારે મૂળથી એવા લોભને જ દાબવો, લોભને જ કાપવો.



**કામલતા વેશ્યાને ત્યાં :-**

પેલી વેશ્યા પણ આ જોઈ રહી છે કે આવી કામલત્તા જેવી રૂપ-રૂપનો અંબાર અને યુવાન વયની મને મળી જાય, પછી તો મોટા રાજા સુધી મારા ઘરાક બની જશે. દુનિયા લોભવશ દુન્યવી વિષયોમાં સહેજે લપટાઈ જાય છે. એટલે હાલ તો આને ગમે તેમ કરી મારા ઘેર આવવા દે. પછી સૌ સારા વાનાં થશે.'

કામલતા આને વેશ્યા તરીકે જાણતી નથી, પણ એના બોલ પરથી એક ભલી બાઈ તરીકે સમજી વિચારે છે કે 'આ ઠીક આશરો મળે છે. આમ તો હું ક્યાં અથડાવા જઈશ ? આ સામેથી આમંત્રણ આપે છે તો વધાવી લઉં.' એમ વિચારીને એ ચાલી વેશ્યા સાથે. એને ઘેર પહોંચીને એ રહી એને ત્યાં ખાનપાન-કપડુલત્તુ-રહેઠાણ વગેરે બધી વાતની સરખાઈ થઈ ગઈ. એથી એનું મન નિશ્ચિન્ત બન્યું, પ્રફુલ્લિત બની ગયું.

**શું આ નિશ્ચિન્તતા પ્રફુલ્લિતતા સારી ?**

ના, જુઓ, એના પર હવે એ કેવી દાક્ષિણ્યમાં પડી પાપમાર્ગ ઘસડાય છે. ઘણા માણસો પરણ્યા પછી સ્ત્રી સારી પ્રેમાળ મળવા પર નિશ્ચિન્ત અને પ્રફુલ્લિત થયા તો એના દાક્ષિણ્યમાં તણાઈ પોતાની પૂર્વની ધર્મ-ધગશ, ધર્મપ્રવૃત્તિ અને ઉદારતાદિ ગુણ ચૂક્યાં.

એને પૂછો, 'કેમ ભાઈ ! હવે ધર્મ બાબતમાં તમારામાં ફરક પડી ગયો ?'

તો બચાવ કહેશે, 'શાનો ફરક ? દેવદર્શન-પૂજા વગેરે ચાલુ જ છે.'

'અરે પણ પહેલાં જે રંગ, જે સમય ભોગ, વગેરે હતું એ ક્યાં છે આજે ?'

'અરે એવું કાંઈ નથી. સંસારની ઉપાધિના લીધે સહેજ સમયમાં ઓછાશ રહે.'

ક્યાંય આમાં ભૂલ કબૂલવાની વાત જ નહિ, કશી અફસોસીની વાત નહિ. તેમજ એ 'હવે ઘરવાળા સારા મળ્યા છે, તેથી બહુ નિશ્ચિન્તતા-પ્રફુલ્લિતતા થઈ ગઈ છે. એટલે હવે ધર્મ માટે ધર્મની એવી લગન રહી નથી,' આવો એક અક્ષર ન બોલે; પણ ખરેખર તો દિલમાં એ ફિક્સ બેઠું હોય છે.

સ્ત્રી-પૈસા-મકાન-દુકાન-માનસન્માન વગેરે એ દુન્યવી વિષયો છે. દુન્યવી વિષયોમાં નિરાંત અને પ્રફુલ્લિતતા ખતરનાક છે, આત્માનું પરલોકનું અને ધર્મનું ભાન ભુલાવનારી છે, જરૂર પડ્યે વધુ પડતા પાપમાં ઘસડનારી છે. આજે દેખાય છે કે કેટલાય છોકરા મનગમતી પત્ની મળ્યાથી નિરાંતવાળા અને પ્રફુલ્લિત બન્યા તો મહાઉપકારી માતાપિતાથી જુદા રહેતા થઈ ગયા, માતાપિતાના અથાગ ઉપકાર સામે એમની સેવા-ભક્તિ કરી અંશે પણ બદલો વાળવાનો સમય આવ્યો ત્યારે એ સેવા-ભક્તિને અદ્ધર લટકાવી દીધી.

પરણ્યો નહોતો ત્યાંસુધી નિરાંત-પ્રફુલ્લિતતા સારા માતાપિતા મળ્યામાં હતી, એટલે ધર્મસાધનાની એવી ધગશ નહોતી; હવે પરણ્યા પછી નિરાંત-પ્રફુલ્લિતતા સારી પત્ની મળ્યામાં ઊભી થઈ એટલે માતાપિતાની સેવાભક્તિની ધગશ થઈ.

**દુન્યવી લાભમાં નિરાંત અને પ્રફુલ્લિતતાનો એક પ્રકારનો કેફ છે. એ કેફ ભાનભૂલા બનાવે છે, ધર્મનું કર્તવ્યનું, પરોપકારનું કશું ભાન ન રહેવા દે.**

માટે સાર આ છે કે દુન્યવી કોઈ પણ વાત પર નિરાંતવાળા-નિશ્ચિન્ત અને પ્રફુલ્લિત બનશો નહિ. નહિતર એ કેફમાં સારું ઘણું ચૂકવાનું થશે.

**ઈલાચીકુમારને** નટડી મળવામાં નિરાંત લાગી, તો એ એક સારા શ્રીમંત ખાનદાન ઘરનો છોકરો છતાં એણે કુળની લાજ મૂકી, ગૌરવભર્યો વેપાર ધંધો મૂક્યો, અને નટ બનીને ભવૈયાની મંડળી ભેગો ભળી ગયો.

**કોણિકને** મગધદેશનાં વિપુલ સામ્રાજ્યમાં નિરાંત લાગી તો બાપ શ્રેણિકને જેલમાં પૂરી રોજના પચાસ ફટકા મરાવવાનું કરનારો બન્યો ! અને માતામહ દાદા ચેડા રાજાની સામે લડાઈમાં ઊતર્યો !

**મમ્મણે અઢળક ધન** ભેગું કરવામાં નિરાંત અનુભવી, તો એમાં એણે સાતમી નરકનાં પાપ ઉપાજર્યા. શ્રીમહાવીર ભગવાનનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવ, એને સત્તા-સંપત્તિ અને રંગવિલાસમાં નિરાંત લાગી, તો એણે પણ સાતમી નરકનાં ભાતાં ભેગાં કર્યા. બંને સાતમીમાં પટકાઈ પડ્યા.

સાતમી નરક એટલે શું એ સમજો છો ? પહેલી નરકનાં ય દુઃખ ભયંકર જાલિમ છે; અહીં કરતાં ત્યાં અનંતગુણી વેદના-ત્રાસ-રિબામણ ! પછી એમાં બીજી ત્રીજી વગેરે નરકમાં વધતાં વધતાં સાતમીમાં કેટલી બધી વધી ગઈ હોય ? અને તે પણ સો-હજાર-લાખ વરસ નહિ, પણ અસંખ્ય વરસોના એક પલ્યોપમ ૩૩૦ ક્રોડક્રોડ વાર પસાર થાય એટલા કાળ સુધી ઘોર પીડા સતત ચાલુ !

આ શાનું ફળ ? દુન્યવી પૈસા, સત્તા, સન્માન, વિષય-વિલાસ વગેરે કશું મળ્યામાં નિરાંત-નિશ્ચિન્તતા-પ્રફુલ્લિતતા અનુભવવા પર !

**માટે શાણા બનજો, દુન્યવી વસ્તુમાં નિરાંત અનુભવતા નહિ. નિરાંત દેવાધિદેવ મળ્યામાં, જિનશાસન મળ્યામાં, સદ્ગુરુ અને ધર્મ-સાધના સુકૃતસાધના ને ક્ષમાદિ ગુણ મળ્યામાં અનુભવજો.**

બિચારી કામલતા ભૂલી પડી, વેશ્યાને ત્યાં રહેઠાણ-ખાનપાન-કપડુલત્તુ વગેરે મળ્યામાં નિરાંત-પ્રફુલ્લિતતા અનુભવવા લાગી. એમાં એના પર વેશ્યાનું દાક્ષિણ્ય જામ્યું. એનું ભયંકર પરિણામ એ આવ્યું કે વેશ્યા અને વાતમાં લપેટે છે, ને એ લપેટાતી જાય છે.



કોઈ વાર તો વેશ્યા એને કહે 'આ જોને બેન ! તારો ધણી આમ એકાએક મરી ગયો, ને તારે, કેટલું બધું દુઃખ આવ્યું ? હાય યુવાની ફાટ ફાટ ખીલી ઊઠી હોય ને એનું કશું સુખ હવે જોવાનું નહિ ? આ પરદેશમાં કોણ સગાસ્નેહી જોવા આવે છે કે તું શું કરી રહી છે ? યુવાની વેડફી નાખ નહિ.'

કામલતા બ્રાહ્મણી વેશ્યાએ દીધેલા આશરામાં નિરાંતવાળી બનેલી, તે એના દાક્ષિણ્યમાં તણાય છે, અને કહે છે, 'બેન ખરી વાત તમારી.' શી ખરી વાત ? એને ભાન નથી કે

**યુવાની ખીલ્યા પર યથેચ્છ રંગરાગના જ વિચારો કરવાના હોય અને શીલ-સદાચાર વગેરે કશાનો વિચાર રાખવાનો ન હોય તો તો કૂતરી, ગધેડીના અવતાર ભલા.**

માણસના અવતારે તો હજીય કાંક અંકુશ જાળવવા પડે, દા.ત. રસ્તે જતો કોઈક રૂપાળો દેખાયો ને મન ઉછળ્યું, પણ ત્યાં કાંઈ ભેટી ન પડાય. ત્યારે કૂતરી-ગધેડીને આવો કશો અંકુશ નહિ; નિરંકુશ સુખ ભોગવવા મળે. તો શું એ અવતાર સારો ? શું ભગવાનને પ્રાર્થના કરવી છે કે, 'પ્રભુ ! મને આવો માણસનો અવતાર ન આપીશ. સુખની આડે સમાજના-વ્યવહારના કેટલાં બધાં બંધન ? બંધન વિનાના આવા કૂતરા-કૂતરી-ગધેડા-ગધેડીના અવતાર આપજે.' શું ભગવાન પાસે આવી માગણી કરવી છે ? ના; કેમ ના ? કહો,

**બંધન-અંકુશ એ કષ્ટ નથી, વિવેક છે.**

જેને બંધન નથી, અંકુશ નથી, એ અવિવેકમાં તણાયો અતૃપ્ત રાક્ષસ જેવો બને છે. એની તૃષ્ણાને સીમા નથી. તો શું એ સુખી થાય છે ? તત્કાલ કાંક સુખ લાગે એના પર મદાર બાંધવા જેવી નથી. એમ તો દારૂડિયાને ય નિરંકુશપણે દારૂ ઢીંચવામાં સુખનો અનુભવ થાય છે. શું એને સુખી કહેવો છે ? જો હા, તો તમે શું એ સુખ ઈચ્છો છો ? સુખ તો કાંક તૃષ્ણા પર અંકુશ હોય તો અનુભવાય.

વેશ્યા કામલતાને વળી એ સમજાવતી કે 'યુવાની ભોગસુખ વિના વેડફાઈ જાય છે.' આ કેવી ઊંધી સમજ ? આ પશુનો હિસાબ ? કે માનવનો ? અનાર્યનો હિસાબ ? કે આર્યનો ? આર્ય માનવનું ઊચ્ચ પવિત્ર દિલ તો એ માનનારું હોય કે,

**ભોગ એ વિટંબણા છે, ત્યાગ એ શોભા છે, નિરાંત છે, સ્વસ્થતા છે.**

ભોગીઓનાં જીવન જુઓ અને ત્યાગીઓનાં જીવન જુઓ. બેમાં કોણ વિટંબણામાં ? કોણ સ્વસ્થતા અને શોભાવાળા ? એમાંય સ્ત્રીની શોભા શેમાં ? જ્યારે અનેક પત્નીઓનો રિવાજ હતો ત્યારે પણ શું સ્ત્રીઓએ અનેક પતિ રાખવાનું સાંભળ્યું છે ? કેમ નહિ ? અનેક પતિ વચ્ચે એક સ્ત્રી હો એ તદ્દન બેહૂદું છે. યુવાની ભોગસુખ વિના વેડફાઈ જતી હોય તો આ બંધન શા માટે કે અનેક પતિ

ન કરી શકાય ? પતિ મહિનો કે છ મહિના પરદેશ જાય ત્યારે ઘરે રહેલી પત્નીની યુવાની શું વેડફાઈ રહી કહેવાય ?

**કામલતા વેશ્યા બને છે :-**

પણ વેશ્યાનો હિસાબ ભોગ વિના યુવાની વેડફાઈ જવાનો છે. એટલે એ કામલતા બ્રાહ્મણીને લલચાવી રહી છે કે 'યુવાની વેડફી ન નાખ.' દાક્ષિણ્યમાં પડેલી કામલતા એ વાતમાં 'ખરી વાત' કહી મત્તું મારી રહી છે. એટલે પેલીને ફાવતું જડ્યું. વારંવાર એ ઝેર કામલતાના કાનમાં નાખતી ગઈ અને એનું પરિણામ ત્યાંસુધી પહોંચી ગયું કે અંતે બ્રાહ્મણીને વેશ્યાગીરીના રવાડે ચડાવી દીધી.

માણસને અકાર્યમાં પડવું હોય, જાતે બચવાની તમન્ના ન હોય, તો કોણ બચાવે ? કર્મસત્તાએ તત્કાલ દંડ કરવાનો હિસાબ રાખ્યો નથી; નહિતર તો જીવ દંડથી ગભરાઈ અકાર્યથી પાછો વળી જાય. પણ કર્મસત્તાના હિસાબ તો આગળ પર વિપાક પામી દંડ દેખાડવાના છે. મોટાભાગે દંડ પરભવમાં તો એનાથી કોણ ગભરાય ?

**પરંતુ કર્મસત્તાના દંડનો ભલે લાંબાગાળાનો હિસાબ પણ કર્મસત્તાના દંડ તરફ આંખ મીંચશો નહિ.**

આંખ મીંચનારા કેવા કેવા દંડાઈ ગયા એ જ્ઞાનીઓનાં વચનથી જાણવા મળે છે. વર્તમાનમાં કેટલાય નિર્દોષ જેવા જીવો ભયંકર પીડા શાથી ભોગવે છે ? બકરા-ઘેટા કેવા નિર્દોષ છતાં આજે કત્લખાને કેટલા કપાઈ રહ્યા છે ? કીડી-મંકોડા જેવા નાના જંતુના શા એવા અહીંના ગુના ? છતાં કેવા કચરાઈ મરે છે ? માંકડ-મચ્છરને ડી.ડી.ટી. વગેરેથી મારી નાખનારને આ વિચાર રહે છે ખરો કે આ જીવોનો અહીં એવો ભયંકર ગુનો નહિ છતાં કેમ એને કમોતે મરવું પડે છે ? ત્યારે એને જો પૂર્વ ભવના ગુના પર કર્મસત્તા આ દંડ દઈ રહી છે, તો હું બીજાને મારી નાખવાનો ભયંકર ગુનો કરું એના પર કર્મસત્તા ઊભી થઈને પરભવે મારી શી વલે કરશે ?' આ વિચાર નથી એટલે ખુશમિશાલ ડી.ડી.ટી વગેરે જંતુનાશક વસ્તુ વાપરી એ અગણિત નિર્દોષ જીવોનો કચ્ચરઘાણ કઢાય છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૩૫,તા.૨૫-૫-૧૯૭૪**

જૈન અને આ ક્રૂરતા કરે ? ક્ષણિક સુખ ખાતર ? પ્રાણીસૃષ્ટિ આ બતાવી રહી છે કે અહીં એ નિર્દોષ છતાં પૂર્વના ગુનાએ અહીં એ ભયંકર દુઃખની સજા ભોગવી રહી છે. ગુના વિના સજા હોય નહિ. માટે ગુના કરવા રહેવા દો. તત્કાલ દંડ નથી એ ન જુઓ, ગુનાની લાંબાગાળે અવશ્ય સજા છે, એ જુઓ.



કામલતા ભાનભૂલી બની વેશ્યાગીરીમાં પડી પરલોકના ભયંકર દંડનો વિચાર જ ન રાખ્યો. ક્યાં એક વખતની એ સુશીલ બ્રાહ્મણી ? ને ક્યાં આ વેશ્યા બનવાનું ?

**પણ એક વખત સત્ત્વ ગુમાવ્યા પછી માણસનું અધઃપતન સીમા વટાવી જાય છે.**

**વિષય-કષાયમાં સત્ત્વનાશ :-**

રાણી બની બેસવામાં ગુમાવેલું, તે હવે વેશ્યાગીરીના ભયંકર અધઃપતનને પામી. અધઃપતનની સીમા ન રહી. માટે જ આ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે સત્ત્વ ન ગુમાવીએ, એક એક વખત પણ સત્ત્વ ગુમાવી અકાર્યમાં ન પડીએ. સત્ત્વ ગુમાવી વધુ પડતા વિષયોના ગુલામ ન થઈએ, કે ક્રોધ-ગર્વ વગેરે કષાયને ન આવકારીએ. ભૂલશો નહિ, વિષયોની ગુલામીમાં અને કષાયોની પરવશતામાં સત્ત્વ હણાય છે.

મહાવીર ભગવાનનો જીવ વિશ્વભૂતિ મુનિ મહાવૈરાગી, મહાત્યાગી અને મહા તપસ્વી હતા છતાં પિતરાઈ ભાઈના મશ્કરીના બોલ પર મન ઘવાયું, અભિમાન કષાયને પરવશ બન્યા, તો સત્ત્વ ગુમાવ્યું. તો પતન ક્યાં સુધી પહોચ્યું ? માત્ર ગાયને ઉછાળી અટક્યા નહિ; એમણે ગાયને નીચે હાથ પર ઝીલી લઈ ક્ષેમકુશળ મૂકી દીધા પછી ત્યાં બળનું નિયાણું કર્યું.

**મન ઘવાતાં સત્ત્વનાશ : વિશ્વભૂતિનું નિયાણું :-**

વિશ્વભૂતિ મુનિનું મન અપમાન પર ઘવાતાં આ નિયાણું કર્યું કે 'આ તપ-સંયમના બળે હું પરભવમાં અખૂટ બળનો ધણી થાઉં.' શું એ વખતે વિચાર ન રહ્યો કે 'આ તપ-સંયમ તો મેં મોક્ષ માટે સાધ્યાં છે, તો આવું કેમ ઇચ્છાય ?' ના, પિતરાઈએ કરેલ અપમાનના વિચારે મનને કુંઠિત કરી દીધું, એથી મગજ બહેર મારી ગયું. 'મોક્ષ-બોક્ષ કાંઈ નહિ, તપ-સંયમથી મળતું હોય તો આ મળો.' એમાં એ એવા બળવાન ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા, ને અખૂટ બળ તો પામ્યા, પરંતુ ત્યાંથી મરીને સીધા સાતમી નરકમાં ઊતરી ગયા. ત્યારે અપમાનથી મન ઘવાવાનું આ કેટલું ભયંકર પરિણામ ? મન ઘવાયા પર જ નિર્દોષ ગાયને ઉછાળી, ને મન ઘવાયા પર જ મોક્ષને મૂકી દુન્યવી બળની ઝંખના કરી. એના પર એવું બળ મળ્યું કે જે એમને બળવાન ત્રિપૃષ્ઠ વાસુદેવ બનાવી સાતમી નરક ભેગા કરે છે ! આ બહુ ધ્યાન પર લેવા જેવું છે,

**દુન્યવી બાબત પર મન ઘવાતાં કેટકેટલાં પાપ ઊભા કરે છે !**

પહેલું એ જુઓ કે મન કેવી કેવી બાબત પર ઘવાય છે ! પૈસા ખોયા કે મન ઘવાયું. અરે ! એક સામાન્ય રૂમાલ ખીસામાંથી પડી ગયો એવી ખબર પડતાં

જ મન ઘવાય છે. મનને એમ થાય છે કે 'હાય ! રૂમાલ પડી ગયો.' જરાક કોઈકે સાચો પણ સહેજ કડક શબ્દ કહ્યો, દા.ત. કહ્યું 'ભાન નથી આમ રાભા ભાઈની જેમ ચાલો છો ?' ત્યાં કહેલું સાચું છતાં સાંભળતાં મન ઘવાય છે. દાળમાં જરા મીઠું ઓછું લાગ્યું, ચામાં જરાક સાકર ઓછી લાગી, ત્યાં 'અરે ! આ તે કેવી દાળ બનાવી છે ! કેવી ચા બનાવી છે !' એમ મન ઘવાય છે, 'હું આટલા ઉમળકાથી આવું છું, ને આને આટલો 'આવો' એવું બોલવા જેટલો ય વિવેક નથી ?' આટલામાં ય જો મન ઘવાતું હોય, એને કદાચ સામાએ જો એમજ કહ્યું 'કેમ આવ્યા ?' તો તો જોઈ લો એના મનની ઘવામણ ! 'હાય ! હું ખાસ ભાઈચારાથી મળવા આવ્યો, ને આ મારું અપમાન કરે છે ?'

મન ઘવાવાનું તો અતિ નજીવી અતિ તુચ્છ બાબતોમાં ય થાય છે એટલું બધું એ સત્ત્વહીન છે.

**પ્ર.**- પણ કશું બગડે એટલે મન તો ઘવાય જ ને ?

ઉ.- ના, આવો નિયમ નથી. તમારા આડોશ-પાડોશમાં કેટલાયનું બગડી રહ્યું હોય છે છતાં એ બધા પર ક્યાં તમારું મન ઘવાય છે ? શું આજે જૈન સુખી માણસો નથી જાણતા કે અમારા મહોલ્લામાં કે ગામમાં કેટલાય સાધર્મિકો સીદાય છે ? આજની ભીષણ મોંઘવારીમાં જીવન-નિર્વાહમાં કેટલુંય બગડી ગયું છે ?' છતાં એ સુખીનાં મન ઘવાય છે ? ઘવાય તો તો મનને એમ થાય ને કે

'હાય ! આમનું આટલું બધું બગડી ગયું છે ? તો લાવ, મારી ધનશક્તિ એમાં કામે લગાડું. **ધન મને ધર્મે જ આપ્યું છે. તો એ ઉપકારી ધર્મની સેવામાં એણે આપેલા ધનમાંથી થોડું ય કામે ન લગાડું તો ધર્મદ્રોહી બનું !** સાધર્મિકની સેવા એ ધર્મ છે. એમાં ધન ખરચવું જ જોઈએ એ મારું કર્તવ્ય છે, એ ન ખરચું તો કર્તવ્યભ્રષ્ટ બનું !'

આમ શ્રીમંતોનાં મન સાધર્મિકનું બગડવા પર ક્યાં ઘવાઈને આવો વિચાર કરે છે ? એટલે નિયમ ન રહ્યો કે કશું બગડવા પર મન ઘવાય જ. તો કહો,

**પ્ર.**- પણ અમારું પોતાનું બગડે ત્યાં તો મન ઘવાય જ ને ?

ઉ.- ના, પોતાનામાં ય આ નિયમ નથી મન ઘવાય જ. બહુ વહાલી પત્ની કે પુત્રના હાથે ઘી ઢળ્યું, એ છતાં મન નથી ઘવાતું; ઊલટું ઢોળનારને એમ આશ્વાસન અપાય છે કે 'ગભરાતા નહિ, કશું બગડ્યું નથી. એવું તો મારા હાથે ઘણું ય ઢળેલું, તો આ ઢળવામાં શી વિસાત હતી ?' આ બોલનારનું મન ક્યાં ઘવાયું ? કે ન ઘવાયું ? ત્યારે જો કહો,

**પ્ર.**- ત્યાં તો ઘી આદિ વસ્તુ કરતાં એ પત્ની-પુત્ર ઉપર અથાગ પ્રેમ છે, અત્યંત



વહાલભર્યું મમત્વ છે, એના લીધે એનાથી થતી ભૂલને અકિંચિત્કર ગણે છે; એણે કરેલા ઘીના બગાડાનો કશો બગાડો જ નથી ગણતો; પછી મન શું કામ ઘવાય ?

ઉ.- તો આ કહેવાનો સાર તો એ જ આવ્યો ને કે વસ્તુ બગડે એટલા માત્રથી મન ઘવાય જ એવો નિયમ નહિ. જો કોઈ અત્યધિક પ્રેમની વસ્તુ પાસે હોય તો પેલી તુચ્છ વસ્તુના બગડવા પર એને નહિવત્ ગણીને મન નથી બગાડાતું.

સીતાજીને રામચંદ્રજી પર અત્યંત પ્રેમ-શ્રદ્ધા-ભક્તિબહુમાન હતા, તો રામચંદ્રજીએ ભરતને રાજ્યગાદી લેવી જ પડે એટલા માટે વનવાસ સ્વીકારી લીધો, ને આમ સંસારના રાજવી સુખો બગડી ગયા છતાં સીતાજીએ એને મોટો બગાડો ન ગણ્યો, અને એમનું મન ન ઘવાયું. એમણે તો આ હિસાબ રાખ્યો કે 'હું કોને પરણી છું રાજમહેલને નહિ, ઝવેરાતના દાગીનાને નહિ, માલ-મેવા મીઠાઈને કે નોકર-ચાકરની સાહ્યબીને નહિ, પણ રામને પરણી છું. જેની સાથે મેં લગ્ન કર્યો છે એમાં કાંઈ બગડ્યું નથી, પછી મન શું કામ બગાડું ? મારા પતિ સો ટચનું સોનું છે, તો બીજું ત્રીજું બગડ્યું એમાં મનને શા સારું લાગે ?'

આમ રામ પ્રત્યેના અત્યંત શ્રદ્ધા-ભક્તિ-બહુમાનને લીધે સુખ ભરપૂર જીવન બગડી જવા છતાં સીતાજીનું મન ઘવાયું નહિ બસ, એ જ વસ્તુ આપણા જીવનમાં વિચારવાની છે કે

**મન ન ઘવાય એ માટેની ચાવી :-**

**જો આપણને દેવાધિદેવ તીર્થંકર ભગવાન ઉપર અત્યંત પ્રેમ હોય, એમ ગુરુ પર, જૈનશાસન પર અને આપણને મળેલ નવકારજાપ તથા દયા-દાન-જિનભક્તિ આદિ ધર્મ પર અથાગ પ્રેમ હોય, તો દુન્યવી કશું બગડવા પર મન નહિ ઘવાય.**

મનને એમ થયા કરવું જોઈએ કે 'અહો ! મારા જેવા ગુણહીનને આ વિશ્વશ્રેષ્ઠ વિશ્વવંદ્ય વિશ્વહિતકર વીતરાગ પરમાત્મા મળી ગયા ? આટલી ઊંચી કિંમતની વસ્તુ નાલાયકને મળે ? પણ મને મળી એ મારાં ભાગ્યની અવધિ નથી. એમ ગુરુ પણ અથાગ ઉપકાર કરનારા મળ્યા ! એમણે મને જનમ જનમ ભટકાવે એવા પાપથી બચાવનારો ધર્મ દેખાડ્યો આ કેટલો ઉપકાર ! તો એ ધર્મશાસનનો ય કેટલો અવ્વલ ઉપકાર ! એમ મારી પાસે દેવદર્શન-પૂજા નવકારમંત્રજાપ, દયા-દાન-શીલ-વ્રત-તપ વગેરે સાધનાઓ છે એ પણ કેટલી બધી ઊંચી વસ્તુ છે ! આ બધું દેવ-ગુરુ-શાસન અને ધર્મસાધના-સદ્ગુણો મારી પાસે હોય એ તો મહાનિધાન છે; પછી મારે એની આગળ તુચ્છ ગણાય એવી સાંસારિક કોઈ વસ્તુ કોઈ માનપાન કે માલસામાન યા સુખસગવડ બગડી જાય એના પર શું કામ મારું મન ઘવાવું જોઈએ ? ક્રોડોનું નિધાન પાસે હોય એને કાચના ચાર ટૂકડા બગડી જવા પર મન

ક્યાં બગડે છે ? મન ક્યાં ઘવાય છે કે 'હાય ! કાચના ટૂકડા બગડી ગયા !

ઋષભદેવ ભગવાન પૂર્વના ત્રીજા ભવે ચક્રવર્તી હતા, અને એ છ ખંડની ઠકરાઈને એક તણખલાની જેમ ત્યજી દઈને એમણે સંયમ-ચારિત્ર લીધેલું. તે સંયમને કેટલું બધું ઊંચું ને કિંમતી સમજીને જ લીધું હશે ને ? હવે એ સંયમ જીવનમાં પરિસહ આવે, પ્રતિકૂળતા આવે, ને મનને અરતિ થવાનો મન ઘવાવાનો પ્રસંગ ઊભો થાય, ત્યાં એ આ વિચારતા કે

**'મારી પાસે અમૂલ્ય સંયમ છે, પછી બહારનું કશું બગડે એથી શી મોટી ખોટ કે મન બગાડવું ને અરતિ ઉદ્વેગ કરવા ?'**

તાત્પર્ય, અતિ પ્રિય સંયમને આગળ કરી પ્રતિકૂલતાઓ એ લેશ પણ અરતિ કરતા નહિ.

**એમ મન અખંડ ન ઘવાયું રાખીને કરેલી સાધનાઓના બળ પર એમણે તીર્થંકરપણાનું પુણ્ય ઊભું કર્યું !**

કિંમત કોની ? તીર્થંકરપણાના પુણ્યની ? કે બહારનું કશું બગડે એની ? જો એ પુણ્યની કિંમત હોય તો તો બહારનું બગડવાનું તો વિસાતમાં ન લાગે. પછી એના પર મન શું કામ ઘવાય ? શું કામ મનને ઘા લાગવા જ દેવો ?

આ બહુ ધ્યાન રાખવા જેવી બાબત છે કે એક બાજુ આપણે કાંઈ ધર્મસાધના કરતા હોઈએ પણ બીજી બાજુ જો જરા જરામાં અરતિ-ઉદ્વેગ કરીએ છીએ, જરા જરામાં મન ઘવાય છે, તો એ ભયંકર ખામી છે, કર્મસત્તાનો ભયંકર ગુનો છે. પૂછો

**વાતવાતમાં અરતિ-ઉદ્વેગ થાય, મન ઘવાય, એ ભયંકર ગુનો શાથી ?**

**(૧) 'અરતિ ભયંકર'નું પહેલું કારણ :-**

એનાં કારણ છે; પહેલું કારણ આ, કે મામૂલી મામૂલી વસ્તુ બગડવા પર ઉદ્વેગ કર્યો એમાં એ વસ્તુને એવી કિંમતી ગણી કે એની આગળ અરિહંતદેવ, નવકારમંત્ર યા દયા-દાનાદિ ધર્મને એવા મહાકિંમતી ન ગણ્યા કે જેના પર નક્કર આશ્વાસન રહે કે 'આ જે મારી પાસે છે, એટલે તો ત્રણ ભુવનનું રાજ્ય છે. તો મનમાં અરિહંત સ્મરણ નવકારજાપ કે દયાદિધર્મ-અનુમોદના જ ન ચલાવું ? શા સારું એ મૂકી બાહ્ય તુચ્છતા બગાડીને મન પર લઉં ?'

**ઉદ્વેગ ટાળવાની ચાવી :-**

જો આપણે આને જ મહાકિંમતી સમજીએ છીએ, અને જો આના પર જ આપણને અથાગ પ્રેમ-બહુમાન છે, તો બહારનું કશું બગડવા પર, કાંઈ પ્રતિકૂળ બનવા પર, આપણને મન ઘવાવાનો ને અરતિ-ઉદ્વેગ થવાનો ભય લાગે; તેથી ઊઠવા જ ન પામે એ માટે નવકાર-જાપ વગેરેને મહાકિંમતી માની એને જ ચાલુ કરી દઈએ.



આપણી જાતને ઓળખી લેવાની જરૂર છે. અનાદિ અનંતકાળના બાહ્યમાં જ રચ્યાપચ્યા રહેનારા આપણે બાહ્યનું બહુ મહત્ત્વ લેખી લેખી નાજુક આળા મનના બનેલા છીએ. તેથી જ એ સહેજ સહેજ બગડવામાં, જરાક જરાક પ્રતિકૂળ આવવામાં આપણું મન ઘવાય છે, અરતિ ઉદ્વેગ થાય છે, ત્યાં પછી માત્ર અંતકાળે પણ યાદ કરાતાં સ્વર્ગગતિ અપાવે એવા મહામૂલા નવકારને પણ ઘડીભર અકિંમતી ઠરાવી દઈએ છીએ, ને મનમાં એનું આલંબન ન પકડતાં પેલી અરતિને મનમાં ઘાલીએ છીએ.

**તો આ અરતિ કેવી ગોઝારી કે મહામૂલા નવકારને ય ઘડીભર કિંમત વિનાનો ઠરાવે ?**

**(૨) 'અરતિ ભયંકર'નું બીજું કારણ આ, કે**

અરતિથી વારે વારે મન ઘવાતાં મન મુડદાલ બની જાય છે.

**જે મન મોક્ષસાધના માટે સૌથી ઊંચું સાધન છે, એ જ મુડદાલ બની જાય એ કેટલી મોટી ખોટ ?**

એ ખોટ કરાવનારી અરતિ કેવી ભયંકર ? જે માનવમન સત્ત્વ કેળવીને દુન્યવી બાબતની અસર ન લેતાં સાધનામાં લયલીન બનાવી શકાય, વિચાર કરે તો સાધનાના જ કરે એવું બનાવી શકાય, એવા મનને મુડદાલ બનાવી શકાય, એવા મનને મુડદાલ બનાવી દેવાય, ત્યારે કેટલું બધું ગુમાવવાનું થાય ?

મન મુડદાલ કેમ બને છે ? સત્ત્વ ગુમાવાય છે માટે.

કેમ ગુમાવાય છે ? દુનિયાની બાબત મન પર અસર કરી જાય છે માટે.

સત્ત્વ પિતરાઈયાએ મશ્કરીના બોલ કહ્યા એની વિશ્વભૂતિમુનિએ મન પર ખોટી અસર લીધી; અપમાન લાગી મન ઘવાયું; તેથી સત્ત્વ હણાયું, ને મન મુડદાલ બન્યું, અને મોક્ષ માટેની ઊંચી ક્ષમા-સમતા-કરુણાની સાધના ચૂક્યા; અરે મોક્ષ જ મેળવવાની તમન્ના પણ ગુમાવી. મન ઘવાતાં અને અરતિ-વ્યાકુળતાને વશ પડતાં કેટલી મોટી હાનિ ? મોક્ષની લેશ્યા ભૂલાવે એ ઓછું નુકસાન છે ? એક નાનીશી બાબતની અરતિ આ કરાવે, એ અરતિ કેટલી ભયંકર ?

બહુ વિચાર કરવા જેવો છે. વાતવાતમાં મન કેવું બગાડીએ છીએ, અને એથી મુડદાલ બનેલું મન કેવા કેવા અનર્થમાં પડશે, તેમજ આ ઉત્તમ ભવ કેવો કથિરનો બનશે, એની ચિંતા જ નહિ ? તપાસો મનની મુડદાલ સ્થિતિને કે એ મુડદાલ મન કેવીક નાનીશી બાબતમાં ઘવાઈ જાય છે અરતિ-વ્યાકુળતામાં પડે છે; ને પછી એના પર જરૂર પડ્યે કદાચ કેવા આર્ત-રૌદ્ર-ધ્યાનના વિચાર મિથ્યાત્વના વિચાર કે કષાયના વિચાર ચાલી પડે છે ?

**વસુભૂતિરાજા** સત્યવાદી તરીકે પ્રસિદ્ધ હતો. ગુરુમાતાએ એને જૂઠી સાક્ષી ભરવા કહ્યું, 'જો મારા દીકરા પર્વતને ને પરદેશી નારદ બ્રાહ્મણને વિવાદ પડ્યો છે. **'અજૈર્યષ્ટવ્યમ્'** એ વેદવચનનો અર્થ પર્વત કહે છે, 'બકરાઓથી યજ્ઞ કરવો.' ત્યારે નારદ કહે છે, 'જુની ડાંગરથી યજ્ઞ કરવો,' બંને પોતપોતાના અર્થને ગુરુજીએ કહ્યાનું કહે છે. તું પણ ગુરુજી પાસે ભણ્યો છું, એટલે છેવટે નક્કી કર્યું છે કે 'વસુરાજા ગુરુજીનો જે અર્થ બતાવે તે સાચો ગણાય; અને ખોટા અર્થવાળાની જીભ કપાય.' માટે તારે સાક્ષી ભરવાની છે;'

વસુરાજા કહે, 'તો ગુરુજીએ તો 'જુની ડાંગરથી યજ્ઞ કરવો' એમ જ અર્થ કર્યો છે, એટલે મારે સાચા તરીકે એ જ કહેવો પડે."

ગુરુમાતા કહે, "તો શું મારા પુત્રની જીભ કપાવવી છે ? હું તારી પાસે પુત્રરક્ષાની ભીખ માગું છું. હું તારા ગુરુજીની પત્ની તારી માતા જેવી છું. માતાને તારે આ દાક્ષિણ્ય આપવી પડશે."

માતા પોતે ય સાચો અર્થ આ જ હોવાનું જાણે છે, છતાં પુત્રના મોહમાં પડી છે, ને વસુરાજાને પણ ખોટા અર્થમાં મત્તું મારવા તાણે છે. પુત્રમોહના લીધે મન મુડદાલ બની ગયું, એટલે 'હાય ! દીકરાની જીભ કપાય ?' એ અરતિ-ઉદ્વેગમાં પડી, ને સત્યવાદી રાજા પાસે જૂઠ બોલાવવા માગે છે.

ત્યારે વસુરાજા ય ખોટા દાક્ષિણ્યમાં તણાયો, તે મનનું સત્ત્વ ન જાળવી શક્યો, 'અરે ! ગુરુમાતા ભીખ માગે ને એને ના પડાય ? ભલે ત્યારે મારે જૂઠી સાક્ષી ભરવાની,' એમ મનથી નક્કી કર્યું. આ કેવું મન ? મુડદાલસ્તો. વાત તો નાનીશી છે કે ગુરુમાતાને રાજી કરવી કે નારાજ ? 'પણ એને નારાજ કેમ કરાય ?' એટલી નાનીશી બાબતમાં વસુરાજાનું મન મુડદાલ બની ગયું, તે જૂઠી સાક્ષી ભરી કે 'ગુરુજીએ 'અજ' નો અર્થ બકરો કર્યો છે.' આ જ્યાં બોલ્યો, ત્યાં ક્ષેત્ર દેવતાએ એને ઊંચા સિંહાસન પરથી પીઠમાં લાત મારી નીચે પટક્યો. પટકાઈને એ લોહી વમતો મરી નરકમાં જઈ પડ્યો.

બોલો 'ગુરુમાતાને નારાજ કેમ કરવી ?' એવી નાનીશી બાબતે મન કેવું મુડદાલ બનાવ્યું કે એને પાકા જૂઠના વિચારમાં ચડાવી દીધો ને અસત્યભાષણ કરાવ્યું ! નરકમાં ગયો એટલે રૌદ્રધ્યાનમાં મોત થયું હશે. અરતિ મનને આવું મુડદાલ બનાવી દે, ત્યારે એ કેવી ભયાનક !

**અરતિ રૌદ્રધ્યાને પહોંચાડે એ મોટું નુકસાન :-**

મનમાં એવું લાવતા નહિ કે 'આ તો એને દેવતાએ સજા કરી, પણ આજે ક્યાં દેવતા આવે છે તે આપણને અસત્યની આવી સજા થવાની છે ?' ભલે દેવતા



ન આવતા હોય, તેથી અહીં તત્કાલમાં આવી મોત જેવી સજા ન આવે; પરંતુ અસત્યભાષણના નિર્ધારમાં રૌદ્રધ્યાન લાગે એનું શું ? એમાં નરકગતિનાં પાપ ઊભાં થયા વિના રહે ? સહેજ પૈસાના લોભમાં કે કોઈને સારું લગાડવાના લોભમાં મન મુડદાલ બનાવ્યા પછી ક્યાં સુધી પહોંચવાનું ? અનંત દુઃખ દે એવાં નરકનાં અશાતાકર્મ બાંધવા સુધી ને ?

સિંહગુફાવાસી મુનિ સિંહની ગુફા આગળ ચાર મહિનાના ઉપવાસ કરીને ધ્યાનમાં રહેવાના મનોબળવાળા; પરંતુ જરાક સ્થૂલભદ્રજીની અધિક પ્રશંસા સાંભળવા પર અરતિમાં પડ્યા કે 'હેં ત્યારે અમારી સાધનાની કિંમત ઓછી ? ને આ ચારે મહિના ખાઈ-પીને વેશ્યાને ત્યાં રહેનાર ઊંચી સાધનાવાળા ?' પેલી બાજુ ભારે મનોબળ છતાં આ પરપ્રશંસા સાંભળતા મન મુડદાલ બનાવ્યું. તો એના પર હવે કેટલા અપરાધ કર્યા એ જુઓ.

મૂઢ બનેલા જીવને આ જોતાં ય નથી આવડતું કે અરે ! ચાર મહિનાના ઉપવાસ કરી સિંહની ગુફા આગળ ધ્યાન ધરે એ મોટી બાબત ? કે પોતાના કરતાં બીજાની અધિક પ્રશંસા ન થાય એ મોટી બાબત ? પ્રશંસા તો નાની મામૂલી બાબત જ ને ? મહાકલ્યાણ કોના પર થાય ? પેલી સાધના પર ? કે સમાન પ્રશંસા મળે એના ઉપર ? પરંતુ પોતાને ઓછી ને બીજાને અધિક પ્રશંસા મળવા પર અરતિ થઈ એટલે મન એવું મુડદાલ બનાવ્યું કે જુઓ એ હવે કેટલાં દુષ્કૃત્ય કરાવે છે !

**સિંહગુફાવાસી મુનિનાં અરતિ પર કેટલાં દુષ્કૃત્ય ? :-**

(૧) મહામુનિ સ્થૂલભદ્રસ્વામી પર ઈર્ષ્યા થઈ.

(૨) મોટા ચૌદપૂર્વધર શ્રુતકેવળી ગુરુ સંભૂતિવિજયસ્વામી આ પ્રશંસા કરે છે છતાં એમના આ પ્રશંસા વચનનો અને ગુરુનો અનાદર કર્યો, ને એમના પર પક્ષપાતિપણાનો આરોપ ચડાવ્યો.

(૩) પોતાની સાધના ઉપર અભિમાન. અને સ્થૂલભદ્રજીની મહાસાધના પર તુચ્છકાર આવ્યો.

(૪) 'હું પણ અવસરે ગુરુને બતાવી આપીશ' એવી આ મહાજ્ઞાની ગુરુ સામે મનમાં અભિમાનની ગાંઠ વાળી.

(૫) બીજે ચોમાસે ગુરુનો 'ભાઈ ! તારું કામ નહિ' એમ નિષેધ કરવા છતાં વેશ્યાને ત્યાં ચોમાસું ઊપડ્યા એમાં ગુરુઆજ્ઞાને ઠોકરે મારી.

(૬) વેશ્યાને ત્યાં ગયા તો ખરા, પરંતુ એના રૂપરંગને જોતાં જ લોભાયા, ને એની પાસે ભોગની પ્રાર્થના કરી.

(૭) વેશ્યાએ નાણાં માગતાં, 'હું નાણાં ક્યાંથી લાવું ? એમ દીનતા કરી.

(૮) વેશ્યાએ ઉપાય બતાવતાં ભર ચોમાસે નેપાળ દેશ ઊપડ્યા, ને રાજા પાસેથી કિંમતી રત્નકાંબળ લીધું. વરસાદના પાણી વગેરે જીવોની અપાર વિરાધના કરી, અને મહાપરિગ્રહપાપ સેવ્યું.

(૯) કિંમતી કાંબળને મોટા વાંસમાં છૂપાવી પાછા વળતાં જંગલમાં ચોરો મળ્યા તો એને જૂઠું કહ્યું કે 'મારી પાસે કોઈ નથી.' માયામૃષા.

(૧૦) ચોરોએ વાંસ ખોલીને કાંબળ લઈ લેતાં એ પછી લેવા ચોરો આગળ દીનતા-કાલાવાલા-ભાઈ-બાપા કર્યાં.

આ બધું વિગતવાર કેમ ગણવું પડે છે ? એટલા માટે કે ખ્યાલ આવે કે પરપ્રશંસા સાંભળવા જેવી નાનીશી વાત પર અરતિ થઈ તો એણે કેટકેટલા મહાઅનર્થો નોંતર્યા ? મુનિને કેટકેટલા મહાપાપમાં ઘસડ્યા ?

**ત્યારે આવું સરજનારી મામૂલી વાતની પણ અરતિ કેટકેટલી ભયંકર કહેવાય ?**

**મન ક્યાં ક્યાં મુડદાલ બને છે ? :-**

મન મુડદાલ બને છે માટે જ આવી અરતિ કરે છે. પરપ્રશંસા, પરસંપત્તિ, પરનાં સન્માન, વગેરે જોતાં જો મન ઘવાય, તો એ મુડદાલ બન્યું સમજો. એમ સહજ તકલીફ આવી, ને મનને લાગી આવ્યું, કોઈએ જરા ઠપકો આપ્યો ને મન ઘવાયું, કોઈએ સહેજ અપમાન કર્યું ને મન ઘવાયું, મામૂલી ચીજ ગુમાવી કે બગડી ગઈ ને મનને લાગી આવ્યું, તો ત્યાં બધે મન મુડદાલ બન્યું. જેવું અરતિમાં એવું રતિમાં પણ સમજવાનું કે મન મુડદાલ બને છે. થોડું કમાયા, મીઠું ભોજન મળ્યું, સારાં કપડાં પહેર્યાં, કોઈની સલામ-સ્વાગત મળ્યા, ઋતુ અનુકૂળ થઈ...આવી આવી મનગમતી બાબતમાં જો રાજી રાજી થયા, રતિ કરી, તો એમાં મન મુડદાલ બન્યું.

**સાત્ત્વિક મન એવી રતિ-અરતિ ન કરે. કરે તો તે મુડદાલ છે.**

**મન મુડદાલ બન્યા પછી કેટલાં પાપમાં નહિ તણાય એનું માપ નહિ.**

માટે પાપથી, દુષ્કૃત્યોથી, દોષ-દુર્ગુણોથી, દુર્ધ્યાન અને ખોટા વિકલ્પોથી બચવું હોય તો મન મુડદાલ ન થવા દેશો. મન મુડદાલ ન થવા દેવું હોય તો દુન્યવી બાબતો પર રતિ-અરતિ ન કરશો, બહુ રાજીના રેડ કે નારાજીના નબળા ન બનશો એ માટે વીતરાગ ભગવાન અને એમની વાણી પર અથાગ શ્રદ્ધા કામ આપશે.

દુનિયામાં નાશવંત પદાર્થો ને નાશવંત માન-અપમાન પર અવિનાશી આત્માએ શા માટે દુભાવું ? શા માટે કિંમતી મનને સત્ત્વહીન મુડદાલ બનાવવું ? એવા મન મુડદાલ કરી શા સારુ પાર વિનાનાં પાપ નોંતરવાં ?

નાનીશી બાબતની અરતિ ઉદ્વેગ કેવું ભયંકર કામ કરે છે એની વાત ચાલે



છે. કોણિકને લાગ્યું કે 'મારી રાણીને નહિ, ને હલ્લની પત્નીને દેવતાઈ હાર તથા કુંડલ ?' બસ, મનને ઓછું આવ્યું, અરતિ થઈ, એના પર જાણો છો ને કે એ ક્યાં સુધી પહોંચ્યો ? હલ્લ-વિહલ્લને આશરો આપનાર દાદા ચેડામહારાજ સાથે બાર વરસ સુધી લશ્કર લઈ લડ્યો ! તો ય વૈશાલી હાથ ન આવી ત્યારે કુલવાલક મુનિને વેશ્યા દ્વારા ભ્રષ્ટ કર્યો ! ને એના દ્વારા વૈશાલીનો શ્રી મુનિસુવ્રત-સ્વામીનો પવિત્ર પ્રભાવક સ્તૂપ તોડાવ્યો ! વૈશાલી ખેદાનમેદાન કરી ! અરતિના આ કેવાં ભયંકર પરિણામ !

**વિશ્વભૂતિ મુનિ** ધીર-વીર, મહાવૈરાગી-મહાસંયમી અને મહાતપસ્વી છતાં પિતરાઈભાઈના મશ્કરીના બોલ પર અરતિ-ઉદ્વેગમાં પડ્યા કે 'હાય ! મારું આ અપમાન કરે છે ?' તો એથી મન ઘવાતાં કેવું મુડદાલ, કેવું નિઃસત્ત્વ બની ગયું કે મોક્ષની દૃષ્ટિ બાજુએ ફગાવી દઈ આટઆટલા તપ-સંયમના તુચ્છ ફળરૂપે અખૂટ બળ મળવાની આશંસા કરી, નિયાણું કર્યું ! તપ-સંયમથી પુણ્ય તો ઉપાર્જ્યું હતું, પરંતુ એના પર હવે પાપાનુબંધિતાનો સિક્કો મારી દીધો.

**પૌદ્ગલિક વસ્તુની તીવ્ર આશંસા કરવાથી ધર્મે આપેલા પુણ્ય ઉપર પાપાનુબંધિતાનો સિક્કો લાગે છે.**

**પુણ્ય પાપાનુબંધી એટલે ?**

એ જ કે હવે એ પુણ્ય જ્યારે ઉદયમાં આવશે ત્યારે સુખ-સગવડ તો મળશે, પરંતુ સાથે સાથે, પેલી મોહબુદ્ધિથી આશંસા-નિયાણું કરેલું, એ મોહબુદ્ધિ પણ જાગતી રહેશે; ને મોહબુદ્ધિ જાગતી એટલે પછી સદ્બુદ્ધિ ન આવે, દુર્બુદ્ધિ જ આવે. એ કામ-ક્રોધ-લોભ મદ-માયા-દંભ વગેરે જાલિમ કષાયો કરાવે. એને વશ પડ્યો જીવ લખલૂટ પાપ કરવાનો. વિષયવિલાસ એટલો ! લક્ષ્મીની લાલસા એટલી ! બળનું સત્તાનું અભિમાન એટલું ! આરંભસમારંભ-જીવહિંસા-જૂઠ-અનીતિ-રગડાઝગડા...વગેરે વગેરે પાપો ય એટલાં !

વિશ્વભૂતિ મુનિએ તપસંયમથી પુણ્ય બાંધેલું, તેથી કાળ કરીને સાતમા દેવલોકે તો ગયા, અને પછી પાપ-નિયાણાના પ્રતાપે અખૂટ બળી મહાસમૃદ્ધ ત્રિપૃષ્ઠ વાસુદેવ તો બન્યા, પરંતુ પુણ્ય પાપાનુબંધી બનાવીને આવ્યા છે ને ? એટલે પાપાનુબંધિતાનાં ફળરૂપે જાલિમ મોહબુદ્ધિમાં પડ્યા, તે આંખ મીંચીને વિષયવિલાસો અને સત્તાનું ભારે અભિમાન, કોઈના સહેજ ગુના પર કરપીણ સજા કરવાની ક્રૂરતા, વગેરે વગેરે ભયંકર કષાયો ફાલ્યાફૂલ્યા.

**ત્રિપૃષ્ઠ વાસુદેવનાં કેટલાક જીવન પ્રસંગ :-**

ત્રિપૃષ્ઠ પોતે હજી વાસુદેવ નથી બન્યા, એમના પિતા પ્રજાપતિ રાજા છે,

પોતે કુમાર અવસ્થામાં છે, ત્યાં રાજસભામાં મોટા રાજા પ્રતિવાસુદેવ તરફથી દૂત આવી મોટા રાજાનો આદેશ કહે છે કે 'અમુક સીમાડામાં ચોમાસામાં ક્યારેક ક્યારેક સિંહ નીકળી આવે છે, તેથી ખેડૂતોને ભય રહે છે, તેથી રાજાઓ વારાફરતી ત્યાં રક્ષણ કરે છે. તો આ વખતે તમારો વારો છે. માટે તમારે રક્ષણ કરવું.'

સભામાં ત્રિપૃષ્ઠ બેઠો છે, એનું મગજ ફરી જાય છે કે 'આ વળી આવો હુકમ કરનાર કોણ ?' તે દૂતને ધુત્કારે છે, પરંતુ ત્યાં પિતા રાજા ગભરાય છે કે 'દૂત જઈને મોટા રાજાને આ કહે તો પેલો ગુસ્સે થઈ નાહક હેરાન કરે,' એટલે કુમારના આ શબ્દોનું વારણ કરી દૂતને ખોટું ન લગાડવા કહે છે, અને આદેશ સ્વીકારી લે છે. ત્યારે ત્રિપૃષ્ઠકુમાર પૂર્વ ભવેથી અભિમાન મજબૂત કરીને આવ્યા છે તે જપે ? દૂત જ્યારે ગયો ત્યારે પાછળથી પોતે પણ જઈને એને રસ્તામાં દબડાવી આવે છે.

**એક જનમમાં કોઈ કષાયનું પાકું વાવેતર કર્યા પછી એ પછીના ભવોમાં ફાલવા ફુલવાનો.**

પ્રજાપતિ રાજા સિપાઈઓનો રસાલો લઈ સિંહથી રક્ષણ કરવા જવાની તૈયારી કરે છે ત્યારે પુત્ર ત્રિપૃષ્ઠ કહે, 'રહો, આપને ને લશ્કરને જવાની કશી જરૂર નથી. અમે બે ભાઈ જઈને કામ વહેલું પતાવી આવીએ છીએ' બસ, એમ કરીને ત્રિપૃષ્ઠ ભાઈ સાથે રથમાં બેસીને ઊપડ્યા એ ગામના સીમાડે જઈ ખેડૂતોને પૂછે, 'સિંહ ક્યારે આવે છે ?'

ખેડૂતો કહે, 'એનું તો સાહેબ ! શું કહેવાય ?'

'તો પછી અહીં ક્યાં સુધી બેસી રહેવાનું ? ચાલો, એ બતાવો કે કઈ બાજુથી સિંહ આવે છે ?'

ખેડૂતોએ પર્વતની દિશા ચિંધી, એટલે ત્રિપૃષ્ઠે રથ એ તરફ લેવરાવ્યો. પર્વતની પાસે જઈ સિંહનાદ કર્યો. કેમ ? સિંહને બહાર બોલાવી લેવા શું ? આજે માણસ સિંહ નહિ, સિંહની દિશા તરફ જતાં ગભરાય, ને આમને સિંહને સામોસામ બોલાવવો છે. ત્યારે બળ કેટલું અથાગ હશે ? અખાડો ખેલીને કે રસાયણ-વસાણાં ખાઈને એ બળ નથી મેળવ્યું; તપ-સંયમથી મેળવ્યું છે હોં. શ્રદ્ધા જોઈએ કે

**બળ રુડું રૂપાળું ખાધાપીધાથી નથી મળતું, પણ તપ-સંયમથી મળે છે.**

**આજના ઝેરી વાતાવરણે મન મૂર્છિત કરી નાખ્યા છે; એટલે તપ અને સંયમ તરફ મન જતું જ નથી.**

**વાઘને વધુ શિકાર મળે એમ એ વધુ ભૂખારવો; એમ આજે વિલાસનાં વધુ સાધન મળતાં જીવની વિલાસભૂખ વધી ગઈ છે. સંયમ સ્વપ્નામાં નહિ.**



ત્યારે સંયમ વિનાના માણસોના મન જુઓ તો કેવા ક્ષુદ્ર, કેવા તામસી ને કેવા નિઃસત્ત્વ બની ગયા છે ! મોટો શેઠિયો હશે, પણ નોકરથી કે દીકરાથી થતા જરાકશા નુકસાન પર તુચ્છ બોલ કાઢશે, ગુસ્સામાં ધમધમશે, અને ભારે રોફ બતાવશે ! કીડી પર કટક ! જીવનમાં સંયમ નહિ એટલે નજીવા નુકસાન તરફ આંખ મીંચવાની ઉદારતા ક્યાં ? નાનડિયાને વાત્સલ્યથી નવરાવી દેવાનું ઉમદા દિલ ક્યાં ? ચિત્તમાં સૌમ્યતાનો પ્રકાશ ક્યાં ?

**સંયમ વિના ઉદારતા-વાત્સલ્ય-સૌમ્યતાનું બળ આવે ક્યાંથી ?**

**તપ વિના ક્ષુદ્રતા-તામસીપણું વગેરે નિર્બળતા જાય નહિ :-**

ત્યારે તપના અભ્યાસ વિના ખાનપાનાદિ અંગે પણ દિલ એવાં ક્ષુદ્ર-તામસી નિઃસત્ત્વ બને છે. ખાન-પાનાદિમાં જરાક આઘું-પાછું થયું ત્યાં જોઈ લ્યો ભાઈનું મન, ભાઈનો ચહેરો, ભાઈના બોલ ! કેમ વારું આમ ? તપથી બળ મેળવ્યું નથી કે બળ પર ઉદાર-ઉમદા-સાત્ત્વિક રહી શકે.

તપ અને સંયમથી એવું આત્મિક બળ ઊભું થાય છે કે જે અવસરે દિલને ઉમદા ઉદાર અને સત્ત્વશીલ રાખી શકે અહીં ત્રિપૃષ્ઠે પૂર્વભવે અથાગ તપ-સંયમથી અથાગ બળ મેળવ્યું છે, એટલે એ બળ પર સિંહને સામે બોલાવવા સિંહનાદ કરે છે. શું કરવું છે બોલાવીને ? એને ખત્મ કરવો છે. અલબત બળનો આ સદુપયોગ નથી, પરંતુ પાપાનુબંધી પુણ્યનું આ ફળ હોવાથી એ ફળ પર પાપલેશ્યા જાગે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૩૬,તા.૧-૬-૧૯૭૪**

**પુણ્યનાં ફળ ઉપર પાપલેશ્યા જાગે એ પુણ્ય પાપાનુબંધી.**

**પુણ્ય પાપાનુબંધી એટલે પુણ્ય વેચીને પાપની ખરીદી કરાવનારું.**

**પાપાનુબંધી બે રીતે :-**

(૧) ભૂલશો નહિ જીવનમાં સુખ-સગવડ માત્ર પુણ્યથી જ મળે. પુણ્યની હુંડી વટાવો એટલે પૈસાટકા વગેરે સુખસાધન મળે; પણ એ કેવા વેપલાથી મળ્યા ? અસત્ય-અનીતિ-વિશ્વાસઘાત ઘોર જીવહિંસા વગેરે ભર્યા ધંધાથી ? તો એ પુણ્ય પાપાનુબંધી છે. એમ એમ પુણ્યની હુંડી વટાવી એટલે પુણ્ય વેચ્યું, પરંતુ આ દુષ્કૃત્યો આચર્યા એટલે પાપ ખરીદ્યાં...આ એક રીતે પાપાનુબંધી.

(૨) બીજી રીતે પાપાનુબંધી આ, કે કદાચ માનો ન્યાયનીતિથી વેપાર ચલાવીને પૈસા કમાયા, પરંતુ હવે એ પૈસા ઉપર લેશ્યા કેવી રહે છે ? અભિમાનની, વેપાર વધારવાના લોભની, વિષયવિલાસ ખેલવાની, મહા આરંભસમારંભની

...વગેરે વગેરેની કે છેવટે સંગ્રહ કરી એના પર ભારે મમત્વ રાખવાની લેશ્યા રહે છે, તો પણ એ પુણ્ય પાપાનુબંધી છે.

આમ (૧) પુણ્યને ઉદયમાં લાવવા જાલિમ પાપ લેશ્યાને જૈનને ન છાજતી પાપકાર્યવાહી રહેતી હોય તો ય એ પુણ્ય પાપાનુબંધી; અને (૨) પુણ્ય ઉદયમાં આવ્યા પછી એના ફળ પાપલેશ્યા જ તરવરતી રહે તો ય એ પુણ્ય પાપાનુબંધી ગણાય. હવે પ્રશ્ન એ થાય,

**પાપાનુબંધીને ફેરવી શકાય :-**

**પ્ર.-** એવું પુણ્ય તો પહેલેથી જ પાપાનુબંધી નક્કી થઈને આવ્યું હોય, એટલે અહીં પૈસા કમાતાં કે પૈસા ભોગવતાં પાપબુદ્ધિ જ કરાવે, એને રોકવા અમારું શું ચાલે ? શું ઊપજે ?

**ઉ.-** તમારે પાપલેશ્યા છોડવી ન હોય, પાપકાર્યવાહી બંધ ન કરવી હોય તો આ બહાનું છે. પરંતુ અહીં સમજવા જેવું છે કે આપણને પાપબુદ્ધિ થાય છે એટલા માત્રથી એમ માની લેવાની જરૂર નથી કે આપણને પુણ્યમાં નિકાચિત પાપાનુબંધ જ પડેલા છે. જો આવું જ હોય તો તો કોઈ જીવ ધર્મ જ ન પામી શકે. કેમકે દરેક જીવ નવો ધર્મ પામતાં પહેલાં પાપબુદ્ધિવાળો તો હોય જ છે, પાપમાં જ પડેલો હોય છે, એ જો પૂર્વના લઈ આવેલા નિકાચિત પાપાનુબંધને લીધે જ હોય તો તો અહીં એ પાપબુદ્ધિ ખસે જ નહિ, ને ધર્મ પામે જ નહિ. પરંતુ અનંતા જીવોને પાપબુદ્ધિ ખસી, ને એ ધર્મ પામી મોક્ષે ગયા, એ સૂચવે છે,

**કે એવા અનિકાચિત પાપાનુબંધ પણ હોય કે જે યોગ્ય નિમિત્ત અને પુરુષાર્થથી તૂટી જાય.**

**(૧) નિમિત્ત પાપબુદ્ધિ તોડે છે :-**

દુનિયાદારીમાં પાપબુદ્ધિ ચાલતી હતી, પરંતુ એમાં કોઈ તીર્થધામમાં લઈ ગયું, તો ત્યાં એ નિમિત્ત પામીને પાપબુદ્ધિને ધક્કો લાગે છે. ગૌતમ ઇંદ્રભૂતિ બ્રાહ્મણને મનમાં ભગવાનની સામે અભિમાન ચાલતું હતું, એ પાપબુદ્ધિ હતી, પરંતુ પ્રભુનું સમવસરણ જોયું, પ્રભુના શ્રીમુખે પોતાનું નામ અને દિલનો સંશય કહેવાયેલ સાંભળવા મળ્યો, આ નિમિત્તો મળતાં અભિમાનની પાપબુદ્ધિ ઓસરી ગઈ. અહીં તમારામાં જ જુઓ કે વ્યાખ્યાનમાં આવતા પહેલાં મનમાં પાપની કેઈ ગડમથલ ચાલતી હોય છે, પરંતુ વ્યાખ્યાન શ્રવણનું નિમિત્ત મળતાં પાપબુદ્ધિ ઓસરી જાય છે ને ? એના પર તિરસ્કાર છૂટે છે ને ?

**મુનિચર્યાનાં દર્શનથી પાપબુદ્ધિ નાશનું દૃષ્ટાંત :-**

એક દુશ્મન તરફથી મારાઓ એક મહાત્માને મારી નાખવા ગયેલા. ચાંદનીની



રાતમાં ઠેઠ ઊંઘતા મહાત્મા પાસે પહોંચ્યા ત્યાંસુધી એમને કઈ લેશ્યા ? 'આમને છરાથી કાપી નાખીએ,' એ જ ને ? આ કેટલી જાલિમ પાપલેશ્યા ! પરંતુ હવે જ્યાં જોતાં જરાક ઊભા છે ત્યાં મહાત્માને ઊંઘમાં પડખું ફેરવવું છે, તેથી એ રજોહરણ ઉપાડી પહેલાં પોતાનું શરીર અને પડખું ફેરવવાની જગા આસ્તેથી પૂંજી લે છે, રખેને શરીરની ઉપર યા એ જગાએ કોઈ નાનું જીવજંતુ બેઠું હોય અને એ મરે તો ? એમ પૂંજીને પછી પોતે પડખું ફેરવે છે.

**મારાઓની સદ્‌બુદ્ધિ :-**

મારાઓ આ જોઈને ચકિત થઈ ગયા કે 'અહો ! શું આ મહાત્માને ઊંઘમાં પણ આ કાળજી છે કે પોતાનાથી કોઈ સૂક્ષ્મ જંતુ ન મરે ? આવા દયાળુ મહાત્મા કોઈના ય ઉપર દ્વેષ ન રાખે, કોઈનું ભૂંડુ ન ચિંતવે, કોઈનું ય બગાડે નહિ, તો પછી આપણને આમને મારી નાખવાનું કામ સોંપનારનું પણ શાના ભૂંડું ચિંતવે ? કે એનું શાનું બગાડે ? ગોઝારું કામ સોંપનારો મૂર્ખ છે, પણ આપણે શા માટે મૂર્ખ થવું ? આવા જગતદયાળુ મહાત્માની તો સેવા કરવાની હોય ? કે એમને મારી નાખવાના હોય ? છટ્, આપણે આવું ઘોર પાપ નથી કરવું. ઘોર પાપ કરીને કમાયેલો પૈસા તો કોને ખબર કોણ ખાશે ને કોણ ભોગવશે ? પરંતુ એ કમાયેલા પાપથી આપણે નરકમાં પટકાવું પડે. બસ, ચાલો પાછા મહાત્માને નથી મારવા.'

મારાઓને આ શું થયું ? પાપબુદ્ધિ મુનિચર્યા દર્શનનું સારું નિમિત્ત મળતાં ઓસરી ગઈ. જો પૂર્વના પાપાનુબંધથી પાપબુદ્ધિ જ થાય અને એ કેમેય ટાળી જ ન શકાતી હોય તો આવા સુંદર નિમિત્ત પણ શું કરી શકે ? પરંતુ એવાં નિમિત્ત પાપલેશ્યાને દબાવે છે, ફેરવી નાખે છે, એ સિદ્ધ હકીકત છે, એમજ અનંતા પાપીઓનાં જીવન-પરિવર્તન થઈ ગયાં, એ સૂચવે છે કે અનિકાચિત પાપાનુબંધને ટાળી શકાય છે, દબાવી શકાય છે, ને એથી પાપલેશ્યાને અટકાવી ધર્મલેશ્યા ઊભી કરી શકાય છે.

**(૨) પુરુષાર્થ પાપબુદ્ધિને તોડી શકે :-**

જેમ પાપાનુબંધ નિમિત્તથી દબાય, એમ પુરુષાર્થથી પણ દબાવી શકાય છે. મનમાં પાપવિચારો આવતા હોય પરંતુ જો ઉપરાપર સત્સમાગમ કરે, સાધુની ઉપદેશવાણી સાંભળતો રહે, આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન કરતો રહે, તો કમમાં કમ એટલો સમય પેલા પાપવિચારો અટકે છે. એમ બહુ બહાર હરવા-ફરવાનું ન કરતાં જિનમંદિરોની ફરસના, મંદિરમાં પૂજન-ચૈત્યવંદન-સ્તવન-ગુણગાન, નવસ્મરણાદિ સ્તોત્રપાઠ, સજ્ઝાયો-પદોનું પારાયણ સાધુસેવા સામાયિક-પ્રતિક્રમણ પોષધ વગેરે સત્ પ્રવૃત્તિઓમાં લાગ્યો રહે' તો કમમાં કમ એટલો સમય પાપવિચારો

અને પાપકાર્યવાહીથી બચે છે. આવી ધૂમધામ સત્ પ્રવૃત્તિઓ ચાલુ હોય, સત્ વાંચન-શ્રવણ ચાલુ હોય, સુંદર શાસ્ત્રસ્વાધ્યાય અને અનિત્યાદિભાવનાઓનું ચિંતન ચાલુ હોય તો,

**આવા ધમધોકાર ચાલતા સત્પુરુષાર્થમાં પાપાનુબંધ બિચારા ક્યાં ય દબાઈ જાય, ને પાપબુદ્ધિ ક્યાંય રસ્તે પડી જાય.**

**મુનિને સ્વાધ્યાય બહુ કેમ ? :-**

એટલા માટે તો શાસ્ત્રે મુનિજીવનમાં રોજના અહોરાત્રિના આઠ પહોરમાંથી પાંચ પહોર જેવો જંગી સમય શાસ્ત્ર-સ્વાધ્યાય કરવાનું કહ્યું. કેમ વારું ? સ્વાધ્યાયમાં ચિત્ત પરોવાયેલું રહેવાથી એ ચિત્તમાં પાપ-વિકલ્પો ન ઊઠે, પાપવિચારો ન આવે, પાપલેશ્યા ન જાગે. જો મુનિ આ સ્વાધ્યાયમાં પરોવાયેલો ને પરોવાયેલો ન રહે અને નવરો પડ્યો રામાટામા કરે, તો તો સમજી રાખવું કે 'નવરો પડ્યો નખ્ખોદ વાળે,' એ સત્યના અનુસારે એના મનમાં કેઈ આડા અવળા વિચારો ચાલવાના; પછી એમાં ચીજવસ્તુના વિચાર શારીરિક અનુકૂળતા-પ્રતિકૂળતાના વિચાર, કષાયના રાગ-દ્વેષના વિચાર કે તદ્દન ફિજુલ યા પરચિંતાના વિચારો હોય. એથી આગળ વધીને મોહનાં-કામવાસના વિચાર પણ આવી જવા સંભવ છે.

**ભૂલા પડેલા મુનિનું દૃષ્ટાંત :-**

શાસ્ત્રમાં એક પ્રસંગ આવે છે કે એક મુનિને કામવાસના જાગ્રત થઈ; ને મનમાં એના જ વિચાર આવ્યા કરે છે. એણે પોતાના દિલ મળેલા મુનિને વાત કરી. ત્યારે પેલો કહે 'અરરર ૧ સાધુપણામાં આવા દુષ્ટ વિચાર ? આ તમને મોહનો ઉદય થયો છે, માટે એને દબાવવા તમારે ભારે તપ અને રસત્યાગ કરવો જોઈએ.' 'ભલે' એમ કહી એ મુનિએ જોરદાર ત્યાગ-તપસ્યા આદરી. દિવસો પસાર થાય છે, પરંતુ એને મોહનો ઉદય શમ્યો નહિ. ત્યારે મિત્રમુનિ કહે 'હવે તો ભાઈ ! તમે આચાર્ય મહારાજને વાત કરો. હવે મને આમાં કાંઈ સૂઝતું નથી.

પછીથી એ મુનિએ આચાર્ય મહારાજને વાત કરતાં એઓશ્રી કહે છે, 'ઓહો ! આમાં શું છે ? એ તો આમ શમી જશે. એનો ઉપાય કરીશું. પહેલાં તું એક કામ કર. તું શાસ્ત્રો ભણેલો છું અને અહીં આપણા મુનિઓને જ્ઞાનની જરૂર છે. તો તું એમને આ આ શાસ્ત્રની વાચના આપ.'

આચાર્યે કેમ આમ કહ્યું ? એમણે જોયું કે 'આ સાધુ શાસ્ત્રો ભણેલો છે, પરંતુ એની રટણાનો વ્યવસાય ઓછો થઈ ગયો લાગે છે, તેથી એના નવરા પડેલા મનમાં અનાદિની વાસનાવશ મોહના વિકલ્પોનાં ભૂતડાં પેઠાં લાગે છે. એટલે જો આને પાછો વાચનાદિ સ્વાધ્યાયના વ્યવસાયમાં જોડી દીધો હોય તો એને એનું



મન એમાં જ પરોવાયેલું રાખવું પડે, ને તેથી બીજા-ત્રીજા વિકલ્પોને ઊઠવા અવકાશ જ ન મળે.'

**તત્ત્વોમાં શાસ્ત્ર-પદાર્થોમાં રોકાઈ ગયેલા મનને ફુરસદ જ ક્યાં છે કે મફતિયા એક પણ વિકલ્પ કરે ?**

મન જો આચડકુચડ વિચારો કરે છે, તો એનો અર્થ જ એ છે કે મનમાં ભરચક તત્ત્વચિંતન શાસ્ત્રપદાર્થચિંતન નથી. બોલો, રૂપિયા દસ હજાર ગણી લેવાના હોય તો એ વખતે બીજા વિચાર આવે ખરા ? ના, કેમકે મન એ એકેક રૂપિયાની ગણતરીમાં રોકાઈ ગયું. પરોણીગરને પૂછો, 'ઝીણા મોતીઓ દોરામાં પરોવતાં બીજા વિચાર આવે છે ?' ના જ કહેશે. વચમાં વચમાં, ચાર મોતી પરોવ્યા ને બીજા વિચાર; પછી પાંચ પરોવ્યા ને બીજા વિચાર;...એમ જો કરવા જાય તો સાંજ પડ્યે ધાર્યું કામ જ ન થાય, ને તો રોજી જ ન ઊભી થાય. એક રોજીના ખ્યાલથી જો મોતી પરોવવામાં લીન બનાય છે, ને ત્યાં ભળતા વિચારો નથી ચાલતા, તો પછી કર્મક્ષય અને મોક્ષખ્યાલથી શાસ્ત્રપદાર્થોના અધ્યયન-પરાવર્તન-ચિંતનમાં મનને એકાગ્રતાથી ન પરોવી શકાય ? ને તો શું ભળતા વિચાર આવે ખરા ? રોજીના ઉદ્દેશ કરતાં તો મોક્ષ અને કર્મક્ષયનો ઉદ્દેશ તો ઘણો ઊંચો છે. તો એ કેમ પળ પર ભૂલાય ? કેમ એ પળે પળે નજર સામે ન રહે ?

**જો જો માંડવાળ કરવા જેવી નથી કે** 'આમે ય મોક્ષ ક્યાં આ કાળે મળે એમ છે ? ત્યારે કર્મક્ષય તો સતત સળંગ ન કરતા રહીએ અને વચમાં વચમાં બીજા વિચાર આવી જાય તો ય પાછા સ્વાધ્યાયમાં ચિત્ત લાગતાં કર્મક્ષય તો થતો જ રહેવાનો છે. માટે મન બીજા-ત્રીજા વિચારમાં જતું હોય તો ભલે. આપણે કયાં મહાયોગી છીએ ? તે મહાયોગીની અદાથી મન એવું ચોવીસે કલાક એકાગ્ર રાખી શકવાના હતા ? આમ માંડવાળ કરવા જેવી નથી. એનું કારણ એ છે કે,

**ભળતા વિચારનાં નુકસાન :-**

**ભળતા વિચાર મનને નબળું પાડી દે છે, નિઃસત્ત્વ બનાવે છે.**

(૧) તમે એ ભળતા વિચારના અંદરમાં સંસ્કાર પડે, એ પાછા જાગીને આગળ પર ભળતી વાતોનાં સ્મરણ કરાવી હેરાન કરવાના.

(૨) તેમજ નબળું પડેલું નિઃસત્ત્વ બનેલું મન પછીથી સ્વાધ્યાયના વિષયમાં એટલું જોરદાર ચોંટશે પણ નહિ. આ બંને નુકસાન ખતરનાક છે. ભળતી વાતોનાં સ્મરણ થયા કરે એટલે લાખ રૂપિયાની આવશ્યક ક્રિયાઓમાં એ ડખલ કર્યા જ કરવાના. એક દેવાધિદેવનાં દર્શનની ક્રિયા પણ સરખી નહિ ચાલે. મનમાં કેઈ લફરાં ત્યાં પણ પજવશે. ભળતા વિચાર અને આડાઅવળાં ડાફોળિયાંની કુટેવ

પરમાત્માનાં મહાકિંમતી મહામંગળકારી પવિત્ર દર્શનની ક્રિયા વખતે ય મનને ને આંખને જ્યાં ને ત્યાં તાણી જશે. ત્યારે આવી ક્રિયા હજારો દિવસ કરી તો ય શું? જીવ થોડો જ એમાં ઠરતો થયો ?

**ભળતા વિચાર અને ડાફોળિયાંના લફરાંથી મન દર્શનક્રિયામાં પરમાત્મામાં કે પરમાત્માના ગુણોમાં ઠરે જ નહિ.**

પરમાત્માનાં જો દર્શન વખતે પણ મન એમાં ઠરતું નથી તો, પછી તો એ શું ય એમાં ઠરવાનું હતું ? ને એવી મનના ઠાર્યા વિનાની દર્શન-ક્રિયા કરીને બહાર નીકળ્યા પછી પરમાત્મા શાના યાદ આવે ? બોલો ઠેઠ તીર્થાધિરાજ શત્રુંજય પર જઈ આદીશ્વર દાદાનાં દર્શન કર્યાં છે ને ? તો એ કહો ને એ દર્શન કરી બહાર નીકળ્યા પછી એ આદેસર દાદાનું સ્મરણ કેટલું ? ગિરિરાજ ઊતરતાં ખરું ? તળેટીએ ભાતું ખાતાં કરું ? ધર્મશાળાએ ચાલી કાઢો ત્યાં ? ધર્મશાળામાં રોકાયા ત્યાં ? ક્યાં સ્મરણ ? ક્યારે સ્મરણ ? કહો, ફરીથી બીજે દિવસે આદીશ્વર દાદાના સામે જઈને ઊભા રહો ત્યારે ! બાકી વચલા ૨૨-૨૩ કલાકમાં શું ? કોઈ સાથે હોય તો એની સાથે ફિજુલ વાતો; ને એકલા હો તો આડાઅવળાં ડાફોળિયાં ને આડાઅવળા વિચારો. આ જ કે બીજું કાંઈ ? આવા તીર્થાધિરાજ પર મહાન આદીશ્વર ભગવાનનાં કિંમતી દર્શન મળ્યા પછી પણ કેમ આમ ? કહો, એ દર્શનમાં ને એ આદીશ્વર ભગવાનમાં ચિત્ત એવું ઠર્યું જ નથી કે જે જગતની વાતવસ્તુને એની આગળ તુચ્છ મનાવે.

જેને મનમાની પત્ની મળી હોય, મનમાન્યું રળાવનાર વેપારી કે દલાલ મળ્યો હોય, પંદર રૂપૈડીની નોકરીમાંથી બાર મહિને ૧૦-૨૦ હજાર રૂપિયાની કમાઈવાળો ભાગીદારીમાં ચડાવનાર દુલો શેઠ મળ્યો હોય,...આ બધામાં એનું ચિત્ત કેવું ઠરી બેસે છે ? વારે વારે એ મીઠાસથી યાદ આવ્યા કરે એવું. તો પછી અહીં ભગવાનમાં કેવું એવું ચિત્ત નથી ઠરતું ? કહો, આટલા જ માટે કે એ ન ઠરવા દેનાર ભળતી વાતવસ્તુ છે, નવરું પડેલું મન ડોચરાં છોલે છે, ભળતી વાતોમાં તણાય છે. ને એ કુટેવ આવી મહાન દેવદર્શન જેવી ક્રિયા વખતે ય પજવે છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૩૭,તા.૮-૬-૧૯૭૪**

એટલા માટે આ જરૂરી છે કે મનને નવરું ન પડવા દેવું; ને એ માટે મનને શાસ્ત્રપદાર્થોમાં ખૂબ પરોવાયેલું રાખવું.

આ તો ભળતા વિચારો ને આડાઅવળાં ડાફોળિયાના કુસંસ્કાર અને કુટેવની



વાત થઈ કે એનાં કેવાં નુકસાન ? હવે બીજી વાત. મન એમાં જવાથી નિઃસત્ત્વ બને છે. ત્યારે,

**નિઃસત્ત્વ મનનાં નુકસાન પણ મોટાં.**

માણસ ગમે તેવાં પાપ ક્યારે કરે છે ? કહો પાપ આચરવાને બદલે સત્પથ પર ટકી રહેવાનું સામર્થ્ય નથી, સત્ત્વ નથી ત્યારે પાપ કરે છે. અર્થ અને કામની લાલચ એવી છે કે માણસમાં એવું સત્ત્વ નહિ, એટલે એમાં લલચાઈ જાય છે, તણાઈ જાય છે. પૈસા અને સુખના વિષયોમાં તણાયા પછી તો કેમ ? તો કે એના માટે ફાવે એટલાં પાપ કરવાનો; પ્રગટ નહિ તો છાનાંછૂપકાં. એ ન આચરવાનું એની પાસે સત્ત્વ જ નહિ, એટલે શી રીતે બચે ?

**સત્ત્વ હોય તો જ (૧) પાપથી બચાય; અને (૨) પાપો કરાવનાર અર્થકામની લાલચને જતી કરાય.**

**શ્રેણિક પોતાને કેવો માનતા હતા ? :-**

**પ્ર.-** તો શું તીર્થંકર નામકર્મ અને ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જનાર શ્રેણિક સત્ત્વહીન હતા ?

**ઉ.-** એ કેવા હતા એ આપણે કહેવાની જરૂર નથી. એ પોતે જ શું કહેતાં હતા, શું માનતા હતા એ જુઓ. છેલ્લે છેલ્લે દીકરા કોણિકથી જેલમાં પૂરાયા ત્યારે એ આમ વિચારી રહ્યા છે કે 'ધન્ય છે એ મેઘકુમાર, નંદીષેણ, અભયકુમાર વગેરેને કે જેમણે પ્રભુની પાસે સંસાર ત્યજી ચારિત્ર લીધું ! હું સત્ત્વહીન આ સંસારમાં ફસ્યો રહ્યો. તો આજે આ દિવસ જોવાના આવ્યા. અહીં દુઃખ વેઠવા છતાં કર્મની એવી નિર્જરા નહિ, કેમકે દુઃખને પરાધીનપણે વેઠી રહ્યો છું. સાધુ-જીવનમાં દુઃખ-કષ્ટ સ્વેચ્છાએ સહન કરાય, તેથી અથાગ કર્મનિર્જરા ! પણ ક્યાં મારું એ ભાગ્ય ? સત્ત્વહીનને એ સદ્ભાગ્ય ક્યાંથી હોય ?'

શ્રેણિક પોતાની જાતને શું માની રહ્યા છે ? સત્ત્વહીન, આમ જોતાં ક્ષાયિક સમ્યક્ત્વ અને તીર્થંકર નામકર્મ ઊભાં થાય એવી આરાધનાનો પુરુષાર્થ વિકસાવ્યો; અને મિથ્યાત્વ પોષક લાલચોને વશ ન પડ્યા રહ્યા, એમાં એમનું ભારે સત્ત્વ ગણાય; છતાં ઘરવાસ-વિષયસુખો છોડી ન શક્યા એટલે એમ માનવું તો પડે જ ને કે એ છોડવાનું સત્ત્વ, છોડવાની જીગર-હિંમત નહિ.

**સત્ત્વહીનતાથી પાપિષ્ઠતા :-**

વાત આ છે કે મનને શાસ્ત્રના પદાર્થો અને તત્ત્વોની જ વિચારણામાં ન રોકી રાખો તો નવરું પડેલું મન ફિજુલ યા બીજા-ત્રીજા દુન્યવી વિચારોમાં ચડી જવાનું, અને એમાં મનના સત્ત્વનો નાશ થતો આવવાનો. પછી એ સત્ત્વનાશ

યાને સત્ત્વહીનતા બીજે પણ સતાવતી અર્થ અને કામની લાલચમાં મન તણાવાનું. પરિણામ ? જીવન પાપિષ્ઠ તણાવાનું પાપોમાં.

**મુનિ મોહથી શી રીતે બચે ? :-**

પેલા આચાર્ય મહારાજે આ જોયું કે 'આ મોહના ઉદયથી પકડાયેલ મુનિ ભરચક સ્વાધ્યાય વિના નવરા પડેલા મનવાળો બની ગયો છે, એમાં સત્ત્વહીન થયો છે; ને એ સત્ત્વહીનતા મોહનો સામનો કરાવી શકતી નથી; તેથી મોહના ઉદયથી પીડાય છે. આ મૂળમાં નવરા પડેલા મનનો વાંક છે. માટે એનું મન કામ કરતું કરી દેવું જોઈએ જેથી વિકલ્પો કરવા માટે નવરું જ ન પડે.''

બસ, એ મુનિ આચાર્ય મહારાજે કહ્યા પ્રમાણે કામે લાગી ગયા, દિવસભર અને રાતના પહેલા છેલ્લા પહોરે બીજા મુનિઓને વાચના આપવામાં, જરૂર હોય એને પરાવર્તન કરાવવામાં તથા શંકા-પ્રશ્નોનાં સમાધાન આપવામાં એવા ગુંથાઈ ગયા, કે કોઈ બીજો-ત્રીજો વિકલ્પ-વિચાર કરવાને ફુરસદ જ નથી; તે આખા દિવસની તથા પહેલી રાતની આ મહેનત પર પછી ઊંઘ એવી ઘસઘસાટ આવી જાય છે કે ત્યાંય કોઈ વિકલ્પને સ્થાન નથી. હવે મોહનો વિચાર ક્યાં મનમાં આવે જ ?

૧૦-૧૫ દિવસ પછી આચાર્ય મહારાજ એને પૂછે છે કે 'ભાઈ ! હવે કેમ રહે છે તને ? તું પેલા મોહના ઉદયની વાત કરતો હતો ને ? એનું હવે કેમ છે ?'

મુનિ કહે છે 'ભગવંત ! આપે જ્યારથી આ વાચના વગેરેના કાર્યમાં જોડ્યો ત્યારથી એવું કશું યાદ નથી આવ્યું, એનો લેશ પણ વિચાર જ નથી ઊઠ્યો.'

આચાર્ય મહારાજ કહે, 'બસ ત્યારે, આ શાસ્ત્રના વ્યવસાય વિના તારું મન નવરું પડતું હતું. એટલે એ ભળતા વિકલ્પ ને હલકા વિચારમાં તણાતું હતું. હવે આ વ્યવસાય જિંદગીના છેડા સુધી ચાલુ રાખજે, તને કશો જ વાંધો નહિ આવે. મોટા ચૌદ પૂર્વધર મહર્ષિ પણ શ્રુતસાગરનો પાર પામેલા છતાં એના પારાયણ ચિંતન-મનનમાં લાગ્યા રહે છે. તો આપણા માટે બીજી ગતિ જ કઈ હોય ? આપણા માટે જિનેશ્વર ભગવાનની આજ્ઞા પણ આજ છે; ને મન આમાં પવિત્ર રહે છે.'

મુનિ ગુરુના પગમાં પડીને આંખમાં આંસુ સાથે કહે છે, 'પ્રભુ ! આપે તો મહાન ઉપકાર કર્યો ! આપે મને ખરો બચાવી લીધો ! આપ કહો છો તે સાચું છે. આ પવિત્ર જ્ઞાનના વ્યવસાયમાં રહ્યાથી મન સારું સ્વચ્છ રહ્યું. આપની કૃપાથી હવે વાંધો નહિ આવે. આપે તો મને રાંકને દુર્ગતિમાં પડતો બચાવી લીધો. કેટલો મોટો ઉપકાર ! ગુરુ વિના આ ઉપકાર કોણ કરે ?'

શાસ્ત્ર-સ્વાધ્યાય, શાસ્ત્રોના શ્લોકનું અને પદાર્થોનું રાત ને દિવસ પારાયણ-રટણ-ચિંતન-મનન એ મનને પાપી વિચારો, મોહના વિકલ્પો, કષાયના ચિંતન



અને ફિજુલના તુચ્છ વિચારોથી બચાવી લે છે. તેથી એવા કુવિચારોમાં જીવનું જે સત્ત્વ હણાતું હતું, તે હવે હણાતું નથી. સત્ત્વ ઊભું રહે, વિકસે, તો એના પર બીજી પણ મહાન સાધનાઓ થાય.

**કામલતા વધુ ભ્રષ્ટ :-**

પેલી કામલતા બ્રાહ્મણીએ રાજાની રાણી બની પોતાનું સત્ત્વ હણી નાખેલું, તે હવે સત્ત્વહીન બની વેશ્યાગીરીમાં પડી. ત્યારે એમાં કેટલો ભયંકર અનર્થ થાય છે એ જુઓ. વેશ્યાગીરી તો ભયંકર અનર્થ છે જ, પરંતુ પોતાના પેટના દીકરા સાથે વેશ્યાગીરી કરાય એની ભ્રષ્ટતા અને ભયંકરતા કેવી મોટી ? અહીં એવું બને છે. કેમકે બન્યું એવું કે કામલતાનો મૂળ ધણી બ્રાહ્મણ પેલા જંગલના મંદિરમાં કામલતાને તેડવા આવેલો તે તો સર્પદંશથી પરલોક સિધાવી ગયો, ઘેરે એનો છોકરો નામે વેદ વિચક્ષણ, એ રાહ જોઈ જોઈ થાક્યો, તે હવે પરદેશ ફરવા નીકળ્યો. વેદશાસ્ત્ર અને બીજા શાસ્ત્રો ભણેલો છે તે રાજસભાઓમાં જઈ શાસ્ત્રચર્ચા કરે છે; રાજાઓ અને પંડિતોને ખુશ કરે છે, પોતે પણ આનંદ માણે છે.

કહો આવો માણસ વેશ્યાગામી બને ? પરંતુ એક તો યુવાની, અને પિતાએ અઢળક ધન ઘરે લાવી મૂક્યું છે તે, અને ત્રીજુ પરદેશમાં કોઈની રોકટોક નહિ, જાણીતા સમાજનો ભાર નહિ આ ત્રણ વસ્તુએ દાટ વાળ્યો. આ યુવાન વેદવિચક્ષણ બ્રાહ્મણ ભૂલો પડી ગયો. અહીં કામલતા જે પોતાની સગી માતા છે તે હવે વેશ્યા બની છે, એ જ શહેરમાં એ આવી પહોંચ્યો. રાજસભામાં પહોંચ્યો હશે, શાસ્ત્રવાતો જમાવી હશે, બધાને રંજિત કર્યા હશે; પરંતુ અહીં એના સાંભળવામાં આવ્યું કે એક વેશ્યા બહુ જ રૂપાળી છે; એટલે એમાં એ લોભાયો, ને આવ્યો વેશ્યાને ત્યાં, ને નજરે જ અદ્ભુત રૂપ જોઈ મુગ્ધ થઈ ગયો. એને લાગ્યું કે ચાલો ઘરેથી દૂર દેશમાં નીકળી આવ્યો એ લેખે લાગ્યું.

**માતા-પુત્ર પાપમાં :-**

એની માત્ર બે વરસની ઉંમરે માતાનો વિયોગ થયેલો, તે પછી માતા જોવા જ મળી નથી, એ હવે અહીં જોવા મળી પણ ઓળખે ક્યાંથી કે આ મારી માતા છે ? તેમ માતા કામલતાએ પણ બે વરસનો એને મૂકેલો, પછી તો વરસો ગયા એ હવે નવજુવાન બનીને આવ્યો છે, એટલે એ પણ એને ઓળખી શકતી નથી કે આ મારો પુત્ર છે. બંનેએ વળી પોતાનાં પાપ ઢાંકવા નામ પણ છુપાવી ભળતાં જ નામ ધારણ કર્યા હશે બસ, આમ લેશ પણ સગાઈની ગંધ નહિ, ઓળખ નહિ, અને ઉન્માદમાં ચડેલા તે પાપમાં પડ્યા.

**અજ્ઞાનની ભયંકરતા**

સંસારમાં અજ્ઞાન કેટલું ભયંકર છે ! માતા-પુત્ર તરીકે લોહીનો સંબંધ છે, પણ અજ્ઞાન એ ય ભૂલાવી દે છે, અને ગોઝારાં પાપ કરાવે છે. ત્યારે શાસ્ત્ર કહે છે,

**'अज्ञानं खलु कष्टं हिंसादिभ्योऽपि सर्वपापेभ्यः ।'**

અર્થાત્ હિંસા-જૂઠ-ચોરી મૈથુન વગેરે સમસ્ત પાપો કરતાં અજ્ઞાન દુઃખદ છે; કેમકે એ હિંસાદિ પાપોનાં મૂળમાં અજ્ઞાન કામ કરી રહ્યું હોય છે. માણસને પોતાના આત્માનું ભાન નથી, એટલે એ સમજતો નથી કે 'આ હિંસાદિ પાપોથી પોતાના જ આત્માને પરલોકમાં જાલિમ દુઃખો વેઠવાં પડશે' પછી શું કામ પાપથી દૂર રહે ? તત્કાલમાં તો એથી પોતાના મનને માન્યું સુખ મળે છે; ને કદાચ ક્યાંક સપડામની થાય એવું લાગતું હોય તો એને છાવરવા માયા વગેરે પાપ કરવામાં સંકોચ નથી. પરલોક તો નજરમાં જ નથી, એટલે એ માયાદિનાં પરલોકમાં દુઃખદ ફળ ભોગવવા પડવાની કોઈ કલ્પના જ નથી. પછી પાપાચરણમાં શાનો સંકોચ કે અફસોસી હોય ? બધું મૂળ અજ્ઞાનદશા ઉપર.

**આત્મજ્ઞાન વિના દુઃખનો અંત નહિ :-**

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ યોગશાસ્ત્રમાં લખે છે કે.

**'आत्माज्ञानभवं दुःख-मात्मज्ञानेन हन्यते ।**
**तपसाप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥'**

અર્થાત્ આત્માના અજ્ઞાનમાંથી દુઃખ જન્મે છે, માટે એ દુઃખ આત્માના જ્ઞાનથી નાશ પામે. બાકી આત્મજ્ઞાન વિનાનો તપ કરે તો પણ એ તપથી ય દુઃખ છેદાતું નથી.

**કમઠ તાપસ** તપ તપતો હતો, પણ આત્માનું ખરેખરું જ્ઞાન નહોતું એટલે પાર્શ્વકુમારે એના જ લાકડામાંથી અડધો બળેલો સાપ કઢાવી બતાવ્યો તો એના પર 'હાય ! મારા પંચાગ્નિ તાપમાં આ બિચારા નિર્દોષ સાપની આ દુઃખદ દશા ?' એમ પશ્ચાત્તાપ અને કુમારે ભાન કરાવ્યા પર આનંદ થવાને બદલે પાર્શ્વકુમાર પર દ્વેષ-સંતાપના દુઃખમાં પડ્યો ! આત્માનું સાચું ભાન હોત, પોતાનો અનંતા કાળથી આવા હિંસાદિ પાપોવશ સંસારમાં નિરાધારપણે ભટકતો આત્મા નજર સામે હોત તો તો આ પશ્ચાત્તાપ અને આનંદ પર જાત. પરંતુ એ નજરમાં છે નહિ, એટલે એના બદલે દુઃખમાં પડ્યો.

અરે ! હજી પણ એ આગળ વધુ તપ કરે છે; પણ શા માટે ? આત્માનાં કલ્યાણ માટે ? ના રે ના, પાર્શ્વકુમાર પરના દ્વેષથી અને લોકમાં થયેલી એની હલકાઈના લીધે મન ઘવાયાથી, એના મનને થયું કે 'હજી વધારે તપ તપું ને પછી



દેવ થાઉં તો બતાવી આપું.' તપ તપ્યો અને વ્યંતર દેવ થયો પણ ખરો, કિન્તુ સુખી થયો ? ના, હવે પાર્શ્વનાથ પ્રભુ મુનિ બન્યા છે એમના પરના દ્વેષથી બળી રહ્યો છે.

**દ્વેષ-સંતાપ ચીજ જ એવી, કે ગમે તેટલાં સુખસાધન પાસે છતાં જીવને અંતરમાં સુખનાં સંવેદન બદલે દુઃખનું જ સંવેદન કરાવે.**

લ્યો, કમઠે તપ તો ઘણો કર્યો, પણ દુઃખ ક્યાં છેદાયું ? દુઃખનો અંત ક્યાં આવ્યો ? સાચા આત્મજ્ઞાન વિના દુઃખનો નાશ નહિ. કહેતા નહિ,

**પ્ર.-** એ દુઃખ તો દ્વેષના લીધે છે ને ? એમાં આત્માનું અજ્ઞાન ક્યાં નડ્યું ? દેવ થયો છે એટલે આત્મા તો ઊલટું જાણ્યો જ ને ?

**ઉ.-** આત્માનું અજ્ઞાન આ રીતે નડ્યું કે દ્વેષ એ અજ્ઞાનના લીધે જ ઊઠ્યો છે. દેવ થયા પછી વિભંગજ્ઞાનથી જાણ્યું ખરું કે હું તપના પ્રભાવે દેવતા થયો, પરંતુ હવે એના પર સમતાભાવ અને ધર્મની લાગણી વધારવાની વાત ક્યાં છે ? એ તો ઊલટું એ જુએ છે કે 'પેલા પાર્શ્વકુમાર રાજપુત્રે મારા લાકડામાંથી સાપ કાઢીને લોકમાં મને હલકો પાડ્યો. સારું થયું કે મેં તપ વધાર્યો ને એથી અહીં દેવતા થયો. તો હવે બતાવી આપું એને એમ વિચારીને સમતાભાવમાં ઠરવાને બદલે દ્વેષભાવમાં સળગે છે. ત્યારે દેવપણું પામી જ્ઞાનથી પૂર્વનું બધું જાણવા છતાં જો સમતાભાવ અને ધર્મભાવના નહિ, તો એવાં દ્વેષ-ગુરુ-હિંસાબુદ્ધિ કરાવનાર જ્ઞાનને સાચું આત્મજ્ઞાન શી રીતે કહેવાય ? પૂછો,'

**પ્ર.-** દેવભવે પૂર્વભવનો પોતાનો આત્મા જાણ્યો એને અહીં દ્વેષ થયો એમાં આત્માનું જ્ઞાન ક્યાં ઊડી ગયું ?

**ઉ.-** આત્માનું જ્ઞાન કોને કહેવાય એ જરાક કરીને વિચારશો તો સમજાય એવું છે.

**આત્મા જાણ્યો કોને કહેવાય ? :-**

**જેણે પોતાનો આત્મા જાણ્યો, એણે એના બંધ મોક્ષ ન જાણ્યા હોય એણે આત્મા જાણ્યો કહેવાય ?**

**એમ સત્કૃત્યથી એની સદ્‌ગતિ અને દુષ્કૃત્યની દુર્ગતિ એ ન જાણ્યું હોય તો એણે આત્મા જાણ્યો ગણાય ?**

સંસારની મલિન લાગણીઓ ગુસ્સો, ને અભિમાન, ને માયાપ્રપંચ ને વેરઝેર, ને નાશવંત પર જ્યાં ને ત્યાં મમતા, એ બધી એ આત્માની ખરાબીઓ છે, એથી ઊલટું ક્ષમા-સમતા, ને નમ્રતા-લઘુતા, ને નિખાલસતા-સરળતા, ને ગુણાનુરાગ, ને વૈરાગ્ય નિસ્પૃહતા, એ બધી આત્માની ઉજ્જવળતા છે, આવું ન જાણ્યું એણે

આત્મા જાણ્યો ગણાય ?

'જાણ્યો' એટલે શું ? એ સમજી રાખવાનું છે. વ્યવહારમાં જાણ્યા પાછળ અમુક જવાબદારી સમજવામાં આવે છે. જેમકે જો જાણમાં છે કે 'વધુ પડતો ખરચ ભારે પડે' તો ચીજ-વસ્તુ પાછળ સમજી સમજીને ખરચ કરવામાં આવે છે; ને ક્યાંક વધારે પડતો ખરચ થઈ ગયો તો દિલને ખટકે છે, એનું વારણ કરી લેવા મન રહે છે. છોકરો ક્યાંક એકની જગ્યાએ પાંચ ખરચી આવ્યો, તો દિલ કપાઈ જાય છે, ને છોકરાને શિખામણ-ઠપકો આપતાં જો છોકરો કહે કે 'હું જાણું જ છું કે વધારે પડતો ખર્ચ ન કરાય,' તો તરત કહેવાનું મન થાય છે કે 'તો પછી તારું જાણેલું શું કામનું જ્યાં એકની જગ્યાએ પાંચ ખરચી આવ્યો ?' શું છે આ ? જાણ્યું એ અવસરે નજર સામે તરવરતું રહેવું જોઈએ' એવી સમજ છે. નુકસાનકારક હોય ત્યાં સાવધાની રખાય એવો ખ્યાલ છે ને તેથી જ નુકસાન થઈ ગયું ત્યાં દિલ ઘવાય છે.

**જાણ્યું એની જવાબદારી સમજે તો જાણ્યું કહેવાય.**

બસ, એ રીતે આત્માને જાણ્યો, 'આત્મા ક્યાં બંધાય, ક્યાં છૂટે, કેવા સુકૃતોથી એની સદ્‌ગતિ કેવા દુષ્કૃત્યોથી એની દુર્ગતિ, શી શી આત્માની ખરાબીઓ ને શી શી આત્માની ઉજ્જવળતાઓ, વગેરે જાણ્યું, એ જાણ્યાની કશી જવાબદારી માથે હોય કે નહિ ? નુકસાનમાં પહેલેથી સાવધાની, ને નુકસાન થઈ જવા પર દિલ ઘવાય એવું કાંઈ ખરું કે નહિ ? 'અમે આત્માને જાણીએ છીએ' એવો દાવો રાખતા હોઈએ તો માથે આ જવાબદારી કેટલી ? આત્માને નુકસાનકારક બાબતમાં પહેલેથી સાવધાની કેટલી ? નુકસાની થઈ જવા પર દિલ કેટલું ઘવાય ? એ તપાસવાની જરૂર છે.

**પ્રભાતનો વિચાર :-**

વહેલી પ્રભાતે ઊઠીને શાંત શીતલ વાતાવરણમાં આ વિચારો કે હું મારા આત્માને જાણું છું ? ઓળખું છું ?

(૧) જો જાણું-ઓળખું છું, તો એના બંધ-મોક્ષનો ક્યારે ખ્યાલ રાખું છું ?

(૨) સુકૃતની હોંશ દયા-દાન-પરોપકાર ત્યાગ-તપ-સંયમ વગેરેની હોંશ કેટલી રાખું છું ?

(૩) એથી ઊલટું સ્વાર્થાંધતા-નિર્દયતા અને ખાવા-ભોગવવામાં જાણે પહેલાં આ કદી દેખ્યું જ નથી એવી અતૃપ્તિ, લાલસા-લંપટતા-લાલચુડાપણું કેટલું રાખું છું ?

(૪) 'ક્રોધ-લોભ મદ-માયા વગેરે મારી ખરાબીઓ છે' એવું ભાન કેટલું રહે છે ?

(૫) એ થઈ જવા પર દિલ ક્યાં ઘવાય છે ?



(૬) આત્માને ઓળખાવનાર અને સ્વયં તો સાક્ષાત્ જોનાર ભગવાન મળ્યા પછી મેં આત્માની ઓળખ શી રાખી છે ?...'

વગેરે વગેરે પર શાંત ને સ્થિર ચિત્તે વિચાર કરો, વહેલી પરોઢનું શાંત શીતલ વાતાવરણ એવું છે કે એ વખતે જો વિચાર કરવો હશે તો આનો હૃદય-સ્પર્શી વિચાર લાવી શકાશે.

**પ્રભુને પ્રભાતે પ્રાર્થના :-**

પછી ધીમા સ્વરે પ્રભુને પ્રાર્થના કરો કે 'હે પ્રભુ ! તમે તો કેવી સરસ આત્માની ઓળખ કરાવી, પરંતુ આ મારી કેવી નાલાયકતા કે આખો દિવસ મારી નજર સામે મારા આત્માને બદલે કાયા અને એના સંબંધી પૈસા-ટકા-પરિવાર, ખાનપાન વેપલો ને વ્યવસાય, આવું બધું જ તરવરે છે ! આત્માને બંધના કારણો, દુર્ગતિનાં કારણો, આત્માની ખરાબીઓ, એની કશી ભડક જ લાગતી નથી ! નાથ ! મને બચાવો, મારામાં આત્માની સાચી ઓળખ ઊભી કરો. પ્રભુ ! મારા આત્માને નુકસાનકારી બાબતોમાં એ ન આચરવાની પહેલેથી સાવધાની રહે એવું કરો નુકસાનકારી આચરાઈ જાય ત્યાં મારા દિલને જબરદસ્ત આઘાત લાગે એવું કરો. હે દયાળુ ! આપે તો મહા અપરાધી મહાદુષ્ટ ચંડકોશિયા જેવાને ઊભા રાખી દીધા, આત્માની ઓળખ કરાવી, ને એમને પાપથી પાછા વાળી પાપના ભયંકર આઘાત લગાડી દીધા, ને જબરદસ્ત ધર્મ-આરાધના ચડાવી દીધા, તો મુંજ રાંક પર આ દયા કરો...'

પ્રભાતે આ આત્મચિંતન અને દિલની પ્રાર્થના રોજ ને રોજ કરવામાં આવે તો એની અસર પડશે. સાચા ગદ્‌ગદ દિલની પ્રાર્થના કામ કરશે, નિષ્ફળ નહિ જાય.

આત્માને જાણવા ઓળખવાની અને એ જાણ્યા પર એના હિત-અહિતને નજર સામે તરવરતા રાખવાની જરૂર છે. આ જો બની જાય તો તો પછી બોલવામાં-ચાલવામાં, વિચારો કરવામાં, અર્થાત્ વાણી-વિચાર-વર્તાવમાં મોટો ફરક પડી જશે. મનને રહ્યા કરશે કે,

**દિલની ભાવના :-**

'ટૂંકીશી જિંદગી, એમાં મારા આત્માનું ક્યાં બગાડું ? નાશવંત પદાર્થો, એની ખાતર આત્મામાં ખરાબીઓ શા સારું વહોરું ? ખાધું-પીધું, પહેર્યું ઓઢ્યું, ભોગવ્યું એ બધું કાયમ માટે તો શું, પણ બીજા દિવસે ય તૃપ્તિ નહિ દેખાડનારું; તો એમાં મસ્ત-મજા શી માણું ?

**જગતમાં આ બધું તો ઘણું ય મળે છે ને મેળવ્યું છે; પરંતુ જગતમાં જિનેશ્વર ભગવંત અને જિનવચન મળવા અતિ અતિ દુર્લભ છે.**

એ જો મને અહીં કોઈક મહાસદ્ભાગ્યે મળી ગયા છે, તો એમની ભરપૂર આરાધના કરું.

**જિન અને જિનવચનની આરાધનાથી વધીને કશું કર્તવ્ય નથી, કશું પરાક્રમ નથી, કોઈ હિતમાર્ગ નથી;**

પછી શા સારુ આ ટૂંકીશી જિંદગીમાં એને આરાધવાનું ચૂકું ?

વહેલી પ્રભાતે જ આ વિચારવાનું રાખ્યું હોય તો પછી દિવસમાં પણ વારે વારે આ વિચાર આવ્યા કરે. એ થાય એટલે જાગૃતિ રહે, આત્મા જાગતો ને જાગતો રહે, ને આત્માની ઓળખ તથા એનાં હિતાહિત નજર સામે ને નજર સામે આવ્યા જ કરે. પછી એ જીવનમાં અર્થાત્ વાણીમાં-વિચારમાં-વર્તાવમાં ફરક કેમ ન પાડે ?

**આત્માના અજ્ઞાન ઉપર કેટકેટલી દુર્દશા ? :-**

જીવનમાં આ ફરક ન પડતો હોય, (૧) હાય પૈસા ! હાય ખાવાનું ! વગેરે વગેરેની જ લોથ ચાલતી હોય, (૨) ખાનપાન-વિષયોમાં કશો અંકુશ નહિ, સંયમ નહિ, મળવામાં બાકી રહે એટલું માફ બાકી મળે એટલું ભોગવી લેવામાં આત્મા શૂરો રહેતો હોય, (૩) હિંસાદિ અને કષાયોનાં પાપો નિઃશંક અને માપ બહાર આચરાયે જતા હોય, (૪) સ્વાર્થ માયાનો જ હિસાબ, ને (૫) કામ-ક્રોધ-લોભ, માન-મદ-ઈર્ષ્યા, સગા ભાઈ સાથે પણ વેર-ઝેર-વિરોધ,...વગેરે વગેરે કરવામાં બાકી ન રખાતી હોય, (૬) જિનેશ્વર ભગવાનની આજ્ઞાની કશી પરવા કે આરાધનાનો ભાર માથે ન હોય,...તો એ બધાના મૂળમાં વાંક આત્માના અજ્ઞાનનો છે. પોતાના આત્માને જાણ્યો નથી, ઓળખ્યો નથી, એનાં હિતાહિતનો વિચાર નથી, એથી આ બધી ઊંધાઈ ચાલે છે, અનાદિની અવળી રમત ચાલુ રહે છે.

**'આત્માજ્ઞાનભવં દુઃખં' દુઃખ માત્ર આત્માનાં અજ્ઞાનમાંથી જન્મે છે.**

**જેણે ખરેખર આત્માને જાણ્યો એને તો દુઃખનો અંત આવી ગયો.**

મહાત્માઓને જીવતા ચામડી ઊતરવાના, માથે અંગારાથી બળવાના, ઘાણીમાં પીલાઈ મરવાના,...એવા એવા ભયંકર દુઃખ આવ્યાં, પણ એમણે આત્માને જાણ્યો હતો, ઓળખી રાખ્યો હતો, તેથી એમણે એ બધી પીડા શરીર પર જોઈ, આત્માને તો એમાં મહાન કર્મક્ષયનો લાભ દેખ્યો, તેથી એમાં કશું દુઃખ માન્યું નહિ.

ત્રિભુવનગુરુ મહાવીર ભગવાન પર સાધનાકાળમાં જુલ્મની ઝડીઓ વરસી, પરંતુ એમની નજર સામે પોતાનો આત્મા તરવરતો હતો એટલે એ જુલ્મોમાં એમને કશું દુઃખ લાગ્યું નહિ. આત્માના અજ્ઞાનમાં જ દુઃખ છે, આત્માના અજ્ઞાનમાં જ પાપો ફાલેફૂલે છે.



**'અજ્ઞાનં ખલુ કષ્ટં...' આત્માનું અજ્ઞાન એ હિંસાદિ પાપો કરતાં ય ભયંકર પાપ છે.**

આખી દુનિયા આ અજ્ઞાન મહાપાપને લીધે જ બીજા હિંસાદિ ક્રોડો ગમે પાપ કરે છે ને ? પેલી કામલતા અને વેદવિચક્ષણ બ્રાહ્મણ માતા-પુત્ર છે; પરંતુ એક બીજાને ઓળખતા નથી. અજ્ઞાનદશામાં છે; એટલે અનાચારમાં પ્રવર્તી રહ્યા છે. એકબાજુ વિષયાંધતા, ને બીજીબાજુ આ અજ્ઞાન આ બિનઓળખ, પછી શું બાકી રહે ? ખરેખર તો માતા ને પુત્ર હોવા છતાં વેશ્યા ને યાર જેવી ગદ્ધાગીરીમાં પડ્યા છે. વિષયની લંપટતા હોય છતાં હજી ય જો ઓળખ હોય કે 'આ મારી મા,' 'આ મારો પેટનો દીકરો,' પછી ભલે ને એ ગમે તેવા રૂપાળા ને સુંવાળી ચામડીવાળા હોય, છતાં પરસ્પર દુરાચારનો ભાવ ન આવે. પરંતુ અહીં ઓળખ નથી, અજ્ઞાનદશા છે, એટલે ઘોર પાપ આનંદથી આચરે છે ! અજ્ઞાન એ જ મહાપાપ છે, પાપમાત્રનો બાપ છે.

**પુત્ર ઓળખ આપે છે :-**

પેલી કામલતા અને એનો પુત્ર પરસ્પરને ઓળખતા નથી, બંનેને એક-બીજાની સગાઈનું અજ્ઞાન છે, એટલે દુરાચારમાં પડ્યા છે. એમાં હવે એક દિવસ વેદવિચક્ષણ બ્રાહ્મણ કહે છે કે,

'કાલે મારે અહીંથી જવાનું છે.'

કામલતાને લોહીનો સંબંધ તો છે જ. એટલે એના પર વિશેષ લંબાઈ ગયો છે. તે એ સાંભળીને દુઃખી થાય છે, કહે છે, 'થોડું વધારે રોકાઈ જાઓ ને.'

આ કહે, 'ના, રોકાવાય એવું નથી. હવે જવું પડશે. બહુ દિવસ થઈ ગયા.'

'તો પછી ફરીથી ક્યારે મળશો ? તમે ક્યાંના વતની છો ? શું કરો છો ?'

કામલતાના આ પ્રશ્ન પર વેદવિચક્ષણને હવે જવું જ છે તેથી માંડીને વાત કરે છે 'હું...બ્રાહ્મણનો પુત્ર. મારી માતા કામલતા મને બે વરસનો ઘરે મૂકી નગર બહાર પાણી ભરવા ગયેલી તેને દુશ્મન રાજા ઉઠાવી લઈ ગયો, પોતાને ત્યાં પૂરી રાખી. વરસો પછી એણે દાન દેવા માંડ્યું મારા પિતા એ જાણી દાન લેવા ગયેલા એમને ઘણું ધન આપી દેવીમંદિરે કાળી ચઉદશે રાતે બોલાવેલા જેથી એમની સાથે ઘરે આવી શકે મારા પિતા એમ તેડવા ગયેલા. પણ પછી પાછા ફર્યા જ નહિ. તે હવે હું માતાપિતા વિનાનો કમનસીબ દેશાટને નીકળેલો, તે અહીં આવ્યો !

કામલતા તો આ સાંભળીને સજ્જડ થઈ ગઈ કે 'હાય ! આ મેં શું કર્યું ? પેટના દીકરા સાથે કુકર્મ ? પણ હવે જો આને હું મારો ખુલાસો કરું તો આનું તો હાડ જ બેસી જાય, અગર આ આપઘાત જ કરે ! એમ વિચારીને પોતાનું કાંઈ

બોલ્યા વિના કહે 'એમ છે ? સારું.'

સવાલ થાય કે તો પછી બ્રાહ્મણે કેમ પૂછ્યું નહિ હોય કે 'તમે તમારી હકીકત બતાવો ? તમે શી રીતે વેશ્યા થયા ?'

એનો જવાબ છે, આ પવિત્ર આર્ય ભૂમિ માટે માન્યતા કે આ ભૂમિ પર જન્મેલ સારા કુળની ખાનદાન સ્ત્રી વેશ્યા થાય નહિ. એ તો કોઈક હલકા કુળની હોય યા કોઈક અન્યાયથી જન્મી ગયેલ અને જનમતાં ત્યજાઈ ગયેલ હોય તે કોઈક વેશ્યાના હાથમાં ચડી ગયેલ હોય એ જ વેશ્યા બને. બાકી તો ઉત્તમ કુળનું માણસ આવો અધમાધમ ધંધો શાનો કરે ? ત્યારે નીચકુળવાળીને શું પૂછવું હતું કે 'તેં આ શી રીતે ચલાવ્યું ?' વેદવિચક્ષણ બ્રાહ્મણ આ સમજથી કામલતાનો અહેવાલ નથી પૂછતો.

**ઉત્તમ કુળની વિશેષતા :-**

ઉત્તમ કુળવાળા માટે પૂર્વે આવી સજ્જડ માન્યતા રહેતી. તે વ્યવહારમાં જોઈને કે એ અધમાધમ માર્ગે નથી જતા. માટે તો શાસ્ત્રકારો શ્રાવકના ગુણોમાં એક ગુણ કુળવાનપણાનો કહે છે, અને ચારિત્ર લેવાની યોગ્યતાના ૧૬ ગુણોમાં એક ગુણ 'કુળવાન' તરીકેનો બતાવે છે. એ શા માટે ? એટલા જ માટે કે,

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૨,અંક-૩૮,તા.૧૫-૬-૧૯૭૪**

(૧) ઉત્તમ કુળવાળો અધમ માર્ગે જાય નહિ, અધમ નીચ કામ કરે નહિ તેથી ધર્મ નિંદાય નહિ. નહિતર શ્રાવક કે સાધુ થઈને જો એવું નીચ કામ કરે, તો લોકો ધર્મની નિંદા કરે કે 'જોયો આ લોકોનો ધર્મ ? એમાં આવા કામ કરવાની છૂટ છે.'...વગેરે એટલા જ માટે કુળહીનને સાધુધર્મ દેવાય નહિ. ત્યારે કુળવાન માણસ ધર્મ લઈને દીપાવે. અહીં એક પ્રશ્ન થાય,

**નીચ કુળવાળાને દીક્ષા કેમ નહિ ? :-**

**પ્ર.**- પણ અધમ કુળનો કોઈ ઢેડ-ભંગી-ચમાર જેવો મહાવૈરાગી બન્યો હોય, ગુણિયલ હોય, તો એ કોઈ અધમ કાર્ય નથી કરવાનો. તો પછી એને કેમ દીક્ષા દેવાનો નિષેધ ?

**ઉ.**- એ નિષેધ પણ ધર્મની નિંદા અટકાવવા માટે છે. કેમકે જો આવાને સાધુ બનાવ્યો હોય તો લોક એ જોઈને નિંદા કરે કે 'આ જૈનધર્મ માલ વિનાનો હલકો લાગે છે; કારણ કે આમાં ઢેઢ ભંગી ચમાર જેવા ય સંઘરાય છે. ધર્મ ઊંચી કિંમતનો હોય તો એ ધર્મ હલકા માણસને શાનો અપાય ?' આવી ધર્મની નિંદા



ન થાય માટે એવા હીન કુળવાળાને સાધુ ન બનાવાય અરે ! એવા કુળમાં સાધુથી ગોચરી પણ જવાય નહિ; નહિતર નિંદા થાય કે આવા ગંદા કુળનું ખાનાર આ લોકોનો ધર્મ ગંદો જ લાગે છે !

ધર્મ લાખ રૂપિયાનો કરીએ, પણ સાથે આ ધ્યાન રાખવાનું છે કે સાથે સાથે આપણી બોલ-ચાલ એવી ન જોઈએ કે જેથી ધર્મની નિંદા થાય.

**ધર્મની નિંદાનું નિમિત્ત કેમ ન બનવું ? કહો, જીવો ઉપરની કરુણાથી.**

એવી બેપરવાઈ ન કરાય કે 'લોક ધર્મની નિંદા કરે તો એને ભારે. એમાં આપણને શું ?' આનું કારણ એ છે કે આમે ય આપણી શક્તિ પહોંચતી હોય તો શક્તિ વાપરીને ધર્મની નિંદા ટાળવાની છે; તો પછી ધર્મની નિંદાનું નિમિત્ત તો આપણાથી અપાય જ કેમ ? મરતા જીવને આપણી તાકાત પહોંચતી હોય તો બચાવવાનો હોય; દા.ત. ભૂખે મરતાને અન્ન આપીને, ને તરસે મરતાને પાણી આપીને, આપણે મરતો બચાવવાનો; તો પછી આપણાથી કોઈને મોતનું નિમિત્ત તો અપાય જ કેમ ? એવું આમાં છે.

**લોક ધર્મની નિંદા કરે એમાં બે મોટાં નુકસાન આ,**

(૧) કે એક તો લોકમાં ધર્મ નિંદાતો જોઈ બાળભોળા જીવો ધર્મ પામતા અટકી જાય. એ જો દેખે કે 'ધર્મનું હલકું બોલાય છે' તો એ સમજવાનો કે 'ધર્મ ખરાબ એને શું લેવો ?' આમ બાળ-ભોળા ધર્મની નિંદા સાંભળીને ધર્મમાં ખેંચાતા અટકી જાય. એથી પાપમાં રચ્યાપચ્યા રહેવાના, ને એથી દુર્ગતિમાં પટકાઈ પડવાના.

(૨) બીજું નુકસાન આ, કે ધર્મની નિંદા કરનારા પોતે દુર્લભ બોધિ બની જાય; અર્થાત્ ધર્મની નિંદાથી એવું ગાઢ મિથ્યાત્વ-મોહનીયકર્મ ઉપાર્જે કે જે એમને ભવાંતરે 'બોધિ' યાને જૈનધર્મની પ્રાપ્તિ ફરસના જ મુશ્કેલ બનાવી દે, દુર્લભ કરી દે. બિચારા હજી અહીં તો ધર્મ પામ્યા નથી, પણ ભવાંતરે ય ધર્મ ન પામે એવી સ્થિતિ ઊભી થઈ જાય. તો આગળ પર પણ, જો અહીં આપણે એને ધર્મની નિંદાનું નિમિત્ત ન આપ્યું હોત ને તેથી એ ધર્મની નિંદા ન કરત, ઊલટું આપણી કે બીજાની સારી ધર્મ-સાધના જોઈ ધર્મની પ્રશંસા કરત, તો એથી સુલભબોધિ બનવા પામત, અને એથી ભવાંતરે એને જૈન ધર્મ સુલભ થાત. પરંતુ એવું આપણે નિમિત્ત આપવાથી બિચારા એ ધર્મની નિંદામાં પડે છે, તેથી દુર્લભબોધિ બની ધર્મથી દૂર ઘસડાઈ જાય છે; અને

**'ભવાંતરે ધર્મ ન મળે, જૈનધર્મથી દૂર ઘસડાય' એનો અર્થ એ કે ધર્મ પ્રત્યે સૂગવાળા બનવાના અને પાપમાં રાચ્યામાચ્યા રહેવાના. એથી એને દુર્ગતિના ભવોની પરંપરા ચાલવાની.**

આમ ધર્મની નિંદાના બે નુકસાન જોતાં, અર્થાત્ નિંદા કરનાર અને એ નિંદા સાંભળનાર બેઉને પરિણામે ધર્મ પામવાની દુર્લભતા, તથા બંનેને પાપરક્તતાથી દુર્ગતિની પરંપરા, આ બે નુકસાન જોતાં-ખ્યાલ આવશે કે એમાં એ જીવને નિંદાનું નિમિત્ત આપનારો જ મૂળ ગુનેગાર છે. ગુનો કેટલો મોટો ? ધર્મનિંદાનું નિમિત્ત આપીને નિંદા કરનાર અને સાંભળનાર બંનેને ભવાંતર માટે ધર્મવંચિત અને પાપરક્ત બનાવી દીધા, તે બિચારા દુઃખમય ભવમાં ભટકવાના !

એટલા જ માટે આ દુઃખપરંપરા અને પાપપરંપરામાં જીવો બિચારા ન ફસે એ સારું એની દયા આવે. મનને એમ થાય કે શા માટે હું લોકને એવું નિમિત્ત આપું કે જેથી એ બિચારા ધર્મની નિંદા કરીને ભાવી પાપમય અને દુઃખમય જીવનમાં પડે ?' આ ભાવકરુણાથી પ્રેરાઈને એવું કાંઈ ન આચરે કે જેથી અજ્ઞાન લોકને ધર્મની નિંદા કરવાનું મળી આવે.

આ જો સમજાય, તો પછી એ સમજી શકાય એવું છે કે 'અધમ નીચ કુળમાં જન્મેલો કોઈક વૈરાગી બન્યો હોય છતાં એને સાધુદીક્ષા કેમ ન અપાય ?' આટલા જ માટે કે અજ્ઞાન લોક એવાને સાધુ જોઈ જૈનધર્મની નિંદા કરવા માંડે કે 'આ ધર્મ જ આવા ઢેડ-ભંગીનો લાગે છે...' વગેરે. આમ નીચ કુળવાળો એ સાધુ થઈને પોતાનું આત્મકલ્યાણ કરે એના કરતાં એના નિમિત્તે ધર્મનિંદા કરનાર બીજા અનેકોનું જો દીર્ઘકાળ માટે ભયંકર અકલ્યાણ સરજાતું હોય તો એની બેપરવાઈ કેમ કરાય ?

**નીચ કુળવાળાને દીક્ષા ન આપવાના બીજાં કારણ :-**

વળી આ પણ સમજવા જેવું છે કે નીચ કુળવાળાને દીક્ષા આપવાથી લોકમાં ધર્મ નિંદાય એટલું જ માત્ર કારણ નથી, પરંતુ નીચકુળવાળો સાધુપણું બરાબર પાળે કે કેમ એં પણ વિચારણીય છે. એનું કારણ એ છે કે (૧) એક તો કહેવાય છે ને કે 'જાતે એવી ભાત પાડે' આ હિસાબે એ સાધુ થયા પછી અવસરે જાત પર જવા સંભવ છે. એટલે સાધુવ્યવહારમાં જો ક્યાંક ભંગી જેવા બોલ બોલે, કે એવો વર્તાત કરે, તો સુસાધુઓને આપદા અને લોકમાં સાધુ પ્રત્યે અભાવ ઊભો થાય.

(૨) બીજું એ, કે કદાચ કોઈ એવો પ્રસંગ ઊભો થાય કે એને મોહનો ઉદય થાય, તો કુળહીનતાને લીધે અકાર્ય કરવા દોરવાઈ જવા સંભવ છે. ત્યારે જો ઉત્તમ કુળનો જીવ હોય તો એના માથે કુળનો ભાર હોવાથી અકાર્ય કરતો અચકાય. એના મનને એમ થાય કે 'અરે ! હું સારા કુળમાં જન્મેલો જો હલકટ કાર્ય કરું તો મારું કુળ લાજે, કુળને બટ્ટો લાગે, કલંક લાગે.' નીચ કુળવાળાને માથે આ ભાર શો ?

એટલે જ ઉત્તમ કુળમાં જન્મેલાની આ વિશેષતા કે એ ધર્મ લઈને બરાબર પાળે, એમાં ભંગ ન થવા દે. તેમ આ પણ વિશેષતા કે એ જીવનને અધમ માર્ગે



ન લઈ જાય. વેદવિચક્ષણ બ્રાહ્મણ આ સમજે છે એટલે વેશ્યા કોઈ સારા કુળમાં જન્મીને વેશ્યા થઈ હોય એવી એને કલ્પના જ નથી આવતી. 'વેશ્યા જેવો અધમાધમ માર્ગ વળી સારા કુળનું માણસ લે જ શાનું ? એ તો હલકા કુળવાળાનું કામ.' આ હિસાબે બ્રાહ્મણ વેશ્યાને એની વિગત પૂછતો નથી. અને પોતે એ નગરમાંથી ચાલ્યો જાય છે.

અહીં કામલતા વેશ્યા બનેલીને તો વેદવિચક્ષણ પંડિતના મોંઢેથી હકીકત સાંભળતાં જ મનમાં કાંઈનું કાંઈ થઈ જાય છે; મનમાં જોરદાર આઘાત લાગે છે. એના મનને એમ પારાવાર પસ્તાવો થાય છે કે,

**કામલતાનો પસ્તાવો :-**

'અરે ! આ હું કેટલે પહોંચી ? હાય ! હાય ! પેટના દીકરા સાથે વેશ્યાગીરી ! ક્યાં એક વખતની હું સારા કુળની સુશીલ બ્રાહ્મણ બાઈ ? અને ક્યાં મારું પતિત ભ્રષ્ટ જીવન ? તે આટલી હદ સુધી ? પતિને મૂકી રાજાની રાણી બની ? વેશ્યા બની ? ને પુત્ર સાથે દુરાચારિણી બની ? મારા જેવી પાપિણી આ જગત પર કોઈ ભંગણી ચંડાલણી પણ નહિ હોય. હવે હું શું કરું ? ક્યાં જાઉં ? ધરતી મારાથી ભારે થાય છે ! હે ભગવાન ! મારા પર તારી કોઈ દયા નહિ ? પણ હાથે કરીને પાપમાં પડવું હોય એવા નાલાયક જીવને ભગવાને ય શું કરે ? ભગવાન દીન દુખિયારાનો બેલી છે, પસ્તાવાવાળા પાપીઓનો બેલી છે, પણ પાપધિટ્ઠાઓનો બેલી નહિ ખેર, પણ હવે મારે જીવવાનું કામ નથી. જીવતી હોઈશ તો વળી વધારે પાપ કરીશ, તેથી હવે તો આપઘાત જ કરું; જેથી ધરતી પણ હલકી થાય, મારા જેવી ઘોર પાપિણીથી ભારે ન મરે.'

**અસંમત નાસ્તિનો પલટો**

ઉત્તમ કુળનો આ મહિમા છે કે જીવનમાં ક્યારેક પાપના પસ્તાવાની ઘડી આવે છે. શાસ્ત્રમાં અસંમત નાસ્તિકની વાત આવે છે કે એ સારા કુળમાં જન્મેલો છતાં કોઈ તેવા પ્રબળ મિથ્યાત્વ-મોહનીય કર્મના ઉદયે નાસ્તિક જેવો થઈ ગયેલો. 'આત્મા નથી, પુણ્ય-પાપ જેવી વસ્તુ નથી, પરલોક નથી. પરમાત્મા નથી...' એવા એવા લવારા કરતો, અને એ સાચું ઠરાવવા માટે કુતર્કો લડાવતો. એને આત્મા-પુણ્યપાપ-પરલોક કશું સંમત નહિ, તેથી એનું નામ અ-સંમત પડેલું. નગરમાં સંત-સાધુ આવે, તો એમને ય પજવવામાં બાકી ન રાખે. પોતાના નાસ્તિકવાદમાં કેઈક ભોળાઓને ભ્રમિત કરી દીધેલા. શું આવા માણસને પસ્તાવો થાય ? પરંતુ થયો. કેવી રીતે ?

નગરમાં એક લલિતાંગમુનિ મહાત્મા પધાર્યા. એમણે આની સાથે ખોટી

જીભાજોડીમાં ન ઉતરવું પડે અને પોતાની અહિંસા-તપ-સંયમ આરાધના થાય એ માટે એમણે નગરની બહાર રહી સળંગ ઉપવાસ અને મૌન સાથે ધ્યાન લગાવ્યું. નાસ્તિકે પોતાનું ભૂત ચલાવ્યું તો ખરું કે 'જુઓ, જોયું આ મહારાજ પાસે પોતાની આત્મા ને ધરમ, ને પુણ્ય-પાપ વગેરેને કપોલકલ્પિત વાળો માટે સાબિતી-પ્રમાણ-પુરાવા નથી એટલે મૂંગા થઈને કેવા બેસી ગયા ?' આમ તૂત ચલાવતાં એકવાર એને સજ્જડ થપાડ લાગી.

બન્યું એવું કે ચોમાસાના દિવસ તે ભારે વરસાદ પડ્યો અને નગરના કિલ્લાની બહાર નીચી જમીનમાં પાણીનાં પૂર ચડ્યાં. પરંતુ આશ્ચર્ય એ થયું કે મુનિનો તપસંયમના પ્રભાવે એમની આસપાસની જગા કોરી અને પૂર વિનાની રહી ગઈ ! લોકો કિલ્લા પર પૂર જોવા ચડ્યું છે તે આ જોઈ મુગ્ધ થઈ જાય છે, ને વાત ચલાવે છે 'જુઓ ભાઈ ! આ ધર્મનો સાક્ષાત્ પ્રભાવ. ત્યારે પેલો અસંમત જે કહે છે કે ધર્મ જેવી કશી વસ્તુ જ સાચી નથી, એ કેવું ડીંડવાણું ? આ આપણી સગી આંખે નજરોનજર દેખાય એવી પ્રત્યક્ષ વસ્તુ આગળ કુતર્ક શી વિસાતમાં ? અસંમત ગપ્પાં મારી રહ્યો છે.' નગરમાં અસંમતની ઠેરઠેર હલકાઈ થઈ.

**શું ખરેખર ધર્મનો પ્રભાવ પડે છે ?**

ઈતિહાસ બતાવે છે કે જીરાવલાજી પાર્શ્વનાથ તીર્થ ઉપર શંકરાચાર્યનું આક્રમણ આવેલું. એ વખતે એક આચાર્ય મહારાજની હિંમતથી અજબ રીતે તીર્થનો અને સંઘનો બચાવ થયેલો. નહિતર તો મૂર્તિના ફુરચા ઊડે એવા હતા, સંઘનો નાશ થાય એવો હતો.

શ્રીપાલચરિત્રમાં આવે છે કે શ્રીપાલને ધવલે દરિયામાં ફેંકાઈ જવાનું કર્યા પછી એ ધવલ શ્રીપાલની બે પરણેલી રાજકુમારીઓનું શીલ ભાંગવા એમની તરફ જેવો આગળ વધે છે કે એની આંખે અંધાપા જેવું આવી ગયું તે બિચારો ફાંફા જ મારતો જ રહી ગયો કે કુમારીઓ ક્યાં છે.

કચ્છમાં હમણાં ધરતીકંપ આવી ગયો. એક ઉપાશ્રયમાં આચાર્યદેવ શ્રી વિજય કનકસૂરીશ્વરજી મહારાજ હતા. જીર્ણોદ્ધારના કામકાજ અંગે ઉપાશ્રયની અગાશીમાં હજારો મણ પત્થર ચડાવેલો. ધરતીકંપમાં મકાનો ડોલવા માંડે તો આવા મોટા ભાર સાથે ઉપાશ્રયનું શું થાય ? પરંતુ આચાર્ય મહારાજના ચારિત્રધર્મના પ્રભાવે એને કશી આંચ ન આવી.

મુંબઈમાં નમિનાથજી ભગવાનના દેરાસરમાં એકવાર રાતના તાળાં તૂટેલાં, ચોરો આવેલા, પરંતુ સવારે પૂજારીએ જોયું તો પ્રભુના અંગે હીરા-માણેકનો મુગટ વગેરે દાગીના સલામત હતા. કશું જ ચોરાયેલું નહિ. કેમ વારું ? આવું જ કાંઈક



કે ચોરોની આંખે અંધાપા જેવું કાંઈક બની ગયેલું એટલે હારી થાકીને એ કશું પામ્યા વિના ચાલી ગયેલા.

એક મહાન તપસ્વી અને નમસ્કારમંત્રના આરાધક સુખી શ્રાવક પર ઈન્કમટેક્ષવાળાએ રૂા. ૩૩ હાજરની ખોટી આકારણી ખોટું એસેસમેન્ટ ચડાવ્યું. શ્રાવક કોરટમાં ગયા સામાન્ય રીતે ઈન્કમટેક્ષની બાબતમાં કોરટ ઈન્કમટેક્ષ-કમીશ્નરની આકારણી મંજૂર કરે છે. પર આ શ્રાવક તો જજમેન્ટના દિવસે કોરટમાં જઈ નિરાંતે નવકારમંત્ર ગણતા બેઠા હતા. શા માટે ? નવકારથી કેસ જીતી જવાય માટે નહિ; કિન્તુ **અર્થ-કામના પુરુષાર્થ કરતાં ધર્મનો પુરુષાર્થ જ પ્રધાન છે;** એ જ સારભૂત અને આ લોક પરલોક માટે હિતકારી પુરુષાર્થ છે, એ શ્રદ્ધા હતી. બસ, ધર્મનો પ્રભાવ એવો પડ્યો કે કોરટે એ એસેસમેન્ટ ચૂકતે કાઢી નાખ્યું.

આવા તો ધર્મના પ્રભાવના કેટલાય દાખલા. પેલા તપસ્વી લલિતાંગમુનિના ધર્મના પ્રભાવે પાણીનાં પૂર એમની આસપાસની અમુક જગા છોડીને વહી ચાલ્યાં. કિલ્લા પરથી લોકો આ નજરોનજર દેખે પછી ધર્મનો પ્રભાવ કેમ ન માને ? અસંમત નાસ્તિકને મોંઢે કહેનાર નીકળ્યા કે 'જો આ જો, તું ધર્મ નથી આત્મા નથી એમ કહ્યા કરે છે, પરંતુ અહીં તો આ ધર્મનો સાક્ષાત્ પ્રભાવ દેખાય છે. માટે ખોટા લવારા શાનો કરે ?'

**નાસ્તિકની દુષ્ટતા : કોઈના વાંકે કોઈને દંડ :-**

નાસ્તિકની હલકાઈ થઈ. એને મન ભારે અપમાન લાગ્યું, તે ય આ મુનિએ જ મારી હલકાઈ કરાવી એમ એને લાગ્યું. તેથી મુનિ પર દ્વેષે ભરાઈ એક વખત અવસર પામી રાતના જઈ મુનિની આસપાસ લાકડાની ચેહ ગોઠવી સળગાવીને ચાલ્યો આવ્યો. કોઈના વાંકે કોઈને દંડ !

સંસારના જીવો કેવા વિચિત્ર છે કે પોતાની જ ભૂલથી પોતાની હલકાઈ થાય, પોતાનો કોઈ સ્વાર્થ ઘવાય, પણ ત્યાં બીજાને જવાબદાર ગણી એના પર દ્વેષે ભરાય છે. અહીં મુનિનો કશો વાંક હતો ? વાંક ગણો તો પોતે પોતાના તપ-સંયમ-ધ્યાનમાં મક્કમ રહ્યા એ, પરંતુ એને વાંક ગણાય ? એ દોષરૂપ છે ? ના, છતાં નાસ્તિકની આડાઈ છે કે પોતાની લોકમાં હલકાઈ થવામાં મુનિને કારણભૂત ગણે છે.

**સત્ત્વહીન જીવો પોતાનો દોષ ન જોતાં નિર્દોષનો દોષ જુએ છે.**

આપણે આપણા જીવનમાં તપાસવા જેવું છે કે આપણે આવું કરીએ છીએ કે નહિ ? દા.ત. તમે બજારમાંથી ઘરે મોડા આવ્યા, રસોઈ કાંઈક ઠંડી મળી, તો મનમાં શું આવે ? પોતાનો વાંક દેખાઈને સામાને આશ્વાસન આપવાનો વિચાર

આવે ખરો કે 'ચિંતા ન કરશો, તમે તો સમયસર રસોઈ બનાવો છો, પણ મારે આજે મોડું થયું તેથી સહેજે રસોઈ ઠંડી પડે. છતાં કાંઈ એવી ટાઢી ગોતા જેવી નથી. તેથી ફિકર નહિ.' મનમાં પોતાનો દોષ દેખાય ? કે સામાનો ? એમ કહેવાનું મન થાય ખરું કે 'આ અમે આટલું વૈતરું કરીને આવીએ છતાં તમને ગરમ રસોઈ સાચવવાની ય પડી નથી ?' જો આવું કહો, તો એ સામા નિર્દોષનો જ દોષ જોયો ગણાય. એવું કેમ બને છે ? કહો, સત્ત્વહીનતા છે.

જીવનમાં સત્ત્વહીનતાના કારણે પોતાનો છતો દોષ ભૂલીને બીજા નિર્દોષનો વાંક જોવાનું મન થાય છે. આધ્યાત્મિક રીતે જુઓ તો જીવને જે કાંઈ દુઃખ આફત અગવડ આવે છે, એ ભલે દેખીતી રીતે કદાચ કોઈ માણસ કે સંયોગના કારણે હોય, પરંતુ ખરેખર તો એ પોતાના કર્મના વાંકે જ છે. નિયમ છે, આપણાં અશુભ કર્મ વિના આપણું કોઈ બગાડી શકતું નથી.

**એટલે સત્ત્વ હોય તો આપણે અગવડમાં આપણા કર્મનો જ એટલે કે આપણો જ દોષ જોઈએ, બહારનાનો નહિ.**

આને ફેરવીને કહીએ તો એમ કહેવાય કે બહારના માણસ કે સંયોગનો વાંક ન જોતાં આપણાં કર્મનો જ દોષ જોવામાં આપણું સત્ત્વ રક્ષાય, સત્ત્વ વિકસે. અને તેથી બહારનાની ઉપર ગુસ્સો દ્વેષ તિરસ્કાર ન થાય. એમાં પણ સત્ત્વનો વિકાસ થાય.

જીવનમાં ઢગલાબંધ પ્રસંગો આવે છે કે જ્યાં સત્ત્વને કમાયે જ જઈએ, કમાયે જ જઈએ. કહો,

**અનેકાનેક પ્રસંગોથી ભરેલો આ મનુષ્ય જન્મ એ સત્ત્વનાં રત્નોની ખાણ છે.**

**સત્ત્વનું મહત્ત્વ :-**

ખાણમાંથી રત્નો કાઢી લેવાની આવડત જોઈએ. 'સત્ત્વ ન કમાયા તો શું ?' એમ મનમાં લાવતા નહિ. સોનાની કિંમત સત્ત્વ ઉપર અંકાય છે. નહિતર ઉપરથી ચકચકાટનો દેખાવ તો પિચગોળનો પણ હોય છે, કિંતુ એની કિંમત નથી, જે સોનાની કિંમત બજારમાં બોલાય છે. કારણ શું ? આ જ કે અગ્નિમાં ઝીકાતાં પિચગોળનું ચકમક ચમકવાનું સામર્થ્ય નથી, સત્ત્વ નથી. સોનામાં એ છે બસ, એ રીતે સત્ત્વ હોય તો મનુષ્ય જીવનની કિંમત છે. સત્ત્વ ઉપર અનેકાનેક ગુણોની કમાઈ થાય છે, ને કેટલાય દોષોને ઊભા થતા અટકાવાય છે. માટે સત્ત્વ મહત્ત્વનું છે. વ્યવહારમાં પણ સાત્ત્વિકની કિંમત અંકાય છે, સત્ત્વહીનની નહિ.

**ગુસ્સો-મદ-ઈર્ષ્યા વગેરે કેમ જીતાય ? :-**

માટે, આજથી સંકલ્પ કરો કે 'મારે નાશવંત પદાર્થોમાં મુંઝાઈને સત્ત્વ નથી



ગુમાવવું,' તો આ સંકલ્પના બળે લાભ કેવા ? ગુસ્સા ઉપર, ઈર્ષ્યા ઉપર, રૂપ-રસાદિનાં આકર્ષણ ઉપર, ને કેઈ વાસનાઓ-વિકારો ઉપર કાબૂ આવી જશે. કેમકે ત્યાં દેખાશે કે 'આ ક્રોધાદિ કરવા જાઉં તો મારું સત્ત્વ હણાય. જવા દે ક્રોધ નથી કરવો, ઈર્ષ્યામાં નથી સળગવું, મીઠા રસ પર રાગ નથી કરવો.'

પેલો બિચારો અસંમત નાસ્તિક સત્ત્વહીન છે, તેથી જ્યારે મહાત્માના તપ-સંયમના પ્રભાવે પૂર આઘા રહ્યા પર લોકો મહાત્માના ધર્મની પ્રશંસા કરે છે, ત્યારે નાસ્તિક વળી મહાત્મા પર ઈર્ષ્યાથી બળે છે, એમનો દોષ દેખે છે, ને ઠેઠ એમને બાળી નાખવાના પ્રયત્ન સુધી પહોંચી જાય છે. સત્ત્વ નહિ એટલે તામસભાવનું તાંડવ ચાલે; મન તામસી વિચારોમાં રમ્યા કરે; પછી તામસી કૃત્યો કરે એમાં નવાઈ નથી.

અસંમત નાસ્તિક ધ્યાનસ્થ મુનિની આસપાસ લાકડાં ગોઠવી સળગાવીને ગયો તો ખરા, પરંતુ ત્યાં મુનિના ધર્મ પ્રભાવથી આકર્ષિત થઈ ક્ષેત્ર દેવતાએ લાકડાં સળગી જવા દીધાં પણ મુનિને અક્ષત રાખ્યા ! ઊની આંચ પણ લાગવા ન દીધી. વહેલી સવારે નાસ્તિક જોવા આવ્યો કે મુનિ બળીને સાફ થઈ ગયા છે ને ? પરંતુ એણે જોયું તો લાકડાની રાખના ઢગલાની વચ્ચે મહાત્મા ધ્યાનમાં જીવંત ઊભા છે !

**નાસ્તિકનો પશ્ચાત્તાપ :-**

આ જોતાં જ નાસ્તિકના દિનમાન ફર્યા. એના મનને થયું 'અરે ! આ શું ? લાકડાં બળી ગયા છે, ને એની વચમાં મુનિ અકબંધ ઊભા છે ! અહીંથી મુનિ ભાગીને ક્યાંય ગયા તો હોય નહિ. નહિતર લાકડાં વિખરાઈ ગયા હોય. પણ આ તો મેં જેવાં સળંગ ગોઠવેલાં તેવી જ રાખ સળંગ ગોઠવાયેલ પડી છે. એ બતાવે છે કે મહાત્મા અહીંથી ખસ્યા તો નથી. તો પછી મુનિ સળગી ગયા નહિ, એની પાછળ જરૂર એમનો ધર્મ જ જબરદસ્ત કામ કરી રહ્યો લાગે છે. ત્યારે શું ધર્મનો આટલો બધો પ્રભાવ હું તો માનતો હતો કે ધર્મ જેવી કોઈ વસ્તુ જ નથી. પરંતુ જો આમ હોય તો આ પ્રભાવ કોનો ? એ તો ખરેખર

**ધર્મ એ કલ્પના નહિ પણ એક નક્કર હકીકત હોય તો જ એનો આ પ્રભાવ હોય.**

**અસત્ વસ્તુનો** શો પ્રભાવ હોય ? ખાલી કલ્પનામાત્ર, પણ વાસ્તવિક નહિ એ તો અસત્ ગણાય, ધર્મ જો કલ્પનામાત્ર હોય, અસત્ હોય તો અસત્નો પ્રભાવ શો ?

"માટે હું ભૂલ્યો લાગું છું જો મહાત્માએ ધર્મ સાધ્યો તોજ એનો આ પ્રભાવ દેખાય છે; ત્યારે હું કેમ ધર્મને ઇન્કારી રહ્યો છું ? કેમ લોકોને અવળાપાટે ચડાવી

રહ્યો છું ? કેવો હું પાપાત્મા, કે અનેકોને ધર્મ ભૂલાવી મેં પાપમાં રક્ત કરી દીધા !...

**નાસ્તિકને કેવળજ્ઞાન :-**

અસંમત નાસ્તિક હવે પોતાની નાસ્તિકગીરી ઉપર અને લોકોને ભ્રમિત કરવા ઉપર પારાવાર પસ્તાવો કરી રહ્યો છે. એ કરતાં કરતાં એને પૂર્વ જન્મનું સ્મરણ થઈ આવ્યું; ને એમાં ચારિત્રધર્મની સાધના જોઈ, સાથે સમ્યગ્દર્શનની કરેલી વિરાધના જોઈ એ વિરાધનાનાં ફળરૂપે અહીં નાસ્તિક્તા-ધર્મનિંદા વગેરે મળ્યાનું લાગ્યું. પાપના પસ્તાવામાં આગળ વધતાં એને પાપમાત્ર પર તિરસ્કાર છૂટ્યો, યાવત્ પોતાનું અહંત્વ અને અહંત્વની ઉપર મિથ્યાભાષણ વગેરે પાપો કરનારી પોતાની કાયા પર પણ તિરસ્કાર છૂટ્યો, કાયા પરથી ય આસક્તિ ઊઠી ગઈ. આમ જગતના પદાર્થમાત્ર પ્રત્યે અનાસક્ત બની ગયો. ત્યારે અનાસક્ત યોગ આવ્યા પછી તો પૂછવાનું જ શું ? બીજી બાજુ યાદ આવેલા ચારિત્રના ભાવમાં આગળ વધ્યો; એમાં આગળ વધતાં વધતાં સમગ્ર રાગાદિનાં બંધન છેદાઈ જતાં એ વીતરાગ સર્વજ્ઞ બની ગયો. એને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

નાસ્તિકને કેવળજ્ઞાન ? હા, રાગાદિનાં બંધન કાપવાની, અને પોતાની કાયા પ્રત્યે પણ અનાસક્ત બનવાની જેની તૈયારી હોય તથા એ સિદ્ધ કરે એને કેવળજ્ઞાન થાય. પૂર્વાવસ્થામાં ભલે નાસ્તિક હોય, ધર્મનિંદક હોય, પણ હવે નાસ્તિક્તા મૂકે છે ને ? ધર્મનિંદા મૂકી ધર્મનો અનન્ય સેવક બને છે ને ? પછી એને આગળ વધતાં કોણ અટકાવે ?

જેમ નાસ્તિક નાસ્તિક્તા મૂકે તો આગળ વધે, એમ આપણે ભલે આસ્તિક હોઈએ પરંતુ વિષયોનાં આકર્ષણ તો છે ને ? રાગ દ્વેષાદિ છે ને ? એ જો મૂકવાની સાચી ઇચ્છા હોય તો જ આગળ વધાય. નાસ્તિકને નાસ્તિક્તા ખટકી, તો શું આપણને વિષયાસક્તિ અને રાગ-દ્વેષ આદિ ખટકે છે ? એના પર પારાવાર પસ્તાવો થાય છે ? એ વિષયાકર્ષણ, એ રાગ-દ્વેષ, એ કામ-ક્રોધ-લોભ-મોહ વગેરે પર ભારે કાપ મૂકી એને બંધ કરી દેવા તરફ કોઈ આંતર જુસ્સો છે ? જો આમાંનું કશું નથી, તો આપણે સાચા આસ્તિક છીએ ? 'નાસ્તિક ખોટો, આપણે સારા,' શાના ઉપર ? અહીં નાસ્તિક નાસ્તિક્તા મૂકી દે તે, પછી સમગ્ર બંધનો અંતરમાંથી કાઢી નાખે, ને આપણે આપણા કષાયો અને વિષયોનાં આકર્ષણ ન છોડીએ, ઓછા ય ન કરીએ, છતાં આપણે સારા આસ્તિક ? ને પેલો ખરાબ નાસ્તિક એમ ? ભૂલા ન પડશો.

**આગળ વધવું હોય તો આ કરો,**

પૂર્વની ગમે તેવી મોહમય સ્થિતિ, પણ હવે એના પર પાકી અફસોસી



ઊભી કરો, અને એને કાપવાનો આંતરિક જબ્બર પુરુષાર્થ ઝગમગાવો અંતરમાં આતશ જાગી એટલે પછી બહારમાં સારા સારા ત્યાગ-વ્રત-નિયમ-સંયમ આચરવાનું મન થવાનું. કેમકે એથી જ પેલાં વિષયાકર્ષણ અને રાગ-દ્વેષાદિ કષાયો ઓછા થતા આવે; એ ઓછા થયાનું પેલા આચરણ પર સમજાય.

આપણી વાત એ હતી કે ઉત્તમ કુળનો પ્રભાવ છે કે એ ક્યારેક પાપનો પસ્તાવો ઊભો કરી આપે છે. નીચ કુળવાળાને પ્રાયઃ આ સંભવ ઓછો. અસંમત નાસ્તિક સારા કુળમાં જન્મેલો શ્રેષ્ઠિપુત્ર હતો, મનના ખોટા તરંગમાં ચડી જવાથી નાસ્તિક બનેલો પણ હવે કુળની ખાનદાનીએ એને પાપનો પસ્તાવો થયો.

**કામલતાનો આપઘાતનો વિચાર અયોગ્ય કેમ ? :-**

પેલી કામલતા બ્રાહ્મણી વેશ્યા બનેલી, પણ ઉત્તમકુળમાં જન્મેલી હતી એટલે પુત્ર સાથેના અકાર્ય પર ભારે પસ્તાવો જાગ્યો. ત્યાંસુધીનો પસ્તાવો કે પોતાની મહાપાપિણી જાતથી ધરતી ભારે મરતી લાગી તેથી ધરતીનો અયોગ્ય ભાર ઓછો કરવા એણે આપઘાત કરવાનું નક્કી કર્યું.

એટલું જોજો કે આપઘાતનો વિચાર એ યોગ્ય વિચાર નથી. કેમકે આપઘાતથી જીવનનો અંત થાય, પરંતુ પૂર્વે બાંધી મૂકેલા પાપો અને પાપસંસ્કારોનો કોઈ અંત થતો નથી. ત્યારે અહીં જો જીવનનો વિધિપૂર્વક અંત ન થાય ને એમજ મોત પમાય, તો પછી ભવાંતરે તો એ પાપો ભૂલાઈ ગયા હોવાથી અને ભવ પણ કોણ જાણે કેવો મળવાથી પાપો અને પાપસંસ્કારોનો અંત કરવાની વાતે ય શી ? દઢપ્રહારીને મહાત્માએ આ કહેલું.

**'આપઘાતથી તું મરીશ પણ તારાં પાપ નહિ મરે.'**

**અંતિમ અનશનથી મૃત્યુ એ આપઘાત કેમ નહિ ? :-**

પાપ અને પાપસંસ્કારોને મારવા માટે તો વિધિપૂર્વક નિષ્પાપ અહિંસા-સંયમ અને તપની આરાધના કરવી જોઈએ. અહીં પ્રશ્ન થાય,

**પ્ર.-** પણ એમાં ય અંતિમ અનશન કરાય છે એ શું આપઘાત નથી ?

**ઉ.-** ના, એમાં મરી જવાનો ઉદ્દેશ જ નથી તેથી એને આપઘાત ન કહેવાય. એમાં તો એ વિચાર છે કે 'મેં આ કાયાથી શક્ય એટલી આરાધના કરી લીધી, હવે શરીર એવું ખખડી ગયું છે કે એ ક્યારે પડી જાય એનો ભરોસો નહિ, તેથી એ એમ અણધાર્યું પડી જાય અને એમાંથી આરાધનાનો છેલ્લો કસ ખેંચી લેવો રહી જાય, એના કરતાં હું પહેલેથી સાવધાન બની અનશન કરીને એમાંથી બાકી રહેલો કસ ખેંચી લઉં.' આ વિચાર છે. તેથી

**અંતિમ અનશન કાયાથી છેલ્લી આરાધના લઈ લેવા કરવામાં આવે છે, પણ**

**નહિ કે મૃત્યુ પામી લેવા.**

એમાં 'જીવવું આકરું છે માટે મરી જાઉં' એવી ઇચ્છા જ ક્યાં છે ? કે જીવવા પર કંટાળો ય ક્યાં છે ? આપઘાતવાળાને તો આ બે ય અશુભ ભાવ છે,

(૧) જીવવા પર કંટાળો, અને (૨) મૃત્યુ પર પ્રેમ.

**પ્ર.**- પાપ કરીને જીવવું એવા જીવન પર કંટાળો આવે એ ય અશુભ ભાવ ?

ઉ.- હા, કંટાળો પાપ કરવા ઉપર આવે એ શુભ ભાવ. માટે એ કંટાળો લાવવો જોઈએ. એ લવાય તો પાપ કરવાનું ઓછું કરાય. બાકી કંટાળો જીવવા પર ઊભો કર્યા પછી માનો કે જીવન ટૂંકાવી નાખી મર્યા તો ખરા, પણ અહીંથી પછીનાં નવા જીવનમાં પાપ ક્યાં છૂટી જવાનાં હતાં ? ત્યાં પાપાચરણ શરૂ થશે એને શી રીતે રોકશો ? હજી અહીં તો સજ્ઞાન અવસ્થા છે તેથી પાપની ઓળખ છે, એટલે પાપ બંધ કરવાનું સુલભ છે, અરે ! છેવટે પાપ થતાં ય પાપ પર તિરસ્કાર પણ કરી શકાય; બાકી નવા અજ્ઞાન જીવનમાં જ્યાં પાપની ઓળખ જ નહિ ત્યાં પાપનો તિરસ્કારે ય ક્યાં ? ને પાપ છોડવાનું ય ક્યાં ? માટે આવા સજ્ઞાન અવસ્થાના જીવન પર કંટાળો એ અશુભ ભાવ છે.

આ હિસાબે પાપથી કંટાળીને પણ જીવન પર કંટાળો લાવવા જેવો નથી; કેમકે મનુષ્યજીવન હાથમાં છે તો કાંઈક પણ ધર્મ થઈ શકે. છેવટે પ્રભુનું સ્મરણ પણ થાય, પ્રભુના અને મહાપુરુષોનાં સુકૃતો-સદ્ગુણો અને ઉચ્ચ જીવનની અનુમોદના થાય, પરભવે શો ભરોસો કેવો અવતાર મળ્યો અને ત્યાં પ્રભુ કે ધર્મ મળે કે કેમ ? અહીં ઘણા બધા પાપની વચ્ચે પણ થોડો ય ધર્મ મળે એ તારનાર બને; ત્યારે પરભવે લેશ પણ ધર્મરહિત જ એવું એકલું પાપમય જીવન મળે એ તારનારું નહિ પણ ભવમાં ડૂબાડનારું થાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''    વર્ષ-૨૨,અંક-૩૯,તા.૨૨-૬-૧૯૭૪**

**આર્ય મનુષ્યજીવન તો ધર્મ સુકૃત કરવાની અને પૂર્વ-પાપ ધોવાની તથા નવાં પાપ અટકાવવાની અનુપમ તક છે.**

આવી તકવાળું જીવન કેમ વેડફી નખાય ? કેમ એનો વિનાશ કરાય ? અનશન કરનારા મહાત્મા જીવનનો નાશ નથી કરતા, પરંતુ જીવનમાંથી છેલ્લો છેલ્લો સાર ખેંચી લેવાનું કરે છે. શક્ય આરાધના ખેંચી લેવાનું કરે છે, ત્યારે આપઘાતવાળો તો આ મહાકિંમતી જીવનનો નાશ કરવાનું જ ઇચ્છે છે એટલે એ મૂઢતા છે.

પેલી કામલતા 'હાય ! આવાં મારાં પાપ ? તો હવે જીવીને શું કરવું છે ?



મરી જાઉં' એમ કરીને આપઘાતથી મોત ઇચ્છે છે. આમાં કેવી મૂઢતા છે એ આગળના બનાવથી સમજાય એવું છે. એણે પોતાને આશ્રય આપનારી અક્કાને વાત કરી કે મારાં જીવનમાં ભયંકર પાપ થયાં છે, એથી હવે મને જીવવા પર કંટાળો આવ્યો છે. તેથી હું તો સળગતી ચિંતામાં બળી મરીશ. માટે મને એની સગવડ કરી દે.

અક્કા ચોંકી ઊઠી કે 'એકાએક આને આ શું સૂઝ્યું ?' એણે એને તેમ ન કરવા ઘણું સમજાવી, પરંતુ આનો મક્કમ નિર્ધાર હતો એટલે સમજાવટ ફોક ગઈ. આજુબાજુવાળાએ એ ય સમજાવી પણ કાંઈક વળ્યું નહિ. ત્યારે લોકો એના ગુણગાવા માંડ્યા કે ઓહો ! કેવો ભારે આને પાપનો પસ્તાવો ! ખરેખર, માણસે પાપ કરવું સહેલું છે પણ આટલો બધો એનો પસ્તાવો કરવો કઠિન છે. તો ય આટલો બધો પસ્તાવો કે જીવતી બળી મરવા ઇચ્છે છે ? ધન્ય છે એને !' લોકો એના આમ ગુણ ગાય છે.

**કામલતા ચિતાની વચમાં :-**

બસ, નક્કી થયું, નગરની બહાર મેદાનમાં લાકડાંની ચિંતા ગોઠવાઈ. કામલતા વચમાં બેઠી ગઈ છે. ચારે બાજુ લાકડાંનો ખડકલો છે. એને ચિનગારી મૂકવામાં આવી. સૌને આ જોવું અસહ્ય હતું એટલે સૌ ત્યાંથી પોતાના ઘરે ચાલી ગયા.

હવે બન્યું એવું કે લાકડાં ભડભડ સળગવા તો લાગ્યાં અંદરમાં હજી આગ નથી પહોંચી, પણ એનો પ્રચંડ તાપ પહોંચી ગયો છે. શરીર જાણે બળું બળું થઈ રહ્યું છે, છતાં કામલતા ગભરાતી નથી. એની નજર સામે શીલભંગ રાજાની હત્યા, વેશ્યાગીરી અને પુત્રગમન વગેરે ગોઝારાં પાપ એવાં તરવરે છે કે અત્યારે બળી ખાખ થઈ જવાનું દુઃખ એને કાંઈ વિસાતમાં લાગતું નથી.

ચારે કોરના પ્રચંડ અગ્નિના તાપથી શેકાવું એ દુઃખ નહિ ? પણ પાપના તીવ્ર પસ્તાવમાં એ એવું દુઃખરૂપ લાગતું નથી કે એનાથી ભાગી છૂટવાનું મન થાય. સહર્ષ સહન કરી લે છે અને હજી આગળ ભડકે બળવાની તૈયારી છે.

**તીવ્ર પાપપશ્ચાત્તાપ હોય તો ગુરુ આગળ પાપ કહેતાં માનભંગનું અને ગમે તેવા પ્રાયશ્ચિત્તનું દુઃખ ન લાગે.**

આપણે કહીએ ખરા કે 'મારાથી આ દુઃખ સહન ન થાય ને પેલું દુઃખ સહન ન થાય' પરંતુ એવો જો કોઈ મહાન લાભ દેખાતો હોય, તો દુઃખ રાજી થઈને સહન કરી લઈએ છીએ ને ?

શરીર પર એક ટાંકણીનું અણિયારું ય ભોંકાય એ સહન થાય ? ના, પણ ડાક્ટર ઇંજેક્શન આપે સોયને ઊંડાણમાં ખોસે એ સહર્ષ સહી લેવાય છે. કેમ ?

વ્યાધિ મટવાનો મહાન લાભ દેખ્યો છે માટે. કોઈની ગાળ સહન થાય ? ના, પણ શેઠ સારું ખટાવતો હોય અને એ ક્યારેક ગુસ્સામાં આવી ગાળ દે, અપમાન કરી નાખે, તો ય એને સહન કરી લેનારા આજે ઘણા ગુમાસ્તા નોકરો છે. ભૂખનું દુઃખ સહન થાય ? પણ વેપારની સીઝનનો મામલો હોય, ધરખમ કમાઈ ચાલુ હોય, તો વાણિયો સહર્ષ ભૂખ સહી લઈ વેપારમાં રચ્યોપચ્યો રહે છે.

આ બધું બતાવે છે કે દુઃખ ન જ સહન થઈ શકે એવું નથી મોટો લાભ દેખાતો હોય તો દુઃખને સહર્ષ વધાવી લેવાય છે.

**માટે, ધર્મમાં મહાન લાભો દેખીએ તો ધર્મનાં કષ્ટ દુઃખરૂપ ન લાગે.**

પરોઢિયે કડકડતી ઠંડીમાં, કોઈ કહે, 'આવજો ચાર વાગે મહિનો મારા બે નંબરના ખાનગી ચોપડા લખી આપજો. તમને હજાર રૂપિયા આપીશ'...તો વાણિયો દોડતો પહોંચે. પરંતુ અમે કહીએ 'ચાર નહિ, પાંચ વાગે આવજો. પડિક્કમણું કરાવીશું. તો કેટલા આવવા તૈયાર ? એક નહિ. ત્યાં મનને એમ થાય છે કે 'આખા દિવસના થાક્યાપાક્યા ઊંઘવા તો સરખું જોઈએ ને ? રાતના ૧૧ વાગે સૂતા હોઈએ તે પાંચ વાગે એટલું બધું વહેલું ઠંડીમાં કેમ ઉઠાય ?' પણે તો ચાર વાગે રોજ ઊઠવું છે માટે રાતના ૧૧ વાગ્યા સુધી ગપ્પાં મારવાનું બંધ કરશે ને વહેલો સૂઈ જશે. કારણ કે રૂપિયા મળવાના છે. અહીં પ્રતિક્રમણથી એવું કોઈ મળવાનું દેખાતું નથી એટલે શું કામ વહેલો સૂઈ વહેલો ઊઠે ? રાતના ૧૧ સુધી ગપ્પાં જ મારે ને ?

**ત્યારે પ્રતિક્રમણથી કેટલા લાભ છે એ જાણો છો ?**

**જીવને દિવસ ભરમાં પાપ કેટલાં ? :-**

શાસ્ત્ર કહે છે જીવને (૧) પાપની અવિરતિના યોગે અર્થાત્ પાપ ન કરવાની પ્રતિજ્ઞા નહિ હોવાથી દુનિયાભરનાં પાપની છૂટ હોવાના યોગે, તથા (૨) મન-વચન-કાયાથી અઢળક પાપ વિચારો, પાપવાણી, અને પાપ વર્તાવના યોગે, તેમજ (૩) ક્યાંક ગુસ્સો, ક્યાંક અભિમાન, ક્યાંક લોભ-આસક્તિ-મમતા...વગેરે કષાયો ઝગમગતા રહેવાના યોગે, ને (૪) દુનિયાના અઢળક પદાર્થો અને એકેક પદાર્થના ઝીણા અંશ અંશ ઉપર રાગ હોવાના યોગે જીવને એક દિવસમાં ને એક રાતમાં એટલા બધાં પાપ બંધાયા છે કે એ ધોવા માટે મોટા પર્વતો જેટલા સોનાનું દાન કરે તો પણ એ ન ધોવાય. પરંતુ પ્રતિક્રમણથી પાપ ધોવાય છે.

**દાનથી ધર્મ થાય, પુણ્યનો લાભ મળે, પણ પાપની માફી ન મળે. પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત્તથી પાપની માફી મળે.**

બોલો, પ્રતિક્રમણનો કેટલો બધો લાભ ? પરંતુ એ લાભ દેખાતો નથી



એટલે શું કામ પ્રતિક્રમણ કરે ? લાભ ન દેખાવાનું કારણ ? એટલા બધા પાપ લાગે છે એનો પસ્તાવો નથી. એ હોય તો તો મનને એમ થાય કે 'હાય ! એક દિવસ કે એક રાતમાં આવી મોટી અવિરતિ-પાપયોગો-કષાયો અને રાગ-દ્વેષથી આટલા બધાં કર્મ બંધાય છે ?' એવો પાપનો અને કર્મબંધનો તીવ્ર પશ્ચાત્તાપ હોય તો પ્રતિક્રમણ કરવાનું મન સહેલાઈથી થાય; કેમકે એથી રાગાદિ પાપો અને અશુભ કર્મ ધોવાઈ સાફ થાય છે. અલબત મોટાં પાપકૃત્યોનાં કર્મો ધોવા માટે ગુરુની આગળ આલોચના (પ્રકાશન) કરી તપ વગેરે પ્રાયશ્ચિત્ત લેવાં પડે. તો જ એનાં-એનાંથી બંધાયેલાં કર્મો નાશ પામે; છતાં એ કરવાનો ભાવ પ્રતિક્રમણમાં કરનારને સહેલાઈથી થાય છે; કેમકે પ્રતિક્રમણમાં એ દુષ્કૃત્યોનાં દિલથી સંતાપ-રુદન કર્યા હોય છે. બાકી સૂક્ષ્મ અઢળક પાપોનો-પાપકર્મોનો નાશ પ્રતિક્રમણથી થાય છે.

આવું રુડું પ્રતિક્રમણ સવારે પાંચ વાગે ઊઠીને પણ નથી કરાતું, અને સવારે ચાર વાગે ઊઠીને કોઈ લાભની નોકરી હોય તો કરાય છે, એનું કારણ ? શું એમાં કષ્ટ નથી કડકડતી ઠંડીમાં પાંચ કરતાં ચાર વાગે ઊઠીને કામ કરવામાં તો વધારે કષ્ટ છે, પરંતુ એની સામે મનમાન્યો લાભ મળતો દેખાવાથી એ કષ્ટ દુઃખરૂપ લાગતું નથી. ત્યારે પ્રતિક્રમણથી મનમાન્યો લાભ ન દેખાવાથી પ્રતિક્રમણ માટે પાંચ વાગે ય ઊઠવાનું કષ્ટ દુઃખરૂપ લાગે છે.

ખરી વાત એ છે કે દિવસભરમાં પાપો કેટલા લાગે છે એનું ભાન પણ નથી, ભાન કરવું ય નથી, પછી એની અફસોસી તો શાની જ થાય ? ત્યારે,

**જ્યાં પાપની ઓળખ નહિ, પાપોનો પશ્ચાત્તાપ જ નહિ, ત્યાં એ પાપો મિટાવવા માટે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત તો શાનું જ કરવાનું મન જ થાય.**

આવું જીવન કેટલું બિનજવાબદાર ?

**પાપનો વિચાર જ નહિ એ તે આસ્તિકનું જીવન ? કે નાસ્તિકનું ? આર્ય મનુષ્યનું જીવન કે અનાર્યનું ? માનવનું જીવન કે ઢોરનું ?**

અનંત અનંત કાળથી પાપમય જીવનના લીધે તો જીવ સંસારમાં ભટકી રહ્યો છે, એમાં અહીં પુણ્યયોગે પાપ સમજવાના સંયોગ મળ્યા ત્યારે પણ એ સમજવાની તૈયારી નહિ. પાપોનો વિચાર નહિ કે કેટ-કેટલાં અને કેવાં કેવાં પાપ મારા હાથે થઈ રહ્યાં છે; પછી ભાવી કેવું ?

શું માત્ર દહેરે જઈ આવ્યા એટલે માની લેવાનું કે મારું જીવન નિષ્પાપ છે ? અગર શું એમ માની લેવાનું મારાં પાપ દેવદર્શનના ધર્મથી ધોવાઈ જાય છે ? માફ થઈ જાય છે ?

**દેવદર્શનાદિ ધર્મથી પુણ્ય મળે, પણ જીવનમાં થોકબંધ આચરાતાં પાપ માફ ન થાય.**

**પાપો કેટલાં વધ્યા ? :-**

નહિતર તો કસાઈ જેવાને ય લહેર થઈ જાય; એ પણ દેવદર્શનાદિ ધર્મ કરે એટલે એને ય પાપ માફ થઈ જવા જોઈએ.

કાળ વિષમ છે, લોકોમાં પાપ વધી ગયા છે. દિ' ઊગ્યે છાપાં ઢગલો વાતો લાવીને એવી રજુ કરે છે કે જે વાંચી વાંચીને (૧) અઢળક રાગ ને દ્વેષ જાગે, (૨) બેસુમાર પાપ વિકલ્પો ઊઠે, નકરાં આર્તધ્યાનના પ્રવાહ ચાલે, (૩) ભલું હોય તો રૌદ્ર ધ્યાન પણ જાગે. આટલું જ નથી, પણ (૪) લોક જીવનમાં અનીતિ અસત્ય, (૫) પવિત્ર આર્યમર્યાદાના ઉલ્લંઘન, (૬) અભક્ષ્ય ભક્ષણ, (૭) ફેશન-ફિશિયારી, (૮) કોરી કડકડતી એકલી જડ પદાર્થોની વાતોચીતો, (૯) જરૂરિયાતોનો ધરખમ વધારો...વગેરે વગેરે પાપો કેટલાં ફાલ્યા ફૂલ્યાં છે !!

**આજે પાપથી બચવાનું કેમ મુશ્કેલ :-**

આવા વિષમ કાળમાં પાપથી બચવાનું કેટલું બધું મુશ્કેલ ? કેમકે (૧) દેખ્યાનું ઝેર, (૨-૩) વાંચ્યા-સાંભળ્યાનું ઝેર, (૪) અસત્ સંપર્કનો ચેપ, (૫) લોકહેરિ અર્થાત્ લોકમાં સારા દેખાવાનો લોભ; વગેરે વગેરે અસર કરી જાય છે. રાત પડ્યે નવરા પડી ચાર ભેગા થયા, તો 'ક્યાં પાપ લાગે છે ? આજનાં જીવન કેવાં કેવાં પાપથી કલુષિત બને છે ?' એની ભાગ્યે જ વાત કરતા હોય. એ તો ઊલટું પાપ લાગે એવી જ વાતો કરતા હોય. દેખવાનું એ ને સાંભળવાનું એ, પછી પાપથી શે બચાય ? પાપનો વિચારે ય શાનો આવે કે આ પાપ છે ?

અહોભાગ્ય માનો કે તમને જૈન કુળમાં જન્મ મળી જવાથી સહેજે જૈન ધર્મ મળી ગયો છે !

**અહોભાગ્ય માનો કે જગતને જે પાપોની ખબર જ નથી એવા પાપની ઓળખ જૈનધર્મ કરાવે છે.**

જગતના બીજા ધર્મ હજી વિચાર વાણી કે વર્તાવથી પાપ બતાવતા હશે, પરંતુ જૈન ધર્મ એ વિના પણ આત્માના અમુક પરિણામથી-વલણથી ય પાપ બંધાવાનું કહે છે.

દા.ત. તમે હિંસાનો વર્તાવ ન કરતા હો, હિંસાની વાણી ન બોલતા હો, અરે ! હિંસાની વિચારણા પણ ન કરતા હો, છતાં જો આત્માનું એવું મક્કમ વલણ નથી કે 'મારે હિંસા બંધ' અર્થાત્ હિંસાની વિરતિ નથી, 'હિંસા ત્રિવિધે ત્રિવિધે મારે ત્યાગ,' એવી પ્રતિજ્ઞા નથી; તો આત્માનો એ અવિરતિનો પરિણામ અવિરતિનું વલણ કહેવાય. એથી અઢળક પાપ બંધાય, એમ જૈનધર્મ કહે છે. એટલે આપણે હિંસાનો વિચારે ય ન કરીએ એટલા માત્રથી બસ નથી, કિન્તુ હિંસાના ત્યાગની



પ્રતિજ્ઞા ય જોઈએ; એવી પ્રતિજ્ઞાનો અભાવ એ અવિરતિ પાપ છે.

એમ પાપને પાપ ન માનવું, ત્યાજ્યને ત્યાજ્ય ન માનવું, ધર્મને ધર્મ ન માનવો, વીતરાગને દેવાધિદેવ ન માનવા; ત્યાગી સાધુને ગુરુ ન માનવા, એ મિથ્યાભાવ છે; મિથ્યાભાવનું વલણ છે. અત્યારે એ અંગે કશો વિચાર પણ ન કરતા હો, છતાં આવા મિથ્યાભાવનાં વલણથી મિથ્યાભાવથી પાપ લાગે છે. આ જૈનધર્મ બતાવે છે.

**ઊંઘમાં કેમ પાપ બંધાય**

એટલે હવે સમજાશે કે ભર ઊંઘમાં પાપના વાણી વર્તાવ તો શું, કિન્તુ પાપનો વિચાર પણ ચાલતો નથી, છતાં ઊંઘમાં કેમ પાપ બંધાય ? ત્યાં પાપ બંધાતા રહેવાનું કારણ મિથ્યાભાવ છે, અવિરતિ છે. આ પાપ જાગતા ય ચાલુ, ને ઊંઘતા ય ચાલુ. જાગતાં મિથ્યાભાવ અટકાવી સમ્યગ્ભાવ-સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન નથી ઊભું કર્યું, તો ઊંઘમાં પણ એ મિથ્યાભાવ ચાલુ જ રહે ને ?

એમ જાગતાં હિંસાદિ પાપોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ નથી કર્યો, વિરતિ નથી કરી, અવિરતિ ઊભી રાખી છે, તો ઊંઘમાં તો એ સુતરામ્ ઊભી જ રહે ને ? પછી એનાથી પાપકર્મ બંધાય એમાં નવાઈ નથી.

એમ, ઊંઘમાં ભલે ગુસ્સો કે અભિમાન મનમાં આવતું નથી, માયા કે લોભનો વિચાર નથી, છતાં જો જાગતાં એ ક્રોધાદિ કષાયને શમાવ્યા નથી, રાગદ્વેષાદિ કષાયના ભાવ ઊભા રાખ્યા છે, તો એ ઊંઘમાં પણ અવ્યક્ત કાયમ જ હોય ને ? માટે તો સ્વપ્નું આવતાં એ ઝટ સ્ફુરી આવે છે.

આ મિથ્યાભાવ વગેરે વખતે પાપના કોઈ વિચાર પણ ન હોય, છતાં પાપ કર્મ બંધાય છે. જૈનધર્મ આ ઝીણવટ બતાવે છે.

તમને એમ લાગશે,

**પ્ર.-** પાપનો વિચારે ય કરતો નથી તો પ્રતિજ્ઞા નથી એટલા માત્રથી પાપકર્મ શા સારું બંધાય ?

**ઉ.-** પાપ એટલા માટે બંધાય કે એને પાપ-ત્યાગની પ્રતિજ્ઞા નથી એનો અર્થ એ કે દિલમાં ક્યાંક ખૂણે પાપની અપેક્ષા બેઠી છે. દા.ત. સવારથી વિચાર તો કર્યો કે 'આજે ઉપવાસ કરવો છે, પણ પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) નહિ લઉં કેમકે કદાચ બપોરે સાંજે ભૂખ બહુ લાગી જાય તો ? ભૂખ નહિ લાગે તો ઉપવાસ ખેંચી કાઢીશઃ' પણ આ વિચારમાં ગર્ભિત શું રહ્યું ? એ જ કે, 'ભૂખ લાગતાં ખાઈ લઈશ;' અર્થાત્ દિલમાં ખાઈ લેવાની અપેક્ષા બેઠી રહી. અલબત ખાતો નથી, છતાં ખાવાની જે આ અપેક્ષા બેઠી છે. એ ય પાપરૂપ છે. એમ કંદમૂળ ખાતો નથી

પણ 'બાધા કદાચ ભાંગે તો ?' એ ભયથી એના ત્યાગની બાધા નથી લેતો, એના મનમાં ય આ બેઠું છે કે, 'કદાચ એવો જ મોકો આવે તો કંદમૂળ ખાઈ લેવું પડે.' આમ દિલમાં ક્યારેક પણ કંદમૂળ ખાઈ લેવાની અપેક્ષા રહી એ પાપરૂપ છે. માટે એથી પણ કર્મ બંધાય.

જૈનશાસન આ કહે છે,

(૧) પાપને કર્તવ્ય માનવાનો મિથ્યાભાવ એ પણ પાપ;

(૨) દિલમાં પાપનો અપેક્ષાભાવ એ ય પાપ;

(૩) પાપ અંગે રાગદ્વેષાદિ એ પણ પાપ; અને

(૪) પાપનું આચરણ અર્થાત્ વિચારણા-વાણી-વર્તાવ એ પણ પાપ.

**એકેક પાપ ૩ પ્રકારે :-**

હવે આ આચરણમાં પણ ખૂબી છે. એ સ્વયં કરવારૂપ હોય, બીજા પાસે કરાવવારૂપ હોય યા કોઈ કરતું હોય એમાં સંમતિ-અનુમોદનરૂપ હોઈ શકે. એટલે ? પાપ જાતે કરો એ તો પાપાચરણ છે જ; પરંતુ બીજા પાસે કરાવો એ ય તમારું પાપાચરણ છે; અને કોઈ પાપ કરતું હોય એને સારું માનો, સંમત થાઓ, એમાં ખુશી અનુભવો એ પણ પાપાચરણ છે.

દા.ત. તમે તમારા ભાઈ સાથે લડ્યા, કલહ માંડ્યો એ પાપાચરણ છે. એમ, જાણીતા કોઈકને ચડાવીને એના ભાઈ સાથે લડાવ્યો એ ય પાપાચરણ; અને કોઈકના ઉપર તમારે અભાવ હતો, દુર્ભાવ હતો, એમાં એનો ભાઈ એની સાથે લડ્યો, પેલો પાછો પડ્યો, ને તમે એ જોઈ ખુશી થયા કે 'એના ભાઈએ એને ઠીક લપડાક મારી,' તો આ બીજાની લડાઈમાં ખુશી થવું એ પણ કલહપાપનું અનુમોદનરૂપ આચરણ છે.

સાધુના માટે કહ્યું કે 'સાધુ સાધુના નિમિત્તે ગૃહસ્થે બનાવેલો આહાર ન લે.' અલબત સાધુએ કહ્યું નથી યા કહેવરાવ્યું નથી કે 'અમારા માટે બનાવજો.' ગૃહસ્થે સાધુ મહારાજને દાનનો લાભ લેવાની પોતાની ઈચ્છાથી બનાવેલો છે, તો પછી સાધુ કેમ એ ન લે ? આટલા જ માટે કે એ લે તો પેલાએ બનાવવામાં જે અગ્નિ-પાણી વગેરેના જીવોની હિંસામય આરંભ-સમારંભ કર્યો એમાં રાજીપો અનુમોદનાનું પાપ લાગે. એવું સાધુ લે એમાં ગૃહસ્થે સાધુ નિમિત્તે કરેલ આરંભ-સમારંભમાં સંમતિ થઈ. સવાલ થાય,

**ગૃહસ્થે સ્વઅર્થે રાંધેલાને સાધુ લે એમાં હિંસામાં સંમતિ કેમ નહિ ? :-**

**પ્ર.-** એમ તો ગૃહસ્થ પોતે પોતાના માટે આરંભ-સમારંભ કરી ભોજન બનાવે ને સાધુ એ લે એમાં પેલાના આરંભ-સમારંભમાં સંમતિ ન થાય ?



ઉ.- ના, કેમકે સાધુને અહિંસાનું આ વ્રત છે કે મારા નિમિત્તે મારે આરંભ-સમારંભ કરવા નહિ, બીજા પાસે મારા નિમિત્તે કરાવવા નહિ, અને મારા નિમિત્તે કોઈ કરે એમાં સંમતિ રાખવી નહિ. એટલે ગૃહસ્થ પોતાના નિમિત્તે કોઈ આરંભ-સમારંભ કરે એ લેવામાં સંમતિ નથી લાગતી, વ્રત ને બાધ નથી પહોંચતો. ત્યારે પ્રશ્ન થશે,

**પ્ર.-** તો શું સાધુએ બીજાના નિમિત્તે હિંસા કરવા-કરાવવા-અનુમોદવાની છૂટ છે ?

ઉ.- ના, એના ય ત્યાગની પ્રતિજ્ઞા છે. એટલે એ બીજાના નિમિત્તે પણ હિંસા કરે નહિ કે કરાવે નહિ, એ જ રીતે બીજા દ્વારા કરાતી હિંસાને સારી માને નહિ. એટલે અલબત ગૃહસ્થે પોતાના નિમિત્તે બનાવેલ આહાર લે ખરા, પણ એવો રાજીપો ન રાખે કે, 'ઠીક થયું આણે પોતાના માટે બનાવ્યું, તે આપણને નિર્દોષ મળી ગયું.' નિર્દોષ મળ્યું એ ઠીક થયું, એમ વિચારવામાં નિર્દોષતાનો રાજીપો હોઈ એ રખાય, પણ એમાં ગૃહસ્થે બનાવ્યાનો રાજીપો નથી; ને એ રખાય પણ નહિ. આ ભેદ સમજી રાખવા જેવો છે.

**જૈન ધર્મની સૂક્ષ્મતા :-**

'નિર્દોષતા' એટલે સાધુના નિમિત્તે બનાવ્યા વગેરેના દોષ ન લાગ્યા હોય એ. આ નિષેધાત્મક ગુણ છે, વિધેયાત્મક નહિ એટલે આમાં કોના નિમિત્તે બનાવ્યું એની સાથે સંબંધ નથી; પણ સાધુના ઉદ્દેશીને બનાવેલું ન જોઈએ એટલી જ વાત છે, એટલી જ નકારાત્મક હકીકત સાથે સંબંધ છે. તેથી સાધુ એવું નિર્દોષ લે એમાં 'સાધુ નિમિત્તે ન બનાવ્યા'ની હકીકત પૂરતી જ સાધુની અનુમોદના કહેવાય, પણ ગૃહસ્થે પોતાના નિમિત્તે બનાવ્યાની હકીકતની અનુમોદના ન કહેવાય.

વાત આ છે કે જૈન ધર્મની ઝીણવટ ક્યાં સુધી જાય છે ! સાધુ પોતાના નિમિત્તે બનાવેલું લે એમાં હિંસાપાપની અનુમોદના છે, પછી ભલે પોતે મન મનાવે કે, 'હું કાંઈ એ બનાવ્યાને સારું નથી માનતો.' જૈન ધર્મ તો કહે છે કે ભલે તું એને સારું ન માન્યાનું કહે, પરંતુ તું એવું લઈને વાપરે છે કેમ ? વાપરે છે એ જ બતાવે છે કે તારા દિલમાં એવા દોષ માટે તને વાંધો નથી સંમતિ છે.

હિંસાપાપની આ સંમતિ-અનુમોદના એ પણ પાપાચરણ છે. આ જૈનધર્મની સૂક્ષ્મતા અને વિવેક છે.

**બૌદ્ધો શું માને છે.**

ત્યારે બૌદ્ધોમાં કહે છે જાતે જીવ ન મરાય, પણ કોઈએ મારેલો હોય એ વાપરી શકાય. દા.ત. કસાઈએ મારેલા પશુનું માંસ ખપે, માછીમારે પકડેલી

માછલી ખાવી ખપે. એમાં હિંસાપાપ ન લાગે. અલ્યા ભાઈ ! તું એને તારા જેવા બીજા જો આ માંસ માછલીના ગ્રાહક ન હોય, તો પેલા એને મારે શા માટે ? તમે લો છો માટે તો તમારા માટે એ મારે છે એટલે તમે જાતે હિંસા ન કરી, પણ મારેલાની ખરીદી કરીને હિંસાને ઉત્તેજન તો આપ્યું; હિંસા કરે એમાં અનુમોદના તો રાખી. તો એ અનુમોદના પણ એક જાતનું પાપાચરણ જ કહેવાય. આમ જ્યારે બૌદ્ધ ધર્મમાં મોટા પંચેન્દ્રિય જીવની પણ હિંસાની અનુમોદનાનો વિવેક નથી, એને ય પાપાચરણ નથી મનાતું પછી નાના એકેન્દ્રિય જીવની હિંસાની અનુમોદનાને પાપાચરણ તરીકે સમજવાની તો વાતે ય શી ?

**જૈનધર્મની વડાઈ : પાપાચરણની હદ :-**

એની સામે જૈન ધર્મની આ સૂક્ષ્મતા છે, આ વિવેક છે. આ વડાઈ અને સજ્ઞાનદશા છે કે એકેન્દ્રિય જીવની પણ જાતે હિંસા કરવાની વસ્તુ તો પાપાચરણ ખરું જ, કિન્તુ બીજા પાસે કરાવવી એ પણ પાપાચરણ છે, અને બીજાથી કરાતી હિંસામાં સંમતિ-અનુમોદના એ પણ પાપનું આચરણ છે. તે આટલે સુધી કે સાધુ પોતાના માટે અગ્નિ-પાણી-વનસ્પતિ વગેરે એકેન્દ્રિય જીવની હિંસા કરીને બનાવેલ ચીજ લે-વાપરે, તો એ પણ હિંસાની અનુમોદનાનું પાપાચરણ છે.

જૈનધર્મની આ વડાઈ આ વિશેષતા સમજાય તો લાગે કે જૈન ધર્મ એ જ શુદ્ધ ધર્મ છે. એના પર ઓવારી જવાય. મનને એમ થાય કે 'અહો ! મને આવો સાચો વાસ્તવિક સૂક્ષ્મ અને શુદ્ધ ધર્મ મળ્યો ? મારાં કેવા અહોભાગ્ય ! કેવો શુદ્ધ જૈન ધર્મ ! જૈનધર્મના કહેલાં કેવાં શુદ્ધ સાચાં તત્ત્વ અને સાચો મોક્ષમાર્ગ !' આવું મનને થાય ત્યાં સમ્યગ્દર્શન આવે.

જ્યાં સુધી હિંસાદિ પાપાચરણની સૂક્ષ્મતા ન સમજાય કે એ પાપાચરણની હદ ક્યાં સુધી પહોંચે છે, ત્યાંસુધી એનો ત્યાગ કરવાની વાત તો બને જ શી રીતે ? ત્યારે ઝીણામાં ઝીણું પાપાચરણ બંધ ન કરાય ત્યાંસુધી મોક્ષ પામવાની વાતે ય શી ? કેટલાક કહે છે ને,

**પ્ર.- શું જૈન ધર્મથી જ મોક્ષ થાય ? બીજા ધર્મથી નહિ ?**

ઉ.- અરે ભાઈ ! થતો હોય તો અમારા ના કહેવાથી એ થોડો જ અટકે ? અમારું કહેવું આ છે કે જો સૂક્ષ્મ પણ પાપાચરણ ઊભાં રહીને મોક્ષ થતો હોય તો કોઈપણ ધર્મથી થાઓ ને. જો એમ મોક્ષ ન થતો હોય તો જોઈ વળો જગતમાં કે જૈનધર્મ સિવાય કયા ધર્મમાં એવા એવા એકેન્દ્રિય જીવની પણ હિંસાની અનુમોદનાને ય પાપાચરણ મનાવ્યું છે ? અને કોણ એનો ત્યાગ કરવાની રીતરસમ બતાવી છે ? બતાવી હોય તો ત્યાંથી મોક્ષ થવાની અમારી ક્યાં ના છે ?



પણ ખરી વાત એ છે કે બીજાઓને હજી આ એકેન્દ્રિય પણ જીવો છે, એટલીય ખબર નથી. એમની પાસે એવું જીવવિજ્ઞાન જ નથી. પછી એવા જીવોની અહિંસા સાચવવાની વાતે ય ક્યાંથી હોય ? જીવોનું વિજ્ઞાન, એકેન્દ્રિય, બેઈન્દ્રિય તેઈન્દ્રિય, ચઉરિંદ્રિય અને પંચેન્દ્રિય જીવોના વિભાગવાર અને એના અવાંતર સમસ્ત પ્રકારોની ઓળખ એ જૈન ધર્મની સ્પેશીયાલિટી છે, આગવી વિશેષતા છે. એની હરોળમાં બીજો કોઈ ધર્મ ઊભો રહી શકે એમ નથી; કેમકે બીજે ક્યાંય આ જીવવિજ્ઞાન નથી, જીવોની આવી ઓળખ નથી.

**ઈન્દ્રભૂતિ જૈન ચારિત્ર પર કેમ ઓવારી ગયા ? :-**

ત્યારે ઈન્દ્રભૂતિ વગેરે વિદ્વાન બ્રાહ્મણો યજ્ઞ અને વેદને મૂકીને ભગવાન મહાવીર પરમાત્માનાં ચરણ બેસી ગયા. એમણે જોયું કે અમે યજ્ઞ-યાગને ધર્મ માનીને શા ફોફા ખાંડીએ છીએ ?

**જ્યાંસુધી એકેન્દ્રિય જીવોની પણ હિંસારૂપી પાપનું આચરણ ન છોડીએ તે પણ એ હિંસાની અનુમોદના સુધીનું અને અવિરતિનું પાપાચરણ ન છોડીએ, ત્યાંસુધી મોક્ષે ય શાનો ? ને મોક્ષને નિકટ ધર્મ પણ શાનો ?**

આ સૂક્ષ્મતાનો ધર્મ આવા વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન સિવાય કોણ બતાવનાર છે ? એ બતાવનાર હવે અહીં મળી ગયા પછી ષટ્કાય જીવોના સંહારમય જીવનને શું પકડી રાખવું હતું ? હવે તો જો મોક્ષ જોઈએ છે તો સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ હિંસાના ત્યાગ અને એવા એક એક પાપના ત્યાગનું જીવન જ પકડી લઉં ?

**પવન સારો આવ્યો એવું લાગે એ પાપાચરણ શી રીતે ? :-**

જૈન ધર્મની એક વિશેષતા સૂક્ષ્મ અહિંસાનું પાલન એ જુઓ, ક્યાંસુધી બતાવ્યું કે દા.ત. ગરમીની ઋતુમાં જરા પવન ઠંડો આવ્યો, તો મનને એમ ન લગાડાય કે 'આ પવન સારો આવ્યો.' કેમ એવું ન લગાડાય ? કારણ, એમાં વાયુકાય જીવોની હિંસામાં અનુમોદના લાગે. કેમકે 'પવન સારો ઠંડો આવ્યો' એવું ક્યારે લાગે ? શરીરને સ્પર્શે ત્યારે. એટલે સારો ઠંડો પવન આવ્યો એવું લગાડવામાં ગર્ભિત આ છે કે 'પવન સારો ઠંડો સ્પર્શ્યો એનો આનંદ છે. અર્થાત્ પવન-વાયુના જીવો એટલા બધા સૂક્ષ્મ અને સુકોમળ કાયાના છે કે આપણા શરીરને અથડાય એમાં એ મરે છે, તેથી ઠંડા પવનના જીવો શરીરને સ્પર્શ્યા ને મર્યા એમાં આનંદ માન્યો, આ વાયુકાય અસંખ્ય જીવોની હિંસામાં અનુમોદન થયું, એ પણ પાપાચરણ છે.'

હવે વિચારો કે 'પવન જરા સારો ઠંડો આવ્યો એટલું મનને લગાડવામાં હિંસાપાપનું આચરણ છે' એવું જૈનધર્મ સિવાય બીજો ક્યો ધર્મ કહે છે ? હજી એમાં વિષયરાગનું પાપ કહેશે, પણ હિંસાનું પાપ કોણ કહેનાર છે ? એમ 'ચા

સારી ગરમ આવી' એવી જો મનને ખુશી થાય તો ત્યાં અગ્નિકાય જીવોની હિંસામાં ખુશી-અનુમોદના યાને હિંસાનું પાપાચરણ કોણ કહેનાર છે ? એ તો માત્ર જૈનધર્મ જ કહે છે.

**જૈનધર્મ ચારિત્રને ખાંડાની ધાર કેમ કહે છે ?**

એનું એક કારણ આ કે દા.ત. એમાં આટલી ય ખુશી ન મનાય કે 'પવન સારો ઠંડો આવ્યો,' કેમકે એમાં અસંખ્ય વાયુકાય જીવોની હિંસાની અનુમોદના છે. એમ આ પણ ખુશી ન મનાય કે ગોચરી સારી ગરમ મળી ગઈ,' ચા સારી ગરમાગરમ મળી ગઈ,' કેમકે એમાં એકેન્દ્રિય અગ્નિકાય જીવોની હિંસામાં ખુશી માનવાનું થાય; અને ચારિત્રમાં 'એકેન્દ્રિય જીવોની પણ હિંસા કરું નહિ, કરાવું નહિ, કરાતીને સારી માનું નહિ; એવી પ્રતિજ્ઞા છે. એટલે અહીં ગરમ ચા વગેરે મળ્યાનો આનંદ માનવામાં અગ્નિકાય જીવોની હિંસા સારી માનવાનું થાય છે. એમાં પ્રતિજ્ઞાને બાધ પહોંચે.

ત્યારે, ચારિત્રમાં મન કેટલું બધું સાવધાન રાખવું પડે, એ વિચારો. મન માંકડું છે, ને વળી મનને અનંત અનંત કાળના, વિષય-આનંદનો અભ્યાસ છે, એટલે પાકી સાવધાની ન હોય તો આવું આવું મનને લાગી જવાનો સંભવ છે. આવી આવી તો કેટલીય બાબતો છે. જે પાળવી ભારે જાગૃતિ અને પુરુષાર્થ હોય તો જ બને. તેથી શુદ્ધ ચારિત્ર પાળવું એ ખાંડાની ધાર પર ચાલવા જેવું છે.

**જૈનધર્મમાં એકેન્દ્રિય હિંસાનો ગૃહસ્થને ય વાંધો કેવી રીતે ? :-**

ત્યારે એમ સમજતા નહિ કે 'ચા કે ભોજન સારું ગરમ મળ્યું' એમ ખુશી માનવામાં સાધુને વાંધો, ગૃહસ્થને નહિ કેમકે ગૃહસ્થને ક્યાં એકેન્દ્રિય જીવોની હિંસાના ત્યાગનું વ્રત છે ? વ્રત હોય તો એ ભાંગવારૂપ વાંધો ઊભો થાય ને ?' આ સમજ બરાબર નથી. કેમકે ગૃહસ્થ શ્રાવકને ભલે વ્રત ભાંગવારૂપ વાંધો ન ઊભો થાય, પરંતુ દયા ઘવાવાનો વાંધો જરૂર ઊભો થવાનો.

**શ્રાવકને એકેન્દ્રિય જીવોની અહિંસાનું વ્રત નથી આનો એ અર્થ નથી કે દિલમાં એ જીવો પ્રત્યે દયા ય નહિ રાખવાની.**

**સંસાર છોડવાનું મન શાથી ? :-**

શ્રાવકને તો ઘરસંસાર-દુકાનાદિ ચલાવતાં થતી એકેન્દ્રિય જીવોની હિંસા અંગે પણ કમકમી હોય, કંપારો હોય, કે 'હાય ! આ બિચારા જીવો કે જેમણે મારું કશું બગાડ્યું નથી, એમને મારે રેંસી નાખવાના ? બિચારા એ જીવોને મારા તરફથી કે મારા માટે કમોત સુધીના કેટલા કારમા દુ:ખ ?' આવી દિલમાં એ જીવો પ્રત્યે આર્દ્રતા-કુણાશ-દયાની લાગણી રાખવાની છે. તો જ એને એવો હિંસામય



સંસાર છોડવાનું મન રહ્યા કરે, સંસારમાં રહેવું ઝેર જેવું લાગે.

આજે તમે સંસારમાં નિરાંતે બેઠા છો ને ? બે પૈસા મળ્યા, સારી સ્ત્રી મળી, સારા છોકરા મળ્યા, ધંધો ઠીક ચાલે છે. પછી કાંઈ સંસાર કરડે ખરો ? ઝેર જેવો લાગે છે ? રોજ મન ઊંચું રહે છે ખરું કે 'ક્યાં સુધી મારે આ પાપસંસાર ચલાવવાનો ?' ના, મન ઊંચું નથી રહેતું; એનું કારણ આ છે કે સંસારમાં અસંખ્ય અસંખ્ય એકેન્દ્રિય જીવોના કરવા પડતા કચ્ચરઘાણ પર કંપારી નથી એ જીવો પ્રત્યે દિલમાં દયાની લાગણી નથી ઊભરાતી.

**જો એકેન્દ્રિય જીવો પર દયા આવી જાય તો એ જીવોની કત્લેઆમ પર નભતો સંસાર ઝેર જેવો લાગે.**

ગોઝારો લાગે; શીતલ નહિ, દઝાડનારો લાગે. બાર વ્રતની પૂજામાં પોષધવ્રતની પૂજામાં શું બોલો છો ?

**'શીતલ નહિ છાયા રે આ સંસારની,'**

સંસારની છાયા સંસારમાં વસવાટ શીતલ નથી, પણ દઝાડનારો છે. ઉનાળાના દહાડે ઝાડની છાયા શીતલ, પણ મકાનના ઉપરના મજલે ધૂમ તપી ઉઠેલા ગરમા-ગરમ પતરાની નીચે છાયા કેવી ? કહો, એવી બાળનારી તપાવનારી કે એ છોડી નીચે ભોંતયતળિયે જવાનું મન થાય. બસ, સંસારની છાયા આવા ગરમા-ગરમ ધીખી ઊઠેલા પતરાની તાપધીખતી છાયા જેવી લાગે કારણ ? એમાં જે એકેન્દ્રિય જીવો પર પણ શ્રાવકને દયા છે, એ મૈત્રીભાવ છે, એ જીવોનો કચ્ચરઘાણ કાઢવો પડે છે. હવે સમજાશે કે

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૪૦,તા.૨૯-૬-૧૯૭૪**

શ્રાવકને ય હૈયે આ દયા હોય એટલે એને ય રસોઈ સારી ગરમ મળી એનો આનંદ માનતાં વિચાર પડે કે જો મને અગ્નિકાય જીવો પ્રત્યે દયા છે તો એની આ હિંસાથી બનેલ ગરમાગરમ ભોજન મળવામાં ખુશી કેમ મનાય ?

હવે બતાવો, જૈનધર્મ વિના આ સૂક્ષ્મ અને વિસ્તૃત દયા-અહિંસાની ઝીણવટ કોણ બતાવે છે ?

**તો પૂર્ણ દયા-અહિંસા વિના બીજા ધર્મે મોક્ષ શાનો ?**

**સાચો મૈત્રીભાવ કયો ? :-**

સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ બોલવો સહેલો છે, પણ ખરેખર આચરવો કઠિન છે. કેમકે સર્વ જીવોમાં એકેન્દ્રિય જીવો પણ આવે, અને એના પર મૈત્રીભાવ હોય

તો આ દયા ન હોય કે એનો કચ્ચરઘાણ નીકળતો હોય ત્યાં હૈયું કંપતું રહે ? એ જીવો પ્રત્યે દયાભાવ મૈત્રીભાવ આવી શકે ?

**એકેંદ્રિય જીવોને મિત્ર માન્યા પછી એના કચ્ચરઘાણમાં ખુશીખુશાલી રહે ? કચ્ચરઘાણથી નીપજતી વસ્તુ મળવા-વાપરવામાં ખુશીખુશાલી થાય ?**

જૈનધર્મનો મહાન ઉપકાર માનો કે મૈત્રીભાવ-અહિંસા-દયા, અને જીવો તથા પાપો વગેરેની આ સૂક્ષ્મતા બતાવી ! આપણને વ્યાપક દયાભાવ અને શક્ય દયાપાલન બતાવ્યું; તેમજ હિંસાજન્ય વસ્તુમાં દયાભાવ ચૂકી ખોટી ખુશીખુશાલી ન મનાઈ જાય એ માટે વિવેક આપ્યો.

(૧-૨) એકેન્દ્રિય સુધીના જીવોની ઓળખ, તથા 'ચા સારી ગરમ આવી,' 'પવન સારો ઠંડો આવ્યો,' એમ ખુશી માનવામાં હિંસાપાપનું અનુમોદનરૂપી પાપાચરણ, આ તો જૈનધર્મની એક બે વિશેષતા; બાકી બીજી ઘણી ઘણી વિશેષતાઓ છે.

**(૩-૪) સ્યાદ્વાદ-અનેકાંતવાદ-નયવાદ એ જૈનધર્મની વિશેષતા છે.**

નયવાદ એટલે વ્યવહારનય-નિશ્ચયનય, જ્ઞાનનય-ક્રિયાઓ, શબ્દનય-અર્થનય, દ્રવ્યનય-પર્યાયનય, એ જૈનધર્મની વિશેષતા છે. સ્વાદ્વાદ-નયવાદ પર જંગી વિચારણા છે.

**(૫) કર્મવિજ્ઞાન એ જૈનધર્મની જ વિશેષતા છે.**

જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ, એના ઉત્તર ભેદ, એના બંધ-ઉદય-ઉદીરણા-સંક્રમણ-ઉદ્વર્તના-અપવર્તના-ઉપશમના-ક્ષપણા વગેરે, તથા એ બંધ-ઉદય વગેરેમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ, એ બધું જગતમાં માત્ર જૈનધર્મ જ બતાવે છે.

**(૬) મિથ્યાત્વાદિ ૧૪ ગુણસ્થાનકનો વાસ્તવિક ઉન્નતિક્રમ એ જૈનધર્મની જ વિશેષતા છે.**

**(૭) ૧૪ રાજલોક એમાં ઊર્ધ્વ-અધો-મધ્યલોકનું વિસ્તૃત યથાસ્થિત સ્વરૂપ માત્ર જૈનધર્મ જ બતાવે છે..**

**(૮) જીવ-અજીવ આદિ નવ તત્ત્વનું ભવ્ય સ્વરૂપ એ જૈનધર્મની અનેરી વિશેષતા છે.**

**(૯) સમ્યગ્દર્શનનું ઉચ્ચ મહત્ત્વ માત્ર જૈનધર્મ જ આંકે છે.**

**(૧૦) એમ, વિરતિમાર્ગનું ઊંચું મહત્ત્વ પણ જૈનધર્મમાં જ મળે છે** પાપ ન કરતા હો, છતાં પાપત્યાગની જો પ્રતિજ્ઞા નથી, તો અવિરતિનું પાપ લાગે એ ઝીણવટ જૈનધર્મની જ.

**(૧૧) પરમાત્માનું યથાર્થ સ્વરૂપ જૈનધર્મમાં જ મળે.**

પરમાત્મા વીતરાગ સર્વજ્ઞ જ હોય, એવા પરમાત્મા બનવા માટે સમ્યગ્જ્ઞાન



દર્શન-ચારિત્ર-તપની કઠોર સાધના કરવી પડે, એમ કરીને વીતરાગ અનંતજ્ઞાની પરમાત્મા બન્યા પછી, એમને ધ્યાન વગેરેની સાધના ન હોય, સ્વયં કૃતકૃત્ય છતાં અલિપ્ત ભાવ જગતને તત્ત્વદર્શન કરાવે...વગેરે વગેરે પરમાત્માનું યથાર્થ સ્વરૂપ જૈનધર્મમાં જ મળે. એવા પરમાત્માની ઓળખ કરાવવી એ માત્ર જૈનધર્મની જ વિશેષતા છે.

**(૧૨) એમ, મુનિધર્મમાં સમિતિ-ગુપ્તિ,** બ્રહ્મચર્યની નવ વાડ, ૪૨ દોષ રહિત ગોચરી-ભિક્ષા, પ્રતિક્રમણવિધિ, વગેરે વગેરે જૈનધર્મની વિશેષતા છે. અહિંસાની પોષક આવી સૂક્ષ્મ અને વિવેકભરી ચર્યા દુનિયાના બીજા કોઈ ધર્મમાં નથી.

**(૧૩) ત્યારે ગૃહસ્થને પરમાત્મભક્તિના વિવેકપૂર્ણ વિસ્તાર** કે દા.ત. મંદિરમાં જવું હોય તો પોતાને ખાવા-પીવાની ચીજ અંદર ન લઈ જવાય, તેમજ પ્રભુની ભક્તિમાં ધરાવાતી કોઈ વસ્તુ લીધા વિના જાઓ એ એક પ્રકારનો વિનયભંગ કહેવાય, મંદિરમાં ત્રણ સ્થાને ત્રણ નિસીહિ, અષ્ટપ્રકારી પૂજામાં દરેકના આધ્યાત્મિક હેતુ...વગેરે વગેરે જૈનધર્મની જ વિશેષતા છે.

**(૧૪) યાવત્ શ્રાવકને વિવેક અને સૂક્ષ્મતાવાળા ૧૨ વ્રત,** પ્રતિજ્ઞાબદ્ધ સામાયિક-પોષધ, રોજિંદા ૧૪ નિયમ-ઈત્યાદિ પણ જૈનધર્મમાં મળે એવું દુનિયાના કોઈ ધર્મમાં ન મળે.

જૈનધર્મની કેટલીય વિશેષતાઓ છે, જે બીજે જોવા ન મળે એ દરેક વિશેષતાનો વિસ્તાર બતાવવામાં દિવસો અને મહિનાઓ લાગે; વર્ષો લાગે.

આપણી વાત આ હતી કે પ્રતિક્રમણનું આ મહત્ત્વ છે કે ગૃહસ્થને દિવસભરમાં અવિરતિ-મિથ્યાભાવ-રાગ-દ્વેષ આદિના યોગે લાગતા અઢળક પાપ કે જે મેરુ જેટલા ય સોનાના દાનથી ન ધોવાય એ પ્રતિક્રમણથી ધોવાય છે. પણ પહેલી વાત તો એ છે કે પાપોની અફસોસી જોઈએ ને ?

**દિવસભરના એટલા બધા અઢળક બેસુમાર પાપોની અફસોસી હોય તો સવાર-સાંજ પ્રતિક્રમણમાં શું એટલું બધું કષ્ટ છે કે પ્રતિક્રમણ કરીને એ જંગી પાપો ન ધોવાય ?**

**કામલતાનો બચાવ : ભરવાડના હાથમાં :-**

પેલી કામલતાને પોતાના પાપોની હવે એટલી બધી અફસોસી જાગે છે કે એ સળગતી ચિતાની વચમાં બળી મરવા માટે બેસી ગઈ છે. આજુબાજુના ભડકાઓનો તાપ એટલો બધો છે કે એ શેકાઈ રહી છે છતાં બળી મરવાનો નિર્ધાર છે; એટલે ઈચ્છી રહી છે કે 'ક્યારે હવે આ પાપી શરીર ભડકે બળીને ભસ્મ થઈ જાય ?'

એમાં બન્યું એવું કે ત્યાં મુશળધાર વરસાદ તૂટી પડ્યો, ચિતા તો ઓલવાઈ

ગઈ, પણ વધારામાં પાણીના પૂર એવા ચડ્યા કે એમાં આ કામલતા બ્રાહ્મણી મૂર્છિત થઈ તણાઈ. તે આગળ વહી જતી હતી એમાં એક ભરવાડે એને જોતાં જ પાણીમાં કૂદી પડ્યો એને પકડી લઈને બહાર લઈ આવ્યો.

બહાર લાવીને ઊંધી ઊંચકી શરીરમાંથી પાણી કાઢી નાખ્યું, અને શરીરે અગ્નિનો શેક આપ્યો. બાઈને ચેતના આવી. ભાનમાં આવતાં જ દિગ્મૂઢ થઈ જાય છે કે 'આ શું ? અગ્નિની ચિંતા ક્યાં ? હું કેમ બળી ન ગઈ ? અહીં ક્યાંથી ?...' એ વિચારમાં પડી છે ત્યારે પેલો ભરવાડ પૂછે છે, 'બેન ! તું ક્યાં રહે ? અહીં પાણીમાં શી રીતે તણાઈ ?'

અલબત ભડવાડ પૂછે છે ખરો 'બેન' કહીને, પણ કામલતાના ભીના લચબચ કપડામાં એના શરીરનું સૌંદર્ય અને લષ્ટપુષ્ટતા જોઈ તેમજ જાતે એને સ્પર્શીને ઊંચકીને અહીં લાવ્યો છે, એટલે એના મુલાયમ સુંવાળા દેહના સ્પર્શ કરીને કામવિહ્વળ થયો છે. એ ય જુવાન માણસ છે ને ? તેમ યોગીસંન્યાસી થોડો જ છે કે એને વાસના વિકાર ન થાય ? અને યોગીસંન્યાસી હોય તો ય શું ?

**યુવાન રૂપાળી-સુંવાળી સ્ત્રીનાં દર્શન ખોટાં, સ્પર્શ તો એથી ય ભૂંડા; તે જોગીસંન્યાસીને ય ઢીલા પાડી નાખે.**

## પારાશર ઋષિનો પ્રસંગ

પેલા પારાશર ઋષિની વાત જાણો છો ? ઈતર ધર્મની આ વાત છે.

શ્રી વ્યાસે મહાભારત રચ્યું. એ એમણે પારાશર ઋષિને બતાવ્યું, એમાં આ આવ્યું કે

**'बलवानिन्द्रयग्रामः पण्डितानपि पीडयेत् ।'**

'અર્થાત્ ઈન્દ્રિયોનો સમૂહ એવો બળવાન છે કે વિદ્વાનને પણ સતાવે.'

પારાશર ઋષિ વ્યાસને કહે 'આ લીટી પર હડતાલ મારો. વિદ્વાનને જો ઈન્દ્રિયો સતાવે તો એ વિદ્વાન શાનો ? શાસ્ત્રો ભણેલો વિદ્વાન તો જાણતો જ હોય કે ઈન્દ્રિયો તો છૂટી મૂકેલી નરકમાં લઈ જનારી છે, તેથી એ શાનો એને છૂટી મૂકે કે જેથી એ એને સતાવે ? વિદ્વાન તો એના પર અંકુશ જ મૂકનારો હોય, પછી ઈન્દ્રિયો એને સતાવી ન શકે. માટે આ લીટી કાઢી નાખવા એના પર હડતાલ લગાવો.'

વ્યાસ કહે 'એમ કરો, આપ થોડો સમય વિચાર કરો. હું પણ વિચાર કરીશ. પછી જરૂર લાગશે તો આના પર હડતાલ લગાવીશું.'

પારાશર કહે 'મારે તો કાંઈ વિચાર કરવાનો છે જ નહિ. છતાં ભલે પછી; પણ જોજો હડતાલ લગાવવી પડશે.'



**વ્યાસ યુવતીનું રૂપ કરે છે :-**

પારાશરને ખ્યાલ નથી આવતો કે વ્યાસ કાંઈક છટકું ગોઠવવાના છે એ તો એમજ સમજે છે કે 'એમને માત્ર વિચાર કરવાનો છે પણ મારે તો કાંઈ વિચાર કરવાનો છે જ નહિ. તો વ્યાસને વિચાર કરવો હોય તો ભલે કરે. એટલે પોતે આમ કહી રહ્યા છે' આવી પારાશરની સમજ છે. કિન્તુ વ્યાસે તો એવું છટકું જ ઊભું કર્યું કે પોતે વિદ્યાના બળે એક અપ્સરા જેવી નવ યુવાન સુંદર નાજુક કાયાની સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. ઉપર રેશમી વસ્ત્રો પહેર્યાં. અને જંગલમાં પારાશર ઋષિની ઝુંપડીથી થોડેક છેટે ચીસ પાડીને કે 'હાય ! હાય રે ! મરી ગઈ, કોઈ બચાવો.

ઋષિ કરુણ ચીસ સાંભળીને ઝુંપડીમાંથી ધ્યાન પડતું મૂકી બહાર આવ્યા. અવાજની દિશા તરફ આગળ વધ્યા ત્યાં જુએ છે તો એક સ્ત્રી વરસતા વરસાદમાં જમીન પર પડી છે, ને રોઈ રહી છે. ઋષિ દયાળુ હતા, કરુણ રુદન જોઈ પીગળી ગયા. પાસે ઊભા રહીને પૂછે છે 'બાઈ ! તું કોણ છે ? અહીં ક્યાંથી ? શો ભય છે તને ?'

**સ્ત્રીનું નાટક :-**

સ્ત્રી બોલી 'હું રાજકન્યા એક સારા રાજકુમારને પરણેલી, મારા પતિ સાથે સાસરે જવા નીકળેલી, અમે રસ્તો ભૂલ્યા તે આ જંગલમાં આવી ચડ્યા એમાં અચાનક એક વાઘ આવ્યો ને મારા પતિને તાણી ગયો. બચાવો બચાવો મારા પતિને ! હાય હાય રે ! ઓ...' એમ કહીને એને ધ્રુસકે રોવા માંડ્યું.

ઋષિને ક્યાં ખબર હતી કે આ બનાવટ છે ? એ તો સાચું માની એને હવે આશ્વાસન આપી રહ્યા છે 'બેન ! હવે રોઈને શું કરીશ ? છૂપા ભાગ્યની લીલાની કોને ખબર પડે છે કે ક્યારે એ શું કરી નાખે ? અહીં વરસાદ વરસી રહ્યો છે તું ઠંડીથી કાંપી રહી છે. ચાલ થોડી વાર ઝુંપડીમાં બેસ. વરસાદ બંધ પડે એટલે તને હું રસ્તો દેખાડીશ. બાકી તારા પતિ માટે તો શું થાય ?

**છૂપા ભાગ્યની ખબર ન પડે, ને અણચિંતી આફત આવે. આ સંસારની માયા આમ જ ઠગારી છે.**

હવે ધીરજ ધરીને સમય વર્તી લે.'

સ્ત્રી રોતી રોતી કહે હાય ! હાય ! તો શું મને મારા પતિ નહિ મળે ? હાય રે ! મારું ભાગ્ય ફૂટી ગયું.'

ઋષિ ફરીથી આશ્વાસન આપી એને કહે, 'ચાલ તું ઝુંપડીમાં ચાલ હમણાં. અહીં તને શરદી વધી જશે.'

સ્ત્રી ધ્રુજતી ધ્રુજતી કહે, 'પણ મારા તો ટાંટિયા જ ભાંગી ગયા છે.

શરીરમાં તાવ પણ ચડી ગયો લાગે છે. મારાથી ઉઠાતું નથી. હું શું કરું ? હવે તો જલ્દી મોત આવે તો સારું.'

**ઋષિ સ્ત્રીને પકડી ટેકો દે છે ! : લપસણું :-**

ઋષિ એના આ ચાળાને શું વર્તી શકે ? એક બાજુ એના ભીના લચક કપડામાંથી એના ગોરા અંગ દેખાઈ રહ્યા છે એ જોતાં ઋષિના મનમાં આછો પાતળો રાગ પેદા થયો છે, ને બીજી બાજુ એના ચાળા સાચા માની દયા ઊભરાઈ છે, તેથી બાઈને કહે 'લે હું તને ટેકો આપું, ચાલ ઉઠ.'

એમ કરીને ઋષિ એક હાથે બાવડું પકડી બીજો હાથ એની પીઠ નીચે નાખી એને બેઠી કરે છે, ઊભી કરે છે, ને જુએ છે કે શરીર ધ્રુજી રહ્યું છે, તો રખે ને એ જમીન પર પટકાઈ ન પડે ? એટલે એને ઝાલીને ઝુંપડીમાં લઈ આવી સુવાડે છે.

'બલવાન્ ઈન્દ્રિયગ્રામ.'

**ઈન્દ્રિયોના સમૂહ પ્રબળ છે, એની આગળ આત્મા નિર્બળ, તે ઈન્દ્રિયો એના પર વર્ચસ્વ જમાવી દે છે.**

અહીં ઋષિએ બાઈના લચબચ ભીના કપડામાંથી નગ્ન જેવા અંગોપાંગ જોયેલા એમાં વધારામાં એને પકડીને અહીં લઈ આવ્યા, તે એનો અતિ સુકોમળ સ્પર્શ પણ મળ્યો શું બાકી રહે ? અંતરના ઊંડાણમાં ઋષિને ઝીણાઝીણા રાગના વિકાર જાગવા માંડ્યા છે. પરંતુ ગમે તેમ તો ય આ ઋષિ છે ને ? તેથી તત્ત્વ સમજથી પોતાનાં મનને કાઠું કરી રાખે છે મનને વિચારે છે કે, 'આ તો મારી એક દીકરી જેવી છે. મારે એના પર શું મોહવાનું ?'

**સ્ત્રીચરિત્ર :-**

સ્ત્રીના વેશમાં રહેલ વ્યાસ જુએ છે કે, 'હજી ઋષિ બરાબર પીગળ્યા નથી, તેથી આગળ તાલ જમાવે છે. પોતાના શરીરમાં ભારે ધ્રુજારી કરે છે, અને રુદન સાથે બોલે છે 'હાય રે ! ખૂબ ઠંડી ! ઓ બાપ ! મારાથી સહન નથી થતી.'

પારાશર એને પોતાનું વ્યાઘ્રચર્મ ઓઢાડતાં કહે છે, 'લે મારી પાસે બીજું કાંઈ ઓઢવાનું નથી. આ ઓઢી લે' પેલી ય જબરી છે ઓઢીને એક મિનિટ શાંત પડી રહી વળી પાછી ધ્રુજવા માંડી, રોવા માંડે છે કે 'હાય ! શરીરે ઓઢ્યું તે સહેજ ગરમી વળી, પણ આ પગ ઉઘાડા તે હાય હાય ! બહુ ઠંડી લાગે છે. બાપ રે ! આ કેમ સહન થાય ? આના કરતાં મોત કેમ નથી આવતું ?' એમ બોલી પગ પછાડતી ધ્રુજાવી રહી છે. એમાં ય એના હાવભાવ છે.

**ઋષિ પણ કેવા ભૂલે ? :-**

ઋષિનું કોમળ દિલ આ કરુણ રુદન-વિલાપ અને સામાની કમકમીનું દુઃખ



કેમ જોઈ શકે ? તે હવે એના પગ દબાવવાનો વિચાર કરે છે. ઋષિનું આ કામ છે ? પણ ભોળા જીવ તે મનમાં સવાસલો કરી લે છે કે 'હું તો વર્ષોનો બ્રહ્મચારી, મને આ દબાવવાથી શું થવાનું હતું ?' મનમાં અભિમાન છે કે 'અમને ઋષિઓને તો આ માટીની અને મળમૂત્રે ભરેલી કાયાની ગત ખબર છે. શરીરની ઉપર ઉપરથી ગમે તેવી મુલાયમતા અને ગોરાશ, પણ ભીતરમાં કેવો મળ-મૂત્રાદિનો નર્યો ગંદવાડ છે એ અમે જાણીએ છીએ. એટલે આને અવસર આવ્યે અડવાની જરૂર પડી, તેથી અમને કંઈ થાય નહિ.'

આવા અભિમાનમાં તણાયેલા એમને ખબર નથી કે સ્ત્રીને અડવાની વાત તો ક્યાં, પણ એના શરીરનો વિચારમાત્ર પણ ખતરનાક, મનમાં વાસનાના વિકાર જગાડી દે. એમાં વળી જો સાક્ષાત્ સ્પર્શ કર્યો તો તો આવી જ બન્યું સમજો. વિકારોને કૂદતા વાર નહિ.

**તત્ત્વ-સમજ જુદી ચીજ છે, ને ઈન્દ્રિયોથી જન્ય અનુભવ-સંવેદન જુદી વસ્તુ છે.**

'સ્ત્રીના શરીરમાં કાંઈ માલ નથી' એવી સમજ ગમે તેટલી હોય, પરંતુ આંખેથી જો એના ઉદ્ભટ રૂપનું દર્શન કર્યું, તો એનું અંતરમાં થતું સંવેદન એક પ્રકારની એવી શાતા અનુભવમાં લાવે છે કે પેલી સમજ બાજુએ રહે, ને આ આછી ઝણઝણાટી ઊભી કરે. એમ, સ્ત્રીના કોમળ કંઠના બોલ કે ગીત સાંભળ્યું, યા કોઈ સંગીતકારના કોયલકંઠે ગવાતું વિલાસગીત કાન પર લીધું, તો એ પણ શ્રવણનું સંવેદન શાતાનો અનુભવ કરાવે છે. એ બંને ઈન્દ્રિયો કરતાં સ્પર્શને શાતાનો અનુભવ  વળી ઓર ભયાનક છે. જરા સુંવાળા સ્ત્રી શરીરનો સ્પર્શ કર્યો એટલે તો મામલો ખત્મ ! ગમે તેવી ઊંચી તત્ત્વસમજ અને વર્ષોનું તત્ત્વચિંતન બાજુએ ઊભું રહી જાય, અને સુંવાળા સ્પર્શનું સંવેદન દિલમાં એવી શાતા ઊભી કરી દે કે એની ઝણઝણાટી થવા લાગે.

**મનને બોધ કરતાં મનને ઝણઝણાટી મોટી ચીજ છે.**

માટે તો શુષ્ક દિલવાળાને પરમાત્માનાં દર્શન કરતાં સ્ત્રીનું દર્શન વધારે અસર કરી જાય છે; કેમકે એને પ્રભુનાં દર્શનમાં ખાલી બોધ થાય છે, અને સ્ત્રીનાં દર્શને દિલમાં ઝણઝણાટી થાય છે, શાતાનો સાક્ષાત્ અનુભવ થાય છે. ભક્તિભીના દિલને પ્રભુનાં દર્શનમાં શાતાનો અનુભવ થાય, ને અંતરમાં ઝણઝણાટી થાય કે 'અહો ! આ કેવી અદ્ભુત વીતરાગ મુદ્રા ! મને ને આ વીતરાગનાં દર્શન ! વીતરાગનો ભેટો ! ક્યાંથી મળે ?' આ ભાવ મનમાં આવતાં દિલ ગદ્ગદ થાય, શરીરે રોમાંચ ખડા થાય, મહાન શાતાનો અનુભવ થાય. એકાદવાર શરીરે રોગ વગેરે પીડા હોય, યા પૈસા આદિનું દુઃખ હોય, છતાં જેમ કામી માણસને સ્ત્રીનાં

દર્શને કે સ્પર્શને શાતાનો અનુભવ થાય છે, એમ ભક્ત હૃદયને પ્રભુનાં દર્શને શાતાનો અનુભવ થાય એમાં નવાઈ નથી. સવાલ આટલો કે એવી ભક્તિની ભીનાશ દિલમાં છે ?

સ્ત્રી પ્રત્યેના રાગની દિલમાં ભીનાશ હોય છે, એટલે યુવાન અને ઉદ્ભટ વેશવાળી સ્ત્રી જોતાં અંતરમાં અગ્નિની ઝાળ કે કોઈ રાક્ષસણી જોતાં દિલમાં ઝાટકો લાગે એવો ઝાટકો નથી લાગતો, પણ શાતાનો અનુભવ થાય છે. માટે તો આંખ ત્યાં ઠરે છે, કદાચ ફરી વાર પણ આંખ ત્યાં જાય છે; એવું કોઈ બુઢ્ઢીને જોતાં નથી થતું. આ તફાવત દર્શાવે છે કે યુવતીનાં દર્શને અંતરમાં મીઠાશનો શાતાનો અનુભવ છે, કંઈક ઝણઝણાટી છે. માટે સ્ત્રીનું દર્શન જ ખોટું.

બસ, કહેવું આ છે, કે દર્શને શાતાનો અનુભવ ઝણઝણાટી જુદી, ને કોરો બોધ જુદો હવે બોલો,

**વીતરાગનાં દર્શને 'આ સામે વીતરાગ પ્રભુ છે' એટલી સમજમાત્ર છે ? કે એ અંતરમાં ઝણઝણાટી છે ?**

આ ભેદ તપાસવા જેવો છે. ઝણઝણાટીનો અનુભવ હોય, 'કેવી આમની વીતરાગતા ! કેવા અદ્ભુત ગુણો ! આજના જગતમાં આમની પ્રાપ્તિ ક્યાંથી હોય ?...' વગેરે વિચાર ઉપર આ પ્રભુ મળ્યાની ઝણઝણાટી થતી હોય અંતરના તાર કંપતા હોય, પરમ શાતા અનુભવાતી હોય, તો ત્યાં રાગ-દ્વેષ કામ-ક્રોધ-લોભથી ભરેલી સ્ત્રીના દર્શને જરાય શાતાનો અનુભવ ન થાય, આંખ એના પર સહેજ પણ ન ઠહેરતાં નીચી પડી જાય કે મિંચાઈ જ જાય, અને મનમાં વીતરાગ પ્રભુનું ચિંતન ચાલ્યા કરે.

પરંતુ આ મુશ્કેલ છે. અનાદિના કુસંસ્કારોનાં યોગે પ્રભુને પડતા મૂકી આંખ સ્ત્રી પર ઠરે છે, એ સૂચવે છે કે ત્યાં કોઈક મીઠાશનો શાતાનો અનુભવ છે; પણ માત્ર કોરું દર્શન નથી. જો સ્ત્રીનાં દર્શને આમ, તો સ્ત્રીનો સ્પર્શ થતાં કઈ દશા ? કાંટો કરડે એમ એ સ્પર્શ કરડે ? પારાશર ઋષિ પેલી સ્ત્રીને હાથેથી ઝાલીને અંદર લઈ આવ્યા છે, એણે સહેજ સહેજ શાતાનો અનુભવ કરાવ્યો છે, હવે જો સ્પર્શવાનું આગળ વધે તો એ શું થાય ?

વ્યાસને તો પરીક્ષા કરવી છે ને ? એટલે સ્ત્રીનાં રૂપમાં ચાળો આગળ વધારે છે. સ્ત્રી પગ ધ્રુજતા કરીને રુએ છે કે 'હાય ! શરીરે ઓઢવા મળ્યાથી જરા ગરમી વળી પણ આ ખુલ્લા પગ ઠંડીથી કમકમી રહ્યા છે. હાય ! હાય !'

ઋષિ આવા આનાં કરુણ આક્રંદ ઉપર લહેવાઈ જઈ કહે છે, 'બાઈ ! હવે બીજું તો કાંઈ ઓઢાડવાનું મારી પાસે નથી. તો લાવ તારા જરા પગ દાબું.'



પેલી કહે, 'મહારાજ ! બળ્યો મારો અવતાર ! તમારી સેવા લેવાય મારાથી ? કઈ નરકમાં જાઉં ?'

ઋષિ કહે, 'ચિંતા ન કર. આ તો આપદ્કાળ છે. ત્યાં આવો વિચાર ન કર.'

એમ કહી ઋષિએ એના પગ દબાવવા માંડ્યા. શરીરે કપડાં ભીનાં છે, પછી પેલીએ ચાળામાં કપડાં અસ્તવ્યસ્ત કર્યા છે એટલે ઋષિને તો સાક્ષાત્ જેવું અડવાનું મળે છે પગની પાનીએથી દબાવતાં હાથ ઊંચે આવવા લાગ્યા ને ઋષિને અંતરમાં ઝણઝણાટી જોરદાર વધવા લાગી, મહાન મીઠાશનો અનુભવ થવા લાગ્યો, તે હવે હાથ આગળ વધતાં અટકતા નથી.

**સ્ત્રીનો સ્પર્શ એટલે દારૂ ને દેવતાનો યોગ :-**

શાસ્ત્રો આને દારૂ ને દેવતાનો યોગ કહે છે. દારૂને દેવતા મળે પછી ભડકો થયા વિના રહે ? અગ્નિના સાક્ષાત્ સ્પર્શે તો શું, પણ અગ્નિની નજીકમાં ય ઘી પીગળ્યા વિના રહે ? માટે તો બ્રહ્મચર્યની આ વાડ બતાવી કે સ્ત્રીવાળા મુકામમાં સાધુએ રહેવું નહિ; પછી સ્ત્રીને જોવા-સ્પર્શવાની તો વાતે ય શી ?

આજના સિનેમા જોનારાઓમાં કોણ એક પણ બચતું હશે ? જ્યાં સ્ત્રીનાં ઉદ્ભટ દર્શન કરાતા હોય, સ્ત્રીના હાવભાવ, અંગમરોડ; આંખો ફાડીને ટસી ટસીને જોવાતો હોય, વળી એના મીઠાં ગીત ને બોલ સંભળાતા હોય, ત્યાં જોનારને અંતરમાં શાતા નથી લાગતી ? મીઠાશનો અનુભવ નથી ? ન હોય તો તો આંખ ખેંચી જ લે ને ?

**સિનેમા વગેરેથી ઉત્તમ આર્ય પ્રજાનું પશ્ચિમના વાદે મોત થઈ રહ્યું છે.**

કેવા પશ્ચિમનો વાદ ? નાસ્તિક વિષયલંપટ પશ્ચિમનો ? ત્યાં તો નાગાઈ વધવા માંડી છે. ખાનગીમાં સ્ત્રીનાં નગ્ન નૃત્ય ચાલુ થઈ ગયેલાં. હવે જાહેરમાં નગ્ન યુવાન-યુવતીઓની દોડ શરૂ થઈ ગઈ છે. આના વાદ લેવાના ? પરંતુ જ્યાં કામવાસનાના અંતરમાં ભડકા સળગતા હોય ત્યાં આર્યત્વનું કશું ભાન ન રહેવા દે. નહિતર,

**ઊઘાડા માથાં ઊઘાડી છાતી-પીઠ, ગણિકાના હોય ? કે શ્રાવિકાના ? ભંગણીના હોય ? કે કુલીન આર્ય બાળાના ?**

**પારાશરનું પતન :-**

પારાશર ભૂલ્યા. પેલી સ્ત્રીના સુકોમળ પગનાં સહેજ તળિયે સ્પર્શતાં મીઠાશ-શાતા-ઝણઝણાટી અનુભવી, તો પછી આગળ આગળ વધતાં શે બચે ? આ જેમ દબાવે તેમ પેલી ચાળાખોર ! બાઈ કોમળ અવાજે 'હાશ !' કરે છે. ઋષિ સમજે છે કે 'બિચારીને દબાવવું ઠીક લાગે છે.' તે પગે આગળ આગળ અડતાં દબાવતાં

ઋષિનું દિલ સાવ પીગળી ગયું, ઝણઝણાટી અનહદ વધી ગઈ. એટલે હવે તો વિકાર જોરદાર જાગી ગયા, તે બાઈને બધું પસંદ છે એમ માની જ્યાં સર્વાંગ આલિંગન કરવા જાય છે ત્યાં વ્યાસે જોયું કે પરીક્ષા પૂરી થઈ ગઈ. એટલે એમણે તરત જ સ્ત્રીનું રૂપ સહરી લીધું અને પોતાના મૂળ વ્યાસના રૂપમાં ઋષિની સામે બેઠા થઈ ગયા.

વ્યાસને સામે જોતાં પારાશર ઋષિની મજાલ હતી કે સામોસામ જોઈ શકે ? પોતાના ચાળા પોતાનું અધઃપતન પોતે જાણે છે, પોતાની નજર સામે તરવરે છે, એટલે મોઢું નીચું પડી ગયું.

વ્યાસ પૂછે છે, 'બોલો ઋષિજી હવે પેલા અક્ષરો પર હડતાલ મારું !'

ઋષિ કહે, 'ભાઈ સાહેબ ! માફ રાખો. અનુભવથી જોઈ લીધું કે ઇન્દ્રિય-સમૂહ બળવાન છે, ભલભલા પંડિતો અને ઋષિઓને પણ મહાત કરી પાડી દે.'

આ બહુ ધ્યાન રાખવા જેવી બાબત છે, કે જીવનમાં ચાહીને સ્ત્રીઓનાં દર્શન ન કરાય, તેમજ અડવાનું તો કરાય જ નહિ; વ્યવહારથી સદાચારી પણ જીવનમાં ય જો સ્પર્શનાં બહુ અડપલાં કરવામાં આવે તો મન તામસ ભાવમાં રમતું થઈ જાય છે, વાસના વિકારો કૂદતા રહે છે, અને પર્વતિથિએ પણ બ્રહ્મચર્યપાલન તેમજ મોટી વયે જીવનભરનાં બ્રહ્મચર્ય સ્વીકાર મોંઘા થઈ જાય છે.

**બચવાની ભાવના :-**

આમાં સવાલ મોટો નથી, દર્શન-સ્પર્શનનો નિગ્રહ કરવો એ મોટી વાત નથી. એટલું જ વિચારવામાં આવે કે 'મારે આ અનંત અનંત કાળની ભૂખારવી ઇન્દ્રિયોનાં તર્પણ ક્યાંસુધી કર્યે જવાં ? એની ભૂખ તો એને ગમે તેટલા અને ગમે તેટલી વાર વિષયો આપો છતાં શમે એવી નથી. ઊલટાનું જેમ જેમ વિષયોથી એને રાજી કરો તેમ તેમ એના વિષય-સંસ્કાર ગાઢ બની એની ખણજ માટે સજાગ બની રહે છે. કોઈ સમૂહ-સભામાં બેઠા જો કોઈ સ્ત્રીને જોવા માટે મનમાં એટલું જ આવ્યું કે 'લાવ એક વાર જોઈ લઉં કોણ છે કેવી છે એ ? અને જોઈ લીધી, એ યુવતી હોઈ આંખ ઠરી, પછી ભલે આંખ ખેંચી લીધી, પણ સમજી રાખો કે ભૂખારવી આંખ ત્યાં ફરીથી ગઈ છે જ. એમ બીજી પણ સભ્ય સ્ત્રીનાં દર્શન કરવા દોડવાની; જોઈ જોઈને શાતા અનુભવવાની.

એક જોવામાં આમ, તો સ્પર્શ કરવામાં સ્પર્શન ઇન્દ્રિયની ખણજનું પૂછવાનું શું ? પછી ભલે ને પોતાની પત્ની હોય. આવા ઘેલા માણસો તીર્થસ્થળમાં પણ બચી શકતા નથી. બસ, વિષમતા જ આ છે કે સ્ત્રીનાં દર્શન અને વિશેષ કરીને સ્પર્શન મનને એટલું બધું એનું ઘેલું અને નિઃસત્ત્વ બનાવી દે છે કે પછી આંખ



પરમાત્મા પર ઠરી શકે નહિ, કે મન પરમાત્મામાં ભીંજાઈ શકે નહિ. બધું દર્શન-પૂજન-સ્તવન કોરાધાકોર મનથી થવાનું. હરામ હૈયાના તારણ ઝણઝણે, કે રોમાંચ ખડા થાય ને આંખ અશ્રુભીની બને.

**ભૂખારવી ઇન્દ્રિયોના ગુલામ બનવું ભૂંડું. કામલતા પર ભરવાડ મોહિત :-**

પેલી કામલતાને મૂર્છિત અવસ્થામાં પાણીમાં તણાતી સ્થિતિમાંથી ભરવાડ ઊંચકીને લઈ આવેલો, તે પણ એના પાણીભીનાં લચબચ કપડાવાળા શરીરને ઊંચકીને; એટલે એનો સુંવાળો સ્પર્શ તો થયો જ. વધારામાં એને શેક આપી સ્વસ્થ કર્યા પછી એનાં રૂપનાં દર્શન કરી રહ્યો છે, પછી શું બાકી રહે. એના મનમાં વિકાર જાગ્રત થઈ ગયા. એથી એ કામલતાને બની શકે તો પોતાની ગૃહિણી બનાવવા ઇચ્છે છે. એ પૂછે છે 'બેન ! તું કોણ ? અહીં પાણીમાં શી રીતે તણાઈ આવી ?

કામલતા વિચારમાં તો પડી કે, 'હું તો ચિતામાં બળી મરવા બેઠેલી, તો અહીં પાણીમાં શી રીતે તણાઈ આવી ?' પણ પછી કંઈક ઓછો ખ્યાલ આવ્યો એના પર કલ્પના કરી લીધી કે વરસાદ જોરદાર પડ્યો હશે, એમાં આગ બુઝાઈને પોતે પાણીમાં તણાઈ હશે. તો હવે ભરવાડને ખુલાસો શો કરવો ?' પોતાના જીવનમાં બનેલું તો કહેવાય એવું નથી. એટલે બનાવટી કહેવું છે. તે કામલતા કહે, 'શું કહું મારા કર્મની કઠણાઈ ? પતિ સાથે નીકળેલી, અમે રસ્તો ભૂલ્યા, જંગલમાં ચડી ગયા; રાત પડી ગઈ તેથી ઝાડ નીચે સૂતા, વરસાદ ઘમઘોર તૂટી પડ્યો, પાણીનાં પૂર ચડ્યાં, અમે તણાયા, પછી તો બેના મેળાપ શા રહે ? લાગે છે કે મારા પતિ તણાઈ ગયા, મારું વળી ભાગ્ય જાગતું તે અહીં મને બચાવી. પણ ભાગ્ય જાગતું શાનું ? મારું તો ભાગ્ય ફૂટી ગયું, હાય હાય ! મારા પતિ તણાઈ ગયા ? એમ બોલતાં પોક મૂકીને રોવા લાગી બધો ઢોંગધતુરો.

પેલો ભરવાડ મનમાં ખુશી થયો, કે તો તો આને પત્ની કરી શકાય. એ કહે, 'બાઈ ! હવે તું રોઈને શું કરીશ ? ને હવે ઘરે જઈને ય શું કરીશ ? પતિ ખોઈને ઘરે ગયેલી તારી હવે કિંમત કેટલી ? માટે મારું જો માને તો મારી ઘરરાણી થા. મારું ઘર સંભાળજે. તને હું સારી રીતે સાચવીશ.'

કામલતા આ સાંભળીને વિચારમાં પડી ગઈ કે, 'શું કરવું ?'

જુઓ, એ જીવનનાં ઘોર પાપોનાં સળગતા પશ્ચાત્તાપથી બળી મરવા તૈયાર થઈ હતી, અને આગની વચ્ચે બેસી ગઈ હતી, પરંતુ પાણીએ જેમ એનું શરીર ભીંજવીને ઠંડગાર બનાવી દીધેલું, એવી રીતે કેમ જાણે એનો પશ્ચાત્તાપને પણ ઠંડગાર બનાવી દીધો ! તે હવે ફરીથી મરવાનો વિચાર માંડી વાળી જુદા વિચારમાં

ચડે છે. ભરવાડ એને પત્ની બનાવવા લલચાવે છે ને ? એમાં વળી ભરવાડ એને ઊંચકીને લાવેલો અને હાથેથી અડીને એને શેક કરેલો, તેથી મૂર્છિત અવસ્થામાં પણ એને અવ્યક્ત ઝણઝણાટી થયેલી. પુરુષના સ્પર્શથી એનામાં વિકાર જાગેલો, તેથી પણ હવે જુદા વિકારી વિચારમાં એ ચડે છે.

પૂછો, 'બેભાન અવસ્થામાં અસર થાય ?' હા, થાય. કેમકે વિજાતીયનાં આકર્ષણના ઘેરા સંસ્કાર આત્મામાં પડેલા છે. એ અવ્યક્ત અવસ્થામાં પણ વિજાતીયના સ્પર્શની અસર લે છે.

## શસક-ભસકની બેન સાધ્વી

શાસ્ત્રમાં શસક અને ભસક નામના બે મુનિઓની બેન સાધ્વીનો આવો પ્રસંગ આવે છે. બનેલું એવું કે સાધ્વી અતિશય રૂપાળી તેથી એક નગરમાં એ બહાર નીકળે ત્યારે ઉદ્ધત યુવાનિયા એને જોતા ફરતા; ને ઉપાશ્રય આગળ પણ ઊભા રહી એને જોવા તલસતા. તેથી આ બે ભાઈમુનિઓ કે જે સહસ્રયોધી હતા, એમને દિવસના સમયે ઉપાશ્રય આગળ સાધ્વીના શીલની રક્ષા કરવા માટે પહેરો ભરવો પડતો.

સાધ્વીના મનને થયું કે "આ મારા રૂપને ધિક્કાર છે કે ભોળા અજ્ઞાન જીવ એમાં ફસાય છે, અને ભાઈ મુનિઓને પોતાના જ્ઞાનધ્યાન ચૂકી મારી રખેવાળી કરવા રોકાવું પડે છે ! આના કરતાં તો અનશન જ કરી દઉં જેથી જીવન જ ટૂંકાઈ જાય તો આ પીડા મટે." દિવસોની આ બળતરા પછી સાધ્વીએ યાવજ્જીવનું અનશન લઈ લીધું.

સંસારમાં જે રૂપ-સૌંદર્યની પાછળ જીવો મરે છે, અવિવેકી બને છે, અઢળક પાપ બાંધે છે, છતાં સ્ત્રીઓ જે એ રૂપ ઉપર મગરુબી લે છે ! એનાં પ્રદર્શન કરી ભોળાને ફસાવે છે, જેમ કરોળિયો જાળું બાંધી એના પર મગરુબી લઈ ભોળી માખીઓને ફસાવે, અથવા પારધી અનાજના દાણા સાથે જાળ બિછાવી પંખેરાને ફસાવે એમ, જે રૂપ-સૌંદર્યરૂપી જાળમાં સ્ત્રીઓ ભોળાઓને ફસાવે છે. એ રૂપને આ સુસીલ સાધ્વી ધિક્કારી રહી છે, અને એનો અંત લાવવા અનશન ચાલુ કરે છે. ક્યાં વિષયલંપટ સ્ત્રીઓ ? ને ક્યાં વિરાગી સાધ્વી યા સતી ?

**સંસારના રૂપ-સૌંદર્ય, ધન-વૈભવ, મેવા-મીઠાઈ વગેરે બધું ગોઝારું છે; કેમકે એ જીવને ભાન ભૂલાવે છે, વિવેક ચૂકાવે છે, અઢળક પાપ કરાવે છે.**

**જગતમાં રગડા-ઝગડા આની જ પાછળ; અભિમાન-વિશ્વાસઘાત-માયા પ્રપંચ બધું ય આના ઉપર.**

ત્યારે ભવ્યાત્માએ તો આ વિચાર કરવો જોઈએ કે 'હું કોની ખાતર પાપો



કરું છું ? કોના ઉપર અભિમાન અને પ્રપંચ કરું છું ? કોની ખાતર સગા ભાઈ સાથે અણબનાવ કે વૈરવિરોધ કરું છું ? આ ગોઝારી ચીજો ખાતર ?

બાયડી રૂપાળી કાયાની મળી છે માટે જ એની ખાતર સગા માબાપ કે ભાઈ સાથે લડવાનું ? એમનાથી જુદા રહેવાનું ? સેવા માબાપની કાંઈ નહિ, ને બાયડીની પૂરી સેવા કરવાની ? એમ,

ધનની કમાણી વધારે છે માટે ઓછી બુદ્ધિ કે ઓછી કમાઈવાળા સગા ભાઈ સાથે અણબનાવ રાખવાનો ? વેપાર ધમધોકાર ચાલે છે માટે જ નોકરોને દબડાવવાના ? જેની તેની સાથે રોફ અને તોછડાઈથી વર્તવાનું ? જરા જીવન તપાસી જુઓ, કે

**આંતરિક શુદ્ધિ કેટલી છે.**

અવસર આવ્યો ધર્મમાં રૂપિયા ય ખરચી નાખતા હશો, તપસ્યા ય કરી લેતા હશો, ધર્મની બીજી આરાધના અને ધર્મના સેવાના કામ પણ કરી નાખતા હશો, પરંતુ આ તપાસવા જેવું છે કે જીવનમાં આંતરશુદ્ધિ કેટલી છે ?

## આંતર અશુદ્ધિઓ

આંતર અશુદ્ધિઓનો વિચાર કરવામાં આવે તો ઢગલાબંધ અશુદ્ધિઓ અંતરમાં ભરી પડી દેખાશે ! દા.ત. પોતાને ન ગમતા માણસની સંપત્તિ કે હોશિયારી યા ગુણો કે સુકૃતની કોઈ પ્રશંસા કરતું આવે તો તે સહી શકાતી નથી, ઈર્ષ્યા-અસૂયા-બળતરા થાય છે. એ આંતર અશુદ્ધિ છે. અરે ! કેટલીક વાર તો પોતાને પ્રિય માણસની પણ પ્રશંસા સાંભળતાં બળતરા થાય છે ! બાપને પુત્ર પ્રિય છે, પણ જો કોઈ કહે 'તમારો છોકરો તમારા કરતાં વધારે હોંશિયાર-વિવેકી-શાણો દેખાય છે,' તો આ સાંભળતાં બાપને અંતરમાં બળતરા થાય છે કે 'લે, મારા કરતાં આજકાલનો છોકરો વધારે હોશિયાર ? કેવી વાત કરે છે ?'

**પોતાના પ્રિયની પણ પ્રશંસામાં કેમ આવી બળતરા ? મૂળ સંસારના પેલા ગોઝારા સન્માનની લાલસાને લીધે,**

પરના સારા ઉપર ઈર્ષ્યા-અસૂયા-બળતરા એ આંતરિક અશુદ્ધિ છે એ આપણા જીવનમાં નથી ને ? એ તપાસો.

જીવનના છેડા સુધી ધર્મ કરતા રહેવાય, પણ આ ઈર્ષ્યા આ અશુદ્ધિ ઠેઠ સુધી ન મૂકાય એ કેવી આત્માની દુર્દશા ? શું ધર્મ આ તજવાનું નથી કહેતો ? કહે છે; પરંતુ આવી આંતરિક અશુદ્ધિ ઠેઠ સુધી રાખીને પરલોક લઈ ગયે ત્યાં એ શું કામ કરશે ? ને ત્યાં એ ભૂલાશે ? લખી રાખજો,

**અહીંનું ભાન ભૂલેલું અહીં રહે પરભવે સાથે ન આવે; પણ અહીંની ઊભી કરેલ અશુદ્ધ આત્મદશા તો સાથે જ આવે; કેમકે એ આત્માનો ઘડેલો ઘાટ છે.**

સોનાની લગડી ઓગાળી એનો કુડું વગેરે ઘાટ બનાવ્યો. એના પર ચડાવેલો રંગ ધોવાઈ આગળ ન ચાલે, પણ એ સોનું જ્યાં લઈ જાઓ ત્યાં એ કડાનો ઘાટ તો સાથે જ હોય ને ? એમ સુખીની-ગુણવાનની-સુકૃત કરનારની ઈર્ષ્યા કરી કરી આત્માનો એવો ઘાટ ઘડ્યો એવી આત્મદશા ઊભી કરી, એ તો પરભવે સાથે જ ચાલવાની. એવી બીજી અશુદ્ધિઓની આત્મદશા પણ સાથે જ ચાલવાની.

વળી એક આંતર અશુદ્ધિ વાતવાતમાં મદની-ગર્વની-માનાકાંક્ષાની છે. જરાક શી આવડત વિદ્વતા આવી એટલે એવી આવડત વિદ્વત્તા વિનાના માણસો આગળ બડાઈ હાંકવા જોઈએ છે. એમ થોડા પૈસા મળ્યા, હોદ્દો મળ્યો, ઘરમાં વડેરાપણું મળ્યું, ત્યાં ય માથામાં મદ ભરાય છે. એમ તપસ્યા દાન, પરોપકાર કરીને ય માન ચડે છે, બડાઈ હાંકવા જોઈએ છે. એ અભિમાન છે. એમ, વાતવાતમાં 'મારું માન રહેવું જોઈએ, હું કેમ સારો દેખાઉં' આવી માનાકાંક્ષા રહે છે. આ બધી આંતર અશુદ્ધિઓ છે. જીવનમાં તપાસો આ કાંઈ હેયે છે ખરી ?

એવી એક અશુદ્ધિ સ્વાર્થાંધતાની છે. એથી અંધ બનેલાને પરના દુઃખની જરાય પરવા નથી. હું મારું બરાબર બનાવું, સારું બધું મારે જોઈએ ! આ લેશ્યામાં સાધર્મિકની સામે તો જુએ જ શાનો ? ત્યારે સ્વાર્થ માટે પાપો કરવામાં પાછી પાની શું કરે ? કે બાકી શું રાખે ? બીજા દુઃખીઓનો થોડો ય ઉદ્ધાર શાનો કરે ? હૈયું જ નિષ્ઠુર બનેલું હોય ત્યાં પરનો વિચાર જ નહિ. આ ય જીવનમાં તપાસવા જેવું છે કે આવી આંધળી સ્વાર્થરસિકતા નડે છે ખરી ?

એવી એક અશુદ્ધિ સગા ભાઈ સાથે કુટુંબી સાથે ઝગડો કરવાની ને વૈરવિરોધ રાખવાની છે. એ કેટલો ધર્મ કરવાથી જાય ? કશું નહિ, સ્વભાવ પડ્યો એ શાનો જાય ? છમછરી પડિક્કમણું કરશે, પણ આ નહિ છોડે. પોતાની ગાડા જેવી ભૂલ કશી નહિ યાદ કરે, પણ સામાની નાનકડી ભૂલને બરાબર યાદ રાખશે !

ધર્મી થઈને ફરનારાઓએ પોતાનું જીવન તપાસવા જેવું છે કે આત્મામાં આવી આવી આંતર અશુદ્ધિઓ કેટલી ખદબદી રહી છે ? ધર્મી બનવું છે ને આ અશુદ્ધિઓ ઊભી રાખવી છે, તો સાચા ધર્માત્મા બની શકાશે ? ધર્મ કરાય છે એ બહારથી, અને અશુદ્ધિઓ છે એ અંતરમાં,

**ધર્માત્મા એટલે બાહ્યથી નહિ પણ અંતરથી ધર્મને ફરસેલો.**



ભગવાન જિનેશ્વરદેવનો ધર્મ તો એટલો બધો સુંદર છે કે એ અંતરમાં ફરસે ત્યાંથી અશુદ્ધિઓ ભાગવા માંડે. ત્યારે એ ધર્માત્મા બને નહિતર તો પાપાત્મા છે છે ને છે જ.

ભગવાનનો ધર્મ દિલમાં ફરસાવીને ધર્મ કરતો હોય એ (૧) વડિલોનો અવિનય કરનારો હોય ? (૨) એ ક્રોધિલો બની જ્યાં ને ત્યાં ઝગડનારો થાય ? (૩) એ માબાપ કે સગા ભાઈ સાથે વૈરવિરોધ-કલહ રાખ્યા કરે ? (૪) અભિમાનમાં એનાં નસકોરાં ફૂલેલા જ રહે ? (૫) એ બીજાની નિંદાના પાનિયાં લઈને બેસે ? (૬) એ વિશ્વાસઘાત-દ્રોહ-માયાપ્રપંચ કરનારો હોય ? (૭) લોકોના પૈસા લઈને આપવાના અખાડા કરે ? ને જાતે અમનચમન ઉડાવે ?

આવી આવી આંતરિક અશુદ્ધિઓની જો કોઈ અફસોસી પણ નથી, તો એ ટાળવાની બુદ્ધિ તો આવે જ શાની ? કે ટાળવાનો પ્રયત્ન તો થાય જ શાનો ? આવા ઉચ્ચ ભવમાં આ નહિ, તો અહીંથી કેવી આત્મદશા લઈને જવાનું ? અધમ અધમાધમ જ ને ? તો પછીના ભવમાં શું રહેવાનું ? અહીંની પૈસાટકા-રૂપસૌંદર્ય-પ્રતિષ્ઠા-માન મર્તબો વગેરે બધી વડાઈ સ્વપ્નની જેમ ઊડી ગયેલી, અને આ અધમ આત્મદશા જ ઊભી રહેલી દેખવા મળવાની ને ?

ઉત્તમ આત્માને આ સમજીને અહીં આ જનમમાંજ આંતરિક અશુદ્ધિઓ પોષવાને બદલે ઓછી કરતા રહેવાનું મન થાય છે, અને એ એનો શક્ય પુરુષાર્થ કરે છે. એ ધર્મ કરે તે પણ પોતાના આત્માની આ બદીઓ ઓછી કરવા નાબૂદ કરવાના મુખ્ય હેતુથી.

ધર્મથી અશુદ્ધિઓ ટળે ? હા.

તો ઘણા ય ધર્મ કરે છે એમને કેમ નથી ટળતી ?

એમને ટાળવી નથી માટે ક્યાંથી ટળે ? અશુદ્ધિઓ ટાળવા માટે પહેલાં બુદ્ધિ તો જોઈએ ને ? ટાળવાની બુદ્ધિ જ ન હોય, ઈચ્છા જ ન હોય, તો ધર્મ શું કરી શકે ? ધર્મથી મોક્ષ મળે ને ? પણ કોને ? જેને મોક્ષ જોઈતો હોય એને. જેને એ જોઈતો જ ન હોય એને ધર્મ શી રીતે મોક્ષ પમાડે ? એવું અશુદ્ધિઓ ટાળવા અંગે છે. જે ઉત્તમ જીવને એ ટાળવાની ઈચ્છા છે, ને ધર્મ કરતાં એનું લક્ષ રાખે છે, એને ધર્મથી એ ટાળવાનું જોમ મળે છે.

**અશુદ્ધિઓ ટાળવાની તમન્ના એ ઉદયકાળ છે.**

આ માનવ-આયુષ્યકાળ ઉદયકાળરૂપ પસાર થાય એમ ઈચ્છો છો ? તો હૃદયથી આ તમન્ના રાખ્યા કરો. પછી દિલની સાચી તમન્ના એનો કાંઈ ને કાંઈ પુરુષાર્થ કરાવશે. તમન્ના છે કે 'હું ઈર્ષ્યા-વૈરવિરોધ-આપમતિ-સ્વાર્થાંધતા

વિષયલંપટતા વગેરે મારા આત્માની આંતર અશુદ્ધિઓને અંતરના ગંદવાડને કાઢું,' એટલે પછી (૧) જ્યાં એની લાલચ જાગશે ત્યાં તરત સાવધાની આવશે. (૨) વિચારસરણી અંતરની ખરાબીઓ કેવી ને કેમ અટકે એ પર જશે. (૩) અરિહંત, અરિહંતનું જીવન, મહાપુરુષોનાં જીવન, જિનાજ્ઞા વગેરે યાદ કરાશે; (૪) એના આલંબને એ દોષો ન સેવવા પ્રયત્ન રહેશે.

પેલી સસક-ભસક મુનિઓની બેન સાધ્વી આ વિચારી રહી છે કે ધિક્કાર છે મારા રૂપને કે જે બિચારા યુવાનીયાઓને મોહ પમાડીને ઉન્માદમાં ચડાવી રહ્યું છે, અને ઉન્માદીઓથી બચાવવા માટે ઊભા રહેતા ભાઈમુનિઓનાં જ્ઞાનધ્યાન ગુમાવરાવે છે !' જુઓ,

**રૂપ ઉપર ગર્વ અને બીજાને એમાં ફસાવવાની લેશ્યા એ અંતરનો ગંદવાડ છે.**

**ત્યારે રૂપ બીજા પામર જીવોને ફસાવનારું હોઈ એના પર ધિક્કાર એ અંતરની નિર્મળતા છે.**

આ નિર્મળતાને ધરનારી સાધ્વી આ ધિક્કાર વરસાવીને બેસી ન રહી, પણ એણે જીવો પરની ભાવદયાથી અને ભાઈમુનિઓના જ્ઞાનધ્યાન ન બગડે એ લાગણીથી રૂપ નષ્ટ કરવા માટે અનશન જ આદર્યું એમાં જતે દહાડે એ સાવ નખાઈ ગઈ, તે યાવત્ મર્યા જેવી તદ્દન મૂર્તિ નિશ્ચેષ્ટ થઈ ગઈ. બધાને લાગ્યું કે આ તો મરી ગઈ, એટલે ભાઈમુનિઓ પોતે જ એને ઊંચકીને જંગલમાં મૂકી આવ્યા. જૈન સાધ્વીનો આંતર અશુદ્ધિ ન સ્પર્શે એ માટે કેટલો પુરુષાર્થ ?

મહાવીર ભગવાનના જીવનમાં જુઓ આંતર અશુદ્ધિઓથી દૂર રહેવાનો ભારે પુરુષાર્થ દેખાય છે. ચંડકોશિયો નાગ પ્રભુના પગે બચકું ભરી રહ્યો છે છતાં પ્રભુને એના પ્રત્યે લેશમાત્ર ગુસ્સો કે તિરસ્કાર નથી આવતો. ગૌતમ ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ અભિમાનમાં પ્રભુ સાથે વાદ કરવા આવ્યા છે, છતાં એમનો અનાદર ન કરતાં એમને મીઠા શબ્દોથી આવકારે છે. અરે ! પ્રભુ સંસારી ઘરમાં હતા ત્યારે પણ પોતે મહાન અવધિજ્ઞાની છતાં માતા-પિતા એમને પંડિત પાસે ભણવા લઈ જાય છે ત્યાં પ્રભુ એમને અક્ષર પણ નથી કહેતા કે, 'આ શું કરી રહ્યા છો ? મારી આગળ તમારો પંડિત શું જાણે છે ?' લેશ પણ અભિમાનનો ગંદવાડ નહિ.

**બાળ વીરે દેવને મુઠ્ઠિ કેમ મારી ? :-**

**પ્ર.**- તો પછી બાલ ક્રીડામાં પારખું કરવા આવેલા દેવતાએ એમને ખભા પર ઊંચકી સાત તાડ જેટલું ઊંચું રૂપ કર્યું ત્યારે પ્રભુએ કેમ એના ખભે મુઠ્ઠિ મારી એને દબાવ્યો ?

**ઉ.**- એ મુઠ્ઠિ મારી એ અભિમાનથી નહિ, પણ મિથ્યાત્વી દેવતાને અરિહંતના



બળની ગમ નહોતી એ એનું મિથ્યાત્વ હતું. એ મિથ્યાત્વ ટાળવા માટે મુઠ્ઠિ મારેલી; ને ખરેખર દેવતા પછી સમજી ગયો અને પોતાની અજ્ઞાનતા માટે માફી માગી. એવું જ પ્રભુએ મેરુશિખર પર પોતાના જન્માભિષેક વખતે મેરુ ડોલાવેલો, તે અભિમાનથી નહિ, પણ ઈન્દ્ર અરિહંત માટે નિર્બળતાનો વિચાર કરી આશાતના કરી રહ્યો હતો એને એ આશાતનાથી બચાવવા મેરુને ડોલાવેલો. પ્રભુમાં અભિમાન નહોતું એ એમના ઘરસંસારના નમ્ર ગંભીર જીવન પરથી દેખાઈ આવે છે. નહિતર માતા-પિતાના એમને શાળાએ ભણવા લઈ જવાના પ્રયત્નને મૂંગે મોંઢે શું કામ વધાવી લે ?

વાત આ છે કે જીવનમાંથી અભિમાન ઈર્ષ્યા વગેરે આંતર અશુદ્ધિઓને ટાળો. અસ્તુ.

પેલી સસક-ભસકની બેન સાધ્વીને અનશનમાં મરેલી દેખી ભાઈમુનિઓ એના દેહને ઊંચકી દૂર જંગલમાં મૂકી ચાલી આવ્યા પણ એમના ગયા પછી ત્યાં ઠંડા પવનની લહેરે સાધ્વીમાં ચેતના આણી. આંખ ખોલી જુએ છે તો આસપાસ નિર્જન જંગલ છે એ ક્ષણભર વિચારમાં પડી ગઈ કે 'આ શું ? પોતે અહીં ક્યાંથી ? કલ્પના થઈ કે પોતાને અનશનમાં નબળાઈ વધતાં વધતાં તદ્દન મૃત્યુ જેવી બેભાન દશા થઈ હશે એટલે પોતાને મરેલી માનીને અહીં મૂકી દીધી હશે તો હવે શું કરવું ?

અહીં પેલી કામલતા જેવી વસ્તુ બને છે, એ માટે આ દૃષ્ટાંત જોઈએ છીએ. શી વસ્તુ ? જેમ પુરુષને સ્ત્રીનો સ્પર્શ એમ સ્ત્રીને પુરુષનો સ્પર્શ ઝણઝણાટી ઊભી કરે છે; તે પણ અવ્યક્ત અવસ્થામાં ય થયેલો સ્પર્શ એ પણ એવું કામ કરે છે વસ્તુ.

અહીં સાધ્વીને અલબત ભાઈઓનો સ્પર્શ થયો છે કેમકે ભાઈમુનિઓ એને બેભાનને ઊંચકીને લઈ આવ્યા છે. છતાં સાધ્વીને એ સ્પર્શે પણ એક પ્રકારની આછી પાતળી ઝણઝણાટી ઊભી કરી દીધી છે.

**વિજાતીયનાં દર્શન-સ્પર્શને ભલે અવ્યક્ત પણ મીઠાશનો અનુભવ ભૂંડો. એ વર્ષોની બ્રહ્મચર્યની ભાવનાને નષ્ટ કરી નાખે.**

**વિશ્વામિત્ર અને સ્થૂલભદ્રમાં કેમ તફાવત ? :-**

વિશ્વામિત્રઋષિ મેનકા અપ્સરાના નૃત્ય હાવભાવ આગળ પડ્યા, અને સ્થૂલભદ્રમુનિ કોશાવેશ્યાનાં નૃત્ય હાવભાવની સામે અડગ રહ્યા. કેમ તફાવત ?

કહો, વિશ્વામિત્ર આ અપ્સરા એટલે કે વિજાતીય, એનું દર્શન કરવામાં પડ્યા, અને એમને અંતરમાં ઝણઝણાટી થઈ મીઠાશનો અનુભવ થયો, માટે એ પડ્યા. તે એની સાથે સંસારીના ખેલ સુધી પહોંચી ગયા.

ત્યારે સ્થૂલભદ્ર મુનિ, ભલે ને કોશા વેશ્યા નાચે ગાય, અને હાવભાવ કરે,

પરંતુ પોતે એની સામે મીંટ માડીને ન બેઠા, એક ૦ા ક્ષણ પણ એ જોવાની એનું દર્શન કરવાની વાત નહિ. ધ્યાનસ્થ આંખ રાખીને તત્ત્વચિંતન કરતા બેસી રહ્યા. વિજાતીયનું દર્શન જ નહિ, પછી શાની ઝણઝણાટી અને એની પાછળ શાનું પતન થાય ? આ સૂચવે છે કે,

**જીવનમાં પતન અટકાવવાં છે ?**

તો વિજાતીયનાં દર્શન કરવા પણ બંધ કરો; દેખાઈ જાય ત્યાં હૈયે લેશ પણ શાતાનો મીઠાશનો અનુભવ ન થવા દો.

પેલી અનશની સાધ્વીને ભલે બેભાનપણે અને ભલે સગા ભાઈનો સ્પર્શ થયો છે, પરંતુ એણે ય એક એવી અવ્યક્ત ઝણઝણાટી ઊભી કરી છે કે હવે જુઓ એ કેવો ભાવ ભજવે છે, એ ત્યાં વિચારમાં હતી કે હવે ક્યાં જાઉં, એમાં ત્યાંથી એક સાર્થવાહ નીકળ્યો. એ આને જોઈ પૂછે છે, 'બેન ! તું કોણ છે ને અહીં ક્યાંથી ?'

**સાધ્વીને સાર્થવાહ મળે છે :-**

આ વિચારમાં પડે છે કે શું કહેવું ? એણે એક વિચાર એ કર્યો કે 'હવે અનશન પળે, એવું નથી. તો પાછી ગુરુણી ભેગી થવામાં તો મોટી નાલેશી. વળી પેલી જુવાનિયાઓની ધાંધલની આપત્તિ રહેવાની, ને રક્ષાર્થે વળી ભાઈઓને પીડા રહેવાની. મોત ઇચ્છ્યું પણ મળ્યું નહિ, તેથી લાગે છે કે હજી જીવવાનું લખાયેલું છે. હવે જોઉં આગળ શું બને છે,' સાર્થવાહને એ કહે છે, 'હું પરદેશી છું. કર્મસંજોગે અહીં મૂકાઈ ગઈ છું.'

સાર્થવાહ સમજ્યો કે 'ગમે તે કોઈ એવાં કારણે અહીં મૂકાઈ હશે કે જે કારણ કહેવા લાયક નહિ હોય. પરંતુ બાઈનું રૂપ દેવાંગનાને ટક્કર મારે એવું છે. લાગે છે તો કોઈ સારા કુળની. માટે એક વાર તો એને આશરો આપી દઉં.' આમ વિચારીને એ એને કહે છે,

'પણ બેન ! તું બહુ દૂબળી પડી દેખાય છે. કોઈ રોગ થયો હશે. ખેર, ગમે તે હો, તું ચિંતા ન કરીશ. ચાલ અમારી સાથે તને વાહનમાં લઈ જઈશું.'

સાર્થવાહનું મન ચોર બન્યું છે એટલે તાત્કાલિક આ મીઠી મીઠી વાત કરી રહ્યો છે. ત્યારે સાધ્વી પણ હવે ઢીલી પડી ગઈ છે. મોતનો ય વિચાર નહિ, ને સંયમનો ય વિચાર નહિ. 'અનશન કરેલું તે હવે ભાંગીને સંયમમાં સાધ્વીઓની વચમાં કેમ રહેવું ?, એ પણ મોટી શરમ નજર સામે છે. બસ, મનથી ઢીલી પડેલી એ ચાલી સાર્થવાહની સાથે. સાર્થવાહે એને ખવરાવી પીવરાવી પુષ્ટ કરી એટલે તો પાછી કાયા રૂપ-સૌંદર્યમાં પૂરબહારમાં ખીલી ઊઠી. હવે સાર્થવાહ પરસ્ત્રીનાં આ રૂપ જોઈ ઝાલ્યો રહે ? એ કયો મહર્ષિ હતો ? અને મોટા મહર્ષિ



પણ હોય તો ય શું ?

**રૂપ-રૂપના અંબારસમી યુવાન સ્ત્રીના સતત સંપર્કમાં રહીને મહર્ષિ ય શું બચી શકે ?**

એ તો સ્થૂલભદ્રજી મહામુનિ એક, કે જે કોશા વેશ્યાને ત્યાં ૪-૪ મહિના રહ્યા છતાં અડગ રહ્યા. બાકી તો મોટા સિંહગુફાવાસી મુનિ આમ મહા પરાક્રમી છતાં એમનો ચાળો કરવા ગયા, તો વેશ્યાને ત્યાં જઈ રહેતાં તરતમાં જ કામવિહ્વળ થઈ ગયા. સ્ત્રીનો સંપર્ક જ ખોટો.

સાધુના મુકામમાં વારે વારે સ્ત્રી જાય તો સાધુ ય ગબડે માટે તો શાસ્ત્રે સાધ્વીને પણ યોગોદ્વહનની ક્રિયા કે વ્યાખ્યાન સિવાય સાધુના મુકામમાં રોજ જવા ના પાડી. સાધ્વીને મનાઈ, તો શ્રાવિકાઓને છૂટ કે મનાઈ ? જ્ઞાનીઓએ આ જોયું કે

**સાધુ ને બેનોનો સંબંધ એટલે દારૂ ને દેવતાનો યોગ; એ યોગ જ ખોટો, એ ભડકો જ કરે.**

સાર્થવાહ આ પતિત બાઈના સતત સંપર્કમાં છે, એ શું ટકે ? બન્યો કામવિહ્વળ, અને હવે મોહક શબ્દોથી એને પોતાની પત્ની બનવા સમજાવે છે. પેલી પણ પૂર્વે ભાઈ મુનિઓના અવ્યક્ત સ્પર્શનથી આછી ઝણઝણાટીવાળી બનેલી છે; વળી એ પણ આ ફાંકડા સાર્થવાહના સતત સંપર્કમાં છે; તેથી એ પણ કામ-વિહ્વળ બની છે. હવે ભાવતું હતું ને વૈદે કહ્યું, એટલે એણે સ્વીકારી લીધું ને સાર્થવાહની પત્ની બની બેઠી.

સંસાર કેવો જાલિમ છે ? સંસારના પદાર્થ એક વખતની મહાન સાધ્વીને ય કેવી પાડી નાખે છે ! ત્યારે એમ વિચાર આવે કે

**પ્ર.**- વર્ષોનો સંયમનો સ્વાદ ક્યાં ગયો ?

ઉ.- પણ સમજી રાખો કે એની સામે જીવને વિષયોનો અનંતકાળનો સ્વાદ છે. એ બળવાન ? કે સંયમનો સ્વાદ બળવાન ? તો પૂછો,

**પ્ર.**- ત્યારે સાધુ શી રીતે ટકી શકતા હશે ?

ઉ.- એ એટલા માટે જ ટકી શકે છે કે એ પાપી વિષયોના સંપર્ક શું, સ્મરણથી આઘા ને આઘા રહે છે. બાકી તો જો એ પણ મુલાયમ કપડાં, રાજાશાહી ગોચરી, અને સ્ત્રીઓનાં વારે વારે સંપર્કમાં પડે, તો એમના ય બાર વાગી જાય, સંયમનો સ્વાદ મરી પરવારે, વિષયોનો સ્વાદ માથે ચડી બેસે અને વ્યક્ત કે અવ્યક્ત પતન થઈ જાય.

સાધુ જ શું, ગૃહસ્થ પણ આવા સંયોગમાં લથડે છે. કવિ કહે છે,

**રસના રામા ને રમાજી, એ ત્રણ પાતક મૂળ;**

**જીભ, સ્ત્રી અને લક્ષ્મી એ ત્રણ પાપનાં મૂળ છે.**

જીભ એને પરવશ પડ્યો એક યા બીજા પ્રકારનાં પાપ કરે છે. જીભડીને સારું સારું ખાવા જોઈએ છે, તો એની ખાતર રગડો ઝગડો કરશે, અસત્ય બોલશે, અનીતિ કરશે, દીનતા કરશે, અરે ! રસત્યાગનો ઉપદેશ આપનાર ગુરુ ઉપરે ય અભાવ લાગ ફાવે તો દ્વેષ કરાશે. રસોઈમાં જરાક વાંકું ચૂંકું થયું તો ગુસ્સા ધમધમાટ કરનારા છે ને ? મનફાવ્યું ખાવા માટે ઘરમાં જ ચોરી માયા કપટ નથી કરાતી ? કોઈના મહેમાન થયા, પેલાએ બનાવ્યું તો જમણ; પણ ભાઈને જો મન પસંદ નહિ, તો એનું ખાઈને ખોદશે ! જીભડીનાં આ તોફાન છે.

ખાવાની દાઢ શાસ્ત્રના હિસાબનીય અવગણના કરાવે છે. આજે મહિનામાં પાંચ પર્વતિથિએ કેળાનું શાક વપરાતું થઈ ગયું છે ને ? શું માનીને ? 'કેળાં તો પાકા છે એ કાંઈ લીલોતરી ન ગણાય.' આવા હિસાબ માંડીને ને ? 'અલ્યા ભાઈ ! જો લીલોતરી નહિ, તો શું સુકોતરી છે ? સુકવણી છે ? શાસ્ત્રે પર્વતિથિએ લીલોતરી-ત્યાગનો હિસાબ આપ્યો તેમાં લીલાં શાક પાકાં ફળનો પણ ત્યાગ કરવા માટે. જાણીને પણ ભાઈને ખાવાનો ટેસ જોઈએ છે, તેથી કેળાં ફળ ઉપર 'લાલોતરી નહિ' એવો સિક્કો મારે છે ! એટલે તો પાંચ તિથિ પાકી કેરી-રસની આજે છૂટ થઈ ગઈ છે. જીભડીની ગુલામી મહિનામાં પચીસ દિવસ કેળાં કેરી ખાવાના મળવા છતાં સંતોષ નથી રખાવતી, તે પાંચ તિથિ પણ એનો ત્યાગ નથી કરવા દેતી..., અને ખાય તો ખાય, પણ શાસ્ત્રના હિસાબની અવગણના ય કરાય છે ! જીભડીની ગુલામીએ આજે રજાના દિવસે પણ રાત્રિ-ભોજન ખુલ્લા કરી નાખ્યા, જમણવારમાં ય રાત્રિ-ભોજન અને તીર્થસ્થાનમાં ય રાત્રિભોજનની છૂટ થઈ ગઈ ! શ્રાવકપણાનો હિસાબ ક્યાં રહ્યો ? લોકો પણ સમજે છે કે શ્રાવક રાત્રે ન ખાય, કિન્તુ શ્રાવકને પોતાને રાત્રિભોજનની અફસોસી ય ઊડી જાય એ કેટલું બેહૂદું ? આ ઉચ્ચ જીવનમાંય આટલી ગુલામી, તો પછીના હલકા જીવનમાં કેટલી ગુલામી ?

જૈન કમમાં કમ બહારમાં, તેમજ નોકરીના કારણ સિવાય ઘરમાં પણ રાત્રિભોજન તો ન જ કરવું જોઈએ. એમ જાહેર સમારંભોમાં તો અવશ્ય રાત્રિભોજન ન હોય. પણ જીભડીની ગુલામી એટલું ય નથી સૂઝવા દેતી. પછી અભક્ષ્યની ય સૂગ ન રહેવા દે એમાં નવાઈ નથી. શીખંડની સાથે મગની દાળ કે ચણાના લોંટના ભજિયાં ખવાય ? ના, વિદળ થાય વિદળમાં અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ. ગરમ નહિ કરેલ દૂધ-દહીં-છાશ સાથે ! કઠોળનો સંયોગ એ વિદળ. એ અભક્ષ્ય છે. પણ રસના-ઇન્દ્રિયની પરવશતા એટલો ય ત્યાગ નથી કરવા દેતી. કેવી દુર્દશા !

આજે કેટલાક કહે છે,



**પ્ર.**- આવા ઝીણા ઝીણામાં એટલું બધું પાપ આવી ગયું ? વ્યવહારમાં અન્ય અનીતિ વિશ્વાસઘાત વગેરે મોટાં પાપ ક્યાં ઓછાં છે ?

ઉ.- પણ આ કહેનારને ખબર નથી કે જૈનપણાના મૌલિક આચારનો આનંદ પૂર્વક ભંગ એ ઝીણું પાપ નહિ, મોટું પાપ છે. એની સૂગ થઈ એટલે દિલ નિષ્ઠુર બન્યું. પાપમાં નિષ્ઠુર બનેલું દિલ પછી બીજાં ય પાપ કરતાં સંકોચ નહિ અનુભવે. કહો મૌલિક આચારના ભંગના પાપમાંથી સૂગ ઊડી ગયે એ બીજાં પાપને સગવડ કરી આપે છે. એટલું જ નહિ, પણ એ બતાવનાર જિનવચન પર અનાદર થઈ જાય છે. એ મિથ્યાત્વમાં તાણી જાય. આ તો ઝીણાં પાપ એમ કહેનાર ક્યાં પહોંચ્યો ?

**મોટાં પાપ ક્યાં ? :-**

બીજી વાત આ પણ છે કે આજે વ્યવહારની અશુદ્ધિને મોટાં પાપ કહેનારને મુનિઓની નિંદા, સંઘની નિંદા, જૈન અનુષ્ઠાનોને 'સાંપ્રદાયિક ધર્મ' કહી ઉતારી પાડવાનું, વગેરે વગેરે સહેલું થઈ ગયું છે. કેમ જાણે એ તો કોઈ પાપ જ નથી. ખરેખર તો વ્યવહારની અશુદ્ધિના પાપ કરતાં આ પાપ તો અત્યંત મોટાં પાપ છે. બોલો છો ને કે 'દેવ-ગુરુની નિંદા કરે સાતમી નરકે જાય.'

**આચાર ભંગનું પાપ કરનાર કેમ વધુ ખરાબ ? :-**

જૈનને તો એકેય પાપ પાલવતું નથી. મૌલિક આચારના ભંગનું પાપ, વ્યવહારની અશુદ્ધિનું પાપ, કે ધર્મ-સંઘ-સાધુની નિંદાનું પાપ, કશું ય જૈનને ન પાલવે. કિન્તુ જૈન જે આચારભંગનું પાપ નથી કરતો, એને જિનેશ્વર ભગવાનની આજ્ઞા યાદ આવે છે. કેમકે એ એમ સમજીને આચારભંગ નથી કરતો કે અમારા ભગવાને આ આચાર પાળવાના કહ્યા છે. ત્યારે, આચારની બેપરવાઈ કરીને વ્યવહાર-અશુદ્ધિનું પાપ જે નથી કરતો એ તો 'લોકમાં પ્રસિદ્ધ છે કે વ્યવહાર-અશુદ્ધિ ખરાબ,' માટે એ નથી કરતો. એને કાંઈ જિનેશ્વર ભગવાનની આજ્ઞા જ યાદ આવે એવો નિયમ નથી. ઊલટું, લોક પ્રસિદ્ધ પાપને મહત્ત્વ આપી આચાર-ભંગના પાપને વિસાત વિનાનું ગણે છે એને જિનાજ્ઞાની મદાર ન રહી.

જિનાજ્ઞા-વિસ્મરણ તફાવત સમજવા જેવો છે, જોજો આનો એ અર્થ નથી કે વ્યવહારની અશુદ્ધિ પાપ નથી; પાપ છે, મોટાં પાપ છે, પણ,

**જિનાજ્ઞાની બેપરવાઈ એ વ્યવહાર-અશુદ્ધિનાં પાપને ય ટપી જાય એવું જંગી મોટું પાપ છે.**

આજના ફતવા આ ચાલે છે. માટે એની સુંવાળી વાતોથી સાવધાન રહેવા જેવું છે. આજનો ફતવો એમ કહે છે કે 'અહિંસા એ તાત્ત્વિક ધર્મ, અને આચાર-અનુષ્ઠાન એ સાંપ્રદાયિક ધર્મ !' આ કહેવું એ ફતવો એટલા માટે છે કે એણે ગોળ

ને ખોળ બે સરખા માન્યા. જૈન આચાર-અનુષ્ઠાન એ પણ સંપ્રદાય ! પછી ભલે મિંયાભાઈ બકરી ઇદનું અનુષ્ઠાન ઊજવે, એ ય સંપ્રદાય કેવી અણઘટતી માન્યતા ! કેમ જાણે પોતપોતાની મર્યાદામાં અહિંસા બધાએ ધર્મોએ માની માટે બધા ધર્મ એ દૃષ્ટિએ તાત્ત્વિક ધર્મ ! અને આચાર અનુષ્ઠાન અલગ અલગ માન્યા એ દૃષ્ટિએ એ બધા ધર્મ સાંપ્રદાયિક ધર્મ ! આવું માનવું બોલવું લખવું એ ફતવો છે.

**જૈન-જૈનેતર ધર્મના તફાવત :-**

**શુદ્ધ તાત્ત્વિક ધર્મ જૈન ધર્મ જ છે.**

કેમકે એ જ સર્વજ્ઞકથિત છે; તેમજ એમાં જ એકેન્દ્રિય સુધીના જીવોની ઓળખ હોઈ તાત્ત્વિક અહિંસાને સ્થાન છે. માટે તો જૈનધર્મી ઘર-સંસાર ચલાવતાં એકેન્દ્રિય જીવોની હિંસા કરવા છતાં માને છે કે મારામાં માત્ર સવા વસાની દયા-અહિંસા છે, ત્યારે જૈનેતર તો એટલું જ સમજે છે કે પશુ-પંખી-કીડા વગેરેની હિંસા ન કરીએ એ સંપૂર્ણ અહિંસક જીવન.' આમાં જો એકેન્દ્રિય જીવોની હિંસાને હિંસા જ ન માનવાની હોય, તો બાકીની અહિંસા એ તાત્ત્વિક અહિંસા શી રીતે ?

વળી એ જુઓ કે જૈન ધર્મની શ્રેષ્ઠતા માત્ર અહિંસા પર નથી કિન્તુ સર્વજ્ઞકથિત પવિત્ર આચાર-અનુષ્ઠાન પર પણ છે. એને સંપ્રદાય કહી બીજા ધર્મમાં અસર્વજ્ઞના કહેલા ઉટપટાંગ આચર-અનુષ્ઠાનની હરોળમાં મૂકવા એ નર્યું અજ્ઞાન છે.

**ક્યાં જૈન ધર્મના શુદ્ધ અહિંસાલક્ષી આચાર-અનુષ્ઠાન ? ને ક્યાં ઈતર ધર્મના ?**

જૈન ધર્મના જ્ઞાનાચાર આદિ પવિત્ર પંચાચારનાં અનુષ્ઠાનો, એમાં લાગતી સ્ખલતાઓનું પ્રતિક્રમણ-અનુષ્ઠાન, તથા વિશેષ સ્ખલતાઓ અંગેની પ્રાયશ્ચિત-વિધિના વિસ્તૃત પ્રતિપાદન,...વગેરે જગતમાં અનન્ય કોટિનાં છે. મોટમોટા પ્રાયશ્ચિત-શાસ્ત્રોમાં એના પ્રસંગમાં જે લંબાણ, ઊંડાણ અને સૂક્ષ્મતાથી ઉત્સર્ગમાર્ગનાં અનુષ્ઠાન તથા અપવાદમાર્ગનાં અનુષ્ઠાન વર્ણવ્યાં છે, એનો જગતમાં જોટો મળે એમ નથી. આવાં અદ્ભુત તારક અનુષ્ઠાન-આચારોને સંપ્રદાય કહી વગોવવા, મામૂલી ઠરાવવા, એ મૂઢતા નહિ તો બીજું શું છે ?

**પાશ્ચાત્ય અભ્યાસીઓ પણ જૈન કૃત્યો પર મુગ્ધ :-**

એમ, ગૃહસ્થ-જીવનનાં જૈનધર્મમાં જે દૈનિક કૃત્યો, પર્વકૃત્યો, ચોમાસી કર્તવ્યો, પર્યુષણા કર્તવ્યો, વાર્ષિકકૃત્યો, જીવન-કૃત્યો તથા શ્રાવકના સમ્યક્ત્વ અને બારવ્રત અંગેના અનેકવિધ વિધિ-નિષેધ કર્તવ્યો ફરમાવવામાં આવ્યા છે, એની લોકોત્તમતા આગળ કોઈ પણ ધર્મનાં અનુષ્ઠાનો ઊભી થઈ શકે એમ નથી. આવું પાશ્ચાત્ય માણસો યુરોપિયનો જર્મનો વગેરે જેમણે એનું માર્મિક અધ્યયન કર્યું છે એમને પણ લાગ્યું છે. માટે તો ઇંગ્લેન્ડના પ્રસિદ્ધ નાટ્યકાર બર્નાર્ડશો જેવાને નવા



જન્મમાં જૈનધર્મ પામવાની જૈન બનવાની ઝંખના હતી. જર્મન લેડી ક્રાઉઝેને જૈન આચારનું ભારે મમત્વ હતું. માટે તો અહીં એક સ્થાને એ જમવા ગયેલ, ત્યાં એને કેરી પીરસવામાં આવતાં તરત એ તાડુકી ઊઠી, કહે છે, 'અરે ! આર્દ્રા નક્ષત્ર બેસી ગયા પછી તમે લોકો કેરી ખાઓ છો ? ખવાય ? એ તો અભક્ષ્ય છે.' સાથે જમનારા બધા શરમાઈ ગયા, ને બાઈના જૈન આચાર-પાલનની મક્કમતા જોઈ સ્તબ્ધ થઈ ગયા. ડૉ. જેકોબી પણ પવિત્ર જૈન વ્રતો આચારો પર મુગ્ધ હતા.

જૈનધર્મના વિશ્વમાં અનન્ય આવા પવિત્ર આચાર અનુષ્ઠાનોને સાંપ્રદાયિક ધર્મ કહી, 'એ કાંઈ તાત્ત્વિક ધર્મ નથી એના પર બહુ મદાર રાખવા લાયક નથી' એમ સૂચવવું અને સૂચવીને એનું અવ-મૂલ્યાંકન કરવું એ કેવી અજ્ઞાન દશા ! આ સંપ્રદાયતાનો બકવાદ એ ફતવો છે. જગતમાં આજે આવા બહુ ફતવા નીકળી પડ્યા છે. દા.ત.

**'સર્વ ધર્મ સમાન છે.' આ એક ફતવો ચાલી પડ્યો છે.**

સોનું-ઝવેરાત બધું સમાન નહિ, કોઈ બનાવટી પણ હોય, ઓછા વધતા ટચનું કે ચવનું હોય. સ્ત્રીઓ બધી સમાન નહિ, કોઈ માતા, કોઈ પત્ની, કોઈ બેન હોય; કોઈ સ્ત્રી સુશીલ કોઈ કુશીલ હોય. વેપારી બધા સમાન નહિ, કોઈ એમાં બોગસ પણ હોઈ શકે. 'આ બધામાં ભેદ હોય, પણ ધર્મમાં ભેદ નહિ,' એમ કહે છે. કેમ જાણે ધર્મમાં બનાવટ અજ્ઞાનતા ન જ હોય !

**ધર્મથી ઝઘડાનો ફતવો :-**

એવો એક ફતવો આ છે કે 'દુનિયામાં ધર્મના નામ હેઠળ ઝઘડા થાય છે.' આજે જુઓ છો ને કે સત્તા-ખુરશી માટે કેવા કેવા ઝઘડા અને કેવા કેટલા કારમા પ્રપંચ ચાલી પડ્યા છે ! ધન-માલના ઝઘડામાં કોરટો કેટલી ઊભરાય છે ! કુટુંબોમાં રગડા-ઝઘડા શાના પર ચાલે છે ? દેશ દેશ લડે છે તે શું ધર્મ માટે ? પહેલું-બીજું વિશ્વયુદ્ધ ધર્મનો ઝઘડો હતો ?

**વિજ્ઞાનથી કલ્યાણનો ફતવો :-**

એવો એક ફતવો આ છે કે 'વિજ્ઞાન પણ માનવનું કલ્યાણ કરનારું છે. શું વિજ્ઞાન એટલે ? કેવળ ભૌતિક જ ? કે આધ્યાત્મિક ખરું ? એમાં ક્યાંય આત્માનો વિચાર ખરો ? કે એકલા જડ પદાર્થોનો જ એવો જોરદાર વિચાર અને વિકાસ કે જડના અનંત અનંત કાળના પ્રેમી જીવડાને મહેકાવી જ નાખે ?

આંતર નિરીક્ષણ કરીએ તો ખબર પડે કે ભૌતિક સગવડો વધવાથી એનો રાગ એટલો બધો વધી ગયો છે ! તેમજ જરૂરિયાતો કેટલી બધી વધી ગઈ છે ? એ વધ્યું એટલે ચિત્તમાં એના વિકલ્પો કેટલા બધા વધ્યા ? અનુકૂળતાનો પ્રેમી જીવ એ મનમાની સગવડ મળવા પર એમાં ઠરે છે કેવો ? આ બધાંય તત્ત્વ ખતરનાક છે.

**વિજ્ઞાનની સગવડો આત્માની લગન ભુલાવે, આત્મહિતમાં અને પરમાત્મામાં જીવને ઠરવા જ ન દે**

જીવને જડની બહુ જરૂરિયાતો ઊભી થવામાં ચિત્ત સહેજે એ પોષવામાં ખેંચવાનું; અને એ પોષાતી જાય એમ મન ઠરવાનું. વળી વૈજ્ઞાનિક શોધથી સારી અનુકૂળ સાધન-સામગ્રી ઊભી થઈ દેખાય એટલે એના પર વિશેષ રાગ રહેવાનો. દા.ત. પહેલાં ગાડાની મુસાફરી હતી, હવે ટ્રેન-મોટરની મુસાફરી થઈ ગઈ; તો તપાસો અંતરમાં પ્રભુ ઉપર શ્રદ્ધા-બહુમાન-પ્રીતિ વધ્યા કે ઘટ્યા ? પૂર્વના માણસો પ્રભુના ઓલિયા ભગત હતા ? કે આપણે ઓલિયા ભગત છીએ ? ધર્મની શ્રદ્ધા, ધર્મમાં વિશેષ પ્રવૃત્તિ, ધર્મસાધનામાં ચિત્તની સ્થિરતા, 'દેવાધિદેવ અને ગુરુ એટલે શી વાત !' આવો દેવ-ગુરુ ઉપર અહોભાવ કોને વધારે ? આપણને કે પૂર્વ પુરુષોને ? તટસ્થતાથી વિચારીને આનો જવાબ આપવાનો હોય તો આ જ કહેવાય કે પૂર્વ પુરુષોમાં જ એ શ્રદ્ધા વગેરે વિશેષ હતું. આપણામાં નહિ.

**ધર્મની શ્રદ્ધા પ્રવૃત્તિ અને એમાં ચિત્તની સ્થિરતાને ન જામવા દેનાર કોણ છે ? વિજ્ઞાને સર્જેલી ભૌતિક બોલબાલા, ભૌતિકતાની ભૂતાવળ.**

**વિજ્ઞાને સર્જેલ ભૌતિક સાધનોના લીધે જ અનાચાર અને સીફતથી ચોરી, મોટા પાયા પર કત્લખાનામાં હિંસા, લોટબંધ માનવહત્યા, વિશ્વાસઘાત વગેરે અનર્થ વધી ગયા.**

આવા ધર્મલૂંપક અને પાપવિસ્તારક ગોઝારા વિજ્ઞાનના ગુણ ગાવા એ આજનો ફતવો નહિ તો બીજું શું ?

સારાંશ આ છે કે આજના ફતવાઓમાં જરાય મોહવા જેવું નથી.

**અહિંસાદિ તાત્ત્વિક ધર્મથી વણાયેલા પવિત્ર જૈન આચાર-અનુષ્ઠાનને સાંપ્રદાયિક ધર્મ કહી એનું મહત્ત્વ ઘટાડવાનો આજનો ફતવો બાળ જીવોના ભાવપ્રાણની ક્રૂર હિંસા કરનારો છે.**

આ વાત એ પર ચાલી કે 'રસના રામા ને રમાજી, એ ત્રણ પાતક મૂળ,' 'એમાં રસના જિહ્વા ઇન્દ્રિયની ગુલામીનું મૂળ પાપ એ તો ઝીણું સામાન્ય પાપ, એનો ત્યાગ એ તો સાંપ્રદાયિક ધર્મ, એટલે કે તાત્ત્વિક ધર્મ નહિ,' એવું કહે છે એના પર ચાલી.

**જિહ્વાની ગુલામીનું પાપ કેમ મોટું ? :-**

તાત્ત્વિક ધર્મની વાતો કરાય એ તો કદાચ કોરું જ્ઞાન હોય, જ્યારે જિહ્વાની ગુલામીમાં જે યથેચ્છ ખાનપાન કરાય એમાં કોરું જ્ઞાન નહિ પણ દિલની અંદર ખરેખર એની આસક્તિના ભાવ ચાલતા હોય છે; ને એ ભયંકર બને છે. એમાં વળી 'આ તો ઝીણી-ઝીણી નાની-નાની બાબત' એમ માને એટલે એ પાપની સૂગ અને એ બતાવનાર જિનવચનનો આદરભાવ ગયો. માટે એ નિષ્ઠુર આસક્તિનો ભાવ ભયંકર કહેવાય.



**રમા-રામાનું પાપ :-**

જેવી જિહ્વા એવી રામા અર્થાત્ સ્ત્રી અને રમા અર્થાત્ લક્ષ્મી એ બે પણ મૂળ પાપ છે. અનેક પાપનાં મૂળ છે. આમાં લક્ષ્મીનાં પાપ આજે જગતમાં દેખાઈ રહ્યાં છે કે કેવાં કેવાં અને કેટલાં કેટલાં એ થઈ રહ્યાં છે ત્યારે 'રામા'=સ્ત્રીનાં પાપ એટલે કે કામવાસનાનાં પાપ અહીં સસક-ભસક મુનિઓની બેન સાધ્વી પતિત થઈ ને ઠેઠ સાર્થવાહનું ઘર માંડી બેઠી એમાં જોયું.

આવું કામલતાના પ્રસંગમાં જોયું કે પહેલાં કામવાસનાના પાપમાં રાજા એને જોઈને ભૂલ્યો, તો એ ય સાથે ભૂલી. પછી એ જ કામલતા વેશ્યા થઈ એમાં તો કાંઈ બાકી જ ન રાખ્યું, પણ વધારામાં એનો પુત્ર જ એનામાં ભૂલ્યો. હવે એ કામલતાને બચાવનાર ભરવાડ ભૂલી એને ગૃહિણી બનાવવા લલચાવે છે. ખૂબી જુઓ આ કામલતા પોતાનાં જીવનનાં જાલિમ પાપ પર તીવ્ર પશ્ચાત્તાપથી ચિતામાં બળી જવા બેસી ગઈ હતી, તો એ જો બળવામાંથી અણધારી બચી ગઈ હતી, બચી અહીં આવી ચડી, તો હવે ભૂલે ? હવે ભરવાડનું ઘર માંડે ?

**પરંતુ જીવની મોહમૂઢતા જીવ ધ્યાન ન રાખે તો કેટલી હદ સુધી નીચી ઊતરી જાય છે ! અને કેવી ઘેલી વિચારણા કરાવે છે !**

**દૈવ પર અવળી-સવળી વિચારણા :-**

કામલતા બ્રાહ્મણી વિચારે છે કે 'અહો ! આ તે કેવું મારું જીવન ! દૈવની કેવી વિચિત્રતા ! મારે આપઘાતથી મરવું હતું છતાં દૈવે મને મરવા ન દીધી. તેથી લાગે છે કે હજી પણ પાપ કરવાનું દૈવમાં લખ્યું હશે. નહિતર મારું મોત શું કામ રોકે ? તો ભલે ત્યારે મને દૈવને જ્યાં લઈ જવી હોય ત્યાં લઈ જાય.' બસ, એમ વિચારીને ભરવાડનું કહેલું માની લીધું અને એની ઘરવાળી બની બેઠી ! કામલતા હવે ભરવાડણ બની ! મૂળ અંદરમાં વાસનાનું જોર આવી અવળી વિચારણા કરાવે છે.

એની મૂર્ખતા જુઓ, દૈવમાં હજી મારે પાપ કરવાનું લખ્યું હશે, નહિતર મોત શું કામ રોકે ? જીવતી શું કામ રાખે ?' એમ વિચારે છે; પણ એમ નથી વિચારતી કે દૈવે મને મરવા ન દીધી એમાં આ સંકેત લાગે છે કે આ જીવનના અંત સુધી ભ્રષ્ટ જ રહીને મારે મરવું નહિ પરંતુ જીવતી રહીને હવે પાપ ધોઈને

પવિત્ર થયા પછી જ મરવાનું.' ના, આ વિચાર એને નથી આવતો. કેટલી અજ્ઞાન-મૂર્ખ-મૂઢદશા !

આજે આવા કેટલાય માણસો છે કે જે 'મારા ભાગ્યમાં પાપ લખાયેલાં છે' એવી મિથ્યા માન્યતા રાખીને આંખો મીંચીને ધૂમ પાપ કર્યે જાય છે. ત્યારે પૂછો-

**પાંચ કારણની સમજ**

**પ્ર.- શું ભાગ્યમાં લખાયા વિના પાપ થાય ?**

પાપ કરવાનું ભાગ્યમાં લખાયેલું હોય તો જ પાપ થાય ને ?

ઉ.- આ ખોટી સમજ છે. 'પાપ કરવું' એ ઉદ્યમ છે, પ્રયત્ન છે, પુરુષાર્થ છે. ત્યારે ભાગ્ય એ કર્મ છે.

**કર્મનું કામ દુન્યવી સારાં-નરસાં ફળ આપવાનું છે. પરંતુ કશું કરવું બોલવું-ચાલવું-વિચારવું એ પુરુષાર્થનું કામ છે.**

કાર્ય નીપજવામાં પાંચ કારણ, કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને પુરુષાર્થ. આ પાંચે ય સ્વતંત્ર કારણ છે. અર્થાત્ દરેક કારણને પોતાની આગળ સ્વતંત્રતા છે પોત પોતાની નિરાળી ખાસિયત છે, વિશેષતા છે. કાર્ય કરવામાં કાળ જે ભાગ ભજવે તે સ્વભાવ ન ભજવે; અને સ્વભાવ જે ભાગ ભજવે તે ભવિતવ્યતા કે કર્મ ન ભજવે. એમ ભવિતવ્યતા જે ભાગ ભજવે તે કર્મ કે પુરુષાર્થ નહિ; અથવા કર્મ જે ભાગ ભજવે તે ભવિતવ્યતા કે પુરુષાર્થ નહિ. તાત્પર્ય, ભલે કાર્ય બનવામાં પાંચે કારણોએ ભેગાં થઈ કામ કર્યું, પરંતુ એમાં દરેકે પોત પોતાની સ્વતંત્ર વિશેષતા રાખી.

**પાંચ કારણ પૈકી દરેકની સ્વતંત્રતા એટલે કાર્ય પ્રત્યે પોતાનો વિશિષ્ટ કોટિનો ફાળો.**

**દા.ત. બાળકનો જન્મ થયો એમાં**

(૧) નવ મહિના પછી જ ગર્ભ પાકી જન્મ થયો એમાં **કાળે** ભાગ ભજવ્યો; ત્યારે

(૨) માતાએ આહારરૂપે લીધેલ ઔદારિક પુદ્ગલોમાંથી જ આ બાળકની ઔદારિક કાયા બની એમાં તે પુદ્ગલોના **સ્વભાવે** કામ કર્યું એમ,

(૩) માતાને પુણ્ય હતું લાભાંતરાયનો ક્ષયોપશમ હતો કે સારું બાળક મળે; ને બાળકનું પુણ્ય હતું, લાભાંતરાયનો ક્ષયોપશમ હતો કે સારી માતા મળે; તેથી અહીં માતાને બાળકનો જન્મ થયો, એમાં **કર્મે** ભાગ ભજવ્યો. વળી

(૪) એ પુણ્ય તો એટલું જ હતું કે માતાને એક સારું બાળક અને બાળકને એક સારી માતા મળે, તે તો માતાને ગમે તે એક સારું બાળક, ને બાળકને ગમે તે એક સારી માતા મળવાથી પતત, પરંતુ માતાને આ જ બાળકનો યોગ, અને



બાળકને આ જ માતાનો યોગ થયો, તેમાં **ભવિતવ્યતાએ** ભાગ ભજવ્યો. એ ભવિતવ્યતા જ એવી કે આ જ બંનેનો યોગ કરાવી દે ત્યારે,

(૫) બાળકના જન્મમાં પિતાનું બીજ અને માતાનો આહારાદિનો પુરુષાર્થ પણ કામ કરી ગયો, એમ **પુરુષાર્થે** ભાગ ભજવ્યો.

**પાંચ કારણ કેવી કેવી રીતે કામ કરે છે ? :-**

હવે આમાં એકેયને માટે એમ ન કહેવાય કે એની જરૂર નહોતી, અગર બીજાએ પોતાનું કામ કર્યું એમાં એ સમાઈ ગયું. દા.ત. 'ગર્ભ નવ મહિને જ તૈયાર થવાનો હતો તે થયો એમાં સ્વભાવ સમાઈ ગયો, સ્વભાવે કશું કામ ન કર્યું' આવું ન કહેવાય. આહારના પુદ્ગલોનો સ્વભાવ શરીર ઘડવાનો; તેનું કામ તો ચાલુ જ હતું. આ પણ બાળકના કર્મ પ્રમાણે ઘડવાનું. તે પણ માતાના આહાર-વિહારાદિની કાળજીના પુરુષાર્થથી. એ બધું છતાં નવ મહિનાની જરૂર હતી તે કાળથી મળી. જુઓ દરેક કારણ પોતપોતાની વિશેષતા પ્રમાણે ભાગ ભજવે છે. એટલે જ એમ પણ ન કહેવાય કે 'ભવિતવ્યતા આ બે આત્માનો યોગ થવાની હતી તે યોગ થયો એમાં કર્મે કશું ન કર્યું, અગર કર્મ ભવિતવ્યતાના પેટામાં આવી ગયાં, અથવા ભવિતવ્યતા એવાં કર્મ ખેંચી લાવી.' આવું ન કહી શકાય. કારણ એ છે કે,

**એક કારણનું કાર્ય બીજાથી ન થાય :-**

જીવન સારું કે નરસું મળવાનું તો કર્મ જ કરી આપે; પરંતુ એમાં જે ચોક્કસતા યાને અમુકપણું આવે, અર્થાત્ તે જીવને અમુક જ સારું મળે, એ અમુકતા ભવિતવ્યતાથી બને છે. આમ ભવિતવ્યતાનું કામ આટલું જ કે, કર્મે જીવને જે સારા-નરસાનો યોગ થવાનો, એમાં ચોક્કસ પ્રકાર લાવવો, અમુક જ યોગ બનાવવો. એટલે માતાને જો સારો પુત્ર મળવાનું પુણ્ય જ હોય તો ભવિતવ્યતા એ લાવી ન દે. એમ એ મળવાનું પુણ્ય તો હોય, પરંતુ એવી ભવિતવ્યતા ન હોય તો અમુક જ જીવ બાળક તરીકે ન મળે. જેવું સારામાં એવું નરસામાં. માતાનો પાપનો ઉદય હોય તો નરસું અવિનયી ઉદ્ધત દુશ્મન જેવું બાળક મળે. પરંતુ એમાંય અમુક જ જીવ એવા પુત્ર તરીકે આવે એ એવી ભવિતવ્યતા બનાવે છે.

**પાર્શ્વપ્રભુને કમઠથી જ વેદના એ ભવિતવ્યતાવશ :-**

જુઓ પાર્શ્વનાથ ભગવાનના જીવને ૧લા-૨જા-૪થા-૬ઠ્ઠા અને ૮મા ભવમાં મૃત્યુ કારમી ઉપદ્રવ-વેદનાથી આવે છે, મૃત્યુ વખતે ભયંકર ઉપદ્રવવેદના ઊભી થાય છે, તેમ છેલ્લા ૧૦ મા ભવે ચારિત્ર લીધા પછી કેવળજ્ઞાન પામતા પહેલાં ઉપદ્રવવેદના આવે છે. આ બધી વેદનામાં મુખ્ય કારણ કોણ ? પ્રભુના જીવના પોતાનાં અશાતા વેદનીય કર્મ. અશુભ કર્મ વિના વેદના આવે જ નહિ.

**વેદના પોતાનાં અશુભ કર્મથી જ આવે, પછી ભલે એ વેદના આપવામાં નિમિત્ત કશું જડ કે કોઈ ચેતન બની જાય; પણ વેદના મુખ્યપણે તો કર્મના ઘરની.**

હવે અહીં પ્રભુને ભવે ભવે એ વેદનામાં કમઠનો જીવ જ નિમિત્ત બન્યે જાય છે એનું શું કારણ ? તો કહેવું પડે કે ભવિતવ્યતા જ એવી કે એ ગમે ત્યાં ગમે ત્યાંથી એનો જ યોગ કરાવી દે; અને પ્રભુના જીવના જુગ જુનાં એવાં એવાં અશુભ કર્મ હશે ને એ તેવી તેવી વેદના આપવાના હશે એમાં ભવિતવ્યતાએ એ કમઠ જ નિમિત્ત બનતો ગયો.

પાર્શ્વપ્રભુ પહેલા ભવે મરુભૂતિ, એમને શિલાએ માથું ફૂટવાની વેદનાનું અશાતાકર્મ ઉદયમાં આવવાનું, તે કમઠે જ શિલા મારી. પ્રભુનો બીજો ભવ હાથીનો, એને સર્પદંશની કારમી વેદનાનું કર્મ ઉદયમાં આવવાનું, તો ભવિતવ્યતાએ કમઠનો જીવ જ એ સર્પ તરીકે આવ્યો. પછી ૪થા-૬ઠ્ઠા-૮મા ભવે પ્રભુનો જીવ રાજર્ષિ, એમને અનુક્રમે અજગર-ભીલ-સિંહથી ભયંકર વેદના થવાનાં અશાતા કર્મ ઉદયમાં આવ્યા, તો એ જ કમઠનો જીવ જંગલમાં ગમે ત્યાં અજગર-ભીલ-સિંહ થયેલ, પણ ભવિતવ્યતાવશ એનો જ યોગ આ રાજર્ષિને થઈ ગયો, ને એનાથી પીડા આવી.

**પીડા તો પોતાનાં કર્મના જ ઘરની; પણ ભવિતવ્યતાવશ એમાં નિમિત્ત આ જ જીવ.**

આ તત્ત્વને પ્રભુનો જીવ સમજતો હતો, માટે બીજાભવથી માંડીને એમણે ન હાયવોય કરી, કે ન એ કમઠના જીવને પીડામાં જવાબદાર ગણ્યો માત્ર પોતાનાં કર્મને જ જવાબદાર ગણી સમતાભાવ રાખી વેદના સહી લીધી. તો જ પ્રભુનો જીવ મોક્ષની નિકટ થતો ગયો. આ બતાવે છે કે જો વેદના આપનાર ભવિતવ્યતા હોત તો પ્રભુના જીવે વેદનાદાતા તરીકે પોતાનાં કર્મને માન્યાં એ ખોટું માન્યું ગણાત.

કોઈ તીર્થંકર ભગવાને એવું માન્યું નથી કે વેદના ભવિતવ્યતાથી આવે. અનંતા તીર્થંકર ભગવાને આ જ માન્યું છે અને આ જ કહી ગયા છે કે વેદના જીવનાં પોતાનાં કર્મથી જ આવે. એમાં નિમિત્તભૂત અમુક જીવ બની જાય એ ભવિતવ્યતાવશ.

**આમ અનંતા તીર્થંકર ભગવંતોએ કર્મ અને ભવિતવ્યતાનાં ખાતાં જુદાં પાડી આપ્યાં છે કે જીવને સુખ-દુઃખ પોતાનાં શુભ-અશુભ કર્મથી, અને એમાં નિમિત્ત અમુક જ જીવ એ ભવિતવ્યતાથી.**

હવે અહીં એમ ભરડવું કે 'બધું ભવિતવ્યતા મુજબ જ બને છે, સુખ-દુઃખ વગેરે બધા ત્રિકાલી પર્યાય ભવિતવ્યતાએ નિશ્ચિત કરેલા છે,' એ જિનશાસનનું



કેટલું કારમું અજ્ઞાન ! અનંતા તીર્થંકર ભગવંતોની વાણીનો કેવો કારમો અપલાપ ! 'કર્મ અને ભવિતવ્યતા બે સ્વતંત્ર કારણો છે,' એની સામે કેવી ગેરસમજ ! કાનજીપંથીઓ આ અજ્ઞાન સેવે છે, આ અપલાપ કરે છે, આ ગેરસમજથી પીડાય છે; માટે જિનશાસનનું નહિ, જિનવાણીના ઘરનું નહિ, પણ આપમતિનું બોલે છે. એ જૈનમત જ નથી.

જૈનમત આ છે, કાર્ય પ્રત્યે પાંચ કારણ કામ કરે છે, કાળ-સ્વભાવ-કર્મ-પુરુષાર્થ-ભવિતવ્યતા. અલબત કાર્ય થવામાં એ દરેક બીજાને સહકાર આપે, પરંતુ દરેકનું સ્વાતંત્ર્ય છે. કાર્ય પ્રત્યે એ દરેક પોતપોતાનો નિર-નિરાળો ફાળો આપે છે. જે ફાળો કાળ આપે એ બીજા સ્વભાવ વગેરે નહિ, અને બીજા આપે એ કાળ ન આપે. એમ જે ફાળો કર્મ આપે એ પુરુષાર્થ નહિ, ને પુરુષાર્થ જે ભાગ ભજવે એ કર્મ નહિ ભજવે. દા.ત. શાસ્ત્રે કહ્યું ઉપશમશ્રેણિના પુરુષાર્થમાં ચડેલાને અંતે વીતરાગતા આવવા છતાં ઉપશાંત કરી દબાવેલા કર્મ ઉદયમાં આવે છે તો એ એમને ઉપરથી નીચે ઉતારે છે. એમાં જ જો આયુષ્ય પૂર્ણ થઈ જાય છે, તો અનુત્તર વિમાનમાં જઈ અટકે છે. અહીં વિશુદ્ધિ તો એટલી બધી હતી કે જો થોડું જ આયુષ્ય વધારે હોય તો ક્ષપકશ્રેણિનો પુરુષાર્થ કરી કેવળજ્ઞાન ને મોક્ષ પામી શકે; પરંતુ આયુષ્યકર્મ ખૂટ્યું. આમ આયુષ્ય કર્મ કેટલું કામ કરે ? જીવન લંબાવી આપે એટલું જ. પણ શુભ ભાવના કોણ લંબાવી આપે ? કહો, જીવનો પુરુષાર્થ. એટલે કર્મ અને પુરુષાર્થની ખાસિયતો જુદી જુદી થઈ.

પેલી કામલતા બ્રાહ્મણી ખોટું માની રહી છે કે, 'મારું ભાગ્ય (દૈવ) જ એવું લાગે છે કે હજી પાપ કરવાનાં લખાયાં છે, અને એમ ખોટું માનીને ભરવાડ સાથે ફરી સંસાર માંડી બેઠી. એની માન્યતા ખોટી એટલા માટે, કે

**ભાગ્યનું કામ માત્ર સારી-નરસી સામગ્રી ઊભી કરી આપવાનું. પણ પછી પાપ કરવાનું, કામ તો પુરુષાર્થના ઘરનું છે.**

ભલે ને ભરવાડ સામે લલચાવનારો આવ્યો. પણ કામલતાએ પોતે પાપ કરવું કે ન કરવું એ પોતાના હાથની અર્થાત્ પુરુષાર્થની વાત હતી. એમાં અસત્પુરુષાર્થથી ઘર માંડી બેઠી.

આપણે ય જીવનમાં આ ભેદ સમજી રાખવા જેવો કે આપણાં શુભાશુભ કર્મ સારી-નરસી સામગ્રી લાવીને ખડી કરે એટલું જ, પણ આપણે સારા કે ખોટા વિચાર કરવા યા એવા બોલ બોલવા કે સારી-નરસી પ્રવૃત્તિ કરવી એ આપણા પુરુષાર્થની વાત છે. અહીં ત્રણ વાત સમજી રાખવા જેવી

**(૧) કાળ-કર્મ-ભવિતવ્યતા-સ્વભાવ અને પુરુષાર્થ એ દરેકની નિરનિરાળી વિશેષતા;**

**(૨) એમ, (પૂર્વે કહેલ બાળકના જન્મનાં દૃષ્ટાન્તથી) પાંચેયમાં પરસ્પરનો સહકાર.**

**(૩) એમ, ક્યાં કોની વિશેષતા વધુ કામ કરે છે એ ય સમજી રાખવા જેવું.**

આ ત્રણેય બાબત બરાબર સમજીને ધ્યાન પર રખાય તો

(૧) ગમે તેવા સુખ-દુઃખના પ્રસંગમાં ચિત્તની સમાધિ જાળવી શકાય. એમ,

(૨) ગમે તેવા દુનિયાના બનાવમાં ઊંચા-નીચા ન થવાય, અર્થાત્ આર્તધ્યાનમાં ન પડાય. વળી

(૩) આના પર જાતના અને જગતના અનુભવના આધારે તત્ત્વચિંતન સુંદર ચાલી શકે.

એક દાખલા તરીકે સવાલ આવ્યો કે

**પ્ર.**- આજે કાળ બળવાન ? કર્મ બળવાન ? કે પુરુષાર્થ બળવાન ?

**ઉ.**- આ સવાલ પર આમ તત્ત્વચિંતન થઈ શકે કે એ દરેક પોતપોતાની વિશેષતામાં પોતે બળવાન છે. કાળે વ્યાપક મોંઘવારી કરી છે. પણ જીવના કર્મ એને પહોંચી વળવા કે ન પહોંચી વળવાની સામગ્રી આપે છે. ત્યારે જીવનો પુરુષાર્થ સ્વતંત્ર છે, તે એ વળી આ કાળે આ સામગ્રીમાં પવિત્ર વિચાર-વાણી-વર્તાવ રાખવા હોય તો રખાવી શકે છે.

આ તો કાળ વગેરે પાંચે કારણોની સ્વતંત્રતા તેની તેની વિશેષતાની દૃષ્ટિએ જોઈ. એટલે એમાં કર્મની વિશેષતા જુદી, પુરુષાર્થની જુદી, ભવિતવ્યતાની જુદી,...એ રીતે વિચાર્યું. પણ

**બીજી રીતે ય આ કારણોની સ્વતંત્રતા છે. તે આ રીતે કે,**

દા.ત. કાળમાંથી સ્વભાવ ન જન્મે કે સ્વભાવમાંથી કાળ ન જન્મે. જીવનો ભવ્યત્વ કે અભવ્યત્વ સ્વભાવ અનાદિનો સ્વતંત્ર છે, કોઈમાંથી જન્મલો નહિ. એમ અગ્નિનો બાળવાનો સ્વભાવ, પાણીનો ઠારવાનો સ્વભાવ, એ સ્વતંત્ર; એ કાંઈ કાળથી કે ભવિતવ્યતા વગેરેથી જન્મેલા નહિ.

એમ કાળ પણ બાકીના સ્વભાવ વગેરે કોઈમાંથી જન્મેલો નહિ, પણ સ્વતંત્ર છે. જેમ ભવ્યત્વ સ્વભાવ સ્વતંત્ર હોઈ, અભવ્યને ગમે તેવાં સારા મનુષ્યભવનાં કર્મથી મનુષ્યભવ મળે; વળી એમાં કર્મથી દેવ-ગુરુ ધર્મશાસનનો યોગ મળે, છતાં એ કાંઈ એનામાં ભવ્યત્વ પેદા ન કરી શકે. એ ભવ્યત્વ તો અનાદિનું સ્વતંત્ર, જેને હોય એને હોય, ન હોય એને ક્યારેય ન આવે; એવી રીતે કાળ પણ સ્વતંત્ર. એ કાંઈ સ્વભાવ વગેરેથી જન્મે નહિ મોટા તીર્થંકર જેવાના જીવનો ગમે તેવો સારો ભવ્યત્વ સ્વભાવ, પરંતુ એ કાંઈ ચરમ પુદ્‌ગલપરાવર્ત કાળને ખેંચીને લાવી શકે નહિ, અર્થાત્ ચરમાવર્તને અકાળે પેદા કરી શકે નહિ. એમ સારાં પુણ્ય કર્મ



કે પ્રખર ચારિત્રનો પુરુષાર્થ પણ એ ચરમાવર્તકાળને અકાળે પેદા ન કરી શકે. એ તો ક્રમશઃ પુદ્‌ગલપરાવર્ત કાળ વીતતા જાય, ત્યારે છેલ્લે એક સિવાયના બધા પુદ્‌ગલપરાવર્ત કાળ વીત્યા પછી જ ચરમ પુદ્‌ગલપરાવર્ત કાળ યાને ચરમાવર્ત કાળ આવે. એ કાળનું સ્વાતંત્ર્ય કહેવાય.

ત્યારે કર્મનું પણ સ્વાતંત્ર્ય છે. એ કાંઈ કાળમાંથી કે સ્વભાવમાંથી નથી જન્મી જતા. એમ ભવિતવ્યતામાંથી ય એ નથી ટપકી પડતા. પ્રશ્ન થાય,

**પ્ર.**- કહે છે ને કે ભવિતવ્યતામાં ત્રિકાળી પર્યાય નક્કી થઈ ગયેલા છે; તો કર્મના પર્યાય પણ ભવિતવ્યતાથી જનમનારા માનવા જોઈએ ને ?

**ત્રિકાળી પર્યાયનું તૂત એ મિથ્યાવાદ :-**

ઉ.- આ કહેનારને 'ભવિતવ્યતા' પદાર્થ જ નથી સમજાયો. એ બોલે છે ભવિતવ્યતા પણ કહેવી છે, જ્ઞાનીની દૃષ્ટિ. કિન્તુ એ પણ આમાં સર્જક નહિ, પણ દર્શક છે.

**જ્ઞાનીની દૃષ્ટિ ત્રિકાળી પર્યાયની સર્જક નહિ, પણ દર્શક છે.**

દા.ત. દર્પણમાં વરસાદનું પ્રતિબિંબ દેખાતું હોય તો કહેવાય કે 'દર્પણ જેવું દેખાડે છે એવો જ બહાર વરસાદ પડે છે.' પરંતુ એટલા માત્રથી. દર્પણ કાંઈ એ વરસાદનો સર્જક નથી ગણાતો. દર્પણ તો વરસાદ જે પોતાનાં કારણે જન્મેલો, એનો દર્શકમાત્ર છે. એવી રીતે કેવળજ્ઞાનીનું જ્ઞાન ત્રિકાલવિષયક છે, તેથી એ જ્ઞાનીની દૃષ્ટિમાં અર્થાત્ જ્ઞાનમાં ત્રિકાળી યાને ત્રણે કાળના પર્યાય દેખાય એ સ્વાભાવિક છે. પરંતુ એથી કાંઈ એમ ન કહેવાય કે 'જ્ઞાનીની દૃષ્ટિ એ ત્રિકાળી પર્યાયને જનમવામાં કારણભૂત છે, ત્રિકાળી પર્યાયને પેદા કરે છે.' એ પર્યાય તો પોતપોતાનાં કારણો મળ્યે એ કારણોને અનુસારે જનમનારા છે; પણ નહિ કે જ્ઞાનીની દૃષ્ટિના અનુસારે યાને તેવી તેવી જ્ઞાનીની દૃષ્ટિના લીધે જનમનારા. નહિતર તો

**જ્ઞાનીની દૃષ્ટિને સર્જક માનવામાં જુલ્મ થાય.**

કોઈ આત્મા દા.ત. સાતમી નરકમાં જનારો હોય તો એમ કહેવું પડે કે કેમ સાતમીના ઘોર દુઃખમાં પડશે ? તો કે 'જ્ઞાનીની દૃષ્ટિ એવી હતી માટે.' શું આમ બોલાય ? શું જ્ઞાનીની દૃષ્ટિ સાતમીની ઘોર રિબામણ અપાવનારી ? જ્ઞાની જો સાતમી નરકની રૌ રૌ (ભારે) વેદના અપાવનારું જ્ઞાન કરે તો એ જ્ઞાની કેટલા બધા ક્રૂર ઠરે ?

અસલમાં, સાતમી નરક અપાવનાર તો એ જીવની પોતાની પાપ-લીલા છે. જ્ઞાનીના જ્ઞાનમાં માત્ર એનું પ્રતિબિંબ પડે છે. સારાંશ જ્ઞાન એ જુએ એટલું જ;

પણ એનું સર્જન ન કરે.

આ હિસાબે જે લોકો ધર્મ-ઉદ્યમ કરવામાંથી છટકવા એમ બહાનું કાઢે છે કે 'જ્ઞાનીએ અમારામાં ધર્મ-ઉદ્યમ જોયો નહિ, માટે અમારે ધર્મ-ઉદ્યમ નથી થતો, જોયો હોય તો કેમ ન થાય ?' આ બહાનું પોકળ છે; કેમકે જ્ઞાનીની દૃષ્ટિ ધર્મ-ઉદ્યમની સર્જક નથી, પણ દર્શક છે; એ ધર્મ-ઉદ્યમ હોય તો દેખાડે એટલું જ, બાકી ધર્મ-ઉદ્યમ તો એનાં કારણોથી જન્મે.

**ધર્મ-ઉદ્યમનાં કારણોમાં (૧) પહેલું કારણ ધર્મની પ્રશંસા-આકર્ષણ. (૨) બીજું કારણ ધર્મશ્રવણ. (૩) ત્રીજું કારણ ધર્મની રુચિ-ઇચ્છા-ગરજ.**

ત્યાં જો ધર્મ પર એવી રુચિ અર્થાત્ ખાનપાન-વેપાર-વિષયો-લક્ષ્મી આદિની જેમ આકર્ષણ પ્રેમ ન હોય, ધર્મ કરવાની ઇચ્છા જ ન હોય ગરજ જ ન હોય તો પછી ધર્મપુરુષાર્થ ક્યાંથી થાય ? ખાનપાન-વેપાર આદિમાં એવા આકર્ષણ-રુચિ આદિ હોય છે તો ઝટ એનો પુરુષાર્થ થાય છે. ત્યાં જ્ઞાનીની દૃષ્ટિનું બહાનું પોકળ છે. આ તો થઈ જ્ઞાનીની દૃષ્ટિની વાત. પણ,

**ભવિતવ્યતા એ જ્ઞાનીની દૃષ્ટિથી જુદી વસ્તુ છે.**

**ભવિતવ્યતા એ ચોક્કસ પ્રકારની ઘટના બનવામાં કારણભૂત છે.**

દા.ત. પાર્શ્વનાથ ભગવાનના જીવને ભવે ભવે કમઠના જ જીવનો યોગ કેમ થતો ગયો ? કારણ, એવી ભવિતવ્યતા. આમાં પ્રભુના જીવનાં કર્મ એ કારણભૂત ન કહેવાય. એમના અશુભ કર્મ તો એમને અશાતા આપે એટલી જ ખાસિયતવાળાં હતાં; પણ કર્મમાં એવું લખેલું નથી હોતું કે 'અમુક જ માણસના હાથે પીડા મળે.' અશાતાવેદનીય કર્મનો સ્વભાવ તો માત્ર પીડા આપવાનો; પછી એ પીડા ગમે તેના હાથે આવો કે ગમે તે વસ્તુથી આવો એનું કામ માત્ર પીડા આપવાનું, કમઠથી જ પીડા, એમાં કારણભૂત ભવિતવ્યતા છે.

મહાવીર ભગવાને નાલાયક ગોશાળાને તેજોલેશ્યા શીખવાડી. એમાં કોણ કારણ ? અજ્ઞાનદશા નહિ; પ્રભુ તો સદા જાગ્રત જ્ઞાની હતા, એમને એવી અજ્ઞાન-દશા હતી એમ કહેવાય જ નહિ. ત્યારે ત્યાં શાસ્ત્રે ભવિતવ્યતા કારણ કહી. ભવિતવ્યતા જ એવી કે ગોશાળો પ્રભુને પૂછે, અને પ્રભુ એને તેજોલેશ્યાની વિધિ બતાવે.

સામાન્ય હિસાબ આ, કે જે ઘટના પ્રત્યે કાળ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થ જવાબ નથી આપી શકતા, ત્યાં કારણભૂત ભવિતવ્યતા છે. આમ ભવિતવ્યતા એ પણ સ્વતંત્ર વસ્તુ છે, કિન્તુ કાળ વગેરેનું સર્જન નહિ, કે એનો પેટાભેદ નહિ.

**કોઈ કારણ બીજામાં અંતર્ભૂત નથી :-**



કાળ સ્વતંત્ર, સ્વભાવ સ્વતંત્ર, ભવિતવ્યતા સ્વતંત્ર, એમ કર્મ પણ સ્વતંત્ર વસ્તુ છે. કોઈ કાર્ય બને એમાં જેમ કાળ સ્વતંત્ર પણે કામ કરે છે, સ્વભાવ સ્વતંત્રપણે કામ કરે છે, એમ કર્મ પણ સ્વતંત્રપણે અને પુરુષાર્થ પણ સ્વતંત્રપણે કામ કરે છે. ભલે એ એક-બીજાના સહકારમાં ઊભા રહે, પણ એક બીજામાં સમાઈ જઈને નહિ. કોઈ કારણ બીજામાં અંતર્ભૂત નથી. જીવ ગર્ભમાં નવ મહિને તૈયાર થયો એમાં એનાં કર્મ વગેરે કારણ ખરાં, પરંતુ સાથે કાળ પણ કારણ છે. એટલો કાળ મળે ત્યારે જ ગર્ભ પક્વ થઈ જાય. આ કાળ કાંઈ કર્મમાં નથી સમાઈ જતો; કાળ તો સ્વતંત્ર વસ્તુ છે. એમ ગર્ભ રૂપાળો કે કદ્રુપો સારો યા નરસો તૈયાર થયો એમાં કર્મ જવાબદાર, કર્મે આપેલી સામગ્રી જવાબદાર છે. આ કર્મ કાંઈ કાળ વગેરેનો પેટાભેદ નથી; સ્વતંત્ર વસ્તુ છે. પ્રશ્ન થાય,

**પ્ર.- કર્મ તો પુરુષાર્થથી પેદા થાય છે, તો કર્મ સ્વતંત્ર કેવી રીતે ?**

ઉ.- કર્મો પેદા થયા ત્યારે ભલે પુરુષાર્થથી પેદા થઈ ગયા, પણ હવે એ કર્મ વર્તમાનમાં કાર્યની પ્રત્યે સ્વતંત્રપણે કાળ કામ કરે છે. કાર્ય પ્રત્યે જેમ કાળ સ્વતંત્રપણે કામ કરે છે, પુરુષાર્થ સ્વતંત્રપણે કામ કરે છે, એમ કર્મ પણ સ્વતંત્રપણે કામ કરે છે. એમાં કાંઈ એવું નથી કે કાર્ય બનતી વખતે પુરુષાર્થે એવાં કર્મ પેદા કરી નાખ્યા, યા કર્મે એવો પુરુષાર્થ પેદા કરી નાખ્યો કે જે એ કાર્યને એવું બનાવે. ના એવું નથી. કર્મ તો પૂર્વોપાર્જિત હતા જ, અને આત્માનો પુરુષાર્થ નવો ઊભો થાય છે. એ બંને મળીને એવું કાર્ય પેદા કરે છે.

**ગૌણ-મુખ્ય કારણો :-**

આમાં એવું બને છે કે ક્યાંક કાળ મુખ્ય કારણ અને બીજાં ગૌણ; તો ક્યાંક સ્વભાવ મુખ્ય કારણ અને બીજાં ગૌણ; તો ક્યાંક સ્વભાવ મુખ્ય કારણ અને બીજાં ગૌણ એમ પાંચ કારણ પૈકી દરેક જુદા જુદા સ્થાને મુખ્ય યા ગૌણ કારણ બને છે. દા.ત. એક આત્મા મોક્ષે જાય. એટલે એક આત્મા અનાદિ નિગોદમાંથી બહાર પડે. પણ કયો જીવ બહાર પડે ? તો કે જેની ભવિતવ્યતા બળવાન એ પ્રમાણે ચોક્કસ જીવ બહાર પડે. આમ આમાં ભવિતવ્યતા મુખ્ય કારણ થઈ.

બહાર આવેલા જીવોમાં કોઈ જીવ ચરમ પુદ્ગલ-પરાવર્ત કાળ દેખવા પામે, અને બીજો જીવ એ દેખવા જ ન પામે, એમાં સ્વભાવ કારણ. ભવ્યત્વ સ્વભાવવાળાને ચરમાવર્ત કાળ આવે; અભવ્યત્વ-સ્વભાવવાળાને નહિ. આમાં સ્વભાવ મુખ્ય કારણ. અભવ્યને કદી મોક્ષ જ નહિ, કદી સંસારનો અંત જ નહિ, એટલે એને સંસારનો છેલ્લો આવર્તકાળ હોય જ શાનો ?

ભવ્ય જીવને પણ ચરમ પુદ્ગલ-પરાવર્ત કાળ ક્રમશઃ જ આવે, પણ ઉતાવળે

એવા કોઈ કર્મ કે પુરુષાર્થથી નહિ. ચરમ સિવાયના એટલા પુદ્ગલ-પરાવર્ત ક્રમશઃ વીતે, પછી જ ચરમનો નંબર લાગે. આમાં કાળની જ મુખ્ય કારણતા થઈ. દા.ત. મુદતિયો તાવ મુદ્દતે જ પાકે છે ને ? એ પાકવામાં મુદ્દત યાને એટલો કાળ જ કામ કરે.

હવે ચરમાવર્તમાં પણ ભવ્ય જીવ મનુષ્યગતિમાંથી જ મોક્ષ પામે છે, બીજી ગતિમાંથી નહિ, એ સૂચવે છે કે મોક્ષની પ્રત્યે મનુષ્યગતિ જ કારણભૂત છે. મનુષ્યગતિ એટલે એને યોગ્ય કર્મનો ઉદય. આ હિસાબે મોક્ષમાર્ગની આરાધના માટે આ કારણભૂત બન્યું. આત્મા ગમે તેટલો સારો હોય, પણ બીજી ગતિમાં હોય તો ઉત્કૃષ્ટ મોક્ષમાર્ગની આરાધના ન જ કરી શકે. એ તો મનુષ્યગતિનું વરદાન. માટે એમાં મનુષ્યગતિનું કર્મ ઉપયોગી બન્યું. એમાં ય આરાધના કરાવનાર દેવ-ગુરુનો યોગ મળે તે પણ તેવા શુભ કર્મના બળે. આ દૃષ્ટિએ કર્મની મુખ્યતા થઈ.

**(૫) પુરુષાર્થ કેમ સ્વતંત્ર કારણ ? :-**

હવે અહીં પ્રશ્ન છે કે મનુષ્યગતિમાં પણ આવેલા અને દેવ-ગુરુનો યોગ પણ પામેલા થોડા જ મોક્ષમાર્ગ આરાધે છે ? એમાં શું કારણ ?

અહીં સમાધાન પુરુષાર્થ આપે છે. જીવને કર્મ તો આરાધના માટેની અનુકૂળ સામગ્રી આપી દે એટલું જ; પરંતુ પછી એનો સદુપયોગ કરી આરાધના કરવાનું તો જીવના પુરુષાર્થને આધીન છે, પ્રયત્નને આધીન છે. જીવની પાસે સ્વતંત્ર વીર્યશક્તિ છે, એ વીર્યને ફોરવે એનું નામ પુરુષાર્થ. એ કરવાનું કરે તો જ આરાધના થાય. દા.ત. જુઓ બાળકને માતા બહુ બહુ તો ગોળ જેવો નરમ કોળિયો કરીને ઠેઠ એના મોંમા મૂકે એટલું જ, પણ પછી એને ગળા નીચે ઉતારવાનું તો, બાળક પુરુષાર્થ કરે તો જ થાય.

**પ્ર.**- કેમ ? મા બચ્ચાનું નાક દાબે તો કોળિયો ગળે ન ઉતરી જાય ?

**ઉ.**- એમ તો માનો કે મોંમાં કોળિયો મૂક્યા પછી તરતમાં બચ્ચાનું આયુષ્ય પૂર્ણ થઈ પ્રાણ ચાલ્યા ગયા હોય તો શું નાક દાબ્યાથી કોળિયો ગળા નીચે જાય ? ના, કેમ ? કહેવું જ પડે કે બચ્ચાનું નાક દબાયાથી શ્વાસ રુંધાય છે, તેથી બચ્ચું મોંથી શ્વાસ લેવાનો પુરુષાર્થ કરે છે, અને એમ કોળિયો ગળે ઉતારવા બચ્ચાનો પુરુષાર્થ થાય તો જ કોળિયો ગળે ઊતરે છે; પરંતુ મૃત્યુ થયાથી ત્યાં જીવ જ નથી, પછી પુરુષાર્થ કોણ કરે ? ત્યાં પુરુષાર્થ નહિ. માટે નાક દબાયે પણ કોળિયો ગળા નીચે નથી ઊતરતો. આ સૂચવે છે કે

**કર્મ અનુકૂળ સામગ્રી મેળવી આપે, પછી આગળ શુભ-અશુભ કામ કરવાનો આધાર જીવના પુરુષાર્થને અવલંબે છે.**

આ હિસાબે કહેવાય કે છેલ્લા પુદ્ગલ-પરાવર્તમાં કર્મ જીવને ઠેઠ મનુષ્યગતિ,



દીર્ઘ આયુષ્ય, પાંચે ઇન્દ્રિય સશક્ત, આરોગ્ય, સારું કુળ, ને દેવ-ગુરુ-ધર્મના સંયોગ સુધી લાવી મૂકે છે. પરંતુ પછી ધર્મ-શ્રવણ-શ્રદ્ધા-આરાધના થવાનું તો જીવ એનો પુરુષાર્થ કરે તો જ થાય. આ કાર્ય કાંઈ કર્મ ન કરી આપે. તેમ એવું કોઈ આઠ કર્મમાં કર્મ નથી કે જેના ઉદયે પુરુષાર્થ જન્મે. પુરુષાર્થ તો આત્માના વીર્યનું સ્ફુરણ છે. જીવને વીર્ય ફોરવવું હોય તો ફોરવે, ન ફોરવવું હોય તો ન ફોરવે. એમાં એ સ્વતંત્ર છે. માટે તો માણસને એના પાકા વિરોધીને ત્યાં કામવશ જવું પડ્યું હોય, ને પેલો જમવા બેસવા લાખ વાનાં કરે, છતાં આને ધરાર ત્યાં ન જ જમવું હોય, તો જમવાનો પુરુષાર્થ નથી કરતો.

**પ્ર.**- પણ ત્યાં પેલો વિરોધી કોઈ મોટી લાલચ દેખાડે તો જમી લે છે, એમાં કર્મે પુરુષાર્થ કરાવ્યો કહેવાય ને ?

**ઉ.**- ના, કર્મે તો લાલચ દેખાડી એટલું જ, બાકી એમાં લલચાઈ જમવાનું કાર્ય તો જીવ પુરુષાર્થ કરે તો જ થાય. એ બતાવે છે કે પુરુષાર્થ એ સ્વતંત્ર કારણ છે. જીવને ન લલચાવું હોય તો એ કશો પુરુષાર્થ નહિ કરે.

આ ઉપરથી સમજી શકાશે કે

**જે લોકો 'ધર્મ કેમ નથી કરતા ?' એ પ્રશ્નમાં બહાનું કાઢે છે કે 'અમારે ભાગ્યનો ઉદય નથી,' એ ખોટો છે; કેમકે એમને પોતાને મળેલ સ્વતંત્ર પુરુષાર્થ ધર્મમાં ફોરવવો નથી, ને સંસારી કાર્યોમાં ફોરવવો છે તો એ કાર્યો થાય છે.**

એ જોતાં ધર્મ પણ, પુરુષાર્થ કરવો હોય, તો થાય, ન કરવો હોય તો ન થાય. અરે !

**ધર્મની બુદ્ધિ પણ પુરુષાર્થથી થાય, કર્મથી નહિ.**

એ આ રીતે,

દિલમાં પાપનો ભાવ જાગવાનું પાપકર્મ યાને મોહનીયકર્મથી થાય. એ કર્મ હૃદયમાં પાપી ભાવ રાગાદિ જમાવે. પરંતુ એના પર પાપ કરવાની બુદ્ધિ યાને વિચારણા જીવ એનો પુરુષાર્થ કરે તો જ થાય. કાયાની પ્રવૃત્તિ ને વાણીની પ્રવૃત્તિ જેમ પુરુષાર્થથી, એમ મનની પ્રવૃત્તિરૂપ વિચારણા પણ પુરુષાર્થથી થાય. માટે તો ધર્માત્મા જીવને કર્મવશ પાપનો ભાવ જાગી ગયો, તો ય તેને જો એના પર પાપવિચાર નથી કરવા, તો એ તરત શાસ્ત્ર પદાર્થોના-તત્ત્વોના વિચારનો યા છેવટે અમુક પ્રમાણમાં નવકારમંત્ર ધ્યાનપૂર્વક જપી લેવાનો પુરુષાર્થ કરે છે, તો પાપ વિચાર અટકી પડે છે. પછી એવા જ પુરુષાર્થથી એ સારી પ્રવૃત્તિમાં લાગી ગયે કાયાથી પણ પાપકાર્ય અટકી પડે છે.

શું આ અનુભવ નથી ? માનો કે કોઈક ઉદ્ભટ વેશવાળી અતિશય રૂપાળી

સ્ત્રી નજરે ચડી ગઈ, ને અચાનક એક ક્ષણભર ખરાબ ભાવ જાગ્યો, પણ જો તરત સત્પુરુષાર્થ ફોરવી આ વિચાર કર્યો કે, 'છટ્ ! આવો દુષ્ટ ભાવ મને ? શું હું લબાડ-મવાલી-બદમાશ છું ?' આમ વિચારી બીજા કોઈ વિચારમાં ચડી જાઓ તો પાપવિચાર અને પાપપ્રવૃત્તિ અટકે છે ને ? આ કોણે અટકાવ્યા ? શું કર્મે ? કર્મે તો ઊલટું પાપભાવ જગાડ્યો હતો, એ શું પાપવિચાર પાપપ્રવૃત્તિ અટકાવે ? કહો જીવના પુરુષાર્થે જ એ અટકાવવાનું કર્યું. એ સાબિત કરે છે કે પાપનો ભાવ કર્મ જગાડે, પણ પછી વિચારણા-વાણી-વર્તાવ તો પુરુષાર્થ જગાડે; એ જીવને આધીન છે, જીવ જો અસત્ પુરુષાર્થ કરે તો પાપ વિચારણા પાપવાણી અને પાપ-વર્તાવ થાય; ને જો સત્પુરુષાર્થ ફોરવે તો પવિત્ર વિચાર-વાણી-વર્તાવ જન્મે.

હવે એમ કહેતા નહિ કે

**ભલે ધર્મવિચાર પુરુષાર્થથી આવે, પણ પાપવિચાર તો કર્મથી આવે ને ? ના, એ પણ પુરુષાર્થથી આવે.**

કારણ આ છે, વિચાર એ શું છે ? મનની પ્રવૃત્તિ. જેમ વચન એ જીભની પ્રવૃત્તિ, વર્તાવ એ કાયાની પ્રવૃત્તિ, એમ વિચારણા એ મનની પ્રવૃત્તિ. અહીં જુઓ, કર્મ શું કામ કરે ? કર્મ કાર્ય કરી શકે એવી કાયા આપે, બોલી શકે એવી જીભ આપે, એમ વિચાર કરી શકે એવું મન આપે કર્મનું કામ આટલું જ. હવે એ કાયા-જીભ-મનની શક્તિને કામે લગાડવાનું જીવના હાથમાં છે; અર્થાત્ કાયાથી પ્રવૃત્તિ કરવાનું, જીભથી બોલવાનું, ને મનથી વિચાર ચલાવવાનું કોણ કરે છે ? જીવનો પુરુષાર્થ કરે છે. જીવને ધરાર અસત્ જ પુરુષાર્થ કરવો છે, તો એ મન-જીભ-કાયાથી પાપી વિચાર-વચન-વર્તાવ કરવાનો. ત્યારે ધર્મી જીવને સત્ પુરુષાર્થ કરવો છે, તો એ પવિત્ર વિચાર-વાણી-વર્તાવ ચલાવવાનો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"        વર્ષ-૨૨,અંક-૪૩,તા.૨૦-૭-૧૯૭૪**

માટે તો શાસ્ત્રે કહ્યું કે 'ક્રોધાદિ મોહનીય કર્મના ઉદય આત્મામાં ક્રોધાદિના ભાવ જગાડે એટલું જ, પરંતુ એ ભાવને એ ઉદયને નિષ્ફળ કરવાનું તમારા હાથમાં છે. તમે વિવેકથી ક્રોધાદિનાં ભયંકર નુકશાન જોઈ ક્રોધાદિના વિચાર-વાણી-વર્તાવ ન કરો, અર્થાત્ એનો પુરુષાર્થ અટકાવો, તો એ ભાવ અને એ કર્મના ઉદય નિષ્ફળ જશે.' એટલે વિચારો કે જો પુરુષાર્થ કર્મથી જુદું એક સ્વતંત્ર કાર્યકર તત્ત્વ ન હોય, તો આ કેમ બને ? અહીં પૂછી શકો,

**નંદીષેણને પાપમાં કોણે પાડ્યા ? :-**



**પ્ર.-** તો એમ કેમ કહેવાય છે કે નંદીષેણ મુનિને કર્મે પાડ્યા ? કર્મે વેશ્યા સાથે રંગવિલાસ કરાવ્યા ?

ઉ.- એ કહેવાય છે એ સામાન્યથી. તત્ત્વનો વિવેક કરો તો સમજાય કે એમને કર્મે ભોગનો ભાવ જગાડ્યો એટલું જ, પરંતુ એ એટલો પ્રબળ હતો કે એની સામે સત્ પુરુષાર્થ ચલાવી શક્યા નહિ. પરંતુ ત્યાં જે પાપ વિચારણા કરી, વેશ્યા સાથે મોહની પાપવાતો કરી, અને કાયાથી વિલાસ પ્રવૃત્તિ કરી, એ બધું આત્માની પુરુષાર્થ શક્તિથી. ફરીથી યાદ કરો,

**કર્મ પાપના ભાવ આપે, પાપ કે ધર્મ કરવા સશક્ત મન-જીભ અને કાયા આપે; પણ એમને પાપ કે ધર્મમાં પ્રવૃત્તિશીલ કરવા ધક્કો ન મારે. એ તો જીવનો પુરુષાર્થ જ કરી શકે.**

કર્મ જો મન-જીભ-કાયાને પ્રવૃત્તિ કરાવતું હોત, તો તો ઠેઠ મોક્ષ પામવા સુધીની પ્રવૃત્તિ કરાવીને મોક્ષે પણ કર્મ જ પહોંચાડી શકે ને ? પણ ના, મોક્ષ તો કર્મના સર્વથા નાશથી થાય છે, તો એ સર્વ કર્મનો નાશ કરવાની મન-વાણી-કાયાની પ્રવૃત્તિ કોણ કરાવે છે ? આત્માનો પુરુષાર્થ જ ને ? એથી ઊલટું દુર્ગતિમાં ભટકાવનારાં કર્મનો ઢેર કરનારી પ્રવૃત્તિ કોણ કરાવે છે ? કહેવું જ પડે કે આત્માનો અશુભ પુરુષાર્થ જ. કર્મ એ પુરુષાર્થ કરી શકાય એવા સશક્ત મન-જીભ-કાયા આપે એટલું જ. પણ એને કેવી પ્રવૃત્તિ કરાવવી એ કામ આત્માના સારા-ખરાબ પુરુષાર્થનું.

આમ કર્મ અને પુરુષાર્થનો વિવેક કરશો, બેને જુદા જુદા સ્વતંત્ર સમજશો તો આત્મામાં જોમ આવશે કે 'કર્મ ભલે મને ગમે તેવા નરસા સંયોગ આપે, પરંતુ સત્ પુરુષાર્થ કરવામાં હું સ્વતંત્ર છું, એ પુરુષાર્થથી સારી વિચારધારા ચલાવવી, સારી નિષ્પાપ સૌમ્ય વાણી બોલવી, અને પવિત્ર ધર્મપ્રવૃત્તિ કરવી, એમાં હું સ્વતંત્ર છું. એમ ભલે કર્મ મને રાગ-દ્વેષના કે કામ-ક્રોધ-લોભ-મદનાં ભાવ જગાડે, પરંતુ એ રાગ-દ્વેષ-કામ-કષાયના વિચાર ચલાવવા, કે શબ્દો બોલવા, એનો આધાર મારી પ્રવૃત્તિ પર મારા પુરુષાર્થ પર છે. હું એવો પુરુષાર્થ જ ન કરું ને એના બદલે સારા પવિત્ર વિચાર-વાણીનો પુરુષાર્થ-પ્રવૃત્તિ ચલાવું, તો એ અસત્ પ્રવૃત્તિ અટકી જ જાય.' આ જોમ મળ્યા પછી કર્મના માથે મેખ મારે એવો કેટલો સુંદર પુરુષાર્થ થાય ? ત્યારે સમજો કે

**પુરુષાર્થની કેટલી બધી પ્રચંડ શક્તિ છે કે કર્મે જગાવેલા અશુભ ભાવના માથે મેખ મારે છે ! રાગાદિના કર્મને નિષ્ફળ કરે છે !**

સમજતા નહિ કે મહાપુરુષોને મહર્ષિઓને ય એવાં રાગાદિનાં કર્મ ન હોય. સુરાસુરેન્દ્ર પૂજ્ય ભગવાન મહાવીરસ્વામી જેવાને ય દીક્ષા લીધા પછી પણ એવા

રાગાદિ મોહનીયનાં કર્મ હતાં. ન હોત ને, તો તો દીક્ષા લીધા પછી તરત જ વીતરાગ અને તરત જ કેવળજ્ઞાની સર્વજ્ઞ બની ગયા હોત. પરંતુ દીક્ષા બાદ સાડા બાર વરસ પછી પ્રભુ વીતરાગ બન્યા, એ સૂચવે છે કે ત્યાં સુધી પ્રભુને રાગાદિ કર્મના ઉદયે રાગાદિભાવ ચાલુ હતા. તો સવાલ થાય કે

**પ્ર.**- તો પ્રભુએ શી રીતે રાગાદિને જીત્યા ?

ઉ.- એનો જવાબ આ જ, કે પ્રભુએ એ રાગાદિ-ભાવોને અનુકૂળ રાગાદિના વિચાર-વાણી-વર્તાવનો પુરુષાર્થ જ અટકાવી દીધેલો. રાગાદિનો ભાવ કર્મના ઘરનો, પરંતુ પછી પુરુષાર્થ આત્માના ઘરનો. પ્રભુએ એવા અશુભ પુરુષાર્થને બંધ જ રાખી તત્ત્વવિચાર-તત્ત્વચિંતનનો જ તથા ઉપશમની જ વિચારણાનો પુરુષાર્થ રાખેલો; વાણીથી તો લગભગ મૌન જ રાખેલ, અને કાયાનો પુરુષાર્થ સમિતિ-ગુપ્તિ અને અહિંસા-સંયમ-તપનો રાખેલો. પછી આમાં બિચારો પેલો રાગાદિનો ભાવ નિષ્ફળ જ મરે ને ? ઈન્દ્રો જેવા પણ શાતા પૂછવા કે કોઈ મરણાંત કષ્ટ નિવારવા આવ્યા, તો ય એમના પ્રત્યે રાગના વિચાર નહિ; તેમ દુષ્ટ દેવોએ ભયંકર દુઃખ આપ્યા, તો ય એમના અંગે દ્વેષનો લેશમાત્ર વિચાર નહિ; બલ્કે બંને પ્રત્યે ઉપશમ-ઉદાસીનભાવ આ કોણે કર્યું ? પ્રભુના કર્મ નહિ, પણ પ્રભુના આત્માના પુરુષાર્થે. એવા સતત પુરુષાર્થ કર્મના માથે મેખો મારી મારી આગળ વધતાં સાડા બાર વર્ષ અને પંદર દિવસના અંતે એવું વિરાટ સ્વરૂપ, શુક્લધ્યાનના પુરુષાર્થનું સ્વરૂપ વિકસાવ્યું, કે ત્યાં પછી રહ્યા સહ્યા સર્વે મોહનીય કર્મ નષ્ટ થઈ ગયાં ને પ્રભુ વીતરાગ બન્યા. પછી તો શી વાર ? અંતમુહૂર્તમાં જ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયકર્મ સર્વથા નષ્ટ થઈ કેવળજ્ઞાન પામ્યા. આ, કહો, પુરુષાર્થની કેટલી બધી પ્રચંડ શક્તિ ! શું એ પુરુષાર્થ કર્મના પેટામાં કામ કરતો હોત, અર્થાત્ 'કર્મ કરાવે એવો પુરુષાર્થ થાય' એવું હોત તો આ બની શકે ? માટે કહો,

**પુરુષાર્થ એ કર્મની ઉપરવટ સ્વતંત્ર કારણ છે.**

કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને પુરુષાર્થ એ પાંચે પૈકી દરેકનું સ્વાતંત્ર્ય સમજો તો આવાં મિથ્યાભાષણો નહિ થાય કે,

'ભવિતવ્યતામાં ત્રિકાળી પર્યાય લખાઈ ગયેલા છે.'

'ધર્મનો પુરુષાર્થ કર્મમાં લખાયો હોય, તો થાય.'

'કાળ પાક્યા વિના પુરુષાર્થ ન થાય.'

'ભવિતવ્યતા બળવાન હોય તો પુરુષાર્થ થાય જ. અમારે ધર્મનો પુરુષાર્થ નથી થતો એ સૂચવે છે કે એવી ભવિતવ્યતા બળવાન નથી.'

'કર્મ એ જડ દ્રવ્ય છે. એક દ્રવ્ય બીજાં દ્રવ્ય પર કશો ઉપકાર-અપકાર ન



કરી શકે. માટે ચેતન-આત્મદ્રવ્યના પુરુષાર્થને કર્મ આદિ જડ દ્રવ્યની કશી અપેક્ષા નથી.'

આ બધાં મિથ્યા ભાષણ છે, જૈન મતનાં નહિ, પણ જૈનેતર મિથ્યામતનાં ભાષણ છે. હવે પૂછો,

**મિથ્યા ભાષણો અને એના રદિયા :**

**ઉપરોક્ત ભાષણ મિથ્યા કેવી રીતે ?**

**(૧) 'ભવિતવ્યતા ત્રિકાળ પર્યાય નિશ્ચિત એ મિથ્યાવાદ કેમ ? :-**

'ભવિતવ્યતામાં ત્રિકાળ પર્યાય નિશ્ચિત થઈ ગયેલાં છે,' એ ભાષણ ગોશાળકના આજીવક મતના મિથ્યા ભવિતવ્યતાવાદનું છે. એ મિથ્યા એ રીતે કે,

ત્રિકાળી પર્યાયમાં કર્મવર્ગણાના કર્મપર્યાય પણ આવે અને આત્માના સત્-અસત્ પુરુષાર્થ પર્યાય પણ આવે. તો શું આ બધા પર્યાય ભવિતવ્યતા સરજે છે ?

કર્મપર્યાય, શું જીવ જેવા મિથ્યાત્વ-અવિરતિ-કષાયાદિ સેવે છે તે તે પ્રમાણે જ નિર્માણ થાય, કે માત્ર ભવિતવ્યતા મુજબ થાય ?

એમ, પુરુષાર્થ પણ આત્મા કરે તે પ્રમાણે જ થાય, કે માત્ર ભવિતવ્યતા મુજબ થાય ?

જો ભવિતવ્યતા મુજબ જ કર્મપર્યાય થતા હોય તો મિથ્યાત્વ-અવિરતિ-કષાયાદિ-ને શાસ્ત્ર કર્મબંધનાં કારણ કહે છે તે ખોટું ઠરે !

એમ, પ્રભુએ જે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ સ્થાપી, એનો પુરુષાર્થ કરવાનું કહ્યું, તે ફોગટ કહ્યું ગણાય, ને માર્ગ સ્થાપવાનું ય નિરર્થક નીવડે ! કેમકે પુરુષાર્થથી કશું નીપજે તો નહિ ! તો પ્રભુએ ભવિતવ્યતા સમજ્યા વિના અણસમજમાં મોક્ષમાર્ગ સ્થાપ્યો શું એમ કહેવું છે ? પણ આવું બધું કહેવું એ તદ્દન મિથ્યા છે. પાંચ સ્વતંત્ર કારણની તદ્દન અણસમજમાંથી જન્મેલા આવાં મિથ્યા ભાષણ છે. ભવિતવ્યતાને જેમ સ્વતંત્ર સ્થાન છે, એમ કર્મને અને પુરુષાર્થને પણ સ્વતંત્ર-સ્વતંત્ર સ્થાન છે. એકલી ભવિતવ્યતાને જ બળવાન માનવામાં તો પછી બીજાં કોઈ કાળ-સ્વભાવ વગેરે કારણ જ ન રહે.

પછી તો દહીંનું કારણ દૂધ નહિ, ભવિતવ્યતા કારણ; રસોઈનું કારણ અગ્નિ ને રાંધનારી નહિ, પણ ભવિતવ્યતા કારણ; પેટની તૃપ્તિનું કારણ ભોજન નહિ, પણ ભવિતવ્યતા કારણ; કેમકે ભવિતવ્યતામાં એ બધા પર્યાય નક્કી થઈ ગયેલા છે. એટલે હવે એમ આવ્યું કે 'દહીંનો અર્થી દૂધ લે ને એમાં મેળવણ નાખે એ મૂરખ ! રસોઈનો અર્થી અગ્નિ ને રાંધનારી શોધે એ મૂર્ખ ! તૃપ્તિનો અભિલાષી ભોજનને પકડે એ મૂરખ. ખુદ ભવિતવ્યતાનો આ મિથ્યા સિદ્ધાંત બોલનારો એમ

બોલે છે એ પણ મૂરખ; કેમકે એ શા માટે બોલે છે ? એના મનથી અજ્ઞાન જીવોને સમજાવવા માટે. પરંતુ એ જીવોનો સમજવાનો પર્યાય તો ભવિતવ્યતામાં લખાયેલો પડ્યો હશે તો સમજશે, નહિ પડ્યો હોય તો નહિ સમજે. તારો સમજાવ્યો સમજવાનો છે ? જો હા, તો ભવિતવ્યતા અહીં નકામી ગઈ, એના કરતાં તું બળવાન બન્યો, તારો સમજાવવાનો પુરુષાર્થ બળવાન થયો.

સારાંશ, ભવિતવ્યતામાં ત્રિકાળી સર્વ પર્યાય લખાયેલા પડ્યા છે, માટે પર્યાયોમાં ભવિતવ્યતા જ કારણ છે,' આ મિથ્યા મૂઢ અજ્ઞાનતાભર્યો જૈનેતર સિદ્ધાંત છે, મિથ્યા બકવાદ છે. કાળ સ્વભાવ વગેરે પાંચ કારણોના જૈનસિદ્ધાંતનો ઘાતક બકવાદ છે.

**(૨) 'ધર્મપુરુષાર્થ કર્મમાં લખ્યો હોય તો થાય' એ મિથ્યાવાદ કેમ ? :-**

હવે આ જોઈએ કે માણસ ધર્મ કરવાની વાત આવે ત્યારે 'ભાગ્યમાં લખાયો હશે ત્યારે ધર્મનો પુરુષાર્થ થશે' એમ કહે છે એ કેમ ખોટું છે ? પહેલું તો આમાં એટલું સ્પષ્ટ થયું કે સંસારનાં પાપનાં કામ કરવા વખતે આ સિદ્ધાંત નથી લગાડતો કે 'ભાગ્યમાં હશે તો આ પાપકામ થશે,' ના, 'એ તો હું કરીશ તો થશે' એમ સમજીને ભાગ્ય-બાગ્ય જોયા વિના જ પાપકામમાં દોડે છે, પુરુષાર્થ કરે છે. એ હિસાબે 'પુરુષાર્થ ભાગ્યમાં હોય તો થાય' એ સિદ્ધાંત જ ખોટો ઠર્યો.

બીજી વાત એ છે કે ભાગ્ય એટલે તો કર્મ. પણ ત્યાગ-તપ-દયા-દાન-શીલ વગેરે ધર્મ કરાવનારું કોઈ આઠમાંનું એક પણ કર્મ નથી. એ તો જેમ પાપ કરવાનું પુરુષાર્થથી થાય છે એમ ધર્મ કરવાનું પણ પુરુષાર્થથી થાય છે. માત્ર, ધર્મ એવો ગમતો નથી એવી ધર્મની ગરજ નથી, પછી શું કામ છતી શક્તિએ ધર્મનો પુરુષાર્થ કરે જ ?

વળી શ્રી મહાવીર પ્રભુએ ઉચ્ચ કોટિનો ધર્મ કર્યો તે કયા ઊંચા પુણ્યકર્મથી કર્યો ? શું છે કોઈ એવું ઊંચું પુણ્યકર્મ કે જે ઉત્કૃષ્ટ સંયમ પળાવે ? ઘોર તપ કરાવે ? ઘોર પરીસહ-ઉપસર્ગ શાંતિથી સહાવે ? ના, ઊલટું એમ કહો કે રાગાદિ મોહનીય કર્મ, જ્ઞાનાવરણકર્મ વીર્યાંતરાય કર્મને સારાં ખોખરાં કરે તો એ ઘોર તપ-સંયમ અને ઉપસર્ગ પરિસહ સહન થઈ શકે.

આ બતાવે છે કે ધર્મના ભાવને રોકનારાં કર્મ છે, જગાડનારા કર્મ નહિ. એ તો સુંદર ભાવનાઓ વગેરેના પુરુષાર્થ કરીને એ કર્મ તોડે તો ધર્મના ભાવ જાગે.

**કર્મનું કામ પાપના ભાવ જગાવવાનું. સત્પુરુષાર્થનું કામ એ કર્મ તોડી ધર્મના ભાવ જગાવવાનું.**

**૮ કર્મની ઓળખ : અઘાતી કર્મનું મન પર ચલણ નહિ :-**

આ જરાક આઠ કર્મોની ઓળખ કરવાથી બરાબર સમજાશે. આઠ કર્મમાં



બે વિભાગ છે. ચાર ઘાતીકર્મ, ચાર અઘાતી. 'ઘાતી કર્મ' એટલે પરમાત્મભાવનો યાને આત્માના શુદ્ધ જ્ઞાનાદિ ચૈતન્યનો અંશે કે સર્વથા ઘાત કરનારા. એવા નહિ તે 'અઘાતી કર્મ.'

**અઘાતી કર્મોમાં** (૧) શાતા-અશાતા વેદનીય કર્મ, (૨) ચાર ગતિના આયુષ્ય કર્મ, (૩) ઊંચ-નીચ ગોત્રકર્મ, અને (૪) શુભ-અશુભ નામકર્મ. આ ચારે જુઓ તો એમાંનું એકેય કર્મ દિલના શુભ-અશુભ ભાવ જગાડનારું નથી. વેદનીય કર્મ શરીર-ઈન્દ્રિયોમાં શાતા કે અશાતાનું વેદન આપે એટલું જ. પણ એમાં દિલ કેવું રાખવું સારા ભાવવાળું, કે મલિન ભાવવાળું, હર્ષિત યા રોતડ, કે ઉદાસીન, એના પર એ કર્મનું કશું ચલણ નહિ. એમ આયુષ્યકર્મ તે તે ગતિનું જીવન ટકાવે એટલું જ. ગોત્રકર્મ ઊંચકુળ કે નીચકુળ અપાવે એટલું જ. નામકર્મ સારું નરસું શરીર, રૂપ-રસાદિ, ઈન્દ્રિયો, યશ-અપયશ, સૌભાગ્ય-દૌર્ભાગ્ય વગેરે અપાવે એટલું જ. આ ત્રણેનું પણ દિલના ભાવ પર એવું ચલણ નહિ કે દિલમાં સારા પવિત્ર જ ભાવ આપે, યા મલિન ખરાબ જ ભાવ આપે.

**દિલના ભાવ જગાડનાર ઘાતીકર્મ છે.**

જ્ઞાનાવરણ કર્મ આત્મામાં અજ્ઞાનભાવ આપે છે. દર્શનાવરણ કર્મ અ-દર્શન અને નિદ્રા આપે છે. નિદ્રા એટલે દિલમાંના જ્ઞાનના ભાવનો સર્વથા લોપ. અંતરાયકર્મમાં દાનાંતરાય કૃપણતાનો ભાવ આપે છે. લાભાંતરાય દુન્યવી વસ્તુની પ્રાપ્તિને રોકે. ભોગ-ઉપભોગ-અંતરાય એ વસ્તુ પ્રાપ્ત છતાં ભોગવવા ન દે એવી કોઈક પરાધીનતા સર્જે, વીર્યાંતરાય વીર્ય-ઉત્સાહને રોકે. દર્શન-મોહનીય કર્મ મિથ્યાભાવ-કુમતિ-મિથ્યાત્વ આપે. ચારિત્ર મોહનીય કર્મ રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મદ-માયા, હર્ષ-ખેદ ભય-શોક વગેરે મલિન ભાવો આપે.

તો પૂછો,

**પ્ર.-** જો રાગદ્વેષ એ મલિન ભાવ હોય તો શું પ્રભુ પર રાગ થાય, પાપ પર દ્વેષ થાય, એ મલિન ભાવ છે ?

ઉ.- ના, સારા ભાવ છે, પણ કેમ સારા છે એ જાણો છો ? એની જાત સારી છે માટે નહિ, કિન્તુ વૈરાગ્ય સમ્યગ્દર્શનની એના પર છાયા છે માટે સારા. એમ તો 'કેમકે પરમાત્મા પૈસા આપે છે, વિષયસુખો આપે છે, માટે પરમાત્મા પર રાગ થાય' એ રાગ કાંઈ સારો ન ગણાય, મલિન જ ગણાય. કેમકે એના પર વૈરાગ્યની કશી છાયા નથી. એમ વેપારમાં ચોરીનાં પાપ ઉપર દ્વેષ હોય ચોરી ગમતી ન હોય, પણ તે એટલા માટે કે એથી ઘરાકી બગડે, કમાણી બગડે છે, તો એ પાપદ્વેષ ગુણરૂપ નથી, મલિન જ છે.

સારાંશ, રાગ-દ્વેષ વગેરે ભાવો સ્વરૂપે મલિનભાવ છે. પણ વૈરાગ્ય-સમ્યગ્દર્શનની છાયાથી પ્રશસ્ત બને છે. આ ઉપરથી સમજાશે કે

**દિલના મેલા અશુભ ભાવ જગાડનાર મોહનીય કર્મ છે,**

**મોહનીય કર્મ આઠ કર્મોમાં રાજા છે, કેમકે એ સાત કર્મોનાં ફળને પોષણમાં ઉતારે છે.**

દા.ત. જ્ઞાનાવરણથી અજ્ઞાન આવ્યું પણ સાથે જો મોહનીય કર્મનો સાથ છે, તો અજ્ઞાનતાને લીધે કાં તો ખેદ દીનતા વગેરે કરશે, યા "ચાલો આપણે ભણ્યા નથી એટલે કોઈ આપણને 'આ ભણાવો, ને તે ભણાવો,' એમ હેરાન નહિ કરે," એમ માની આનંદિત રહેશે. આ બધું મોહનું પોષણ છે.

એવી રીતે નિદ્રા સારી આવી તો ખુશી, અથવા એમાં કામ બગડ્યું, ગાડી ચૂક્યા તેથી ખેદ, આ પણ મોહનું જ પોષણ

એમ શાતા પર હરખ અભિમાન, સારું સારું ખાવાની લાલસા, વેપારમાં લયલીનતા, વિષયોમાં ઉન્માદ વગેરે કેઈ મોહનાં પોષણ થાય છે. પણ જો અશાતા હશે તો એથી ખેદ, કલ્પાંત, સારા ભોગ ઉપભોગ નહિ થઈ શકવાના. ઉદ્વેગ વગેરે મોહનાં જ પોષણ.

એવું ઊંચુ કુળ-નીચુ કુળ પણ કેઈ જાતના ક્રોધ-માન-માયા-લોભ વગેરેને પોષે છે.

ત્યારે આયુષ્ય ટકવા ઉપર પણ 'જીવતો છું તે શું સોસાઈ મરવા ? કે બીજાથી દબાયો રહેવા ?' એવા ભાવ પર પણ મોહનાં જ પોષણ થાય છે.

ત્યારે નામકર્મમાં સારું સારું મળો કે નરસું મળો; બંને એક યા બીજા પ્રકારનાં મોહને પોષે છે. દાનાંતરાય કર્મનું ફળ કૃપણતા. એ પણ મોહને એમ પોષે છે કે એના પર પૈસા બચ્યાનો લોભ-મમતા વધશે, અથવા બીજાનાં દાન દેખી ખેદ-બળતરા-ઈર્ષ્યા કરશે.

સારાંશ, મોહનીય કર્મનું જોર બીજાં કર્મોનાં ફળને પોતાનાં પોષણમાં ઉતારે છે.

એથી ઊલટું જો મોહનીય કર્મને દબાવવામાં આવે, અર્થાત્ વૈરાગ્યભાવ, દેવ-ગુરુ-ધર્મશ્રદ્ધા, તત્ત્વદૃષ્ટિ, સમ્યગ્દર્શન, કષાયોનો ઉપશમભાવ એટલે કે ક્ષમાદિ વિકસાવવામાં આવે, તો એ પેલાં સાતે કર્મોનાં ફળને પોતાનાં પોષણમાં ઉતારશે. દા.ત. જ્ઞાનાવરણ પ્રબળ હોવાથી મહેનત કરવા છતાં જ્ઞાન નથી ચડતું, અજ્ઞાનતા રહે છે, પણ જો સાથે તત્ત્વદૃષ્ટિ છે તો વિચારશે કે આ મારાં જ્ઞાનાવરણ કર્મનું ફળ છે, એ કર્મ મેં જ ઉપાર્જેલાં છે, એટલે મારી જ પૂર્વ ભૂલનું પરિણામ છે, એથી એ હવે ભોગવવામાં ખેદ શો ? આમ સમતા-ભાવ રાખશે ને હવે એવી પૂર્વના જેવી નવી ભૂલ ન કરવા સાવધાન બનશે. આ બધું પરિણામ કોનું ?



મોહને દબાવી તત્ત્વદૃષ્ટિ ઊભી કરવાનું પરિણામ.

સવાલ આ છે કે,

**મોહનીય કર્મને દબાવવાનું કેમ થાય ? અહીં પુરુષાર્થની સ્વતંત્રતા આગળ આવે છે.**

મોહનીય કર્મો દિલના ભાવ બગાડે છે, મલિનભાવો ઊભા કરે છે એ કર્મોની સામે પુરુષાર્થ દિલમાં શુભ ભાવો પેદા કરે છે. દા.ત. ક્રોધ મોહનીય કર્મ દિલની અંદર ક્રોધ ભભૂકાવે છે. પરંતુ એની સામે ક્રોધનાં નુકસાન કેવાં, મહાન પુરુષોએ કેવી ભયંકર આફતોમાં પણ ક્રોધ ન કર્યો, વગેરે ભાવનાનો માનસિક પુરુષાર્થ કરવામાં આવે, તો ક્રોધને દબાવી ક્ષમાનો સમતાનો ભાવ ઊભો કરી શકાય. એવું બીજા-બીજા મોહનીય કર્મ અંગે સમજવાનું.

બસ, વાત આ છે કે કર્મ સ્વતંત્ર કારણ છે, તેમ પુરુષાર્થ સ્વતંત્ર કારણ છે, કેમકે બંનેનાં કાર્ય જુદાં છે; તેમ કર્મ પૂર્વેથી આવેલાં છે, પુરુષાર્થ અહીં આત્માએ પોતે નવો ઊભો કરવાનો છે. એમાં જો વિવેક રાખે તો સત્ પુરુષાર્થ થાય, અવિવેકી બન્યો રહે તો અસત્ પુરુષાર્થ એટલે કે ખરાબ વિચારો ભાષણ-વર્તાવ કરશે.

પાંચ કારણોનો બહુ મજેનો વિષય વિચાર્યો છે. એ બરાબર ધ્યાનમાં રાખી હવે ગોટો ન વાળશો કે, 'જેથી ભવિતવ્યતા હોય એવાં કર્મ ઊભાં થાય, ભતિતવ્યતાને અનુસારે પુરુષાર્થ થાય' આ બધાં ગોટાં છે, ખોટાં વિધાન છે કેમકે દરેક કારણને પોતાનું સ્વાતંત્ર્ય છે, પોતાની ખાસિયત છે, વિશેષતા છે.

જેમ એકલી ભવિતવ્યતા કામ નથી કરતી; એમ એકલાં કર્મ પણ કામ નથી કરતાં. એટલે ધર્મનો પુરુષાર્થ કરવાની વાત આવે ત્યારે જેમ એમ ન કહેવાય કે 'ભવિતવ્યતામાં લખેલો હશે તો ધરમનો ઉદ્યમ થશે,' એમ એવું પણ ન કહેવાય કે 'કર્મનો ઉદય હશે,' એમ એવું પણ ન કહેવાય કે 'કર્મનો ઉદય હશે તો ધર્મ થશે' 'ભાગ્યમાં હશે તો પાપ છૂટશે.' આવું ન બોલાય. કેમ વારું ? આનાં બે કારણ,

**(૧) મોહનીય કર્મ અંતરમાં પાપબુદ્ધિ યાને રાગદ્વેષાદિ તેમજ હિંસાદિ પાપનો ભાવ જગાવે એટલું જ;**

**(૨) તેમ, બીજાં કર્મ સારી-નરસી સામગ્રી લાવી મૂકે એટલું જ;**

**પરંતુ પછી એના પર પાપના વિચાર કરવા, કે પાપની વાણી બોલવી, યા પાપપ્રવૃત્તિ કરવી, એ પુરુષાર્થનું કામ છે.**

**એવું જ એ પાપવિચાર-વાણી-વર્તાવ રોકવા અને ધર્મના વિચાર-વાણી-વર્તાવ કરવા એ પુરુષાર્થનું કામ છે.**

અલબત પાપનો ભાવ મોહનીય કર્મ જગાડે, પણ ધર્મનો ભાવ જગાડવો હોય તો એ મોહનીય કર્મને તોડવા પડે; ને એ તોડવા માટે સત્સંગ-ધર્મશ્રવણ-દાનાદિસાધના અને દેવદર્શનાદિ જિનભક્તિ વગેરે ધર્મપ્રવૃત્તિનો પુરુષાર્થ કરવો પડે. આ વિવેક સમજાય તો જીવન જીવતાં આવડે.

પેલી કામલતા આ વિવેકને સમજતી નથી એટલે જ્યાં ભરવાડ અને પોતાની પત્ની બનાવવા લલચાવી રહ્યો છે, ત્યાં એ એમ વિચારે છે કે 'મારાં ભાગ્યમાં હજી પાપ કરવાનાં જ લખાયેલાં લાગે છે એટલે ચિતા ઓલવાઈ ગઈ અને અત્યારે આવો સંયોગ આવી ઊભો છે.' કેવો ખોટો વિચાર ? અલબત કર્મે ચિતા ઓલવી નાખી અને આ સંયોગ ઊભો કરી દીધો, પરંતુ હવે કર્મ કાંઈ પાપ કરવા ધક્કો નથી મારતાં; એ તો પોતે પાપનો પુરુષાર્થ કરે તો જ પાપાચરણ થાય; એ પુરુષાર્થ ન કરવો હોય તો પાપપ્રવૃત્તિ ન થાય.

**કામલતા ભરવાડણ :-**

બસ, કામલતા પડી, ભરવાડની ભરવાડણ બની બેઠી. એનાં ઘરનાં કામકાજ કરે છે, દૂધ-દહીં વેચવા જાય છે, અને એની સાથે વિષયરંગમાં મહાલે છે.

આ જીવની વિષયભૂખ ક્યારે મટે ? કેટલાં સુખ મળે, કેટલી ઊંમર સુધી મળે, અને કેટલા ભવો સુધી મળે તો એની વિષયભૂખ મટે ? જવાબમાં એનું માપ જ નથી એમ કહેવું પડે.

**વિષયભૂખ તો જ** મટે કે પહેલું તો જો એ મટાડવાની તીવ્ર અભિલાષા-તાલાવેલી હોય; ને એ માટે વિષયોને ઝેરરૂપ દેખવાનું કરાય. પછી એનો ત્યાગ કરાતો આવે, સંયમ પળાતું આવે, તેમ તેમ વિષયભૂખ મોળી પડતી જાય.

**તૃષ્ણા ત્યાગથી મટે, ભોગથી નહિ.**

**ફરીથી પુત્રનો ભેટો :-**

કામલતા હવે ભરવાડણવેશે નગરમાં દૂધ-દહીં વેચવા જાય છે. અહીં ખૂબી એવી બની છે કે એનો પુત્ર વેદવિચક્ષણ આ જ નગરમાં આવીને રાજાના પંડિત પુરોહિત તરીકે સ્થિર થયો છે. એકવાર બન્યું એવું કે કામલતા માથે દહીંની મટકી મૂકીને રસ્તા પરથી જઈ રહી હતી, એમા એક બાઈ માથે પાણીનો ઘડો રાખી સામેથી આવતી હતી તે પોતાની કે સામાની ગફલતથી કામલતા સાથે અથડાઈ પડી. બંનેનાં મટકાં ભોંય પર પડી ફૂટી ગયા. ત્યાં પાણીવાળી બાઈ પોક મૂકીને રડી રહી છે, અને કામલતા હસી રહી છે.

બરાબર એ જ વખતે વેદવિચક્ષણ પંડિત ત્યાં થઈને પસાર થતો હતો તે આ જોઈને અચંબો પામ્યો કે 'આ શું ? પાણી ઢળી ગયું એ રોઈ રહી છે, ને દહીં



ઢળી ગયું એ હસી રહી છે !'

પાણીવાળીને એ પૂછે છે, 'બેન ! પાણી ઢળી ગયું એમાં આટલું બધું કેમ રોઈ રહી છે ?'

પેલી કહે, 'ભાઈ ! હું પાણીને નથી રોતી. એકલું પાણી ઢોળાઈ ગયું હોત તો તો ફરીથી કૂવે જઈ પાણી ખેંચી લાવત. પણ આ તો મારી ગાગર ફૂટી એટલે હવે મારી કર્કશા સાસુ મને ઘરમાં નહિ પેસવા દે, તેથી રોઉં છું.'

પંડિતને દયા આવી ગઈ તરત એણે એને નવી ગાગર ખરીદી લેવા પૈસા આપ્યા, ને રાજી કરીને રવાના કરી.

હવે એ કામલતાને પૂછે 'બેન ! તું આટલું બધું દહીં ઢળી જવા છતાં કેમ હસી રહી છે ?'

કામલતા કહે, **'બહુ દુઃખિયાને દુઃખ શું ?'**

સવાલ થાય કે બંનેએ એકબીજાને ઓળખ્યા નહિ હોય ? ના,

કામલતા પંડિતને ન ઓળખાઈ; કેમકે પંડિતે એને પૂર્વે જોયેલી ત્યારે અપ-ટુ-ડેટ રેશમી વસ્ત્રો અને અલંકારથી સુસજ્જ વેશ્યા તરીકે; અને અહીં દેખે છે એ એને ભરવાડના વેશમાં. ત્યાંની વેશ્યા અહીં આવી ભરવાડણ બન્યાની કલ્પના ય શાની આવે ?

ત્યારે કામલતાને પંડિત ન ઓળખાવાનું કારણ એ, કે એ પૂર્વે એ વેશ્યા કામલતાની પાસે જતો તે પંડિતના વેશે નહિ; કેમકે શરમ લાગે. કોઈ જુએ તો પૂછે 'હેં ? તમે પંડિત અને આવું અધમ કામ કરો છો ? એટલે શરમનો માર્યો એ જુદા જ કોઈ સાદા કપડામાં ને તિલક વિના જતો હશે. તે હવે અહીં તો માથે ફર્સ્ટક્લાસ જરિયાન પટ્ટીવાળી પાઘોટી, મોંઢે કપાળમાં ચંદનની રેખાઓ સાથે તિલક, મોટું અંગરખું, ઉપર રેશમી દુપટ્ટાનો ખેસ, પગમાં ચકચકતી લાલકચુંબર મોજડી, આમાં એ કામલતાને શે ઓળખાય ?

કામલતાને પૂછે છે, 'તે બેન ! તારે એટલું બધું શું દુઃખ છે તે આ મટકી ભરેલું દહીં ઢળી જવાનું દુઃખ નથી લાગતું ?

કામલતા ભરવાડણ એને એક સારા દયાળુ અને ગંભીર બ્રાહ્મણ તરીકે જોઈ પોતાનું દિલ ફોરું કરવા કહે છે, 'તમારે જાણવું હોય તો આવો આ પાસેના બગીચામાં, તમને મારી કરમ-કહાણી કહું'

પંડિતને રસ પડ્યો અને સાથે એના દયાળુ મનમાં એમ પણ થયું કે 'આનું સાંભળતાં કદાચ એના દુઃખને નિવારવા મારાથી કાંઈ બને તો કરી છૂટું. પરોપકાર કરવાની કદાચ તક મળે'

**સ્વાર્થી જીવ સ્વાર્થની તક શોધે છે, પરાર્થી જીવ પરાર્થની.**

**કોણ વધુ જીવે ? સ્વાર્થી કે પરાર્થી ? :-**

સ્વારથિયો એટલે તામસભાવમાં રમનારો કહેવાય; અને પરાર્થી-પરોપકારી અને સાત્ત્વિકભાવને વરેલો ગણાય. આપણે શામાં છીએ ? એકલી સ્વાર્થમાયાના તામસભાવમાં ? કે પરાર્થવૃત્તિના સાત્ત્વિકભાવમાં ? એનું માપ આના પરથી નીકળે કે આપણે કઈ તક શોધીએ છીએ ! સ્વાર્થ સાધવાની ? કે પરાર્થ સાધવાની ? જોજો. જીવન તો આમે ય પૂરું થઈ શકે, ને આમે ય થઈ શકે. પરાર્થ-પરોપકારની તક શોધનારા અને શક્ય બીજાનું ભલું કરનારા કાંઈ વહેલા નથી મરી જતા ! તેમ સ્વાર્થસાધુ કાંઈ વધારે લાંબું નથી જીવી જતા. આયુષ્ય તો બંનેને હોય એ જ જીવાય. ઊલટું સંભવ છે, કોરી સ્વાર્થની જ માયા જેનામાં ઠાંસીને ભરી હોય એને તો ક્યારેક એવો જોરદાર સ્વાર્થભંગ થવાનું દેખાય ત્યાં કદાચ હૃદયઘાતનો ઉપક્રમ લાગી આયુષ્ય વહેલું તૂટી જવા સંભવ. પરાર્થી જીવને આવો સંભવ નહિ. સ્વાર્થ ભાંગ્યો તો ભાંગ્યો, એનું એટલું બધું દુઃખ નહિ. ને કદાચ પરાર્થ ગુમાવવાનું થયું તો એનું દુઃખ મોત ન પમાડે.

વાત આ છે,

**જીવનમાં શાની તક શોધતા રહેવાય છે ?**

**અને શાની પ્રવૃત્તિ કરી લેવાના કોડ રહે છે ? સ્વાર્થની કે પરાર્થની ?**

ઢોરના જીવનમાં પરાર્થની તક શોધવાનું કે પ્રવૃત્તિ કરવાનું મળે ? મજૂરી તો બહુ કરે, કૂતરું રાતભર ડેલીની ચોકી કરે, પરંતુ વૃત્તિ કઈ ? ડેલીવાળો મને રોટલો આપતો રહે, એવી જ ને ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૨,અંક-૪૪,તા.૨૭-૭-૧૯૭૪**

પરાર્થની વૃત્તિ એનું નામ કે જ્યાં સામા પાસેથી પોતાને કશો લાભ નથી જોઈતો, અને પોતે સામાનું ભલું કરવાનો લાભ લેવો છે, સામાની સેવાનો લાભ જોઈએ છે. આવી પરાર્થવૃત્તિ દિલને મહાન બનાવે છે.

**પરાર્થવૃત્તિના મહાન દિલમાં પાપ ઓછાં પેસે; એને સ્વાર્થની ઓછાશનું એવું દુઃખ ન હોય; બલ્કે સ્વાર્થત્યાગની તૈયારી હોઈ એ પ્રફુલ્લિત રહી શકે.**

તીર્થંકર ભગવાનના જીવની વિશેષતા બતાવતાં લલિતવિસ્તરા શાસ્ત્રમાં લખ્યું કે '**आकालमेते परार्थ-व्यसनिनः ।** એ મૂળજ પરાર્થના વ્યસનવાળા હોય. 'વ્યસન' સમજો છો ને ? જેનો ભારે રસ હોય, જેના વિના ચેન ન પડે, જે



મળ્યાથી વિશિષ્ટ આનંદ થાય, એનું નામ વ્યસન. ચાના, બીડીના, દારૂના વ્યસની કેવા હોય છે ? એવા પરાર્થના વ્યસની, અને સ્વાર્થને ગૌણ કરનારા.

**આત્માનું ઉત્થાન કરવું હોય તો સ્વાર્થ ગૌણ કરો.** સ્વાર્થ ગૌણ કરતાં શીખવું જોઈએ અને પરાર્થનું વ્યસન લગાડવા મહેનત જોઈએ, દિલમાં પરાર્થવૃત્તિ ઊભી કરવી જોઈએ. આટઆટલા ઊંચે આવ્યા, ભણ્યા-ગણ્યા 'દેવદર્શનાદિ ધર્મ બહુ વાર કર્યા, અને આ જો ન આવે તો અધમતામાંથી આત્માનું ઉત્થાન શું ? એકલા સ્વાર્થના રસિયા એ નરાધમો છે. એવી અધમતામાંથી ઊંચે આવવા માટે 'જયવીયરાય' સૂત્રમાં રોજ પ્રભુની આગળ **'પરત્થકરણં ચ'** પરાર્થ-કરણ માગવામાં આવે છે. પૂછો,

**પ્ર.-** શું પરાર્થકરણ પ્રભુ આગળ માગવા માત્રથી મળી જાય ? કે આપણે પરાર્થકરણ કરીએ તો થાય ?

ઉ.- શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે **'प्रार्थनात एव इष्टसिद्धिः'** પ્રાર્થનાથી જ ઈષ્ટની સિદ્ધિ થાય. પ્રભુની આગળ માગવાથી જ ઈષ્ટ વસ્તુ બની આવે. જુઓ આ કહેનાર મહાન તાર્કિક છે, અને છતાં અરિહંત પરમાત્મા ઉપર આટલી બધી શ્રદ્ધા મૂકે છે, કે પ્રભુ આગળ માગવાથી ઈષ્ટ બની આવે. લોક શું સમજીને આ કહેતા હશે ? આ સમજીને કે,

**પ્રાર્થનાથી ઈષ્ટની સિદ્ધિ કેવી રીતે ? :-**

સાચી પ્રાર્થના ત્યારે જ થાય કે પ્રાર્થિત વસ્તુની આપણા દિલમાં ભારે આશંસા હોય, અપેક્ષા-અભિલાષા-તમન્ના હોય. 'પ્રભુ ! તમારા અચિંત્ય પ્રભાવથી મને પરાર્થકરણ પ્રાપ્ત હો,' એમ પ્રાર્થના કરવામાં ગર્ભિત આ રહેલું છે કે 'મારે પરાર્થકરણ જોઈએ છે, ખાસ જોઈએ છે. મારે એના વિના ચાલે એમ નથી. મારે એની ખાસ જરૂર છે.' પરાર્થકરણનાં આ આશંસાભાવ, આ તીવ્ર ઈચ્છાનો તનમનાટ જોરદાર પુરુષાર્થને પ્રેરે છે. તીવ્ર ઈચ્છા-આશંસા વિના ભારે પુરુષાર્થ થાય નહિ વસ્તુની તીવ્ર તાલાવેલી હોય એટલો એનો જોરદાર પુરુષાર્થ થાય, અને એ થાય એટલે ઈષ્ટ વસ્તુની સિદ્ધિ થાય. બાઈઓને રસોઈ કરવાની અને ભાઈઓને નોકરી-ધંધો કરવાની તીવ્ર તાલાવેલી હોય છે, તો એનો એનો તેવો જોરદાર પુરુષાર્થ થાય છે ? ને એ થાય એટલે ઈષ્ટ બની આવે છે ને ?

દિલથી પ્રાર્થનામાં દિલમાં આવી તીવ્ર આશંસા તાલાવેલી હોય એ પુરુષાર્થ કરાવી ઈષ્ટની સિદ્ધિ કરાવે; આમ એક રીતે પ્રાર્થનાથી ઈષ્ટ સિદ્ધિ કરાવે; આમ એક રીતે પ્રાર્થનાથી ઈષ્ટ સિદ્ધિ.

બીજી રીતે પ્રાર્થનાથી ઈષ્ટ સિદ્ધિ આમ, કે જે અરિહંત પરમાત્મા આગળ

પ્રાર્થના કરીએ છીએ એ પ્રભુ અચિંત્ય અનંત પ્રભાવવંતા છે એ એમના પ્રભાવ પર અથાગ શ્રદ્ધા મૂકીએ એથી આપણા મહાન અંતરાયકર્મ તૂટે છે એટલે પણ ઈષ્ટની આડે નડતા અંતરાય તૂટી જઈને ઈષ્ટ બહુ સુલભ બને છે.

સવાલ થાય કે શું અરિહંત પરમાત્મામાં આવો અનંત અચિંત્ય પ્રભાવ છે ? હા, અવશ્ય છે. માટે તો બીજા દેવ-દેવીનાં ગમે તેટલાં દર્શન-પૂજન-સ્મરણ-ગુણગાન અને ધ્યાન તથા આજ્ઞાપાલન કરો તે જે ફળ નથી મળતું એવું અચિંત્ય અર્થાત્ આપણી કલ્પનામાં ન આવે એટલું મોટું ફળ અરિહંત પ્રભુનાં દર્શન-પૂજન-સ્મરણ-ગુણગાન અને ધ્યાન તથા આજ્ઞાપાલનથી મળે છે. એ વસ્તુ તો જ બને કે પ્રભુમાં એવો કોઈ અચિંત્ય પ્રભાવ હોય.

રાજા રાવણે અષ્ટાપદજી ઉપર પ્રભુની ભક્તિ કર્યા પછી ત્યાં આવેલ ધરણેન્દ્ર એ ભક્તિ દેખી ખૂશ થઈ રાવણને ભક્તિના ફળમાં ગમે તે માગી લેવા અને પોતે એ આપવા આગ્રહ કર્યો.

રાવણ કહે, 'મારે ભક્તિનાં ફળમાં જે જોઈએ છે જે મળવાનું છે તે તમે આપી શકો એમ નથી, અને તમે આપી શકો એ તો તુચ્છ છે, એને ભક્તિનું ફળ હું માનતો નથી, અને ભક્તિના ફળ તરીકે મારે એ જોઈતું નથી.'

ધરણેન્દ્રને આ કબૂલ કરવું પડ્યું; કેમકે એ સમજે છે કે વીતરાગની ભક્તિનું ફળ મોક્ષ, તે કાંઈ આપવાની તાકાત પોતાનામાં છે નહિ, અને જે લૌકિક ઋદ્ધિ-સમૃદ્ધિ આદિ પોતે આપી શકે એ કાંઈ વીતરાગની ભક્તિની ઉચ્ચતાના પ્રમાણમાં ફળ નથી.

ત્યારે આ વિવેક કરવાનો છે કે એવાં સર્વોચ્ચ ફળમાં વિશિષ્ટ ફાળો કોનો ? પ્રભુભક્તિના પુરુષાર્થનો ? કે પ્રભુનો ? પુરુષાર્થનો ફાળો ખરો, પણ વિશિષ્ટ ફાળો તો વીતરાગ અરિહંત પરમાત્માનો. કેમકે એનો એ જ પુરુષાર્થ બીજા-ત્રીજા દેવદેવીની ભક્તિનો કરવામાં આવે તો કાંઈ એવું સર્વોચ્ચ ફળ મળે નહિ. એ સૂચવે છે કે

**ભક્તિની શક્તિ કરતાં ભક્તિના વિષયની શક્તિનું મોટું મહત્ત્વ છે.**

માટે ભક્તિના વિષય યાને જેમની ભક્તિ થાય છે તે અરિહંત એ સર્વોચ્ચ ફળ દેવાની શક્તિવાળા ગણાય.

મંત્રમાં શું છે ? આ જ, કે અમુક મંત્રનું સ્મરણ કરવાથી અમુક ફળ મળે છે; ત્યાં શક્તિ કોની ગણાય ? મંત્રના સ્મરણની ? કે મંત્રની ? જો મંત્રની જ શક્તિ ન હોય તો એનું સ્મરણ ગમે તેટલું કરો, શું વળે ? એમ જે મંત્રની એવી શક્તિ નહિ, એનું ભરપૂર સ્મરણ પણ પેલા વિશિષ્ટ મંત્રનાં સ્મરણ જેવું ફળ ક્યાં લાવી શકે છે ? અંતકાળે નમસ્કાર મહામંત્ર પર ધ્યાન લગાવવામાં આવે એથી જે



ઉચ્ચ સદ્‌ગતિ વગેરે ફળ મળે, એ બીજા-ત્રીજા મંત્રનું ધ્યાન કરવાથી મળી શકે ખરું ? જો ના, તો એનો અર્થ એ થયો કે વિશિષ્ટ શક્તિ આપણે ધ્યાન-સ્મરણનો પુરુષાર્થ કરીએ, ધ્યાન-સ્મરણ કરીએ એની નહિ, કિન્તુ નમસ્કાર-મહામંત્રની જ સમજવી જોઈએ.

બસ, જેમ મંત્રાક્ષરોમાં અચિંત્ય શક્તિ, એમ અરિહંત પરમાત્મામાં અચિંત્ય શક્તિ છે. માટે પંચસૂત્ર શાસ્ત્રે કહ્યું **'अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो वीयराया सव्वण्णू'** તે વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અચિંત્ય શક્તિવાળા અચિંત્ય પ્રભાવવંતા છે.

અગ્નિને વિધિસર સેવો તો એનાથી રસોઈ તૈયાર થાય છે. તો એ મહિમા કોનો ? વિધિસર સેવનનો ? કે અગ્નિનો ? રસોઈની તાકાત અગ્નિની જ ગણાય છે. રસોઈમાં અગ્નિ અસાધારણ કારણ કહેવાય છે. પછી ભલે એનું વિધિસર સેવન થાય તો જ રસોઈ થાય; પણ ખાસ તાકાત કોની ? અગ્નિનાં સેવનની કે અગ્નિની ? અગ્નિની જ વિશિષ્ટ તાકાત કહેવાય. એમ અરિહંત પરમાત્માને વિધિસર સેવો તો ઉચ્ચ ફળ એમાં, વિશેષતા કોની ? એ પરમાત્માની જ કહેવાય.

આ જ હિસાબે કહેવાય છે કે 'હે વીતરાગ જગગુરુ ! તમારા પ્રભાવથી મારે...પરાર્થકરણ થાઓ.' પરાર્થકરણ થાઓ.' પરાર્થકરણ, ભલે આપણે પુરુષાર્થ કરીએ, તો જ થાય, છતાં એ થવામાં અચિંત્ય શક્તિ અચિંત્ય પ્રભાવ વીતરાગ પરમાત્માનો છે. પ્રાર્થના કરવા પાછળ પ્રભુનો આ પ્રભાવ હોવાની શ્રદ્ધા એ દિલનો એક ઉત્તમ કોટિનો શુભ અધ્યવસાય છે, સમ્યગ્દર્શનનો ભાવ છે; અને એથી મહાન અંતરાય તૂટી ઈષ્ટસિદ્ધિ થાય, એ પ્રાર્થનાથી ઈષ્ટસિદ્ધિ થઈ ગણાય.

આમ એક આપણો તીવ્ર આશંસાભાવ, અને બીજો અરિહંતનો અચિંત્ય પ્રભાવ, આ બેના બળ ઉપર 'પ્રાર્થનાથી જ ઈષ્ટસિદ્ધિ થાય' એમ કહ્યું. એમાં પરાર્થકરણ માગ્યું.

**પંડિત ભરવાડણ સાથે બગીચામાં :-**

પેલો વેદવિચક્ષણ બ્રાહ્મણ સ્વાર્થ કરતાં પરાર્થને વધુ જોનારો છે; એટલે પાણિયારીને તો એના ફૂટી ગયેલા ઘડાના પૈસા આપી એક પરાર્થકરણ કર્યું. અને હવે આ ભરવાડણ જ્યારે 'બહુદુખિયાને દુઃખ શું ?' એમ પોતાના દહીં ભરેલા મટકાને ફૂટી જવા પર કહે છે, અને પોતાની હકીકત કહેવા ઈચ્છે છે, ત્યારે પરાર્થ-પરોપકારરસિયા આ વેદવિચક્ષણ પંડિતને એમ લાગે છે કે 'લાવ, આનું દુઃખ સાંભળું, ને એમાં વળી કાંઈક મારાથી આનું ભલું થતું હોય તો કરું.' એટલે 'ભલે' કહી ભરવાડણની સાથે પાસેના બગીચામાં જાય છે, અને ત્યાં બેસી એની હકીકત સાંભળવાનું કરે છે.

જુઓ યોગાનુયોગ કેવો ! પેલી વખતે એ જ વેશ્યા આગળ પંડિતને પોતાની વિગત કહેવાનો અવસર આવેલો. એથી ઊલટું હવે અહીં પંડિતની આગળ ભરવાડણને પોતાની હકીકત સંભળાવવાનો અવસર આવે છે. આવો યોગાનુયોગ કોણ બનાવી આપે છે ? ભવિતવ્યતા. ભવિતવ્યતાના એવા કેટલા ય વિચિત્ર ભાવો હોય છે કે જેના માટે આ આમ કેમ બન્યું એનું નિયમસરનું કોઈ બીજું કારણ રજૂ ન કરી શકાય એટલે એમ જ કહેવું પડે કે ભવિતવ્યતા જ એવી કે એ એમ બન્યું. માટે ભવિતવ્યતાને પણ એક કારણ કહેવું પડે.

**ભવિતવ્યતા બળવાન છે; એ વિચિત્ર ઘટના બનાવી મૂકે છે.**

એમાં માણસનું ધાર્યું કાંઈ નીપજતું નથી. સુખ-દુઃખના કારણભૂત તરીકે ભલે કર્મ હોય, પરંતુ માણસની ધારણા બહારનો ચોક્કસ પ્રકારનો યોગાનુયોગ બનાવનાર ભવિતવ્યતા છે. આ જો ધ્યાનમાં રહે તો પછી જ્યાં આપણને કશુંક દુઃખ આવ્યું અને તે અમુક પ્રકારના ન-ધાર્યા સંયોગથી આવ્યું, ત્યાં ઝટ મનને સમાધાન થઈ જાય કે 'દુઃખ મારાં તેવા અશુભ કર્મે આવ્યું, અને એમાં નિમિત્તભૂત આવો ન-ધાર્યો યોગ બન્યો તે ભવિતવ્યતાથી બન્યો. ભવિતવ્યતા બળવાન કે એણે આવો અણધાર્યો યોગ બનાવી દીધો. ત્યાં દા.ત. મારું ફૂટપાથ પર ચડવું, ને બરાબર એ જ વખતે ડ્રાઈવરના હાથે રસ્તા પરના બાળકને બચાવવા મોટર ત્યાં જ ચડાવવી આમાં મારે બીજા કોઈને શો દોષ દેવો કે એણે મારું બગાડ્યું ? એ બિચારો તો ભવિતવ્યતાનો હાથો, કે ભવિતવ્યતાએ એની પાસે આ ઘટના બનાવી.

**મનને સમાધાન કરી લેવા મારે ભવિતવ્યતાની સમજ બહુ ઉપયોગી છે. એથી મનને અસમાધિ નહિ થાય.**

ઘણા માણસો વાતવાતમાં ઊકળી ઊઠે છે, મામૂલી મામૂલી વાતમાં તણખિયા કોલસાની જેમ તટ-ફૂટ તટ-ફૂટ કરે છે. એ ઘરમાં રહ્યા કોઈને જંપ નહિ. એમજ ઈચ્છે કે 'આ બહાર હોય તે સારા. ઘરમાં રહ્યા વાતવાતમાં ગુસ્સો કર્યા કરશે.' કેવી કરુણ દશા ! પોતે કમાઈ લાવનાર છે, કુટુંબને નભાવનાર છે, છતાં કુટુંબને અકારા લાગે છે ! આ કરુણ દશા નહિ ? શાના ઉપર ? એના ગુસ્સાખોર સ્વભાવ ઉપરસ્તો. ત્યાં જો એનામાં આ સમજ હોય કે ઘરમાં કાંક પોતાને અણગમતું બન્યું તે એવા ન-ધાર્યા સંયોગમાં બન્યું, તો એમાં વાંક ભવિતવ્યતાનો. ભવિતવ્યતા જ એવી કે એણે આવો યોગ બનાવ્યો, અને તે છોકરા દ્વારા, કે એની મા દ્વારા આ ઘટના બનાવી. છોકરાનો કે એની માનો ખરાબ કરવાનો ઈરાદો તો છે જ નહિ, તો પછી કેમ એમ બન્યું ? ભવિતવ્યતાએ એવો ચોક્કસ પ્રકારનો યોગ બનાવી દીધો.

**ભવિતવ્યતાથી મનને સમાધાન કરતાં આવડે, તો ગુસ્સાખોરી પર કાબૂ**



**લાવી શકાય.**

અહીં યોગાનુયોગ આવો બન્યો કે કામલતા ભરવાડણ જ હવે ન ઓળખેલા પોતાના પુત્ર પંડિતની આગળ પોતાની હકીકત કહેવા બેઠી. જેમ જેમ એ વિગત કહેતી જાય છે તેમ તેમ એ પંડિતને અંદેશો પડતો જાય છે કે આ તો પોતાની માતાની જ હકીકત લાગે છે ! ભરવાડણને તો અત્યારે કલ્પના જ નથી કે આ સામે મારો દીકરો જ છે. એ તો એને એક સારા પંડિત તરીકે જુએ છે, એટલે દિલ હળવું કરવા પોતાના પાપ કહી રહી છે.

**ભરવાડણની કહાણીનો સાર :-**

એમા 'હું બ્રાહ્મણી, બે વરસનો પુત્ર ઘેર મૂકી પાણી ભરવા ગયેલી, તે દુશ્મન રાજાના માણસોએ મને ઉપાડી...' થી માંડી આગળ કહેતાં કહેતાં જ્યાં 'વેશ્યા બનેલી એમાં મારો પુત્ર જ ઘરાક તરીકે આવી ગયો તે ઠેઠ સુધી મેં એને ઓળખેલો જ નહિ. પણ એના જતાં જતાં એણે જે પોતાની વિગત કહી, અલબત મારા સહેજ પૂછવાથી કહી; પણ એમાં જે પોતાની ઓળખ આપી એ પરથી મને એની ઓળખ પડી, ને મને આઘાત લાગ્યો કે 'હાય ! આ તો મારો પુત્ર જ !' પણ એને આઘાત ન લાગે એટલા માટે મેં એને મારી ઓળખ આપી નહિ; 'ભરવાડણે એ જ્યાં કહ્યું ત્યાં હવે પંડિતને ખાતરી થઈ ગઈ કે એ પોતાની માતા જ છે, અને આટલી બધી દુર્દશામાં ઊતરી ગયેલી તે વેશ્યા બની અને પોતે એનામાં જ ફસાયેલો.

પંડિતને પારાવાર દુઃખ થયું કે પોતે આટલા ઊંચા મનુષ્ય ભવમાં આવીને કેટલી બધી અજ્ઞાન પશુ જેવી અધમાધમ કક્ષાનાં અપકૃત્ય સુધી પહોંચી ગયો ! શાસ્ત્રે આર્ય મનુષ્ય માટે પરસ્ત્રીગમન-વેશ્યાગમન અધમાધમ કૃત્ય ગણી અત્યંત ત્યાજ્ય જ કહ્યું છે, ત્યારે આ માતૃગમન તો વળી કેટલું બધું એથી ય અધમ-કૃત્ય ! તો આ મેં શું કરી નાખ્યું ?'

કામલતાની કહાણી હજી બાકી છે એટલે પંડિત પોતે દુઃખ અંતરમાં દાબી રાખી આગળ સાંભળે છે. એમાં કામલતાએ પછી પોતાનો ચિતામાં બળી મરી આપઘાત કરવાનો કરેલ પ્રયત્ન, વરસાદની ઝડી, આગ બંધ, પોતે પાણીના પૂરમાં તણાવું, ભરવાડે બચાવવા બહાર કાઢવી, અને ઠેઠ અહીં ભરવાડણ બનવું ત્યાંસુધીની સ્થિતિ કહી બતાવી કહે છે, 'બોલો ભાઈસાહેબ ! આવાં ગોઝારાં પાપો કરવાનાં બહુ દુઃખમાં પડેલી મારે આટલી દહીંની મટકી ફૂટવાનું દુઃખ શી વિસાતમાં ? મટકી ફૂટ્યાનું તો કશું દુઃખ નથી, પરંતુ આવા ભયંકર પાપોથી પરભવે મારી ગતિ શી થશે ?...' બોલતાં બોલતાં એનું હૃદય ઊકળી ઊઠ્યું, આંખમાંથી દડદડ

આંસુ વહી રહ્યા છે. એ કહે છે,

'હવે તો મારે પાપની હદ થઈ ગઈ છે. પૃથ્વી મારાથી ભારે મરે છે. તમે સારા માણસ છો. પેલી બાઈ પર દયા કરી, એમ મારી પર દયા કરી મને ઝેર લાવી આપો, તો એ ખાઈને અહીં સૂઈ જાઉં.' પંડિતને શૂનમૂન દેખી કહે છે, 'કેમ વિચારમાં પડી ગયા? કેમ કાંઈ બોલતા નથી ? મારાં પાપ સામે જુઓ ના, તમે તમારે આટલું દયાનું કામ કરો, ઝેર લાવી દો.'

પંડિત કહે, 'મા ! હું તારા પાપને શું રોઉં ? હું કેવો પાપિષ્ઠ કે માતૃભોગી બન્યો ! તું વેશ્યા હતી, ત્યારે હું જ તારી પાસે આવેલો. તું તો એવી ભણેલી નહિ, પણ હું તો વેદશાસ્ત્રો ભણેલો, છતાં આવો વેશ્યાગામી નીચ પાપિષ્ઠ બન્યો? અભણ જીવ પાપ કરે એ તો બિચારો છે, દયાપાત્ર છે, પરંતુ હું ભણેલો છતાં આવું ઘોર પાપ કરનારો બન્યો એ હું દયાપાત્ર નહિ, પણ મહર્ષિઓના તિરસ્કારને પાત્ર છું.

પંડિત હવે આગળ કહે છે, તું મને નાનો મૂકીને ગયેલી, એટલે મેં તને માતા તરીકે ઓળખેલી નહિ. તેથી વિશેષ અનર્થ બન્યો ખેર, તું મારી માતા, અને હું તારો દીકરો, બંને પાપથી ખરડાયા છીએ. પણ મા !

**ઝેર ખાઈ મરી ગયે પાપ મરે નહિ. પાપને મારવા માટે તો પ્રાયશ્ચિત્ત હોય.**

તો ઊઠ, અહીં નજીકમાં સાધુ ઊતરેલા છે, આપણે એમની પાસે જઈ આપણાં પાપને ધોવા માટે પાપનાં પ્રાયશ્ચિત્ત પૂછીએ. એ જ એનો ઉપાય છે. માટે ઊઠ, હતાશ ન થા.'

**કામલતા આચાર્ય મ. પાસે :-**

કામલતાને આશ્વાસન મળ્યું, બંને ઊઠ્યા અને ઉદ્યાનમાં ઉતરેલા જૈનાચાર્ય પાસે ગયા. એમને નમસ્કાર કરીને પંડિત કહે, 'પુત્રભોગી માતા અને માતૃભોગી પુત્રને પાપથી શુદ્ધ થવા તમારાં શાસ્ત્રોમાં કોઈ ઉપાય છે ? કે બંનેને હવે નિશ્ચિત નરકમાં જ જઈ પડવાનું ?'

આચાર્ય મહારાજ કહે, 'આટલું જ પાપ શું, એથી પણ ભયંકર કોટિનાં પાપો કરનારને ય હજી જીવન હાથમાં છે. ત્યાંસુધી પાપોનાં શુદ્ધિકરણનો માર્ગ છે.

**આ મહામૂલા મનુષ્ય જન્મની આ જ વિશેષતા છે કે એમાં ઘોર પાપોનાં પ્રાયશ્ચિત્ત થઈ શકે છે, અને પૂર્વ જન્મોનાં પાપોને ય તપ-સંયમથી સાફ કરી શકાય છે.'**

પંડિત પૂછે, 'એનો શો ઉપાય ?'

આચાર્ય ભગવંત કહે, 'પહેલું તો યોગ્ય શાસ્ત્રજ્ઞ ગુરુની આગળ બાળભાવે પોતાનાં પાપોનું આલોચન કરવું જોઈએ. અને પછી ગુરુ પ્રાયશ્ચિત્ત આપે એ વહન



કરવું જોઈએ.'

ત્યાં કામલતા અને પંડિત શરમ રાખ્યા વિના પોતાના પાપની યથાસ્થિત કહાણી કહે છે, એ કહીને કહે, 'ભગવંત ! આવા ઘોર પાપિષ્ઠ અમારો શે ઉદ્ધાર થાય? છતાં આપ જ્ઞાની છો, અમારો ઉદ્ધાર કરો. અમે હવે પાપથી ત્રાસી ગયા છીએ.'

**ઘોર પાપનાં પ્રાયશ્ચિત્તનો માર્ગ :-**

આચાર્ય મહારાજ કહે, 'જો તમને ખરેખર પાપ-માત્ર પર નફરત થઈ હોય, તો આ પાપભર્યો સંસારવાસ છોડો, અને સર્વ પાપત્યાગની પ્રતિજ્ઞા કરી નિષ્પાપ ચારિત્રજીવન અંગીકાર કરો. પછી એમાં સુંદર અહિંસા-સંયમ-તપોમય જીવન જીવો, તમારાં સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત થશે અને તમારો અચૂક ઉદ્ધાર થશે' એમ કહીને આચાર્ય મહારાજે સૂક્ષ્મ અહિંસા-સંયમ-તપનું સ્વરૂપ સમજાવ્યું, જગતને એનો ઉપદેશ કરનાર દેવાધિદેવ પરમાત્મા શ્રી તીર્થંકર ભગવાનની ઓળખ કરાવી, એ પરમાત્મા- એ ઉપદેશેલ જીવ-અજીવ આદિ નવતત્ત્વ અને સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગ સમજાવ્યો.

**પંકાયેલા વેદશાસ્ત્રમાં જૈન સૂક્ષ્મ તત્ત્વ મોક્ષમાર્ગની ઝાંખી નહિ :-**

પંડિત વેદવિચક્ષણ તો આ બધું સાંભળીને થીજી જ ગયો. એમાં ય સૂક્ષ્માતિસૂક્ષ્મ નિગોદ એકેન્દ્રિય સુધીનાં જીવોનું વિજ્ઞાન, અને એની વાસ્તવિક અહિંસા અર્થે જરૂરી સર્વવિરતિ માર્ગ તથા ચારિત્ર જીવનના સમિતિ, ગુપ્તિના આચાર વગેરે સાંભળતાં તો આભો જ બની ગયો કે 'અહો ! આ કેટલું ઊંચું તત્ત્વજ્ઞાન ! વેદશાસ્ત્રો આવા મોટા પંકાય, પરંતુ એમાં તો ક્યાંય આની ઝાંખી ય જોવા મળતી નથી. ત્યારે, સર્વજ્ઞ વિના આ કોણ કહી શકે ? તો અજ્ઞાનીના કહેલાં તત્ત્વમાં માલે ય શો હોય ? અને એ ભવસાગરથી તરવાનો વાસ્તવિક માર્ગ પણ શો બતાવી શકે ?'

કામલતા એવી ભણેલી નહિ પરંતુ આચાર્ય મહારાજે જૈનધર્મની એક-દુ બે જેવી સીધી સાદી વાતો જે સમજાવી એ એના ગળે ઊતરી ગઈ.

**કામલતાનો ઉદ્ધાર :-**

બસ, મા-દીકરાએ કર્તવ્ય નક્કી કરી લીધું, અને ત્યાં જ સંસારત્યાગ કરી ચારિત્રજીવન અપનાવી લીધું. નજર સામે પોતાનાં ઉગ્ર પાપ તરવરે છે તેથી એને વાળી ભૂંસીને સાફ કરી નાખવા માટે કઠોર સંયમ, પરીસહસહન, આકરી તપસ્યા અને જ્ઞાન-ધ્યાનના માર્ગે ચડી ગયા; ઘોર પાપોનો એ જ જીવનમાં નાશ કરનારા બની ગયા.

પાપ કરતાં સત્ત્વ ગુમાવ્યું હતું, તે હવે ધર્મ કરતાં સત્ત્વ ખૂબ વિકસાવ્યું,

પછી એ સત્ત્વ વિકાસભરી સાધનાના પ્રચંડ અગ્નિમાં પાપો બળીને ખાખ થઈ જાય એમાં નવાઈ શી ?

**મહાવીર ભગવાનનાં** પૂર્વ જીવનમાં આ વિચારી રહ્યા હતા કે સોળમા ભવમાં પ્રભુ વિશ્વભૂતિ મુનિ મહાતપસ્વી છતાં પિતરિયા ભાઈનાં મશ્કરીનાં વચન પર લહેવાઈ ગયા, સત્ત્વ ગુમાવ્યું, તો પૌદ્‌ગલિક બળ માગવાનું પાપનિયાણું કર્યું. અઢારમાં ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવ થઈ, પૂર્વે સાત્ત્વિકભાવ નષ્ટ કરીને આવ્યા છે એટલે હવે અહીં તામસભાવમાં રુલ્યા; તો કેટલાં નીચે ઊતરી ગયા ! કામલતા એક વાર સત્ત્વ ચૂકી, રાજરાણી બની બેઠેલી. તે પછી તો સત્ત્વહીન બનતાં બનતાં ક્યાંની ક્યાંય નીચે ઊતરી ગઈ ને ? વાત આ છે,

**જગત એટલે પાપનાં પ્રલોભનોનું ધામ.**

જગતની વચ્ચે રહ્યા છીએ, એટલે પાપમાં પાડનાર પ્રલોભનો આવવાનાં; ત્યાં જો સત્ત્વ ગુમાવ્યું તો પ્રલોભનને વશ થઈ જવાશે, પાપમાં પતન થશેઃ અને પછી તો કેમ? તો કે એકશઃ પાતઃ શતશઃ પાતઃ, એક વાર સત્ત્વ હણ્યું, એટલે પછી અનેક વાર સત્ત્વ હણવાની કાયરતા-કંગાળિયતતા આવશે.

કામલતા સત્ત્વ ગુમાવતી ગુમાવતી પતન પામેલી, તે રાણી બની ત્યારથી માંડીને શીલભંગ, પછી રાજાની હત્યા, વેશ્યાગીરી, એમાં પુત્રસંબંધ, ભરવાડણ થઈ શીલભંગ...વગેરે પાપોમાં ઊતરી ગયેલી; પણ હવે અહીં સત્ત્વ વિકસાવી પાપમાંથી પાછી વળે છે તો તપ-સંયમાદિમાં બાકી રાખી નહિ. તો ઊંચે ચડી ગઈ.

**મહાવીર પ્રભુનાં જીવનનું પતન :-**

ત્યારે મહાવીર ભગવાનનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવ વિષય-કષાયના પાપમાં લીન બન્યો, નીચે ઊતરતો ગયો, તો મરીને સાતમી નરકે ગયો; કેટલું ભયંકર અધઃપતન હશે ત્યારે એના ફળમાં સાતમી નરક નીપજી હશે ? પાછું એટલેથી અટકતું નથી. ૩૩ સાગરોપમ એટલે ? ૩૩૦ ક્રોડ ક્રોડ પલ્યોપમ વરસના સાતમી નરકના ઘોર ત્રાસ વેઠવા છતાં પાપપતનનો અંત નથી ! તે ત્યાંથી બહાર નીકળ્યા એટલે જંગલમાં સિંહનો અવતાર મળ્યો. સત્ત્વ ગુમાવતાં કેટલી હદ સુધી પતન ? ક્યાં ત્રણ ખંડનો માલિક વાસુદેવ ! અને ક્યાં એ જ હવે સિંહ ? વાસુદેવભવે ભલે જીવતા જીવ મોંમાં ચાવી ખાધેલા નહિ; પરંતુ સત્ત્વનાં પતન પછી સિંહના અવતારે એ કામ કરે છે.

કહો, સિંહમાં તો સત્ત્વ ખરું ને ?

ઝટ 'હો' કહેતા નહિ. કેમકે આપણે જે સત્ત્વની વાત ચાલે છે એ તામસભાવની સામેના સાત્ત્વિક ભાવના સત્ત્વની વાત ચાલે છે એ તામસભાવની



સામેના સાત્ત્વિક ભાવના સત્ત્વની. એ સિંહમાં ક્યાંથી હોય ? સિંહ સાત્ત્વિક ગણાય એ તો એટલા પૂરતો કે વિશાળ કાયાના ભલભલા મોટા મદોન્મત્ત હાથી સામે આવી જાય છતાં સિંહ ગાંજ્યો ન જાય; એમ એવા મોટા હાથી પર આક્રમણ કરે તે પણ હાથીને ગફલતમાં રાખીને છૂપો છૂપો નહિ, કે પૂંઠેથી નહિ; કિન્તુ ગર્જના કરી પોતાની જાણ કરીને અને સામેથી આવીને આક્રમણ કરે છે. એમ સિંહને શિકાર ન મળે તો ભૂખ્યો રહે, પણ ઘાસ ન ખાય. વળી એ વનમાં એકલો ફરે, એકલો રહે, એને વનના કોઈ પશુથી ભય નહિ. આવા બધા કારણે સિંહ સાત્ત્વિક ગણાય. પરંતુ

**એવું સત્ત્વ શું કામનું કે જે સરવાળે નરકગતિમાં તાણી જાય ? એ ખરેખર સત્ત્વ નહિ, તામસભાવ છે.**

**સત્ત્વ તો એ કે જે જીવને સદ્‌ગતિમાં ચડાવનારું હોય, દુર્ગતિનું નિરોધક હોય.**

ચંડકોશિયા નાગના સીમાડામાં કોઈ પેસી શકતું નહોતું. કેમકે જે ત્યાં પેસે એને નાગ દૃષ્ટિના ઝેરથી ખત્મ કરતો હતો. તો આમાં ચંડકોશિયાનું સત્ત્વ કહેવાય? ચંડકોશિયો નાગ સાત્ત્વિક કે તામસી ? સત્ત્વ-પ્રકૃત્તિવાળો ? કે તામસપ્રકૃતિવાળો? સાત્ત્વિક સત્ત્વ-પ્રકૃતિવાળો કહેવાય જ નહિ. બીજા નિર્બળને હંફાવવા, એ માટે ભારે રોષ દેખાડવો, રોફ બતાવવો, એ કાંઈ સત્ત્વપ્રકૃતિનું કાર્ય જ નથી. નહિતર જો સત્ત્વ પ્રકૃતિ આવાં કામ કરાવી નરકાદિ દુર્ગતિમાં લઈ જાય, તો સ્વર્ગાદિ સદ્‌ગતિ પમાડનારી પ્રકૃતિ કઈ ? શું તામસ પ્રકૃતિ અને એનાં કામ સદ્‌ગતિ પમાડે ?

જ્યાં બીજા જીવોને રેંસી નાખવાની પ્રવૃત્તિ હોય એમાં દુનિયા ભલે પરાક્રમ કહેતી હોય, પરંતુ કર્મસત્તા એનો શો જવાબ આપે છે ? પુણ્ય બાંધવાનો ? કે પાપ ?

**જ્યાં નકરાં પાપ બંધાય એ સાત્ત્વિકભાવ નહિ, તામસભાવ ?**

પ્રતિવાસુદેવ વાસુદેવને હણી નાખવાના ઉદ્દેશથી એની તરફ ચક્ર ફેંકે છે. પરંતુ ચક્ર તો વાસુદેવના હાથમાં જઈ ઊભું રહે છે. હવે એ વાસુદેવ પ્રતિ-વાસુદેવને વશ થવા પડકારે છે, નહિતર ચક્રનો ભોગ બનવા તૈયાર રહેવા કહે છે. ત્યાં પ્રતિવાસુદેવ વશ ન થતાં સામી છાતીએ ઊભો રહી પડકાર કરે છે કે, 'તારાથી થાય તે કરી લે.'

બોલો, પ્રતિવાસુદેવમાં આ પરાક્રમ એમાં સાત્ત્વિકભાવ કહેવાય ? તો પ્રતિવાસુદેવના જ ચક્રથી એને વાસુદેવ હણી નાખવાનું પરાક્રમ કરે એમાં સાત્ત્વિકભાવ કહેવાય ? બંનેમાં જો સાત્ત્વિક ભાવ હોય તો એ બંને નરકે જાય ? જો સાત્ત્વિક ભાવ નરકે લઈ જતો હોય તો સ્વર્ગે ક્યો ભાવ લઈ જાય ?

**અજ્ઞાન જગતે માનેલાં સત્ત્વ જુદાં; એ નરકે લઈ જાય.**

**નરકદાયી ભાવ એ સત્ત્વ નહિ :-**

શ્રેણિક રાજાએ જંગલમાં દૂરથી ગર્ભિણી હરણીનો શિકાર કર્યો. પછી પાસે જઈ જોયું તો હરણીનું પેટ ફાટી ગયું છે, ને હરણી અપાર વેદનાથી તરફડી રહી છે. તેમજ અંદરનો ગર્ભ પણ બાણથી વિંધાઈ ત્રાસમાં તરફડી રહ્યો છે. શ્રેણિક આ જોઈને ખુશ થાય છે કે, 'વાહ ! શિકાર આનું નામ કહેવાય.' બોલો, એમાં એ પોતાની સાત્ત્વિક્તા માને તો બરાબર છે ? હા કહેતા નહિ. નરકદાયી ભાવ એ સાત્ત્વિક ભાવ છે જ નહિ.

ચંડકોશિયો અભિમાનમાં ડોલતો હતો કે 'કોની મજાલ છે કે મારી દૃષ્ટિના સીમાડામાં આવે ?' આ કોઈ એનો સાત્ત્વિક ભાવ નહોતો, સત્ત્વ નહોતું. નહિતર ઠેઠ જગદ્ગુરુ મહાવીર ભગવાન પર ઝેરી દૃષ્ટિ મૂકી, આગળ વધી પ્રભુના ચરણે બે-ત્રણ વાર બચકાં ભર્યાં, એ ત્યાંસુધી કે ચરણની ચામડી ફાટી લોહી બહાર આવે, આ બધું ય સત્ત્વના ઘરનું અર્થાત્ આ બધામાં એનો સાત્ત્વિક ભાવ લેખાવો જોઈએ ! પણ ખરેખર એવું નથી. ચંડકોશિયો નરદમ તામસભાવમાં રમતો હતો એનું અભિમાન, એનો રોષ એની ઘોર હિંસાની પ્રવૃત્તિ, બધું જ તામસભાવનું કાર્ય. એમાં કાંઈ સત્ત્વ નહિ.

**ચંડકોશિયામાં સત્ત્વ તો ત્યારે જાગ્યું કે જ્યારે** એ પોતાના બચકાંથી ભગવાનના ચરણની ફાટેલ ચામડીમાંથી લોહી દૂધ જેવું સફેદ નીકળેલું જોઈ ચોંક્યો કે 'આ શું ?' એના પર પ્રભુનાં 'બુજ્ઝ, બુજ્ઝ, ચંડકોશિયા ! વચન પર ઉહાપોહ કરવાનું સત્ત્વ વિકસાવ્યું. એમાં એને પૂર્વ જન્મનું સ્મરણ થયું, ગુસ્સામાં પોતાની પતનની દુર્દશા થયેલી જોઈ, એ જોવા પર વળી સત્ત્વ ઓર વિકસાવ્યું તે જીવનભરનો ઉપશમભાવ સ્વીકારી લીધો અને અનશનની પ્રતિજ્ઞા કરી લીધી. ઉપશમભાવ તે એવો કે પછીથી બીલમાં મોં ઘાલી શાંત પડી રહેલ એના શરીર પર ગોવાલણોએ ડાહ્યો થઈ ગયો જાણી દૂધ-ઘીના જે છાંટણા કર્યા એના લીધે અસંખ્ય કીડીઓએ એને ખાવા લીધો, ખાતી ખાતી શરીરને અંદરથી કોચી કોચી આ બાજુથી બીજી બાજુ નીકળે છે, કીડીઓના એટલા હજારો અસહ્ય ચટકાની વેદનામાં પણ ગુસ્સાની વાત નહિ. વિહ્વળતાની વાત નહિ, કદાચ કીડી મરે માટે શરીર ફેરવવાની વાત નહિ કિન્તુ કરુણા અને ઉપશમની અમૃતધારા જ હૃદયમાં વરસતી રાખી ! કીડીઓ એનું શરીર ફોલી ખાય છે, છતાં એના પર કેટલી હદ સુધીની કરુણા ! કે મારું શરીર સહેજ પણ જો હલાવું તો બિચારી કીડી એની નીચે કચરાઈ મરે, માટે તદ્દન સ્થિર જ પડી રહેવાનું; એટલી હદ સુધીની દયા અહિંસા અને જાત માટે અતુલ વેદના સમભાવે સહી લેવા સુધીનું સત્ત્વ વિકસાવ્યું.



**સત્ત્વ દયા-અહિંસા ને ઉપશમભાવમાં છે.**

ક્ષણભર ઘોર પીડામાં મરવું સહેલું છે, પરંતુ કલાકોના કલાકો અને દિવસોના દિવસો સુધી શરીરના રોમ રોમ પર અને શરીરની અંદર આરપાર અસંખ્ય કીડીઓના ચટકાની પીડા સહર્ષ સહવી એ ભારે કઠિન છે. મહાસત્ત્વ વિકસાવાય તો જ આ બને.

ચંડકોશિકના દાખલાથી સત્ત્વ શું એ ખ્યાલમાં આવશે. ગુસ્સાને ધમધમાવવો, અને ભલભલાનાં મડદાં પાડવાં, એ સત્ત્વ નહિ, પણ ઘોર પીડામાં ય ગુસ્સાને દબાવી લેશ પણ જાગવા ન દેવો, ઉપશમભાવ દયાભાવ અને અહિંસકભાવ વિકસ્વર રાખવો એ સત્ત્વ છે, સત્ત્વનું કાર્ય છે.

કીડી નાની, નાગ મોટો; મોટી કાયાથી નાનાને કચરવામાં સત્ત્વ નહિ, પણ નાનાઓ બચકાં ભરી જાય છતાં એમની રક્ષા કરવી દયા કરવી એ સત્ત્વ પેલી તો તામસ પ્રકૃતિ. આ સાત્ત્વિક પ્રકૃતિ. ચંડકોશિક નાગે સત્ત્વ સાત્ત્વિક પ્રકૃતિ વિકસાવતાં વિકસાવતાં પંદર દિવસ અનંત વેદના સહી. તો ફળ કેવું ? કેઈ નિર્દોષ જીવોનાં મડદાં પાડી ઘોર નરક તરફ દોટ મૂકનારો હવે આ ઉપશમ-દયા-અહિંસકભાવમાં ચડી આઠમા વૈમાનિક દેવલોકે ચડી ગયો.

આ સત્ત્વથી થાય ? કે તમોભાવથી ? તમોભાવથી તો નરકપ્રયાણ થાય; સ્વર્ગપ્રયાણ સત્ત્વ-સાત્ત્વિકભાવથી થાય. આ ઘૂંટી ઘૂંટીને એટલા માટે કહેવાય છે કે જીવનમાં તામસભાવને દબાવી સાત્ત્વિકભાવ વિકસાવતા રહેવાય.

સારાંશ આ છે કે અંતરાત્માના રાગ-દ્વેષ-કષાય-વાસના હિંસકભાવ અસત્ય-અનીતિ તરફ ઝોક, વગેરે ભાવો ખુશમિશાલ હૃદયે રમતા રહે એ સત્ત્વહીનતા છે, તમોભાવ છે; અને એથી વિરુદ્ધ વૈરાગ્ય-ઉપશમ-શરીરશાતાની પણ નિસ્પૃહા વગેરે, એ સત્ત્વ છે, સત્ત્વનો વિકાસ છે. એમ,

**દયાભાવ, અહિંસકભાવ, સત્ત્વની જ લગન, બ્રહ્મચર્ય, ત્યાગ, તપસ્યા, કષાય-નિગ્રહ, વિષય-વિરાગ વગેરેમાં સત્ત્વવિકાસ છે.**

મનુષ્યજન્મ બહુ ઊંચો મળ્યો છે. એમાં જ આ અનેરી સોનેરી તક છે કે સત્ત્વ વિકસાવાય, અને એ સત્ત્વથી કામ-ક્રોધ-લોભ, મોહ-મદ-માયા તથા ખાન-પાન વિષયો વગેરેની વૃત્તિઓને દબાવતા ચલાય. એ માટે ત્યાગ-તપસ્યા-ક્ષમા-સમતા-દયા, જિનભક્તિ વગેરેથી જીવન ભર્યું ભર્યું બનાવાય આ સત્ત્વપ્રકૃતિ છે. એની અહીં ઉત્તમ તક છે.

**મહાવીર પ્રભુ ૨૦-૨૧ મા ભવે :-**

મહાવીર પ્રભુનો જીવ સાતમી નરકથી નીકળી વીસમા ભવે સિંહ થયો છે. પૂર્વે મનુષ્યભવે એ સત્ત્વ-પ્રકૃતિની તક ગુમાવી છે. એટલે અહીં હવે નર્યો તમોભાવ

છે, એમાં કામ શું કરવાનાં ? નિર્દોષ જીવને રેંસી નાખવાના ! જીવતા ફાડી ખાવાના ! એ જ કે બીજું કાંઈ ? તો એનું ફળ શું ? બિચારો સિંહ પૂર્વના ત્રિપૃષ્ઠ વાસુદેવના મનુષ્યભાવથી રંગરાગ અને વિષયો-કષાયોના તમોભાવથી ચૂકેલો છે, એટલે અહીં સિંહ જેવા જંગલી પશુના અવતારે શું સારું સાધી શકે ? સત્ત્વપ્રકૃતિ ક્યાંથી રાખી શકે ? તમોભાવમાં રમતો રહી મરીને એ ૨૧ મા ભવે ચોથી નરકમાં જઈ પડ્યો.

**તમોભાવના લીધે ૨૧ મા ભવ પછી ભયંકર ભ્રમણ :-**

ચોથી નરકમાં વેદના અપાર છે, પણ એ ધ્યાન ક્યાંથી લાવવું કે 'આ દુઃખના ડુંગરા મારા પૂર્વના તમોભાવનું પરિણામ છે ? માટે લાવ હવે તમોભાવને રોકી સત્પ્રવૃત્તિ વિકસાવું ?' ના, વિશ્વભૂતિ મુનિના અવતારે પિતરિયાનાં મશ્કરીવચન પર સત્ત્વ ગુમાવી રોષ, અભિમાન, અને દુન્યવી બળની લાલસાના તમોભાવને વિકસાવેલો તે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવે એવા વિષયવિલાસ અને રોફ-રોષ વગેરે કષાયના વાણી-વિચાર-વર્તાવથી ફાલ્યોફૂલ્યો એટલે હવે એ ફાલેલા-ફૂલેલા તામસભાવ છતે સિંહના અવતારે સત્ત્વ સાત્ત્વિકભાવ ક્યાંથી દેખવા પામે ? તો નરકમાં ય એ ક્યાંથી વિકસે ? બસ, તમોભાવના વર્તાવોના જુમલાએ એ જીવનને નરકાયુષ્ય પૂર્ણ થયા પછી પણ અગણિત ક્ષુદ્ર ભવોમાં ભટકતો કરી દીધો સત્ત્વ ગુમાવી તમોભાવ રાખવામાં કેટલું પતન !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૨,અંક-૪૫,તા.૩-૮-૧૯૭૪**

જીવનમાં વિચારજો,

**આખા દિવસમાં દિલમાં તમોભાવની લાગણીઓ ને વિચારો કેટલા ઊઠે છે? અને સાત્ત્વિકભાવની લાગણીઓ અને વિચારો કેટલા ઊઠે ?**

**મહાવીર ભગવાનના ભવોમાંથી શું લેવાનું ?**

૧૬ મા વિશ્વભૂતિ મુનિ અને ૧૮ મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવના જીવનમાંથી આ બોધપાઠ મળે છે કે મોટા મુનિ છતાં જો એમણે મદ-અભિમાન અને અખૂટ આસક્તિનો તમોભાવ હૈયે ઘાલ્યો, તો એ પૂર્વે મહા-વૈરાગ્ય સાથે કઠોર સંયમ અને ઘોર તપ સાધવાનું કેળવેલ સત્ત્વ યાને સાત્ત્વિકભાવ લોપાઈ ગયો. જો મોટા મુનિની આ સ્થિતિ, તો જેની પાસે આવા વૈરાગ્ય-તપ-સંયમનું બળ નથી, અને તમોભાવના જાલિમ ભાવો મનમાં રમાડવા જોઈએ છે, એની કઈ દશા ?

તમારી જાત માટે તમને કદાચ લાગશે કે 'શું અમે આખો દિવસ તમોભાવમાં



રમીએ છીએ ?' પરંતુ સમજી રાખવા જેવું છે કે

**આત્માના દુર્ગુણો તમોભાવના ઘરના છે, અને સદ્ગુણો સાત્ત્વિક ભાવના ઘરના છે.**

કામ-ક્રોધ-લોભ, મોહ-મદ-મત્સર, વૈર-વિરોધ-કલહ, વિષયરાગ, હિંસા-જૂઠ-ચોરી...વગેરે વગેરે બધું તમોભાવનું છે; ત્યારે બ્રહ્મચર્ય-સૌમ્યતા-નિર્લોભતા, નિર્મોહિતા-નિરભિમાન, ક્ષમા-સમતા-વૈરાગ્ય, દયા-અહિંસા, સત્ય-ન્યાયસંપન્નતા વગેરે વગેરે બધું સાત્ત્વિક ભાવના ઘરનું છે. હવે તપાસો, દિલમાં કોનો સરંજામ ચાલી રહ્યો છે ? તમોભાવનો ? કે સાત્ત્વિક ભાવનો ?

તપાસો, ધનનું બહું મહત્ત્વ લાગે છે ? કે ધર્મનું બહું મહત્ત્વ ? જીવનમાં શાના વિના ન ચાલે ? ધન વિના ? કે ધર્મ વિના ? જેને ધર્મનું બહુ મહત્ત્વ લાગતું હોય, એને ધર્મ વિના ન ચાલે. એટલે

**મનને ધર્મનાં મહત્ત્વવાળાને સવારે જાગતાં મનનો ઝુકાવ ધર્મ તરફ હોય, 'લાવ, આ ધર્મસાધના કરું, આ કરું...' એમ થયા કરે.**

એવી રીતે જીવન જીવતાં આ ધ્યાન રખાય કે 'ચિત્તને ક્લેશ-સંક્લેશોથી કેમ બચાવું; એ માટે રોફ ને રોષ, મદ ને મત્સર ઈર્ષ્યા, વૈર ને વિરોધ, વાસના ને વિકારો, વગેરે વગેરે દોષ-દુર્ગુણોને દબાવતો ચાલું: અને ઉમદા મૈત્રીભાવ, ક્ષમા-સમતા, ઉદારતા-સહિષ્ણુતા, દયા-મૃદુતા-લઘુતા વગેરે ભાવોનો ખૂબ અભ્યાસ રાખું' આ બધું નવું જમાવવાનું છે એટલે એના લાંબા અભ્યાસ વિના એની જમાવટ નહિ થાય. રોફ, રોષ વગેરે તો જુગજુના કાળથી ખૂબ ખૂબ સેવાઈને જામી પડ્યા છે, સ્વભાવ જેવા જામ બની ગયેલા છે. તેથી એના અભ્યાસની અર્થાત્ પુનરાવર્તનની જરૂર નથી. એનો અભ્યાસ એટલે અહીંય ફરી ફરી કરતાં તો એના કુસંસ્કાર વધુ દઢ થાય છે.

અંતરમાં વિચાર જોઈએ કે 'જો હું ધર્મને મહત્ત્વ આપું છું તો

**ધર્મ તો, ચિત્તના આ ક્લેશ-સંક્લેશોને મજબૂત મને અટકાવ્યા વિના, સિદ્ધ નહિ થાય, હૃદયને સ્પર્શશે જ નહિ.**

માટે એ ચિત્તક્લેશોને જ્યાં ને ત્યાં દાબતો રહું, દેખું ત્યાં દાબું ! આ વિચાર જો રહેતો હોય તો જીવન પર દૃષ્ટિપાત કરાય કે 'આજસુધી અજ્ઞાનતાવશ આવા ક્યા ક્યા ચિત્તક્લેશોને પોષતો રહ્યો છું ?' એ જાણ્યા પછી હવે એના નિકાલની પેરવી ચાલે.

મરુભૂતિની આ આંતર જાગૃતિ જુઓ કે સગા ભાઈ કમઠે મરુભૂતિની પત્નીને દુરાચારમાં તાણી છે, એને શિખામણ આપવા મરુભૂતિએ રાજાને ઈસારો કરેલો,

તે રાજા એને શિખામણ આપવા જતાં રાજાની સામે કમઠે ઉદ્ધતાઈ કરી; તો રાજાએ એને નગરની બહાર કાઢી મૂક્યો. ત્યાં એ કમઠ ગુસ્સામાં જંગલમાં તાપસ થઈ તપ તપવા લાગ્યો. અહીં મરુભૂતિની ઉત્તમતા ઝળકે છે. એના મનને થયું કે 'અહો ! ભાઈને બિચારાને દુઃખ આવ્યું, એમાં હું નિમિત્ત થયો. માટે એને હું ખમાવી આવું. નહિતર હું ન ખમાવું ત્યાંસુધી મારા મનમાં સંક્લેશ રહી જાય.' તે રાજાની એ માટે પરવાનગી માગવા ગયો, કેમકે રાજાએ કમઠને બહાર કરેલો હતો. પણ રાજાએ સલાહ આપી કે 'એવા અયોગ્ય પાસે જવા જેવું નથી. તું નિર્દોષ છે, કમઠ દોષિત છે. તારે શાની એની ક્ષમા માગવાની ?' પરંતુ મરુભૂતિ કહે 'ખમાવ્યા વિના મારા મનને શાંતિ નહિ વળે, ચિત્તસંક્લેશ રહેશે. તેથી ખમાવવા જાઉં છું.' એમ કહીને મરુભૂતિ નગર બહાર રહેલા કમઠની ક્ષમા માગવા જાય છે.

મરુભૂતિને કેમ આટલી બધી ખમાવવાની લગન ? એ સમજે છે કે કોઈના દુઃખમાં હું સહેજ પણ નિમિત્ત થયો તે હવે જો હું એની ક્ષમા ન માગું તો મારા ચિત્તમાં સંક્લેશ રહી જાય. સામાનો ગમે તેટલો મોટો ગુનો હોય પણ આપણા સહેજ પણ ગુના માટે ક્ષમા માગી એનું પરિમાર્જન નથી કરવું તો એટલી ચિત્તની વક્રતા છે, અભિમાનિતા છે, ને એ સંક્લેશ છે.

**જાણી સમજીને જો ચિત્તમાં સંક્લેશ રાખીએ તો ધર્મ ન રહે.**

**કેમકે 'ધર્મશ્ચિત્ત પ્રભવઃ' ધર્મ ચિત્તમાંથી ઊઠનારી વસ્તુ છે.**

અગર ચિત્તમાં રાગાદિનાં સંક્લેશ રાખવા છે, તો એ સંક્લેશ તો, ધર્મ એટલે વિશુદ્ધિ, એ વિશુદ્ધિન વિરોધી તત્ત્વ છે. એ બેઠા હોય ત્યાં વિશુદ્ધિ કેવી રીતે રહી શકે ? લાખ રૂપિયાની ધર્મસાધના કરું, પરંતુ ચિત્ત મલિન સંક્લિષ્ટ રાખું તો ધર્મ ઊડી જાય ! તો

**થોડી મહેનતની ચિત્તવિશુદ્ધિ ગુમાવીને મોટી ધર્મસાધનાની મહેનત શું કામ એળે જવા દઉં ?**

મરુભૂતિ બ્રાહ્મણપણે જન્મેલો, તે જૈનધર્મ નવો જ પામ્યા હતા, એટલે ધર્મના મર્મને પકડ્યો હતો.

**ધર્મનો મર્મ આ, કે મનની વિશુદ્ધિ એ ધર્મ. એ વિશુદ્ધિ મનના સંક્લેશની મલિનતા ટાળીને જ ઊભી થઈ શકે.**

બસ, ધર્મનો મર્મ સમજીને ચાલતા હતા એટલે મરુભૂતિ શ્રાવક ધર્મના આચાર-અનુષ્ઠાન પાળવા સાથે આ લક્ષ રાખતા કે ચિત્તમાં સંક્લેશ ન પેસે. માટે તો પોતાની પત્ની અને ભાઈ દુરાચારમાં પડેલા જાણીને એમના પર દ્વેષ ન લાવતાં દયાભાવથી શિખામણ દેવા-દેવરાવવાનું કરેલું. 'હું મારી પત્નીનો માલિક છું. એ



કેમ આમ ઊંધી ચાલે ? ભાઈને મારી પત્ની પર શો હક ? એ કેમ મારી ચીજ પર નજર નાખે ?' મરુભૂતિ આવું કશું અભિમાન-અહંત્વ રોફ-રોફ મનમાં નહિ લાવતા; કેમકે સમજતા કે અભિમાન દ્વેષ વગેરે તો આપણા પોતાના જ ચિત્તના સંક્લેશ છે, મેલ છે. એ હશે તો ચિત્તમાં વિશુદ્ધિ નહિ રહેવા દે; અને વિશુદ્ધિ નહિ એટલે ધર્મ નહિ, આમ ચિત્ત બગાડીને શો ફાયદો ?

**સામો પોતાનું ચિત્ત બગાડે છે માટે મારે મારું ચિત્ત બગાડવું એ તો મૂર્ખાઈ છે, મૂઢતા છે.**

'સામો એની યોગ્યતા મુજબ કરે, એથી કાંઈ મારે મારી યોગ્યતા નહિ ગુમાવવી. હું ધર્મ પામેલો છું એટલે મારી યોગ્યતા વધેલી કહેવાય. એ અધિક યોગ્યતાનો વિચાર રાખીને જ મારી બોલ-ચાલ ને મારા દિલના ભાવ બન્યા રહેવા જોઈએ. સામા કરતાં મારી ઊંચી યોગ્યતા પર મારા બોલ, મારી ચાલ, મારા ભાવ ઉમદા જ રખાય.'

આ સમજ હોય પછી દિલમાં અધમ ભાવ, મલિન સંક્લેશ શું કામ ઊઠવા જ દે ? એટલે હરામી બનેલ પત્ની અને ભાઈ પર દ્વેષ અભિમાન ગાળાગાળી રગડો-ઝઘડો કશું કરવું મરુભૂતિને પાલવતું નથી.

**બીજાના વાંકે આપણે નહિ બગડવું આ હિસાબ છે.**

**આપણે ચિત્ત બગાડીએ એ આપણે જ બગડીએ છીએ.**

**દ્વેષ-અભિમાન કલહવૃત્તિ...એ બધા ચિત્તના બગાડા છે, સંક્લેશ છે. સંક્લેશ રાખું તો ધર્મવિશુદ્ધિ ન રહે.**

**ધર્મીપણું આંતરિક વિશુદ્ધિથી :-**

ધર્મીજીવન જીવતાં મરુભૂતિની આ કેટલી બધી સાવધાની ? એ જૈનધર્મનો મર્મ સમજે છે, એટલે દુન્યવી ગમે તેવા વિકટ સંયોગ-પરિસ્થિતિમાં પણ ધર્મનો મર્મ શું કામ ખોઈ નાખે ? ધર્મીપણું માત્ર બાહ્ય ક્રિયાથી નથી, પણ આંતરિક વિશુદ્ધિથી છે. બાહ્ય ક્રિયા તો અમુક સમયે જ થાય, પણ આંતરિક વિશુદ્ધિ તો ચોવીસે કલાક સાધી શકાય; બાહ્યથી ભલે ને દુન્યવી કામકાજ ચાલુ હોય, છતાં મનમાં વિશુદ્ધિ જાળવી શકાય; એ માટે મનને સંક્લેશોથી બચાવી રાખવું ઘટે.

**ત્યારે, દુન્યવી સંજોગો કાંઈ ફોર્સ નથી પાડતા કે 'તારે ચિત્તમાં સંક્લેશ રાખવા જ પડશે, ચિત્ત બગાડવું જ પડશે.' ના, એ તો સંક્લેશ-બગાડો જાતે જ ઊભો કરાય છે.**

એટલે ચિત્તને સંક્લેશ વિનાનું રાખવું હોય, તેને છૂટ છે. દુન્યવી સંજોગ, દા.ત. પૈસા સારા કમાવાનો સંયોગ આવ્યો, તો એવું કાંઈ નથી કે હવે એના પર

અભિમાન-આસક્તિ સ્ફુરાવવા જ જોઈએ. નિરભિમાન, દાનવૃત્તિ વગેરે રાખી શકે છે. એ રાખે એટલે કાંઈ પૈસા રીસાઈને ચાલ્યા ન જાય, કે પુણ્ય હોય તો આવતા બંધ ન પડે. ચિત્તમાં આસક્તિ એવી ન હોય અને પૈસા આવ્યા, તો દાન દેવાનું મન થશે 'પુણ્ય પૈસા દે છે, ત્યારે આપણે શું કામ કંજુસાઈ રાખવી ? દ્યો ને સારા ક્ષેત્રમાં,' આ ભાવ રહ્યા કરે; પણ તે ચિત્તમાં લોભ-ગૃદ્ધિ-આસક્તિના સંક્લેશ ન હોય તો જ બને.

દુન્યવી સંજોગ માનો કે ગરીબીના છે, તો ય અંતરમાં દીનતા વગેરે સંક્લેશ રાખવા જ પડે એવું કાંઈ નહિ. દીનતાનો ભાવ એ ચિત્તની નિર્મળ વિશુદ્ધ અવસ્થા નથી, પણ વિકૃત બગડેલી અવસ્થા છે. 'હાય ! અરેરે ! આપણું નસીબ નહિ, એટલે આ ગરીબી પડી રહી છે, આવો નીસાસો પડે એ વિકૃતદશા છે. ત્યારે શું ગરીબીમાં આ કરવું જ જોઈએ ? ના, કશું ય નહિ આપણે જો તત્ત્વબુદ્ધિ રાખીએ તો ચિત્તમાં નીસાસો-હતાશા-દીનતાદિ સંક્લેશ કરવાની જરૂર જ નહિ રહે.

**તત્ત્વબુદ્ધિ આ,**

(૧) એક તો આ ગરીબી વગેરે એ પૂર્વોપાર્જિત એવાં કર્મના ખેલ છે. કર્મનાં દેવાં ચૂકવવામાં દીન શું બનવું ? આપણાં જ બાંધેલ કર્મ સહી લેવામાં નીસાસો શો ?

(૨) બીજું એ, કે બાહ્ય ગરીબી કરતાં મારા અંતરાત્મામાં ક્ષમા-વૈરાગ્ય-સંયમ-તપ વગેરેની એવી સંપત્તિ નહિ હોવાથી મોટી ગરીબી છે. આને મૂકીને પેલી તુચ્છ બાહ્ય ગરીબીને શું રોઉં ?

(૩) ત્રીજી વાત એ, કે મારી પાસે દેવાધિદેવ અરિહંત પ્રભુ, એમનું શાસન, આરાધનાના સંયોગ, નવકારમંત્ર, તીર્થો, શાસ્ત્રો, આરાધના વગેરે એવી અદ્‌ભુત સંપત્તિ છે કે જે મારા અનંત ભવિષ્યકાળને ઉજ્જવળ બનાવી શકે છે. તો એનું જ ગૌરવ રાખી મસ્ત ન રહું ? બાહ્યથી ગરીબી રહી એમાં આને ક્યાં વાંધો આવે છે? શા માટે મારે દીન રાંકડા-ગરીબડા બનવું ?'

આવો આવો તત્ત્વવિચાર તત્ત્વવિવેક રાખવાથી દીનતા વગેરે સંક્લેશ રાખવાની જરૂર નથી રહેતી. ચિત્તમાં સમતા-સમાધિ, પ્રસન્નતા-પ્રશાંતતા રાખી શકાય છે.

જો આપણે જ સંક્લેશ નથી કરવો, તો ગરીબીનો દુન્યવી સંયોગ ક્યાં એનો ફોર્સ પાડે છે કે સંક્લેશ કર જ ? નહિતર તો ગરીબી ન હોય અને શ્રીમંતાઈ હોય, તો ય જો આપણે સાવધાન નથી રહેવું, તો મદ-મોહમાયા-આસક્તિ-તૃષ્ણા વગેરે સંક્લેશ ચિત્તને પીડ્યા કરવાના.

સાવધાની આ જોઈએ કે,



**'દુન્યવી સંયોગ એ અલગ ચીજ છે, અને મારું ચિત્ત એ અલગ ચીજ છે. મારે મારા ચિત્તને દુન્યવી સંયોગ સાથે ગાંઠી દેવાની જરૂર નથી. ચિત્તને ગાંઠું તો જિનેશ્વર ભગવાનનાં વચન સાથે ગાંઠું.**

ભગવાન અને બીજા મહાન આત્માઓનાં જીવન સાથે ગાંઠું; જેથી એના અનુસારે ચિત્ત પ્રસન્ન-પ્રશાંત રહે;' આ સાવધાની હોય, પછી દુન્યવી ગમે તે સંયોગમાં ચિત્તમાં સંક્લેશ-વિકૃતતા-બગાડો ન ઊભો થાય.

**કલ્પક મંત્રીએ કેવી આપત્તિમાં ય સંક્લેશ ન કર્યો ?**

કલ્પક મંત્રીને નંદ રાજાએ જીર્ણ સુક્કા કૂવામાં ઉતાર્યો, તે ય એના કુટુંબ સાથે પણ કલ્પકે ચિત્ત બગાડ્યું નહિ એક જ વિચાર રાખ્યો કે, 'અમારાં કોઈક કર્મ જ એવાં, કે એણે ગમે તે પ્રપંચ ઊભો કરી આવા અમારા પર સારા સદ્‌ભાવવાળા રાજાનું ય દિલ ફેરવી નાખ્યું ! ખેર, એમ છતાં ય અમારા દિલમાં ભગવાન જિનેશ્વરદેવ અને એમનો નમસ્કારાદિ ધર્મ સલામત છે, તો શા સારું દુઃખ માનું ?' બસ, કશો ચિત્ત-સંક્લેશ ન કર્યો.

આ સંક્લેશ નહોતો માટે તો પછીથી દુશ્મન રાજાનાં આક્રમણ વખતે જ્યાં રાજાએ કલ્પકની આગળ માગણી કરી કે આવી સ્થિતિ બની છે, માટે દુશ્મનને હટાવવા તમારે બુદ્ધિ લડાવી પ્રયત્ન કરવાનો છે,' ત્યાં કલ્પકે આનાકાની ન કરી.

**નંદ રાજા પર આક્રમણ :-**

દુશ્મન રાજા નગર ઘેરો ઘાલી પડ્યો હતો. નંદરાજા નગરના કિલ્લાના દરવાજા બંધ કરાવી અંદર જકડાઈ પડ્યો હતો. બીજા મંત્રી વગેરે સરંજામથી દુશ્મનઘેરો હટાવી શકતો નહોતો. એટલે હવે રાજા નંદ ક્યાં જાય ? એ સમજતો હતો કે 'આમાં કામ કરે તો કલ્પકની કુનેહ જ કામ કરી શકે.' એટલે કલ્પકનો સહારો લીધા વિના ચાલે એવું નહોતું.

રાજાએ કલ્પકને દંડી તો એટલો બધો નાખેલો કે એને કુટુંબ સહિત કૂવામાં રાખ્યા પછી એમના માટે ખાવાનું બહુ જ અલ્પ ઉતારે ! તેથી કલ્પક કુટુંબને શક્ય વધુ ખવરાવી પોતે લગભગ ભૂખ્યો રહેતો. એમાં કલ્પકનું શરીર પણ બહુ ઊતરી ગયેલું તે હવે ચાલવાની પણ હામ રહી નહોતી, એવો હાડપિંજર શી કાયાનો એ બની ગયેલો. આમ છતાં એણે દીનતા-હાયવોય-દ્વેષ વગેરે સંક્લેશને ચિત્તમાં જગા જ નહિ આપતાં ચિત્તને ક્ષમા-સમતાદિ ભાવોથી ખૂબ શાંત પ્રશાંત-પ્રસન્ન રાખી તત્ત્વચિંતન, અરિહંત પરમાત્માનું સ્મરણ અને નવકાર સ્મરણ વગેરે રાખેલું. કહો,

**તત્ત્વચિંતન-અરિહંત સ્મરણ-નવકાર સ્મરણાદિ સાથે ક્ષમા-સમતા-સૌમ્યતાથી ચિત્ત પ્રશાંત-પ્રસન્ન રખાય તો ચિત્તસંક્લેશ મટે.**

આ ચિત્તસંક્લેશ નહિ, એનો પ્રભાવ પડ્યો કે એણે રાજાની માગણી સ્વીકારી લીધી. જો સંક્લેશ હોત, જો ચિત્ત બગાડેલું હોત, તો વિચારત કે 'આમે ય હવે મરવા બેઠો છું, તો ભલે મરું, પણ આ દુષ્ટ રાજાને સહારો કરવાની જરૂર નથી. એને તો બતાવી આપું કે તું કોઈકના ચડાવ્યો ચડ્યો છું તો લે હવે એનાથી દુશ્મનને હટાવ.' આમ વિચારી રાજાને રોકડું પરખાવત કે 'તમે મારું જે બગાડ્યું છે તે કહે છે કે તમે હવે મારી સહાયની અપેક્ષા રાખો નહિ. તમે તમારું ભોગવી લો હું મારું ભોગવી લઉં છું.' આમ રાજાને રોકડું પરખાવી શકતે. પણ એના ચિત્તમાં રાજા પ્રત્યે દ્વેષ, વૈરની ગાંઠ, વગેરે સંક્લેશ હોય તો એવું સૂઝે ને ?

**ચિત્તમાં સંક્લેશ હોય તો જ ખોટું સૂઝે છે.**

સંક્લેશ હતો જ નહિ, તેથી એવું પરખાવ્યું નહિ. કલ્પકની સંક્લેશ વિનાની ચિત્તસ્થિતિમાં, રાજા અત્યારે દુઃખી છે એટલે એના પ્રત્યે દયાનો ભાવ ઊભો થાય છે, રાજાની પ્રાર્થના માનવાનું દાક્ષિણ્ય ઝળકી ઊઠે છે. તેથી એ રાજાએ કૂવામાં ઉતરાવેલા માંચામાં બેસી રાજાને સહાય કરવા કૂવાની બહાર નીકળે છે.

રાજા હવે તો કલ્પકને સાવ દુબળો હાડપિંજર શો જોઈ ખૂબ જ ગળગળો થઈ ગયો, અને કલ્પક જ્યાં કહે છે, 'મારી કાયા ચાલી શકવાની સ્થિતિમાં નથી, છતાં તમે મુંઝાઓ મા; હું દુશ્મનને ભગાડવાનો રસ્તો કરું છું,' ત્યાં રાજાને હિંમત આવી ગઈ, અને એ વિચારમાં પડી ગયો કે, 'આ કલ્પક પૂર્વે મારો દ્રોહ કરનારો કેમ હોય? મેં એની કરેલી દુર્દશા પર તો એ શાનો મારી રક્ષાનો વિચાર પણ કરે? વિચાર જ નહિ, તો પ્રયત્ન કરવાની વાતે ય શી ?'

**દુશ્મન સેનાને ભગાડવા કલ્પકની કૂનેહ :-**

કલ્પક કહે છે, 'મને ખાટલામાં બેસાડીને કિલ્લાની ઉપરની સપાટી પર ફેરવો, જેથી પહેલું તો મને જીવતો જોઈને જ દુશ્મનના ટાંટિયા ઢીલા પડશે. દુશ્મન રાજા અને એનો દિવાન મુંઝવણમાં મૂકાશે કે 'આ કલ્પકની સામે કેવી રીતે ટકવું ?' પછી દિવાનને સંધિના નામે નજીક બોલાવી એવી કૂનેહ કરું છું કે એનો પાકો રેચ જ લાગી જાય ! પછી તો એ આખા લશ્કર સાથે ભાગ્યો સમજો ને !

કલ્પકના આ બોલ સચોટ હતા. જ્યાં એના કહેવા પ્રમાણે એને ખાટલામાં બેસાડી કોટની રાંગ પર દુશ્મન દેખે એમ ફેરવવામાં આવ્યો ત્યાં દુશ્મનની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો ! એટલે જ હવે કલ્પકના સંધિની વિચારણા માટેના સંદેશા પર દુશ્મનનો દિવાન કોટની નજીકમાં આવ્યો, જેથી કોટ પટ રહેલા કલ્પકની સાથે વાત થઈ શકે.



પછી ત્યાં કલ્પકે એવી કુનેહ વાપરી છે કે જેમાં એ સામા દિવાનને એવો ભાસ થયો કે 'મારા રાજાને વહેમ પડ્યો છે કે હું ફૂટી ગયો છું, દુશ્મન ભેગો ભળી ગયો છું. માટે પાણી પહેલાં બાંધો પાળ; રાજાનો વહેમ પાકો થાય એ પહેલાં રાજાને આડુંઅવળું સમજાવી અહીંથી લશ્કર સાથે ઊપડી જવાનું ને દેશભેગા થવાનું કરવા દે.' ખરેખર સામા દિવાનને આ ભાસ થવા પર એ પોતાના રાજાને સમજાવી રાજા અને લશ્કર સામે ત્યાંથી પોતાના દેશ તરફ પાછા ફરી ગયા.

કલ્પકની આટલી બધી કુનેહપૂર્વકની રાજ્યરક્ષા જોઈ નંદ રાજાને લાગ્યું કે 'અહો ! મેં કલ્પકને આટલો બધો કચરી નાખવા છતાં, કલ્પકના દિલની આ કેટલી બધી ઉદારતા કે એણે મારા આટલા બધા ભલા માટે પ્રયત્ન કર્યો ?'

બોલો, તમને લાગે છે કે નહિ કે, 'કલ્પકનું દિલ ખૂબ ઉમદા ? ખૂબ જ ઉદાર ?' એ ઉદારતા શાના પર ? રાજા તરફથી એટલી બધી કચરામણમાં ય કલ્પકના દિલમાં સંક્લેશ નહોતો, પ્રસન્નતા હતી, એના પર આ ઉદારતા હતી. જો એનું દિલ રાજા પ્રત્યેના ભારોભાર દ્વેષથી સંક્લેશવાળું હોત તો આ ઉદારતા શાની આવે ?

ખૂબી જુઓ કે આ ઉદારતા કરવા પહેલાં કલ્પકે રાજા સાથે શરત નથી કરી કે 'તમે મને કૂવામાં પૂરી રાખી ભૂખે મારવાની સજા રદ કરવાના હો તો હું દુશ્મન રાજાને ભગાડવાની કોશીશ કરું.' પરનું કાર્ય કરતાં જ્યાં બદલાની શરત છે. ત્યાં સોદો છે, ઉદારતા નહિ. પરંતુ જો આવી શરત નહિ, તો એમ કેમ કહેવાય કે 'એણે એ કોશીશ કરી એ ઉદારતા નહિ, પણ સોદો હતો ?'

વાત આ છે કે કલ્પક જિનવચન પામેલો હતો. એનું હૈયું જિનવચનથી રંગાયેલું હતું, તેથી રાજાના જુલ્મ પર દ્વેષ સંક્લેશ નહિ.

**જિનવચનનો રંગ આ, કે દિલને દુન્યવી સંયોગ સાથે નહિ, પણ જિનવચન સાથે ગાંઠે.**

દુઃખદ દુન્યવી સંયોગમાં પણ કલ્પકે દિલને એ સંયોગ સાથે ન ગાઠતાં જિનવચનના ભાવ સાથે ગાંઠ્યું હતું તેથી એવા કૂવામાં કેદ પૂરાવા અને ભૂખે મરવાના સંયોગ આવ્યા છતાં એણે ગુસ્સો ન કર્યો, રાજાને દુશ્મન ન ગણ્યો, પણ પોતાના પૂર્વ-ઉપાર્જિત કર્મની જ લીલા જોઈ.

**જિનવચન આ શીખવે છે કે આ દુનિયામાં જીવને પોતાનું સારું કે ભૂંડું થવામાં પોતાના સારા-નરસા કર્મ જ કારણભૂત છે.**

એનો ભાવ એ, કે 'બીજા તરફથી આપણું કશું બગડતું દેખાય ત્યાં બગાડનાર એ નહિ પણ આપણાં પોતાનાં પૂર્વ કર્મ જ માની, પેલા પર દ્વેષ ન કરશો, દ્વેષ

કર્મ પર કરજો જેથી ફરીથી એવાં નવાં કર્મ બાંધતાં અટકાય. આપણું બગડ્યું એને બહારના સાથે ગાંઠશો નહિ, સીધું કર્મ સાથે ગાંઠજો. એમ, ચિત્તને બહારના સાથે નહિ, જિનવચન સાથે ગાંઠેલું રાખજો.

જિનવચનના આ ભાવને કલ્પકે દિલમાં ઉતાર્યો હતો, તેથી નાહક રાજા પર દ્વેષ કરી નવાં કર્મ ઉપાર્જવાનું એણે પસંદ નહિ કરેલું. એમાં એની ખરી બુદ્ધિમત્તા હતી; કેમકે સત્તા આગળ શાણપણ નકામું, જ્યાં સત્તાની સામે દ્વેષ કરીને કશું ઊપજવાનું તો નહિ, દ્વેષ કરીને કોઈ કૂવામાંથી બહાર નીકળવાનું નહિ, કે સત્તાને હંફાવી શકાવાની નહિ, ત્યાં દ્વેષ કરવાનો શો અર્થ ? દ્વેષમાં તો ચિત્તમાં ઉકળાટ-ધમધમાટ-વ્યાકુળતા જ રહે; છતી શાંતિ ગુમાવવાનું થાય એના કરતાં

**દ્વેષને બદલે સૌમ્યતા રાખવાથી ચિત્ત પ્રસન્ન રહે, સ્વચ્છ શાંતિમાં રહે, એટલો તો લાભ ખરો ?**

નહિતર બીજું બહારનું તો કર્મે બગડ્યું, પણ ભેળું આપણા ચિત્તને ય બગાડવાનું અને એથી જાતે દુઃખી થવાનું કરાય, અને પાછું એમાં વળવાનું કાંઈ નહિ, એ કેવી મૂર્ખતા ?

કલ્પકને હૃદય ફરસેલાં જિનવચન આ અક્કલ આપતા હતા, તેથી દિલમાં કશો ઉકળાટ-ધમધમાટ રાખેલો નહિ.

**'આ વિશાળ વિશ્વમાં ચારે ગતિની અનેક યોનિઓમાં ભટકતા જીવને એવાં તો કેઈ અસંખ્ય વિચિત્ર દુઃખદ ભાવો આવી પડે છે. એમાં આ માત્ર એક મામૂલી ભાવ સમજી નવાઈ શી માનવી ? ને દુઃખ શું લગાડવું ?'**

આમ કલ્પકની નજર સામે પોતાના જીવને ભૂતકાળમાં ભોગવવી પડેલી મહાદુઃખદ અપાર આપત્તિઓ તરવરતી, તેથી વર્તમાન આપત્તિને એનો એક અંશ સમજી, મન પર એનો કશો ભાર ન આવવા દીધો. પછી ચિત્ત શું કામ સંક્લેશમાં પીડાય ? જિનવચન સાથે મનને ગાંઠી લીધું, એટલે મનને સંક્લેશ સાથે ગાંઠવાની જરૂર રહી નહિ.

**માનવજીવનની વિશેષતા સંક્લેશ ટાળવામાં :-**

**મનુષ્ય-પશુમાં ફરક :-**

જુઓ દુન્યવી સંયોગ કલ્પકને કેવો કપરો આવેલો છતાં એમાં ચિત્તમાં સંક્લેશ ઊભો કરવાની વાત નથી. માનવજીવનની આ જ વિશેષતા છે કે ગમે તેવી પરિસ્થિતિમાં (૧) વિવેક કેળવી ચિત્તમાં સંક્લેશ ન ઊભો કરતાં, (૨) સમતા-સૌમ્યતા-ઉદારતા (૩) જિન-વચનાનુરાગ જિનવચન પ્રતિબદ્ધતા,...વગેરે રાખી શકીએ. પશુને બિચારાને આના વાંધા. છતાં કોઈક પશુના ય એવા દાખલા



મળે છે કે જેણે વિષમ આપત્તિમાં સંક્લેશ ટાળ્યા હોય અટકાવ્યા હોય, ચિત્તમાં નિર્મળ ભાવ રાખ્યા હોય. પરંતુ એવા દાખલા થોડા; ખાસ તો જેમને જાતિસ્મરણ જ્ઞાન થયું હોય અને એથી સાવધાન બનેલ હોય, એવા પશુ પણ આપત્તિમાં સંક્લેશ ટાળે છે. તો આપણે મનુષ્ય એ ન ટાળીએ ? દા.ત.

**પશુએ સંક્લેશ ટાળ્યાના દાખલા :-**

ચંડકોશિક નાગે, પોતાના શરીર પર હજારો કીડીઓ ચટકા મારી શરીરને ખાઈ રહી છે છતાં, ચિત્તમાં જરાય સંક્લેશ ન થવા દેતાં કેટલો ઉચ્ચ સૌમ્યભાવ રાખ્યો હતો ! એણે વિવેક કેળવ્યો કે 'મેં અનેકના પ્રાણ લીધા છે, તો હવે મારે એ ઘોર પાપનાં વારણમાં આ પીડા સહવી જ જોઈએ. આ સહ્યા વિના પેલાં પાપ શે ધોવાય ?'

**ચંડકોશિકે કેવા કેવા વિવેક કેળવ્યા ? :-**

(૧) હિંસાથી લાગેલાં પાપ પીડામાંય અહિંસાથી જ જાય.

(૨) ક્રોધથી લાગેલાં પાપ ક્ષમાથી જ જાય.

(૩) ધમધમાટથી લાગેલાં પાપ કચરામણમાં ય નમ્ર અને લઘુ બની રહ્યાથી જ ધોવાય.

(૫) ખા-ખાથી ઊભા થયેલાં તાપ તપથી જ જાય

(૬) અસંયમથી ઊભા થયેલાં પાપ સંયમથી જ જાય.

(૭) મમતા-પરિગ્રહથી લાગેલાં પાપ ત્યાગથી જ રવાના થાય.

આવા-આવા વિવેક કરવા પર એણે ચિત્તમાં હિંસા-અભિમાન-ક્રોધ-અસંયમ-મમતા વેગેરેના સંક્લેશ ઊઠવા જ ન દીધા, અને મહાન ક્ષમા-અહિંસા-નમ્રતા-સંયમ-અનશન-સ્થિરતા વગેરેને જ અપનાવ્યા. તો એનું શું બગડી ગયું ? અલબત પંદર દિવસ કારમી વેદના સહવી પડી, પણ એ તો આમે ય કોઈ અનિવાર્ય કર્મ-ઉદય થઈ પીડા આવી પડે તો અનિચ્છાએ વેઠવી તો પડે જ છે, ત્યારે ચંડકોશિકે અહીં સ્વેચ્છાએ પીડા વેઠી-છતાં બગડ્યું કશું નહિ, જનાવરની કુત્સિત કાયા છોડી એ સ્વર્ગની કાયા પામ્યો ! આઠમા વૈમાનિક દેવલોકે દેવતા થયો. ક્રોધાદિના સંક્લેશ ટાળ્યાનું આ તો તત્કાળ ફળ; પરંતુ પરંપરાએ હવે સદ્ગતિ પામી અંતે મોક્ષગતિ પામશે એ પારંપરિક મહાફળ.

કમઠના લાકડામાંથી અર્ધ-બળેલા સાપને પાર્શ્વકુમાર તરફથી છૂટકારો મળ્યો અને ઉપર નમસ્કાર મહામંત્ર મળ્યો, ત્યાં એણે હાયવોયનો સંક્લેશ ટાળી સમતાભાવ સાથે નવકારમાં લીનતા કરી, તો એ મરીને ધરણેન્દ્ર થયો.

## વૈદ્ય-વાનર

શાસ્ત્રમાં વૈદનો દાખલો આવે છે, જે વાનર થાય છે.

એક વૈદ્યને મુનિએ ઉપદેશ આપ્યો કે,

**વૈદ્યના ધંધામાં પાપ શું ? :-**

આ વૈદ્ય તરીકેનો પાપધંધો કરી અંતે શું પામીશ ? આ ધંધામાં વનસ્પતિઓ કૂટવી, અગ્નિ-ભઠ્ઠીઓ કરવી, દરદી પાસેથી મનમાન્યાં નાણાં કઢાવવા, કુનેહ કરવી, બહુ લોક બિમાર પડ્યે એમાં ખુશી થવું, કેમકે ઘરાકી સારી ચાલે,...વગેરે વગેરેમાં ચિત્તને સંક્લેશ કેટલા બધા ? આ સંક્લેશોનાં ફળમાં દુર્ગતિ કેવી ? સંક્લેશોના ઘેરા સંસ્કાર ભાવી જીવનો કેવાં બનાવશે ? શો સાર સમજી તુચ્છ પૈસાના લોભમાં અને માનની આકાંક્ષામાં આ સંક્લેશભર્યો ધંધો કરી રહ્યો છે ?'

વૈદને આ ઉપદેશ અવસર કરી ગયો. એણે જોયું કે મહારાજ કહે છે એવું જ મારા જીવનમાં દેખાય છે. અહો ! જીવનમાં મેં કેટલાં બધાં પાપ વહોર્યા ? ચિત્તમાં કેટકેટલા સંક્લેશ કર્યા ?' એને ભારે પસ્તાવો થયો, ધંધા પર ઘૃણા થઈ, અને વૈદકનો ધંધો છોડી દીધો.

**જાગેલી તત્ત્વબુદ્ધિ કેમ ટકે ? તત્ત્વની વારંવાર ભાવનાથી :-**

પરંતુ આ નવા ઊભા કરેલા તત્ત્વવિવેક-તત્ત્વબુદ્ધિની વસ્તુ હતી; જ્યારે જીવને લોભના સંસ્કાર અનાદિ અનંત કાળના છે. એની સામે આ ઉત્તમ તત્ત્વબુદ્ધિ ટકાવી રાખવી હોય તો એની વારંવાર ભાવના કરવી જોઈએ. તો જ એ બુદ્ધિ જાગતી રહે અને લોભ દબાયો રહે. વૈદ આ કરવાનું ભૂલ્યો તે સારા સુખી ઘરાકોએ એક વાર બે વાર પાંચ વાર લલચાવ્યો એટલે વૈદને પાછો લોભ જાગ્યો, અને ધીરે ધીરે વૈદકનો ધંધો ફરીથી ઘૂસ્યો.

ફરીથી ભૂલો પડેલો વૈદ હવે પાપ ધંધાથી પાછો ફરે ? ના, કેમકે હવે તો પેલા ઉપદેશની વાતો પર આંખ મિંચામણા થયા. ઉપદેશ નવો સાંભળેલો ત્યારે એ ચોંકી ઊઠેલો. પણ હવે લોભ ચાલુ થઈ ગયો એટલે મન વાળ્યું કે, 'સંક્લેશ તો છે, પણ એમ તો ક્યા ધંધામાં મનને સંક્લેશ નથી થતા ? છતાં ખેર ! આપણે સમાલીને કામ લેશું ?

આમ મન વાળવાનો શો અર્થ ? આ જ કે ચિત્તના ગોઝારા સંક્લેશ તરફ આંખમિંચામણા, અને લોભની પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા રહેવાનું. ત્યાં તત્ત્વબુદ્ધિ નબળી પડી જાય; એટલે પાપ ધંધાથી પાછા ફરવાનું મુશ્કેલ બની જાય, હૈયું ધિઢું કર્યા પછી પાપથી પાછા ફરવાનું કઠિન છે.

**લોભ અનાદિનો વળગેલો અને અનંત અનંત કાળ પોષાયેલો મહારાક્ષસ છે. તત્ત્વ જાણ્યા પછી પણ એનો આવકાર દિલને ધિઢું બનાવે છે.**



**ધિઢા બનેલા દિલમાંથી તત્ત્વ પામવાની યોગ્યતા ગઈ.**

વૈદ્ય બિચારો આમ જ ભૂલો પડી ગયો, અને જીવનના અંત સુધી પાપધંધાથી પાછો ફર્યો નહિ. પરિણામ ? એ મરીને જંગલમાં વાંદરા તરીકે જનમ્યો.

બસ, ખલાસ ? મનુષ્યના અવતારે ભૂલ્યો એ હવે પશુ-વાનરના અવતારે ઠેકાણે આવે ? જ્યાં વિવેકશક્તિ હતી, વિશિષ્ટ બુદ્ધિશક્તિ અને અક્કલ હતી, ત્યાં ય જો એનો ઉપયોગ ન કર્યો, અને ચિત્તના સંક્લેશ ન ટાળ્યા, એ હવે વાનરના અવતારે ચિત્તના સંક્લેશ ટાળે ? વાનરનો ભવ એટલે મનુષ્ય જેવી વિવેકશક્તિ-બુદ્ધિશક્તિ-અક્કલ ક્યાંથી લાવવી ? એ તો હુકાહુક ને કૂદાકૂદ જ કરે કે બીજું કાંઈ ?

**ભવ તેવા ભાવ.**

બિલાડીના ભવે ભાવ કેવા ? 'ક્યાંયથી ઉંદર-ખીસકોલી ઝડપવા મળે છે ?' રાતદિવસ આ જ ભાવ, આ જ લેશ્યા ને ? એમ વાનરના અવતારે વાનરવેડાના જ ભાવ કે શિષ્ટ માનવતાના ભાવ ? આ ઉપરથી તમને મળેલા આ ઉચ્ચ ભવની કદર કરવા જેવી છે. આ ભવ જ એવો સુંદર મળ્યો છે કે એમાં સહેજે સહેજે સારા દયા-દાનાદિના ને ક્ષમાદિના ભાવ લાવવા હોય તો લાવી શકાય છે. જો એ ભૂલ્યા તો અનાદિના સંગૃહીત મલિન ભાવોના સંસ્કાર ભભૂકી ઊઠવા તૈયાર જ છે.

**નરસા ભાવ સહેજે ઊઠે; પણ સારા ભાવ ઊઠાડવા પડે.**

કેમકે સારા ભાવ નવા ઊભા કરવાના છે, અનાદિના નથી. જ્યારે, નરસા ભાવ અનાદિના હોઈ એને ઊઠાડવા પડતા નથી. એટલે જ સમજવાનું છે કે આ ઉચ્ચજીવનમાં પ્રયત્ન શાનો કરવાનો હોય ? કાળજી શાની રાખવાની હોય ? ક્રોધ ઊઠે, વાસના ઊઠે, ત્યાં એમ નહિ માનવાનું કે એમાં મારું શું ચાલે ? બધું ચાલે, માત્ર પ્રયત્ન જોઈએ. ક્ષમાનો, વૈરાગ્યનો, બ્રહ્મચર્યનો ભાવ જગાવવા યત્ન કરીએ તો એ જાગી શકે છે. ત્યાં પછી પેલા ક્રોધાદિના ભાવ દબાઈ જવાનો. કહેતા નહિ કે,

**સ્વભાવ કેમ બદલાય ?**

અનંતા મહાન આત્માઓએ સ્વભાવ બદલ્યો ત્યારે તો એ સન્માર્ગ પર આવી ક્રમશઃ મહાસંત બન્યા છે, ને મોક્ષ પામ્યા છે.

સ્વભાવ ન બદલાય એમ કહેનારા અને ઘરમાં વાતવાતમાં ગુસ્સો કરનારા પણ ચાલાક વેપારી દુકાને સારા ઘરાક મળતાં, પછી ભલે ઘરાક વાંકું બોલે તો ય, એ ગુસ્સો નથી કરતા. કેમ આ વખતે સ્વભાવ ક્યાં ગયો ? કહો, પૈસાનો લોભ છે એ ગુસ્સાના સ્વભાવને દબાવી દે છે. લાલિયો લોભે લોટે. બસ, એ જ રીતે **વેપારીને નફાના લોભની જેમ ધર્મીને જો મોક્ષનો-સદ્ગતિનો-પુણ્યાનુબંધી પુણ્યનો લોભ લાગી જાય, તો ગુસ્સાનો સ્વભાવ દબાતાં વાર નહિ.**

માટે આ સમજી રાખવા જેવું છે કે એવા હલકા તિર્યંચના ભવમાં તો તેની વિવેકશક્તિ-બુદ્ધિશક્તિ નથી એટલે નરસા ભાવથી થતાં નુકસાન, ને સારા ભાવ કેળવવાથી થતા લાભ સમજવાની શક્તિ નથી, પછી એ બિચારા શી રીતે પોતાના ખરાબ સ્વભાવને ફેરવી શકે ?

**જંગલમાં મુનિને કાંટો :-**

છતાં અહીં એક વિશેષતા થઈ. વાંદરો જે જંગલમાં કૂદાકૂદ કરી રહ્યો છે, એ જંગલમાં થઈને એકવાર જૈન મુનિઓ પસાર થતા હતા, એમાં એક મુનિના પગમાં જોરદાર કાંટો ઘૂસી ગયો. મુનિઓએ એને કાઢવા ભારે મહેનત કરી, પણ કેમે ય કાંટો નીકળ્યો નહિ; અને વાગેલો એવો કે મુનિથી આગળ ડગલું ચલાય એવું નહોતું. હવે શું થાય ? કાંટો લાગેલા મુનિ જુએ છે કે અટવી હજી લાંબી પસાર કરવાની છે. પોતાની સાથે બીજા મુનિઓને અહીં રોકાઈ રહેવામાં બધાને સીદાવાનું થાય, તેથી એ એમને કહે છે, 'તમે પધારો મારા કાંટાનું કાંઈ જલ્દી ઠેકાણું પડે એમ લાગતું નથી. તેથી મારી સાથે બધાને સીદાવાનું શું કામ છે ? હું તો અહીં ૨-૪ દિવસ જોઈશ, કાંટો પાકીને નીકળી જશે તો વિહાર કરીને ચાલી આવીશ. નહિતર અહીં અનશન કરી દઈશ.' એમ બહુ આગ્રહ કરીને મુનિઓને ત્યાંથી વિહાર કરાવ્યો.

સાથેના મુનિઓને ત્યાંથી પેલા મુનિને મૂકીને જવાનો જીવ કેમ ચાલ્યો હશે ? પરંતુ એ પણ જુએ છે કે 'આ ઈજા પામેલા મુનિ પરિણત સંયમવાળા અને મનોબળિયા છે, તેમજ આરાધનાની દઢ વૃત્તિવાળા અને અનશનની તૈયારીવાળા છે, ને બીજા એમના કારણે ન સીદાય માટે જવાનો આગ્રહ કરે છે, તેથી દુઃખિત મનથી ચાલ્યા.

મુનિજીવનમાં આ અજુગતું સમજશો નહિ. મુનિને મુનિ પરનું વાત્સલ્ય મામૂલી હોય નહિ; કેમકે મુનિ સમજે છે કે સાધર્મિક પર વાત્સલ્યમાં ખામી હોય તો સમ્યગ્દર્શનનો આચાર ઘવાય, ને એ ઘવાય એટલે સમ્યગ્દર્શન ઘવાય. ત્યારે સમ્યગ્દર્શન તો ચારિત્રનો પાયો છે. પાયો જ ઘવાય તો ચારિત્ર ક્યાંથી અખંડ રહે ?

**જેને પોતાના ચારિત્રની પડી છે, એને ચારિત્રના પાયારૂપ સમ્યક્ત્વની તો ભારે ગરજ હોય.**

એ હોય એટલે સમ્યગ્દર્શનના આચાર પાળવાનું શાના ચૂકે ?

આમ મુનિને મુનિ પર સાધર્મિક તરીકે ભારે વાત્સલ્ય હોય; એટલે મુનિની બિમારીમાં તો વિશેષ સેવા આવે. પરંતુ સાથે આ પણ એક સમજવાનું છે કે

આરાધનાનો સવાલ આવે ત્યાં મુનિ લોકજીવન કરતાં ઊંચી પાયરીએ હોય છે એટલે એવું ઘેલું વાત્સલ્ય ન રાખે કે સાથેના મુનિની આરાધના ને અંતરાય થાય. દા.ત. સાથેના મુનિને સારી તપસ્યા કરવી છે તો એમના પર એવો આગ્રહ ન રાખે કે 'તમે તપ રહેવા દઈ મારી સાથે ખાઓ-પીઓ' એમ કોઈ ઉપસર્ગ-પરીસહ સહવાનો મોકો આવે ને સાથેના મુનિને એ વધાવી લેવો હોય તો ખોટું વાત્સલ્ય બતાવી એમાં અંતરાય ન કરે. **લોકોત્તર માર્ગની રૂએ મુનિ મુનિને આરાધનામાં અનુકૂળ થાય એમાં જ ખરું વાત્સલ્ય છે.**

સુકોશલ મુનિ પોતાના પિતા મુનિની સાથોસાથ ગુફામાં રહી ચાર મહિનાના ઉપવાસ કરી પારણે ગોચરી માટે નીકળ્યા. પિતા-મુનિએ સુકોશલમુનિને ખોટું વાત્સલ્ય બતાવી આવી મોટી તપસ્યામાં અંતરાય ન કર્યો પણ મહાતપની આરાધનામાં અનુકૂળ થવાનું સાચું વાત્સલ્ય દાખવ્યું. હવે પારણે જંગલમાં થઈને શહેર તરફ આવતા હતા, ત્યાં જંગલમાં જ વાઘણ ભેટી. બંનેએ ત્યાં અનશન કરી લીધું. અહીં પણ જુઓ, શું બાપમુનિને પુત્રમુનિ પર ખેદ સાથે દયા ઊભરાઈ આવી ખરી કે 'હાય ! આ બિચારો ચવાઈ જશે !' ના, એ ખોટી દયા છે. મહામુનિને મહામુનિ માટે સાચી દયા, સાચો પ્રેમ, સાચું વાત્સલ્ય છે, અને એથી આ ઉપસર્ગમાં પુત્રમુનિની ભવ્ય આરાધના જોઈ એની અનુમોદના અને એમાં અનુકૂળ થવાનું કરે છે.

**આરાધનામાં અનુકૂળ થવું એ સાચું વાત્સલ્ય બતાવ્યું ગણાય.**

**પિતામુનિએ પુત્રમુનિને ઉપસર્ગમાં શું કહ્યું હોય ? :-**

સંભવ છે, પિતામુનિએ પુત્રમુનિને આરાધનાનું જોમ ચડાવ્યું હોય કે જુઓ હવે આ ઉપસર્ગ આવ્યો છે એ કમાણી કરવાની તક છે, માટે પાછા પડશો નહિ. કુટિલ અને નાશવંત કાયા પર મમતા કરશો નહિ. એના તરફ લહેવાઈ જતા ના, પરંતુ તમારા અંદરના આત્મા પર મમત્વ ધરજો કે એના જનમ-જનમના કર્મના કચરા ને રાગાદિ બિમારીઓનો અંત લાવી દઉં. એ અંત કરવા માટે આ કાયા સમતાભાવે ઉપસર્ગ સહન કરે એ અદ્ભુત ઉપાય છે. એમાં આપણી પહોંચ હોય તો સમસ્ત બિમારીઓ અને સમસ્ત કર્મકચરા સાફ કરી મોક્ષ પામી શકાય છે માટે,

**આ વાઘણના મોંમાં ચવાઈ જવાના ઉપસર્ગને શરીર પરની કારમી વેદનાનું કારણ ન સમજતાં મોક્ષના અનંત સુખનું સાધન તરીકે સમજજો.'**

અલબત પુત્રમુનિ સુકોશલે પિતા કીર્તિધરમુનિની સાથોસાથ અત્યારસુધી એની કઠોર સંયમ અને ઘોર તપસ્યાની આરાધના કર્યે રાખી છે, કે આવા ઉપસર્ગ-

ઉપદ્રવ વખતે એમને હિતશિક્ષાની જરૂર ન હોય; એટલે ઉપસર્ગ આવતો દેખી મૌનપણે બંનેએ તરત જ અનશન સાથે કાયોત્સર્ગ કરી લીધો હોય; છતાં પણ માનો કે પિતામુનિએ પુત્રમુનિને વિશેષ સાવધાનીનું કહ્યું હોય તો શું કહ્યું હોય ? આ જ કે

ઉપસર્ગમાં કાયાની હાનિ સામે ન જોતાં આત્માના લાભ સામે જોજો.

તેથી રાગ-દ્વેષ ન થતાં સમતાભાવ રહેશે, હાયવોય ન થતાં સમાધિ રહેશે, ચિત્તની પ્રસન્નતા રહેશે.

**ત્યારે પીડામાં ચિત્તની સમતા-સમાધિ પ્રસન્નતાનો આ ઉપાય થયો કે કાયા અને કાયાસંબંધિત પદાર્થોની હાનિ સામે ન જોતાં આત્માને થનારા અતુલ લાભ પર નજર ઠહેરાવવી.**

અલબત આમાં કઠણાઈ લાગે, પરંતુ વાણિયો-વણિક-વેપારી કોને કહેવાય ? લાભાકાંક્ષી વાણિયો. આત્માના મહાન લાભ તરફ જુએ. કાયાના લાભ-નુકસાનની બહુ કિંમત નથી; કેમકે

(૧) કાયા નાશવંત છે; ઉપરાંત

(૨) કાયાના જ લાભ-નુકસાન તરફ જોઈને વર્તવામાં આત્માને જાલિમ કર્મબંધન અને એના વિપાક વખતે ભયંકર પીડાઓ આવી પડે છે. તેમજ

(૩) અસ્થિર કાયાના લાભ-નુકસાન તરફ જોતા બેસવામાં સ્થિર એવા આપણા પ્રાણપ્યારા આત્માના લાભ નુકસાન વિચારવાનું રહી જાય છે.

(૪) વળી, કાયાનું જ જોવા બેસવામાં નકરી નાસ્તિક્તા આવે છે. તો શું મહાન જિનશાસન સહિત મળેલ ઉત્તમ માનવભવ એમ લમણે નાસ્તિક્તા લખવા માટે છે.

**આત્માનું સંભાળવા તરફ સરાસર આંખ-મિંચામણામાં આસ્તિક્તા ક્યાં રહી ?**

**કાયાની બહુ કિંમત ન આંકો :-**

બસ, આસ્તિક્તા ટકાવવા, આત્માનું હિતાહિત જોવા, તથા કાયાની મમતાથી થતા જાલિમ કર્મબંધ અને એના દારુણ વિપાકથી બચવા, કાયાની બહુ કિંમત ન અંકાય.

માનો કે કોઈએ આપણું અપમાન કર્યું, તો એ વિચારવું કે અપમાન કોનું થયું ? કાયાનું કે આત્માનું ? બાહ્ય કાયાનું જ; કેમકે અપમાનથી હલકી દેખાશે તો તે કાયા જ હલકી દેખાશે; અંદરનો આત્મા નહિ કારણ કે લોકને આપણી કાયા જ દેખાય છે; આપણો આત્મા ક્યાં દેખાય છે ? લોક કહેશે ‘આ મથુરભાઈ નથુભાઈ હલકા;’ તો મથુરભાઈ નથુભાઈ એ તો શરીરનું નામ છે; આત્માનું નામ ક્યાં છે ? આત્માનું નામ હોય તો ભવાંતરે પણ એ નામથી વ્યવહાર થવો જોઈએ ને ? નથી થતો એ જ સૂચવે છે કે એ નામ કાયાનું હતું, તે કાયા જતાં એ નામ



ગયું. તાત્પર્ય અપમાન હલકાઈ થઈ તો કાયાની થઈ; એમાં આપણા આત્માનું ન બગડે એ કેમ ભૂલાય ? આત્મા તરફ આંખમિંચામણા કેમ થાય ?

બસ, અપમાન વખતે કાયાની બહુ કિંમત ન આંકતાં આપણા આત્મા તરફ જોઈએ, તો દેખાય કે આત્માને તો એવાં અશુભ કર્મ ઉદયમાં આવી નષ્ટ થાય છે, પાપકચરો સાફ થાય છે, પછી એમાં રોવાનું શું ? આ વિચાર રખાય તો ચિત્તની પ્રસન્નતા રહે; હાયવોય નહિ એટલે સમાધિ રહે.

**કાયાને લાભ-નુકસાનમાં આત્માના વિચારથી બચાવ મળે :-**

જીવન જીવતાં જોશો તો એવા કાયાને લાભ-નુકસાનના અનેક પ્રસંગ દેખાશે. એમાં આ સાવધાની રાખવાની છે કે નાશવંત અને ભવમાં ભમાવનારી કાયાની બહુ કિંમત ન આંકતાં, આત્માને થતા લાભ-નુકસાનનો વિચાર રાખવો. આમાં ઘણો ઘણો બચાવ મળશે અને ભારે લાભ થશે.

વ્યવહારુ દૃષ્ટિએ પણ, આત્માનો વિચાર રાખી જે માણસ કાયાના લાભ-નુકસાનમાં ઊંચોનીચો નથી થતો, સમતાભાવ રાખે છે, અને ગંભીરતા-ઉદારતા-સહિષ્ણુતા દાખવે છે, એ લોકમાં સારો ગણાય છે; ત્યારે ઊંચોનીચો થનારો અભિમાન-દીનતા કરનારો ક્ષુદ્ર અને અસહિષ્ણુ આકળો-ઉતાવળો થનારો, એ લોકમાં કિંમત વિનાનો ગણાય છે. એટલે આત્મા તરફ જોઈ વર્તનારો વ્યવહારું દૃષ્ટિએ પણ લોકમાં ગુણિયલ તરીકે પંકાય છે.

સારાંશ,

**પીડા-આપત્તિ-ઉપદ્રવ વખતે નાશવંત અને તુચ્છ કાયાના નુકસાન સામે ન જોતાં અવિનાશી અને મહાન, એવા આપણા આત્મા તરફ અને એને થતા સુંદર લાભ તરફ નજર રાખવા જેવી છે.**

પિતામુનિને પોતાના માટે તો શું, પણ પોતાના પુત્રમુનિ માટે પણ આત્માના અપૂર્વ લાભ તરફ દૃષ્ટિ છે. તેથી કાયા વાઘણના મોંમાં ચવાઈ જવામાં ખોટી દયા, ખોટું વાત્સલ્ય નથી આવતું, પરંતુ આત્માને થનાર મહાન લાભની આરાધના તરફ દૃષ્ટિ છે, એમાં અનુકૂળ થવાનું સાચું વાત્સલ્ય છે.

**માબાપનું સાચું વાત્સલ્ય શું ? :-**

આજના માબાપ સંતાન પ્રત્યે જો આ સાચું વાત્સલ્ય દાખવે, તો સંતાનના આત્માને લાભકારી ધર્મ-આરાધનામાં અનુકૂળ થાયઃ એમાં અનુકૂળ થવામાં જ સાચું વાત્સલ્ય સમજે. વિચારો, તમે તમારા સંતાનના સાચા પ્રેમી છો ? સંતાન પર તમને પ્રેમ છે ? પ્રેમ હોય તો તમે એના આત્માના હિતાહિતનો કોઈ વિચાર રાખો છો ? જો રાખતા હો, તો સંતાનને એ અહિતથી કેટલા રોકો છો ? ને હિતમાં

કેટલા જોડો છો ?

સમરાદિત્ય રાજકુમારને પરણવું નહોતું છતાં પિતાએ દાક્ષિણ્યમાં લઈ આગ્રહ કરીને બે રાજકન્યાઓ પરણાવી, કન્યાઓ પરણીને નવોઢા પત્ની તરીકે સાસરે આવી. કુમાર સાથે પહેલી મુલાકાત છે, સાથે આ રાજકુમારીની સખી બેઠી છે. એ કુમારને કહે છે,

'લ્યો આ મારી સખીઓએ આપના ઉપરના અત્યંત પ્રેમથી આપના માટે આ પાનનું બીડું તૈયાર કર્યું છે, તે સ્વીકારી એમના પર અનુગ્રહ કરો.

**સમરાદિત્ય પત્નીના સાચા પ્રેમની પરીક્ષા કરે છે. :-**

સમરાદિત્ય કુમારને પરણવું પડેલું ખરું, પણ એ મનમાં નિશ્ચિન્ત હતા કે, 'નવોઢા પત્નીઓનો મેલાપ થવા દે એમને હું સમજાવીને મારા વિચારની કરી દઈશ પછી લગ્નની કશી અસર જ નહિ.' હવે એ માટે લાગ જોઈએ ને ? તે અહીં જ્યારે સખી પ્રેમથી બીડું બનાવ્યાનું કહે છે, ત્યારે એ 'પ્રેમ' શબ્દને પકડી લઈ સખીને કહે છે,

'તમારી સખીઓને પૂછો કે એમને મારા પર ખરેખર અત્યંત પ્રેમ છે ?'

એ સાંભળતાં પત્નીઓ અને સખી ચકિત થઈ જાય છે ?'

કેવો વિચિત્ર પ્રશ્ન ? લગ્ન થઈ ગયા, પરણીને ઠેઠ હવે પતિના ઘરે આવી ગઈ, ત્યાં એના માટે પતિએ આ પૂછવું કે 'એમને મારા પર ખરેખર પ્રેમ છે ?' એ બેહૂદું ન લાગે ?

પણ કુમારના અંતરમાં ધગશ છે કે પ્રેમના બીડાં પર તક મળી છે, તો કોઈ- બી રીતે પત્નીઓને જાગ્રત કરી શકાય તો કરી દઉં, એટલે બેહૂદો તો બેહૂદો, પણ આ સવાલ પૂછી લે છે.

અહીં સહિયર રોબડ નથી કે સખીઓને પૂછવા જાય હોશિયાર છે એટલે તરત યોગ્ય જવાબ દઈ દે છે.

સખી કહે, 'કુમાર સાહેબ ! પ્રેમનું શું પૂછો છો ? જ્યારથી એમણે આપના અનુપમ ગુણોનું વર્ણન સાંભળ્યું છે ત્યારથી એ આપની પાછળ ઝુરી રહી છે. અત્યંત પ્રેમ વિના આ બને ?'

સખીના આ જવાબ પર હવે કુમાર ખરેખરો પ્રશ્ન પૂછે છે. સખીને એ કહે છે, 'તો પછી તમારી સખીઓને હવે આ પૂછો કે એ મારી પાસે જે કામ કરાવવા આવી છે એનાથી તો મારો આત્મા ભવ-પરંપરામાં ભટકતો થઈ જાય. ત્યારે, એવું કરાવવા આવવું એ મારા પરના પ્રેમનું લક્ષણ છે.

સખી સમજી ગઈ, પણ જવાબ શો દે ? કુમારે એવી સમસ્યા મૂકી છે કે



હા કે ના કશું કહેવાય એમ નથી. હા શી રીતે કહે ? સામા પાસે એ ભવમાં ભટકતો થાય એવું કામ કરાવવામાં સામા પર પ્રેમ છે, એમ તો કહેવાય નહિ. જુઓ; બાપ છોકરા પાસે જો ચોરીઓ કરાવે તો એ છોકરા પરના પ્રેમનું કાર્ય શાનું કહેવાય ? ચોરીઓ કરાવવી એટલે એને દુર્ગતિઓમાં ભટકતો કરવાનું થાય ? તો દીકરાને ભવમાં ભટકતો કરવો એ પ્રેમ છે ? એવું અહીં તાત્ત્વિક રીતે જોતાં, **સામાને વિષયરંગમાં મહલાવવો એટલે એને ભવમાં ભટકતો કરવો તો એવો કરવો એ શું એના પર પ્રેમ છે ?**

આમ સખીથી હા કહેવાય એમ નથી કે 'હા, એ પ્રેમ છે.' ત્યારે ના કહે, તો એની સખીઓ પ્રેમ વિનાની સાબિત થઈ જાય.

હોશિયાર પણ સખી અહીં છક્કડ ખાઈ ગઈ ત્યારે કુમારની નવી પત્નીઓ પણ વિચારમાં પડી ગઈ કે આ જોતાં તો પોતે પતિ પર પ્રેમ હોવાનો દાવો શી રીતે કરી શકે ? પણ એ વિવેકવંતી છે, પતિએ પરિણામ પર દૃષ્ટિ નાખવાનું સૂચવ્યું એ એ સમજી ગઈ. લાગ્યું કે 'વાત તો સાચી ભવમાં ભટકતો કરવો એ તો પ્રેમનું નહિ પણ સરાસર દુશ્મનનું કે અજ્ઞાનતાનું કાર્ય કહેવાય.' ત્યારે, પ્રેમ તો ઊભો રાખવો છે એટલે એ તરત પતિના પગમાં પડી જઈ પૂછે છે,

'આર્યપુત્ર ! અમારે આપના પર પ્રેમ તો રાખવો જ છે. તો હવે એ બતાવો કે અમારે શું કરવું જેથી આપના પર સાચો પ્રેમ બન્યો રહે ?'

કુમાર કહે છે, 'તો હમણાં તો તમે બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરો. તેથી હવે પછી તમે મારી પાસે એવું કામ નહિ કરાવો કે જેથી મારી ભવપરંપરા વધે.'

પત્નીઓએ તરત હાથ જોડી વ્રત સ્વીકારી લીધું. શું ? જીવનભરનું બ્રહ્મચર્ય ! કેટલામાં ? પતિને ભવમાં ભમતા નથી કરવા એટલા નિર્ણયમાં

**સાચા પ્રેમનું આ લક્ષણ છે કે જેના પર પ્રેમ-વાત્સલ્ય હોય, એને પાપમાં નહિ, પણ ધર્મમાં અનુકૂળ થવું.**

**કુમારનો વૈરાગ્ય કેવો ? :-**

સમરાદિત્ય રાજકુમારનો વૈરાગ્ય જુઓ, અને નવી પરણી આવેલી બે રાજકન્યાઓની સમજદારી જુઓ.

કુમારની સામે બહુ આકર્ષણ અને અનહદ પ્રેમ સાથે આવેલી રૂપાળી રાજકન્યાઓ છે. એની સાથે કશા જ રંગરાગ ખેલવાનો કુમારના દિલમાં ભાવ જ નથી ઊઠતો. કેમ વારું ? એટલા જ માટે કે કન્યાના દેહને નર્યો ગંદકીનો ગાડવો દેખે છે; માત્ર ઉપર એક પાતળું ગુલાબી અસ્તર; જેમ વિષ્ટાની કોથળી પર બોસ્કીનું કે નાયલોનનું અસ્તર ! તેમજ એવા દેહ સાથે રમતમાં પાગલ દશા સમજે

છે જેમાં કશું હાથમાં નહિ આવવાનું, અને ઊલટું એના પર વિકારી બનવામાં પોતાની જાતનું વીર્ય પીગાળી પીગાળી નષ્ટ કરવાનું. ઉપરાંત, આ પાગલતામાં ભગવાનનું એવું આકર્ષણ તન્મયતા ગુમાવવાનું એ મોટી ખોટ ! આ તત્ત્વદર્શનમાં રમનારો સમરાદિત્ય રાજકુમાર ગમે તેવી સ્વાધીન અને રૂપાળી રંગીલી પુતળીઓમાં લેશ પણ શે ખેંચાય? મહાવૈરાગ્યમાં જ તરબોળ રહે ને ?

**રાજકુમારીઓની સમજદારી કેવી ? :-**

ત્યારે યુવાવસ્થામાં આવેલી અને રાજાશાહી લચબચ સમૃદ્ધિમાં ઊછરેલી રાજકન્યાઓની સમજદારી કેવી ! પતિ કુમારના સવાલ પર જ્યાં દૃષ્ટિ ખુલી કે 'અહો ! આ પતિની પાસે અમે જે કરાવવા આવી છીએ એથી તો પતિનું આ સંસારમાં દુર્ગતિઓમાં ભટકવાનું થાય, તો પછી એવું કરાવવા અમે આવેલી, એ અમારો એમના પર પ્રેમ શાનો ગણાય ?' આ જ્યાં દૃષ્ટિ ખૂલી કે તરત એમને લાગ્યું કે 'વાત તો સાચી છે, પ્રેમ ન ગણાય. તો આ તો અમારી અજ્ઞાનદશા જ હતી નામ પ્રેમનું, પણ કામ ખરેખર દુશ્મનનું કરનારી ગણાઈએ તો પછી એવો ખોટો પ્રેમ રાખવાનું શું કામ છે ? પણ સાચો પ્રેમ તો રાખવો જ છે. તો પૂછવા દો કે સાચા પ્રેમનું શું કર્તવ્ય હોય ?' એમ વિચારી પૂછ્યું અને કુમારે બ્રહ્મચર્યનું કર્તવ્ય બતાવ્યું, તો તરત એ માની લીધું. કેવી સમજદારી અને કેવી નિષ્ઠા-શ્રદ્ધા અને સાચો પ્રેમ !

**સમજદારીમાં ખોટી દલીલ, હઠાગ્રહ ને તાણાતાણી ન હોય.**

કન્યાઓએ ખેંચતાણ ન કરી કે 'અમે તમને સુખ આપવા તમારી પાસે વિલાસ કરાવવા આવી છીએ. તમે અમારી સાથે વિલાસ કરો એમાં તમારી દુર્ગતિ શાની થવાની ? દુનિયા આખી વિલાસ કરે છે, આ ઉંમરમાં આવ્યા એટલે સહેજે વિલાસનાં સુખ ભોગવવાનાં હોય, એમાં અમે તમને અનુકૂળ થઈએ, ત્યાં આવા વિચાર અત્યારે શાના કરવાના હોય ?' ના, કન્યાઓએ આવી કોઈ ખોટી દલીલ ન કરી, જૂઠી દુનિયાનો દાખલો ન લીધો. સમજદાર છે એટલે કુમારની યુક્તિયુક્ત વાત તરત સ્વીકારી લઈ પોતાની અજ્ઞાન દશા માની લીધી.

તમારા ગળે આ વાત ઝટ નહિ ઊતરે, કે 'અમે સગા સ્નેહી પાસે વિલાસ કરાવીએ એમાં એને દુર્ગતિઓમાં ભટકવાનું થાય.' બોલો ગળે ઊતરે છે ? ઊતરે તો તો એમને વિલાસમાં જોડવાનું મન ન થાય. તમારા દીકરા-દીકરીઓને શામાં જોડવાનું ઈચ્છો છો ? વિષયોના વિલાસમાં ? કે વૈરાગ્યમાં અને વ્રત-નિયમમાં ? તમે એમના પ્રેમી છો ને ? દીકરા-દીકરીઓ પર તમને પ્રેમ છે ને ? આવો જ પ્રેમ ? ખબર છે ખરી કે બિચારા કેટલા જન્મોની તપસ્યા પછી કેટલાય જન્મોનાં



કષ્ટ પછી આ ઊંચા માનવ જનમમાં આવ્યા છે ? એને હવે વિલાસમગ્ન બનાવી પાછા દુર્ગતિઓમાં ભટકતા જ કરવાના ? આનું નામ તમારો એના પર પ્રેમ છે ?

પ્રેમ તો તે કે જેમાં સામાને સદ્ગતિ મળે એવી પ્રવૃત્તિમાં જોડાય. પાપમાં જોડીને એને સદ્ગતિએ મોકલવાના ? કે દુર્ગતિએ ? પણ શ્રદ્ધા જ નથી કે,

**વિષયવિલાસ અને પરિગ્રહ આરંભસમારંભથી દુર્ગતિગમન જ સરજાય.**

બસ, 'આ ભવ મીઠા કરી લો, પરલોક કોણે દીઠા છે ?' આ જ મનોદશા ને ? જે કરી રહ્યા છો એમાં આ મનોદશાનું જ પ્રતિબિંબ ને ? આખા દિવસમાં ક્યારે આ વિચાર છે કે મારા પ્રેમપાત્ર દીકરા-દીકરી-કુટુંબને પાપમાં અનુકૂળ નહિ, પણ ધર્મમાં અનુકૂળ થાઉં ? જો એ વિચાર હોય, તો તો મૂળ પાયામાં એને વૈરાગ્ય અને ત્યાગની જ વાત કરતા હો અને શક્ય એટલી પરલોકહિતની પ્રવૃત્તિમાં જોડતા હો. પણ ના, એ કાંઈ દેખાતું નથી. દીકરા-દીકરીને નિશાળે હોંશે હોંશે મોકલો છો, પાઠશાળાએ અને ઉપાશ્રયે નહિ. ઠેઠ કોલેજ હોંશે કરાવો છો, પણ ધાર્મિક અધ્યયન નહિ. સિનેમા અને બીજે ત્રીજે ફરવા હોંશે લઈ જાઓ છો, પણ સામાયિક-પ્રતિક્રમણમાં નહિ ! માલમેવા હોંશે ખવરાવો છો પરંતુ કોઈ દિવસ ત્યાગ-તપસ્યામાં જોડવાની વાત નહિ ! આમાં પછી શ્રદ્ધા ક્યાં રહી કે, 'આ દુનિયાદારીનું બધું કરીને તો આ જીવ બિચારા દુર્ગતિઓમાં ભટકતા થઈ જશે.'

રાજકન્યાઓને તો સાચો પ્રેમ રાખવો હતો તેથી પતિને એનો માર્ગ પૂછતાં પતિએ જ્યાં બ્રહ્મચર્યની વાત મૂકી, કે તરત એમણે એ વધાવી લીધી. જોયું કે આપણે બ્રહ્મચર્ય પાળીએ તો જ એમને બ્રહ્મચર્ય પાળવાની અનુકૂળતા થાય અને એથી એમને દુર્ગતિઓમાં ન ભટકવું પડે; ને એમાં જ આપણો એમના પર સાચો પ્રેમ ગણાય.

**સાચો પ્રેમ એ, કે સામાને પાપમાં અનુકૂળ નહિ, પણ ધર્મ આરાધનામાં અનુકૂળ થવું.**

એટલે જ સુકોશળ મુનિને પિતામુનિએ પોતાની સાથોસાથ તપમાં જોડાવા દીધા, અને હવે વાઘણનો ઉપદ્રવ આવ્યો તો ઉપદ્રવ સમતાથી સહી લેવા અનશન કાયોત્સર્ગ-ધ્યાનમાં પણ જોડાવા દીધા. આમાં એમનું વાત્સલ્ય જ છે.

બસ, આ રીતે જે પેલા જંગલમાંથી પસાર થતા મુનિને પગે જોરદાર કાંટો વાગ્યો હતો અને હવે બિલકુલ ચલાય એવું નથી. એટલે સાથેના મુનિઓને, પોતે છેવટે અનશન કરવાનું કહી, આગ્રહથી વિહાર કરાવ્યો, એમાં એ મુનિઓ વિહાર કરી ગયા, તો આ મુનિને એકલા મૂકીને જવામાં એના પર વાત્સલ્ય રહ્યું ? કે ભાંગી ગયું ? ના ભાંગી ગયું નથી, કેમકે એ મુનિને આરાધનાની ધગશ હતી, તો

એમાં અનુકૂળ થવામાં સાચું વાત્સલ્ય જ છે.

**વાંદરો મુનિના પ્રદેશમાં :-**

સાથેના મુનિઓ ગયા, અને આ મુનિ પગમાં કાંટા સાથે ત્યાં રહ્યા છે. હવે પેલો વૈદ્યના ભવ પછી વાંદરાનો અવતાર પામેલો, એ ઠેકડા મારતો અચાનક અહીં આવી ચડ્યો. મુનિને જોઈ એના મનને થયું કે મેં ક્યાંક આવા જોયા છે. ક્યાં જોયા ? ક્યાં જોયા ?...એમ ઊહાપોહ કરતાં આ જીવનમાં તો જોયા નથી, અને મન કહે છે કે ક્યાંક જોયા છે, એટલે આ ભવની પાછળ દૃષ્ટિ ગઈ. એને જાતિ-સ્મરણ થયું અર્થાત્ પૂર્વભવનું સ્મરણ થઈ આવ્યું.

વાનરે પોતાનો પૂર્વનો વૈદ્યનો ભવ જોયો, અને એ ચોંકી ઊઠ્યો કે આ શું ? પોતે વૈદમાંથી વાનર ? એના મનને પારાવાર પસ્તાવો થયો,

**વાનરનો પ્રસ્તાવો :-**

'અરેરે ! વૈદ્યના ભવે મુનિ મળ્યા, એમણે વૈદું છોડી દેવા સમજાવેલું, પોતે એક વાર એ છોડી પણ દીધેલું, પણ પાછળથી લોભમાં તણાઈ પાછું વૈદું કરવા માંડ્યું, તો એણે આ કેવો હલકો જંગલમાં વાંદરાનો અવતાર અપાવ્યો ? મારી આ કેટલી મોટી ભૂલ ? અરેરે ! હું આ ક્યાં પડ્યો ! લોભ કરીને પૈસા અને માન મેળવ્યું, પરંતુ એ અંતે શું કામ લાગ્યા ? જીવન પૂરું થતાં પૈસા ને માન ઠેકાણે પડ્યા, અને પોતાને આ જંગલના વાંદરાના અવતારમાં ઊતરી જવું પડ્યું. માન અને પૈસાએ ક્યાં બચાવ આપ્યો ? તો એનો લોભ કરીને શું ખાટ્યું ? રુડી આત્મહિતની સાધના ગુમાવી, એ સાધના પર નક્કી થતી ભવિષ્યની સદ્‌ગતિનો હક ગુમાવ્યો. હવે અહીં કોણ મારો બાપ ઉદ્ધાર કરે ?'

વાંદરાને પસ્તાવાનો પાર નથી. એ આગળ વિચારે છે કે 'અહો ! એટલું સારું થયું કે અહીં મુનિનાં દર્શન થયાં બાકી આ જંગલનાં વાસમાં મુનિ શાના જોવા મળે ? એ ન મળે એટલે મારા જીવની હૂકાહૂક અને કૂદાકૂદની જિંદગી પછી ગતિ કઈ ? બાપ રે ! આથી પણ નીચી જ કોઈક દુર્ગતિમાં પટકાઈ જવાનું થાય ! ત્યારે, હવે અહીં મુનિ મળ્યા છે, તો લાવ એમની પાસેથી કંઈક પામું.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''      વર્ષ-૨૨,અંક-૪૭,તા.૧૭-૮-૧૯૭૪**

**વાનર મુનિની દવા કરે છે :-**

એમ વિચારી વાંદરો મુનિની પાસે જાય છે; અને જુએ છે તો મુનિના પગે ઈજા થઈ લાગે છે, પોતે તપાસ કરે છે તો પગમાં કાંટો દેખે છે. પૂર્વ ભવ યાદ



આવ્યો છે ને ? એટલે વૈદું પણ યાદ આવ્યું છે. તેથી તરત જંગલમાં ઔષધિ લેવા ઊપડી જાય છે બસ, એ બે વનસ્પતિ લઈ આવ્યો એક વનસ્પતિને હાથમાં ચોળી દબાવી કાંટાના ઘા પર એનો રસ નાખી ઉપર દાબી દીધાં થોડી વારમાં ચામડી ફોગાઈ ઘા પહોળો થયો; એટલે વાંદરાએ એમાંથી કાંટો કાઢી લીધો. પછી બીજી વનસ્પતિનો રસ નાખ્યો એટલે ઘા સંકોચાઈને ચામડી સરખી થઈ ગઈ અને ઘા બંધ થઈ ગયો. મુનિ ચાલી શકે એવા સાજા થઈ ગયા.

વાનરનો અને મુનિનો કેવોક યોગ ! બંનેના પુણ્યનો લાભ આ યોગ કરાવી રહ્યો છે; કેમકે બંનેના લાભમાં છે.

ત્યારે કહો, વાંદરાએ આ કેવો લાભ ઉઠાવ્યો ? એવો કે જે એને દેવલોક અપાવશે. વિચારજો જૈનધર્મમાં જનમ મળી જવાથી સાધુમહારાજ સુલભ થઈ ગયા છે. તો સાધુસેવાનો લાભ કેવો, કેટલો, અને કેવી રીતે ઉઠાવાય છે ? 'જુઓ, વાનર પેલા સાધુ-મહારાજને માત્ર સાજા કરી દેવાનો લાભ ઉઠાવીને ચાલતી નથી પકડતોઃ પણ હવે સાધુમહારાજની સામે બેસી જઈ પોતાનાં પૂર્વનાં પાપનો ભારે પસ્તાવો કરી રહ્યો છે.'

**વાનરનો પશ્ચાત્તાપ : પંચેન્દ્રિયપણું છતાં દુઃખ કહેવા વાચા નહિ ? :-**

મનને પારાવાર દુઃખ થઈ રહ્યું છે કે 'અરેરે ! આ હું કેવો ઉત્તમ ભવથી ભ્રષ્ટ થઈ જનાવરના અવતારે પટકાયો !' દુઃખના સંતાપમાં એને રોવું આવી જાય છે. એની આંખમાંથી દડદડ પાણી પડી રહ્યું છે. મનને એમ થાય છે કે,

''અરેરે ! આ મારું દુઃખ કોને જઈ કહું ? આવો હલકો અવતાર પામીને તો ભલે હું પંચેન્દ્રિય જીવ, છતાં અફસોસ ! પૂર્વના માનવભવની વાચા ય ગુમાવી ! તેથી સારા માણસને મારાં દુઃખ કહેવાની ય શક્તિ ન રહી ! નહિતર એ કહીને ય હૈયું જરા હલકું ફોરું કરત. પાપકર્મની આ કેવીક સજા ! એવી સજા ભોગવનાર મારા જીવની પૂર્વની કેવી પાપિષ્ઠ દશા ! પૂર્વે મને સાધુમહારાજ મળેલા, એમનો ઉપદેશ મળેલો, એથી પાપધંધો બંધ કરનારો પણ હું બનેલો; છતાં મારા જીવની કેવી ગોઝારી લોભદશા કે ઉપદેશ કોરાણે મૂક્યો ને ફરીથી પાપધંધો ચાલુ કર્યો શું ખાટ્યું એમાંથી ? પૈસા મળ્યા તે તો મૂકીને મરવું પડ્યું; ને પાપકર્મોનો બોજ ઉપાડી ચાલવું પડ્યું !

''હે ભગવાન ! આ હવે મારો શે ઉદ્ધાર થાય ! હવે તો એ લોભવશ માંડેલો વૈદ્યનો પાપધંધો ય નથી, છતાં માનવભવે સુલભ ધર્મસાધના ક્યાં છે ?

**છતે ઊંચા ભવે જે એ ધર્મસાધના ગુમાવી, એ હવે આ હલકા પશુ અવતારે શે મળે ?**

તો જો ધર્મસાધના નહિ, તો મારા જીવને ઊંચે આવવાનું શું બને ?

"હે પરમપ્રભુ ! આ કર્મસત્તાનો કેવો દોર ! એ જાણે કહે છે, જા ભવ મનુષ્યનો છતાં ધર્મસાધના નથી કરવી અને પાપી જીવન જીવવું છે, તો લે લેતો જા, હવે એવો ભૂંડો અવતાર આપું કે જ્યાં ધર્મ-સાધના જોવા-સાંભળવા ય ન મળે, પછી માનવા-આચરવાની વાતે ય શી ? અને પાપી જીવન લમણે લખાયું-સમજ !' આ હિસાબે મને વાનરનો ભૂંડો અવતાર અને ધર્મહીન પાપી જીવન મળ્યું હે નાથ ! હવે હું ક્યાં જાઉં ? શું કરું ?

**તિર્યંચ અવતારની અનેક ખરાબીઓમાં આ એક કેવી મોટી ખરાબી કે સામે સાધુ મહારાજ હાજર છતાં એમને મારું દિલદર્દ કહેવા મારી પાસે વાચા નથી ! પછી શી રીતે ઉદ્ધારનું માર્ગદર્શન માગું ?**

વિચારવા જેવું છે, 'વાંદરાને જાતિસ્મરણ જ્ઞાનથી, પૂર્વનો મનુષ્ય ભવ હૂબહૂ નજર સામે આવવા છતાં તિર્યંચપણાને લઈને મનુષ્યના જેવી વાચા નહિ એ પણ કર્મની કેવી ક્રૂર સજા !' આ એટલા માટે વિચારવાનું છે કે આપણને આવા ભવનો ભય લાગે, ને આવી તિર્યંચની ગતિ પમાડનારા પાપોથી અટકીએ, પાપી વચન ન ઉચ્ચારીએ, પાપી વર્તાવ ન કરીએ, પાપવિચારો ન કરીએ; ઇન્દ્રિયોને પાપમાર્ગે ન પ્રવર્તાવીએ, અને ધનને બિનજરૂરી પાપના માર્ગે ન લગાવીએ. એમ પાપી આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરીએ નહિ. નહિતર તિર્યંચગતિ મળતાં બીજાં તો કેટલાંય દુઃખ, પણ આ એક મોટું દુઃખ કે દિલદર્દ કહેવા વાચા નહિ, ને માર્ગદર્શન માગવા ય વાચા નહિ ! ત્યારે પૂછો,

**પ્ર.- પશુને 'વાચા નહિ'ની સજા કેમ ? :-**

ઉ.- એટલા માટે કે મનુષ્યભવે વાચા છતાં સાધુપુરુષને દિલદર્દ અર્થાત્ દિલનાં પાપ કહ્યા નહિ અને શુદ્ધ નિર્મળ જીવનનું માર્ગદર્શન માગ્યું નહિ, એટલે કેમ જાણે વિશિષ્ટ વાણીશક્તિનો સદુપયોગ ન કરવાની નાલાયકી ઉપર કર્મસત્તા હવે કેમ એવી વાણીશક્તિ માટે નાલાયક જ ન ઠરાવે ? તો પૂછશો,

**પશુને વાણી નહિ, ને આંખ-કાન કેમ ? :-**

**પ્ર.-** એમ તો અહીં આંખ-કાનના સદુપયોગ ન કરવાની ય નાલાયકી કરી છે, છતાં કર્મસત્તા તિર્યંચ પશુ ભવે કેમ આંખ-કાન માટે નાલાયક નથી ઠરાવતી ? કેમ આંખ-કાન આપે છે ?

ઉ.- એમાં ય કર્મસત્તાની કેમ જાણે આ કુટિલતા છે કે 'પશુભવે તને આંખ-કાન આપું એથી કાંઈ તારી નાલાયકી નથી હટવાની. કેમકે એથી તને સારું સૂઝવાનું જ નથી. કદાચ પૂર્વભવનું સ્મરણ થઈ સારું સૂઝે અને આંખનો હવે સદુપયોગ



કરવા મંદિરમાં પેસવા જાય, કે કાનનો સદુપયોગ કરવા ધર્મની વ્યાખ્યાન-સભામાં બેસવા જાય, તો ય માણસો તને મારીને હટાવે. હા, ત્યાં મનુષ્ય જેવી વાણીશક્તિ વાચા હોય તો તું માણસ સમજે એવી ભાષામાં તારું દિલદર્દ કહી બતાવે ને ? અને માણસો એથી દયા કરી તને મંદિર-ઉપાશ્રયમાં પેસવા દેતાં તું આંખ-કાનનો સદુપયોગ કરી શકે ને ? પણ એકમાત્ર તને એવી વાણી-શક્તિ જ ન આપું ને; તેથી તારા આંખ કાનનો, સમજ હોય તો ય તું સદુપયોગ ન કરી શકે.'

કર્મસત્તાની આંખ-કાન નહિ પણ વાણી ખૂંચવી લેવાની આ કુટિલતા જો ધ્યાનમાં રહે, જો હૃદયને વીંધી જાય, તો અહીં મળેલી અનેરી વાચાશક્તિથી પાપ જ પાપ કર્યે જવાનું ન રાખતાં એના સદુપયોગ કરવાનું મન થાય, કરવાની તાલાવેલી રહે, અને સદુપયોગ કર્યે જવાય.

**જુઓ, વાચાના સદુપયોગ કયા કયા ? આ,**

(૧) વાચાથી પરમાત્માના સ્તોત્ર-સ્તુતિઓ બહુ બોલાય. એથી ભાવોલ્લાસ જાગે, એવો મૌન બોલવામાં ન જાગે આ અનુભવ સિદ્ધ છે.

(૨) વાચાથી પરમાત્માની આગળ જીવનનાં પાપ રોઈ પાપ-દુષ્કૃત્યનો ભારે સંતાપ ઊભો કરાય.

આ અનુભવ કરજો તો દેખાશે કે જો પ્રભુ આગળ મૌનપણે પાપ કહેવામાં દિલ એટલું નહિ હચમચે; પણ જો બોલીને કહેશો, તો આંખમાં આંસુ આવી જાય એવો ભારે સંતાપ થશે. મોંઢેથી બોલવાની આ દિલ પર અસર પડે છે. માટે વાચાશક્તિનો આ એક સદુપયોગ છે કે પ્રભુની આગળ બોલીને આપણાં પાપ રોવાય, ને ધોવાય.

(૩) વળી પ્રભુ આગળ વાચાથી પાપની ક્ષમા યાચવા અને હવે પાપ ન કરવા પડે એની પ્રાર્થના થાય.

(૪) વાચાથી પવિત્ર સૂત્રાક્ષરો રટાય, બોલાય; તેમજ શાસ્ત્ર બોલી વંચાય-ગોખાય, ગોખેલાનાં બોલીને પુનરાવર્તન થાય એ કરતા હોઈએ તો કોઈ વિકથા-વાતો-કૂથલી કરવા ન આવે. ત્યારે, મૌન વાંચનાર મૌનપણે યાદ કરનારને સતાવનારા ઘણા.

(૫) વળી વાણીથી સજ્ઝાયો અધ્યાત્મપદો વગેરે બોલાય એથી દિલમાં જે સંવેગ-વૈરાગ્ય ઝળકે, એવો એનાં મૌન વાંચનમાં ન ઝળકે.

(૬) વાચાશક્તિથી, આ પણ એક મહાન સદુપયોગ છે કે, બીજાને હિતની સલાહ અપાય, ધર્મનો ઉપદેશ અપાય. એથી સામાનું ભલું થાય ને કદાચ સામો ન સ્વીકારે તો ય આપણા માટે તો પાપક્ષય અને પુણ્યનો લાભ થાય જ.

(૭) વળી વાણીથી ગુરુ આગળ દિલનાં દર્દ અર્થાત્ બળતા દિલે ને બાળભાવે

આપણાં પાપ સ્પષ્ટ કહેવાય, અને એનાં પ્રાયશ્ચિત્ત મંગાય. એથી પાપનાં શલ્ય ઊખડી જાય, પાપ ધોવાઈ જાય, અને પરભવે પાપની આવૃત્તિ ન ચાલે, નહિતર તો પાપ ન કહ્યાં, એટલે એનાં શલ્ય પરલોક સાથે ચાલે. પરિણામ ? ત્યાં પાપિષ્ઠ જીવન !

(૮) વળી વાચાનો આ પણ એક સદુપયોગ કે સાધુપુરુષ આગળ હિતકારી માર્ગદર્શન માગતા રહેવાય. બોલે એના બોર વેચાય આપણને શા શા આત્મ-દરદ છે અને શું શું આત્મ-હિત જોઈએ છે, એ હિતૈષી આગળ બોલીને સ્પષ્ટ કરીએ, તો ખરેખરું સચોટ માર્ગદર્શન મળે.

દા.ત. સ્ત્રીઓ સામે જોવાનો દૃષ્ટિ દોષ હોય કે સ્પર્શકુશીલતા હોય, પણ એ જો હિતૈષીને સ્પષ્ટ કહીએ, તો એમની પાસેથી એના નિવારણના ઉપાય જાણવા મળે. પણ બોલે જ નહિ, તો સામા શું બતાવે ?

ઘણા માણસો આવા આવા જાલિમ દોષોથી પીડાય છે, પણ ગુરુને કહેતા નથી, ને ગુરુની આગળ શાણા થઈને રહે છે તો એ દોષો ટાળવાનું કશું માર્ગદર્શન પામતા નથી. અરે ! એ દોષોની ભયંકરતા પણ સમજતા નથી. ક્યાંથી સમજે ? ગુરુને પોતાની આવી અંગત બાબત કહે. તો ગુરુ એને એની ભયંકરતા સમજાવે ને ? ને પછી એ નિવારવાના ઉપાય બતાવે ને ?

**દોષ છૂપાવવા પર દિવાનનું દૃષ્ટાંત :-**

એક રાજા આગળ દિવાન બેઠો છે; ત્યાં એક શ્રીમંતને ગુનેગાર તરીકે સિપાઈઓએ લાવીને ખડો કર્યો. રાજા એને દમ મારે છે, ત્યાં દિવાને એ શ્રીમંતને બહુ ન ગભરાવા માટે ત્રાંસી આંખે સહેજ ઈશારો કર્યો; પણ રાજા એ જોઈ ગયો, એ જાણીને દિવાન ગભરાયો કે 'હવે મારું આવી બન્યું !' રાજા એ વખતે કાંઈ બોલ્યો નહિ, પણ દિવાનના મનને અંદેશો રહી ગયો કે 'કદાચ પછીથી રાજા મારી ખબર લે તો ?' એટલે એણે ત્યાંથી જ રાજાની આગળ પોતાની આંખ ત્રાંસી ત્રાંસી કરવા માંડી, એ સમજથી કે રાજા એમ સમજે કે 'આને આંખનો જ દોષ છે, તેથી આંખ ત્રાંસી કાંઈ પેલા શ્રીમંતને ઈશારો કરવા નહિ કરેલી.'

હવે દિવાન જ્યારે જ્યારે રાજાને મળે અને રાજાની નજર એની સામે હોય ત્યારે ત્યારે એ આંખ ત્રાંસી કર્યા કરે છે. પરંતુ બનાવટ કેટલી ઢાંકી રહે ? રાજા સમજી ગયો છે કે આ પેલા પ્રસંગનો એનો દોષ ઢાંકવા આમ કરી રહ્યો છે; છતાં રાજા કાંઈ કહેતો નથી એમ કરતાં દિવાન મરવા પડ્યો ત્યાં રાજા એની ખબર કાઢવા ગયો, તો ત્યારે પણ દિવાન આંખ ત્રાંસી કર્યા કરે છે. એટલે હવે રાજાને દયા આવી ગઈ કે 'આ બિચારો આમ માયામાં મરશે તો એની દુર્ગતિ થશે,' તેથી રાજા કહે છે,



**રાજાની દિવાનને હિતશિક્ષા :-**

દિવાનજી ! બહુ થયું, હવે પરલોક જવાનો સમય થઈ ગયો છે, તો આ આંખ તિરછી કરવાની માયા ક્યાં સુધી કરશો ? હું તો પહેલેથી જ સમજી ગયો છું કે તમે પેલા શ્રીમંતને કરેલ ઈશારો છૂપાવવા આ બનાવટ કરી રહ્યા છો. પણ કદાચ ન ય સમજ્યો હોઉં, તો ય મારી આગળ શાણા દેખાયા કરવામાં સદ્‌ગતિ નહિ મળે સદ્‌ગતિ તો દિલને માયારહિત સરળ નિખાલસ પ્રામાણિક રાખવાથી મળે. આ માયાથી તો ગતિ બગડી જશે. ને મારી આગળ દાખવેલું શાણપણું બધું એળે જશે.'

દિવાન તરત સમજી ગયો, ને હાથ જોડી રાજાના આગળ પોતાનો ગુન્હો કબૂલ કરી એ ગુનાહોની અને અત્યાર સુધી ચલાવેલી માયાની માફી માગી બોલ્યો કે 'મહારાજ ! આપ જ આટલા બધા ઉદાર કે આજ સુધી જાણવા છતાં મારી નાલાયકી ચલાવી લીધી ! આપ કેવા મહાન ને હું કેવો ક્ષુદ્ર અધમ ! ખરેખર, મોટા પુરુષોની મહાનતા અજબ હોય છે !' પછી દિવાન પાપના પશ્ચાત્તાપ સાથે શાંતિથી પવિત્ર દિલે મરી શક્યો.

વાત એ છે કે,

**'વાણીનો સદુપયોગ ભૂલ કબૂલી માફી માગવામાં છે.'**

દિવાને જો પહેલાં જ શ્રીમંતને આંખનો ઈશારો કર્યાનું રાજાએ જોઈ લીધા પર રાજા આગળ પોતાની ભૂલ કબૂલી લીધી હોત અને માફી માગી લીધી હોત, તો ટૂંકે પતત, અને પછી આંખ ત્રાંસી કર્યા કરવાની માયા ય ન કરવી પડત, અને રાજાની દૃષ્ટિમાં માયાવી તરીકે ખપવું ન પડ્યું હોત. પણ એટલો વાણીનો સદુપયોગ કરતાં આવડ્યું નહિ. તો વારે વારે માયા કરવી પડી, ને છેવટે તો રાજા દ્વારા ઊઘાડા પડવું પડ્યું.

વિચારવા જેવું છે કે

**વાણીનો સદુપયોગ ન કરવામાં કેટકેટલા આ અને બીજાં પાપોની આંધી ચડે છે !**

**ત્યારે, વાણીના પૂર્વે કહેલા અનેકાનેક સદુપયોગ કરતાં જીવને કેટકેટલા મહાન લાભ થાય છે !**

**કુદરત-કર્મસત્તા માણસને આપેલી વિશિષ્ટ વાચાશક્તિના સદુપયોગ ન કરવામાં એવા પશુ અવતારે ઉતારી દે છે કે જ્યાં મનુષ્ય જેવી વાચા જ નહિ.**

તેથી દા.ત. ભલે ને એ પશુ કોઈ શેઠનો પાળેલો વહાલો કૂતરો હોય, છતાં એ શરીરનાં કોઈ ભાગમાં થતી પીડાને બોલી બતાવી શકે નહિ; માત્ર રુએ, ને તેથી પ્યારવાળો પણ શેઠ એ ન જાણતાં એને મિટાવવાનો ઉપાય કરી-કરાવી શકે નહિ; ને કદાચ એમજ કૂતરાને રીબાઈ રીબાઈ મરી જવું પડે. કેવી દયાપાત્રતા ! પ્યારો શેઠ સેવા કરવા તૈયાર છે, ઉપાયો પણ છે, કિન્તુ કૂતરાને માત્ર એવી વાચા નથી

એટલે શેઠનો પ્યાર અને ઉપાયો કશા કામ લાગતા નથી ને રીબાઈ મરવું પડે છે.

એમ, પશુ-અવતારે આંખ કાન અને મન છતાં, તેમજ કદાચ જાતિસ્મરણ થઈ આંખ-કાનનો સદુપયોગ કરવાની ઇચ્છા ય થાય છતાં તેવી વાચાશક્તિના અભાવે મંદિર-ઉપાશ્રયનો લાભ પામી શકતો નથી. કર્મસત્તાની આ કેવી સજા !

પેલો વાનર જાતિસ્મરણથી પોતાનો પૂર્વનો વૈદનો ભવ યાદ થવાથી મુનિના પગમાંથી કાંટો કાઢવાની અને પગે તરત રુઝ લાવી દેવાની આવડતવાળી સેવા જોઈ ચકિત થઈ ગયા તો હતા જ કે 'પોતાના દરદની વાનરને ખબર શી રીતે પડી ? એનામાં યોગ્ય વનસ્પતિઓ લાવવાની કુશળતા ક્યાંથી ? એ લગાવવાની કુનેહ ક્યાંથી ?' મુનિને લાગ્યું હતું કે 'કદાચ આને જાતિસ્મરણ જ્ઞાન થયું હોય, ને પૂર્વભવની આ કુશળતા યાદ આવી હોય, એવો સંભવ છે.' હવે આ વાનરની આંખમાંથી આંસુ વહેતા જોઈ, અને એ સામે ટગર ટગર જોતો બેઠો જોઈ, મુનિને ચોક્કસ લાગ્યું કે

'આ કોઈ મનુષ્યભવેથી ભૂલો પડેલો જીવ લાગે છે, ને એ પોતાના પૂર્વ ભવનાં પાપ પર તથા પૂર્વનો માનવ જન્મ એળે ગુમાવવા પર રોઈ રહ્યો લાગે છે.' મુનિને દયા આવી ગઈ.

એટલે હવે મુનિ એને, મનુષ્યભવ યાદ હોવાથી મનુષ્ય-ભાષા સમજશે માની, કહે છે,

**મુનિ વાનરને કહે છે :-**

'જો મહાનુભાવ ! તેં અમને બહુ કિંમતી સેવા આપી છે. તારી સેવાની ચર્યા, જોતાં અમને લાગે છે કે તને તારો પૂર્વ ભવ યાદ આવ્યો છે, એટલે જ સેવાની આ કુશલતા જે સામાન્ય વાનરને ન હોય, એ તું દાખવી શક્યો છું; ને એથી તેં અથાગ પુણ્ય ઉપાર્જ્યું છે જે તને પરભવે મહાન જવાબ આપશે. બાકી તારા પૂર્વના સારા ભવ પછીના આ હલકા ભવ પર તને અફસોસી થતી હશે, તેમજ સંભવ છે કે આવા અધમ અવતારને પમાડનારાં તારા પૂર્વનાં દુષ્કૃત્યો ઉપર પણ તારા દિલને ખેદ થતો હશે; અને તને એમ પણ નિરાશા થતી હશે કે હાય ! હું તો હારી ગયો ! હવે મારાથી આવા હલકા જન્મે સારું શું થઈ શકે ?

'પરંતુ હે ભાગ્યવાન ! તારે એમ નિરાશ થવાની જરૂર નથી. જાગ્યા ત્યાંથી સવાર. તું કહીશ કે 'જાગ્યો તો ખરો, પણ શું કરી શકું ?' પરંતુ જો, દેશાવકાશિકનું એક મહાન વ્રત છે એ તું વારે વારે આચરી શકે. એમાં તારે ફાવે એટલા સમય માટે અમુક ચોક્કસ ધારેલી જગામાં રહી સંકલ્પ કરવાનો કે આટલા સમય માટે મારે આ જગાની બહારનું બધું ત્યાજ્ય; બહાર જવાનું ય બંધ. આ વ્રતથી તને



દુનિયાના પાપોના ભારથી એટલો સમય મુક્તિ મળશે; અને એટલો સમય એ જગામાં રહ્યા તારે તારા દુષ્કૃતોની નિંદા-ગર્હા-પશ્ચાત્તાપ કરવા પૂર્વક 'નમો અરિહંતાણં' નો જાપ તેમજ અરિહંતનું ધ્યાન ધરવાનો સંકલ્પ રાખી એ જ કરવાનું. એથી તને અથાગ પુણ્યાનુબંધી પુણ્યનો લાભ તેમજ પૂર્વસંચિત પાપોના ક્ષયનો લાભ થશે. શાસ્ત્રે કહ્યું છે, **'ભત્તીઈ જિણવરાણં ખિજ્જંતિ પુવ્વસંચિય કમ્માઈં'**

શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિથી પૂર્વ-સંચિત કર્મોનો નાશ થાય છે.

બસ, હે મહાભાગ્ય ! દિવસ-રાત બને તેટલું આ વ્રતમાં રહ્યા કર. તારા આત્માનું મહાન ઉત્થાન થશે.

એટલું ધ્યાન રાખજે કે વ્રતમાં રહ્યો હોય અને કદાચ કોઈ શિકારી પશુ વગેરેનો ઉપસર્ગ-ઉપદ્રવ આવે તો ય ત્યાંથી ચસકવાનું નહિ. ભાગી જવાનું નહિ, વ્રત એ વ્રત; પછી ભલે શરીર પેલાના જડબામાં ચવાઈ કાં નથી જતું ! માનવાનું કે

'આ માટીનું શરીર એક દિ તો મૂકવાનું જ છે, પણ તે પાપમાં રહ્યે મુકાઈ જાય એના કરતાં આવી ઉત્તમ વ્રતસાધનામાં રહ્યે મુકાઈ જાય એવું મારું અહોભાગ્ય ક્યાંથી ? વ્રત વિના પણ આમે ય જંગલનાં જીવનમાં ક્યારેક ગફલતમાં વાઘ વરુના મોંમાં ચવાઈ જવાનો સંભવ ક્યાં નથી ? બાકી શરીર ચવાવાની પીડા તો મેં પૂર્વે અનંતી વાર વેઠેલી નરકની અનંતગુણી વેદના આગળ શી વિસાતમાં છે ? અને પૂર્વ જીવનોમાં જે હિંસાદિ પાપોના ઢેર આચર્યા છે એની આટલી સજા વેઠી લેવી એ કાંઈ વધારે પડતી નથી.'

આમ વ્રતમાં બેસતા પહેલાં જ વિચારી લેવાથી વ્રતમાં સારી દૃઢતા-સ્થિરતા-નિર્ભયતા રહેશે. એમ સ્થિરતાથી આ વ્રત પાળી આ પશુના પણ જીવનને પૂર્વના મનુષ્ય જીવન કરતાં ય સારો ઉચ્ચ ફળદાયી બનાવી જા એવી તારા માટે અમારી અંતરની શુભેચ્છા છે."

વાનરને મનુષ્ય જેવી વાચા નહિ, તેથી મુંઝવણ હતી દિલનું દર્દ કહી શકતો નહોતો કે માર્ગદર્શન માગી શકતો નહોતો; પરંતુ એના એવા કોઈક પુણ્યના ઉદયે સાધુ મહારાજે સામેથી જ એને હિંમત આપી વ્રતનું માર્ગદર્શન આપ્યું ! એને હર્ષનો પાર ન રહ્યો, એનું ભારે દિલ ફોરું બની ગયું, આંખમાં હવે હરખના આંસુ આવી ગયા. રોતી આંખે વિચારે છે કે, 'અહો ! મુનિનો કેટલો ઉપકાર માનું ! મને આવા અધમ જીવનમાં પણ સાધી શકાય એવો કેટલો બધો ઉચ્ચ કોટિનો ધર્મ બતાવ્યો ! અહો ઉપકારી ! અહો ઉપકારી ! વિચારતો ઊઠીને વારંવાર મુનિના ચરણે માથું ઝુકાવે છે, અને હાથ જોડી માથું નમાવી કહેલું સ્વીકારી લે છે.

સાધુ આ બધું જોઈ વાનરને કાંઈક પામી ગયાનું અનુમાન કરીને કૃતાર્થતા

અનુભવે છે કે ‘ચાલો, એક તો કાંટો કાઢનાર ઉપકારીના ઉપકારનો કાંઈક બદલો વાળવાનું બન્યું, ને બીજું ભૂલેલા જીવને માર્ગે લાવવાની ભાવદયા થઈ,’ હવે મુનિ પગ સારો થઈ ગયો હોઈ ત્યાંથી ઊઠીને પોતાના રસ્તે પડી ગયા. સાધુસમુદાયને જ્યારે ભેગા થઈ આ વાત કરી હશે કે ‘જંગલના વાનરે આવી આવી રીતે કાંટો કાઢી પગને તરત રુઝ લાવવાનું કર્યું, ને તે પછી વાનર રોતો બેઠો, એ ઉપદેશથી સ્વસ્થતા પામ્યો,’ આમ સાધુએ મુનિઓને કહ્યું હશે ત્યારે મુનિઓ કેટલું બધું આશ્ચર્ય પામ્યા હશે !

**જગતમાં જીવ પાપી બને એ આશ્ચર્ય નથી, કિન્તુ ધર્મી બને એ આશ્ચર્ય છે; ને એમાં ય જંગલના પશુ-અવતારે ધર્મી બને એ વળી મોટું આશ્ચર્ય છે.**

**ધર્મી બનવામાં આશ્ચર્ય શું ?**

આ, કે (૧) જગતના લોભામણા વિષયોના સંયોગ, અને (૨) જીવની અનાદિરૂઢ વિષયોની આ દારૂખાના અને દેવતાનો યોગ છે. આ બે એવા જોરદાર છે કે કેટલીકવાર ખુદ તીર્થંકર ભગવાનની દેશનાને ય સફળ ન થવા દે. પછી જીવ ધર્મી શી રીતે બની શકે ? ભગવાનના સમવસરણમાં એવા ય દેવો-મનુષ્યો-તિર્યંચો હોય કે જે માત્ર કાનથી વાણીની અપૂર્વ મીઠાશનો રસ લૂંટે, બાકી આત્માને કશું અડાડવાની કે પાયાનો વૈરાગ્ય પામવાની ધર્મ પાળવાની વાત નહિ. આ સ્થિતિમાં નથી ને કોઈ જીવ ધર્મ પામી જાય, તો શું એ આશ્ચર્ય નહિ ? એમાં વળી લાંબા ઉપદેશ વિના અને તે પણ આવો જંગલી વાનર જેવો જીવ મુનિનાં દર્શને ધર્મ પામે એ ઓછું આશ્ચર્ય ?

વળી સાધુ એટલે ધર્મના પાકા પક્ષકાર, અને ધર્મમય જ જીવન જીવનારા; એમને આવો વાનર જેવો જીવ ધર્મ પામ્યાનું જાણવા મળે, એની કેટલી બધી આનંદ સાથે અનુમોદના થાય ! અસ્તુ

વાનરના આ પ્રસંગો ઘણું શીખવી જાય છે. જુઓ, ‘કથા સુણીને ફૂટ્યાં કાન, તો ય ન આવ્યું બ્રહ્મજ્ઞાન,’ એવું નથી કરવાનું. કથામાંથી જાત માટે બોધ લેવાનો છે; તો કથા સાંભળવામાં કાઢેલો કિંમતી માનવ સમય વેડફાઈ ગયો ન થાય. બોધ આ લેવાનો;

**વાનરના જીવનમાંથી લેવાનો બોધ :-**

**(૧) ભવવનમાં મુનિદર્શને ચિંતન :-**

વાનર જંગલમાં મુનિને જોઈ ચોકી ઊભો રહી જાય છે, અને એમને જોઈ જોઈ ચિંતા-ઉહાપોહમાં ચડે છે. એમ સંસારરૂપી વનમાં રહીએ છીએ કે જે મોહમાં ફસેલા એવા પાપાચરણ કરનારા જીવોરૂપી ઝાડવાથી ખચ ભરેલો છે. એની વચમાં



મુનિનાં દર્શન થાય ત્યાં ચમકારો થાય કે ‘ઓહો ! આ ભવવનમાં મને મુનિનાં દર્શન ?’ એમ ચમકીને ઊભા રહી જવાય, અને મુનિને નમસ્કાર કરાય. મન ચિંતનમાં ચડે કે ‘કેવું આમનું ધન્ય જીવન ! હું ય આ જ ધરતી પર રહું છું, ને એ પણ આ જ ધરતી પર રહે છે, છતાં મારા જીવનમાં દિવસ રાત કેટલાં બધાં પાપ ? ને આમનું જીવન કેવું નિષ્પાપ અને ભરચક સત્પ્રવૃત્તિભર્યું ! શું હું આટલો બધો નિષ્પાપ તો નહિ, પણ થોડાં ય પાપ ઓછા કરનારો ન બની શકું ? દા.ત. જરા જરામાં ખુશી, જરા જરામાં હાસ્ય, મફતિયા બોલવાનું, સહેજ સહેજમાં મનને ઓછું લગાડવાનું, તુચ્છ સ્વાદમાં લીન થવાનું...વગેરે વગેરે પાપ પણ ન અટકાવી શકું ?’ આવાં ચિંતનથી મનને બળ મળે છે, પ્રેરણા મળે છે. પહેલાં તો એ જુઓ કે મુનિને દેખતાં ‘અહો ! કેવા ભાગ્યવાન !’ એમ ચમકારો થઈને ઊભા રહેવાય છે ?

**દુર્લભ સાધુ-સેવા ઝડપી લો :-**

(૨) વાનરને જાતિ સ્મરણ થતાં, પોતાની પૂર્વ આવડતનો ઉપયોગ કરીને એ મુનિની સેવામાં લાગી જાય છે. એ પરથી આપણે આ બોધ લેવાનો કે મુનિનો યોગ મળતાં આપણે પણ આપણી આવડત અને પહોંચ પ્રમાણે મુનિની સેવામાં લાગીએ. આ અસાર ફાની દુનિયામાં આ સાર છે કે મહાન બ્રહ્મચારી અને સંયમી તથા ધર્મમય જીવન જીવનારા સાધુમહાત્માની સેવા કરી જવાય. બાકી દુનિયાદારીમાં તો આપણને મળેલા મહાકિંમતી જીવન-સમય, પુણ્યાઈ, તન-ધન-ચીજવસ્તુ અને કાયા તથા પુરુષાર્થ-શક્તિ બધું જ વેડફાઈ જઈ રહ્યું છે. આવી સેવામાં એ જેટલું લેખે લાગે એ આ જીવનમાંથી સાર ખેંચવાનો છે. મુનિની સેવા મળે ક્યાંથી ? બહુ દુર્લભ છે. એ જો અહીં મળે છે તો એને ઝટ ઝડપી લઉં.

**“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૨૨,અંક-૪૮,તા.૨૪-૮-૧૯૭૪**

**(૩) સ્વાર્થ-સાધનામાં અધોગતિઃ પરાર્થમાં ઉદય :-**

વાનરે પૂર્વે મનુષ્યભવે વૈદ્યપણાની આવડતનો કેવળ સ્વાર્થ સાધનામાં ઉપયોગ કરેલ, તો એની અધોગતિ થઈ. કેટલી બધી અધોગતિ ? જંગલના અધમ વાનરના અવતારમાં ફેંકાઈ જવાનું અધઃપતન ! ત્યારે અહીં વાનર અવતારે હવે એ વૈદ્યપણાની યાદ આવેલી આવડતનો મુનિની સેવામાં અર્થાત્ પરાર્થ-પ્રવૃત્તિમાં ઉપયોગ કરે છે. તો એ પરાર્થ-પ્રવૃત્તિ એનો ઉદય કરનારી બને છે. આ પરથી આપણે આ બોધ લેવાનો છે કે આપણે સ્વાર્થ-સાધનાની પ્રવૃત્તિ ઓછી કરી આપણી આવડત અને સામગ્રીથી પરાર્થપ્રવૃત્તિમાં શક્ય એટલું લાગ્યા રહીએ. શોધતા ફરીએ કે ‘ક્યાં મને

સેવાનો લાભ મળે છે ? ક્યાં મારી બુદ્ધિ-શક્તિ અને મારી ચીજવસ્તુ તથા ઉદ્યમ દેવ-ગુરુ સંઘ-સાધર્મિક વગેરેમાં ઉપયોગી થાય છે ? અરે ! વિચારો કરું તે પણ આડા અવળા મફતિયા વિચાર કરું એમાં તો બુદ્ધિ-શક્તિ વેડફાઈ જઈ અધોગતિ સર્જનારી બને છે. તો લાવ, વિચાર મારા વહાલા વીર ભગવાનના ગુણોના, સુકૃતના, જીવન પરાક્રમોના જ કરું. બુદ્ધિશક્તિ એમાંજ વાપરું. એમ મારા જાત-ભોગ અને કુટુંબને મહાલાવવામાં મારું અઢળક ખરચાઈ જાય તો દેવગુરુભક્તિ અને સાધર્મિકની સેવા અને ઉદ્ધારમાં ખરચું.' બસ, વાત એક તન-મન-ધન-વચનથી પરાર્થ-પ્રવૃત્તિ શોધી શોધીને કરાય.

રાખ્યું છે આ કરવાનું ? શોધી શોધીને બીજાની સેવા કરવાના કોડ પણ છે ખરા ? સેવાના કોડ, સેવાની લગન છે ક્યાં ? એ હોય તો તો મનમાં એના વિચાર ચાલે. પણ લગન સ્વાર્થની છે, તેથી સ્વાર્થના વિચાર ભરચક ચાલે છે. પરાર્થના વિચાર જ ક્યાં આવે છે ? મનને ક્યાં એવું વારે વારે થાય છે કે

'અરે ! આ સ્વાર્થની રમત ગમે તેટલી કરું, પરંતુ એના સરવાળે શૂન્ય છે. પશુનું જીવન સ્વાર્થ માટે, એમ મનુષ્યનું જીવન પણ નર્યા સ્વાર્થ માટે ? લાભ, સ્વાર્થ કદાચ તદ્દન ન મૂકું, તોય સ્વાર્થની હારોહાર તો પરાર્થ કરતો રહું.' મનને આવું ક્યાં થાય છે ? એ થતું હોય તો જ્યાં પોતાનાં સંતાન માટે કશો ખર્ચ કર્યો કે એની સાથો સાથ સાધર્મિક કે ગરીબ પાડોશી માટે ખર્ચ કરવાનું અવશ્ય કરાય. જાત માટે કશો ખરચ કરતાં, સાથે જ જિનભક્તિ માટે પણ ખરચવાનું કરાય. જાત માટે આલીશાન બંગલો બંધાવતા આવડે, પણ જિનભક્તિ માટે એમાં નાનું ય જિનમંદિર બનાવતાં નથી આવડતું ! ને એ કદાચ આવડે છે તો જિનમંદિર તદ્દન મુફલીસ સાદું !

**સ્વાર્થની હારોહાર પણ પરાર્થ ક્યાં છે ?**

**જેને સ્વાર્થ માટે ઢગલાબંધ બાબતો સાચવતાં આવડે છે, અને પરાર્થની એથી અડધી ય બાબતો નથી સાચવવી, એના મનમાં પરાર્થના વિચાર ચાલે છે એવું શી રીતે મનાય ?**

શું મહાકિંમતી માનવ મન સ્વાર્થનો જ વિચારો કરવા માટે છે ? પરાર્થ કોઈક કરવાનો હોય ત્યાં પણ એમાં પાછો સ્વાર્થનો વિચાર પણ ભેગો ઘાલવા માટે છે ? પેલા વાનરના જીવનમાં જુઓ, મુનિનો જીવલેણ કાંટો કાઢી નાખી એમને એણે સારા કરી દીધા પછી અધમ સ્વાર્થની કશી ઇચ્છા ન કરી આ બોધ લેવાનો છે.

**(૪) દુષ્કૃતોના પસ્તાવા :-**

વાનર હવે પોતાનાં પાપને રુએ છે, પૂર્વ જનમમાં કરેલાં દુષ્કૃતો પર અને



ઉપાર્જેલી પશુગતિ પર આંસુ સારે છે. એ પરથી બોધ લઈને તમારે તમારા દુષ્કૃતો-પાપો અને ક્રોધાદિ દોષો પર આંસુ સારવાના છે ? એણે વૈદકનો ધંધો સંભાળેલો, તમે બીજો સંભાળતા હશો, પણ એને ધંધામાં જિંદગી વેડફી નાખી લાગે છે, તમને એવું કાંઈ લાગે છે ખરું ? 'ના, અત્યારે નહિ; પણ એવો જનાવરનો અવતાર મળ્યા પછી, પૂર્વે જિંદગી વેડફી નાખ્યાનું લગાડીશું,' કેમ એમ જ ને ? 'પેલાનો વૈદકનો ધંધો ખરાબ, ને તમારો ધંધો સારો, સદ્ગતિ અપાવનારો,' શું એવું છે ?

વાત જ આ છે કે ધંધો જ ખરાબ નથી લાગતો, એટલે એનો પસ્તાવો નથી; ને છોકરો ધંધો સંભાળી લેતો થયો તો ય ધંધો મૂકી દેવાનું મન પણ નથી થતું. ઊલટું એમ લાગે છે કે 'ધંધો મૂકી દઉં તો કમાણી જાય, ને દુનિયાના માણસોના સંપર્ક છૂટી જવાથી વટ-આબરૂ વધે નહિ, એવાં માન-સન્માન વધે નહિ. દુકાન પર બેઠા હોઈએ, તો આવતા જતા કે બજારના અને બજાર સાથે સંબંધવાળા કેટલાય માણસના પરિચય રહે.' આવું લાગતું હોય ત્યાં ધંધો પાપરૂપ, એનાથી પૈસા લાવવા એ પાપરૂપ, એને સાચવવા એ પાપરૂપ, ભોગવવા એ પાપરૂપ, આ બધું માનવાનું અને એથી હૈયે ભડકવાનું ક્યાં રહ્યું ? એ નહીં, તો એમાં જિંદગી વેડફાઈ જવાની એ તો લાગે જ ક્યાં ? ત્યારે આજ સુધી કરેલાં ધંધાદિનાં પાપના પસ્તાવા પણ શાના આવે ?

**(૫) પાપના પસ્તાવા પર આત્મ-ચિંતા :-**

પેલા વાનરે પોતાના પૂર્વના ધંધાનો એટલો બધો પસ્તાવો કરવા માંડ્યો કે એમાંથી હવે શો માર્ગ કાઢવો એની ભારે ચિંતામાં ચડે છે. આ પરથી પણ બોધ લેવા જેવો છે કે પાપનો એકલો પસ્તાવો કર્યો, દિલ બાળ્યું, પરંતુ હવે એનું વારણ કેમ થાય? એની અટકાયત કે ઓછાશ કેમ થાય ? ધર્મમાર્ગ ક્યો ક્યો પકડવો ?...વગેરે આત્મ-ચિંતા જ ન હોય, અને ઉપરથી કહે કે 'આપણે તો ભાઈ ! સંસારમાં બેઠા છીએ એટલે શું થાય ? સંસારમાં પાપ વિના કાંઈ ચાલે છે ?' તો એનો પસ્તાવો કેવો ?

**પાપના ખરેખરા પસ્તાવા ઉપર તો એમ થાય કે 'ધિક્કાર હો આ સંસારને કે જ્યાં આવાં પાપ આચરવા પડે છે ?'**

પછી આત્માની ચિંતા જાગે. શરીરમાં કોઈ રોગ ઘૂસી ગયાનું જાણ્યા પછી, એના નિવારણ માટે કેવીક ચિંતા જાગે છે ? વાનરની આત્મ-ચિંતા જુઓ.

વાનરને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો છે, એમાં એને

(૧) માનવભવે ધર્મસાધનાને બદલે કર્મસાધના કર્યાની ભૂલ સમજાઈ છે;

(૨) એની ભયંકર સજારૂપે મળેલ વર્તમાન જંગલી વાનરનો અધમ અવતાર ભારે અફસોસી કરાવી રહ્યો છે, અને

(૩) અહીં એ જ પાછી કર્મસાધના-મોહસાધના ચાલુ રહે તો એની મહાસજારૂપે અધમ તિર્યંચના ભવોની પરંપરા કેવી ચાલે એનો વિચાર દિલને કંપાવી રહ્યો છે.

માણસને વિચાર જોઈએ, પણ વિચાર કેવો ? દીર્ઘ દૃષ્ટિનો, ને આત્માના હિતાહિતનો. વાનર એક તિર્યંચ જનાવર છે; એને આવો વિચાર આવે તથા એ ભારે ખેદ કરાવે અને હૃદયને ધ્રુજાવી મૂકે, તો માણસ જેવા માણસને, તે પણ આર્ય મનુષ્યને આવો વિચાર નહિ ? ને આર્ય માનવભવ સાથે જિનશાસન મળ્યા છતાં એની આરાધના મૂકી મોહસાધના કર્યાનો ખેદ નહિ ? તેમજ એના પરિણામરૂપે ભાવી દુર્ગતિ-પરંપરા આવે એની કંપારી નહિ ? જોજો અનાર્યને આ ન આવડે, પણ આર્યને તો આ વિચાર ખેદ અને કંપારી લાવવા હોય તો આવડે પણ

**આત્મહિતાહિતનો વિચાર, મોહસાધનાનો ખેદ, અને દુર્ગતિ પરંપરાની કંપારી લાવવી નથી, એ ભાવી મોટા કમભાગ્યની આગાહી છે.**

**વાનરની આરાધના :-**

પેલો વાનર 'હવે જો મોહસાધના જ ચાલુ રહે તો કેવી દુર્ગતિની પરંપરા એ વિચાર પર કંપારી અનુભવે છે, તેથી હવે મુનિરાજે બતાવેલ દેશાવગાશિક વ્રતની અને અરિહંતની આરાધના કરવાનું નક્કી કરે છે. પછી તો જ્યાં જ્યાં સમય મળે ત્યારે એ વ્રત લઈને બેસી 'નમો અરિહંતાણં' ના જાપ સાથે અરિહંત પરમાત્માના ધ્યાનમાં બેસે છે. એમાં આની જ લગન છે, એટલે બીજા ત્રીજા વિકલ્પ કરવાનું રાખ્યું નથી; તેમજ આ જીવનનો પણ હવે એવો મોહ નથી.

એટલે એક વાર એવું બને છે કે એક શિલા પર એ વાનર દેશાવગાશિક વ્રત સાથે પ્રભુના ધ્યાનમાં બેઠો છે ત્યાં એક ભૂખ્યો સિંહ બહાર નીકળેલો, એની ગર્જના સંભળાય છે. પરંતુ વાનરને એ વ્રતથી એટલી જગામાંથી બહાર જવાનું નથી; તેથી એ જરાય આકુળતા-વ્યાકુળતા કર્યા વિના ત્યાં જ બેસી રહે છે; બહાર જવાનું મન જ કરતો નથી. જીવવાનો મોહ જ રાખ્યો નથી, તેમ મરણનો ભય નહિ, પછી શું કામ ભાગવાનો વિચાર કરે ? ભૂખ્યો સિંહ એના પર તૂટી પડ્યો, અને જીવતો ચાવી ગયો. વાનરને પરલોકનો ભય છે તેથી વ્રત ને શુભધ્યાનમાં સ્થિર છે.

બસ, વાનર આ વ્રત અને શુભ ધ્યાનના પ્રતાપે મરીને દેવ થાય છે, અને ત્યાં દિવ્ય જ્ઞાનથી પેલા મુનિને જોઈ અહીં આવીને એમને દર્શન આપી પોતાની ઓળખ કરાવે છે, અને પછીથી એમને શાસન-પ્રભાવના કરવામાં સહાયક થાય છે.



વાનર એક જનાવર છતાં સિંહના મોંઢામાં ચવાઈ જવાનો પ્રસંગ આવ્યો તો ય એણે ચિત્તમાં દ્વેષ કે હાય-વોયનો સંક્લેશ ન કર્યો, ચિત્ત બગાડ્યું નહિ. તો જ આટલો ઊંચો દેવગતિમાં ચડી ગયો ! ત્યારે પૂર્વના વૈદના ભવમાં એને ચિત્તમાં લોભનો સંક્લેશ હતો, એટલે એ સંક્લેશે એને જનાવરના અવતારમાં ઉતારી દીધેલો. તો અહીં પોતાનાં શરીરને સિંહ જડબા વચ્ચે જામફળની જેમ બટકી બટકીને ચાવી ખાય, છતાં વાનરને સંક્લેશ-વ્યાકુળતા કેમ નહિ ? કહો, એણે આવું ઘોર પણ કષ્ટ વેઠી નિયમ પાળવાનું સત્ત્વ વિકસાવેલું. પ્રશ્ન થાય,

**પ્ર.-** આટલું મોટું કષ્ટ આવે ત્યાં તો શરીરને બચાવી લેવાનું મન ન થાય ?

**ઉ.-** મન એને થાય જેણે પોતાના દિલને દુન્યવી પદાર્થો સાથે ગાંઠેલું હોય. પરંતુ જેણે પોતાના દિલને જિનવચન-જિનાજ્ઞા સાથે ગાંઠ્યું, એણે તો વ્રતપાલન વખતે શરીરની પરવા મૂકી દીધી. કેમકે,

જિનવચન એને શીખવાડે છે કે

**જિનવચનની શિક્ષા :-**

'જોજે ? શરીર તો જન્મોજન્મ મળ્યાં, અને એને પાળ્યાં આત્માનું ઘણું ઘણું ગુમાવીને પાળ્યાં, કેટકેટલાં કષ્ટ વેઠીને પાળવાનું કર્યું, છતાં એ શરીરોએ જીવનું કશું લીલું વાળ્યું નહિ, કશું ભલું ન કર્યું. ત્યારે કોઈપણ વ્રત કે કોઈપણ દાન-દયા-ક્ષમાદિ ધર્મ એ કાંઈ જનમ જનમ કરવાના મળ્યા નથી. એ જો અહીં મળ્યા છે, તો હવે એનું પાલન કરી લેવામાં જીવનું ઘણું કલ્યાણ છે, પછી ભલે કષ્ટ પણ ભોગવવું પડે, અને અવસરે શરીર પણ જતું કરવું પડે. શરીર રાખીને ધર્મ ગુમાવ્યો એમાં કશું કલ્યાણ તો નહિ, પણ ઊલટું ભાવી દુઃખની પરંપરા ! ત્યારે શરીર ગુમાવીને ધર્મ રાખ્યો એમાં તો મહા-કલ્યાણ, અને ભાવી સુખની પરંપરા ! તો આવો કલ્યાણકર સુખકર ધંધો જ કાં ન પકડી રાખવો ?'

જિનવચન આ શીખવે છે. વાનરે એવાં જિનવચનની સાથે દિલને ગાંઠેલું, એટલે કે દિલમાં નક્કી કરી રાખેલું કે 'મારે હિતકર જિનવચન છે. તો એની સલાહે જ ચાલવાનું. જિનવચન વ્રતનું ને ધર્મનું જતન કરવાનું કહે છે, એ ગુમાવીને શરીરનું જતન નહિ. વ્રત અને ધર્મ તો અમર છે, સંસ્કારરૂપે પરભવે સાથે ચાલનારા; ત્યારે શરીર તો નાશવંત છે. પછી,

**અમરનું જતન મૂકી નાશવંતનું જતન શા સારું કરવું ?**

નાશવંતનું તો ગમે તેટલું જતન કરો, તો ય તે એક દિ' જવાનું જ છે. એના કરતાં જે મારા આત્મામાં અમર થઈ શકે એમ છે, એવા વ્રત ધર્મ અને જિનવચન શ્રદ્ધા,...એનું જ જતન કરું'

બસ, જિનવચન પર અને જિનવચને કહેલા વ્રત ને ધર્મ પર જેણે દિલ જમાવી દીધું, દિલને એની સાથે ગાંઠી દીધું, એણે સહજ છે કે દિલને શરીર-ધન-વિષયો વગેરે પરથી દિલને ઉઠાડી દીધું, એનો ભરોસો મૂકી દીધો, એનું મહત્ત્વ વિસારી દીધું; પછી વ્રત સાચવતાં ધર્મ સાધતાં એ શરીર-ધન-વિષયો પર આક્રમણ આવ્યું તો મુંઝવણ શી ?

**શાંતિનાથ ભગવાને** પૂર્વના મેઘરથ રાજાના ભવમાં દેવ-પરીક્ષામાં શરણે આવેલા પારેવાની રક્ષા ખાતર બાજપક્ષીને પોતાના શરીરમાંથી માંસ કાપી કાપીને આપવાનો અવસર આવ્યો તો આજ વિચાર્યું કે 'નાશવંત એવા શરીરને આપીને જો અવિનાશી દયાની અને શરણાગતની રક્ષાની સાધના કમાવવાનું મળે છે, તો એ કમાવાનું શા માટે જતું કરવું ?' આમ દિલને જિનોક્ત દયા સાથે ગાંઠ્યું, તો ત્રાજવાના એક પલ્લામાં બાજપક્ષની સામે બીજા પલ્લામાં પોતાના શરીરમાંથી માંસના લબરકા કાપી કાપીને મૂક્યે જાય છે, છતાં કંટાળતા નથી, મનમાં દુઃખ નથી કરતા.

**રાજા સૂર્યયશા :-**

ભરત ચક્રવર્તીના મોટા પુત્ર રાજા સૂર્યયશાને પણ રંભા-ઉર્વશીની પરીક્ષામાં અષ્ટમી તિથિનાં પાલન માટે પોતાનું માથું કાપી આપવાનો અવસર આવ્યો, તો એમણે પણ દિલને જિનકથિત પર્વતિથિ-આરાધનાના ધર્મ સાથે ગાંઠેલું એટલે કે દિલમાં શરીર કે એની સુખાકારિતા કરતાં અષ્ટમીતિથિ-પાલન અખંડ રહેવા પર મહત્ત્વ સ્થાપેલું, તેથી પોતાનું ગળું કાપી માથું આપવા તૈયાર થઈ ગયા, પણ તિથિ-આરાધના પડતી મૂકવાનું ન સ્વીકાર્યું. પછી ગળા પર પોતાના હાથે તલવારનો ઝટકો મારતાં દેવી અદૃશ્યપણે તલવારને ગળા પર અડધે કપાયેથી અટકાવી દે છે, ને ગળું પૂરું કાપી આપી શકાતું નથી, તો રાજા તલવાર બહાર કાઢી લઈ ગળા પર નવો ઝટકો લગાવે છે. એ ય દેવીએ અડધે અટકાવ્યો, તો ફરીથી ત્રીજો ઝટકો. એમ ૯-૯ ઝટકા લગાવ્યા, પણ અષ્ટમી-પાલનની ટેકમાંથી ડગ્યા નહિ, કે કંટાળ્યા યા દુઃખી થયા નહિ.

તમે કહેશો, 'આ તો બધી ચોથા આરાની વાતો,' પરંતુ આ પાંચમા આરામાં ય જુઓ,

**રાજા કુમારપાળે** દિલ જિનવચન અને જિનોક્ત દયાદિ ધર્મ સાથે ગાંઠેલું તેથી કંટકેશ્વરી દેવીના ઉપદ્રવમાં ય ઉપદ્રવ સહ્યો એક પણ દયા મૂકી નહિ. નવરાત્રિમાં દેવી કહે, 'પરંપરાથી બોકડાનો ભોગ અપાતો આવ્યો છે, તો તું પણ ભોગ આપ. નહિતર આ ત્રિશૂલના ઘાથી તને ખત્મ કરીશ.' ત્યાં કુમારપાળે શું કહ્યું ? ધર્મથી ડગ્યા ? 'લે, ભલે ત્યારે એક બોકડાનો ભોગ આપું છું,' એમ કહ્યું ?



ના, એ તો બોલ્યા.

તું દેવી તો જીવોની માતા ગણાય. જીવો એ તારા બાળ ગણાય. છતાં તારે જીવનો ભોગ લેવો છે, તો તું દેવી નહિ, રાક્ષસણી છે. તું ભલે ને એવી થા, પણ હું જીવનો ભોગ ન આપું. તારાથી થાય તે કરી લે હું દયા ધર્મ નહિ છોડું.'

દેવીએ લલાટમાં ત્રિશૂલ મારી અસહ્ય કારમી વેદના ઊભી કરી, કુમારપાળનું શરીર કોઢિયું બનાવી દીધું. દેવી કહે છે, 'બોલ, હજી માને છે ? તો સાજો કરી દઉં. નહિતર સવારે લોકમાં ફજેત થઈશ કે જોયો આનો દયા ધર્મ ? આ ફળ મળ્યું. માટે દયાનું ગદ્ધાપૂછ મૂકી દે.'

આટલું છતાં કુમારપાળ ડગતા નથી. બોકડાનો ભોગ આપવા મંજૂર થતા નથી. કેમ ? દિલ જિનવચનની સાથે અને જિનોક્ત દયાધર્મની સાથે ગાંઠેલું છે.

**કુમારપાળનું ધર્મ માટે પરાક્રમ :-**

તો શું સવારે ધર્મની ફજેતી થવા દેવાની ? ના, રાજા ત્યાં ઉદાયનમંત્રીને બોલાવી કહે છે, 'તરત એક ચિતા તૈયાર કરાવી સળગાવો, હું એમાં પડીને બળી મરીશ. વિલંબ ન કરો, સવાર પડતા પહેલાં મારા શરીરની રાખ થઈ જવી જોઈએ; જેથી કોઈને ય મારું આવું કોઢિયું શરીર જોવા મળે જ નહિ. નહિતર અજ્ઞાન લોક જૈનધર્મની હાંસી કરે કે જુઓ આ ધર્મ દયાનું આવું ગદ્ધાપૂછ પકડાવે છે કે જે અહીં જ આવી સજા ભોગવાવે.'

અલબત પછીથી ઉદાયનમંત્રીએ તો ગુરુ ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને પૂછવા કહ્યું, અને તેમ કરતાં ગુરુએ મંત્રશક્તિથી દેવીને સીસામાં ઉતારી અને અંતે દેવીએ માફી માગવી પડી; એણે કુમારપાળને સાજા કરી દીધા, અને રાજાના કહેવાથી 'હવેથી કદી આવા ભોગ માગવાના નહિ.' એ કબૂલાત કરી, આમ અલબત ગુરુની દરમિયાનગીરીથી સૌ સારા વાનાં થઈ ગયાં, પરંતુ કુમારપાળે એ અપેક્ષા રાખી નહોતી, પણ પોતે જીવતા બળી મરવા તૈયાર થઈ ગયેલ. શાથી ? કહો,

એમણે દિલને જિનવચનની સાથે અને જિનોક્ત દયાધર્મની સાથે ગાંઠ્યું હતું; પરંતુ એ ગુમાવીને શરીર-સુખાકારિતાની સાથે દિલને ગાંઠેલું નહિ.

અહો ! જો આપણાં જીવનમાં આટલું આવી જાય, તો જીવનમાંથી કામ-ક્રોધ-લોભ, અભિમાન-પ્રપંચ વગેરે ઘણા ઘણા દોષો ને ઓછા કરી નાખવાનું સહેલું છે; કાયરતા ટાળી ધર્મના પરાક્રમ ખેડવાનું, કૃપણતા મૂકી સુકૃત-પરોપકાર કરવાનું સંસારભક્તિ છોડી પરમાત્માની ભક્તિ કરવાનું...વગેરે વગેરે સહેલું છે. કેમકે એ માટે એટલું જ જોવાય કે 'દુન્યવી સુખો, દુન્યવી વાહવાહ, શરીર

સુખાકારિતા, વગેરે કરતાં અનંતકાળે પણ દુર્લભ એવાં જિનવચનની મોટી કિંમત છે. જિનોક્ત ધર્મસાધનાઓનાં બહુ મૂલ્ય છે. એ જો મારા દિલને જચે છે તો પેલા સુખો વગેરે આ શા માટે ગુમાવું ? એ નાશવંત સુખો જતા કરી જિનવચન-પાલન અને જિનોક્ત ગુણો-સુકૃતો-સાધનાઓને જ મારા જીવનમાં ઝગમગતા રાખું.'

બોલો, તમે દિલને જિનવચન સાથે ગાંઠ્યું છે ? હવે ગાંઠવું છે ? જો ગાંઠો તો ગુસ્સાખોર સ્વભાવ પલાયન થઈ જશે. કશુંક અણગમતું દેખી અંતરમાં ગુસ્સો ઊઠવા જાય ત્યાંજ મનને થશે કે,

'ગુસ્સો, શા માટે કરું ? આ તુચ્છ દુન્યવી બાબત માટે ? મારા ભગવાન ગુસ્સો કરવાની ના કહે છે, ને ક્ષમા-સમતા-કરુણા કેળવવાનું કહે છે. તો ભલે ચીજ-વસ્તુનું નુકસાન થાય, પણ ગુસ્સો કરીને જિનાજ્ઞા ભાંગી મારા આત્માને અનંત ભવમાં ભટકવાનું મહા-નુકસાન ન વહોરું.

**ગુસ્સાથી વસ્તુ બની ન બની નહિ થાય, અને ગુસ્સો કરતાં ગુસ્સાની અનંત કાળનો સ્વભાવ પુષ્ટ રહેશે.**

તો પછી ક્યારે એને મોળો પાડવાનો ? ક્યારે જિનવચન સાથે દિલ ગાંઠવાનું ?'

આમ વિચારી જિનવચન સાથે દિલ ગાઠવામાં આવે, એટલે ગુસ્સાનો સ્વભાવ કાબૂમાં લેવાય.

એમ, કામવાસનાને પણ કાબૂમાં લેવાનું કરાય દિલને જિનવચનની સાથે ગાંઠવું જોઈએ. એના પર આ વિચાર કરાય કે,

'જીવ ! તારે આ ઉચ્ચ ભવમાં શું કમાવું છે ? અનંત કલ્યાણકર જિનવચનની આરાધના ? કે એની ઉપેક્ષા કરીને કામવાસનાનું પોષણ ? યાદ રાખ, વાસનાનાં પોષણ તો હલકા અનાર્યના કે તિર્યંચ પશુના અવતારે પણ મળશે, પણ ત્યાં જિનવચનની આરાધના નહિ મળે; જિનોક્ત બ્રહ્મચર્યની સાધના નહિ મળે. ઊલટું,

**'ભાવ તેવો ભવ,' એ ન્યાયે અહીં કામ-વાસનાનો ભાવ પોષ્યા કર્યાથી એ સારી રીતે પોષાય એવો પશુનો ભવ મળશે. તો શું આવા ઉચ્ચ ભવમાંથી એ નીપજાવવાનું ?**

વળી એ કેમ ભૂલી જાય છે કે વાસના પોષવા છતાં તૃપ્તિ ક્યારે થઈ ? મનને લાગે કે, 'આટલી વાર સેવી લઉં એટલે શાંતિ થઈ જાય' અને એમ કરીને શાંતિ કરી લીધી, પરંતુ તેવી તો કેટલી ય વાર વાસના જાગી, ને શાંતિ કરી, એમાં વાસના સમૂળગી બંધ ક્યાં થઈ ? એ શાંતિ તો ક્ષણિક; પાછી વળી વાસના જાગે જ છે. તો પછી એમ એનો આરો ક્યારે ? જિનવચન કહે છે એ તો મન



મારીને એના પર સંયમન મૂકી દે, એક દિવસ, બે દિવસ,...બાર...બાવીસ દિવસ...એમ કરતાં કરતાં એ વાસના મોળી પડી ઊઠવા જ નહિ પામે. 'બસ, જો મારે દિલ જિનવચન સાથે ગાંઠ્યું રાખવું છે, તો દુન્યવી સુખની લાલસા સાથે દિલને નહિ ગાંઠવાનું.

**મોટા વૈભવી અને મહાભોગી આત્માઓ જો જિનવચન સાથે દિલ ગાંઠ્યા પછી ભોગ જતા કરી શક્યા, તો ઠીકરા જેવા ભોગ-સાધનવાળા મારે ભોગ જતા કરવાનું શું કઠિણ છે ?'**

બસ, આ જ વાત છે કે દિલ જિનવચનની સાથે ગાંઠો, તો કામ-ક્રોધ-લોભ વગેરે દોષોને દબાવવાનું મહાકલ્યાણકારી કામ સહેલું થશે એમ જ ઉદારતા, સહિષ્ણુતા, વૈરાગ્ય વગેરે ગુણો કેળવવાનું પણ સહેલું થાય. મનને એમ થાય કે

આ જગતમાં જિનવચન મળવા બહુ દુષ્કર ! એ જો મને મળ્યાં છે, અને મારે જો એનો ખપ છે, તો એણે મારા હિતના માટે ફરમાવેલ ત્યાગ-સંયમ-ક્ષમા-નિસ્પૃહતાદિની જ લાલસા રાખ્યા કરું, એ કેળવવા શક્ય ઉદ્યમ કર્યા કરું.

**જગતના નાશવંત વૈભવ વિષય-વડાઈ પર મોહી જવા કરતાં જિનવચન પર જ કાં ન ઓવારી જવું ?**

ઉત્તમ આત્માઓ આમ જિનવચન જિનશાસન પર ઓવારી ગયેલા અને દિલને એની સાથે ગાંઠી દીધેલું તેથી એમણે એક બાજુ તો દાનાદિ ધર્મની ખૂબ લાલસા રાખી મહાન સાધના અપનાવેલી, અને બીજી બાજુએ ચિત્તના રાગાદિ સંક્લેશ પર ભારે અંકુશ રાખેલો. આ બંને જરૂરી છે. મહાવીર ભગવાનના જીવ વિશ્વભૂતિ મુનિએ એમજ સંયમ-તપ-સાધના ભગીરથ લગાવેલ, અને એ ચિત્તને સંક્લેશ વિનાનું રાખતા; પરંતુ પિતરાઈયાનાં મશ્કરી-વચન પર ભૂલ્યા અને ચિત્ત અભિમાનના સંક્લેશમાં જવા દીધું તો ગબડ્યા; ને તપ-સંયમની સાધના બાજુએ રહી ગઈ. અને પછી ત્રિપૃષ્ઠ વાસુદેવના અવતારે જાલિમ સંક્લેશમાં તણાયા; જેનાં દુઃખદ પરિણામ રૂપે ૧૯મા ભવે સાતમી નરક, પછી સિંહનો ભવ, પછી ૨૧ મા ભવે ચોથી નરકે; અને ત્યાર પછી ઘણો કાળ ક્ષુદ્ર ભવોનો સંસાર ચાલ્યો.

ચિત્તમાં રાગ-દ્વેષ કે અભિમાનનો સંક્લેશ કેવો જાલિમ નુકસાન કરનારો બને છે ! મહાત્યાગ-સંયમ અને જ્ઞાનાદિની સાધનાને નિષ્ફળ બનાવે છે, અને દુર્ગતિના ભવોમાં ભટકાવે છે !

**જો સંયમી સાધુને ય સંક્લેશ આમ ગબડાવે, તો ઘરવાસમાં લહેરથી રહેનારાને થતા ચિત્ત સંક્લેશો કઈ દુર્દશા પમાડે !**

તપાસી જુઓ તમારે ચિત્તસંક્લેશો કેટલા ચાલે છે ? રાગમાં મગ્નતા,

દ્વેષમાં મગ્નતા, કામની લાગણીમાં મગ્નતા, ક્રોધ-લોભ-ઈર્ષ્યા-ગુમાન વગેરેમાં મગ્નતા, ચિત્તસંક્લેશ છે. રોજના જીવનમાં ય તપાસો આમાંનું કેટલું ચાલતું હોય છે ? આટલા ભરચક સંક્લેશોનું ભયંકર પરિણામ કેવું ? એનો અંત કેટલા ભવે ?

જુઓ, મહાવીર ભગવાનને પૂર્વભવોમાં ૧૬મા વિશ્વભૂતિના ભવેથી સંક્લેશ ચાલુ થયો, તો ૨૧મા ચોથી નરકના ભવ અને પછી દીર્ઘકાળ ક્ષુદ્ર ગણતરી-બહારના ભવો સુધી એની દુઃખદ અસર ચાલી એટલા દીર્ઘાતિદીર્ઘકાળે સંક્લેશની અસર મોળી પડી ત્યારે ૨૨મા ભવે મનુષ્ય અવતાર અને શુભ દશામાં આવ્યા; અને ૨૩મો ભવ પ્રિયમિત્ર નામના ચક્રવર્તીનો પામ્યા; તે પણ પુણ્યાનુબંધી પુણ્યનો.

**સંક્લેશ દબાવ્યા વિના પુણ્યાનુબંધી પુણ્ય ન મળે ?**

**મહાવીર પ્રભુ પૂર્વે પ્રિયમિત્ર ચક્રી :-**

પ્રિયમિત્ર ચક્રવર્તી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલા છે, એટલે આયુષ્ય ૮૪ લાખ પૂર્વવર્ષોનું છે. એક પૂર્વ ૭૦૫૬૦ અબજ વર્ષોનું થાય. એવા લાખો પૂર્વ ચક્રવર્તીપણાની સાહ્યબી ભોગવે છે. એટલું બધું લાભ અને ભોગનું પુણ્ય લઈને આવેલા છે ! છતાં ખૂબી જુઓ કે એટલા બધા ભોગવટા પછી એ એવા ગળિયા નથી બની જતા, અર્થાત્ રાગાદિના ઉગ્ર સંક્લેશથી નથી પીડાતા કે જિંદગી એમાં જ પૂરી કરે. છેલ્લા એક ક્રોડ વરસ બાકી રહેતાં પ્રિયમિત્ર ચક્રવર્તી વૈરાગ્ય વિકસાવીને સંસાર-ત્યાગ કરી ચારિત્ર લે છે.

આજના જીવોની દશા જુઓ, બહુ કાળ સુખ અનુભવ્યા પછી ખૂબ ગળિયા બની જાય છે, તે ત્યાગની વાતથી ભડકે છે. મનમાં નક્કી કરી બેસે છે કે, 'આપણાથી કાંઈ આ જીવનમાં ત્યાગ, ચારિત્ર બની શકે નહિ.' કારણ ? સુખ ભોગવ્યાં તે એમાં ગળાબૂડ ગરકાવ થઈને; અર્થાત્ ભારે રાગદશા રાખીને; રાગના સંક્લેશમાં રમતા રહીને. એવા **દીર્ઘ કાળના રાગાદિના સંક્લેશના અભ્યાસમાં જીવ નિઃસત્ત્વ બને છે. નિઃસત્ત્વ જીવ હવે શી રીતે સંસાર-ત્યાગ કરવાનું સત્ત્વ દાખવી શકે ?**

ત્યારે એક સવાલ થાય, કે પ્રિયમિત્ર ચક્રવર્તીને એટલા બધા વિપુલ સુખોમાં લાખો હજાર અબજો વરસ વીતવા છતાં કેમ એ એવા ગળિયા નિઃસત્ત્વ ન બની ગયા.

કહો, પૂર્વે વિશ્વભૂતિ મુનિના અવતારે વર્ષો સુધી કઠોર સંયમ અને ઘોર તપસ્યાની સંક્લેશો ટાળીને સાધના કરી હતી ને ? અલબત પાછલા કાળે ભૂલા પડેલા, પરંતુ તે પહેલાંની નિરાશંસભાવે અને સંક્લેશ વિના કરેલી સાધનાના સંસ્કાર ઓછા નહોતા. વળી વળતા પાણી થયા પછી ૨૨ મા ભવે મનુષ્યપણે શુભદશા કેળવી છે એટલે ૨૩ મા ભવે ચક્રવર્તીના સુખ-ભોગમાં એવા તીવ્ર સંક્લેશ નથી કે જે એમને સત્ત્વહીન બનાવે.



આ સમજી લો કે રાગાદિ-સંક્લેશ સત્ત્વનો નાશ કરે છે.

અત્યારે તમારાથી વિશિષ્ટ ધર્મ-સાધના નથી બનતી પણ આગળ ઉપરે ય જો વિશિષ્ટ ધર્મ-સાધના કરવી છે તો આ ધ્યાન રાખો કે,

**ભાવી ધર્મસાધના માટે એ પહેલાનું જીવન રાગાદિના સંક્લેશ-ચિકણાશ-તીવ્રતા વિનાનું જીવાવું જોઈએ.**

બહુ રાગ, બહુ દ્વેષ, બહુ હરખ, બહુ ખેદ, બહુ વાસના...આ બધા ચિત્તના સંક્લેશો છે સાવધાન ન હોય એને જરાકશી ચટણી ય બહુ રાગ કરાવી જાય છે. એ રાગ એવો કે જો ચટણી ન હોત તો આખું ભોજન લૂખું લાગત અને માત્ર ચટણી હોવાથી ભોજન ટેસ્ટદાર લાગે છે. વસ્તુમાં વિસાત નથી, પરંતુ અંતરની રાગદશા સતેજ છે, મોળી નહિ. આ સંક્લેશ છે. આવા સંક્લેશ તો કેટલી ય બાબતોમાં !

તો વિચારવા જેવું છે કે જેણે જીવનમાં બહુ જરૂરિયાતો ઊભી રાખી છે, એને એના રાગના સંક્લેશ કેટલા ? 'ભોજનમાં રોટી-દાળ ઉપરાંત શાક જોઈએ, ચટણી જોઈએ, અથાણું જોઈએ, પાપડ જોઈએ, મીઠાઈનો ટૂકડો ય જોઈએ, આ લત જેને છે, એને એ એકેકી ચીજ પર કેવો રાગ રહેવાનો ? એમાં આઘું પાછું થતાં ખેદ કેવો ? મળ્યું તો ખાઈ લે છે, પણ એની બહુ તાલાવેલી નથી, એ રાગના સંક્લેશથી, અને ન મળે તો ખેદના સંક્લેશથી બચી શકે. બાકી બહુ જરૂરિયાતવાળા અને તાલાવેલીવાળાનો મરો છે; કેમકે પુણ્ય દૂબળું છે એટલે બધું બધી વાતે ય મનમાન્યું બનતું નથી; એક યા બીજી રીતે અણગમતું બન્યા કરે છે. પછી ત્યાં વાતે વાતે ખેદ થયા કરવાનો. એક દિવસમાં આવા ખેદના સંક્લેશ કેટલી વાર એનું માપ કાઢે તો ચોંકી ઊઠે કે 'હેં ? હું દિવસ ભરમાં આટલી બધી વાર ખેદ-ઉદ્વેગ-સંતાપ અનુભવું છું ?'

**ફ્રૂટના બટકે બટકે રાગ સંક્લેશ :-**

ત્યારે એકલા ખેદના જ સંક્લેશ થોડા છે ? એવા ગમતું બની આવ્યાની રતિના-આનંદના ય સંક્લેશ થયા કરતા હોય છે. ખાવાની એકેકી સારી ગમતી ચીજમાં પણ કોળિયે કોળિયે રાગ અને રતિના સંક્લેશ ચાલ્યા કરતા હોય છે. એટલે જ શાસ્ત્રે કહ્યું કે ફ્રૂટ દા.ત. કેળું ખાવા બેઠા, એનો જો લોચો કરી એકસામટો ખાઈ લીધો તો એક વારનો જ રાગનો દોષ નડ્યો; પણ જો એને બટકે બટકે ખાધું તો બટકે બટકે રાગનો દોષ લાગ્યા કર્યો. જેટલાં બટકાં એટલા સંક્લેશ ઊભા થાય.

**કેરીની મોશમમાં મરો : ભવની વિટંબણા :-**

ફ્રૂટ એ કાંઈ જીવન-જરૂરી ચીજ નથી, તેથી એ રાગના સંક્લેશથી જ ખવાવાનું.

એ સંક્લેશ છે માટે તો એને નાના નાના બટકાથી ખવાય છે; પણ નહિ કે સામટો લોચો કરીને એકસામટે. શાસ્ત્ર આના દરેક બટકે જુદું જુદું પ્રાયશ્ચિત્ત લાગવાનું કહે છે. ત્યારે વિચારો કેરીની મોશમમાં જીવનો કેટલો મરો ? કેરીનો રસ-દૂધની જેમ એકસામટો થોડો જ ગટગટાવી જવાય છે ? ના, એમાં રોટલી કે પુરીનું એકેકું બટકું બોળી બોળી ટેસથી ખાવા જોઈએ છે. ત્યાં એક ટંકના ભોજનમાં કેટલાં પ્રાયશ્ચિત્ત લાગવાનાં ? ને કેટલી વાર રાગ-રતિના સંક્લેશ પોષાવાના ? આ માપ નજર સામે નથી એટલે જ કશી જ ચોંકામણ વિના, ને કશા જ ભય વિના એના સ્વાદ ઉડાવ્યે જવાય છે. ત્યાં વિચારો આ ઉત્તમ ભવની કેટલી દુર્દશા ? કેવી વિટંબણા ?

**સંક્લેશના બીજા દાખલા :-**

જીવનમાં આવું કેટલીય બાબતો અંગે બને છે. દા.ત. ઠંડા પવનની લગન રાખી, એટલે ઉનાળામાં વાત ભેગા પંખો ચલાવવાનું મન થશે. પછી જ્યારે જ્યારે ચિત્ત એમાં ગયું ત્યારે ત્યારે પવનની લહેરી-લહેરીએ અંતરમાં એના તીવ્ર રાગનો રતિ-આનંદનો સંક્લેશ થયા કરવાનો.

એમ, 'મકાન આવું સાફ જોઈએ,' 'આવું શણગારેલું જોઈએ,' 'એમાં આવું આવું ફરનીચર જોઈએ,' જેણે એ હિસાબ રાખ્યો, એને એ પ્રમાણે બની આવ્યામાં, જ્યારે જ્યારે એ સાફ સુઘડતા પર, એ શણગાર પર ને એ ફરનીચર પર દૃષ્ટિ જવાની, ત્યારે ત્યારે કલેજે ઠંડક લાગવાની, ચિત્ત રાગ અને રતિ-આનંદના રંગે-સંક્લેશે રંગાવાનું.

એવી રીતે મનમાન્યા સગાં-સ્નેહી ઊભા કરી કલેજે ઠંડક માની કે 'ચાલો સગાં સારાં મળ્યાં,' ત્યાં જ્યારે જ્યારે એના તરફ નજર જવાની કે મનનું ધ્યાન જવાનું ત્યારે ત્યારે ચિત્તમાં રાગસંક્લેશ-રતિસંક્લેશ થયા થવાનો. દા.ત. પત્ની સારી રૂપાળી, સેવાકારી, આમન્યાવાળી અને મનગમતાં સુખ પીરસનારી મળી ને એની હૈયે ભારે ઠંડક છે, તો પછી એના પર જ્યારે જ્યારે નજર પડવાની કે ધ્યાન જવાનું, ત્યારે ત્યારે રાગ-રતિનો સંક્લેશ બની આવવાનો. તો જીવનમાં આ સંક્લેશ કેટલી સેંકડો વાર ?

ત્યારે વળી જેને રૂપાળી પરસ્ત્રીઓ જોવાની લંપટતા છે, એને તો જ્યાં જ્યાં રૂપાળી સ્ત્રી સહેજ પણ જોવા મળી ત્યાં ત્યાં તીવ્ર રાગ-રતિનો સંક્લેશ થવાનો. બજારમાં કે બહાર ફરવા નીકળ્યો ત્યાં તો આજે કેટલીય એવી ઉદ્ભટ વેશવાળી રંગેલીઓ નજરે ચડવાની, તો એકેકી સ્ત્રીનાં દર્શનના હિસાબે કેટલો બધો ચિત્ત-સંક્લેશોનો જુમલો ભેગો થવાનો ?

જીવન તપાસવા જેવું છે કે જીવનજરૂરી ખાવા-પીવા પહેરવા-ઓઢવા-



ભોગવવાનું કેટલું ? ને આવા ચિત્તના રાગ-રતિ-દ્વેષ-ખેદના સંક્લેશો કેટલા ? જેટલા મનગમતામાં રાગ અને આનંદના સંક્લેશ છે, એટલા એમાં વાંકુચૂંકુ થવા પર દ્વેષના-અરુચિના અને ઉદ્વેગના સંક્લેશ થવાના. ત્યારે,

**એકેકા દિવસના જીવનમાં આત્માને કેટ-કેટલા સંક્લેશથી ખરડવાનો ?**

પછી ભલેને દેવદર્શન-પૂજા આદિ થોડી ધર્મક્રિયાઓ કરી લીધી, પરંતુ એના શુભ ભાવની અસર ક્યાં ? જરૂર પડ્યે એ ક્રિયા વખતે ય સંક્લેશ કરી લેતાં આંચકો ક્યાં ? ને આખા દિવસમાં તો વિવિધ ચિત્ત-સંક્લેશોનો મારો ચાલુ જ છે. ત્યાં ધર્મક્રિયા જીવને કેટલો બચાવ આપી શકે ?

**ધર્મક્રિયાની મન પર લાજ હોય તો એ સંક્લેશથી બચાવ આપી શકે,**

મનને એમ થાય કે 'હું આવી રુડી ધર્મક્રિયા કરનારો વીતરાગનો સેવક, મારાથી આવા તીવ્ર રાગના, રતિના, દ્વેષના, ખેદના સંક્લેશ કરાય ?' આમ લજ્જા આવે, તો સંક્લેશથી બચી શકે, ને એ થોડી પણ ધર્મ-સાધનાનાં મહાન ફળ જોવા પામે. પણ જેને આ લાજ નથી, ને એક બાજુ ધર્મસાધના તો થોડી, ને બીજી બાજુ જીવનમાં રાગ-દ્વેષ, હરખ-ખેદ, મદ-ઈર્ષ્યા વગેરેના સંક્લેશ ભરચક સેવ્યે જવા છે, એને પરભવે શો બચાવ મળે ?

**શાલિભદ્રને મહાફળ કેમ ? : સંક્લેશ નહિ :-**

જુઓ, શાલિભદ્રના જીવ મજૂરણના છોકરાને પહેલાં ખીર માટે તીવ્ર રાગ-સંક્લેશ થયેલ, પરંતુ પછી જ્યાં મન ફેરવી એ ખીરને મુનિના પાત્રે વહોરાવી દીધી અને એ લાભ મળ્યાનો અનહદ આનંદ માન્યો ત્યાં પેલા સંક્લેશ ઊડી ગયા, ને હવે તો આ દાનની જ ભારોભાર અનુમોદના છે. પછી ખાવા ફરી ખીર મળી વગેરે જીવનમાં બીજા એવા સંક્લેશ સેવ્યા નહિ, અરે ! એ જ રાતે મોત આવીને ઊભું, તો ય 'હાય ! મારે મરવાનું ?' કે 'ઓ મારી માડી !...' એવો કશો ચિત્તસંક્લેશ કર્યો નહિ; એટલે જ એ અલ્પ પણ દાનનું મહાન ફળ આવીને ઊભું.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૧,તા.૭-૯-૧૯૭૪**

ત્યારે દાન એનું એ, પણ પછીથી ખાવા માટે ફરીથી ખીર મળી, એમાં જો અતિશય રાગનો સંક્લેશ ને આનંદનો સંક્લેશ કર્યો હોત, દાન સ્વીકારનાર ગુરુ વહાલા, એમ ફરીથી ખીર આપનાર માતા વહાલી કરી રાગનો સંક્લેશ સેવ્યો હોત, જીવનમાં પહેલી જ વાર મીઠીમધુરી ખીર ખાવા મળી એનો દિવસમાં આનંદ માન્યા કર્યો હોત, અને અંતે મરવા પડ્યો ત્યાં 'હાય ! મારે મરવાનું ? માતાને

છોડીને જવાનું ? અરેરે ? આટલી બધી ઉદરશૂળની પીડા સહવાની ?...' હાયવોયનો ચિત્તસંક્લેશ સેવ્યા ક્ર્યો હોત, તો શું પેલા દાનનું જોર રહેત ? શાલિભદ્ર જેવો થયેલો સાંભળવા મળે છે એવો થાત ખરો ? ભગવાન ભગવાન કરો;

**ચિત્તમાં પારાવાર સંક્લેશ ચાલતા હોય, કે એક સંક્લેશ પણ જોરદાર ઘર કરી જતો હોય, તો બળવાન ધર્મ પણ ન થાય અને ધર્મનાં એવાં ઊંચા ફળ પણ ન મળે, ઊલટું સંક્લેશનો વારસો મળે.**

આપણા વર્તમાન જીવનમાં રાગ-દ્વેષ, મદ-મોહ વગેરેના સંક્લેશ દેખાતા હોય તો તે શાથી છે ? એજ પૂર્વ ભવના સંક્લેશોનો વારસો લઈ આવ્યા છીએ માટે. એમ ધર્મનો એવો જોરદાર રંગ કે ધર્મમાં દિલની ઓતપ્રોતતા કેમ નથી ? પૂર્વ ભવે ધર્મ કદાચ સેવ્યો હશે, પણ તે ચિત્તમાં સંક્લેશો સેવવા સાથે. તેથી ધર્મ મુડદાલિયો સેવાયેલ એનાં ફળમાં અહીં ધર્મ જોરદાર ક્યાંથી આવે ?

મોટી વાત આ છે કે ચિત્તના સંક્લેશ ઓછા કરવા જ્વલંત જાગૃતિને ભગીરથ પ્રયત્ન રાખીએ.

મહાવીર પ્રભુના જીવ પ્રિયમિત્ર ચક્રવર્તીએ એ જાગૃતિ અને પ્રયત્ન રાખેલા તેથી ઘણું જીવન વહી ગયા પછી અને બહુ પાછલી વયમાં આવ્યા પછી એના મનને એમ ન થયું કે હવે મારાથી ધર્મ શું થાય ? હવે તો શરીરના વળતાં પાણી એમાં ધર્મકષ્ટ શે ઉપાડાય ? ના, મનને આવી કોઈ નબળાઈ ન રાખી; કેમકે દુન્યવી ચીજ, પછી ભલેને છ ખંડની ઠકરાઈ અને અઢળક સંપત્તિ, એની પાછળ એવા જોરદાર રાગ-મમતા-આસક્તિ વગેરેના સંક્લેશ નહિ સેવ્યા હોય બસ, સંસાર ત્યાગ કરી સંયમ માર્ગ અપનાવી લીધો, અને એક કરોડ વરસ સુધી સારી રીતે પાળ્યો.

**ધર્મના કષ્ટ કેમ ભારે લાગે છે ?**

ચક્રવર્તીની સુકોમળ કાયાએ અને મહાવૈભવ ભોગમાં ટેવાયેલી કાયાએ ચારિત્ર માર્ગ સારી રીતે પાળવો એ બચ્ચાના ખેલ છે ? પણ જીવને જ્યારે માત્ર ધર્મનો પક્ષપાત અને ધર્મ સાધવાની લગન ઊભી થઈ જાય, પછી કઠિન પણ ધર્મની સાધના બચ્ચાનાં ખેલ જેવી બની જાય છે, અર્થાત્ સહેલી થઈ જાય છે. ત્યાં પછી બહાનું નથી રહેતું કે 'મારું શરીર એવું કષ્ટ માટે ટેવાયેલું નથી; મારાથી મારે કષ્ટ ન ઊઠાવી શકાય.' દુનિયામાં જુઓને, જીવને એવા અર્થ-કામના લાભ દેખાતા હોય ત્યાં ક્યાં કષ્ટ ભારે, ને ન ઊઠાવી શકાય એવા લાગે છે ? નથી લાગતા, કેમ કે એનો ભારે પક્ષપાત, બહુ મમતા અને જોરદાર લગન છે.

**જેનો પક્ષપાત-મમતા અને લગન ભારે, એના માટે ભારે પણ કષ્ટ જીવ હોંશથી ઉઠાવે છે; ને કષ્ટ ભારે લાગતું નથી.**



તો શું આપણે કર્મના એવા ગુલામ કે એનાં ભારે પણ કષ્ટ ભારે માન્યા વિના ઉઠાવીએ, અને ધર્મના ભારે કષ્ટ ઉઠાવવા તૈયારી નહિ ? ધર્મમાં ભારે સુંવાળાપણું ? ક્યાં આ ચાળા કરી રહ્યા છીએ ? તરણતારણ જૈન શાસનના રજવાડામાં આવ્યા છીએ ત્યાં આ ચાળા સંસારનો ભાર માથે લેવો છે ને જૈનશાસનનો નહિ ? તો પછી આગળ પર જિનશાસન મળવાની લાયકાત રહેશે ખરી ? જિનશાસનની કશી ગુલામી માથે નથી ધરવી, અને સંસારની ભારોભાર ગુલામી માથે ધરવી છે; તો પછી એક અનાર્ય અને આપણામાં શો ફેર ?

**શાસનનો ભારે પક્ષપાત અને ભારે મમતા ઊભી કરવાની જરૂર છે, તેમજ એને આરાધી લેવાની ભારે લગન ઊભી રાખવા જેવી છે. પછી ભારે કષ્ટ સેવીને પણ એ આરાધશો.**

પ્રિયમિત્ર જેવા મોટા ચક્રવર્તીએ કર્યું છે. એમણે સંસારના દુઃખમય અને પાપમય સ્વરૂપને એવું ઓળખ્યું છે કે એથી હૈયું હચમચી ઊઠ્યું છે અને એવા સંસાર પ્રત્યે તીવ્ર ગ્લાનિ-અણગમો-વૈરાગ્ય ઝળહળી ઊઠ્યો છે. એટલે જ સંસારની સામે સંયમધર્મનું સુખમય અને નિષ્પાપ સ્વરૂપ નિહાળી એના માટે ભારે મમતા, પક્ષપાત અને લગન લાગી ગઈ છે.

સંયમધર્મનો આ પક્ષપાત અને મમતા જાગ્યા પછી સ્વીકારી લીધેલા એ સંયમધર્મની સાધનામાં બાકી શું રખાય ? પછી ત્યાં 'હું' તો ચક્રવર્તીપણે આવી આવી રીતે ટેવાયેલો અને મારું શરીર બહુ સુકોમળ, એટલે મારાથી કાંઈ કડક સંયમ અને ઉગ્ર તપસ્યા થાય નહિં, નહિતર આઘા જઈને પાછા પડવાનું થાય. માટે આસ્તે આસ્તે કામ રાખું,-આવી કોઈ કાયરતા શાની રહે ? અજ્ઞાન મૂઢ દશા શાની હોય ? તમને થશે,-

**પ્ર.**- એટલા મોટા વૈભવી ભોગમાંથી ચારિત્રમાં આવેલો આ વિચાર કરે એમાં અજ્ઞાનતા ને કાયરતા છે ?

ઉ.- હા, એજ ચક્રવર્તી શરીરે છ ખંડ જીતવા ગયેલા ત્યારે લડાઈઓ વગેરેના કષ્ટ કેવાં સહન કરેલાં ? હવે જ્યારે સંયમની સાધનાનો અવસર આવ્યો ત્યારે એમ વિચારવું કે 'કાયા કષ્ટ નહિ સહી શકે,' એ શું સાચી સમજ છે ? કે અજ્ઞાન દશા છે ?

**સંસારની બાબતમાં જંગે બહાદુર હોય એ ધર્મની બાબતમાં સુંવાળો થવાની વાત કરે એ કાયરતા છે, મૂઢતા છે.**

ખરી વાત આ છે કે શરીર તો બિચારું જડ છે. ચેતન આત્મા એની પાસેથી જેવું કામ લે તેવું એ કામ આપે. માટે તો જુઓ કે દા.ત. બસમાં બેસીને મુસાફરી

કરનાર જો વચમાં બસ ખોટકાઈ ગઈ તો ૨-૪-૫ માઈલ ચાલી નાખે છે. ચાલવાની હામ નહોતી ક્યાંથી આવી ? કેમ કાયા ચાલી શકી ? કહો, આત્મા પોતાની કલ્પના ઉપર કાયાને સુવાડી રાખે તો એ સૂઈ જાય, ને ચલાવે તો ચાલે. પહેલાં એ કલ્પના હતી કે કાયાને આરામથી બસમાં જવા દો, તો કાયા એમ જોડાઈ. પછી કલ્પના એમ થઈ કે 'બસ, ચાલે એમ નથી, બીજું સાધન નથી તેથી જો ચાલી નહિ નાખે તો જંગલમાં રહીશું; માટે કાયાને ચલાવી નાખવા દે;' એટલે આ કલ્પના ઉપર કાયાને ચલાવતા એ કાયા ચાલી નાખે છે. આનો અર્થ એ આવ્યો કે

**આત્મા ધારે તો કાયાને ચલાવી શકે છે, ને ધારે તો સુવાડી શકે છે. ધારે તો ભૂખી રાખી શકે છે, ને ધારે તો ખા-ખામાં જોડી શકે છે.**

તમે કહેશો 'તાવ વગેરેથી કાયા તદ્દન અશક્ત હોય તો ક્યાં ધારી ચલાવી શકાય છે ?' પરંતુ એમાંય જો કોઈ આગ, સાપ, વગેરેનો ભય આવ્યો હોય તો સફાળો ઊઠીને કાયાને ચલાવે કે નહિ ? બાકી એવી બિમારી-અશક્તિના પ્રસંગને બાદ રાખી, સાજી સારી કાયાના પ્રસંગે તો કાયા ચલાવી શકો ને ? ભૂખી રાખી શકો ને ? અપમાન ગળી જવા દો કે નહિ ? શોભા શણગાર વિનાની રાખી શકો કે નહિ ? કહો, દુન્યવી અનેક જાતના પ્રસંગમાં સ્વાર્થ દેખાય ત્યાં કાયા પર કષ્ટ ઉઠાવી શકાય છે તો પછી ધર્મમાં સ્વાર્થ દેખી કાયા પર ધાર્યા કષ્ટો કેમ ન ઉઠાવી શકાય ?

**પ્ર.**- પણ મોહ નડે છે ને ?

ઉ.- મોહ એટલે દુનિયાદારી પર પ્રેમ છે, ને ધર્મ પર પ્રેમ નથી ? પ્રેમ તો છે પણ અજ્ઞાન છે, એમ કહેશો. વાત સાચી, દુનિયાદારીના રંગરાગના મહાનુકશાન અને ધર્મના મહાન લાભોનું અજ્ઞાન છે, ખ્યાલ નથી, હૈયે સજ્જડ વસ્યા નથી, એટલે ધર્મની વાત આવે ત્યાં કાયા પર કષ્ટની તૈયારી નથી. પરંતુ સવાલ તો એ છે કે મોહ-અજ્ઞાન નડવાનું બહાનું આગળ ધરવામાં મનુષ્યભવમાંથી શું પામી જવાના ? ભેંસના ભવમાં તો કહી શકાય કે મોહ નડે છે, પણ અહીં ઉત્તમ ભવમાં આ કહેવાનું ? ને તે ઠંડે કલેજે કહેવાનું કે મોહ નડે છે.

કહો જો, મોહ નડવાનો ભારોભાર ખેદ અફસોસી છે ખરી ? મનને શું એમ થયા કરે છે કે 'હાય ! આ તે મારું કેવું અજ્ઞાન, કેવો મોહ કે તારણહાર ધર્મની વાતમાં અખાડા કરું છું ? ને મારણહાર વિષયોની વાતમાં હોંશે હોંશે દોડ્યો જાઉં છું ? આ રૂડો માનવભવ, તે પણ,

**મહાપુણ્યાઈવાળો આર્ય. જેમ મનુષ્ય માત્ર આવા મોહ નડવા વગેરેના બહાના કાઢવા માટે છે ? બહાનાં કાઢી માત્ર ધર્મથી જ આઘો રહેવા માટે છે ?**

**કેવી મારી નઠોર દશા ? આવો કોઈ અફસોસી ભર્યો વિચાર વારે વારે**



**આવ્યા કરે છે ખરો ? વર્તમાનના કેટલાયે ઉત્તમ આત્માઓ અને ભૂતકાળના અનેકાનેક મહાપુરુષો-મહાસતીઓનાં જીવન દૃષ્ટાન્તરૂપે આલંબનરૂપે મળે છે. છતાં આ મોહ-અજ્ઞાન-નિષ્ઠુરતા ? જુઓ,-**

મહાવીર ભગવાનનો જીવ ત્રેવીસમા ભવે પ્રિયમિત્ર ચક્રવર્તી મહાવૈભવી, મહાભોગી, અને મહાસત્તા સંપન્ન છતાં વૈભવ-ભોગ-સત્તા સન્માન બધું જ છોડી આખો સંસાર ત્યજી ચારિત્ર મુનિપણું લે છે. એમની કાયા કેવી મહા સુખશીલતા ભોગવનારી, એ કાયાએ હવે કેવાંક કષ્ટ ઉઠાવશે ?

જોજો બહુ પાછલી વય છે હોં. લાખો પૂર્વ જેટલા વર્ષ વીત્યા છે. ૮૩ લાખ પૂર્વો વીતી ચુક્યા હવે છેલ્લા ૮૪મા લાખ પૂર્વમાંય ૯૯,૯૯૯ પૂર્વો પસાર થઈ ચૂક્યા છે. હવે માત્ર છેલ્લા એકજ પૂર્વમાંય ૭૦૫૫૯ અબજ વર્ષ પણ વીતી ચુક્યા છે; ને છેલ્લા એક અબજ વર્ષમાંય ૯૯ કરોડ વર્ષ પણ પસાર થઈ ગયા છે. અને હવે માત્ર છેલ્લા ૧ કરોડ વરસ બાકી છે. તો એ કેટલી બધી પાછલી છેવટની વય ગણાય ?

હવે વિચારો, જિંદગીનો લગભગ બધો ભાગ ચક્રવર્તીની એશઆરામી અને સુખમોજમાં ગાળ્યા પછી આવી બહુ પાછલી વયે સંયમના કષ્ટ ઉઠાવવા નીકળવાનું કરે એ સહેલું ? અને તમારે ઘણી વેઠવાળી અને તે પણ ઠોઠા-કલાસ, સુખ-આરામી ભોગવ્યા પછી બહુ છેવટની નહિ એવી પાછલી વયે પણ સંયમના કષ્ટ ઉઠાવાનું કઠિન ? પેલા પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિએ તો મુનિપણાનાં જીવનમાં પણ કડક સંયમ, ઘોર તપસ્યા, અને ઉગ્ર પરીસહનાં કષ્ટ ઉઠાવવા માંડેલા એય એમણે સહેલાં કરીને વધાવ્યાં, અને આજે એની અપેક્ષાએ મામૂલી સંયમ-તપ-પરીસહોનાં કષ્ટ ભારે કઠણ પડે છે ! -વિચારજો આમાં શરીરનું કારણ છે ? કે મનનું ?

**શરીર ધર્મકષ્ટ સહવાને અશક્ત છે ? કે મનને ધર્મના કષ્ટ જોઈતા જ નથી ?**

ઘડીભર શાંતિથી બેસીને વિચાર કરવા જેવો છે કે જો શરીર **સંસારના** કષ્ટ ઉઠાવવા તૈયાર છે, તો પછી ધર્મનાં કષ્ટ શરીરથી સહન ન થાય એવું તો નથી ને ? છતાં એ કેમ નથી ઉઠાવવાં ? મનને પસંદ નથી માટે જ ને ? શ્રાવકપણાનાં (૧) વ્રત-નિયમાદિ-આચારો અને (૨) સામાયિક-પ્રતિક્રમણ-તપ-શાસ્ત્રસ્વાધ્યાયાદિ અનુષ્ઠાનો તથા (૩) દ્રવ્યવ્યય કરીને જિનભક્તિ આદિ અવશ્ય કર્તવ્યો કેમ બજાવાતા નથી ? ન બજાવી શકવાનો પારાવાર ખેદ પણ કાં નહિ ? કહો, શરીર તો કાંઈ અશક્ત નથી, પરંતુ મનને એની લગન જ નથી, ગરજ જ નથી, એવા (કર્તવ્યો) પસંદ જ નથી. મનને પસંદ હોય એવા સંસારનાં કાર્ય, શક્તિ-સામગ્રી અનુસાર, કરવામાં જીવ ક્યાં પાછો પડે છે ? એમાં કષ્ટ પડે તોય મનને એ પસંદ છે. એટલે, મનને ધર્મના કષ્ટ પસંદ નથી માટે ધર્મ નથી થતો, પણ નહિ કે શરીરાદિની શક્તિ

નથી માટે ધર્મ નથી થતો એ સાબિત થાય છે.

**મહાવીર પ્રભુના આલંબને કઈ પ્રેરણા લેવી ? :-**

આપણા મહાવીર ભગવાનના ચક્રવર્તી મુનિના ભવની ઠેઠ પાછલી વયે કઠોર સંયમ-તપ-પરીસહની સાધના જોઈને મનમાં કશું થતું નથી કે મહા વૈભવ ભોગ અને સત્તા-સન્માનથી જીવેલા એ એ બધું છોડી સંયમ-તપ-પરીસહના કષ્ટ ઉઠાવે, અને હું પામર કંગાળ વૈભવનો સંસાર રાખીને પણ મામૂલી કષ્ટવાળા શ્રાવકપણાના આચાર-અનુષ્ઠાન-કર્તવ્ય ન બજાવું ? એમણે તો એટલા મોટા જંગી વૈભવ પણ સર્વથા ફગાવી દીધા, અને હું મામૂલી ઠીકરા-કલાસ વૈભવને ચાટતો બેસી રહું ? અરે ! સર્વ સંપત્તિ ત્યાગ તો દૂર, પણ ભગવાન જિનેશ્વરદેવની ભક્તિમાં અડધો-પા નહિ, દસમાં ભાગનોય ત્યાગ ન કરું ? આજના રોજના જંગી મોંઘવારીનાં જીવનખર્ચ કરવા તૈયાર, પણ રોજની પ્રભુભક્તિમાં એની અપેક્ષાએ કેટલો ખર્ચ રાખ્યો છે ?

ત્યારે વિચાર આવે ખરો કે **'મારે ને આ મહાવીર ભગવાનને શું લાગે વળગે ?'**

એમણે ચક્રવર્તી-મુનિભવે એક કરોડ વરસ તપમાં પસાર કર્યા, મારે પાંચ તિથિએ ય તપ ખરો ? એમણે ગમાર જેવા માણસોનું ય ભારે ખમી ખાધું, ને ઉપરથી એવા અનાડીઓ પર કરુણા વરસાવી, ત્યારે હું મામૂલી વાતમાં સગા-સ્નેહી-પરિવારનું ન ખમી ખાઉં ને ગુસ્સો કરું ? એમણે દિવ્ય અવધિજ્ઞાન અને દેવોનાં સન્માન છતાં લેશમાત્ર અભિમાન ન કર્યા ને હું ભૂખડીબારસ જ્ઞાન-સન્માનમાં અભિમાન રાખું ?'

મહાવીર ભગવાન અને એમના પૂર્વભવોની વાતો સાચી તો લાગે છે ને ? કે એમાંય શંકા છે કે કોને ખબર 'એવા વિશ્વભૂતિમુનિ પ્રિયમિત્ર ચક્રવર્તીમુનિ નંદનરાજર્ષિ અને ઘોર તપસ્યા સાથે ઉગ્ર પરિસહ-ઉપસર્ગ સહનાર મહાવીર ભગવાન થયા હશે કે કેમ ? એવું એમણે સહ્યું હશે કે કેમ ? આવી કોઈ શંકા તો નથી ને ?'

**પ્ર.**- શંકા તો નહિ, પણ એમનાં સંઘયણ ઊંચા ને ?

ઉ.- તો તમારે નીચા સંઘયણમાં એ સંઘયણ જોગું કરવાની તો ઊલટ ખરી ને ? મનને સંઘયણ-જોગાં તન-મન-ધનનો વ્યય કરવાનાં કષ્ટ પસંદ તો ખરા ને ? આવાં કષ્ટ સહું એ મારા અહોભાગ્ય છે, એમ હૈયાને વારે વારે લાગ્યા કરે છે ?

ભૂલા પડતા નહિ, મનને આ પસંદ બનાવ્યા વિના ધર્મખાતે કદાચ થોડુંક, કાયકષ્ટ ને મામૂલી ધનવ્યય કરશો, પણ એની એવી મસ્તી નહિ રહે કે જે મસ્તી દુન્યવી કષ્ટમાં, ધનવ્યયમાં અને એથી નીપજતા સુખ-આનંદમાં જતી જિંદગીને



વેડફાઈ જતી લગાડે.

**ધર્મ ને ધર્મનાં કષ્ટ મનને પસંદ ત્યારે પડે કે જ્યારે દુન્યવી વાતોમાં જતી જિંદગી વેડફાઈ જતી લાગે.**

તમને એમ થશે કે 'દુન્યવી આનંદ-મંગલમાં જતી જિંદગી તો સફળ લાગે; વેડફતી શાની લાગે ?'

પરંતુ જુઓ કે કોઈ એવા મફતખાઉ મહેમાન ઘરે આવ્યા હોય અને એને સાદું ન ખવરાવાય માટે શીરા-પુરી જમાડવા પડે, તો એ વખતે તમને પણ શીરાપુરી જમવા તો મળે છે, અને જીભને આનંદ-મંગળ લાગે છે, છતાં એમાં પૈસા અને મહેનત વેડફાઈ જતી લાગે છે, જીવનનો એ સમય શ્રમ-સંપત્તિ આવા મફતિયાના પોષણમાં જતો હોઈ વેડફાઈ જતો દેખાય છે. બસ, એ રીતે આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં દુન્યવી સુખ-આનંદમંગળ અને એની પાછળ લેવાતાં કષ્ટ તથા કરાતો ધનવ્યય એ મફતખાઉ કાયામાં વેડફાઈ જતા લાગે.

**પ્ર.-કાયા મફતખાઉ ?**

ઉ.- અરે ! માત્ર મફતખાઉ નહિ, કિન્તુ આત્માનું નિકંદન કાઢનારી; કેમકે એક તો આ કાયા જે આનંદમંગળ કરે છે એણે તો એ માટેનાં પુણ્ય ઊભા કર્યા નહોતા કે ઊભા કરવામાં સહાય કરી નહોતી તેથી મફતખાઉ; તેમજ બીજું એ કે હવે પણ એ કાયા જેટલા પ્રમાણમાં આત્માનું પુણ્ય અને પૈસા ખાય છે, એટલા પ્રમાણમાં કાંઈ નવું પુણ્ય ઊભું કરી આપતી નથી, પુણ્ય ઊભું કરનારી નક્કર સાધના કરતી નથી. ઊલટું એવા ટેસથી વિષયવિલાસ કરે છે, અને આરંભ-સમારંભ તથા પરિગ્રહના ધંધા કરે છે કે જે આત્મામાં અઢળક પાપજથ્થો ભરે ! ને એથી પરલોકમાં આત્માનું નિકંદન નીકળે, આત્માને ઘોર ત્રાસ-વેદના-રિબામણ મળે. મહેમાન મફતખાઉ હોઈ શકે, પણ આપણું નિકંદન કાઢનારો નહિ, ત્યારે આ કાયા તો મફતખાઉ અને વધારામાં આપણું નિકંદન કાઢનારી !

આવી કાયાના આનંદમંગળમાં શું જિંદગી વેડફાઈ જતી નથી લાગતી ? તો પૂછો,-

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૨,તા.૧૪-૯-૧૯૭૪**

**પ્ર.**- પરંતુ સાથે દેવદર્શન-પૂજા આદિ ધર્મ સાધના કરીએ તો તો જિંદગી સફળ થઈ, વેડફાઈ ગઈ ન કહેવાય ને ?

ઉ.- જિંદગી શેમાં સફળ થઈ ? આનંદ-મંગળમાં ? કે ધર્મસાધનામાં ? ધર્મસાધનામાં સફળ થઈ એની ના નથી, પરંતુ આનંદમંગળમાં તો વેડફાઈ ગઈ

કે નહિ ? શું એ આનંદમંગળમાં પુણ્યોપાર્જન થયું ? વિષયરાગના કુસંસ્કાર વધાર્યા ? અનાદિની જાલિમ વિષયસંજ્ઞાનું પોષણ કર્યું ?

બસ, વાંધો જ આ છે, કે ધર્મસાધના તો કરવી છે, પછી ભલે રેંગડીપેંગડી, પણ દુન્યવી આનંદ-મંગળમાં અને એના માટે સહાતા કષ્ટ અને ધર્મમાં ધનવ્યય પસંદ પડે ? ખાસા કષ્ટ વેઠીને અને ખાસા પૈસા ખરચીને ધર્મ કરવાનું ક્યાંથી પસંદ પડે ?

શાલિભદ્ર-ધનાજી જેવા મહામુનિઓએ ચારિત્ર લઈ તપસ્યાથી જોતજોતામાં કાયા કેમ ઓગાળી નાખી ? કહો, એમણે પૂર્વની આનંદમંગળમાં ગાળેલી જિંદગી તદ્દન વેડફાઈ ગઈ માની, અને એથી જ હવે હાથ પર રહેલ જિંદગી દ્વારા એનાં વળતર વાળી લેવા તથા શેષ જિંદગીને ભારે સફળતા પમાડવાનો નિર્ધાર કર્યો, તેથી એ માટે એમણે કમર કસી, અને તનતોડ અને મનમોડ ભગીરથ ત્યાગ આદર્યા, તપસ્યા આદરી. કહો જોરદાર ત્યાગ તપસ્યા એમને પસંદ પડી ગયા.

**જિંદગી દુન્યવી આનંદમંગળમાં વેડફાઈ જતી હાડોહાડ લાગે તો જ આ ધર્મ અને ધર્મનાં કષ્ટ પસંદ પડે; આનંદથી ધર્મકષ્ટ લેવા જવાય.**

ઉત્તમ જીવો મહાદાન શી રીતે દઈ શક્યા હશે ? મહાત્યાગ શી રીતે કરી શક્યા હશે ? ધરણશાહ પોરવાલે એક રાણકપુરજીનું જિનમંદિર બંધાવવામાં પોતાના એકલાના જ ૯૯ કરોડ રૂપિયા શી રીતે લગાવી દીધા હશે ? મોટા ધન-પરિગ્રહથી જિંદગી સફળ આબાદ થયેલી માની હોત તો એટલું મોટું સુકૃત કરી શક્ત ? એક મંદિર પાછળ કરોડો રૂપિયા ઉડાવી નાંખવા એ સહેલું કામ છે ? એમાં નથી કોઈ ગુરુની પ્રેરણા, કે નથી કોઈનું દબાણ; અને હોંશે હોંશે પોતે જ આવા અસાધારણ જંગી ખરચનું કષ્ટ વધાવી લીધું.

ધનના વિપુલ સંગ્રહમાં જિંદગી બરબાદ થતી લાગ્યા વિના અને આવા જંગી ખરચથી જિનભક્તિ કરવામાં જિંદગી આબાદ થતી લાગ્યા વિના આ મંદિર-નિર્માણનું કામ હોંશે હોંશે કરાવવાનું સહેલું નથી.

**વૈશ્રવણ અને વાલીએ શું કર્યું ?**

લંકાનો રાજા વૈશ્રવણ રાવણથી હાર્યો, એ મોટા વિદ્યાધર રાજા ઈન્દ્રનો સ્થાપેલો હતો તે ઈન્દ્ર પાસે જઈને બીજી કાંઈક પેરવી કરી શક્ત, પરંતુ એને હવે આ કિંમતી માનવ જિંદગી આ રાજ્યપાટના સંસારમાં વેડફાઈ જતી લાગી, એટલે એણે તરત ત્યાં યુદ્ધભૂમિ પર જ ચારિત્ર ગ્રહણ કરી લીધું.

ત્યારે વાનરદ્વીપનો રાજા વાલિ રાવણને યુદ્ધમાં જીત્યો, જીત્યો તે એવો કે પોતાના પૂર્વ પુણ્યે મળેલા અખૂટ બળે રાવણને એના ચંદ્રહાસ ખડગ સાથે બગલમાં



લઈ વિદ્યાબળે આખા જંબુદ્વીપને રોન મારી લાવીને યુદ્ધભૂમિ પર ખડો કરી દીધો ! હવે આવી જીત મેળનાર વાલિ ધારે તો રાવણને કેદમાં પૂરી દઈ એનું વિશાળ રાજ્ય કબજે ન કરી લે ? કિન્તુ ના, રાવણનું તો શું, પરંતુ પોતાનું પણ રાજ્ય છોડી દીધું ! આખો સંસાર જ છોડી દીધો ! કેમ વારુ ? કહો, સંસારમાં આ કિંમતી જિંદગી વેડફાઈ જતી લાગી.

**ત્યાગ-તપ-સંયમના બળ પર અદ્‌ભુત લબ્ધિઓ :-**

ત્યારે વાલિ રાજા મુનિ બન્યા પછી સાધક કેવા બન્યા ? કઠોર સંયમ સાથે ઘોર તપસ્યા આદરી દીધી, સાથે ત્યાગના અને બીજી સાધનાના કઠોર અભિગ્રહ-નિયમ કરનારા બની ગયા, એ આરાધનાનું ફળ કેવું અદ્‌ભુત આવ્યું ? એમના આત્મામાં અવધિજ્ઞાન સહિત મહાન લબ્ધિઓ ઉત્પન્ન થઈ ગઈ એટલે તો અવસર આવ્યો ત્યારે, અર્થાત્ જ્યારે અષ્ટાપદ પર ધ્યાનમાં રહેલા એમના પર રાવણ દ્વેષ કરી આખા અષ્ટાપદ પર્વત સહિત એમને લવણ સમુદ્રમાં ફેંકી દેવા કોશીશ કરે છે, એ માટે રાવણ પર્વત નીચે પહોંચી સાધેલી હજાર વિદ્યા-દેવીઓનું સ્મરણ કરીને માથા પર અષ્ટાપદને ઊંચકી કંપાયમાન કરે છે, એજ વખતે મહાત્મા વાલિમુનિ અષ્ટાપદને સહેજ પગના અંગુઠાથી દાબે છે, ત્યાંજ નીચે રહેલ રાવણ પર્વત નીચે દબાય છે, એવો કે મોટેથી રોવા લાગે છે. ત્યારથી એનું જે મૂળનામ દશાનન, તે હવે રાવણ તરીકે ઓળખાય છે, આમ મોટા અષ્ટાપદ પર્વતને સહેજ અંગુઠો ચાંપી દબાવવાની શક્તિ-લબ્ધિ કેવીક મોટી ?

આવી કે આનાથી પણ ગજબ શક્તિશાળી લબ્ધિઓ એમને ઉત્પન્ન થઈ ગયેલ પ્રતાપ કોનો ? ત્યાગ-તપ-અભિગ્રહના ભારે કષ્ટ ઉપાડયા. એનો, એવાં ઘોર ધર્મ કષ્ટોને ક્યારે ઉપાડી શક્યા ? સંસારમાં જીવન વેડફાઈ જતું લાગ્યું ત્યારે. સંસારમાં એટલે ?

**સંસારની મોજ-મજાહ અને કાયાની સુખ-શીલતામાં જીવન વેડફાઈ બરબાદ થતું લાગે પછી મોજમજાહને તિલાંજલિ અને સુખ-શીલતાને દેશવટો દઈ એ ઘોર ત્યાગ-તપ-નિયમના કષ્ટ પ્રસન્ન હૃદયે ઉપાડાય !**

આ પરથી એ સમજવા મળે છે કે ધર્મસાધનામાં જોડાયા પછી પણ કષ્ટથી ભાગતા રહી સુંવાળા સુંવાળા રહીને સાધના કરવાનું બનતું હોય, તો એનો અર્થ એ કે હજી આપણને સંસારની, એટલે કે વિષયોની સુખ-સગવડમાં જીવન વેડફાઈ જતું લાગતું નથી, લાગ્યું નથી.

પોતાના આત્માનું નિરીક્ષણ કરજો કે એ કેવો સુંવાળો બન્યો રહે છે ? બે પૈસા ધર્મમાં ખરચવાના આવે ત્યારે લેશ્યા કેવી ? કેમ ઓછા ખર્ચે પતે એવી જ ને ? કેમ

જાણે જેટલા આપણી પાસે બચ્યા એટલી નિરાંત ! આમાં ધનનાં પરિગ્રહમાં જિંદગી વેડફાઈ જવાનું ક્યાં લાગ્યું ? ઘરે મહેમાન પાંચ આવ્યાં તો હોંશે વધાવાય છે, પણ સાધર્મિક એક પણ ઘરે લાવવો પોષાતો નથી. મહેમાનની પાછળ ખર્ચ કરી એની મહોબ્બત વધારવામાં જીવન આબાદ થતું લાગે છે, ત્યારે સાધર્મિકની પાછળ પૈસા ખરચવામાં જીવનનું કાંઈક વેડફાઈ જતુ લાગે છે. કેવો ઊંધો રાહ ? ઊલટું મનને એમ થવું જોઈએ કે 'આ સગા સ્નેહી-મહેમાનમાં ખર્ચાય છે, એ બધા પૈસા તો વેડફાઈ જાય છે. જો આવું વિચારાય તો સાધર્મિકની ભક્તિ કે ઉદ્ધારનો રંગ લાગે.'

**સંસારી લહાવામાં પૈસા વેડફાઈ જતાં લાગે તો પૈસાથી ધર્મ કરવા માટે હોંશ થાય.**

**વહેલી પ્રભાતે ઊઠીને આ વિચાર કરો કે**

જિંદગી કિંમતી છે, જિંદગીનો સમય કિંમતી છે, ક્ષણ ક્ષણ કિંમતી છે, જિંદગીમાં ભોગવાતું પુણ્ય કિંમતી છે, અને મળેલી બુદ્ધિશક્તિ અને પુરુષાર્થ શક્તિ મહાકિંમતી છે. હું આ બધાને કયાં કામે લગાડી રહ્યો છું ? જેમાંથી મહાન કલ્યાણ ફળ નીપજે એમાં ? મારા આત્માને લાભ થાય એમાં ? જો સરવાળે મારા આત્માને કશો પુણ્યલાભ, કશો કર્મક્ષય, કશી ગુણસંપત્તિ, ને કશી સુસંસ્કાર વૃદ્ધિ થતી નથી, તો આ મહાકિંમતી જીવન, મહાકિંમતી જીવન સમય, કિંમતી પુણ્યાઈ અને મહાકિંમતી બુદ્ધિશક્તિ-પુરુષાર્થશક્તિ સરાસર વેડફાઈ જઈ રહ્યા છે શું એથી મારા મનને કશો રંચ નથી ? ખેદ-અફસોસી નથી ? કશો સંતાપ નથી કે આ વેડફાઈ ગયા પછી ક્યાં જવાનું ? એવી કોઈ દુર્ગતિમાં ભટકાઈ ગયો તો ત્યાં દુઃખ કેવાં ? પાપ કેવાં ? પાછી એની પરંપરા કેવી ? તો અહીં જિનશાસન મળ્યાં છતાં શું આ દારુણ ભાવી સરજાય એવી બાલિશ રમતમાં આ જિંદગી અને એનું કિંમતી બધું માત્ર વેડફી નાખવાનું ?...

-પ્રભાતે ઊઠીને આ દિલથી વિચારાય તો મન જરૂર આંચકો પામે. અજ્ઞાન મૂઢ અને અર્થ-કામના લંપટ અર્થાત્ ધનલંપટ ને વિષયલંપટ જીવોની જેમ સમય-પુણ્યશક્તિ-બુદ્ધિશક્તિ-પુરુષાર્થશક્તિ વેડફી ન નાંખતા એને જિનશાસને બતાવેલ દાનાદિ ધર્મમાં ક્ષમાદિ ગુણોમાં અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં લેખે લગાડવાનું જ મન રહ્યા કરે, અને એના યથાશક્તિ ઉદ્યમ થાય.

એક આપણી બુદ્ધિશક્તિ જ જુઓ મહાકિંમતી છતાં કયાં વિચારોમાં કેવી વેડફાઈ રહી છે ? આડા-અવળા અંટસંટ અને નિષ્ફળ વિચાર કેટલા ચાલી રહ્યા છે ? માનો કે કોઈ બે ભાઈ મોટેથી રાડો પાડીને ઝઘડી રહ્યા છે, તો એના પર આપણું મન એના વિચારો કરવા લાગે કે 'આ કેવા ઝઘડે છે ? જાણે કુતરા લડવા



બેઠા ! કશું આજુબાજુનું ભાન-બાન છે ? થોડી મર્યાદા સાચવે તો શું જાય ?... આવા આવા વિચાર કરાય એમાં આપણને શું મળવાનું ?' આપણું ત્યાં શું વળવાનું ?

**નિષ્ફળ વિચારમાં 'સાપ ખાય ને મુખડું થોથું.'**

ગામડાઓમાં કોઈને સાપ કરડ્યો તો કહેવાય છે કે આને સાપે ખાધો. હવે જુઓ સાપે ખાધો હોય તો સાપના મોંમાં કશું આવવું જોઈએ. માણસ ખાય તો મોંમાં રોટલાનો ટૂકડો આવે છે, એમ જો સાપ માણસને ખાય તો સાપના મોંમાં કશુંક આવવું જોઈએ. કશું આવતું તો નથી પણ ઊલટું એના મોંમાંથી થોડું ઝેર ખાલી થાય છે, મુખડું થોથું બને છે.

બસ એવી સ્થિતિ અહીં બને છે. પેલા બે ઝઘડતા ભાઈ અંગે આપણે આડાઅવળા વિચાર કર્યા, એટલી બુદ્ધિશક્તિ એમાં કામે લગાડી, પછી હાથમાં શું આવ્યું ? આપણી જિંદગી માટે શું કમાયા ? સારુ કશું નહિ, ખાય તો મોંમાં ટૂકડો આવે, એમ બુદ્ધિશક્તિ ખરચી તો મનમાં કોઈ વૈરાગ્યવૃદ્ધિ, કોઈ ક્ષમાસમતાદિ ગુણવૃદ્ધિ, કોઈક ધર્મભાવના. આવું કાંઈક આવવું જોઈએ. પરંતુ ના, એ કશું બનતું નથી. ઊલટું રાગ-દ્વેષ, કષાયવૃદ્ધિ, બાહ્યભાવ વગેરે કચરો-મેલ-રોગ વધે છે તો શું બુદ્ધિશક્તિ આમાં વેડફી ન નાખી ? અરે ! વેડફી એટલે માત્ર નિષ્ફળ કાઢી એટલું જ નહિ પણ ઉપરથી રાગ-દ્વેષાદિ રોગ-મેલ-મલિનતા વધારી.

**રાગ-દ્વેષાદિ કચરા વધે એવા વિચાર-વાણી-વર્તાવમાં, તન-મન-ધન માત્ર વેડફાયા નહિ પણ નુકસાનમાં ઊતર્યા.**

ઘી રાખમાં જાય એ તો માત્ર વેડફાઈ ગયું ગણાય; પરંતુ અગ્નિમાં પડે અને મોટો ભડકો થઈ રસોડા વગેરેમાં કશું બાળે તો એ તો ઘી વેડફાવા ઉપરાંત નુકસાનમાં ઊતર્યું. મનથી આડાઅવળા વિચારો કર્યા એમાં બુદ્ધિશક્તિ માત્ર નકામી જતી નથી, કિન્તુ રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અસૂયા વગેરે કચરા-રોગ-ઊકળાટ આદિ નુકસાન નીપજાવનારી બને છે.

આજે છાપાનું ભૂત કેવું વળગ્યું છે ? શું આપે એ જે કાંઈ વાંચો એમાં કાં રાગ થાય, કાં દ્વેષ થાય, કે બીજું કાંઈ ? જે સમાચાર ચમકાવીને મૂક્યા હોય એમાં વિશેષ રાગ કે વિશેષ દ્વેષ જ થાય ને ? એમાં જીવનનો કિંમતી સમય, કિંમતી બુદ્ધિશક્તિ અને પુરુષાર્થશક્તિ, વેડફી જ નાખી ને ? આ વેડફી નાખવા તરફ ધ્યાન જ નથી પછી એની અફસોસીની વાતેય શી ? એ વેડફાઈ જવાનો ખેદ ક્યાં ?

કેટલો જુલમ છે ? તીર્થંકર ભગવાનનું ચરિત્ર વાંચવા મન નથી, ફુરસદ નથી, અને છાપાં વાંચવા બહુ ગમે છે, સારો સમય મળે છે ! કહે છે,-

**પ્ર.**- ચરિત્ર તો વાંચેલા છે, એમાં હવે નવું શું મળે ? છાપા વાંચવામાં નવું

નવું જાણવા મળે ને ?

ઉ.- કેવી અજ્ઞાન દશા છે ? શું તીર્થંકર ભગવાનનાં ચરિત્ર ફરીથી વાંચે તો ભાવોલ્લાસ ન જાગે તો શું એમ ને એમ એવા ભાવ ચાલુ છે ? વળી મહાપુરુષોનાં ચરિત્ર, આધ્યાત્મિક શાસ્ત્રો જેવાં કે અધ્યાત્મકલ્પદ્રુમ, શાંતસુધારસ, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ વગેરે વગેરે વાંચવામાં શું નવું જાણવા ન મળે ? આ નવું જાણેલું ઉપયોગી નહિ ? ને છાપાનું નવું જાણેલું ઉપયોગી ?

**પ્ર.**- પણ છાપામાં તો વર્તમાન દેશ-કાળનું જાણવા મળે ને ?

ઉ.- મળે, પણ એ તમારા જીવનને શું ઉપયોગી થાય ? શું એ મોંઘવારીનો ત્રાસ ઓછો કરી આપે ? સ્નેહીના સ્નેહ-સદ્ભાવ વધારી આપે ? પૈસાની કમાઈ વધારી આપે ? શરીર સારું કરી આપે ? શું ઉપયોગી થાય એ કહો તો ખરા ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૩,તા.૨૧-૯-૧૯૭૪**

**જીવન સારું જીવવામાં છાપાં શી સહાય કરે ?**

કહે છે છાપામાં એવા પણ લેખ આવે છે. કિન્તુ શું રોજ આવે છે ? કદાચ આવતા હોય તો પણ સાથે રાજનીતિ અને કાણ-મોકાણ વગેરે કચરા કેટલા આવે ? શું લોભિયું મન એ વાંચ્યા વિના રહે ? એ વાંચી રાગ-દ્વેષ આર્તધ્યાન ક્ર્યા વિના રહે ? છાપું વાંચીને મૂક્યા પછી ક્યો અનુભવ છે ? અધ્યાત્માનું યાદ રહેવાનો ? કે કચરા યાદ રહેવાનો ? ક્યો અનુભવ છે ? ફાંફા મારો મા,

**છાપાં-વાંચન એ વગર જોઈતી પીડા વહોરવાનો ધંધો છે.**

એ ન વંચાય ત્યાંસુધી કદાચ મન સ્વસ્થ હોય, તે હવે એ વાંચતાં વાંચતાં ખોટા રાગદ્વેષ આર્તધ્યાન સંકલ્પ-વિકલ્પોની અસ્વસ્થતા ઊભી થાય છે. કોઈ વીતરાગ રહીને વાંચી શકતું નથી. કેમકે વીતરાગ એટલે કે જો સર્વથા રાગ જ ન હોય, તો એવું વાંચવાનું હાથમાં લે જ શું કામ ? છાપું રાગથી તો હાથમાં લે છે; પછી એ વાંચતાં નવનવા રાગ-દ્વેષ ન જાગે એ વાતમાં માલ શો છે ?

**ખરી રીતે છાપાં એ વિકથા છે, ધર્મકથા નહિ.**

શાસ્ત્રે ચાર વિકથાઓ છોડવાની કહી છે, રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભોજનકથા. છાપામાં જુઓ આ જ ભરપૂર ને ? કે એમાં ધર્મકથા ભરપૂર ? ધર્મકથાનું નામ ક્યાં છે ? ત્યારે, આ ચારે વિકથા આત્માના બહિર્ભાવને વધારનારી છે, આંતરભાવને અધ્યાત્મભાવને નહિ. કેવળ ભૌતિકતાનો જડનો રસ વધે છે, અધ્યાત્મનો રસ નહિ, આત્માનો નહિ.



વિચાર તો કરો કે જીવ અનંત અનંત કાળનો જડ વિષયોનો રસિયો તો છે જ, એ રસ પોષાતો રહેવામાં કામ-ક્રોધ-લોભાદિ કષાયોથી સળગી તો રહ્યો છે; હવે એમાં છાપાનું વાંચન કહે એથી પેલી આગ શાંત પડે ? કે આગમાં ઘાસલેટ હોમાય ? કહો,

**છાપાં-વાંચન એ કષાયોની આગમાં બળતણ હોમે છે.**

છાપાથી નવું નવું જાણવાનો મોહ એ આ આગમાં બળતર હોમવાનો મોહ છે, મગજમાં કોઈ સારો તર માલ નહિ, પણ દુનિયાભરના કચરા ને ભૂંસા ભરવાનો મોહ છે. નવું નવું જાણવાનો મોહ હોય તો તીર્થંકર ભગવાનનાં અને સમરાદિત્ય કેવળી, કુવલયાનંદ, રામચંદ્રજી, પાંડવો વગેરે મહાપુરુષોનાં અને સુલસા, મદનરેખા, દમયંતી, ઋષિદત્તા, અંજનાસુંદરી વગેરે સતીઓનાં ચરિત્ર વાંચો; ઉપમિતિ, અધ્યાત્મકલ્પદ્રુમ, ધર્મસંગ્રહ વગેરે શાસ્ત્રોનું વાંચન કરો, તો એથી કષાયની આગો પર ઠંડા પાણી રેડાશે, હો,

**મહાપુરુષોનાં ચરિત્રોનું અને અધ્યાત્મશાસ્ત્રોનું વાંચન કષાયોની આગને ઠારે છે.**

જમાનાના વંટોળમાં તણાઈ ન જાઓ. પૂર્વજોના કલ્યાણ રિવાજને જાગતા કરો. પૂર્વજો રાત પડ્યે કુટુંબ ભેગું કરી ધાર્મિક પુસ્તકોનું વાંચન કરતા. જિનદાસ જેવા શ્રાવક પર્વતિથિએ દિવસના પણ ધાર્મિક પુસ્તક કુટુંબને વાંચી સંભળાવતા. એમાં તો બે બળદિયા પણ ભદ્રક પરિણામવાળા બની ગયેલા. તે અંતે અનશન કરી નાગકુમાર દેવલોકમાં કંબલ-શંબલ નામે દેવ થયા.

કરો, આવું કાંઈક કરો તો સારું પામી જશો. બાકી છાપાં ને રેડિયોથી કે નવરા પડ્યે બજારે આંટા અને વાતોચીતોથી નવું નવું જાણ્યે શું સારું કમાવાના ? એમાં તો જિંદગી વેડફાઈ જાય છે.

**જેને છાપાં-રેડિયો-કૂથલીમાં કિંમતી માનવ જિંદગી વેડફાઈ જતી લાગે, એ જ એના બદલે ધાર્મિક પુસ્તકોનાં વાંચન આદિ કરે.**

**પ્ર.**- છાપાં ને ધાર્મિક પુસ્તક બેયનાં વાંચન કરીએ તો વાંધો નહિ ને ?

ઉ.- ભૂલા પડતા નહિ, જીવને અનાદિનો બાહ્યનો રસ તો છે જ, એમાં છાપાં વગેરેનાં વાંચન અને કૂથલી કરાશે એ ખૂબ રસથી કરાશે, ને એના પ્રત્યાઘાત ભૂંડા. એ કાંઈ ધાર્મિક વાંચન એટલા રસથી નહિ થવા દે; એનું બહુ યાદ નહિ રહેવા દે તેમ પેલું ઝેર ધાર્મિક વાંચનના અમૃતને નકામું કરી દેશે.

**હૈયે બાહ્યનો પોષાયેલો રસ અધ્યાત્મનો રસ જામવા દે નહિ.**

જ્યાં જ્યાં બાહ્યનો રસ પોષાય છે, ત્યાં ત્યાં આ મોંઘેરી જિંદગી વેડફાઈ જાય છે, પછી ભલે એ છાપાં કૂથલીનો રસ હો, કે મીઠાં ખાનપાનનો રસ હો,

યા સારા સારા બંગલા-બગીચા વગેરે જોવાનો કે પરસ્ત્રીઓનાં રૂપ અને સિનેમા વગેરે જોવાનો રસ હો, એ રસ ધર્મનો-અધ્યાત્મનો રસ નહિ જામવા દે.

માટે, જો ધર્મના ને ધાર્મિક વાંચન-શ્રવણના રસિયા બનવું છે તો જિંદગીને બાહ્યના રસમાં અને પ્રવૃત્તિમાં વેડફાઈ જતી દેખો. આ પણ ધ્યાન રાખવા જેવું છે કે,-

**બાહ્યના રસ અને પ્રવૃત્તિની જેમ ક્રોધ-લોભ-મદ, ઈર્ષ્યા-વૈર-વિરોધ વગેરે કષાયોમાં પણ જિંદગી વેડફાઈ જાય છે.**

કોઈના પર જરા ક્રોધ કર્યો એમાં શું થઈ ગયું ? એવું સમજતા નહિ. એમાં ય મહાન ક્ષમા-સમતાની સમૃદ્ધિ કમાઈ શકવાને યોગ્ય જિંદગીનો અમૂલ્ય સમય અને અણમોલ બુદ્ધિશક્તિ વેડફાઈ ગઈ સમજો.

પરમ ઉચ્ચ ક્ષમા અને પરમ ઉચ્ચ કરુણા કરનાર મહાવીર ભગવાનનું આલંબન પામ્યા છીએ, ભગવાનનું શાસન પામ્યા છીએ એ આપણને બુદ્ધિમાં બેસે છે ને ?

'શાસનના આદેશ અનુસાર આપણે ક્ષમા અને કરુણા રાખવી જોઈએ.' એટલી બુદ્ધિ જનાવરને નથી પહોંચતી, પણ આપણને પહોંચે છે ને ?

હવે જો આટલી બુદ્ધિ-જાણકારી આપણે ધરાવીએ, તો તુચ્છ વિષય ખાતર ક્રોધ કરીએ એમાં એ બુદ્ધિશક્તિ વેડફાઈ જ ગઈ ને ? જે આ ક્રોધને રોકી ક્ષમા અને કરુણા કરવા યોગ્ય માનવ જિંદગી મળી, એ એને છોડી અજ્ઞાન પશુ કે અનાર્ય માણસની જેમ અવસરે અવસરે ક્રોધ કરવામાં ખરચી તો જિંદગી વેડફાઈ ગઈ જ ગણાય ને ?

આજે કેટલેય ઠેકાણે ભાઈ-ભાઈ લડે છે, મા-બાપથી દીકરા વિરોધ રાખે છે, કાકા-ભત્રિજાને અણબનાવ છે, ક્યાંક સાસુ વહુને તડકાવે, ને ક્યાંક વહુ સાસુને તડકાવે છે...જે આ નિકટના સગા છે, એમાં ય દ્વેષ, અરુચિ, રગડા એ આ ભવને વેડફી નાખ્યો જ ગણાય ને ? આ ઉચ્ચ ભવની વિટંબણા ? બુદ્ધિશક્તિની કેવી બરબાદી ? અલ્યા ! જીવનમાં લડવા આ સગા જ મળે છે ? કહે છે, 'મારી જમીન દબાઈ દીધી,' 'મારું ખાઈ ગયા ?' 'મારું અપમાન કર્યું,...' રગડા-અંટસની આવી આવી જ બાબતો ને ? ભાન નથી કે જે આ જમીન, પૈસા, માન-સન્માન પર મમત્વ કરી રહ્યો છે, એ તો બધું એક ચપટીમાં નિશ્ચિત ઊડી જવાનું છે, એની ખાતર સગા-સ્નેહી પરના સ્નેહ ગુમાવે ? ક્રોધ-અરુચિ-તિરસ્કાર કરી મહા કિંમતી માનવ જિંદગી અને ઉત્તમ બુદ્ધિશક્તિ વેડફી નાખે ? કઈ અક્કલે આ કામ ચાલી રહ્યું છે ?

**નાશવંત પદાર્થમાં મૂઢ બની ક્રોધ-લોભ-અભિમાનમાં કિંમતી જિંદગી વેડફી નાખવાની ? કિંમતી બુદ્ધિશક્તિ વેડફી નાખવાની ?**

માનવ જિંદગી લેખે લગાડવી હોય તો તે ક્ષમા કરુણા લઘુતામાં લેખે લાગે;



જીવો પ્રત્યે મૈત્રીભાવ અને દુઃખ તથા પાપથી પીડાતા જીવોની પ્રત્યે કરુણાભાવ રાખવાથી લેખે લાગે. એટલે જ્યાં કોઈ ગુસ્સો, કોઈ અભિમાન, કોઈ ઈર્ષ્યા-નિર્દયતા ઊઠવા જાય ત્યાં ઝટ આ વિચારવાનું કે 'આમાં તો મારી જિંદગી વેડફાઈ જશે, શો ફાયદો ? ક્રોધ-મદ-ઈર્ષ્યા-કઠોરતા રાખવાથી બાહ્યમાં શો એવો લાભ થઈ જાય છે ? અને કદાચ લાભ થતો હોય તો ય તે મામૂલી છે; કેમકે એમાં કાંઈ મોટા ચક્રવર્તીની સંપત્તિ-સન્માન-ઠકરાઈ મળી જતી નથી. મળે તો એની અપેક્ષાએ ઠીકરા લાભ ! એમાં શું મોહવું, ને વેડફી એની ખાતર ક્રોધાદિ રાખીને શી જિંદગી નાખવી ?'

**'જિંદગી મારે સુધારવી હોય, વેડફી નાખવી ન હોય કિન્તુ સુખદ લાભના ફળવાળી કરવી હોય, તો મારે ક્ષમા-સમતા-મૈત્રી-કરુણા વગેરે પ્રશસ્ત ભાવો જ મુબારક હો.'**

માણસને આ વિચાર જોઈએ; પછી ભાઈ સાથે, કાકા સાથે, પાડોશી સાથે, માબાપ સાથે ઝઘડતા પહેલાં આ વિચાર હોય કે, 'મારે આ કિંમતી જિંદગી અધમ ક્રોધ વગેરે તામસી ભાવોમાં વેડફી નથી નાખવી, તો શા સારુ ભાઈ કે કાકા કે માબાપ સાથે ઝઘડવું ? કદાચ એમણે મારું કાંઈક બગાડ્યું, તો એ ખરેખર તો મારાં કર્મે જ બગાડ્યું છે. છતાં તુચ્છ મનને એમ લાગે કે એમણે મારું બગાડ્યું તો ય મારે મારા તરફથી ક્ષમા ને દયા તેમજ મૈત્રીભાવ જ દાખવવો. એમાં જ મારા આત્માની ઉત્તમતા રહેશે, તામસભાવોમાં તો અધમતા થાય.'

આ બહુ ડહાપણનો વિચાર છે; નહિતર ગુસ્સો અભિમાન વગેરે તામસભાવોમાં તો જીવને એનો નાદ લાગે છે, એટલે પછી એની પરંપરા ચાલે છે, એમાં વધારો થતો જાય છે. કોણિક એમાં જ નીચે ઊતરતો ગયો હતો, તે પહેલાં એણે બાપ શ્રેણિકને જેલમાં નાખ્યા, અને પછીથી દાદા ચેટકરાજની સામે લડ્યો ! લડ્યો લડ્યો તે એવું લડ્યો કે ચેટકરાજને અંતે કૂવામાં ઝંપલાવવું પડ્યું, અને એમની વિશાલા નગરીને કોણિકે ખેદાન મેદાન કરી મૂકી. આવા ને આવા તામસ ભાવમાં જિંદગી એવી વેડફી નાખી કે મરીને છઠ્ઠી નરકમાં પડ્યો ! આમ તો એ મહાવીર ભગવાનનો ભક્ત, તે ભગવાન પધાર્યા ત્યારે એમનું અવ્વલ કોટિનું સ્વાગત સામૈયું કરેલું, છતાં એ વસ્તુ એને બચાવ આપી શકી નહી.

જો અંતરના ક્રોધ-રગડાઝઘડા-અભિમાન વગેરે તામસભાવમાં જિંદગી વેડફી નાખવી છે, તો વિચારજો કે જ્યાં શાસ્ત્ર-પાને નોંધાય એવું મોટું ભગવાનનું ભક્તિ સ્વાગત એ પણ દુર્ગતિ પતન સામે બચાવ ન આપી શક્યું તો મામૂલી દેવદર્શન-પૂજન શી રીતે દુર્ગતિપતન સામે બચાવ આવી શકશે ? ધર્મ સાચો, ધર્મ સારો, ધર્મ કલ્યાણકારી, પરંતુ એ માગે છે કે દિલમાં તામસભાવો ન રાખો.' એ રાખવા

હશે તો ધર્મ જાણે કહે છે 'હું બચાવ નહિ આપી શકું' ધર્મ કરવા છતાં જો તામસભાવો રાખીને બચાવ ન મળે, તો એ તામસભાવોમાં જિંદગી સફળ થઈ ? કે વેડફાઈ ગઈ ? કોણિક જીવ્યો ત્યાં સુધી નાચ કરી લીધા, પણ સરવાળે શું પામ્યો ? છેલ્લે છેલ્લે વૈતાઢ્યની ગુફા ખોલવા ગયો, દેવે ના પાડી, છતાં અભિમાનના તામસભાવમાં તણાઈ પાછો ન વળ્યો તો દેવતાએ એનો છૂંદો કરી નાખ્યો. તે અહીં તો એક જ વાર છૂંદો, પણ પછી છઠ્ઠી નરકમાં અસંખ્ય વાર છૂંદો !

ગુસ્સો ને અભિમાન, દ્વેષ ને ઈર્ષ્યા, અંટસને વૈર વિરોધ, લોભ ને મમતા, વગેરે વગેરેમાં કિંમતી માનવ જિંદગી માનવ સમય કેવો વેડફાઈ જાય છે ? એના દાખલા જંગલી પશુ, માછલા, સાપ, ગિરોલી, બિલાડી વગેરે અસંખ્ય તિર્યંચ પ્રાણીઓ નજર સામે દેખાય છે. એ બિચારા વર્તમાનમાં કેમ જીવતા જીવોને આખા ને આખા ખાઈ જવાના તામસભાવમાં રમી રહ્યા છે ? કહો, પૂર્વના મનુષ્યભવે સેવેલ આખું ને આખું ચાંઉ કરવા વગેરેના તામસભાવનો વારસો લઈ આવ્યા હોય પછી એને સારું ક્યાંથી સૂઝે ?

કામ-ક્રોધ-લોભ-મદ વગેરે તામસભાવ જો આ ભયંકર તામસી તિર્યંચ અવતાર આવતા હોય તો અહીંનું જીવન એ તામસભાવ રાખ્યા કરવામાં કેવું વેડફાઈ ગયું ગણાય ? મહાવીર ભગવાનના જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવે તામસભાવમાં રાચવાનું રાખ્યું તો સાતમી નરકમાં પ્રયાણ થયું ને ત્યાંથી માંડ છુટ્યા પછી પણ સિંહનો અવતાર મળ્યો. એમાં શું પામવાનું ? પૂર્વના તામસભાવના વારસાનું તાંડવ ત્યારે અહીં એવા તામસભાવમાં જિંદગી વેડફી નાંખ્યાનું ફળ કેટલું ભયંકર ?

તમને એમ લાગતું હશે કે 'અહીં અમે ભાઈ સાથે કે બીજા સગા-સ્નેહી સાથે અબોલા રાખ્યા, એમાં શો બહુ તામસભાવ કર્યો ગણાય ? એ એના રસ્તે, અમે અમારા રસ્તે;' પરંતુ ભૂલા પડતા નહિ; પહેલી વાત તો એ, કે તમને જે લાગે છે કે 'અમે તો સામાનું કશું બગાડ્યું જ નથી, અમે ભૂલ નથી કરી, પણ ભૂલ સામાની છે. એણે બગાડ્યું છે અમારું.' ત્યાં તપાસો કે આ માનવું બરોબર છે ? બે હાથ વિના તાલી ન પડે; આપણે ક્યાંક પણ એક યા બીજી રીતે જાણ્યે-અજાણ્યે ભૂલ કરી હોય ત્યારે સગા-સ્નેહીના હાથે આપણું અણગમતું કરવાનું થાય છે. આ સામાન્ય નિયમ છે, એમાં અપવાદ હોઈ શકે છે, પરંતુ આપણો પ્રમાદ, આપણી બિનસાવધાની અને આપણી વિષય-કષાયની પરિણતિ જોતાં એમ લાગશે કે આપણી ભૂલ થવી સુસંભવિત છે.

**આપણો વાંક છતાં એકલો સામાનો વાંક જોવો એ તામસભાવ છે.**

એના ઉપર જ અંટસ-રિસામણા-વિરોધ રખાય છે. છતાં માનો કે એકલો



સામાનો જ વાંક હોય તો ય જૈન શાસન હૈયામાં એની સાથે વૈર-વિરોધ રાખવાની ના પાડે છે; કેમકે એ આપણા માટે કષાયના શલ્યરૂપ બને છે; સતત પાપ બંધાવે છે, ને પરલોકમાં જીવો પ્રત્યે વૈરવિરોધના સ્વભાવ બનાવી દે છે એટલે,

**અહીં એક જીવ પ્રત્યે પણ વૈરવિરોધ અંટસનું દિલમાં શલ્ય રાખવું એ પરલોકમાં અનેક જીવો પ્રત્યેના વૈર વિરોધનું Prebooking છે, પૂર્વ તૈયારી છે.**

પછી ચાહ્ય આપણે સામાનું કશું નહિ, ને સામાએ આપણું બગાડ્યું પણ આપણે વૈર-વિરોધ-અંટસનું શલ્ય રાખ્યું, એટલે આપણે તો નિશ્ચિત ગુનેગાર થઈ ગયા.

જુઓ પાલક પાપીએ સ્કંધકસૂરિના પાંચસો મુનિઓને ઘાણીમાં પીલી નાંખ્યા, વાંક પાલકનો જ હતો, છતાં મુનિઓ દિલમાં એના પ્રત્યે લેશમાત્ર વૈરવિરોધ-અંટસ ન ધર્યો, તે મોક્ષે પહોંચી ગયા; ત્યારે સ્કંધકસૂરિએ પાલકથી પીલાવા છતાં એટલે કે વાંક માત્ર સામાનો છતાં પોતે પોતાના દિલમાં એ પાલક પ્રત્યે વૈર-વિરોધ ધર્યો તો મોક્ષે જતા અટકી ગયા, સંસારમાં રહી ગયા, એટલું જ નહિ, પણ દેવતા થઈને એમને આખા નગરના લોકો પ્રત્યે વિરોધ દ્વેષ આવ્યો, ને આખા નગરને બાળી નાખ્યું કે ધૂળથી દાટી દીધું.

આ પરથી ખ્યાલ આવે છે ખરો કે આપણો વાંક નહિ, ને એકલો સામાનો વાંક છતાં એના પ્રત્યે વૈર-વિરોધ અંટસ ધરાય તો જિંદગી કેવી વેડફાઈ જાય છે ? ખંધકસૂરિનું જીવન મહાવૈરાગ્ય, મહાન સંયમ, મહાત્યાગ ભર્યું હતું. છતાં છેવટના આ એક પણ ગુનેગાર પાલક પ્રત્યે વૈર-વિરોધ ધર્યો તો એણે આખો મોક્ષ અટકાવી દીધો, અને એના શલ્યે ભવાંતરે નગર સમસ્તના લોક પ્રત્યે જાલિમ દ્વેષ કરાવ્યો.

તો આ જોયા-જાણ્યા પછી તમારે એવું ત્યાગ-વૈરાગ્ય-સંયમ-તપનું બળ તો છે નહિ, ને ભાઈ સાથે કાકા-મામા સાથે, કે બીજા ત્રીજા સગા-સ્નેહીની સાથે વિરોધ-અંટસના શલ્ય રાખવા છે, તો એનું ભયાનક પરિણામ આવશે એનો વિચાર આવે છે ખરો ? ત્યારે પૂછો,-

**પ્ર.**- અમે કાંઈ અંટસમાં સામાને મારી નાખવાનું કે એનું કશું બગાડવાનું નથી ઈચ્છતા, પછી અમારો એ અંટસ-વિરોધ ભયાનક કેમ નીવડે ?

**ઉ.**- ઠીક છે સામાનું બગાડવાનું ન ઈચ્છયું, પરંતુ તમારા દિલમાં ગાંઠ તો બંધાઈ જ ગઈ ને કે 'આ સામો ખરાબ, આપણો દુશ્મન, એણે આપણું બગાડ્યું હવે આપણે એની સાથે બોલવા-ચાલવાનો વ્યવહાર બંધ.' આમ મનમાં સામા પ્રત્યે વિરોધ-અંટસ-અબોલડાની ગાંઠ બંધાઈ ગઈ. આમાં શી શી ખરાબી છે એ તપાસો.

**વિરોધ-અંટસ-અબોલડામાં ખરાબીઓ :-**

પહેલું તો સામા પ્રત્યે દિલમાં વિરોધ ઊભો કરવાથી; મૈત્રીભાવ નહિ ઊભો રહે. આમાં અલબત્ત સામાનું ખરાબ કરવાનો વૈરભાવ જેવો ભયંકર ભાવ નથી, છતાં સામા પ્રત્યે મૈત્રીભાવ એટલે કે સ્નેહભાવ ન રહ્યો, દ્વેષ-અરુચિ-અણગમાનો ખરાબ ભાવ આવ્યો. જાણો છો ને ?

**'ધર્મબિંદુ' શાસ્ત્રમાં** ધર્મની વ્યાખ્યામાં 'મૈત્ર્યાદિભાવ સંયુક્ત' એ વિશેષણ જોડ્યું છે. અર્થાત્ ધર્મ મૈત્રી આદિભાવથી સંયુક્ત હોય. આમાં ''મૈત્રી'' એટલે કે જગતના જીવમાત્ર પ્રત્યે સ્નેહભાવ આવશ્યક માન્યો. એ જો આપણા દિલમાં ન હોય તો દિલમાં ધર્મ આવે ? જ્યારે જગતના જીવમાત્ર ઉપર મૈત્રીની આવશ્યકતા બતાવી, તો પછી એમાં દુશ્મન પણ આવી ગયા ને ? દુશ્મન ઉપર પણ મૈત્રી-સ્નેહભાવ જ રખાય ને ? કે ના, એના ઉપર મૈત્રી નહિ, સ્નેહ નહિ, દ્વેષ-અણગમો રાખીએ તો ચાલે ? સામા પ્રત્યે વિરોધ એટલે શું છે ? સ્નેહ નહિ, પણ દ્વેષ અણગમો. તો પૂછો,

**પ્ર.**- સામાની અનાડિતા જોઈ આપણે આપણા ચિત્તની સમાધિ જળવાય એ માટે એની સાથે વ્યવહાર બંધ કરીએ એમાં શું મૈત્રીભાવનો ભંગ થઈ ગયો ?

ઉ.- દિલને પૂછો કે હવે એના પ્રત્યે આપણા હૃદયમાં સ્નેહ છે ? કે સ્નેહ સળગી ગયો ને હવે અણગમો દ્વેષ છે ? પહેલાં વર્ષો સુધી એની સાથે સારો સંબંધ અને પ્રેમભાવ રાખ્યો, એની અવસરે સહાય લીધી, ઉપકાર લીધો, હવે એનામાં કાંઈક વાંક દેખ્યો એટલે એ સ્નેહભાવ તો ગયો જ ને ? આમાં મૈત્રીભાવ યાને દિલમાં સ્નેહ ક્યાં ઊભો રહે ! ખૂબી તો એ છે કે સામાનો વાંક જોઈએ છીએ એય ખરેખર વાંક છે કે કેમ એ કોને ખબર ? આપણી કોઈ ભૂલ થઈ જ નથી ? શું આપણે એટલા બધા સજ્જનદિલના અને સાવચેત છીએ કે- આપણી ભૂલ જ ન થાય ? તે હવે એ જ જોઈએ છીએ કે 'સામાએ સજ્જનતા ગુમાવી, ને ભૂલ કરી, સજ્જનતા ગુમાવી અને એ અસજ્જન બન્યો.'

**વૈરવિરોધમાં સામા પ્રત્યે કૃતઘ્નતા :-**

હજી ઉંડાણમાં ઊતરો, માનો કે આપણે તો જરાક પણ ભૂલ નથી કરી, ભૂલ સામાએ કરી છે, પરંતુ આજ સુધી આપણા પર એના ઉપકાર, એની સહાયતા એની ઓથ હુંફ લીધી એનું શું ? એ બધું રદબાતલ જ ને ? જો આ રદબાતલ થાય અને હવે આપણે એને કશી સહાયતા સેવા યાવત્ સ્નેહભાવ પણ ન રાખતાં દ્વેષ-અણગમાનો ભાવ રાખવાનો હોય, તો એમાં કૃતજ્ઞતા રહે ? કે કૃતઘ્નતા આવે ?

પહેલાં તો બીજા આગળ એના ગુણ ગાતા હતા, 'ભાઈ બહુ સારા



સેવાભાવી, આપણને એમની સારી ઓથ,' તે હવે એના પર અભાવ-અરુચિ-વિરોધ થયા પછી અને એને આપણા વિરોધી માન્યા પછી એ ગુણ ગાવાનું રહે ખરું ? ત્રાહિત સાથે વાતચીત કરવામાં હવે આ વિરોધી માનેલાની પ્રશંસા આવે ખરી ? કે ઊલટું સામો એની સજ્જનતા ગાતો હોય, તો દિલમાં બળવાનું થાય ? વિરોધી તરીકે ઘસાતુ બોલવાનું આવે ? આમાં કૃતઘ્નતા નથી ?

ઝીણવટથી તપાસવાનું છે કે એક વખતના સ્નેહી-સહાયક-ઉપકારી પ્રત્યે હવે વિરોધ-અંટસ-અણગમો ઊભો કરાય એમાં કેટકેટલી ખરાબી છે એમાં ધર્મની સમજ ક્યાં રહી ?

આજનો કાળ વિષમ કળિકાળ કેમ ગણાય છે ? આ હિસાબે કે આજે ધર્મી ગણાતા કેટલાય એવા છે કે જે આમ ધર્મ સારો કરતા હોય, બીજાને ય ધર્મમાં ઝીલાવતા હોય, પરંતુ ખામી આ મોટી કે સંસારમાં એક યા બીજા સગા કે સ્નેહી સાથે એમણે એવા અંટસ ઊભા કર્યા હોય કે એના સામું ય ન જુએ ! એના ઘરનું પાણીનું ટીપું હરામ ! અથવા સામા સાથે માત્ર લટકતી સલામનો જ સંબંધ રાખ્યો હોય. ભૂતકાળના સ્નેહ-સહાય-સદ્ભાવ બધું રદબાતલ કરી દિલમાં એના પ્રત્યે કચવાટ અરુચિ-વિરોધ સીલપેક કરી દીધો હોય ! પછી ત્યાં કદાચ કોઈ સાધુ ય સમજાવવા આવે તો ગાંઠ છોડવાની વાત નહિ. સાધુનેય કહી દે 'સાહેબ ! આમાં આપ સમજો નહિ. કદાચ એણે આપને ગમે તેમ સમજાવ્યું હશે પણ હવે મારે કશું બોલવું નથી...' શું આ ?

**વિરોધ અંટસની પક્કી ગાંઠ.**

એ ધર્મ કરે છે, કરાવે છે, પણ ક્યાંક દિલના ખૂણામાં ભગવાન મહાવીર સ્વામીએ છ-છ મહિના ભયંકર રંજાડનાર સંગમ દેવતા પ્રત્યે કેવું હમદર્દી ભર્યું દિલ બનાવ્યું હતું એનું સંભારણું ય ખરું ? ભગવાને શાનાથી તરવાનું કહ્યું છે, દ્વેષ-ક્રોધ-અહંત્વથી ? કે ઉપશમ-ક્ષમા-સમતા-નમ્રતાથી ? એનો ખ્યાલ હૈયાના ખૂણામાં ય ખરો ? એ જો હોય અને હિતૈષી નિઃસ્વાર્થી સાધુ મહારાજ એ અંટસ-વિરોધ કાઢી નાખવા કહે ત્યારે હઠાગ્રહ રાખે ? એના પર 'હું એ બરાબર કરું છું. મારી કોઈ ભૂલ નથી; વગેરે ઠીકપણાનો સિક્કો લગાવે ? કર્તવ્યતાનો સિક્કો શાના પર મારવાનો ? દ્વેષ પર ? કે ઉપશમ પર ? ક્રોધ પર ? કે ક્ષમા ઉદારતા પર ? અહંત્વ-આપમતિ ઉપર ? કે લઘુતા-નમ્રતા-સમતા ઉપર ?'

કળિયુગની જ આ બલિહારી સમજવી ને ? સારો ધર્મ કરનાર, બીજાને ધર્મ કરાવનાર અને ધર્મની સમજ હોવાનો દાવો રાખનાર પોતે પોતાના વિરોધી માનેલાની સાથેના તુચ્છ અને ખોટા હિસાબને સાચા બરાબર માની એના પર દ્વેષને કર્તવ્ય

માને ઝેરી અંટસ-વિરોધને પોષે અને ભવોભવના તારક ગુરુ મહારાજને ય આ વાતમાં ગણકારે નહિ ! આ કેવીક અજ્ઞાનદશા ! કેવોક અવિવેક ! પૂછો,

**વિરોધ-અંટસ રાખવામાં અજ્ઞાનતા-અવિવેક શો ? :-**

**અવિવેક આ. આત્માની ધર્મ પરિણતિ શી ? ને અધર્મપરિણતિ શી ? એનું અજ્ઞાન અને અવિવેક.**

માત્ર બહારથી કશીક ધાર્મિક પ્રવૃત્તિ કરે છે, એને જ અંતરાત્માની ધર્મપરિણતિ માની લીધી. એક વખતના સ્નેહીના સ્નેહ-સદ્ભાવ, સહાય-ઉપકાર બધું ભૂલીને એના પ્રત્યે હવે વિરોધ-અંટસ રાખવામાં વિચારો અંતરમાં શું કષાય પોષાઈ રહ્યો છે ? કે ઉપશમ ભાવ ? મૈત્રી અને કૃતજ્ઞભાવ પોષાઈ રહ્યો છે ? કે સ્નેહભંગ-વિરોધ-કૃતઘ્નતા ? આ વિરોધ અંટસ-અમૈત્રી એ બધી આત્માની કષાય પરિણતિ છે. **અંટસ-અમૈત્રી વગેરે કષાયપરિણતિ ચાહીને ઊભી રાખી હોય ત્યાં ધર્મપરિણતિ શી રીતે આવે ?**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૪,તા.૨૮-૯-૧૯૭૪**

**પ્ર.-** કષાયપરિણતિ તો ૧૦ મા ગુણસ્થાનક સુધી હોય છે; તો ત્યાં શું ધર્મપરિણતિ નથી આવતી ?

**ઉ.-** આવે છે, પણ ક્યારે ? કઈ આત્મદશામાં ? કષાયપરિણતિને કર્તવ્ય માનીને નહિ. જો કર્તવ્ય માને તો તો સમ્યક્ત્વ ધર્મની પરિણતિ ય ઊડી જાય. માણસ અહીં ભૂલે છે, પોતે કોઈ વ્રતનિયમની-તપસ્યાની-જિનભક્તિની પ્રવૃત્તિ કરતો હોય ત્યાં માની લે કે મારામાં અંતરમાં આની ધર્મપરિણતિ છે, પછી ભલે પેલા વિરોધ-અંટસની પરિણતિ અને એને વાજબી યાને કર્તવ્ય માનવાની પરિણતિ ઊભી હોય પરંતુ આમાં તો કષાયને વાજબી-કર્તવ્ય ઠરાવવા જતાં તત્ત્વશ્રદ્ધા યાને સમ્યક્ત્વની જ પરિણતિ ઊડી ગઈ. અરે ! કદાચ મંદમિથ્યાત્વની સ્થિતિ ય લોપાઈ જાય કેમ વારુ ?

**વિરોધ-અંટસ રાખવામાં મંદ નહિ પણ ઊગ્ર મિથ્યાત્વનો સંભવ શી રીતે ?**

બસ, આ જ રીતે કે વિરોધ અંટસનો કષાય સેવતાં એને પાકો વાજબી માનવો છે, ને એનાથી ભવભ્રમણ વધે એનો કશો ભય નથી, કદાચ એમ પણ માની લેવું છે કે 'એમાં ભવના ફેરા શા વધતા હતા ? હું કાંઈ ગેરવાજબી કરતો જ નથી. આપણે સામાની સાથે નહિ બોલવું એમાં ક્યાં પાપ કરીએ છીએ ?' આમ બોલી ખરેખર તો અંતરમાં કષાય પોષવામાં ઉગ્ર મિથ્યાત્વ છે.



**મિથ્યાત્વ મંદ હોય એનું લક્ષણ એ, કે પાપનો ભય હોય, ભવનો ભય હોય.**

**મેઘકુમાર જીવ હાથીને દયા :-**

પાપને પાપ જ ન માનવું હોય, પછી ભય શાનો ?

મેઘકુમારના પૂર્વ ભવમાં એના જીવ હાથીને પાપનો ભય લાગ્યો, કે દાવાનળથી ત્રાસેલા જીવો મારા માંડલામાં આવ્યા એને દાવાનળમાં ધકેલી કેમ કઢાય ? એમ, પગ ખણવા ઉઠાવ્યો ત્યાં પગલામાં સસલુ ગોઠવાઈ ગયું એને હવે પગ પાછો મૂકીને ચગદી કેમ નખાય ? અલબત્ત એનામાં સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન નહોતું, મિથ્યાત્વ હતું, છતાં દયાભાવ અને હિંસા-પાપનો અણગમો હોવાથી મિથ્યાત્વ મંદ હતું. ઉગ્ર મિથ્યાત્વમાં આ દયાભાવ અને હિંસા પાપની ઘૃણા આવે નહિ.

હાથી પોતે તૈયાર કરેલા માંડલામાં દાવાનળથી દુખિયારા બનેલા જીવોને ઘૂસવા દે છે. ઠહેરવા દે છે. ત્યારે એ પરથી વિચારવા જેવું છે કે આપણી જગામાં કાંઈ દુખિયારા જીવ આવી જાય, દા.ત. રાતના પોષ માહની કડકડતી ઠંડીથી દુખિયારું બનેલું કૂતરુ આપણી ડેલીમાં ઘૂસી આવ્યું, એને હવે લાકડી દેખાડી બહાર કચકચાઈને પડેલી ઠંડીમાં કાઢી મૂક્યુ એમાં દયા છે ? અરે મંદ મિથ્યાત્વ છે કે ઉગ્ર મિથ્યાત્વ ?

**મંદ મિથ્યાત્વમાં દિલમાં દયાભાવ હોય, હિંસા પાપની ઘૃણા હોય, પાપનો ભય હોય.**

જો આપણી જગામાં આવેલા દુખિયારા જીવને ધરાર પીડાતા દુઃખમાં ધકેલી દઈએ તો એમાં દયાભાવ નહિ, પણ નિર્દયતા છે. પાછુ એની આપણને અફસોસી ન હોય, એ ઉગ્ર મિથ્યાત્વ છે. ત્યારે એવી રીતે કર્મથી પીડાતા દુખિયારા આપણા સ્નેહીએ કર્મવશ ભૂલભાલ કરી નાખી, એને જો આપણે તિરસ્કારી અવગણી એના પ્રત્યે વિરોધ અંટસ ઊભો કરીએ અને તેને કષાયની આગમાં ધકેલી દઈએ તો એમાં આપણી નિર્દયતા નથી ? વિરોધ-અંટસ વાજબી ઠરાવવા ઉગ્ર મિથ્યાત્વ નથી ? પછી ત્યાં ધર્મપરિણતિ શી રીતે ઊભી રહે ?

શાસ્ત્ર મુખ્યતાએ ધર્મપરિણતિ સમ્યક્ત્વથી ગણે છે, અને ગૌણતાએ ધર્મપરિણતિ મંદ મિથ્યાત્વથી કહે છે.

**પ્ર.-** મંદ મિથ્યાત્વ એ મિથ્યાત્વ તો ખરુ ને ?

**ઉ.-** મિથ્યાત્વ મંદ પડ્યું હોવાથી એમાં જે દયા ભાવ ઊભો થાય, જે પાપનો ભય-અણગમો ઊભો થાય એ ગુણ છે, એ દયાધર્મની આંતર પરિણતિ છે,

પાપ ભયરૂપી ધર્મની પરિણતિ છે.

**જેમ દયા દાનાદિ એ ધર્મ છે, એમ હિંસાદિ પાપનો ભય એ પણ ધર્મ છે; કેમ કે ધર્મ બે પ્રકારે, -પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ.**

દયા-દાન-જિનભક્તિ વગેરે એ પ્રવૃત્તિધર્મ છે. એમ હિંસા-જૂઠ-ચોરી વગેરે તથા કામ-ક્રોધાદિ કષાયોરૂપી પાપનો ત્યાગ એ નિવૃત્તિધર્મ છે, એ પાપોનો અણગમો-સૂગ-ભય એ પણ નિવૃત્તિધર્મ છે.

હવે વિચારો, જિનભક્તિની પ્રવૃત્તિ કરતાં હૈયે જિનભક્તિ ધર્મની પરિણતિ માની, પણ સાથે હૈયામાં સ્નેહી આદિ પ્રત્યે વિરોધ-અંટસરૂપી પાપ રાખ્યું, પાછું એને વાજબી માની એ પાપને પાપ જ ન માન્યું, એટલે પાપભય જ ન રાખ્યો તો હૈયામાં આ જામી પડેલ અધર્મપરિણતિની સ્થિતિમાં જિનભક્તિની ધર્મપરિણતિ રહે ખરી ? રહી શકે ? એમ કહેતા નહિ કે-

**પ્ર.**- પોતે ક્યાં સામા પર દ્વેષ કરવા તરીકે દ્વેષ કરે છે ? પોતે તો એટલું જ રાખ્યું છે કે 'એ એના રસ્તે હું મારા રસ્તે બસ, એની સાથે કશો વ્યવહાર રાખવો નહિ.' આમાં ક્યાં એવી અધર્મપરિણતિ આવી ?

ઉ.- આત્મામાં દોષ હોવાનું કાંઈ પોતાની માન્યતા પર નિર્ભર નથી કે 'પોતે દોષ માને તો દોષ અને ન માને તો દોષ નહિ' આ હિસાબ નથી. એ તો અમુક અમુક જાતની સ્થિતિને જ્ઞાની કેવી ઓળખાવે છે ? દોષરૂપ ? કે દોષરૂપ નહિ ? એના પર આધાર છે. એમ તો ચોર પણ માનતો હોય કે 'હું કાંઈ મોટી ચોરી નથી કરતો, પણ આ શ્રીમંતો જે મોટા ચોર છે, અને પાછા સમાજને દબડાવે છે એમને શિક્ષા કરું છું,' આવું ચોર માને એટલે શું એનામાં દોષ નહિ ? એની ચોરી એ ચોરી નહિ ? ઈત્તરધર્મી કાંદા-બટાટા ખાતો હોય અને એને અનંતકાય અભક્ષ્ય ન માનતો હોય તેથી શું એ અનંતકાયનો ભોગી ન ગણાય ? અભક્ષ્ય ખાનારો ન કહેવાય ? રાત્રિભોજન કરનારા એને દોષરૂપ ન ગણાય ? -માટે, વાત આ છે કે

**અજ્ઞાન હોવાથી દોષરૂપ ન સમજે એટલા માત્રથી એને બચાવ નથી મળતો અજ્ઞાનતાથી દોષ સેવે તો દોષ લાગે જ છે.**

જ્ઞાનીઓનો હિસાબ જ જોવાય કે 'એ દોષરૂપ કહે છે કે નહિ ? જો દોષરૂપ કહે છે તો દોષ લાગે જ' આ હિસાબે જોતાં સમજાશે કે જ્ઞાની ખરેખરી સ્થિતિને જુએ છે, ને ખરેખરી સ્થિતિ આ છે કે સ્નેહી સાથે સંબંધ બંધ કર્યો ત્યાં એના પર જો અભાવ, અણગમો છે, તો એ દ્વેષ રૂપ છે. જો વાંક સામાનો જ દેખાય છે, પોતાનો નહિ, અને એથી જ એની સાથે અબોલા કર્યા છે તો એમાં પોતાનો ય



વાંક છતાં વાંક ન દેખવો અને સામાનો સહેજ વાંક એવો વાંક દેખવો કે જેમાં એનું પૂર્વે સારું કર્યું-કરાવ્યું ગણતરીમાં જ નહિ, તો એ મિથ્યા દર્શન છે. આમ પોતાનામાં દોષ હોવા છતાં માનવું કે 'હું કાંઈ દ્વેષ રાખતો નથી, હું કાંઈ મિથ્યા દર્શન સેવતો નથી,' તો એ દોષરૂપ મટી જતો નથી. હિતૈષીએ સમજાવ્યા છતાં એને દોષ તરીકે ન સ્વીકારવો એમાં સંભવ છે મિથ્યાત્વ પણ આવી જાય. ત્યારે આમ જો મિથ્યાત્વમાં રુલતો હોય અને બીજી બાજુ ધર્મસાધના કરતો હોય તો અંતરમાં મિથ્યાત્વની પરિણતિ છતે ધર્મ પરિણતિ ક્યાંથી આવે ? અથવા મિથ્યાત્વ નહિ સહિ, અને દ્વેષભાવ હોય તો ય એ અધર્મ-પરિણતિ છે, ત્યાં ધર્મપરિણતિ શી રીતે આવે ?

**જ્ઞાની ભગવંતો ઉગ્ર મિથ્યાત્વની હાજરીમાં દાનાદિ શું પણ મોટી ચારિત્રની ક્રિયાને ય ધર્મરૂપ નહિ, કિન્તુ મોહનો એક ચાળો કહે છે.**

**એમ, ઉપશમના અભાવમાં ય ધર્મસાધનાને છાર પર લીંપણ જેવી કહે છે.**

જ્યાં પાપને પાપરૂપ માનવું નથી, ધરાર દ્વેષ પાપ સેવીને ભવના ફેરા વધવાનો ભય રાખવો નથી, ત્યાં મિથ્યાત્વ મંદ નહિ, પણ ઉગ્ર જ છે, એમ, જ્યાં દ્વેષ ધરાર પકડી રાખવો છે પછી સંવચ્છરી ઉપર સંવચ્છરીઓ પસાર થાય તો ય તે છોડવો નહિ, ત્યાં ઉપશમનું દેવાળું જ ગણાય, મિથ્યાત્વનું જ સેવન ગણાય.

આ લક્ષમાં લઈ વિચારજો કે આપણે સ્નેહીના સ્નેહ તોડી નાખ્યા, વ્યવહાર બંધ ખરી અબોલા કર્યા, અને વિરોધ અંટસ ઊભા રાખ્યા, ત્યાં

- દ્વેષ છે કે નહિ ?
- એને પાપરૂપ માનીએ છીએ ખરા ?
- ભવના ફેરા વધવાનો ભય છે ?
- માનવભવ વેડફાઈ જતો લાગે છે ?

**ક્યાં આત્મવંચના ? :-**

જ્ઞાનીના હિસાબ મન પર રાખીને જુઓ કે આપણી સાચી પરિસ્થિત કેવી છે ?

આપણા આ અબોલા એ અ-મૈત્રીરૂપ છે કે નહિ ? કે દિલમાં સામા પ્રત્યે છલોછલ મૈત્રીભાવ યાને સ્નેહભાવ ભર્યો છે ? શા સારુ આત્મ-વંચના પોતાની જાતે જ પોતાના આત્માને ઠગવાનું ?

ભલે ને વાંક સામાનો હોય, છતાં જો આપણે એના પ્રત્યે અંટસ-અણગમો-અભાવ રાખીએ છીએ તો એ દ્વેષનું જ રૂપક છે, અને એને આપણે દોષરૂપ ન માનતા હોંશે માનતાં હોંશે સેવીએ છીએ ને એને મક્કમ મને છોડવા તૈયાર નથી,

તો એ આત્મ-વંચના જ છે, જાતને ઠગવાનું છે. એમાં પછી ધર્મસાધના કરી અંતરમાં ધર્મપરિણતિ હોવાનું માનવું એ પણ ભ્રમણા છે. કેટલા ભવખાતર આ ? પછીના ભવમાં આ હુશિયારી સાથે લઈ જવાશે ખરી કે હું આને ન જ બોલાવું ? આની સાથે કશો વ્યવહાર ન રાખું ? અહીંની હોશિયારી તો અહીં જ રહેશે, અને દ્વેષ-વૈર-વિરોધના કુટિલ ઘેરા સંસ્કાર પરભવે સાથે લાગશે. પછી ત્યાં શાન્તિ-ઉપશમ આવે જ શાનો ? અરે ! જ્ઞાનીના ઉપદેશના ધોધ વરસે છતાં આ જડબેસલાક ચોંટેલા કુસંસ્કાર દિલમાં દ્વેષાદિ જ કરાવશે.

અહીં જ અનુભવ જુઓ ને કે એ કેવો છે ? વ્યાખ્યાનના ધોધ વરસ્યા, છતાં આવા અંટસ-વિરોધ વોસિરાવ્યા ? ના, કેમ નહિ ? કહો, જન્મ-જન્માન્તરના દ્વેષ-અમૈત્રી વૈર-વિરોધ આપમતિ-અહંત્વ વગેરેના ઘેરા સંસ્કાર લઈ આવવાનું થયું છે માટે. હવે અહીં પણ એ કુસંસ્કાર ભૂંસવા નથી, ઊલટું અંટસ-વિરોધ અકબંધ ઊભા રાખી રાખીને દૃઢ કરવા છે, તો આગળ પર કેવું ભયાનક ચિત્ર ?

**પ્ર.-પૂર્વ ભવના જામી પડેલા કુસંસ્કાર અહીં ભૂંસી શકાય ?**

ઉ.- એમાં પૂછવાનું શું ? પ્રભુએ શાસન એટલા માટે તો સ્થાપ્યું છે કે શાસનની આરાધનાથી કુસંસ્કારો ભૂંસાતા જાય.

**પ્ર.**- પરંતુ પૂર્વના મલિન સંસ્કારો પડ્યા હોય તો એવું ઊંધું જ સુઝે ને ? શાસનની આરાધના ક્યાંથી સૂઝે ?

ઉ.- તો તમે શાસનની આરાધના કેમ કરો છો ? શું એમ જોઈને કે 'મારામાં કુસંસ્કારો નથી ?'

**પ્ર.**- આરાધના સૂઝે છે તો તો કુસંસ્કારો નહિ જ ને ?

ઉ.- હાં, ત્યારે એ કહો કે તમને જૂઠ, અનીતિ, વિષયસંગ, ક્રોધ-અભિમાન-તૃષ્ણા વગેરે કશું સ્ફુરતું નથી ને ? મનમાં ય એ ઊઠતું નથી ને આચરણમાં ય આવતું નથી એમ ને ? ના, ના, એ તો મોકે મોકે મનમાં ય સ્ફુરે છે ને અમલમાં ય આવે છે, તો પછી એ બધું શું કુસંસ્કારો વિના જ બને છે ? ત્યારે કહો,-

કુસંસ્કારો તો ભર્યા પડ્યા છે, કિન્તુ મહામોહની મંદતાથી શાસનની આરાધના સૂઝે છે, અને બીજાઓમાં દેખાય છે કે શાસનની આરાધના કરતાં કરતાં એમના કુસંસ્કારો અંશે અંશે નાબૂદ થતા જવાથી એમના જીવનમાં હિંસા-આરંભસમારંભ, જૂઠ-અનીતિ-વિષય-રંગ તથા ક્રોધ-મદ-તૃષ્ણા વગેરે દોષ ઓછા થતા આવે છે, અને દયા-સત્ય-ન્યાયસંપન્નતા, વિષય-ત્યાગ, વૈરાગ્ય, ક્ષમા-નમ્રતા-નિસ્પૃહતા વગેરે ગુણ વધતા આવે છે. આ જોઈને પોતાને પણ એમ લાગે છે કે હું પણ જો શાસનની આરાધના કરું, તો મારા કુસંસ્કારો પણ ઘસાતા આવે, ને દોષો મોળા



પડતા જાય, તથા ગુણસંપત્તિ વધતી ચાલે.'

શું આ હિસાબે જ આરાધના ને ? કે શું આરાધના કરીને પણ ઈચ્છો છો કે 'મારામાં હિંસા-જુઠ-ચોરી અનીતિ વગેરે તથા ક્રોધાદિ એમ જ ઊભા રહે ?' ના, એવી ઈચ્છા હોવાનું તો કહેવાય એમ નથી એમ જ કહેવું પડે કે 'એવી ઈચ્છા નથી, ઊલટું આ દોષો જાય એવી ઈચ્છા છે.' બસ, તો પછી એ સાબિત થાય છે કે

**શાસનની આરાધના દોષો કાઢવા માટે છે, દોષોના કુસંસ્કાર નાબૂદ કરવા માટે છે.**

**આરાધનામાં ઉદ્દેશ કયો રાખવો ? :-**

માટે જ શાસનની આરાધના કરો, એટલે કે દેવ-દર્શન-પૂજન, જિનભક્તિ, સાધુસેવા, દાન-શીલ-તપ વગેરેની આરાધના કરો એમાં આ ખાસ ધ્યાન રાખવાનું છે કે એ બધું મારે મારા કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-માયા-વિરોધ-અંટસ-અમૈત્રી વગેરે દોષો દાબવા અને એના કુસંસ્કાર ભૂંસવા માટે કરવાનું છે. માટે એ કરતો ચાલું. આવું ધ્યાન રહ્યા પછી તો એ લક્ષ રહેશે કે જિનભક્તિ વગેરે કરતાં કરતાં એ દ્વારા કેવી કેવી રીતે કામ-ક્રોધ આદિને ઓછા કરતા અવાય. સાધનાનું એ ફળ લાવવાનું તમને આશ્ચર્ય થશે,-

**પ્ર.**- જિનભક્તિ કરીએ એનું ફળ તો પ્રભુનો પ્રેમ વધે, પુણ્યાનુબંધી પુણ્ય બંધાય, કે કર્મક્ષય થાય એ ? કે કામ-ક્રોધાદિ દબાતા નષ્ટ થતા આવે એ ?

ઉ.- અહીં સમજી રાખો કે પુણ્યબંધ-કર્મક્ષય વગેરે ફળ સાચાં, પરંતુ સાધનાનો આપણો ઉદ્દેશ એ રાખવાનો કે મારા દોષ ઘટતા આવે. એ ઘટાડવા માટે સાધના કરતો રહું. ત્યારે પૂછો,-

**પ્ર.**- ધર્મસાધનાનો ઉદ્દેશ દોષો દબાવવાનો શાથી રાખવાનો ?

ઉ.- કારણ એ કે આપણે ગુણસ્થાનકની પાયરીએ ચડવું છે; અને આ ખાસ નોંધમાં રાખો કે

**ગુણસ્થાનકની પાયરીએ ઉપર ઉપર દોષોના હ્રાસને અનુસારે ચડાય છે. પણ નહિ કે જિનભક્તિ-દાન-વ્રત-તપ-જપ આદિના અનુસારે. અર્થાત્ દોષ-ઘટાડો જેમ વધુ, તેમ વધુ, ઊંચે ગુણસ્થાનકે; પણ નહિ કે જિનભક્તિ વધુ સમય-સંપત્તિથી કરી, યા દાન-વ્રત-તપ-જપ વધુ કર્યા, તેમ વધુ ઊંચે.**

અલબત એથી વધુ દોષ ઘટાડો થઈ વધુ ઊંચે ચડી શકાય; પણ ચડવાનું માપ દોષ ઘટાડા ઉપર.

જુઓ, પહેલા મિથ્યાત્વના ગુણસ્થાનકોથી ઉપર ચોથા સમ્યક્ત્વના ગુણસ્થાનકે

કોણ ચડે ? જે મિથ્યાત્વદોષ અને અનંતાનુબંધી રાગ-દ્વેષ-મદ આદિ કષાય-દોષ દબાવી દે તે ચડે. આમાં એ હિસાબ ન કહ્યો કે જિનભક્તિ વધારે રૂપિયા ખરચીને કરે કે વધુ સમય લગાવીને કરે એ ચોથા ગુણસ્થાનકે ચડે. કેમ એમ ન કહ્યું ? આટલા જ માટે, કે

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૫,તા.૫-૧૦-૧૯૭૪**

જિનભક્તિ વધારે સંપત્તિ કે સમય લગાવીને કરતો તો હોય, પરંતુ પૈસા વગેરે પર અનંતાનુબંધી રાગ રાખીને બેઠો હોય, તો ઉપર ચોથા સમ્યક્ત્વના ગુણસ્થાનકે ન ચડી શકે; પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે જ બેઠો રહે. એટલે ?

એક બાજુ જિનભક્તિ કરતો હોય, પણ બીજી બાજુ પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા પર આંધળો રાગ હોય, એ રાગ રાખવામાં એને કશું ખોટું ન લાગતું હોય, પાપનો કશો ભય નહિ, તો પહેલે ગુણઠાણે જ રહે, ઉપર ન જાય.

એમ, એક બાજુ જિનભક્તિ ઠાઠથી આંગી રચાવીને ને ઠાઠથી પૂજા ભણાવીને કરી, પરંતુ કોઈના પર દ્વેષ-અભાવ-અણગમો નિઃસંકોચ રાખ્યો, વાજબી માનીને રાખ્યો, એ રાખવામાં કશું પાપરૂપ ખોટું ન લાગ્યું, તો એ અનંતાનુબંધી દ્વેષરૂપ બનવાથી ઉપર સમ્યક્ત્વના ગુણસ્થાનકે ન ચડવા દે; પહેલા મિથ્યાત્વ-ગુણસ્થાનકે જ બેઠો રાખે.

એવું જ દાન સારું દે, વ્રત-તપ-જપ સારા કરે, પણ સાથે અનંતાનુબંધીના તીવ્ર રાગ કે દ્વેષ યા અભિમાન વગેરે રાખે, તો પણ મિથ્યાત્વ-ગુણઠાણે પડી રહેવાનું થાય.

**તીવ્ર રાગાદિ છે માટે જિનભક્તિ તપ-જપ વગેરે સમકિત નથી લાવી શકતા :-**

ત્યારે જો સમકિત-ગુણસ્થાનકે ચડવાનું નહિ, તો પછી ઉપરના દેશવિરતિ-સર્વવિરતિ આદિ ગુણઠાણે ચડવાની તો વાત જ ક્યાં ? જો એ નહિ, તો તેરમાં સંયોગી કેવળીગુણઠાણે ચડવાની ને પછી મોક્ષ પામવાની વાતે ય શી ?

ધ્યાનમાં ઊતરે છે ? જિંદગીભર જિનભક્તિ કર્યે જાઓ, દાન દેતા ચાલો, મોટા વ્રત-નિયમો કે તપસ્યા જીવનભર કરતા રહો, છતાં અનંતાનુબંધી રાગ-દ્વેષ-અભિમાનાદિ દોષોની કેવી શિરજોરી ? એની આગળ જિનભક્તિ-દાન-શીલ-તપ આદિ કેવા રાંકડા ? કેવા માલ વિનાના ? કેવા મુડદાલ ? અહીં પૂછવાનું મન થશે,-

**પ્ર.**- તો પછી જિનભક્તિ, દાન, શીલ, તપ આદિ નકામા જ ને ?



ઉ.- પણ એટલું જ કેમ પૂછો છો ? એમ તો ઠેઠ ચારિત્ર પણ નકામુ ને ? એમ પૂછો. કિન્તુ એ બધા નકામા નથી, કામના છે, અર્થાત્ બહુ ઉપયોગી છે, ને

**તે જિનભક્તિ આદિ આ રાગાદિ દોષેને દબાવવા માટે બહુ ઉપયોગી છે.**

દુકાન ચલાવો, ઘર ચલાવો, વિષય-વિલાસ કરો, એમાં રાગાદિ દોષો જે ઘટતા આવે, એ આ જિનભક્તિ-સત્સમાગમ-દાન-શીલ-તપ વગેરે કરતા રહો એમાં ઘટતા આવે. અનંતા આત્માઓએ એમજ રાગાદિને દબાવીને ઉપર ઉપરનાં ગુણસ્થાનકે ચડવાનું કર્યું છે; એમજ એ ઉપર ચડ્યા છે. તેમ કહેશો,-

**પ્ર.**- તો પછી અમારાથી કેમ ઊંચે નથી ચડાતું ? અમારા રાગ-દ્વેષ-અભિમાન આદિ દોષો કેમ દબાતા નથી ?

ઉ.- પણ એટલું જ કેમ પૂછો છો ? એમ તો ઠેઠ ચારિત્ર પણ નકામુ ને ? એમ પૂછો. કિન્તુ એ બધા નકામા નથી, કામના છે, અર્થાત્ બહુ ઉપયોગી છે, ને

**તે જિનભક્તિ આદિ આ રાગાદિ દોષોને દબાવવા માટે બહુ ઉપયોગી છે.**

દુકાન ચલાવો, ઘર ચલાવો, વિષય-વિલાસ કરો, એમાં રાગાદિ દોષો જે ઘટતા ન આવે, એ આ જિનભક્તિ-સત્સમાગમ-દાન-શીલ-તપ વગેરે કરતા રહો એમાં ઘટતા આવે. અનંતા આત્માઓએ એમજ રાગાદિને દબાવીને ઉપર ઉપરનાં ગુણસ્થાનકે ચડવાનું કર્યું છે; એમજ એ ઉપર ચડ્યા છે, તમે કહેશો,-

**પ્ર.**- તો પછી અમારાથી કેમ ઊંચે નથી ચડાતું ? અમારા રાગ-દ્વેષ-અભિમાન આદિ દોષો કેમ દબાતા નથી ?

ઉ.- દબાવવા નથી માટે એ દબાતા નથી દેવદર્શન, જિનભક્તિ આદિ કરતાં એવું મનમાં જ ક્યાં આવે છે કે મારે આ કરીને મારા રાગાદિ દોષોને દબાવવા છે ? જો એવું મનમાં આવતું હોય, તો તો આવા સગા-સ્નેહી પ્રત્યેની અંતરમાં રાખી મૂકેલી વૈર-વિરોધ-અંટસરૂપી દ્વેષની ગાંઠ છોડી ન નખાય ? એમને માફી ન અપાય ? શું મનને એમ ન થાય કે હું આટઆટલા વીતરાગ પ્રભુનાં દેવદર્શન કરું, જિનભક્તિ કરું, ને અંતરમાં આ દ્વેષ-અણગમા રાખું ? પરંતુ ના, એવું થતું જ નથી. એમ ન પૂછતા કે,-

**પ્ર.**- જિનભક્તિ વગેરે કરીને દ્વેષ કાઢવાનું મન કેમ નહિ થતું હોય ?

ઉ.- કારણ એ છે, કે મનથી એમ માન્યું જ નથી કે આ જિનભક્તિ આદિ ધર્મસાધના રાગ-દ્વેષાદિ કાઢવા માટે છે. એ તો તમે એમજ માન્યું છે કે આ બધુ કરીએ એટલે પુણ્ય મળે કદાચ એમ પણ માન્યુ હોય કે આપણે સારા ધર્મી ગણાઈએ, આબરૂ-ઈજ્જત પ્રતિષ્ઠા વધે, પછી જેવું લક્ષ્ય એવું ફળ. રાગ-દ્વેષ-અભિમાનાદિ

ઘટાડવાનું લક્ષ્ય જ નહિ, તો એ ફળ ક્યાંથી આવે ?

કેમ જાણે માની લીધું છે કે આ બધું કરતાં કરતાં મોક્ષ મળશે. ભલે અંતરમાં રાગ-દ્વેષાદિ મહાલતા બેઠા હોય, જીવનમાં સાધવા જેવું શું ? આ જિનભક્તિ આદિ જ ને ? કે રાગાદિ દોષોનો ત્યાગ સાધવા જેવો લાગે છે ? શું ખબર નથી કે અનંતા ચારિત્ર સાધ્યા નકામાં ગયા ? એ ચારિત્ર અનંતા સાધ્યા હશે, તો અનંતી જિનભક્તિ નહિ સાધી હોય ? સાધી જ હશે. તો વિચારો, એ અનંતી જિનભક્તિ સાધેલી કેમ નકામી ગઈ ? કેમ અત્યાર સુધી રખડતા રહ્યા ? કહો, એ બધું કર્યું પરંતુ પ્રાથમિક અનંતાનુબંધીના પણ રાગ-દ્વેષાદિ દોષો ઘટાડવાનું ન કર્યું અરે ! એ ઘટાડવાનું લક્ષ પણ ન રાખ્યું જ્યાં આ લક્ષ જ નહિ, પછી એ કાર્ય શું કામ કરે ?

**ત્યારે કર્મસત્તા જાણે કહે છે કે તુ લાખ જિનભક્તિ આદિ કર ને પણ તારા હૈયામાં જ્યાંસુધી રાગ-દ્વેષ આદિ મજબૂત પાયે સલામત, ત્યાંસુધી હું સલામત, ત્યાંસુધી મિથ્યાત્વ અને સંસાર-ભ્રમણ સલામત.'**

**કર્મબંધન અને સંસારની જડ છે અનંતાનુબંધીના રાગ-દ્વેષ-અભિમાન આદિ; વાજબી માનીને નિઃસંકોચ કરાતા રાગ-દ્વેષ-ગુમાન આદિ.**

આ જ્યાં સુધી ન રોકાય, ન મંદ પડાય, ત્યાં સુધી જીવ ભલે ને બીજા સુકૃત દાન-જિનભક્તિ-તપસ્યા આદિ કરે, યાવત્ ચારિત્ર પણ પાળે, આ બધું શું કામ કરે ? દુન્યવી અહીંના કે પરલોકના સુખ-સમૃદ્ધિ-સન્માનાદિ હેતુએ કરે, તો ભલે ને એ સુકૃત કરે, છતાં એ જીવ ભવાભિનંદી છે. એનો યોગની પહેલી દ્રષ્ટિમાં પણ પ્રવેશ નથી. એટલે કર્મબંધનના અને સંસારના ઉચ્છેદના માર્ગે એક ડગલું પણ પ્રયાણ નથી.

પંચસૂત્રકાર મહર્ષિએ બતાવ્યું કે સંસાર-ઉચ્છેદના માર્ગે પ્રયાણનું પહેલું પગલું આ, કે અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારી દુષ્કૃતગર્હા કરો. રાગ-દ્વેષ આદિ એ દુષ્કૃત છે, એની ગર્હા-નિંદા-પશ્ચાત્તાપ કરો એટલે અનંતાનુબંધી કોટિના એ મોળા પડે. બસ, અહીંથી ભવોચ્છેદ-સંસારોચ્છેદના માર્ગે અર્થાત્ ગુણસ્થાનકની પાયરીએ ચડવાની યોગ્યતા ઊભી થાય.

સુકૃતો આચરવાનાં, પણ તે આ રાગ-દ્વેષ-મોહ-મિથ્યાત્વ આદિ પાપ મોળા પાડવા માટે.

**કયા દોષ દબાયે ક્યું ગુણસ્થાનક વધે ? :-**

એમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગાદિ કષાય દબાય એટલે ચોથુ સમ્યક્ત્વનું ગુણસ્થાનક આવે.



એ કષાયથી મંદ કોટિના અ-પ્રત્યાખ્યાનીય રાગાદિ કષાયો દબાય એટલે વિરતિભાવ યાને પાંચમું ગુણ સ્થાનક આવે.

એનાથી ય મંદ કોટિના પ્રત્યાખ્યાનાવરણ કષાય દબાય એટલે છઠ્ઠું સર્વવિરતિ-ભાવનું ગુણસ્થાનક આવે.

હવે ઊભેલા છેલ્લા અતિ મંદ કોટિના સંજ્વલન કષાયમાં પણ મંદતા આવીને આત્મ જાગૃતિ અને ઉપશમ ઉદાસીનભાવ આવ્યે સાતમું અપ્રમત્તભાવનું ગુણસ્થાનક આવે.

આગળ પણ ચડવા માટે, એ કષાયની વિશેષ મંદતા જરૂરી છે, જેમ જેમ મંદતા કરાય તેમ તેમ ૮મુ-૯મુ-૧૦મુ ગુણસ્થાનક આવે, યાવત્ એના સર્વથા ક્ષયે વીતરાગ બની ૧૨ મે ગુણસ્થાનકે.

જુઓ ત્યારે આ ગુણસ્થાનકની પાયરીએ ઉપર ઉપર ચડવામાં મુખ્યતાએ શું કામ આવ્યું ? સુકૃતોનો વિકાસ-વૃદ્ધિ નહિ. એમ નહિ કે લાખને બદલે બે લાખ રૂપિયાનું દાન કરે એટલે, યા ઉપવાસને બદલે છઠ્ઠ કરે એટલે, કે ભગવાનની પૂજા કલાકને બદલે બે કલાક કરે એટલે ઉપરના ગુણસ્થાનકે ચડે. ના, ઉપર ચડવાનું તો રાગ-દ્વેષાદિને મોળા પાડવાના હિસાબે છે; પછી અલબત એ દાન-તપ જિનભક્તિ આદિ સુકૃત-સદનુષ્ઠાનો રાગાદિને મોળા પાડવામાં સહાયક બને.

હાં, પણ જોજો સુકૃત-સદ્અનુષ્ઠાનો કરીને રાગાદિને મોળા પાડવા હોય એને જ એ મોળા પડે; પણ ધરાર મોળા પાડવા જ નથી, -જેમ કે ચારિત્ર પણ પાળતા અભવી દુર્ભવીને, એને એ મોળા ન પડે તો પછી એનાં ચારિત્ર સુધીનાં સુકૃત સેવન અને સદ્અનુષ્ઠાનનું ફળ શું ? નકામા જ જાય ને ? દેવતાઈ સુખ પણ દેખાડે તો ય, એમાં આસક્તિનો પાર નહિ, એટલે ભવના ફેરા જ ભમવાના વધે.

બસ, વાત એ છે કે ધર્મ સાધો ત્યારે શું, કે ન સાધતા હો ત્યારે શું, પણ રાગ-દ્વેષ-કલહ-ઈર્ષ્યા વગેરે અંતરના દોષોને મોળા પાડવાનું ખાસ લક્ષ જોઈએ. એ કર્યા વિના કોઈ કાળે આત્માનો ઉદ્ધાર નથી. ત્યારે, જો આ રાગાદિને મોળા પાડવા છે એ લક્ષ હોય, તો ભાઈ સાથે, કાકા-મામા-ભત્રિજા સાથે, વૈર-વિરોધ-અંટસ રખાય ? સુખીની પ્રત્યે, સન્માન પામનારની પ્રત્યે ઈર્ષ્યા કરાય ? ઈર્ષ્યાથી એની નિંદા કરાય ?

**દિલના આ વૈર-વિરોધ-ઈર્ષ્યા અભિમાનાદિ ડંખ ખતરનાક છે, ભાવીમાં ભવોના ભવો બગાડનાર છે.**

**પ્ર.**- સમજવા છતાં દિલમાંથી કેમ આ ડંખ નીકળતા નથી ?

**ઉ.**- કારણ આ છે કે આ વૈર-વિરોધાદિ રાખવામાં જીવન અને જીવનનો

અમૂલ્ય સમય વેડફાઈ જઈ રહ્યો છે એ ખ્યાલ નથી, એ વેડફાઈ જવાની અરેરાટી અફસોસી નથી. નહિતર મનને ચોંકામણ થાય કે

'અરે ! આ વૈર-વિરોધાદિ મલિન ભાવોમાં બુદ્ધિ લગાડી માનવપણે પ્રાપ્ત થયેલી વિશિષ્ટ બુદ્ધિશક્તિ વેડફી નાખું ? ઉત્તમ ઉમદા મૈત્રીભાવ-કરુણાભાવ વૈરાગ્યભાવ વગેરેમાં બુદ્ધિને જોડી કિંમતી બુદ્ધિશક્તિને સુંદર ફળવતી કાં ન કરું ? શા સારું અજ્ઞાન મોહમૂઢ દશા રાખી આવા કે બીજા પ્રસંગોમાં પાપપ્રવૃત્તિઓ પાપવચનો અને પાપવિચારો કરી માનવદેહ-ઈન્દ્રિયો-સામગ્રી, વાણીશક્તિ અને બુદ્ધિશક્તિને વેડફી રહ્યો છું ? હું જ આને ઉમદા વિચાર-વાણી-વર્તાવમાં જોડી શકું છું. છતાં કેમ ઉપેક્ષા ? અજ્ઞાન મોહમૂઢ દશા તો અનંતા જન્મારા રાખી, પણ એમાં રાગ-દ્વેષ-મોહાદિના વિચાર-વાણી-વર્તાવ કરી ઉચ્ચ જીવન અને જીવનશક્તિઓને વેડફી નાખવા સિવાય બીજું શું કર્યું છે ?'

-આવી કોઈ ચોંકામણ થાય, મોંઘેરો માનવ અવસર ન વેડફી નાખવા પર મન કેન્દ્રિત કરાય, તો ઘણું ઘણું બચી શકાય એમ છે. બુદ્ધિ અશુભ ભાવો ને મલિન વિચારો કરવામાં વેડફી ન નાખવી હોય તો હાથની વાત છે. બહારમાં એથી કશો ફેર નથી પડતો બુદ્ધિ બગાડવાથી સુધરી જતું નથી, ને બુદ્ધિ સારી રાખવાથી બહારમાં કશું બગડી જતું નથી.

**'મારે ઉચ્ચ માનવભવની સંપત્તિ વેડફી નાખવી નથી,' એ એક એવો સુંદર મુદ્દો છે કે એના ઉપર મન કેન્દ્રિત કરવાથી અનેકવિધ પાપોથી બચવા બળ મળે છે.**

દા.ત. મકાનની બારીએ અમસ્તા ઊભા રહી આડાઅવળા ડાફોળિયા મારવાનું મન થયું ત્યાં મન પર આ વાત હોય તો મનને એમ થાય કે, 'અરે ! આ મારા ઉચ્ચ આયુષ્યની સમયસંપત્તિ આમાં શા માટે વેડફી નાખું ? એના કરતાં લાવ કોઈ સિદ્ધિગિરિ, શિખરજી જેવા તીર્થની યાત્રાનું સ્મરણ જ કરું, યા કોઈ નવપદ-નવતત્ત્વને ક્રમશઃ વિચારું, કે નવકાર પહેલા પદનો યા નવકાર આખાનો જાપ કરું, જેથી સમયસંપત્તિ અને બુદ્ધિશક્તિ લેખે લાગે, સફળ થાય,' અને આમ વિચાર આવવાથી ડાફોળિયાં મારવાનું અટકાવવા બળ મળે, તથા શુભ ચિંતન થાય. એથી મનની પવિત્રતા વધે.

આ તો એક નમુનો છે. એવી જીવન ટકાવવામાં બિનજરૂરી કેટલીય વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિ અટકાવી શકાય. દા.ત. મફતિયા ગપ્પા સપ્પા વિકથા-કૂથલી-વાતોચીતોમાં માનવસમય કેવો સરિયામ વેડફાઈ જાય છે ?

**બે ઘડી વાતો એ દારૂની પ્યાલી :-**



**પ્ર.**- બે ઘડી બેઠા વાતોચીતો કરીએ એમાં આખા દહાડાનું થાકેલું મન ફોરું થાય ને ? તેમ નવું નવું જાણવા મળે ને ?

ઉ.- દારૂના વ્યસનીને આવું જ લાગે છે કે એક પ્યાલી ચડાવું એટલે મન ફોરું થાય છે, મનને સ્ફુર્તિ આવે છે. તો એ ઇચ્છવા જોગ છે ? વાતો-વિકથા-કૂથલી એ દારૂની પ્યાલી જેવા છે. દારૂના નશામાં ભાન ભૂલાય એમ આ કૂથલી કૂટવામાં ભાન ભૂલાય છે. પછી

**કૂથલીના રસવાળાને સામાયિક-પ્રતિક્રમણ ભગવદ્ જાપ-સ્વાધ્યાય કશું સારું નહિ ગમે.**

**કૂથલીનાં બીજા નુકસાન :-**

વાતોમાં નવું જાણવા મળે એ પણ અજ્ઞાન મૂઢ માન્યતા છે; કેમકે એ નવામાં શું શું જાણવાનું થાય ? બીજાના દોષો કે ગુણો ?

(૧) કૂથલીમાં બીજાના ગુણો કેટલા ગવાય ? ને આપણી નિંદા કેટલી થાય ? એમાં ધર્માત્માની ય નિંદા ન આવે ?

(૨) કૂથલીમાં જડ પદાર્થોની વાતો કેટલી ચાલે ?

(૩) કૂથલીમાં રાજકથા-દેશકથા-ભોજનકથા-સ્ત્રીકથા એ વિકથા કેટલી ચાલે ?

(૪) કૂથલીમાં કષાયોની ઉદીરણા અને પાપની પ્રેરણા થાય એવું કેટલું આવે ?

આ બધું નવું જાણવાના લોભમાં મળે, એ કલ્યાણકારી ? કે ખતરનાક ? આત્માને ભયંકર પાપો બંધાવે ને કુસંસ્કાર વધારે ? કે પુણ્ય અને સુસંસ્કારના થોક આપે ?

**નિંદાની ભયંકરતા :-**

(૧) નિંદાથી અભિમાન પોષાય, કેમકે એમાં એ ભાવ છે કે બીજા ખરાબ, હું સારો. આનાથી નીચગોત્ર કર્મ બંધાય. જીવ ઢેડ-ભંગી-ચમાર જેવા કુળમાં કેમ જન્મે છે ? નીચગોત્ર કર્મથી. નિંદાથી એવું કર્મ બંધાય છે, સાથે બીજા નિર્ધનતા-કુરૂપતા-દોર્ભાગ્ય-અપશય વગેરેનાં પાપકર્મ બંધાય એ જુદું. ભગવાન મહાવીર સ્વામી જેવાને નીચગોત્રથી માગણ બ્રાહ્મણના કુળમાં અવતરવું પડ્યું. એ તો ગર્ભમાં રહ્યે રહ્યે એ કર્મ થોડું જ બાકી હતું એટલે ભોગવાઈ ગયું, ને ઉચ્ચ ગોત્ર કર્મ ઉદયમાં આવ્યું એટલે સિદ્ધાર્થરાજાના ક્ષત્રિયકુળમાં ગર્ભપરિવર્તન થયું એ જુદી વાત. બાકી નીચગોત્રે તો એનું કામ કર્યું જ.

નિંદાથી નીચગોત્ર બંધાય, એમ જેની નિંદા થાય છે એના પર દિલમાં દ્વેષ ઊભો થાય છે; એના છતાં ગુણ આવરાય છે; જીભને બીજાનું ઘસાતુ બોલવાનો અભખરો પોષાય, હરામચસકો લાગે, દિલમાં કાળી લેશ્યા ઊભી થાય. આ બધું

મૂળ કૂથલીના પાપે આમાં મન ફોરું થયું ? કે ભારે થયું ગણાય ?

**કૂથલીમાં ભવાભિનંદિતા પોષાય :-**

(૨) કૂથલીમાં જડની જ વાતો થાય, એટલે જીવને જડનો રસ વધે ? કે આત્માનો ? પાપનો રસ વધે ? કે ધર્મનો ?

જીવ ભવાભિનંદી સંસાર રસિયો કેમ બન્યો રહે છે ? કહો. એકલા જડના રસને લીધે. જીવને દુનિયાના જડપદાર્થો લક્ષ્મી-લાડી-વાડી-ગાડી, ખાનપાન, ગીત-નાટક વગેરે વગેરેનો પાકો રસ છે, એટલે પછી એની પાછળ એનામાં ક્ષુદ્રતા, લોભ-લંપટતા, દીનતા, શઠતા વગેરે ભવાભિનંદીના દુર્ગુણો મહાલે છે. આત્મા અનાત્મજ્ઞ બન્યો રહે છે. એટલે ? પોતાના આત્માનું કશું ભાન નહિ. એના પર પછી પાપાચરણો ય કેવા ચાલવાના ? કૂથલીમાં આ જડનો રસ સારી રીતે ને ભરપૂર પોષાય છે, ને એનાં આ ખતરનાક પરિણામ આવે છે. તો કૂથલીમાં શો સાર કાઢ્યો ? અમૂલ્ય જીવનસમયની કેવી બરબાદી ?

(૩) કૂથલીમાં રાજકથાદિ વિકથાઓ ચાલે એ પણ આ અનાત્મજ્ઞતા જડનો રસ તથા ક્ષુદ્રતાદિ દોષોથી ચાલે છે.

(૪) કૂથલીમાં ભારો ભાર રાગદ્વેષ પોષાય, આપણા ક્રોધાદિ કષાયોને ઉદીરણા મળે છે. વાતો ન માંડી હોય ત્યાંસુધી ચિત્ત સ્વસ્થ હોય. પણ જ્યાં વાતચીત શરૂ થઈ કે એના પ્રસંગમાં ક્યાંક રાગ, ક્યાંક દ્વેષ, યા કોઈના પર ગુસ્સો, અભિમાન, યા લોભ-તૃષ્ણા જાગી જ સમજો. એવી પાપની પ્રેરણા થયાથી પછી પાપ કાર્યવાહી કેટલી ચાલે ? આ બધામાં અમૂલ્ય માનવ સમય વેડફાયો કે બીજું કાંઈ ?

એક નવરા પડ્યા માત્ર વાતોચીતો-કૂથલી કર્યાનો ય આ હિસાબ છે. ત્યારે જીવન નભાવવામાં બિનજરૂરી બીજા કેટલાંય પાપ જીવનમાં ફાલ્યાફુલ્યા રહેતા હોય એમાં માનવભવનો કિંમતી સમય, કિંમતી બુદ્ધિશક્તિ વગેરે સંપત્તિ કેવી વેડફી નાખવાનું થાય ? ભવોના ભવો સુધીનાં કેવાં દુઃખ અને પાપ સરજવાનું થાય ?

કહેવાનો સાર આ છે કે 'મારો માનવસમય અને શક્તિ એ મહાકિંમતી સંપત્તિ છે; એ વેડફાઈ ન જાઓ,'- એના પર મન કેન્દ્રિત રાખો, જેથી ડગલે ને પગલે આ યાદ આવે. અને શક્ય એટલા ધર્મના જ વિચાર-વાણી-વર્તાવ રખાય.

**પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિની સાધના :-**

મહાવીર પ્રભુના જીવ પ્રિયમિત્ર ચક્રવર્તીને આ પાકો ખ્યાલ હતો તેથી સાધુજીવનમાં ક્ષણક્ષણનો સુંદર ઉપયોગ કર્યો, અહિંસા-સંયમ અને તપમાં શરીર અને મનની સર્વ શક્તિનો એવો અદ્ભુત વિનિયોગ કર્યો, એમાં એ શક્તિને એવી



કામે લગાડી દીધી કે પૂર્વની ચક્રવર્તીપણાની સાહ્યબી-સુખશીલતા-સુંવાળાશ કશું યાદ લાવ્યા નહિ ! એવી ઉગ્ર કઠોર સાધનાનું અદ્ભુત ફળ એ આવ્યું કે એનાથી એવા જબરદસ્ત સંસ્કારનો વારસો ઊભો થયો, કે જે એમને આગળ નંદનરાજાના ભવે ઉચ્ચ ચારિત્ર સાથે એકલાખ વરસ સુધી માસખમણના પારણે માસખમણના તપનું બળ આપે છે. યાવત્ આના ફળમાં મહાવીર પ્રભુના અવતારમાં એમની સાડાબાર વરસની સંયમ અને તપની સાધના આડો આંક વાળે છે.

આજે જે રાષ્ટ્રિય ધોરણે ભગવાનના ૨૫૦૦માં નિર્વાણ વર્ષની ઉજવણીની વાત થાય છે એના કાર્યક્રમમાં મહાવીર પ્રભુના પૂર્વ ભવનાં જીવનની અને અંતિમ ભવનાં જીવનની આ કોઈ ભીષ્મતપસ્યાનાં ચક્રવર્તીના વૈભવને ઝેર માનવાની અને એનો સદંતર ત્યાગ કરવાનાં તેમજ અનુપમ સંયમ-ઉપસર્ગપરીસહ-સહન વગેરેનાં સંભારણાં ખરા ? એને મુખ્યતા આપવાની વાત ખરી ? ત્યારે પ્રભુએ ઉપદેશ પણ જે આ સાધનાઓનો કર્યો, એને જીવનમાં ઉતારવાની વાતને બદલે સર્વધર્મ સમભાવ, માનવની અહિંસા, અપરિગ્રહનો સમાજવાદ, સ્ત્રી સ્વાતંત્ર્ય વગેરેની વાતો જ આજની માનેલી ઉજવણીમાં જોવા મળે ને ? ત્યારે પ્રભુના ફરમાવેલા ગૃહસ્થ જીવનના પવિત્ર ધર્મ આચારોને મહત્ત્વ અપાવાનું ખરું ? ઊલટું વનસ્થલી જેવી મનોરંજનની પણ દયાદિના આચારથી ઊલટી જ વાતો ? બહાર પડનારા સાહિત્યમાં ભળતું જ ભરડવાનું ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૩,અંક-૬,તા.૧૨-૧૦-૧૯૭૪**

**ઉજવણી કે પજવણી ? :-**

યાદ રાખજો પ્રભુએ સ્વયં આચરીને ઉપદેશેલા અધ્યાત્મવાદને, વિષય-વિરાગ અને ત્યાગને, પરલોક-દૃષ્ટિને તથા પવિત્ર ધાર્મિક આચારોને જો કશું મહત્ત્વ આપવાનું નથી, તો એવી ઉજવણી મહાવીર પ્રભુની નહિ પણ ભૌતિકવાદની જ ઉજવણી છે. જેને તીર્થંકર ભગવાનના જીવન અને કવન સાથે કશી લેવા દેવા નથી, એવી ઉજવણી એ ભગવાનની શી રીતે ગણાય ? જે સાહિત્ય બહાર પડવાનું છે એ કાંઈ સંયમીગીતાર્થ વિદ્વાન જૈનાચાર્યોથી નિરીક્ષિત નહિ, તેમજ જૈનશાસ્ત્રોને સર્વેસર્વા વફાદાર નહિ; કેમકે જૈનધર્મની જ અનન્ય શ્રદ્ધા અને સમ્યગ્દર્શનવાળાના હાથે એ લખાયેલું નહિ એ શી રીતે તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીને અને જૈનધર્મને ન્યાય આપનારું હોઈ શકે ? એ નહિ, તો એમાં ભગવાનની ઉજવણી થશે કે પજવણી ? સાહિત્ય-સમિતિના પ્રમુખ એવા છે કે જેમણે જૈનધર્મની

અનભિજ્ઞતામાં ધુરંધર પ્રાચીન જૈનાચાર્યના લખાણ પર અસત્યતાના આક્ષેપ કરેલા છે. સાહિત્ય સમિતિના સભ્ય એવા છે કે જે જૈન સાધ્વાચારને મચડનારું લખી ચુક્યા છે. આવાઓ દ્વારા પ્રકાશિત થનારું સાહિત્ય મહાવીર ભગવાનને અન્યાય કરનારું નહિ હોય એની શી ખાતરી ?

**વિટંબણાની સામે શું કરવું ? :-**

કાળ વિષમ આવ્યો છે એમાં ભગવાનની સેવાને બદલે વિટંબણા થાય એવું જોવાનો દુઃખદ અવસર આવી લાગ્યો છે. પરંતુ પ્રભુના ભક્તોની ફરજ છે કે એની સામે મહાવીર ભગવાન અને જૈનધર્મ ખરેખર કેવો છે, એનું લખલૂટ સાહિત્ય બહાર પ્રસારે. આજે પ્રજા વિષયરાગથી પીડાઈ રહી છે, કામ-લોભાદિ રોગોથી ગ્રસ્ત છે. એને મહાવીર ભગવાને ધર્મના પાયારૂપ ઉપદેશેલા વિષયવિરાગ, ભવવૈરાગ્ય, કષાયાવેશના ત્યાગ, મૈત્રી, સાધુસેવા, અસદ્‌ભિનિવેશ ત્યાગ તથા જિનેન્દ્ર-કુશળ ચિંતન-પૂજાભક્તિ વગેરે મૂળભૂત ઔષધો આપી સ્વસ્થ કરવાની જરૂર છે.

એ માટે એકમાત્ર તીર્થંકર ભગવાને જ દર્શાવેલ એકેન્દ્રિયાદિ જીવો સુધીની ઓળખ કરાવી એ જીવો પ્રત્યેનો દયાભાવ જાગ્રત કરાવવાની જરૂર છે. આ બધું વિસારી દઈને મોટી મોટી અહિંસા-અપરિગ્રહની સુફિયાણી વાતો કરાવી, ગોળ ને ખોળ સરખા જેવો સર્વ ધર્મ સમભાવ મહાવીર ભગવાન એ ગૌતમબુદ્ધ જેવા એક મહાપુરુષ, એવી મૂર્ખતાભરી વાતો કરવી, એ પ્રજાને ભૂલાવામાં નાખવાના ધંધા છે. ધર્મના પાયાને પોષનાર પવિત્ર આચારોને સાંપ્રદાયિક ધર્મ હોવાનું પણ તાત્ત્વિક ધર્મ નહિ હોવાનું કહેવું એ આ ઉજવણીના ઠેકેદારોની રીતરસમ છે. એને જૈનધર્મનું નર્યું અજ્ઞાન નહિ, તો બીજું શું કહેવાય ? એમને જૈનધર્મના સ્યાદ્‌વાદ સિદ્ધાન્તને સત્યના પક્ષકાર તરીકે ઓળખાવવો છે. વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર ભગવાનને અસર્વજ્ઞ રાગ-દ્વેષવ્યાકુળ અને અસંયમ-અવિરતિમાં ખૂંચેલા લૌકિક પણ પુરુષોની હરોળમાં મૂકવા છે. ઉજવણીના આવા ઠેકેદારો મહાવીર ભગવાન અને જૈનધર્મની ઉજવણી કરશે ? કે પજવણી ?

**મહાવીર કેવા ? :-**

મહાવીર ભગવાન લોકોત્તમ પુરુષ છે, બહિરાત્મા, કષાયાત્મા; અજ્ઞાનાત્મા વગેરે નહિ, પણ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા છે. તે એમજ નથી બની ગયા; પૂર્વના પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિના ભવમાં કઠોર તપ-સંયમ અને સૂક્ષ્મ અહિંસાનું પાલન કરી, તે પછી આગળ નંદન રાજર્ષિના ભવે લાખ વરસ લગાતાર માસખમણના પારણે માસખમણની ભીષ્મ તપસ્યા સાથે ઉગ્ર વિહારાદિ સંયમ-



અહિંસાનું પાલન કરીને અહીં છેલ્લા ભવે સાડા બાર વરસમાં સાડા અગિયાર વરસ જેટલા ઉપવાસ સાથે ઉગ્ર સંયમપાલન અને ઘોર પરિસહ-ઉપસર્ગસહન કરવા ઉપરાંત જમીન પર પલાઠી માંડીને બેસવાની ય વાત નહિ, કિન્તુ ઊભા ઊભા ધ્યાનમગ્ન રહીને વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બનેલા છે.

આની સામે ખાનપાનના સંયમ વિસારી તપસ્યાને નિરર્થક ગણી બાજુએ મૂકી દઈને તથા અસત્ય એકાંત ક્ષણિકવાદનું ધ્યાન અને અસર્વજ્ઞતાનું સમર્થન કરનાર ગૌતમબુદ્ધને પણ ભગવાન કહી મહાવીર પરમાત્માને એમની હરોળમાં મૂકવાનો આજે બાલિશ ધંધો ચાલી પડ્યો છે. કયાં ખજવો ને કયાં દિવાકર ?

સાવધાન બનવા જેવું છે, નહિતર આજના સાક્ષરોની સુફિયાણી વાતોમાં તણાઈ મહાવીર ભગવાન અને જૈન ધર્મની વિટંબણાના ઘોર પાપમાં પડવું પડશે. અસ્તુ.

આપણી વાત મહાવીર ભગવાનના પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિના ત્રેવીસમાં ભવ પછી પચીસમાં નંદન રાજર્ષિના ભવ અંગેની આવીને ઊભી છે.

**નંદન રાજર્ષિ :-**

મહાવીર ભગવાન પચીસમા ભવે નંદનરાજા બનેલા છે. એ બહુ પૂર્વનો કાળ છે, ૧૭ સાગરોપમ એટલે કે ૧૭૦ કોડાકોડી પલ્યોપમ પૂર્વેનો કાળ જે એક પલ્યોપમમાં અસંખ્ય વરસો જાય, અસંખ્ય એટલે અબજોના અબજો વર્ષ અબજો વાર પસાર થાય તો ય તે અસંખ્યના કાળ સમુદ્ર આગળ એક ખાબોચિયું ગણાય,- એવા ૧૭૦ ક્રોડ કરોડ પલ્યોપમ પૂર્વેનો કાળ; એટલે એ વખતે આયુષ્ય મોટા, તેથી નંદન રાજાનું આયુષ્ય ૨૫ લાખ વરસનું છે. એમાં ૨૪ લાખ વર્ષ પસાર થઈ ગયા પછી એ વૈરાગ્ય પામી સંસારત્યાગ કરે છે, અને ચારિત્રમાર્ગ અંગીકાર કરે છે, નંદન રાજર્ષિ બન્યા.

બોલો, જીવનના ૨૫ લાખ વરસમાંથી ૨૪ લાખ વરસ પસાર થઈ જાય એટલે ઉંમર કેટલી વહી ગઈ ગણાય ? પાકી ઉંમર થયેલી કહેવાય ને ? આ ઉંમરે શું બહાનું ન ધરાય કે હવે આ ઉંમરે ચારિત્ર શું લેવાય. ને તપસ્યાય શી થાય ? તમારે ચારિત્ર ન લેવામાં આ જ બહાનું છે ને ? જો જો પેલા તો રાજવી છે. તે કેવા સુકોમળ હશે ? ને કેટલા સુખચેનમાં જીવન પસાર કર્યું હશે ? છતાં એમને બહાનું નથી, ને તમારે નથી એવું શરીર સુકોમળ કે નથી એવા સુખવિલાસના ભોગવટા, છતાં ઉંમરનું બહાનું આગળ ધરવું છે !

**સત્ત્વ નથી ? કે ભય નથી ?**

**પ્ર.**- એમના જેવું અમારામાં સત્ત્વ નહિ ને ?

ઉ.- સત્ત્વ નથી ? કે સંસારનો ભય અને સંયમનો રંગ નથી ? સંસારનો ભય છે ખરો ? મનના ગળિયા બની ઈન્દ્રિયોની સુખશાતામાં લીન બન્યા રહ્યે ભવની પરંપરા સરજાય છે એ નજર સામે તરવરે છે ?

**આ સુખશાતા જે અસંખ્ય સ્થાવરકાય જીવોના સંહાર પર ઊભી થાય છે એ જીવોની દયા આવે છે ?**

અરેરાટી થાય ખરી કે 'અરેરેરે ! મારી ઈન્દ્રિયોની તુચ્છ ક્ષણજીવી સુખશાતા ખાતર આ અઢળક જીવ સંહાર ?' એમ કમકમાટી થાય ? બહુ જોયો એવો સંસાર, હવે ક્યાં સુધી આ સંહારખાનું ચલાવવાનું ? એમ હૈયું એ સંખ્ય જીવસંહારથી થાકે ખરું ?

'મોટી ઉંમરે કેમ ચારિત્ર નથી લેતા ? નંદન જેવા મોટા રાજાએ લીધું, તો તમે ન લઈ શકો ? તો કહો છો 'એમનામાં સત્ત્વ હતું.' અમારામાં નથી.' પરંતુ વિચારવા જેવું તો આ છે કે સત્ત્વના અભાવે નથી લેવાતું ? કે દયાના અભાવે ? રોજિંદા જીવનમાં સંહારતા અઢળક જીવો પર દયા નથી ઊભરાતી ને એ સંહાર પર હૈયું થરથરતું નથી માટે જ એ જીવસંહારમય સંસારવાસ છોડવાનું અને ચારિત્ર લેવાનું મન નથી થતું.

**જીવસંહાર અને પાપોનો કંપારો શી રીતે ઊભો થાય ?**

ત્યારે શું અહીં પણ એમ કહેવું છે કે

**પ્ર.**- એવી જીવોની દયા અને જીવસંહાર પર કમકમી થવાનું ય સત્ત્વ જોઈએ ને ?

ઉ.- એટલે શું જીવદયા અને પાપકંપારો એ સત્ત્વનો વિષય છે ? આ તો હૈયાના ભાવ છે, આમાં ક્યાં ત્યાગનો અમલ કરવાની વાત છે ? ક્યાં ઘર છોડી ચારિત્ર લેવાની વાત છે ? હૈયું એવું બનાવવાનું છે કે જેથી જીવો પ્રત્યે દયાભાવ અને જીવસંહારાદિ પાપનો કંપારો ઊભો થાય. એવું હૈયું બનાવવા સત્ત્વ શું જોઈતું હતું ? એ માટે તો ભગવાન જિનેશ્વરદેવ ઉપર અને જિનવચન પર અથાગ આસ્થા શ્રદ્ધા અને પ્રેમ-બહુમાન જોઈએ. હવે કહેજો, 'એય સત્ત્વ હોય તો થાયને ?' ના સત્ત્વ નહિ પણ પરલોકનો ભય હોય, અને આ ઉત્તમભવે પોતાના આત્માને બચાવી લેવાની ગરજ હોય તો થાય.

**માનવઆયુષ્ય એ તૂટેલી તુંબડીનો સુવર્ણરસ :-**

મનને એમ લાગ્યા કરે કે 'અરે ! તૂટેલી તુંબડીમાંથી સુવર્ણરસ ઢળતો ચાલે એમ મારું આયુષ્ય ઓછું થતુ આવે છે. એ આમ જોતજોતામાં એકાદિ બધું જ ખત્મ થઈ મોત આવીને ઊભું રહેશે પછી પરલોકમાં મારે ક્યાં પટકાવાનું ? આ



જીવનનાં એકે એક પાપ ને એકે એક રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ અને અભિમાન વગેરે મને છોડવાના નથી. એ દરેકથી અવશ્ય બંધાતાં કર્મના થોકના જવાબ આપવા પડશે. ઉપરાંત એ પાપો ચાલુ રહેશે. ત્યાં મારી કઈ દુર્દશા ? કેવી વિટંબણા ?' આમ પરલોકનો ભય રહ્યા કરે એમાં કાંઈ સત્ત્વ નથી જોઈતું. પરંતુ ભગવાને કહેલાં તત્ત્વ પર પૂરી શ્રદ્ધા જોઈએ છે.

ભગવાને આ તત્ત્વ બતાવ્યા છે કે મિથ્યાત્વ અવિરતિ કષાયો અને પાપયોગો અર્થાત્ મન-વચન-કાયાની અસત્પ્રવૃત્તિઓથી જીવ ઘોર કર્મબંધને પ્રતિ સમય બંધાતો રહે છે ને એનો દુઃખદ વિપાકમાં દુર્ગતિ-ભ્રમણ અને ત્રાસ-પીડા-પરાધીનતા સરજાય છે. જીવ આમ જ અનંતા પુદ્‌ગલપરાવર્ત કાળથી સંસારમાં ભટક્યા કરે છે.

**'સત્ત્વ નહિ' ના બહાના હેઠળ ખોટા કાં કૂટાઓ ? :-**

બસ, ભગવાન પર જો સાચો પ્રેમ હોય તો ભગવાનના આ વચન પર સચોટ શ્રદ્ધા થાય, ભગવાને આ કહેલું દિલમાં સચોટ બેસી જાય તો બતાવો આમાં ક્યાં સત્ત્વ એટલે વધુ શક્તિ-સામર્થ્યની જરૂર રહી ? શું ભગવાન પર પ્રેમ રાખવામાં બહુમાન રાખવામાં સત્ત્વ-શક્તિ વધુ જોઈએ છે ? ને એ તમારી પાસે નથી ? એમ ભગવાનના વચન પર શ્રદ્ધા રાખવા જોગી શક્તિ-સત્ત્વ છે નહિ ? એમનું કહેલું દિલમાં ઠસાવવાની શક્તિ-સત્ત્વ નથી ? એક સારા ડાકટર પર ઝટ પ્રેમ-બહુમાન થઈ જાય છે, એનાં વચન પર શ્રદ્ધા થઈ જાય છે, એનું કહેલું દિલમાં બરાબર જચી જાય છે. તો પછી અહીં પ્રેમ-શ્રદ્ધા-જચવાનું કેમ ન થઈ શકે ? શા સારુ એવું બહાનું કઢાય કે 'અમારામાં સત્ત્વ નથી ?' ખોટા કાં કૂટાઓ ?

ખરી વાત એ છે કે વિષયો-પૈસા-પરિવાર ઉપર એટલી બધી આંધળી પ્રીતિ છે, રાગ છે, શ્રદ્ધા છે, કે એ જ મૂળ પાયામાં ભગવાન પર પ્રેમ, એમનાં વચન પર શ્રદ્ધા અને એમણે કહેલી વસ્તુ જચવાનું થવા નથી દેતી. ત્યાં

**આ મૂળ ખામી વિચારવા જેવી છે કે,-**

'અરેરે ! હું તે કેવો કાયાનો ગુલામ કે એને જ જોયા, સંભાળ્યા કરું છું અને મારા આત્માને જોતો-સંભાળતો જ નથી ? હું તો આસ્તિક છું ? કે નાસ્તિક ? આ તો મારો ઈન્દ્રિયોનાં સુખના વિષયો પર કેવો ગોઝારો રાગ કે એ મને ભગવાન ઉપર એવો પ્રેમ ન થવા દે ! વિષયરાગ કેવો બદમાશ કે મને ભગવાનના વચન પર શ્રદ્ધા જ ન થવા દે ?'

જો આ વિચાર આવે તો હૈયાને કંપારો થાય, કલેજે કમકમી થાય. અને એ આંધળી વિષયાસક્તિ પર નફરત છૂટે, વિષયાસક્તિની રમતમાં મહામૂલ્યવંતુ માનવજીવન વેડફાઈ રહ્યા પર હૈયું ભારે અફસોસી સાથે ગદ્‌ગદ થઈ જાય. પછી

શક્ય સાધનામાં કેમ ઉજમાળ ન બનાય ? આમ સમજાશે કે ધર્મસાધના વિશેષ નથી થતી એમાં સત્ત્વની ખામી કારણભૂત નથી, પણ ભગવાન પર એવો પ્રેમ નથી, ભગવાનના વચન પર એવી શ્રદ્ધા નથી ને એમનું કહેલું દિલમાં એવું જચાવ્યું નથી. એ કારણભૂત છે એ જો લાવવામાં આવે તો પુરુષાર્થ ઝટ ઝળકે ને કૂદકે ને ભૂસકે વધે.

**ચિલાતી પુત્ર કેવો નઠોર નિર્દય છતાં :-**

જુઓ ચિલાતીપુત્ર એક દાસીનો છોકરો, શેઠની છોકરીના અવાચ્ય ભાગ પર હાથ ફેરવનારો તેથી શેઠશ્રીએ કાઢી મૂકાયેલો અને પછી ચોરોની મંડળીનો આગેવાન બનેલો. એનામાં ધર્મનું સત્ત્વ શું ગણાય ? મંડળી સાથે શેઠના જ ઘરે ધાડ પાડી એના પર પ્રેમ રાખનારી એ છોકરીને ઊઠાવી ભાગેલો, શેઠ ને એના ચાર દીકરા જંગલમાં એની પૂંઠે પડેલા ત્યારે પકડાઈ જવાના ભયથી છોકરીને એણે જે ખભા પર ઊચકેલી એણે એનો ચોટલો ઝાલી એના ગળા ઉપર તલવાર ચલાવી દીધી, ને ધડ પડતું મૂકી ડોકા સાથે ભાગ્યો, જેથી હવે છોકરીનું ધડ જોઈ શેઠને એના છોકરા પાછા વળી જાય.

બોલો, આવો ચોર બનેલો ચિલાતીપુત્ર કેટલા બધા ખૂનસ ને અભિમાનવાળો કે 'ભલે અતિ પ્યારી પણ શેઠની છોકરી, કપાઈને મરે, પરંતુ શેઠના હાથમાં એને ન જવા દઉં.' આ અભિમાન અને ખૂનસથી છોકરીને જીવતી કાપી નાખનારો એનામાં કશું ધર્મનું સત્ત્વ ગણાય ?

**છોકરીનો વિશ્વાસ ઘાત કેવો કર્યો ?**

છોકરીને એના પર રાગ હતો તેથી જ એ જ્યારે એને ઘરમાંથી ઊઠાવી જાય છે ત્યારે છોકરી લેશ પણ વિરોધ નથી કરતી કે સહેજ પણ બૂમ નથી પાડતી બલ્કે ખુશીથી ચિલાતીપુત્રની સાથે ચાલી જાય છે. બાપ ને ભાઈઓ પાછળ પડ્યા છે, છોકરી એ બધા પોતાના ઉપર ખૂબ પ્રેમ-લાગણીવાળા છે એવું જાણે છે છતાં પાછી નથી વળતી, પણ ચિલાતીપુત્રની હારોહાર દોડે છે. થાકવાથી ધીમી પડે છે તો ચિલાતીપુત્ર પકડાઈ જવાના ભયથી એને ખભે ઉપાડી લઈ દોડવાનું કરે છે તો છોકરી એમાં પણ મંજૂર થઈ જાય છે. બાપ અને ભાઈઓ આટલું બધું દોડ્યા તો એ બિચારા થાક્યા હોય, છતાં ય લાગણીવશ હજીય દોડતા આવે છે, તો લાવ ત્યારે એમને શાંતિ આપું ને રોકાઈ જાઉં, એવી એમના પ્રત્યે લેશ પણ લાગણીવાળી એ નથી બનતી, ને મારે તો ચિલાતીપુત્ર બરાબર છે, એમ કહી ચિલાતીપુત્ર પાસે ઉંચકાઈને ય જઈ રહી છે, એ શું સૂચવે છે ? ચિલાતીપુત્ર ઉપર અથાગ પ્રેમ અને વિશ્વાસ જ ને ? આવી પણ એ બિચારીનો ચિલાતીપુત્ર પોતાના ખૂનસ ને



અભિમાનમાં તલવારના ઝટકે ઘાત કરી નાખે છે, એ એનો કેવો વિશ્વાસઘાત ? આવા માણસમાં પાપનું સત્ત્વ ? કે ધર્મનું સત્ત્વ ?

**પાપનાજ પરાક્રમવાળાને ધર્મનું સત્ત્વ ક્યાં ? :-**

ત્યારે આ સવાલ છે કે ચિલાતીપુત્રમાં ધર્મના પ્રેમ અને સત્ત્વનો છાંટો નહિ છતાં આગળ મહાત્મા મળતાં અને એમના મુખેથી ત્રણ બોલ સાંભળતા શી રીતે અધમાત્મા ચિલાતીપુત્ર મહાત્મા બની ગયો ? ધ્યાનસ્થ મહાત્માને તો પહેલા એણે તલવાર દેખાડી ધમધમાવેલા પરંતુ મહાત્માએ 'ઉપશમ, વિવેક, સંવર' એ ત્રણ બોલ બોલી, પોતે ગગનગામિની લબ્ધિવાળા હતા એટલે આકાશમાં ઊડી ગયા. આટલામાં જાલિમ ગુસ્સાભર્યો ચિલાતીપુત્ર શી રીતે મહાત્મા મુનિ બને ? ધર્મનું સત્ત્વ હતું જ કયાં કે થોડા ધર્મને બહુ વિકસાવી દે ? તમારે તો તમારા જીવનમાં થોડો ધર્મ છે, એને વિકસાવવો સહેલો છે. પરંતુ એને વિકસાવવાની વાત આવે છે ત્યારે કહો છો 'અમારામાં સત્ત્વ નથી' પેલાને તો ધર્મનું નામ જ કયાં છે કે હવે કહેવાય કે સત્ત્વ હતુ માટે ધર્મ વિકસ્યો ને મહાત્મા બન્યા ? તો પછી શી રીતે એ મહાત્મા બને છે, એ સવાલ છે.

**ચિલાતીપુત્રની ભવ્ય વિચારણા :-**

ત્યારે અહીં કહેવું જ પડે કે એને પેલા મુનિ મહાત્મા ત્રણ શબ્દ બોલી જે આકાશમાં ઊડ્યા, એ જોતાં આંચકો લાગ્યો કે આ શું ? હું ય માણસ અને આ પણ માણસ છતાં આ ધ્યાનમાં ઊભા મારા ધમકીના બોલ પર જરાય ડર્યા,- ગભરાયા વિના ત્રણ બોલ બોલી આકાશમાં ઉડવાની શક્તિથી આકાશમાં ઊડે છે ને હું કાળાં કામ કરી રહ્યો છું ! જીવન એય જીવે છે, ને હુંય જીવું છું. પણ જીવન એમનું પવિત્ર અને મારુ પાપોથી ખદબદતું આવું કાંઈક મનમાં આવ્યું હોય, મનમાં ઊહાપોહ જાગ્યો હોય કે આવા મુનિ મે દેખ્યા લાગે છે, ક્યાં દેખ્યા ક્યાં દેખ્યા ?' અને એમ કરતા પોતાનો પૂર્વ ભવ યાદ આવી પોતાનું જ મુનિપણું નજર સામે આવ્યું હોય. એટલે હવે મુનિના બોલ પર વિચારે છે કે શું કહ્યું એમણે ?

**ઉપશમ, વિવેક, સંવર.**

**(૧) ઉપશમ;** જીવ શો તું ક્રોધથી ઊકળી રહ્યો છે ઉપશમ કર શાંત થા. તારા ક્રોધના ઉકળાટમાં તું જ દુઃખી થઈ રહ્યો છે. શા સારુ હાથે કરીને આ જાતે જ દુઃખ ઊભું કરવાનો ધંધો એમ આ મહાત્માએ મને કહ્યું. વાત સાચી; માત્ર અહીં જ દુઃખ એમ નહિ પણ ગુસ્સો-રોફ-ધમધમાટથી જાલિમ કર્મો અને કુસંસ્કાર ઊભા થઈ જન્મોજન્મ દુર્ગતિનાં ભયંકર દુઃખ અને ક્રોધાદિ જાલિમ પાપમય જીવન આપશે કેવો ભયાનક પરલોક ? તો શા સારુ ક્રોધના પ્રતીકરૂપ તલવાર રાખી છે ?

ફેંકી દે એમ કરીને ચિલાતીપુત્રે તલવાર ફગાવી દીધી.

આગળ વિચારણા ચાલુ છે. એ મુનિનું બીજું વચન વિચારે છે, 'મુનિએ શું કહ્યું ?'

(૨) **વિવેક**-તારું શું અને પારકું શું ? એ જો તો મેં છોકરીને મારી માની ચોરીથી ઉપાડી ચાલ્યો. પણ એ મારી છે કયાં ? મારી હોત તો મેં એને શું કામ કાપી નાખી હોત ? મારી હોત તો એ કપાઈ શાની જાત ને વિખૂટી શાની પડત ? પણ મને એ એવી પર ચીજ લાગી કે જે હવે સાથે હોવામાં મારે પકડાઈ જવાનો ભય હતો. નહિતર એ ખરેખરી મારી ચીજ હોવામાં મને ભય શાનો ઊભો થાત ? તો પછી શું કામ આ પરવેઠરૂપ ડોકું પકડી ધરી બેઠો છું ?' એમ કરીને હાથમાં રહેલું છોકરીનું ડોકું ફગાવી દીધું. આગળ મુનિનું ત્રીજું વચન વિચારે છે, 'મુનિએ ત્રીજું શું કહ્યું ?' :-

(૩) **સંવર**-પાપના દરવાજા બંધ કર. આ ઠીક જ કહ્યું. આ વિશ્વમાં પાપના દરવાજા બધા જ બંધ કરી દેવાનો ભવ એકમાત્ર મનુષ્યભવ, એવો આ ઉચ્ચ મનુષ્યભવ પામીને મેં અત્યાર સુધી શું કર્યું ? સરિયામ પાપના દરવાજા ખુલ્લા રાખી નાચ્યો ને કૂદ્યો. મનથી એક પણ હિંસા બંધ નહિ, કે અમુક હિંસા તો મારે નહિ જ કરવાની. એક પણ જૂઠ બંધ નહિ, કે અમુક જૂઠ તો મારે નહિ જ બોલવાનું. એક પણ ચોરી બંધ નહિ કે અમુક ચોરી તો મારે નહિ જ કરવાની. એક મૈથુન પરિગ્રહ વગેરે પાપોમાં મારે કયાં એનો અંશ પણ બંધ છે કે આટલો અંશ તો મારે નહિ જ સેવવાનો ?

**એમ જો આ ઉચ્ચ ભવ છતાં પાપના દરવાજા સરિયામ ખુલ્લા, તો ભવની કેવી વિટંબણા ને કેવી બરબાદી ?**

બસ, બસ, સર્યું મારે હવેથી આ પાપોથી. પાપોની ભવાંતરે પાપમય જ જીવન મળે એ સ્વાભાવિક છે. એમાં તો પછી પાપમય ભવપરંપરા, અને જન્મ-મરણની જંજાળ જ લાંબી ચાલ્યા કરે.' બસ, એમ કરીને ચિલાતીપુત્રે ત્યાં બધાં જ પાપ વોસિરાવી દઈ ચારિત્ર લઈ લીધું, યાવત્ પોતાની કાયા પણ પાપમાં ન જાય અને એના પર મોહ-મમતાનું પાપ પણ ન થાય, એટલા માટે કાયાને પણ વોસિરાવી ત્યાં જ એ ચોર હત્યારો ચિલાતીપુત્રમાંથી હવે મહાત્મા-ચિલાતીપુત્ર બનેલા કાયોત્સર્ગ-ધ્યાનમાં ઊભા રહી ગયા.

**ઘરવાસમાં ધ્યાન કેવું ? :-**

કેમ ચારિત્ર લઈને જ ધ્યાન ? શું ઘરવાસ રાખીને ધ્યાન ન થાય ? ના, ઘરવાસ એટલે જીવોનો હિંસામય આરંભ-સમારંભ ઊભો, એનું આકર્ષણ ઊભું.



આકર્ષણ ન હોય તો ઘરવાસ રાખે શું કામ ? એ આકર્ષણ હોય ત્યાં આત્મા પર પાપ બંધ સતત ચાલુ. એમાં ધ્યાન કેટલું કામ કરે ?

**શું ધ્યાન ખપે છે, ને જીવો પ્રત્યે દયા નથી ખપતી ? અઢળક જીવહિંસા પર કંપારો નથી ખપનો ?**

તો પછી ધ્યાન શા માટે કરવું છે ? અનંત જીવોને અભયદાતા પરમાત્મા સાથે મિલાપ કરવા ? તો એ મિલાપ શું જીવો પ્રત્યે દયાળુ બન્યા વિના જ થઈ શકવાનું ? ત્યારે જેને દયા પહેલી ખપે છે જેને હિંસાનો કંપારો પહેલો ખપે છે. એને તો ઘરવાસ ઝાળ જેવો લાગે; એને છોડી દેવા મથે; ને ન છોડી શકાય ત્યાંસુધી આ જીવહિંસા-આરંભસમારંભ પર ઊભા થતા પરિગ્રહ અને વિષયસુખો કારમા લાગે, લોહીના લાડુ જેવા.

**કસાઈના ધન માલ કેવા ? :-**

કસાઈને લાડુ ખાવા મળતા હોય એ કેવા ? લોહીના લાડુ જ ને ? લાડુ જીવોની કત્લ પર ઊભા થયેલા ને ? તમારી દૃષ્ટિએ એ લાડુ એટલે કે એનો બંગલો-મોટર-માલપાણી વગેરે કેવા લાગે ? જોતાં આંખ ઠરે એવા ? કે બળે એવા ? રાગ-આકર્ષણ કરાવે એવા ? કે સૂગ-ઘૃણા કરાવે એવા ? બસ, તો પછી જો તમને ભગવાનનાં વચન પર શ્રદ્ધા છે, ને ભગવાને ઓળખાવેલા એકેન્દ્રિય જીવો અને ઝીણાં ત્રસજીવોને માન્ય કરો છો, ને એ જીવો પ્રત્યે દયાભાવ છે, તો એના હિંસાભર્યા આરંભ-સમારંભ ઉપર ઊભા થયેલા સારા ભોજન, સારા કપડાલત્તા, સારું મકાન-ફર્નીચર, સારા પૈસા, સારી સગવડો વગેરે કેવા લાગે ? લોહીનો માલ જ ને ? એ જોતાં હૈયું ઠરે કે બળે ?

**ચારિત્ર ન લેવાવાનું કારણ :-**

જો મૂળ પાયામાં આ નથી, તો પછી એ ધન-માલ-સુખ સગવડ ખટકવાના ક્યાંથી ? ને ખટકે નહિ તો એનો ત્યાગ કરવાનું ને ચારિત્ર લેવાનું મન જ શાનું થાય ? ચારિત્ર લેવાનું બને જ શાનું ? તો બોલો.

**ચારિત્ર નથી લેવાતું એ હજી આ ધનમાલ સુખસગવડ લોહીના લાડુ જેવા નથી લાગતા માટે.**

એના પર ઘૃણા-સૂગ-શરમ નથી થતી માટે ચારિત્રના ભાવ નથી થતા. એ થવા માટે અઢળક જીવોની હિંસા પર કંપારો નથી માટે જ ? એ કંપારો થવા માટે એ મરતા જીવોનો ત્રાસ તડફડાટ મન પર નથી બેસતો માટે જ ને ? એ ન બેસવાનું કારણ એ જીવોની ઓળખ કરાવનાર ભગવાનનાં વચન પર શ્રદ્ધા નથી માટે ને ?

જો આ શ્રદ્ધા, એ જીવોની ઓળખ, જીવોના એ ત્રાસ પર કંપારો, ને એ ત્રાસ પર નીપજતા સંસાર સુખ પ્રત્યે ઘૃણા વગેરે જ નથી, માટે જ સંસારત્યાગ કરી ચારિત્ર નથી લેવાતું તો પછી એમ કહેવું કે અમારામાં શાલિભદ્ર-ધનાજી-ચિલાતીપુત્ર જેવું સત્ત્વ નથી માટે ચારિત્રમાં એકદમ કૂદી નથી પડાતું,' એ કહેવું એક ખોટું બહાનું જ છે ને ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૭,તા.૨૬-૧૦-૧૯૭૪**

વિચારજો, ચારિત્ર તો પછી છે, પણ એ પહેલાં ય દાન સુકૃતમાં પૈસા ખરચતા આંચકો આવતો હોય, થોડા પણ વ્રત-નિયમ-શીલ ન લેવાતા હોય, પર્વતિથિ જેવાએ નાની પણ તપસ્યા થતી ન હોય, તો એમાં શું કારણ છે ? સત્ત્વ નથી એ ? કે પછી પહેલાં કહ્યું તે મૂળ પાયાની ખામી કારણ છે ? નિષ્પક્ષપણે ઝીણવટથી જોશો તો દેખાશે કે સત્ત્વની વાતના તો બહાનાં છે. બાકી ખરેખર તો પાયાની ખામી છે એ જ દાનાદિ ધર્મને આઘા રાખે છે. નહિતર પાયો સલામત હોય તો તો એ દાનાદિની ખૂબ પ્રેરણા આપે એવો છે, જેથી દાનાદિ સહેજે થાય; અને સત્ત્વના અભાવે ન થાય ત્યાં કપાળ કુટાવે; ભારે અફસોસ કરાવે. પૂછો,-

**પાયાનો વિચાર અનાદિ ધર્મની પ્રેરણા શી રીતે આપે ?**

આ રીતે,- પાયાનો વિચાર આવો હોય કે

'અહો ! મારાં અહોભાગ્ય છે કે મને વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન દેવાધિદેવ તરીકે મળ્યા ! એમનાં વચન કેવાં ટંકશાળી ! એમને પૃથ્વીકાયાદિ જીવોની મજેની ઓળખ કરાવી ! ત્યારે સંસારમાં પરિગ્રહ આ બિચારા જીવોની હિંસાના આરંભ-સમારંભમય ધંધા ઉપર ઊભો થાય છે. તો એ પરિગ્રહ-પૈસા લોહીના પૈસા ગણાય. એના પર શું મોહવું શો બહુ રાગ કરવો ?' એવો વિચાર હોય એટલે મનને એમ થાય કે 'તો પછી લાવ ને એ પૈસા જેટલા દાનમાં ને સુકૃતમાં જાય એટલું સારું નહિતર જેટલા એ ભોગમાં જશે એટલો પાછો જીવોની હિંસાનો આરંભ-સમારંભ થવાનો છે; અને મૂર્ચ્છાથી જેટલા રાખી મૂકાશે એટલા પૈસા સારા લાગીને આડકતરી રીતે એના ઉપાર્જનની જીવહિંસાની અનુમોદના કરાવશે. આ કેવો ડબલ માર ? પૈસા ઉપાર્જનમાં તો હિંસાનાં પાપ લીધાં, પણ હવે મૂર્ચ્છાથી સંઘરી રાખીને એ હિંસાની અનુમોદનાનાં નવાં પાપ વહોરાવાનાં, એના કરતાં દાન-સુકૃતમાં એ વહેવડાવવા શા ખોટાં ? હિંસાની અનુમોદનાનું પાપ ન રહે, અને દાન-સુકૃતથી પુણ્યનો ને પાપક્ષયનો લાભ થાય એ વધારામાં.'



બોલો, આ વિચાર ઉપર દાન-સુકૃતની પ્રેરણા મળે ને ? પછી દાન-સુકૃત કરવા સત્ત્વ વિકસાવાય ને ? કહો, પેલો પાયાનો વિચાર જોરદાર હોય એટલે સત્ત્વ સહેલાઈથી વિકસે. એટલે હવે સમજાશે કે દાન-સુકૃતોમાં પૈસા છૂટતાં આંચકો આવે છે ત્યાં ધનોપાર્જનમાંની હિંસા અને ધનસંગ્રહમાંની હિંસાનુમોદના હૈયે ખટકતી જ નથી એ કારણ છે.

**શીલ-વ્રત-નિયમ માટે પણ આ વિચારવાનું છે કે**

અબ્રહ્મચર્ય અને ભોગવતા બીજા વિષયોમાં ય પારાવાર જીવહિંસા છે. જ્ઞાનીઓ કહે છે એક વારના અબ્રહ્મચર્યની અંગક્રીડામાં બેથી નવ લાખ તો ગર્ભજ મનુષ્યોની હત્યા થાય છે. તેમજ અનંગ ક્રીડામાં જીવના માનસિક શુદ્ધ નિર્મળ પરિણામનો ધ્વંસ થાય છે. શુદ્ધ પરિણામના ધ્વંસમાં અહિંસક પરિણામ પણ ક્યાં ઊભો રહે ? નિશ્ચયનયથી અહિંસક પરિણામનો ધ્વંસ થઈ જાય.

એમ ઈન્દ્રિયસુખના બીજા વિષયો તો કેટકેટલા હિંસામય આરંભ-સમારંભથી ઊભા થાય છે એ ક્યાં અજાણ્યું છે ? વિચારો,

**એક ચાના કોડિયામાં કેટલી હિંસા ?**

જરા ચા પીવાનો ચસકો જાગ્યો તો એ ચા બનાવવામાં કેટલી હિંસા ? અસંખ્ય અગ્નિના જીવોની હિંસા; અગ્નિમાં ઝીકતા અસંખ્ય વાયુના જીવોની હિંસા, ચા માં પાણી વપરાય એના પણ અસંખ્ય અપકાય-જીવોની હિંસા, એ પાણી હોટલ જેવામાં ગળેલું ન હોય તો પાણીના એકેક ટીંપે રહેલા હજારો સૂક્ષ્મ ત્રસકાય જીવોની હિંસા,-આમ કેટલા જીવોની હિંસા ઉપર એક ચાનું કોડિયું તૈયાર થાય ? આ તો તત્કાલ થતી હિંસાની વાત કરી પરંતુ ચા માં વપરાતા બીજા દ્રવ્યો ખાંડ ચા વગેરે પણ પૂર્વે કેટલી હિંસા ઉપર ઊભા થયેલા ?

એમ ઈન્દ્રિયોને ગમતા બીજા વિષયો પણ કેટકેટલી હિંસા ઉપર ઊભા થાય છે ? દા.ત. ઝુંપડિયા મકાનની મેડી બનાવી ખુશી થયા, પણ શેના પર ખુશી એ વિચાર્યું ? મેડી બનાવવામાં કેટલા અસંખ્ય સ્થાવરકાય જીવો અને અનેક કીડા કીડી આદિ ત્રસકાય જીવોની હિંસા થઈ છે ? આ હિંસા પર બનેલી મેડી ઉપર ખુશી એટલે આ હિંસાની ઉપર જ ખુશી ને ?

એમ કપડાંલત્તા પાછળ કેટલી હિંસા ? જરાક ધોયેલું સાફ કપડું પહેરી ખુશી થાય, પણ એ વિચાર્યું ખરું કે એ સાફ થવામાં કેટલા જીવોની હિંસા થયેલી ? કપડું બનવામાં ખેતરમાં કપાસ ઉગાડ્યો એમાં ખેતરની હિંસા અને કપાસના છોડની હિંસાથી માંડીને પછીથી જિનમાં લોઢાયું, મીલમાં વણાયું, વગેરેમાં કેટલી હિંસા થઈ, એનો વિચાર ક્યાં ? આમ કપડાંની બનાવટ અને સાફસુફીમાં થતી અઢળક

જીવોની હિંસા જો નજર સામે રહે તો નવા ને ધોયેલા કપડા પર શી ખુશી થાય ?

**આવા એકેક ખુશીના વિષય તપાસો કે 'એની પાછળ કેટકેટલા અસંખ્ય વિવિધ જીવોની હિંસા થઈ હોય છે;' અને જો એ જીવો પર દયાભાવ આવે છે, તો એ વિષયો લોહીના વિષયો લાગી એના પર ખુશીખુશાલી-આનંદ-મંગળ નહિ મનાય પણ ઘૃણા ખશે.**

પછી એના ત્યાગની તીવ્ર અભિલાષા થયા કરશે કે 'ક્યારે આને છોડું ?' એમ ત્યાગની તીવ્ર અભિલાષા ઉપર શક્ય એટલા ત્યાગના વ્રતનિયમ થશે. ખપી શ્રાવકો જીવને ચારે બાજુથી વિવિધ વ્રતનિયમોથી આ માટે સાંકળી લેતા હતા કે બને તેટલી જીવહિંસા ઓછી થાય.

**હનુમાનજીએ પૂર્વે શું સાધેલું ? :-**

હનુમાનજી શી રીતે એટલા બધા બળવાન અને પરાક્રમી થયેલા ? અને સહેજ વાતમાં વૈરાગ્ય કેમ પામેલા ? તથા તરત જ દીક્ષા લઈ શી રીતે એ જ ભવમાં મોક્ષમાગી બનેલા ? એ જાણો છો ? મૂળમાં એમણે વ્રત-નિયમ-સંયમથી જીવનને સાંકળી લીધેલું. તેથી અહીં જનમતાં બળવાન કેવા કે જનમ્યા ને તરતમાં માતા અંજનાસુંદરીના ખોળામાં રહ્યા વિમાનમાં જોઈ રહ્યા છે, વિમાન પૂર ઝડપે જઈ રહ્યું છે, એમાં એ માતાના ખોળામાંથી છત નીચે લટકતી ઘુઘરી લેવા કૂદ્યા, તે વિમાન તો નીકળી ગયું ને એ પડ્યા નીચે પર્વતના શિખર પર. શું ભાંગે ? પર્વત કે શરીર ? શરીર જ ભાંગીને ભુક્કો જ થાય ને ? પણ ના, ઊલટું શિખર જ ભાંગીને ભુક્કો થયું ! ત્યારે હનુમાનજીનું આમ બાળપણે ય કેટલું અગાધ બળ ?

શું આ બળ અખાડાની કસરતથી મેળવેલું ? ભારે રસાયણ-વસાણાં ખાઈને પ્રાપ્ત કરેલું ? ના, હજી તો માતાનું દૂધ પીતા છે, ને માઁ જંગલમાં ફળહાર કરતી બેઠી હતી. તો પછી આ અગાધ બળ ક્યાંથી આવ્યું ? કહો, પૂર્વ જન્મોના જીવનને ચારે બાજુથી સાંકળી લેતા વ્રત-નિયમ-સંયમ તથા તપની સાધનાથી અગાધ બળ ઊભું થયું.

**હનુમાનજીનો પૂર્વ ભવ :-**

પૂર્વના સાતમા ભવે હનુમાનજી પ્રિયનંદી વણિકના દમદંત નામે પુત્ર હતા. એને મુનિનો યોગ મળતાં મુનિએ એને જીવદયામય ને અહિંસામય જૈનધર્મ સમજાવ્યો. એવા દયા-અહિંસાના ફિરસ્તા અને ઉપદેશક અરિહંત ભગવાનની તથા સદ્‌ગુરુની ઓળખ કરાવી દમદંતને એ દેવગુરુ-ધર્મની શ્રદ્ધા થઈ, તેથી (૧) સમ્યક્ત્વ ગ્રહણ કર્યું; અને પરિગ્રહ અને વિષયવિલાસ પાછળ થતી અસંખ્ય જીવોની હિંસા પર કમકમી થઈ આવી, તેથી (૨) પરિગ્રહ સંકોચ અને વિષય ત્યાગના વ્રત-નિયમ



ગ્રહણ કર્યા, પછીથી એ સમકિત-વ્રતનિયમોનું પાલન કરવા સાથે, (૩) ત્યાગ વિનાના છૂટા રહેલા વિષયોમાં ય અઢળક હિંસા જોઈ બંને તેટલા સંયમથી રહે છે, અને સાથે (૪) તપમાં જીવોની અહિંસા જોઈ સારી તપસ્યા પણ કરે છે. તાત્પર્ય, જીવોની દયા-અહિંસા કોટે લખાઈ ગઈ. જીવોની હિંસા પર કંપારી સહજ થઈ ગઈ; એથી જ સમકિત ઝળકતું થયું, અને વ્રતનિયમ-સંયમ-તપસ્યામાં અનેરો રંગ રહ્યો.

જ્ઞાનીએ હનુમાનજીના પૂર્વ ભવોમાં પહેલો ભવ બતાવ્યો એટલે આપણે માનવું રહ્યું કે અહીંથી એમણે આ રીતે ધર્મની શરૂઆત કરી કે મહાત્મા પાસેથી ધર્મબોધ મળ્યા પછી એમણે જીવનને વ્રત-નિયમો અને તપ-સંયમથી સાંકળી લીધું, અને જીવો પ્રત્યે એમ જબરદસ્ત દયાભાવ ઊભો કર્યો.

આનું ફળ કેવું અદ્‌ભુત ! કે એ ત્યાંથી મરીને બીજા દેવલોકમાં પરમર્દ્ધિક ઉચ્ચ વિશિષ્ટ ઋદ્ધિવાળા દેવ થયા, ને ત્યાંથી મરી અહીં રાજકુમાર તરીકે જનમ્યા. એમાં પણ મહાત્માના સંપર્કે જૈનધર્મ પામ્યા, વ્રત-નિયમાદિની આરાધના કરી દેવલોક જઈ વિમળનાથ ભગવાનના શાસન વખતે વૈતાઢ્ય પર્વત પર સમૃદ્ધ વિદ્યાધર રાજાના પુત્ર તરીકે જન્મ પામ્યા. એમાં તો હવે રાજા બન્યા પછી પુરુષાર્થ વધી ગયો તે રાજ્યપાટ-સંસાર ત્યાગ કરી ચારિત્ર માર્ગે ચડી ગયા. હવે તો પાપનાં સઘળાં નિમિત્તો છોડી દીધા છે પછી સંયમ-તપ-અભિગ્રહો વગેરેની સાધનામાં બાકી રાખે ?

ચારિત્ર લીધું છે એ સમસ્ત જીવરાશિ પ્રત્યેના ઉત્કટ દયાભાવથી લીધું છે, એટલે સૂક્ષ્મ-સ્થૂલ કોઈ પણ જીવની હિંસા મન-વચન-કાયાથી નહિ કરવા, નહિ કરાવવા, નહિ અનુમોદવાનું પહેલું મહાવ્રત રાખ્યું છે. પછી એ ઈન્દ્રિયના કોઈપણ વિષયમાં લેશ પણ શાતા-આસકત થાય ? એ સમજે છે કે

**'જીવોના કચ્ચરઘાણ પર ઉદ્‌ભવતા વિષયોની આસક્તિ એટલે અસંખ્ય-અનંત જીવોની હિંસામાં અનુમોદના.'**

દિલમાં જીવમાત્ર પ્રત્યે સ્નેહ-દયાભાવ ઊભો કર્યા પછી એ જીવોના ઘાત થતો હોય ત્યાં નિર્વિચાર કેમ થવાય ? એમાં આકર્ષણ-આસક્તિ કેમ જ કરાય ? બસ, આ હિસાબ હતો એટલે ચારિત્ર જીવનમાં આહાર-વસ્ત્ર-પાત્રાદિ કશા વિષયમાં આસક્તિ રાખ્યા વિના પ્રખર ત્યાગ-તપ-સંયમ-પરીસહસહન વગેરેની સાધના કર્યે જાય છે. સાથે મનને જ્ઞાન-ધ્યાનમાં જ લયલીન રાખે છે. એના પરિણામે દેવલોકમાં જઈ અહીં અંજનાસુંદરીના પુત્ર હનુમાનજી થાય છે.

કહો, આ હનુમાનજી પૂર્વ વ્રત-નિયમ-તપ-સંયમ સાધી સાધીને અસંખ્ય-

અનંત જીવો પ્રત્યે ઉચ્ચ ઝળકતો દયાભાવ કેળવીને આવ્યા હોય, અને એ જીવોની અહિંસા પાળી હોય, પછી એનાં ફળરૂપે અખૂટ અગાધ બળ અને અદ્ભુત શાતા આપે એવી પુણ્યાઈ લઈને આવે એમાં શી નવાઈ ? અને એથી જ શિશુવયમાં ઊંચે આકાશમાંથી પર્વત પર પડતાં પત્થરના ભુક્કા થાય ને પોતાને જરાય અશાતા ન થાય એમાં શું આશ્ચર્ય ? ત્યારે જેને આવી અત્યંત નાની ઉંમરના બહુ નાજુક શરીરે પત્થર પરના આવા ભયંકર પતનમાં પણ પીડા, અશાતા નહિ, એને જીવનભરમાં કેવી સુખશાતા રહી હોય ? આ બધું શાના પ્રતાપે ? એ જ જીવો પરના દયાભાવના તે પણ સક્રિય દયાભાવના પ્રતાપે અને એના પાયા પર સાધેલા વ્રત-નિયમ અને તપ-સંયમના પ્રતાપે.

બોલો, તમારે ય બળ અને સુખ-શાતા જોઈએ છે તો ખરું, પણ એ જીવદયા અને વ્રતનિયમથી તથા તપસંયમથી પમાય છે એવી પાકી શ્રદ્ધા છે ખરી? હોય તો એનો પ્રયત્ન છે ખરો ? પૂછો ને,

**પ્ર.**- શ્રદ્ધાનું પૂછો છો ? જૈનના દીકરાને આ શ્રદ્ધા તો હોય જ ને ?

ઉ.- નિયમ નહિ. શ્રદ્ધા બોલવાની જુદી, ને ખરેખર હોય એ જુદી.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૩,અંક-૮,તા.૯-૧૧-૧૯૭૪**

**શ્રદ્ધા હોવા પછી ઝંખના હોય.**

તો કહો એ દયાભાવ-અહિંસા, વ્રત-નિયમ, તપ-સંયમની ઝંખના છે ? જીવનમાં જુઓ, સુખનું સાધન પૈસા માન્યા પછી એ પૈસા પર શ્રદ્ધા છે, તો એની ઝંખના પણ કેવી રહે છે ? પૈસા વેપારથી મળે એવી શ્રદ્ધા કરવા પર વેપારની ઝંખનાપણ કેવી રહે છે ? ભોજનથી ભૂખ મટે એવી શ્રદ્ધાના હિસાબે ભોજનની ઝંખના કેવી રહે છે ? તો પછી અહીં પણ બળ-વીર્ય-સુખશાતા જીવદયા-વ્રતનિયમ અને તપ-સંયમથી મળે એવી શ્રદ્ધા હોય તો એ જીવદયાદિની ઝંખના જોઈએ ને ?

હવે વિચારી જુઓ કે,

**ઝંખના આરંભ-સમારંભની રહે છે ? કે જીવદયાની ?**

કોઈ ચીજ-વસ્તુની ઈચ્છા થઈ તો ત્યાં ઝટ એ માટે આરંભ-સમારંભની ઝંખના થાય છે ? કે આ વિચાર આવે ખરો કે હું જે તે જે તે વસ્તુની ઈચ્છા કરું છું પરંતુ એ બની આવવા પાછળ કેટલાય જીવોના હિંસામય આરંભ-સમારંભ થાય છે, એ કયાં જોઉં છું ? ના, એ તો 'ખપ એનો સોસ નહિ,' એ સૂત્રના હિસાબે 'જીવહિંસાનો અફસોસ શાનો કરવાનો ? બસ, વસ્તુ જોઈએ એટલે જોઈએ, એ



બનવા પાછળ શું શું થાય છે એ અમારે કશું જોવાનું નહિ,' આવો જ હિસાબ રાખ્યો છે ને ? માટે જ જે તે જે તે વસ્તુની ઈચ્છાઓ કર્યે જવાય છે.

બોલો, આવી ઈચ્છાઓ કર્યે જવામાં સંકોચ છે ? અંકુશ છે ? જ્યાં કોઈ નવી વસ્તુ જોઈ કે સાંભળી, યા જ્યાં વસ્તુ સારી લાગી, ત્યાં ઝટ એની ઈચ્છા થઈ આવે છે. ઈચ્છાઓનો સુમાર નથી. કેમ વારુ ? કારણ,

**ઈચ્છિત વસ્તુની પાછળ કેટલી હિંસા છે એનો નથી વિચાર, કે નથી એ જીવહિંસા પર કંપારો; તેમ એ રેંસાઈ જતા જીવો પર નથી ઊભરાતી દયા, એટલે જ જે તે જે તે વસ્તુની ઈચ્છાઓ થયા કરે છે.**

નહિતર જે ને તે, જે ને તે, વસ્તુની ઝંખના કરતાં પહેલાં, કે એ થઈ જતાં જ વિચાર આવે કે આ હું શાની ઈચ્છા ઝંખના કરી રહ્યો છું ? શાના પર રાગ કરી રહ્યો છું ? જેની પાછળ અસંખ્ય જીવોના સંહાર છે, એની ઝંખના ? એનો રાગ ?

**બિચારા એ જીવો કે જેમણે મારુ કશું બગાડ્યું નથી, એમના પ્રાણના ભોગે જે વસ્તુ બને, એ વસ્તુના મને અભખરા શા ?**

હનુમાનજીના જીવે પૂર્વ ભવમાં આવા જ કોઈ વિચારે અને જીવો પરના દયાભાવે, વ્રત-નિયમ લઈ લીધા; જેથી ત્યાગ કરેલ બાબત અંગેના જીવોની તો દયા થાય. જુઓ, એક ભવમાં આવા શુદ્ધ ભાવથી વ્રત-નિયમ અને તપ-સંયમની શરૂઆત કરી, તો પછી એની કેવી લિંક લાગી ! કેવી પછીના ભવોમાં એવી આરાધનાની પરંપરા ચાલી ! બસ, ઈન-મીન-તીન, ત્રીજા મનુષ્યભવે તો મોટા રાજવીપણામાંથી ચારિત્રમાર્ગે ઝુકાવ્યું, પૂર્વ ભવની સાધનાના સંસ્કાર છે એટણે ઝુકાવ્યું ય સહેલાઈથી, અને કઠોર ત્યાગ-તપ-સંયમ સાધવાનું ય બન્યું સહેલાઈથી. પરિણામ ? ચોથા મનુષ્યભવે વીર હનુમાનજી, તે ચરમશરીરી, આ ભવે જ મોક્ષગામી; બસ સંસારના ચોપડા ચુક્તે કરનારા ! વૈરાગ્ય પણ સહેજ વાતમાં, મેરુથી યાત્રા કરી નીચે ઊતરતાં જુદા જુદા ક્ષેત્રોમાં સૂર્યપ્રકાશની પલટાતી સ્થિતિ જોવા પર વૈરાગ્ય. તરત દીક્ષા, અને અંતે મોક્ષ.

જીવો પર દયાભાવ લાવો, એ મુખ્ય વાત છે. પછી જીવોના સંહાર પર ઊભા થતા પૈસા અને સુખ-સગવડના વિષયો પરનો કારમો મોહ ઊઠી જશે.

**ચિલાતીપુત્રને કેવી દયા ?**

આકાશગામી મુનિ દેખી અને એમના ત્રણ શબ્દ સાંભળી એને દયાનો ભાવ ઊપજ્યો, હિંસા પર કંપારી છૂટી કે 'અરેરે ! મારા અભિમાન અને ખુનસને પોષવા આ બિચારી નિર્દોષ અને પ્રેમાળ બાળાને કાપી નાખી ?' હવે તો દયાભાવમાં

આગળ વધીને સર્વ ત્યાગ કરી મુનિ બની ત્યાં જ ધ્યાનમાં ઊભા રહી ગયા.

અત્યાર સુધી ડોકું હાથમાં ઊંચકેલું હતું, તે લોહી નિગળતું એટલે પોતાના શરીર પર લોહીના રેલા પડ્યા છે, એની ગંધથી ત્યાં કીડીઓ હજારો ખેંચાઈ આવી શરીરે વળગી. એ શરીરને ચટકા મારતી મારતી ઠેઠ શરીરના આરપાર નીકળતી થઈ ગઈ છે. પરંતુ ચિલાતીપુત્ર મહામુનિએ જીવો પ્રત્યેના અપરંપાર દયાભાવને લીધે એ કીડીઓ પર લેશમાત્ર દ્વેષભાવ ન કર્યો, અતુલ વેદના અઢી દિવસ સુધી સહી લીધી.

શરીર પર એક કીડી ચોંટી પડે છે તો કેવા ઊંચાનીચા થઈ જવાય છે ? ત્યારે આ તો શરીરને વીંધી નાખી આરપાર અંદરના માંસને ખાતી ચાલે છે. તે પણ એક બે નહિ, હજારો ? એની કેવી કારમી પીડા ! પરંતુ ચિલાતીપુત્ર સમતાભાવમાં રમે છે ! ત્યારે કર્મસત્તા જાણે કહે છે, 'આવ, થોડો વખત તું આટલું બધું સહીને ય દયાભાવ અને સમતાભાવ રાખે છે ? તો જા તારા જીવનભરના ઘોર પણ પાપના કર્મ અમે ચાલી જઈએ છીએ.' તે ચિલાતીપુત્ર સદ્ગતિગામી બની ગયા.

'દયાભાવના હિસાબે આ પંચમ કાળમાં પણ મહાત્મા અવંતીસુકુમાલે પોતાને ફાડી ખાતી શિયાળણી અને એના બચ્ચાં પર લેશ દ્વેષ ન કરતાં આ વિચાર્યું'-

**'જમો રે જમો હે બાલુડા, આ કાયા મોટી ભાંડ.'**

દયાભાવના વિચારથી એ પાછા નલિનીગુલ્મ વિમાનમાં ચાલ્યા ગયા. ત્યારે મહાવીર ભગવાનની દયા કેવી કે ચરણે ડસનાર ચંડકોશિયા પરના દયાભાવથી એમણે એને મહાત્મા ચંડકોશિક બનાવી દીધો. આપણે કહીએ છીએ ખરા, કે 'અમારામાં એવું સત્ત્વ નથી માટે અમારાથી ઊંચી આરાધના નથી થતી,' પરંતુ

**એ જોવાની જરૂર છે કે પહેલાં મૂળ પાયામાં જીવો પ્રત્યે દયાભાવ છે ?**

**જો એ હોય તો આપણા સ્વાર્થ પાછળ અને આપણને ગમતી ચીજ-વસ્તુ પાછળ સંહારતા અગણિત જીવો પર દયાભાવ આવે છે ? એ જીવસંહાર પર કમકમી થાય છે ?**

મહાવીર ભગવાનના જીવ નંદન રાજવીને આ પાયો સલામત બન્યો એટલે જ સંસારવાસમાં નીપજતા અસંખ્ય-અનંત જીવોના સંહાર પર એમને કમકમી થવાથી અને એ જીવો પર દયા ઊભરાઈ આવીને મનને એમ થયું કે 'આ ટૂંકીશી જિંદગી માટે શા સારુ આ જીવોને બિચારાને રેંસી નાખવા ? એના કરતાં સર્વજીવ-અહિંસામય ચારિત્રજીવન શું ખોટું ?' એમ કરી રાજવી સમૃદ્ધિ અને પરિવારનો પણ ત્યાગ કરી એમણે ચારિત્ર-માર્ગ અપનાવી લીધો.



સહેલું કામ આ ? સુખથી લચપચતો રાજવી-સંસાર છોડી દેવો એ રમતવાત છે ? પરંતુ જ્યાં ગુરુ-ઉપદેશથી એ ખ્યાલ આવી ગયો કે સંસારી ઘરવાસના જીવનમાં તો એકેક વિષયની પાછળ અસંખ્ય જીવોનો સંહાર કરાય છે, ત્યાં હૃદયને ચોટ લાગી ગઈ કે 'હાય ! જીવોનો સંહાર પર જીવવાનું ? એ બિચારા જીવોએ મારું શું બગાડ્યું છે કે મારા તુચ્છ સુખના સ્વાર્થ ખાતર એમના પ્રાણ લેવાના ?' આવી ચોંટ લાગવા પર પછી એવા સુખનું શું આકર્ષણ રહે ? ભલે ને મોટા રાજવી સુખો; પણ જેમ સુખ-સાધનો વધારે, એમ જીવસંહાર વધારે પછી ત્યાં શી આસક્તિ રહે ? એટલે જ જીવો પરના દયાભાવ અને મૈત્રી-ભાવથી રાજવી-સંસાર છોડવો એ રમતવાત બની.

જોજો સર્વ સુખ ત્યાગ તો પછી, પરંતુ થોડા ય સુખનો ત્યાગ કરી કરી વ્રત-નિયમમાં આવવું હોય તો એની પાછળના જીવ-સંહાર પર કમકમી અનુભવવાથી એ ત્યાગ એ વ્રત-નિયમ રમતવાત બનશે. જીવસંહારની ચોંટ લાગવી જોઈએ, પછી ત્યાગ શો કઠિન છે ?

**આપણું જ સુખ જોઈએ છીએ ને એવા સુખ પાછળના જીવોનું પ્રાણનાશનું દુઃખ નથી જોતા, તેથી જ એવા ગોઝારા સુખોની લંપટતા રહે છે.**

જીવની મૂઢદશા તે કેવી છે કે આવા સુખોની લંપટતામાં નહિ ભોગવાતા કે નહિ મળેલા વિષયોના ત્યાગ કરવાની પણ તૈયારી નથી ! દા.ત. ઘરમાં ને બહાર ખાવાની ૫૦-૧૦૦ શું, હજારો ચીજ છે, પણ તે શું આજના દિવસમાં ખવાવાની છે ? ના, છતાં ફક્ત આજના દિવસ પૂરતું પણ ૧૫-૨૦-૨૫ ચીજ ખાવાનો આંક ધારી લઈ બાકીની બધી આજના દિવસ માટે ખાવાનો ત્યાગ, એટલી ય પ્રતિજ્ઞા ક્યાં કરાય છે ? જગતમાં લાખો ચીજ છે, એ ક્યાં આજે મળવાની છે ? છતાં એ આજે મેળવવાના ત્યાગની પ્રતિજ્ઞા ક્યાં કરાય છે ? એવું તો ઘણું ય નહિ ભોગવાતું છે, ને ઘણું ય નહિ મળવાનું છે, છતાં એની આસક્તિ એની લાલસા એનો ય ત્યાગ નથી કરવા દેતી. કેમ આવી અશક્ય ભોગ અશક્ય પ્રાપ્તિવાળી વસ્તુની લાલસા ? કહો એની પાછળના અઢળક જીવસંહારની કોઈ કમકમી નથી માટે.

**જીવસંહારનો કંપારો લાવો, તો કમમાં કમ રોજ પૂરતું નહિ ભોગવાતી વસ્તુઓ રોજ પૂરતો ત્યાગ યાને ૧૪ નિયમ ધારવાની ધગશ જાગે.**

રોજના ૧૪ નિયમ સવાર પડે એટલે ધારી લો છો ? ધારવાની ધગશ પણ છે ? કહે છે,-

**પ્ર.**- નિયમ ધારીએ પણ ભૂલી જવાય એટલે ભૂલમાં નિયમ ભાંગે તો દોષ

લાગે ને ?

ઉ.- એટલે એ ભયથી નિયમ ન ધારો એમાં તો કોઈ દોષ જ નથી એમ ને ? બોલો, ભૂલમાં નિયમ ભાંગે એ દોષ મોટો ? કે નિયમ ન ધારો અને એ વિષયોની પાછળની અઢળક જીવોની થતી હિંસામાં અનુમોદના રહે એ મોટો દોષ ? ત્યારે પૂછશો,

**પ્ર.**- અમે જે વિષયો ન રાખીએ, ન ભોગવીએ એની પાછળના જીવસંહારના અનુમોદના શી રીતે ?

ઉ.- આ રીતે, કે મનથી એમ માન્યું કે ત્યાગનો નિયમ ભાંગે તો દોષ લાગે, માટે ભલે એ વિષયો આપણે માટે છૂટા રહ્યા. ભલે પછી એની પાછળ જીવસંહાર થતો હોય, પણ એ વિષયો ખુલ્લા રહેવા દો, એના ત્યાગનો નિયમ નથી કરવો નિયમ કરીએ તો કદાચ ભાંગે. આવું માની રાખ્યું ત્યાં, 'ભલે એ વિષય છૂટા રહ્યા' એમાં 'ભલે' એટલે અનુમોદના જ થઈને ? કેટલો મોટો દોષ ?

ત્યારે એ જીવો પ્રત્યે દયાભાવ લાવી એના સંહારથી નીપજતા વિષયોનો ત્યાગ રાખ્યો એમાં કેટલી મોટી કરુણા થઈ ! જીવસંહારની કેવી સારી ગ્લાનિ રહી ! પછી કદાચ ભૂલમાં નિયમ ભાંગ્યો તો ય પેલા અઢળક જીવોની દયા ઊભાં જ છે, એટલે,

**ભૂલમાં નિયમભંગ એ કાંઈ એવો મોટો દોષ નથી, જે ત્યાગનો નિયમ ન હોઈને અગણિત જીવોના સંહારની અનુમોદનાનો દોષ છે.**

**રોજના ૧૪ નિયમ સહેલા, ને લાભ મોટો :-**

આ વિવેક આવડે તો ઝટ મનને થાય કે 'લાવ ને ત્યારે નહિ મળવાના ને નહિ ભોગવવાના વિષયોનો આજના પૂરતો તો ત્યાગ કરી લઉં ?' બસ, રોજના ૧૪ નિયમમાં આ જ કરવાનું છે. કાંઈ અઘરું નથી એમાં. નિયમ ધારવાનું ય કામ સહેલું, ૧।। મિનિટનું કામ; અને નિયમ પણ સહેલા. જે ચીજ નથી વાપરતા, લગભગ તેના જ ત્યાગના નિયમ કરવાના છે. એક દિવસમાં સચિત્ત એટલે કે કાચું પાણી, કાચાં શાક, કાચું મીઠું-ફળ વગેરે કેટલી ચીજ મળવાની ને ખવાવાની ? બહુ તો ૫-૭ તો જગતમાં સચિત્ત તો કરોડોની સંખ્યામાં છે, તો શા માટે 'પાંચ સાત સિવાયના સમસ્ત સચિત્તનો આજે ત્યાગ' એવો નિયમ નહિ કરવો ? નિયમ આજના જ દિવસ પૂરતો છે એટલે એવી કોઈ ચિંતા નહિ રહે કે 'આવો ત્યાગ હોય તો આગળ કેવી રીતે પળે ?' આજે જ પાળવાનો છે, કાલે વળી કાલ પૂરતો અનુકૂળ હોય તેટલો ત્યાગ ધારી શકાશે. જીવન જીવવાને ક્યાં વાંધો આવે ? ને કેટલા બધા મોટા ત્યાગનો લાભ મળે !



ત્યારે આખા દિવસમાં ખાવાની જુદી જુદી ચીજની સંખ્યા કેટલી ? દા.ત. રોટલી એક ચીજ ગણાય, પછી ગમે તેટલી રોટલી ખાઓ અને ગમે તેટલી વાર ખાઓ, પણ ચીજ એક ગણાય. એમ ચા એક ચીજ, ભલે આખા દિવસમાં ચાર વાર પીધી હોય. આવી જુદી જુદી ચીજ એક દિવસમાં કેટલી સંખ્યામાં ખવાય ? ૧૫, ૨૦, ૨૫, કેટલી જાત ખવાય ? ત્યારે સવારથી એમ નિયમ કર્યો કે આજના દિવસ માટે ૨૫થી વધારે જાતની ચીજ નહિ ખાવાની ! તો જગતમાં ખાવાની ચીજ કરોડો, તેથી પચીસ સિવાય એ બધાનો ત્યાગ થઈ ગયો !

એમ દૂધ, દહીં, ઘી વગેરે છ વિગઈ, એમાંથી એકાદનો પણ ત્યાગ કર્યો, તો એ એકનું જગતમાં પ્રમાણ પારાવાર, એ બધાના ત્યાગનો લાભ મળે.

એમ, પગરખાં, તંબોલ, વસ્ત્ર, સુગંધ, એક દિવસમાં કેટલા વપરાય ? એમ વાહન, શયન, પાટ-પાટલા-પથારી વગેરે, વિલેપન વગેરે આખા દિવસમાં કેટલા વપરાય ? દુનિયામાં આ ચીજો લાખો કરોડોની સંખ્યામાં પડેલી છે એ શું બધી આજે વપરાવાની છે ? ના, એમાંની લાખમાં ભાગે નથી વપરાવાની. તો એ આખા જથ્થામાંથી ૧૦-૧૫ છૂટી રાખી બાકીની અઢળકનો ત્યાગ કાં ન કરી લેવો ?

ભૂલશો નહિ, એ અઢળકનો ત્યાગ માત્ર આજના એક દિવસ પૂરતો જ કરવાનો છે, કાલે પછી અનુકૂળ હોય તેવો ત્યાગ, તે પણ એક જ દિવસ પૂરતો, પરમ દિ' પણ એક જ દિવસ પૂરતો ત્યાગ કરાશે. એટલે આવો એકેક દિવસનો ત્યાગ કરવામાં માથે એવો કોઈ ભાર નથી ચડતો કે 'હાય ! વરસ કે જિંદગી સુધીનો ત્યાગ કેમ પળે ?' ત્યારે,

**ત્યાગના કરવામાં લાભ કેટલા :-**

(૧) જગતની એ લાખો-કરોડો ચીજ પાછળ થતા અસંખ્ય જીવોના સંહારની અનુમોદનાથી બચી જવાય.

(૨) દિલમાં એ જીવો પ્રત્યે અપેક્ષાભાવ અર્થાત્ દયાભાવ ઊભો રહે. મનને એમ થાય કે 'એ બિચારા અઢળક જીવો ચીજ-ચીજની પાછળ રેંસાઈ રહ્યા છે, તે કેવા દુઃખી ! એમના સંહાર પર ઊભી થતી ચીજોનો એવો મોહ શા માટે રાખું કે એ આજે મારે ઉપયોગમાં નહિ આવવાની છતાં એના ત્યાગ કરવાની આળસ કરાય ? ને એમ અઢળકના સંહારનો રાજીપો માથે રખાય ? ત્યાગ કરવાથી તો એનાથી બચી જવાય.'

(૩) ત્યાગના નિયમનો ત્રીજો લાભ એ, કે એથી એ ચીજોનો એટલા અંશે મોહ-રાગ-આસક્તિ કપાય. ત્યાગભાવનાને સક્રિય કર્યા વિના એટલે કે નિયમમાં

આવ્યા વિના એની આસક્તિ નહિ કપાય. માટે તો ભગવાન જેવા પણ સંસાર ત્યાગ કરતા, તે પણ જીવનભર માટેની પ્રતિજ્ઞા કરીને; ને પછી ચારિત્રજીવનમાં ય નવનવા અભિગ્રહ કરતા. ભગવાનને પોતાના આત્મા માટે નિયમોનું મહત્ત્વ, ને આપણને નહિ ?

(૪) જો ત્યાગનો નિયમ નહિ, તો એ અવિરતિ છે, ને એના યોગે અઢળક કર્મ બંધાય છે. ત્યાગના નિયમથી એવા બેસુમાર કર્મબંધનથી બચી જવાય.

(૫) આમ જીવો પ્રત્યે દયા, જીવસંહારની કંપારી, રાગ-આસક્તિ-તૃષ્ણા પર કાપ, આ બધાથી મન પર અંકુશ આવે, અને જીવનમાં એવી પવિત્રતા ઊભી થાય કે એથી બીજા ગુણો-સુકૃતો-સદાચારો-સદ્અનુષ્ઠાનો માટે રુચિ ઊભી થાય. એમાં આગળ વધતાં આત્મા ઉન્નત બનતો જાય.

ત્યાગના નિયમના આ મહાન લાભો કેમ જતા કરાય ? શા સારુ વ્રત-નિયમથી આળસ કરાય ?

**ત્યાગમાં આળસ એટલે પહેલા નંબરમાં ત્યાગ નહી કરેલ વસ્તુ પાછળ થતા જીવસંહાર તરફ બેપરવાઈ.**

**નંદનરાજર્ષિએ માસખમણ કેમ કર્યા ? :-**

મહાવીર ભગવાનનો જીવ પચીસમા ભવે નંદન રાજવી સંસારવાસમાં આ જીવસંહાર થવા પર કમકમી અનુભવી સંસાર છોડી ચારિત્ર લે છે, અને ચારિત્ર જીવનમાં પણ જુએ છે કે મારા માટે નહિ બનાવેલી એવી નિર્દોષ પણ ગોચરી લાવીને વાપરવામાં ય સંભવ છે ક્યાંક કોઈક ચીજ પર રાગ થઈ જાય; ને એ રાગ થવામાં તો એની બનાવટ પાછળ થતા જીવસંહારની અનુમોદના માથે આવી પડે; માટે ગોચરીના દિવસ જ ઓછા કરી નાખું. તેથી એટલા દિવસ તો આ પાપનો સંભવ જ ન ઊભો થાય. એમ કરી એમણે ચારિત્ર લીધું ત્યારથી માસખમણને પારણે માસખમણ શરૂ કર્યા અલબત આમાં કર્મક્ષયનો પણ મહાન હેતુ હતો જ; છતાં આ જીવદયાનો હેતુ પણ નોંધપાત્ર છે.

સંસારના વિષયો પાછળ અને જીવનની સગવડો પાછળ થતા અસંખ્ય જીવસંહાર પર કમકમી રહ્યા કરે તો વિષયત્યાગ અને સગવડ-સંકોચ કરવાનું સહેલું બની જાય છે, એની ઉમેદ જાગે છે. એ માટે મોહ આસક્તિને દાબવાનું કરાય છે; કેમકે નજર સામે આ રહ્યા કરે છે, 'હાય ! વિષયો પાછળ કારમો જીવ સંહાર ? ને એ અવગણીને મારે વિષયો વહાલા કરવાના ?' અસ્તુ.

નંદનરાજર્ષિએ માસખમણના પારણે માસખમણ શરૂ કર્યા એમાં વર્ષોનાં વર્ષો વીતે છે છતાં એમાં પાછી પાની નથી, માસખમણથી ઓછો તપ નહિ. માસખમણ



એટલે ? લાગટ ૩૦ ઉપવાસ; ૨-૫-૧૦-૧૫ નહિ; ખાસા ત્રીસ ! એ પૂરા થયા, એક દિવસ પારણું કર્યું તરત બીજા દિવસથી માસખમણ શરૂ. એ પૂર્ણ થતાં પારણું કર્યું, તરત વળી બીજા દિવસથી માસખમણ ચાલુ થઈ ગયું છે. એના એક જ દિવસ પારણા પછી વળી માસખમણ ચાલુ આવું માત્ર ૧-૨ વરસ નહિ. કિન્તુ વરસોના વરસો. પાછી ખૂબી એ કે આ એક જ ઠેકાણે બેઠાં નહિ, મુનિચર્યા મુજબ માસકલ્પી વિહારના ક્રમથી ફરતા રહેવાનું એ માસકલ્પ પૂરો થતાં માસખમણ-તપ અધુરો છે તો ય વિહાર ! અને માસખમણ છેડે આવી ગયો હોય તો પણ વિહાર !

ત્યારે માસકલ્પમાં મહિના સુધી એક સ્થાને બેઠા તો તપમાં આરામ ખરો ને ? ના, એમાં ય સાધુની આવશ્યક સ્વાધ્યાય આદિ બધી ચર્યા આરાધવાની ચાલુ. એટલું જ નહિ, પણ તીર્થંકર-નામકર્મનું પુણ્ય બંધાવનાર વીસ સ્થાનકની આરાધના ચાલુ !

(મહાવીર ભગવાનના જીવ નંદન રાજર્ષિએ ૨૫માં ભવે આ વીસસ્થાનકની આરાધના ચારિત્ર સાથે ૧૧ લાખ ૮૦ હજાર માસખમણ કરીને કરી, તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું; ૨૬માં ભવે ૧૦માં દેવલોક થઈ ૨૭માં ભવે શ્રી મહાવીરપ્રભુ થયા.)

**સમાપ્ત**

# જીવન વૈભવ

માણસને તેના બોલ પરથી પારખવો કે તેના કામ પરથી પારખવો એ અંગે કોઈકે સરસ ચાવી બતાવી છે. માણસને તેનાં સંતાનો પરથી જ ઓળખી શકાય. જેમ ફળ પરથી ઝાડની પરીક્ષા કરી શકાય છે. આ સચોટ કસોટી છે. સ્વ. ગુરુદેવશ્રીની પરખ એમના પરમારાધ્ય ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. પરથી, એમના સંતાનરૂપ બસો બસો મુનિ-શિષ્યો અને એમના સર્જેલા સાહિત્યથી સુપેરે થઈ જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની આખે આખી છબી ગમે તેટલી કલમ કસીએ પણ આબેહૂબ ચિતરવામાં ઊણા જ ઊતરીએ એવું એમનું સર્વતોમુખી વ્યક્તિત્વ હતું. એમના વિષયમાં બોલવા-લખવાનું મારાથી વધારે યોગ્ય વ્યક્તિઓ જ કરી શકે, એમ મારું માનવું છે. જો કે, મને પૂજ્યશ્રીની અપરંપાર કૃપા પ્રાપ્ત થઈ છે. આના-પાઈમાં જેનો કદીય હિસાબ ન થઈ શકે એટલું બધું મને પૂજ્યશ્રીએ મન મૂકીને આપ્યું છે. આપણને સુખી બનાવી આપે એના ઉપકારનો બદલો સહેલાઈથી વાળી શકાય પણ આપણને ગુણવાન બનાવી આપનાર ઉપકારી ગુરુદેવશ્રીનો બદલો શી રીતે વાળી શકીશ ! એ ચિંતામાં હું કણસી રહ્યો છું.

મારી-આપણી વચ્ચેથી ગુરુદેવશ્રી ચાલી નીકળ્યા છે. ત્યારે મારા જીવનમાંથી

એક ભૂમિશિલા ખસી ગયાનો હું અનુભવ કરી રહ્યો છું. જાણે સાવ અપંગ બન્યો છું. મારા માથેથી આખે આખું આકાશ ઊંચકાઈ ગયા જેવું મને લાગે છે. અંતિમ સમયે હું હાજર હતો. પૂજ્યશ્રીની ચપળ આંખો ધ્યાનસ્થ મુદ્રામાં ઉપર ચડી ગઈ ત્યારે ક્ષણેક તો માની ન શકાયું કે તેઓશ્રીએ અમારી સાથે કાયમી રિસામણું લીધું. પણ સચ આખિર સચ હોતા હૈ અને ત્યાર પછી તો ન કોઈ આંસુ લૂછી શકે એટલું હું રડી પડ્યો.

'જબ સે તુમ બીછડે ગુરુ મેરે, કબ હુ ન પાયો મૈં ચૈન' ત્યારથી આજ દિન લગી પૂજ્યશ્રીની મારા હૈયે ભરપૂર સ્મૃતિ છે. એમનું સતત સાન્નિધ્ય રહ્યું છે. કેમકે જે નજીક છે તેને જોઈ શકાય છે પણ જે દૂર છે તેને તો હવે માત્ર યાદ જ કરી શકાય છે.

હવે રોજે રોજ પૂજ્યશ્રીનો ચહેરો સતત મારા હૈયે ઉઘડતો આવે છે. સ્મરણ ઉઘડતું રહે છે. સરોવરમાં કમળ ખૂલે-ખીલે તે એક દશ્ય છે પણ કમળમાં કમળ ખૂલે એવી અહીં મારી વાત છે.

પૂજ્યશ્રીનો અભાવ સૌ કોઈ અનુભવે છે. પણ એમનો પ્રભાવ આજેય પ્રત્યક્ષ છે જ. એ એમની કૃતિઓમાં છે. અને આપણી સ્મૃતિઓમાં ચિર સ્થાયી રહેવાનો જ છે. સ્મરણનું વિસ્મરણ શક્ય જ નથી. વ્યક્તિત્વની છાપ ભૂલાતી કે ભૂંસાતી નથી. પૂજ્યશ્રી તો ચાલ્યા ગયા તે છતાંય એ આપણા અંધારામાં પ્રકાશ ફેંક્યા જ કરે છે. અંધકારામાં અટવાતા આપણને આંખ અને અંતરમાં ઉજાસ થઈ જાય એવાં સાહિત્યરત્ન રૂપે એ પ્રકાશી રહ્યા છે.

તેઓશ્રીનું સાહિત્ય અને દિવ્યદર્શનનો શ્રુતનિધિ એમનો શબ્દદેહ છે. એમનો દેહદીપ બુઝાઈ ગયો પણ શબ્દદીપ ઝળહળતો આપણી પાસે છે એ આપણું મોટું નસીબ છે. એમના જેવાં સંતોનો શબ્દદેહ નોખી અનોખી ચીજ હોય છે. શરીર મરણશીલ છે, સાહિત્ય નહિ. ચિત્રકાર ચાલી જાય ચિત્રો અમર રહી જાય છે. તેમ વ્યક્તિ ચાલી જાય, વિચારો રહી જાય છે. સાહિત્યને કાળ પણ કાટમાળમાં ફેરવી શકવા સમર્થ નથી જ બન્યો.

પૂજ્યશ્રીનું સાહિત્ય તો આપણા જીવનમાં છવાયેલી શૂન્યતાને ભરી દે તેવું આપણને મળ્યું છે. ધ્યાન અને જીવન, ઉચ્ચપ્રકાશને પંથે, પરમતેજ કે યોગદૃષ્ટિ સમુચ્ચય જેવાં ૨૦૦-૨૦૦ એમનાં સર્જન દ્વારા તેઓશ્રી ભાગ્યે જ ગેરહાજર લાગે છે. એમના આ લેખનમાં જે હરિયાળી દેખાય છે એ એમણે એમના જીવનમાં સર્જી હતી. માંગ્યા વિના મા પણ નથી પીરસતી પણ ગુરુદેવ તો વણમાગ્યા વરસ્યા છે. દિવ્યદર્શનના પાને પાને ૪૦, ૪૦ વરસ સુધી લગાતાર જ્ઞાનગંગા વહાવી છે. લહાણી કરી છે.

એવી કોઈ બાબત નથી જેના પર એમના જ્ઞાન અને અનુભવની છાયા ન પડી હોય. અધ્યાત્મ, ન્યાય, ભક્તિ, તત્ત્વ, વૈરાગ્ય, સંગીત, ચિત્રકળા, શિલ્પ કે



મનોવિજ્ઞાન જેવા વિષયોમાં પણ પૂજ્યશ્રીએ અદ્‌ભુત યોગદાન કર્યું છે. પૂજ્યશ્રી અનુભવવૃદ્ધ તો હતા પણ જ્ઞાન અને સંયમથી પણ સમૃદ્ધ હતા. એમનામાં પાત્રની સાર્થકતા અને પાત્રની યથાર્થતા પૂર્ણ પણે ખીલી ઊઠી હતી. એમનામાં દેખાતા વૈવિધ્યમાં જીવ અને જીવનની એકતા પણ હતી અને એકસૂત્રતા પણ ભરી પડી હતી.

આપણો જૈન સંઘ એમના કાળધર્મથી ગરીબ જરૂર બન્યો છે પણ એમના યોગદાનથી વધારે સમૃદ્ધ પણ બન્યો છે. મને લાગે છે કે વીસમી સદીના વસમા સમયે પણ જિનશાસનને આવાં રત્નો મળે છે એનો અર્થ એ છે કે કુદરત હજી આપણાથી નિરાશ કે નારાજ નથી થઈ.

પૂજ્યશ્રી આટલું મોટું પ્રદાન કેવી રીતે કરી શકયા હશે ? તેઓ ક્યારેક ક્યારેક કહેતા કે લાંબુ જીવન સારું હશે કે નહિ એ જાણતો નથી પણ સારું જીવન ચોક્કસ લાંબુ હોય જ છે. એ બાબત પર મને દૃઢ વિશ્વાસ છે. હું જાઉ ત્યાં સુધીમાં પૂરેપૂરો વપરાઈ જવા માગુ છું. વપરાઈ જવામાં જ માનું છે. વધારે શુદ્ધ સંયમ પાળીશ, ઘણું તપ કરીશ, શ્રુત ભણીશ ભણાવીશ એટલે હું વધારે જીવીશ. આમ, જીવનનો નીચોવી નીચોવીને ઉપયોગ કરી લેવા સમય ગોયમ મા પમાયએ સૂત્રને જાણે તેઓશ્રીએ આત્મસાત્ કરી લીધું હતું. અને વળી પૂજ્યશ્રી તો અમને કહેતા કે આવનારા વર્ષોમાં તમે ઘણું કરશો પણ તમે આજે કયું સત્કાર્ય કર્યું ? એ વિચારો...જિંદગીનું દરેક કાર્ય જિંદગીનું છેલ્લું કાર્ય હોય એમ માનીને કરશો તો ઘણો આનંદ આવશે.

જેના જીવનમાંથી આવી લીલી ઘટા, આવી મીઠી સોડમને સ્વાદ નથી ઊઠતા એ ઘણો મોટો હોય તો પણ એનાં વચનોને વાગોળવાનું મન નથી થતું. પણ પૂજ્યશ્રી તો નખશિખ સંત હતા, દો રોટી એક લંગોટીના ઘરાક, ખાનદાની ધરતીમાંથી ઊભા થયેલા સાચના કટકા જેવા હતા. તેમને જ્યારે મળીએ સાંભળીએ તો હૈયું ઠરે. એમના સત્સંગમાં ગાળેલો સમય ઊંડે ઊંડે અમૃતનાં બીજ રોપી આપનારો બની રહેતો. એમની પ્રાણવાન કલમ, શબ્દની કરકસરવાળી શૈલી, ટૂંકા ટચ ચોટદાર વાક્યો અને સાફ સીધી સોંસરી અભિવ્યક્તિ એમના અંદની સ્વસ્થતા તટસ્થતાના દ્યોતક હતા. તેથી જ તો હૃદયભેદી શબ્દો નીકળતા જે સીધા હૃદયમાં ઊતરી જતા.

આ આપણા પૂજ્યશ્રી તો જ્ઞાન અને ક્રિયાને ઘોળીને એક રસ કર્યો હોય એવો પિંડ હતા. જાણે વૈરાગ્યના દાવાનળનું એમણે પાન કર્યું હોય એવું લાગે. ઓલિયા જેવા એમના જીવને પ્રભુભક્તિના ભીના રંગ સિવાય કશાનું ઝાઝું વળગણ હતું નહિ. એમના કંઠમાં કોકિલનો વાસ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી સાદગીથી શોભતા પણ સાહેબ કહેવાતા, એ વારંવાર કહેતા, 'સાદગીને કોણ કહેશે કે પોતાની સુવાસ નથી ?' અંદરથી કંઈ નથી, ખાલીખમ હોય એને જ ટાપટીપ કરવી પડે. જન્મ ટીપટોપ બનાવવા માટે સાધુજીવન

સ્વીકાર્યું છે. આ બધી ટાપટીપમાં ચિત્ત ભ્રમિત કરનારો ધર્મક્રિયામાં મન મૂકી શકતો નથી. આપણા ઉપયોગમાં લેવાનાં સાધનો સારાં હોય તે સારું છે પણ સાદા હોય તે વધારે સારું છે. સાધુ જીવન સાદું જીવન જીવવાથી સાર્થક બને છે. એ મુદ્રાલેખ જેમનો હતો, તેમની પોતાની સાદગી બેમિસાલ હતી. ભક્તિ કરનાર ભક્તોની ભીડ છતાં ભપકાને નાપસંદ કરનાર ગુરુદેવશ્રીની પેન, પેડ કે લેટરપેડ એમની સાધુતાની જાહેરાત કરનારું અને સાદગીની છડી પોકારતું હતું.

મોટા માણસની પરિભાષા પૂછી ત્યારે ગુરુદેવશ્રીએ સહજતાથી કહેલું 'નાનામાં નાનો માણસ પણ જેની પાસે જતાં લેશ ન ડરે એ મોટો માણસ.' ઘણા મોટા માણસો પાસે દેવ જેવા માણસો જતાં ડરી ડરીને પગ ઉપાડે, અને ડામીસો એમની પાસે છેક સુધી ઘુસી જતા હોય છે. પણ પૂજ્યશ્રી પાસે આ શક્ય ન હતું. એમણે તો સંઘના નાનામાં નાના માણસ પ્રત્યે સમભાવ, સહાનુભૂતિ અને સમાનભૂતિ રાખેલી. નાના માણસો પ્રત્યેના પોતાના વર્તનથી આમ મહાન પુરુષોની મહાનતા પરખાઈ જતી હોય છે.

નિરાંતે પલાંઠી વાળીને એમની પાસે બેસવાનું મન થાય એવું એમનું વ્યક્તિત્વ હતું. અવાજમાં વાગોળવી ગમે તેવી એમની વાણી હતી. હસે ત્યારે ઢળતી સંધ્યા અને શિખર પરની ધજાની ઘૂઘરીઓના રણકાર લાગે. નાના માણસને પણ પ્રતિભાવ રૂપે એમના હૃદયની ઉષ્મા અને સુષ્માની પ્રતીતિ કરાવતા હતા અને એને જગત વિષે જાગતો કરી દેતાં ૧૯૬૪ની મારા જીવનની આ એક વાત છે. એક મહિનાની અચલગઢ ખાતેની શિબિરના પણ છેલ્લા દિવસો હતા. મારા જીવનની આ મારી પ્રથમ શિબિર હતી. ૨૮મી મેની મધ્યરાત્રી ભયાનક ભયાવહ બની હતી. પ્રાકૃતિક ઉપદ્રવોએ રૌદ્રરૂપ બતાવીને શાંતિ પકડી હતી. રાત વિદાય થઈને ૨૯મીનો સૂર્યોદય આકાશે થયો ન હતો. ત્યારે હું અચલગઢ તીર્થાધિપતિનાં દર્શન કરીને સંયમાચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજીના આસન પાસે પહોંચી ગયો. કોઈ કશી જ ભૂમિકાની પલોજણમાં પડ્યા વિના મેં મારી અંતર-અંદરની વાત તેઓશ્રીને કહી નાંખી. દાદાએ મારી વાત સાંભળીને જવાબમાં મને પં. શ્રી ભાનુવિજયજીની જ આંગળી પકડાવી દીધી. દાદા દાદા જ હતા.

હું હળવે હૈયે પંન્યાસશ્રીને મળ્યો. તે સમયે મેં મારી ગઈકાલની રાતની વાત કહી દીધી. ત્યારે તો મારી ભાવના ઓછી અને ભાવુકતા ઝાઝી હતી. એ સમયે પં. શ્રીની ૧૦-૨૦ મિનિટ તપભીની વાણી વહી હશે.

-અનાદિકાળથી આજ લગી અનંત જન્મો લીધા અને સંસારને દીધા છે. એથી જીવ ન્યાલ નહિ બેહાલ થતો રહ્યો છે. આ મળેલો મનુષ્ય ભવ સંસારને નહિ શાસન-ધર્મને આપવા જેવો છે. અનંજ જન્મો સંસારને આપ્યા આ એક ભવ તું શાસનને ન આપી શકે ? આ બાબતોનો વિચાર કર. મનુષ્ય ભવ મેળવીને



ભાવ બદલવાના છે. ભાવ ન બદલ્યા તો ભવ બદલાતા જ રહેશે. એમાં તો પછી જીવનની નાલેશી ઊભી છે. અચલગઢની ઊંચાઈએથી આત્મોત્થાનના શિખરોની ઊંચાઈને આંબવામાં ઢીલો પડીશ નહીં. ચાલ ઊઠ, ઊભો થા. હાથ જોડ.

અને એમની વૈરાગ્યવાણી સાંભળીને... અહોભાવ અને અધધભાવથી છલકાઈને મારા હાથ અંજલી બની પ્રણમી રહ્યા. મારું મસ્તક એમના ચરણમાં આપોઆપ નમી ગયું.

પછી તો મારા સર્વાંગીણ ઘડતરમાં પૂજ્યશ્રીએ છેક છેલ્લે સુધી કશીય કસર-કરકસર ક્યારેક કોઈ કરી જ નથી. તેથી મારા અંગેનો બધે બધો યશ હું પૂજ્યશ્રીને આપ્યા વિના રહી શકતો નથી. એટલું જ નહિ બલ્કે મુઝે ગર્વ હૈ જન્મ તુમ્હારે યુગ મેં મૈંને પાયા.

બસો બસો મુનિઓના વડેરા આ ગચ્છાધિપતિની સરળતા તો ઊડીને આંખે વળગે તેવી નિર્દંભ હતી. એમને એમના પદનો મેદ કે મદ ચડેલો ક્યારેક દેખાયો નથી. એમને લાભ જ્ઞાનનો હતો, સ્થાનનો નહિ. એ નેતા હતા. પ્રેમસૂરીજી સમુદાયનું નેતૃત્વ કરનારા હતા. નેતૃત્વને એ જવાબદારી ગણતા. ચાન્સ નહિ ચુનૌતી માનતા. એ મુનિશિષ્યોનું નેતૃત્વ નેતારૂપે નહિ એમની જનેતા રૂપે એમણે કરી જાણ્યું. પુરુષ દેહ છતાંય માતૃહૃદય રાખી લાજવાબ મુનિઓની હારમાળા સર્જી દીધી છે.

એમણે છેક આથમતે અજવાળે પણ સમતા અને સમાધિનાં મોતી વીણવાનું અળગું મૂક્યું નથી. છેલ્લા દિવસની આગલી સાંજથી બીજા દિવસની બપોર સુધીમાં જાગૃતિ અને એમના જીવનમાં ઓળઘોળ થઈ ગયેલા સંયમધર્મ પાલનનાં દર્શનથી તો હું આફરીન થઈ ગયો. ત્રીસ-ત્રીસ વર્ષના મારા પરિચયમાં મને પૂજ્યશ્રી પ્રત્યે જેટલો અહોભાવ જાગ્યો નથી એટલો રોગ સમયે યોગમાં અને વેદનાના સમયે પણ વંદનાને ન ભૂલનારા ગુરુદેવ પ્રત્યેનાં મારા શ્રદ્ધા, સમર્પણ અને પૂજ્યભાવમાં ટનબંધી ઊમેરો થઈ ગયો. વ્યક્તિ મારી નહિ અને વસ્તુ મારી નહિ. વ્યક્તિઓ અને વસ્તુઓ સંયોગમાત્ર છે. સંયોગનો વિયોગ થવાનો છે. માટે વસ્તુ અને વ્યક્તિ પ્રત્યેનો રાગ પણ તોડવા જેવો છે. આ વીતરાગની વાણી છે. આ વાણીને અનુરૂપ પૂજ્યશ્રીને અંતિમપળોમાં અમે સમતા સમાધિ ભાવનામાં રમમાણ જોયા છે. ગુરુદેવશ્રી તો તું અવરને નહિ તું તને જ મળ-માં મગ્ન બન્યા રહ્યા. અને 'બદન સે ખુદ કો જુદા કરના હૈ' ના મિશનમાં ઉત્તીર્ણ થઈ ગયા.

હવે હું ગુરુદેવશ્રીને એટલું જ વિનવું કે 'અપના જો બનાયા હૈ મુઝે અપના સા બના લે.'

**"ભુવનભાનુનાં અજવાળાં"** પુસ્તકમાંથી સાભાર **કુમારપાળ વિ. શાહ**